શ્રી સિદ્ધચક્ર

શ્રીકલાપ્રસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર

વર્ષ-૧૬-અંક-૧ લો. આસો-માગશર (સાધના-સાર) વિ. સં. ૨૦૦૫ ઈ. સ. ૧૭-૧૦-૪૯.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

સોળમા-વર્ષમાં પ્રવેશ.

આલેખનકાર:—પૂ.પં.ન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.

શાસન-માન્ય-ચતુર્વિધ-સંઘના ચારે અંગો જે સકલ-સમીહિત-પૂરક-શ્રીયન્ત્રાધિરાજની છ છ મહિને આરાધના કરીને પાપનાં પ્રબળ ભારથી હળવાં બને છે, સાથે સાથે તેઓ સંવર-પૂર્વકની નિર્જરામાં આગળ વધવા ઉદ્યમશીલ બને છે; અથવા તો પુણ્યાનુબંધિ-પુણ્યના ભવ્ય ભંડારો ભરવા ઉત્સાહિત બને છે. એટલુંજ નહિં પણ જે આરાધકો આરાધ્ય પદો પ્રતિ વધુ ને વધુ પ્રેમાળ બને છે, અને આરાધનામાં અવિરત કૃત્ય કરીને આરાધ્ય પદોની પ્રાપ્તિ કરે છે, કરી છે અને કરશે; અથવા આરાધ્ય પદોની સમીપમાં આવવા ઉદ્યમશીલ થયા છે, થાય છે અને થશે; તેઓ બધાને યન્ત્રાધિરાજ રાજેશ્વર શ્રીસિદ્ધચક્ર યન્ત્રાધિરાજની

(વધુ માટે જુઓ પાનું ૨ જું)

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫.
ઈ. સ. ૧૯૪૯.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક-લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

(ટાઇટલ-૧ લા પાનાનું ચાલુ)

વધુ ઓળખ આપવાની જરૂર નથી. આબાલ પર્યંત બધા પિછાણે છે તેજ **શ્રીસિદ્ધચક્ર**ના નામને સાર્થક કરનાર, કરાવનાર; અને અવિરત અનુમોદના કરાવનાર અને ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવમય-જૈન-શાસન-માન્ય-શાસ્ત્ર-સિદ્ધાંતોનું અને પુનિત પરંપરાઓનું અસ્ખલિત સંરક્ષણ કરનાર **શ્રીસિદ્ધચક્ર-માસિકનો** વી. સં. ૨૪૭૫, તથા વિ. સં. ૨૦૦૫ ની આશ્વિન-પૂર્ણિમાએ એટલે **શ્રીસિદ્ધચક્ર** યંત્રાધિરાજના તપોધર્મની આરાધનાના અમોઘ-સૂર્યોદયે **સોળમા વર્ષમાં** પ્રવેશ કરે છે.

સંમતિ ભલામણ કરે છે.

સોળમા વર્ષના પ્રવેશની પુનિત-નોંધ જૈન-શાસનમાં સુવર્ણાક્ષરે અંકિત થશે, એજ આ **શ્રીસિદ્ધચક્ર-માસિકનું** મહદ્-ભાગ્ય છે.

પ્રારંભ-સૂર્યોદયના પ્રકાશમય-તેજસ્વિ કિરણો જેમ અતિ ગાઢ અંધકારને ભેદે છે, તેવીજ રીતે આ યન્ત્રાધિરાજ—**શ્રીસિદ્ધચક્રના** પુનિત નામથી પાવન થયેલ **શ્રીસિદ્ધચક્ર-માસિક**, તેના વાંચન-મનન-પરિશીલન-કરનાર-વાંચકોના-વિચારકોના, અને અભ્યાસકોના અજ્ઞાનરૂપ અંધકારને જરૂર ભેદે છે.

પંદર વર્ષ સુધી આ માસિકના વાંચકાદિ વર્ગે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં, અવિરતિની આંધિમાંથી સહિસલામત પસાર થવામાં, અને કષાયોના કલુષિત વાતાવરણમાં પણ પ્રશમાદિની પુનિત પ્રાપ્તિ કરવામાં; **આ માસિકને** વાંચીને, અને અનુભવીને અમોઘ લાભ પ્રાપ્ત કર્યો છે. તેથીજ **આ માસિકના** વાંચકો, વિચારકો, અને અભ્યાસકો તન મન ધનથી મદદ કરનારાઓ દિન પ્રતિદિન વૃદ્ધિ પામે, કે તેવો પ્રયાસ-પ્રચાર પોતાના મિત્રાદિમંડળમાં કરે-કરાવે એવી **આ સંમતિ શ્રીસિદ્ધચક્ર માસિકના વાંચકાદિવર્ગને ભલામણ કરે છે.**

માસિકનું નામ શ્રીસિદ્ધચક્ર શા માટે ?

આરાધકો આરાધ્યપદમાં આરાધના દ્વારાએ પ્રવેશ કરે છે. આરાધના પણ દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વને અવલંબેલી હોય છે. જૈન શાસનમાં જેટલીએ આરાધનાઓ છે, અથવા આરાધનાના જેટલાએ પ્રકારો છે; તે બધાએ પ્રકારો દેવ-ગુરૂ-ધર્મ એ ત્રણ તત્ત્વો મય છે, અને એ ત્રણ તત્ત્વમય **શ્રીસિદ્ધચક્ર** છે, તેથીજ તે યન્ત્રાધિરાજ સ્થિત નવેપદોને અવલંબીને શાસન-માન્ય-સાહિત્ય દ્વારા એ વાંચકો વધુ ને વધુ વિવેકી બને, અને શાસન માન્ય માર્ગમાં અવિરત કૂચ કરે એ હેતુથીજ આ માસિકનું નામ **શ્રીસિદ્ધચક્ર** રાખેલું છે.

શ્રીસિદ્ધચક્ર-માસિકનો પુનિત-કાર્યકાલ.

ચક્રવર્તિઓ એક હજાર અધિષ્ટાયક યક્ષોથી પૂજિત શ્રીચક્રરત્ન દ્વારા જેમ છ ખંડ સાધે છે, અને તે કાળમાં તે સમયમાં તેની સામે કરડી આંખ કરનાર કોઇ પણ હોતોજ નથી; આથીજ લવલેશ વિઘ્ન વગર વાસ્તવિક નરેન્દ્રપણાનો તેઓ યથાર્થ ભોગવટો કરે છે, તેવીજ રીતે જેના હૃદયમંદિરમાં ચારનિકાયના અસંખ્ય દેવ-દેવી-યક્ષ-યક્ષિણી-સમુદાયથી સેવિત-**યન્ત્રાધિરાજ-શ્રી સિદ્ધચક્ર** બહુમાનાદર પૂર્વક સ્થિત થયેલું છે, તે સુપ્રસિદ્ધ **યન્ત્રાધિરાજચક્રના** પ્રબળ પ્રભાવે **સિદ્ધચક્રના** આરાધકો અવશ્યમેવ આ જગતની સર્વોત્કૃષ્ટ સંપદાઓને અને સર્વોત્કૃષ્ટ સાધન-સામગ્રી-સંયોગોને પ્રાપ્ત કરીને વિશિષ્ટ સામ્રાજ્યનો ભોગવટો કરીને અનુક્રમે ચાર ઘનઘાતી કર્મોને ચૂરીને, અનુપમ કલાથી સુકલિત—કૈવલ્યશ્રીને આલિંગન કરીને છેવટે અનંતકાળ પર્યંત અવ્યાબાધ અખંડ સુખ શાન્તિ-આનંદનો પરિપૂર્ણ ભોગવટો કરવા શાશ્વત શિવશ્રીને ભાવથી ભેટીને પરમપદમાં સ્થિત થાય છે. ભૂત કાળમાં જે જે પુણ્યાત્માઓ

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો.)

પૂ-શ્રી આગમોદ્ધારકની અમોઘદેશના.

આશ્રવોની જડ અવ્રત છે.

સાધુમાં રહેલા પ્રમાદની અને અજ્ઞાનની અનુમોદના ન રાખી. **નમો લોએ કેવલિ સાહુણં** એમ બોલ્યો–કારણ કે કેવળ જ્ઞાન વગરના કર્મથી વીંટાએલા આત્માઓને ઘાતિક–કર્મોની અનુમોદના કેમ નહિં લાગે ?, કહો કે એક અવ્રત ની સ્થીતિ દુર કરી, અને અવ્રતની અનુમોદના દુર થઇ તો પછી અવ્રત આદિ સંબંધી બીજી અનુમોદના લક્ષ્ય બહાર જવાની છે. અવ્રત હટ્યા હોય તેના અજ્ઞાન કષાયો પ્રમાદો ઘાતિ કર્મો છે, છતાં તે અનુમોદનામાં આવતા નથી. અવ્રત હોય તો અનુમોદનામાં આવે છે. અવ્રત ખસેડયા ન હોય ત્યાંસુધી તો ત્યાં પૂજ્યતા આરાધ્યતા રાખતા નથી. પાસત્થાના કૃત્યોની અનુમોદનાનો સવાલ છે, તો પછી પ્રમાદી સાધુને વંદન કરવામાં પ્રમાદનું અનુમોદન કેમ ન લાગે ?, જેટલા અઢાર દોષમાંથી દોષો હોય તેવાને વંદન કરીએ તો તેનું અનુમોદન લાગે કે નહિં ?, અવ્રત ન રોકયા હોય, અને બીજા આશ્રવ ન હોય તો પણ દુર્લક્ષ્ય સંભવિત નથી. પાંચ અવ્રતના આશ્રવને જે છોડે, તેને બાકીના બધા આશ્રવ હોય તો પણ નિરાશ્રવ કહીએ છીએ. પાંચ મહાવ્રત આચરનારને નિરાશ્રવ કહીએ છીએ અનાશ્રવ કહીએ છીએ, તે એકજ મુદ્દાથી કે બધા આશ્રવની જડ અવ્રત છે. અવ્રત ગયા હોય તો બધા આશ્રવ પ્રતિ દુર્લક્ષ્ય છે એમ સમજવું.

ક્રિયા-વિષયક ક્ષાયોપશમિક-ભાવ.

આથી પ્રમાદી અજ્ઞાની સાધુના વંદનમાં પ્રમાદ અજ્ઞાનનું અનુમોદન નહિં આવે, પણ પાસત્થાને વંદન કરવાથી પાસત્થાને વ્રત નહીં હોવાથી અનુમોદન આવશે આથી શાસ્ત્રકારે પાંચે અવ્રતને રોકી ચારિત્ર ગુણમાં સ્થિતપણું થાય તો પછી પ્રમાદ અજ્ઞાનને હિંસાબમાં ન લીધા, અને વ્રતાદિમાં સ્થિત ન થાય તો બીજા ગુણ હોય તો પણ પ્રમાદાદિને હીસાબમાં લીધા. આ જગાએ ચરણની મુખ્યતાથી ચરણ આવ્યા પછીજ પંચ પરમેષ્ઠિમાં પ્રવેશ થાય છે, અને ચરમ હોયે પછીજ અજ્ઞાન પ્રમાદ દુર થાય છે. આ કથન કહી આપે છે કે શાસ્ત્રકારે ચારિત્રની મુખ્યતા રાખી છે- એથી ચરણ શબ્દ બે સ્વરવાળો છતાં અને ચરણ શબ્દ ત્રણ સ્વરવાળો છતાં પહેલો મૂકયો છે. કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા છતાં મોક્ષ રોકાઈ રહે છે. કેવળ જ્ઞાનને બાજુએ મોકલીને અંતરંગ દેશોના કોડ પૂરવનું ઊંચું કરેલું છે. તેમ સર્વ સંવર રૂપ ચારિત્રની ક્રિયાને અંતે મોક્ષને બાકાત નથી. પાંચ હ્રસ્વાક્ષર કાળમાં મોક્ષ જરૂર મળે. એટલે મોક્ષ સાધનારી ચીજ ચારિત્ર. આ બધી વાત લક્ષ્યમાં લઇએ તો શ્રીહરિભદ્રસૂરિજીએ ધર્મની વ્યાખ્યા કરતાં જણાવ્યું કે શુદ્ધ ધર્મ તો મોક્ષમાર્ગનું કારણ ચારિત્રને ધર્મ કહ્યો છે. શાસ્ત્રોના ઘણા સ્થાનકે ચરણ ધર્મ કારણ તરીકે છે. એથી ઘણા ઠેકાણે ધર્મ શબ્દ વપરાય છે, તે કારણ તરીકે જ છે, બાકી ચારિત્ર કારણ તરીકે નથી, પણ ખુદ કારણ તરીકે તો ચૌદમે ગુણ ઠાણે છે ધર્મની અનંતર મોક્ષ થવો જોઈએ, તે ચૌદ પાંચમે કે તેરમે ગુણ ઠાણે ત્રિપરનો ધર્મ નથી, કેવળ ચૌદમે ગુણ ઠાણેજ ધર્મ છે. મોક્ષના કારણ તરીકેનો ધર્મ નિશ્ચયનયે શુદ્ધ ધર્મ ચૌદમેજ છે, અને બાકીના બધા ધર્મ તેના કારણ છે. આ વાત સમજી શકાશે તો જ્ઞાનાદિક કરતાં ચારિત્રની પૂજ્યતા, અને આરાધ્યતા સ્વીકારીને ચારિત્રને અંગે ચારિત્ર હોય તો ઇતર દોષો તરફ દુર્લક્ષ્ય કરાય છે; તે ઠીક છે આ કારણ ખ્યાલમાં લઇશું તો ચારિત્રની પૂજ્યતા ધ્યાનમાં આવશે. અહીં જ્ઞાનનો અને દર્શનનો ક્ષયોપશમ સમ્યક્ સંબંધિનો અધિકાર લેતા નથી, પણ ક્રિયા સંબંધિ ક્ષયોપશમિક ભાવનો અધિકાર લે છે, અને તે કેવી છે ?, રીતે તે અધિકાર શાસ્ત્રકાર જે બતાવશે તે અગ્રે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૪.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. ગર્ભ વગર પુત્રનો જન્મ હોતો નથી, તેમ ક્ષાયોપશમિક-જ્ઞાન વગર ક્ષાયક-જ્ઞાન થતું જ નથી.

૨. આજ્ઞા સહિત ધર્મની આરાધનામાં, અને આજ્ઞા રહિત ધર્મની આરાધનામાં ફલ પ્રાપ્તિના ફરક સમજો.

૩. આજ્ઞા રહિત તપોધર્મના સેવનથી પૌદ્ગલિક સામગ્રીઓની પ્રાપ્તિ થાય છે, પણ વાસ્તવિક સંવર-નિર્જરા થતાં નથી.

૪. પલાળનો પૂળો જાનવરની ભૂખ મટાડે છે, પણ મનુષ્યની ભુખ મટાડતો નથી; તેવીજ રીતે આજ્ઞા રહિત તપોધર્મથી મનુષ્ય પામવા લાયકના પદાર્થો પામી શકતો નથી.

૫. આજ્ઞા રહિત તપો ધર્મની કરણીઓ કાયકલેશ રૂપ છે, છતાં નકામી નથી.

૬. આજ્ઞા રહિત તપોધર્મની કરણી રૂપ બાહ્ય તપોધર્મ પણ કાયકલેશ રૂપ હોવા છતાં ફલદાયક છે.

૭. આજ્ઞા રહિત તપોધર્મની કરણીઓ પણ મોક્ષમાર્ગની સમીપમાં લાવવાનું કાર્ય કરે છે.

૮. અકામ-નિર્જરાથી દરિયા જેટલું દુઃખ વેઠે છે, અને ડાભની અણીપરના બિંદુ જેટલો લાભ થાય છે; તે ધ્યાનમાં રાખો.

૯. સાતમા માળે ચઢેલો પડે તો છેવટે જમીન, તેમજ ઉંચી હદે ચઢેલા પૂર્વધારીઓ પડે તો છેલ્લું સ્થાન નિગોદ.

૧૦. સંયમાદિ પુલ ઉપર ઉંચે ચઢેલા-સંયમધરો આરંભાદિક નીચા સ્થાન પ્રત્યે નજર કરે તો જરૂર પડશે, તે ધ્યાનમાં રાખો.

૧૧. એક એક જગો પરથી અનંતી વખત પડ્યા છીએ, એ યાદ રાખો.

૧૨. એક એક પુણ્યના પગથીઆ ઉપર ચઢતાં ચઢતાં અનંતી વખત રખડવું પડ્યું છે, એ પણ યાદ રાખો.

૧૩. મનુષ્યપણાની મોજ જેવી દશા પણ આજ્ઞા વગરના તપથી મળે છે, તે ધ્યાનમાં રાખો.

૧૪. ગ્રંથીનો ગહન-કિલ્લો તોડવામાં આજ્ઞારહિત તપ કાર્યસાધક થતો નથી.

૧૫. ગ્રંથી-ભેદ કરવા માટે, અને મોક્ષનગર તરફ જવા માટે આજ્ઞા સહિત તપોધર્મની જરૂર છે.

૧૬. ભવ્યો કરતાં અભવ્યો સંયમનું પાલન ઘણી વખત કરે છે.

૧૭. આજ્ઞાપૂર્વકના તપઃ-સંજમ-દાન જલ્દી સફળ થાય છે.

૧૮. આજ્ઞાના આંતરિક—રહસ્યને સમજતાં શીખો.

૧૯. શ્રદ્ધારૂપ આજ્ઞાનું અને જ્ઞાનરૂપ આજ્ઞાનું સ્વરૂપ સમજો.

૨૦. ક્રિયા ઉત્પન્ન કરવામાં જ્ઞાનની જરૂર છે, પણ ફલ પ્રાપ્તિમાં તો ક્રિયા-નીજ જરૂર છે.

ક્ષાયોપશમિક જ્ઞાન થયા પછીજ ક્ષાયક જ્ઞાન થાય.

"क्षायोपशमिके भावे०"

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્-યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ-ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ધર્મોપદેશ કરતાં થકાં. જ્ઞાનસાર નામના અષ્ટક પ્રકરણની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે સંસારમાં જીવન ટકાવવા માટે અને નિર્વાહના સાધનો માટે જગતે જ્ઞાનની જરૂરીયાત માની છે. તેમ ધર્મિષ્ટ લોકોએ પણ શાસનની સ્થાપના, પ્રવૃત્તિ, અને ટકાવ પણ જ્ઞાનને લીધે હોવાથી જ્ઞાનની જરૂરીયાત માનેલી છે. જ્યારે દુનીયાએ જ્ઞાનની જરૂરીયાત માની છે, અને ધર્મિષ્ટોએ પણ જ્ઞાનની જરૂરીયાત માની છે, તો પછી જ્ઞાનની જરૂરીયાતને અંગે બે મત રહેતા નથી. પોતાને જ્ઞાન થાય તે પહેલો નંબર છે. પોતેજ સર્વજ્ઞ થાય રૂપી-અરૂપી, સૂક્ષ્મ-બાદર-દૂર, નિકટ, લોક-અલોક, બધાને દેખે અર્થાત્ એ રૂપ કેવળ જ્ઞાન થાય તે પ્રથમ નંબરે છે, પણ પુત્રનો જન્મ ગર્ભ વગર હોતો નથી, અને ગર્ભ વગર પુત્રનો જન્મ થતો નથી. તેમ ક્ષાયોપશમિક જ્ઞાન વગર જગતભરમાં કોઈને ક્ષાયિક જ્ઞાન હોતુંજ નથી. પુત્રનો જન્મ શ્રેષ્ઠ છે. દરેક ધારે છે કે પુત્ર હોવો જોઇએ, પણ પુત્રનો જન્મ-ગર્ભધારણ પોષણ વગર થઈ શકતો નથી. તેમ અહીં ક્ષાયિક જ્ઞાન જગત માત્રને અંગે ઈષ્ટ છે. મને જ્ઞાન થોડું થાય તેમ કોઈ ઈચ્છતો નથી, દરેક દરેક જીવો સર્વ પદાર્થનું, સર્વ કાળનું; અને બીજાની દરકાર વગરનું જ્ઞાન દરેક દરેક ઇચ્છે છે. સર્વકાળનું સંપૂર્ણ એવું જ્ઞાન દરેક ઇચ્છે છે, પણ તેવું જ્ઞાન સ્વતંત્ર પ્રથમ થઇ શકતું નથી. પુત્રનો જન્મ ગર્ભધારણાદિથી થાય તેમ સર્વ-કાળનું સંપૂર્ણ પુદ્ગલની દરકાર વગરનું જ્ઞાન કયારે થાય ?, તો કહે છે કે પહેલાં અપૂર્ણ અલ્પકાળનું બીજાની દરકાર વાળું જ્ઞાન થયા પછીજ, સંપૂર્ણ પૂર્ણકાળનું; દરકાર વગરનું જ્ઞાન થઇ શકે છે.

'आणाए धम्मो' એ પદોનું રહસ્ય.

અલ્પકાળનું થયા પછી સર્વકાળનું જ્ઞાન થાય આ વાત ખ્યાલમાં લઇશું, ત્યારે શાસ્ત્રકારે નિરૂપણ કર્યું છે કે—'आणाए धम्मो' આ પદો શાસ્ત્રકાર કહે છે, તે સમજો. શાસ્ત્રકાર કહે છે કે 'आणाए तवो' બાહ્ય કે અભ્યંતર કોઇપણ પ્રકારનું તપ-બાર પ્રકારના તપ-માંથી કોઈપણ પ્રકારનું તપ સાર્થક કયારે ?, આજ્ઞાએ હોય તો. આજ્ઞાથી બહાર અણસણ ઉણોદરી કે કોઇપણ તપ હોય તે શોભાવાળો નથી. આજ્ઞાપૂર્વકનો તપ હોય તો તેજ શોભવાવાળો છે. ભલે તપ આજ્ઞા-પૂર્વકનો શોભે એ વાત કબુલ કરીએ, કારણ કે તપ નિર્જરા માટે છે. કર્મની નિર્જરામાં આજ્ઞાની અપેક્ષા જરૂરી હોય તે ખાતર આજ્ઞા યુક્તજ તપ એ સાર્થક ગણાતો હોય છે. આજ્ઞા રહિત તપ પલાલનો પુળો છે, કારણ કે તેમાં મનુષ્યની ભૂખ મટાડવાની તાકાત પલાળમાં નથી. ને જનવરની ભૂખ મટાડે છે પણ મનુષ્યની ભૂખ મટાડવી તેમાં પલાળનો પૂળો કામ ન કરે. તેમ પૌદ્ગલિક-સામગ્રી, સંયોગિક-સુખો, ઋદ્ધિ, સમૃદ્ધિ દેવલોક, કે નરપતિપણું, વૈભવ, સત્તા, ઠકુરાઇ; એ કાર્યોમાં આજ્ઞા વગરનું તપ ભલે કામ લાગતું હોય.

તાપસો પરિવ્રાજકોએ પણ એ તપથી દેવલોકે જાય છે, તેઓ રાજા મહારાજા બને છે, અને સત્તા વૈભવવાળા બને છે. તે વીતરાગની આજ્ઞાથી નથી, પણ અજ્ઞાન તપસ્વીઓ દેવ-લોકાદિક મેળવે છે તે આજ્ઞામાં તો નથીજ, પણ કાયાકષ્ટ કરીને બધી ચીજો મેળવે છે, તે પ્રાપ્તિ કેવી છે ?, તો કહે છે કે પૌદ્ગલિક-તે પૌદ્ગલિક પલાળનો પૂળો ભલે જનવરની ભૂખ મટાડે પણ મનુષ્યની ભૂખ ન મટાડે. તેમ આજ્ઞારહિત તપોધર્મની કરણીઓ દેવ લોકાદિક આપતો હોય તો

પણ તે મોક્ષમાર્ગ વધારનારી નથી, અને નિર્જરા રૂપી કાર્ય કરવાની તેમાં તાકાત પણ નથી; કારણકે એ આજ્ઞા રહિત ધર્મમાં તે તાકાત નથી. આજ્ઞારહિત તપોધર્મમાં પોદ્ગલિકનું લક્ષ પોષણ હોય, પણ મોક્ષમાર્ગની તાકાત આજ્ઞારહિત તપમાં નથી.

અકામ-નિર્જરાની કાર્યવાહિ.

આજ્ઞારહિત તપમાંથી આજ્ઞામાં આવશે કે આજ્ઞા સહિત તપોધર્મમાંથી આજ્ઞામાં ટકશે; અગર આજ્ઞામાં આવશે. આજ્ઞાસહિત તપોધર્મની કરણીથી તપના બાહ્ય અભ્યંતર એવા ભેદ કરી કાયક્લેશ કરીને કરણીના ત્રિયોગો પણ બાહ્ય તપમાં રાખ્યા છે. એકેન્દ્રિયપણાથી માંડી સંજ્ઞી-પંચેંદ્રિય ન બનેલ તેમાં સુધી વેઠેલ ગયેલ ગડદાપાટુ ભારે જેવા તપજ છે. તેમાં જે દુઃખો વેઠ્યા, તે વગર ઇચ્છાએ વેદ્યા. કર્મક્ષયની ઇચ્છા વગર દુઃખ ભોગવવાની ઇચ્છા વગર જે દુઃખ વેઠ્યા તે બાહ્ય દુઃખો કાયક્લેશ છે. છતાં તેને પણ તપ કહે છે તો તપ આજ્ઞારહિત કે સહિત તપ છે?, તે વખતે તો આજ્ઞાનું નામ નિશાન નથી. તો કયુલ કરો કે આજ્ઞારહિત કાયક્લેશ રૂપી તપ એ પણ મોક્ષના માર્ગ પણે લાગી દે છે. દુર્લભકોડાકોડની સ્થિતિ શાથી તોડી?, સંજ્ઞી મનુષ્યમાં આવ્યો આજ્ઞાએ?; તે બધામાં એકજ હેતુ છે. અને તે એક અકામનિર્જરાનો હેતુ છે. તો આજ્ઞા એજ તપ એમ કેમ કહો છો? માટે આજ્ઞા રહિત કે સહિત તે તપ હંમેશાં નિર્જરા કરનારો છે. આજ્ઞા બાહ્યતપ જેવો તપ, અને આજ્ઞા સહિતનો અભ્યંતર જેવો તપ તેમ ભેદ કેમ પાડ્યા?, અકામ નિર્જરા વખતે ઘરિયા જેટલું દુઃખ વેઠે ત્યારે ડાભ જેટલું કર્મ મળતું, પણ નિષ્ફળ ન કહી શકીએ. ડાભની અણી ઉપર ટાંકી રહે તેટલા બિન્દુએ લાંબે સમુદ્રવર ભરાય પણ પ્રમાણ અલ્પ હોવાથી વધારે જથ્થો અને કાળ જેવા પક્ષમાં તેમ અકામ નિર્જરાથી ઘરિયા જેટલું દુઃખ વેઠે ત્યારે ડાભ જેટલો થાય, તેમાં જમીન પોલી ન હોય પાણી નીચે ના ઉતરી જાય, તો તળાવ ભરાય, જમીન પોલી હોય તો ડાભ જેટલા પાણીનો હિસાબ નથી. તેમ અનંતી વખત અકામ-નિર્જરાએ પુન્ય ઉપાર્જન કરવા માંડયા પણ અંદર પોલાણ હોવાથી સૂક્ષ્મમાંથી બાદરનિગોદમાં, પૃથ્વીકાયમાં, અપ્કાયમાં, તેઉકાયમાં, વાઉકાયમાં વનસ્પતિકાયમાં, બેઇન્દ્રિયમાં તેઇન્દ્રિયમાં અને અનુક્રમે ચઉરિન્દ્રિયમાં પણ આવી ગયો; અને છેવટે અસંજ્ઞીમાંથી સંજ્ઞી-મનુષ્ય થયો. પોલાણમાં પ્રવાહ કયાં જાય તેનો પત્તો નહીં. એવું તીવ્ર પાણી આવ્યું કે પોલાણમાં જતાં જતાં પણ તળાવ ભરાઇ ગયું, તેમ આ જીવ અનંતી વખત પોલાણમાં અકામ નિર્જરાના વખતો ખોતાં ખોતાં પણ આ જીવને અકામ નિર્જરા એટલી બધી થઇ ગઇ કે જેથી તે પોલાણોમાં ઓળંગી આ મનુષ્ય થયો.

સંસાર-ચક્રનો ભોગ મનુષ્યપણું.

આ મનુષ્યપણું મુશ્કેલ કેવી રીતે છે?, પોલાણને પહોંચી વળવું તે સારી સંખ્યામાં સારા ટાઇમ સુધી લાગલાગટ મેળવીએ તો પોલાણને પહોંચી તળાવ ભરી શકીએ. પૃથ્વીકાયાદિકમાં ગયા ધક્કો વાગ્યો, તો ફેર નિગોદમાં ગયા. તેમ બે ત્રણ ચાર ઇન્દ્રિયમાં પણ ઘણી વખત રહ્યા, તો ધક્કા ખાઇ ખાઇ અડદાળો નિકળી ગયો છે. તારા ઉદ્યમ છતાં પણ ધક્કા ખાઇને અડદાળો નિકળી ગયો છે. આ જીવને તેનું ભાન નથી, કારણ એકજ છે. વિચારો કે અનાદિ કાળથી કર્યું શું? મનુષ્યને દેવતાપણું કે નારકીપણું અનાદિકાળનું આ જીવને હોયજ નહિં. અનાદિકાળની અવસ્થામાં આ જીવનો અડદાળો નિકળી જાય તેવી દશા ભોગવી છે. સૂક્ષ્મ નિગોદીયા એજ દશા અનાદિની છે. ચઢે ચઢે અને પડે તો જમીન ઉપર આવ્યા પછી પડવાનું બંધ. તેમ ચડી ચડીને ચૌદપૂર્વની ચાર જ્ઞાનવાળાની સ્થિતિ મળી હોય, પણ પાછી ગબડે તો તેનું સ્થાન નિગોદ તેથી નીચે નહિં. જેમ જમીન નીચામાં નીચું સ્થાન, તેમ આ જીવને ગબડવાની નીચી હદ નિગોદની છે, તેથી નીચે જવાનું નહિં. આમ અનંતી વખત ચઢમેલ અને અનંતી વખત ધક્કા ખાધા. એટલે અનંતી

વખત તળીયે જઈ પડયો. અનંતી વખત ચડયો હવે તો મોખે આવ્યો છે. જે ચડયા પડવાનું ભાન રાખે. તે મોખે ઉભા થયા ભાન કેવું રાખે?. રખેને ચક્રી ન આવે અને પડું નહિં. દેવપણું એ સંસાર ચક્રનો મોક્ષ નથી. જો સંસાર ચક્રનો મોભડોય તો મનુષ્યપણું છે, કે જેનાથી મોક્ષ મેળવી શકે છે. દેવતાપણું મોક્ષ મેળવી શકતું નથી.

છેલ્લો છેડો લાવી શકતું નથી. ઊંચે ચઢેલાએ નીચે દૃષ્ટિ કરવીજ નહિં. પુલ પર ચાલતા હો અને નીચે દૃષ્ટિ કરો તો ચક્કર આવે છે. તમે મનુષ્યપણાના ઊંચે સ્થાને ચઢયા છો, માટે નીચેના સ્થાનો પ્રતિ દૃષ્ટિ નીચી ન કરો. આ આરંભ સમારંભ તરફ દૃષ્ટિ કરશો તો તમને જરૂર ચક્કર આવવાના છે. પુલ ઉપર ચાલનાર સીધી દૃષ્ટિ કરે તો સીધો ચાલ્યો જાય છે, પણ નીચી દૃષ્ટિ કરી તો ચક્રી આવે અને પડે છે. તેવી રીતે આરંભાદિકની દૃષ્ટિ કરી તો સંયમધરોને પણ તિર્થ્યે ચક્રી આવે છે, અને ચડયા છતાં પણ પડવાજ છુટકો છે માટે ઊંચે આવ્યા છે. તે ધ્યાનમાં રાખો. અનંતી વખત એક એક જગો પર પગથી પડયા છીએ. એક એક પગથીયું ચડતા અનંતી વખત રખડવું પડયું છે. તે યાદ કરો તો મહેલી જગ્યા ઉપર કેટલું ચોંટી રહેવું ઘટે છે, તે ધ્યાનમાં રાખો. ચાલુ મળેલી ઉત્તમ દશા તે મોભની છે.

ગ્રંથી-કિલ્લાને ભેદનાર.

આ મનુષ્યપણાની દશા ઊંચામાં ઊંચી છે, તે પણ મળી છે શાથી?, આજ્ઞા વગરના તપથી. આ દશા મળી છે તે આજ્ઞા રહિત દુઃખ સહનરૂપ કાયકલેશ સહન કરવાથી આટલે ઊંચે ચઢયા છીએ. જો આજ્ઞા વગરનો તપ આટલું કાર્ય કરે છે, તો નકામો કેમ ગણો છો? તેના જવાબમાં સમજવું કે જે મિથ્યાત્વ મોહનીયની દિવાલ છે, તે તોડવા માટે આજ્ઞા વગરનું તપ સમર્થ થતું નથી. ઉત્તમ ગતિ, સત્તા, વૈભવ; વિગેરે મેળવી આપવામાં આજ્ઞા રહિત તપ શક્તિમાન થતું હોય, પણ ગ્રંથીનો કિલ્લો ભેદવામાં; અને મોક્ષ નગરની વાસ્તવિક મુસાફરી કરવામાં આજ્ઞા રહિત તપો ધર્મ કાંઈ પણ કામ કરી શકતું નથી. મોક્ષની મુસાફરી માટે આજ્ઞા રહિત તપ કામ કરતું નથી. મોક્ષની મુસાફરીમાં આગળ વધવા માટે આજ્ઞાવાળુંજ તપ તાકાતદાર છે. ગઢમાં પ્રવેશ કરાવનો તેમાં આજ્ઞાવાળું તપ શક્તિમાન થવાવાળું છે, માટે આજ્ઞાબીજ તપાદિ છે—आणाए संजमो तवो।

આજ્ઞાપૂર્વકના તપઃ-સંજમ-દાખલ.

કદાચ કર્મક્ષય માટે તપોધર્મના સેવનમાં આજ્ઞાની જરૂર હોય, પણ સંજમ કર્મ રોકવા માટે છે; તેમાં આજ્ઞાને સંબંધ શો?, સમ્યક્ત્વના શહેરની બહાર આજ્ઞા વગરનું સંજમ તાકાતદાર ભલે હોય, કારણ કે અભવ્ય અને મિથ્યાદૃષ્ટિ નવગ્રૈવેયકે જાય છે, તે સંયમના જોર વગર કોઇ પણ જીવ એક પણ ગ્રૈવેયકે જઈ શકતો નથી. પ્રથમ ગ્રૈવેયક પણ સંયમ વગર પામી શકે નહિં. અભવ્યોએ અને મિથ્યાદૃષ્ટિઓએ સંયમના જોરે અનંતી વખત નવગ્રૈવેયક મેળવ્યા, તેઓ પણ આજ્ઞાવર્તી હતા. અભવ્યના અને મિથ્યાદૃષ્ટિના સંયમે નવગ્રૈવેયકનું ફળ કેમ આપ્યું?, તો જવાબમાં સમજવું કે અહીં મોક્ષ મુસાફરની સમ્યક્ત્વ શહેરમાં આવવા માટેની આ વાત થાય છે. આજ્ઞા વગરનું સંયમ અનંતી વખત આવી ગયું છતાં તેણે કાંઇ પણ કામ ન કર્યું. અભવ્ય વધારે વખત સંયમ પાળે છે કે ભવ્ય?, તો કહે છે કે અભવ્ય ભવ્ય કરતાં અભવ્યો વધારે વખત સંયમ પાળે છે. અભવ્યો અનંતગુણી વખત સંયમ પાળે છે. ભવ્યનો સંયમ અભવ્યના અનંતમા ભાગ જેટલો છે. સમ્યક્ત્વ શહેરની અપેક્ષાએ, અને મોક્ષની મુસાફરીને અંગે અભવ્યનું કાંઇ પણ સંયમ કામ કરતું નથી, છતાં તે પણ સંયમ પ્રભુ-આજ્ઞાએ થાય છે, ભલે સંયમ અને તપ એ બે ચારિત્રરૂપી રથના પૈડા છે. તેનું એક પૈડું સંજમ, અને એક તપ પૈડું છે. તેથી તે બીજા તપ પૈડાથી નિવૃત્તિરૂપ ધર્મ કરવો આજ્ઞા વગર ન ઘટે. આજ્ઞા રહિત તપ તે પલાળમાં પુળા

જેવા હોય તેમાં કહેવા જેવું નથી. દાનાદિક પ્રવૃત્તિ રૂપ ધર્મ, અને તપ-સંયમ-નિવૃત્તિરૂપ ધર્મ, તે બંન્ને ભગવાનની આજ્ઞા વગર ભલે સારો ન ગણાય, પણ દાનાદિક રૂપ પ્રવૃત્તિ ધર્મ આજ્ઞા વગરનો હોય તો અડચણ નહીં ને ?, આવું પૂછનારે સમજવું જોઇએ કે જેમ તપ સંજમ આજ્ઞાએ તેમ દાન એ પણ આજ્ઞા એજ. તપ સંજમ આજ્ઞાએ છે, તેવી રીતે દાન એ પણ આજ્ઞાએ છે, એટલે ત્રણે વસ્તુ આજ્ઞા એ છે. તેથી આજ્ઞા રહિત એવો ધર્મ તે પલાળના પુળા માફક, તેના જેવો નિસ્સારજ લાગે છે. આથી આજ્ઞા પૂર્વક તપ સંજમ દાન સફળ છે.

આજ્ઞાનું સ્વરૂપ.

આજ્ઞા વગરના તપઃ સંજમાદિ એ બધા પલાળના પુળા જેવા અસાર છે. આ નક્કી કર્યું પણ વિચારવાની જરૂર છે કે ચોથો પાયો નથી. આજ્ઞા એ ચીજ કઇ ? તપઃ એ આજ્ઞાથી, એટલે તપ અને આજ્ઞા એ ચીજ જુદી છે. દાન સંજમ તે પણ આજ્ઞાથી. તેથી આજ્ઞા ચીજ જુદી. તપઃ, સંજમ, અને દાન આજ્ઞા રૂપ હોય તો આજ્ઞાએ કરી જે તપ સંજમ દાન કરાય તેજ યોગ્ય. આજ્ઞા વગરનું તપ સંજમ દાન તે અસાર છે. આ કહી આવ્યા તેમાં મોટો વાંધો છે. તો આજ્ઞા ચીજ કઇ ?, તપ સંજમ દાન ભિન્ન ચીજ. આ જગો પર સમજવાની જરૂર છે. આજ્ઞા શબ્દ જાહેર છે, કારણ કે તે શબ્દ છુપો નથી. કહો કે બાટલે મોટી ખોડ કે ચોથો પાયો નથી. **आङ् मर्यादया ज्ञायन्ते जीवादिपदार्थान् अनया इति आज्ञा.** મર્યાદાએ કરી જીવાદિક પદાર્થો જણાય તેનું નામ આજ્ઞા. સામાન્ય વિશેષરૂપે, નિત્યાનિત્યરૂપે, વાચ્યાવાચ્યરૂપે જીવાદિક તત્વો જે દ્વારાએ જણાય તે આજ્ઞા. અથવા આવા પદાર્થને જણાવનારો ઉપદેશ તે આજ્ઞા તો કે ઉપદેશની શી જરૂર ?, વર્તનમાં જ્યાં જાય, તે માટે જેમ તેમ કરી શકશે, પણ જીવાદિક તત્વોની શ્રદ્ધામાં શું કરશે ? વર્તનમાં જીવાદિકનું તત્વ, સ્વરૂપ, ભેદ, અને પર્યાય આવશે ?, કહોકે જીવાદિક પદાર્થો તે યથા-સ્વરૂપે જેનાથી જણાય તે આજ્ઞા, અને તેના બે પ્રકાર છે. આજ્ઞા એટલે અતીંદ્રિય જ્ઞાન, અથવા અતીંદ્રિય જ્ઞાનવાળાનો ઉપદેશ. તેથી દશ પૂર્વધરને આજ્ઞા-વ્યવહારી કહ્યા છે. અગીઆર-બાર-તેર-ચૌદ-પૂર્વધારીને આજ્ઞા વ્યવહારી કહી શકીએ છીએ, નહીંતર શાસ્ત્ર માત્રથી વ્યવહારને આજ્ઞા વ્યવહારી કહી શકીએ. આ મર્યાદયા અતીંદ્રિય પદાર્થો જે વડે કરી જણાય તે આજ્ઞા. એટલે નવ દશ પૂર્વથી આગળનું જ્ઞાન તે આજ્ઞા રૂપ તેથી તે વ્યવહાર કરનારા બધા આજ્ઞા વ્યવહારી. અતિંદ્રિય જ્ઞાનવાળાને અને અતીંદ્રિય જ્ઞાન વગરના-જીવોને આજ્ઞા શબ્દથી શું લેવું છે ? તત્ત્વ-જ્ઞાનનો તીર્થંકરનો ઉપદેશ જીવાદિક તત્ત્વની સત્યતા માનવી તે આજ્ઞા. તીર્થંકરનો જીવાદિક વિષય ઉપદેશ તે આજ્ઞા.

શ્રદ્ધારૂપ આજ્ઞા, અને જ્ઞાનરૂપ આજ્ઞા.

તેજ કારણથી **"आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्ष कारणम् इतीयमार्हतीमुष्टिरन्यदस्याः प्रपंचनम् ॥१॥**

આશ્રવો સંસારનું કારણ છે, અને સંવર મોક્ષનું કારણ છે, અર્થાત્ પ્રાણાતિપાતાદિકનું વિરમણ તે સંવર છે, અને તેજ મોક્ષનું કારણ છે. આશ્રવને ભવનું કારણ ગણવાનું છે ઇતીય=આ આજ્ઞા એજ અરિહંત મહારાજનું મુષ્ટિ-જ્ઞાન છે, બાકીનું જે શાસ્ત્રીય જ્ઞાન છે તે આનોજ વિસ્તાર છે. આશ્રવ તે સંસારનું કારણ, અને સંવર તે મોક્ષનું કારણ; આવું જીનેશ્વરના કહેવા અનુસારે માનવું તેજ આજ્ઞા. **'आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः'** "આશ્રવ તે સર્વથા છાંડવા લાયક, અને સંવર તે ઉપાદેય એટલે આદરવા લાયક" આવા પ્રકારની જે બુદ્ધિ તેનું નામજ આજ્ઞા. અને તેથીજ **'इत्याज्ञाराधनपरा'** એવી જે આજ્ઞા તેને આરાધન કરવામાં તત્પર-જીવો કલ્યાણ સાધે છે, સંવરની સંવર તરીકે શ્રદ્ધા, અને આશ્રવની આશ્રવ તરીકે શ્રદ્ધા તેજ આજ્ઞા. આ વાત ખ્યાલમાં લેશો તો ચોથે ગુણઠાણે રહેલાએ એકજ પાપસ્થાનક બંધ કર્યું, છતાં તે આરાધક, અર્થાત્ સત્તર પાપ સ્થાનકવાળો છતાં તે હેય

માનવાવાળો હોવાથી આરાધક નવગ્રૈવેયકને લાયક ચારિત્ર પાળનાર અભવ્ય આજ્ઞા નહીં માનનાર હોવાથી એજ વિરાધક. આથી આજ્ઞા શી ચીજ ?, તીર્થંકરે કહેલા તત્ત્વોનું તત્ત્વ રૂપે ભાન થવું, અને શ્રદ્ધા થવી; તેનું નામ આજ્ઞા. શ્રદ્ધા હોય અને તીર્થંકરે કહેલા તત્ત્વોનું ભાન ન હોય, તો સત્તર પાપ સ્થાનક ન હોય તો પણ વિરાધક. આ બે વસ્તુ અવિરતિ ગુણ-ઠાણે રહેલી આરાધનાનો અને વિરાધનાનો વિચાર કરશો તો માલમ પડશે કે આજ્ઞા શી ચીજ ?, આજ્ઞા એ ચીજ છે કે તત્ત્વની તત્ત્વરૂપે પ્રીતતિ થાય, અર્થાત્ તત્વોને જાણવા તેનું નામ આજ્ઞા, અથવા-તેમના વચનો દ્વારા એ પ્રતીતિ તે આજ્ઞા. શ્રદ્ધા રૂપ અને જ્ઞાનરૂપ આજ્ઞા હોય છે. જ્ઞાનરૂપ આજ્ઞા નવમે દશમે, બારમે, તેરમે, ચૌદમે કેવળીમાં હોય, અને શ્રદ્ધાનરૂપ આજ્ઞા એટલે તે રૂપ આજ્ઞા બીજા જીવોને પણ હોય છે. બીજા જીવો ક્ષાયોપશમિક-જ્ઞાનમાં છે. સર્વ જીવોને બીજા પદાર્થોનું જ્ઞાન મેળવવાની ઇચ્છા હોય પણ પ્રથમ તો બીજાની દરકારવાળું થોડા કાળનું. થોડા પદાર્થને જણાવનારૂં એવું જ્ઞાન મળે તો તેનું નામ ક્ષાયોપશમિક જ્ઞાન, તે નિર્મળ કયારે હોય ?; જ્યારે શ્રદ્ધા હોય ત્યારે. શ્રદ્ધા ન હોય તો ક્ષાયોપશમિક જ્ઞાન નિર્મળ ન હોય, અને ત્યાં સુધી જ્ઞાન માનતા નથી, પણ અજ્ઞાન કહે છે. આશ્રવને આશ્રવરૂપે અને સંવરને સંવરરૂપે ન જાણે, ત્યાં સુધી જે જ્ઞાન થયું હોય તેને અજ્ઞાન કહે છે. જ્ઞાન કયું ? શ્રદ્ધાવાળાનું જ્ઞાન તે જ્ઞાન. જેમ જ્ઞાનના ક્ષાયિક ને ક્ષાયોપશમિક જ્ઞાન એવા બે વિભાગ જણાવ્યા, પણ ક્ષાયિકની ઇચ્છાવાળાએ ક્ષાયોપશમિક મેળવવાની જરૂર છે. કારણકે તે ક્ષાયિક-ક્ષાયોપશમિકપૂર્વકનું છે. જ્ઞાનની હદ કયાં સુધી ?, ક્રિયા ઉત્પન્ન કરવા સુધી, પણ ફળની જગો પર ક્રિયાની હદ છે. જ્ઞાનની હદ ક્રિયા આગળ અટકે છે. હવે તેવા ભેદો કયા ?, અને આજ્ઞા વસ્તુ શું ? તે અધિકાર આગળ જણાવવામાં આવશે.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-પ.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. "હું મુંગો છું", અને "મ્હારી માતા વંધ્યા છે" એ બંન્ને વચનો વદતો-વ્યાઘાત જેવાં છે.

૨. કેવળ જ્ઞાન પ્રગટ થવાથી શાસન ચાલતું હોય તો, ભગવાનને દેશના દેવાની જરૂર નથી.

૩. સંયમની પ્રવૃત્તિ હોય ત્યાં શાસન છે.

૪. જ્ઞાનથી અને ક્રિયાથી એટલે બંન્નેના સહચારથી મોક્ષ છે તે સમજો.

૫. 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' એ સૂત્રના પરમાર્થને સમજો.

વદતોવ્યાઘાત એટલે શું ?

"ક્ષાયોપશમિકે માવે०"

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી જ્ઞાનસાર પ્રકરણ કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ જગતમાં જીવને જીવનનો નિર્વાહ કરવો, અને જીવનનું ટકવું તેના સાધનો તે બધા જ્ઞાનને આભારી હોય છે. તેમજ ધાર્મિક લોકને શાસનની સ્થાપના ટકવું તે પણ જ્ઞાનને આભારી હોવાથી જ્ઞાન જરૂરીનું છે, અને તે વાતમાં મતભેદ પડતો નથી. જ્ઞાનને બીન જરૂરી

કહેનારો પોતે વદતો વ્યાઘાતવાળો થાય. જ્ઞાન નિષ્ફળ કહેનાર જાણીને કહે છે કે જાણ્યા વગર કહે છે. જો નિષ્ફળ કહે છે તો તે સંબંધી ધારણા, કથન; અને ઉપદેશ બધો જ્ઞાનને લીધે બન્યો છે. જો અજ્ઞાન હોય તો ઘડીને થાંભલામાંથી તેવા શબ્દો નિકળવા જોઇએ, પણ તે તો નિકળતા નથી. આથી જ્ઞાન નકામું કહી જાકાય નહિં. હવે એ નિશ્ચય કર્યા છતાં અત્યારે જરૂરીઆતનો પ્રશ્ન નથી, પણ ફળ કેમ થાય છે તેનો પ્રશ્ન છે. ફળ જ્ઞાનથી માત્ર છે કે નહિં તે વિચારવાનું છે. દરેક મનુષ્ય કરશે કે જીવનનો ઠકાવ, અને નિર્વાહમાં તેના સાધનમાં જ્ઞાન ભલે ઉપયોગી હોય, અને શાસન સ્થાપનામાં જ્ઞાન ભલે ઉપયોગી હોય; પણ જ્ઞાન માત્રથી ફળની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનથી થાય છે પણ જ્ઞાન માત્રથીજ થતી નથી. જ્ઞાનથી ફળ થાય છે, તેનો અર્થ એટલો કે જ્ઞાનથી શુદ્ધ ક્રિયા થાય તેથી ફળ મળે છે. દંડથી [redacted] વેગ થાય, અને તે વેગથી ઘડો થાય તેથી દંડથી [redacted] થયો તેમ કહી શકીએ. દંડ માત્રથી ઘડો થયો [redacted] કહી શકાયજ નહિં. ઘડો બનવામાં દંડ કારણ છે, પણ દંડજ કારણ છે તેમ કહી શકીએ નહિં. તેમ અહીં ફળની પ્રાપ્તિમાં જ્ઞાન કારણ છે તે નિષ્ફળ માનતા નથી. એક મનુષ્યને પુછ્યું કે તારૂં નામ શું ? કહ્યું મુંબો હતું, એ શબ્દજ કહેનારને આગે ખોટો થયો. આનું નામ "વદતો વ્યાઘાત" બોલનારજ બોલાની વ્યુત ખોટી કરી, એટલે યુકિતથી વિચારવી પડે નહિં, અર્થાત્ તપાસ કરવી પડે નહિ અથવા તો 'બાતા મે વંધ્યા' મારી જનેતા વાંજણી છે. વાંજણી હોય તો જનેતા નહિં, અને જનેતા હોય તો વાંજણી નહિં. તેમ જ્ઞાન વગર જ્ઞાન નિષ્ફળ છે તેમ બોલી જાય નહિં, માટે જ્ઞાનને નિષ્ફળ માનનારા વદતો વ્યાઘાતવાળા છે. આ બે વાક્યો બોલનારાઓને પોતે જુઠ્ઠા કરે છે.

જ્ઞાન-ક્રિયાનું ઉભય સુસંગતપણું.

તેમ જ્ઞાન નિષ્ફળ છે તેમ ક્રિયાથી કહી શકાય તેમ નથી. ફક્ત વાંધો કયાં છે ?, જ્ઞાનથી ફળ છે; અને જ્ઞાનથીજ ફળ છે, ત્યાં ફરક છે. જીવન ટકાવવું અને રોગને દૂર કેમ રખાય તેટલું જાણ્યા માત્રથી રોગ દૂર થતા નથી. નિર્વાહ જાણ્યા માત્રથી થઈ જતો નથી, પણ જાણવાથી થયું છે. જાણ્યા વગર થયું નથી, તેમ શાસનની ઉત્પત્તિ કેવળ જ્ઞાનમાત્રથી થઇ નથી. શાસનનું ટકવું જ્ઞાન માત્રથી થયું નથી જ્ઞાન માત્રથી શાસનની ઉત્પત્તિ થઈ હોત તો ભગવાનને દેશના દેવાની જરૂર ન હતી. કેવળ જ્ઞાન થવાની સાથે શાસન આકસ્મિક થયું નથી તે માટે પ્રવૃતિ કરવી પડી છે, અને સમવસરણ અતિશયાદિ કરવા પડ્યા છે. જો જ્ઞાન માત્રથી શાસન થઇ જતું હોત તો તીર્થંકરને દેશના દેવાની, અને સમવસરણ રચવાની જરૂર પડત નહિં શાસનના ટકાવ માટે સાધુથીજ તીર્થ. સાધુ જ્ઞાની અગર જ્ઞાનીની નિશ્રાવાળા અજ્ઞાનીઓ દ્વારા એ શાસન તે શાસન સૂત્ર અર્થ જાણનારથી નહીં, પણ સંયમની પ્રવૃત્તિ હોય ત્યાં શાસન એકલા જ્ઞાન માત્રથી શાસનની પ્રવૃતિ નથી. જ્ઞાન અને ક્રિયા બે ઉપર આધાર રાખે છે. જ્ઞાનવાળાનું સાધુપણું માન્યું, તેથી ગીતાર્થનું સાધુપણું અને બીજો ગીતાર્થની નિશ્રાવાળો. એકલા જ્ઞાન માત્રથી શાસનની પ્રવૃત્તિ નથી. તેમજ શાસનના છેડા ઉપર જઇએ, તો દુપ્પસહસૂરિ પણ નંદી સુધી અનુયોગાદિ જાણનાર ન હતા પણ સંયમ પાળનાર હતા. જ્ઞાનને આધારે એ વાત ખરી પણ જ્ઞાનનેજ આધારે છે એ વાત કબુલ નથી. કારણ એજ જણાવ્યું કે ફળ દેવાની તાકાત ક્રિયામા છે, પણ જ્ઞાનમાં તે ફળ દેવાની તાકાત નથી. તો જ્ઞાનથી જાણ્યું એ ફળ ખરૂં કે નહિ ?, કહેવું પડશે કે ફળ છે, પણ અંતિમ ફળ પ્રાપ્ત બાકી છે.

એ વિરલ વિભૂતિ કોણ ?

લે—પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજીના સુવિનેય-મુનિશ્રીચન્દ્રપ્રભસાગર-(ચિત્રભાનુ)

હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર—વિલાસ-મગ્ન દુનિયા પર, પાપથી ખદબદતી દુનિયા પર ચૈત્ર શુદ્ધ તેરસના પુનિત દિવસે એક અનેરો બાળકે—વિભૂતિએ અવતાર લીધો.

આંખમાં અમૃત, મુખકમળ પર મધુર સ્મિત, હૈયામાં કરૂણા; અને આત્મામાં અખંડ વિશ્વવાત્સલ્ય ભરીને અવતરેલી આ વિરલ વિભૂતિને જોઇ, દુનિયા દંગ બની ગઇ.

આ વિરલ-વિભૂતિના આગમનથી દુઃખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થયો. વસન્તની કામણગારી કોકિલા આમ્રવૃક્ષની શાખા પર આનન્દ ને ઉલ્લાસથી ઝુલા ઝુલતી, મંજુલ-ધ્વનિથી ટહૂકા કરવા લાગી. કુંજની ઘટાઓમાંથી મનોહર પક્ષીઓ મનોજ્ઞ-ગીત ગાવા લાગ્યાં, શુભ્રવસ્ત્રધારિણી સરિતા પૂર્ણ સ્વાસ્થ્યથી ઝડપભેર મધુર હાસ્ય કરતી, સાગર ભણી ધસવા લાગી—વિશાળ આકાશમાં પરિભ્રમણ કરતા દીવાનાથનો કોમળ પ્રકાશ-પુંજ ધરા પર વર્ષવા લાગ્યો, અને અવિરત નરકની યાતના ભોગવતાં પીડિત હૈયાં, આ શાન્ત અને સુખના મુક્ત વાતાવરણમાં વિહરવા લાગ્યાં, વાતાવરણ કાંઇક અલૌકિક હતું !

આ વિરલ વિભૂતિનો અવતાર થતાં સ્વયં દેવેન્દ્રો એમના દર્શનાર્થે આવ્યા, મહાન્ ભૂપાલો અંજલિ પૂર્વક એમની સામે શિર ઝુકાવીને, નમન કરવા લાગ્યા; અનેક માનવો એમની સેવામાં હાજર થયા. અને વિશ્વનો વૈભવ એમના ચરણોમાં ખડકાવવા લાગ્યો.

આ કાળમાં એમના યૌવનનો રંગ પણ જામ્યો. સંસારનો રંગ પણ ખીલ્યો અને સુદર્શના જેવું સંસ્કારી સંતાન પણ જન્મ્યું, પણ આ બધું એ વિરલ વિભૂતિને મન પુણ્ય રૂપી રોગને નાશ કરવા માટે ઔષધ રૂપજ હતું. આમ કરતાં ત્રીસ વર્ષનાં વાણાં તો વિજળીના ચમકારની પેઠે નીકળી ગયાં. માનવીને સુખના દિવસો કેટલા સોહામણા લાગે છે !

દુનિયાના સદ્‌ભાગ્યના એક મનોહર પ્રભાતે, આ વિરલ વિભૂતિએ વૈભવથી ઉભરાતાં સોનામંદિરોને અને વ્હાલસોયાં સ્નેહીઓનો ત્યાગ કરીને મનોભિનિષ્ક્રમણ કર્યું. કારણકે દુનિયા એમને દુઃખથી છલકાતી દેખાણી. દુનિયા જ્યારે દુઃખમાં રીબાતી હોય ત્યારે આ કોમળ હૈયું સુખમાં કેમ વિલસી શકે ?

આ વિરલ વિભૂતિના વરસાદ વિદાયની વેધક વાંસળી વાગી, અને લાક્ષિયબુંદ ગામના ઉપવનમાં એક અનેરું કરૂણ દૃશ્ય જામ્યું. આ દૃશ્ય આ દાનવીર વિરલ વિભૂતિની વરસની વિદાયનું હતું. આ દૃશ્ય અનાથ હૈયાંઓની કોમળ લાગણીઓથી છલકાતું હતું. આ દૃશ્ય વચ્ચે હૃદય વિદારક ઘેરા કુસુમ્બા અને સુકાયાં આંસુ પણ હતાં. હા ! આકરી વિદાય કોમળતા પૂર્વક ભજવાતી હતી. આ વિદાયના દૃશ્યમાંથી

વાત્સલ્યની અને કરૂણાની ધારા ટપકતી હતી. આ વત્સમી વિદાયની વાંસળીમાંથી હૈયાને હચમચાવી મૂકે એવા કરૂણ અને વેધક સૂરો વારંવાર આવી નાજુક હૈયાંઓને વ્યથિત કરતા હતા. પોતાના લઘુ બાન્ધવનું આ મહાભિનિષ્ક્રમણ નન્દીવર્ધનના વાત્સલ્યપૂર્ણ હૈયાને વલોવી નાંખતું હતું. જીવનમાં ક્ષણ માત્ર પણ છૂટો નહિ પડનાર પોતાનો લઘુબાન્ધવ આજે સદાને માટે ગૃહ-ત્યાગ કરે છે. ખરેખર, માનવીની પ્રિય વસ્તુ જાય છે, ત્યારે એના જીવનનું સર્વસ્વ હોતીજ જાય છે!

ત્રીશ વર્ષ સુધી સૌરભવાળા તરૂવરોની શીતળ છાયામાં વિહરનારા માનવી અખંડ-અગ્નિ ઝરતા તડકામાં તપે, પુષ્પોની નાજુક શય્યામાં પોઢનાર માનવી કંટક પર કદમ ભરે, લાખેણાની સલામ ઝીલનાર માનવી રંક અનાર્યોના અપમાન સહે; આ કાર્ય કેટલું કપરૂં છે?, એ તો અનુભવીનું હૈયુંજ વેદી શકે-તે આ વિરલ વિભૂતિનું હૈયુંજ!

સ્વયં ઇન્દ્ર મહારાજાએ મુક્ત કંઠે પ્રશંસા કરી—"આજે ભારત વર્ષમાં એક વિરલ વિભૂતિ છે-કે જે મરણથી ગભરાતી નથી, અને જીવનથી હર્ષ પામતી નથી, જેને સુખના મનોજ્ઞ સાધનો ખૂશ કરી શકતાં નથી, અને દુઃખના ક્રૂર સાધનો મુંઝવી શકતાં નથી, એ મહા વિભૂતિની દિવ્ય તપશ્ચર્યા આજે વિશ્વમાં અજોડ છે!—" આ પ્રશંસામાં કાંઈ સામાન્ય માનવીના ત્યાગ, તપ અને ધૈર્યની કેવળ અતિશયોક્તિ કરવામાં આવી છે, એમ ત્યા સભામાં બેઠેલા ઇર્ષાળુ-સંગમે માની લીધું, અને સાથે-સાથ નિશ્ચય કરીને ઉઠયો કે, એ પામર માનવીને ત્યાગ, તપ અને ધૈર્યમાંથી ચલિત કરીને; ઇન્દ્રની પ્રશંસાને અસત્ય બનાવું. આ નિશ્ચય કરતાંજ સંગમ ખરેખર દેવ મટી દાનવ બન્યો, અને એ વિરલ વિભૂતિ પાસે આવ્યો.

સિંહનું રૂપ ધારણ કરી માનવ-હૈયાંઓને વિદારી નાંખે એવી સિંહ-ગર્જનાઓ કરી જોઇ, પ્રલયકાળના મેઘનું રૂપ ધારણ કરી વિજળીઓના કડાકા ભડાકા કરી બ્રહ્માંડના કાન ફોડી નાંખે એવા અવાજોના અખતરાઓ પણ કરી જોયા, અને છેલ્લે સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી ભયંકર રાક્ષસનું રૂપ ધારણ કરી એ વિરલ વિભૂતિ પર ત્રાટકવાનો પ્રયોગ પણ કરી જોયો; પણ એ બધું નિષ્ફળ નીવડયું!

આવા પ્રલયના ઝંઝાવાત અને ચક્રવાત વચ્ચે પણ જેમનો ધૈર્ય-દીપક અચલ રીતે ઝળહળતો જોઇ, સંગમ દંગ થઇ ગયો. એના અભિમાનના ચૂરેચૂરા થઇ ગયા. અભિમાન ગળતાંજ પોતાને આચરેલા પાપનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એ વિરલ વિભૂતિ પ્રત્યે આચરેલા અયોગ્ય વર્તનથી એના હૈયામાં પશ્ચાતાપનો ભડકો ભભૂકી ઉઠયો, અને પોતાની જાતને ધિક્કારતો એ વિભૂતિના ચરણોમાં પડી, અંજલિ પૂર્વક દીન સ્વરે ક્ષમા માંગવા લાગ્યો.

"પ્રભો! આપ શૂર-વીર છો. ધીર છો, ગંભિર છો, આપનું આત્મિક બળ અનુપમ છે. આપનો ત્યાગ, તપઃ અને, ધૈર્ય અજોડ છે! આપની જોડ આ વિશ્વમાં લાધે તેમ નથી. આપની પ્રશંસા ઇન્દ્રે કરી, પણ હું અધમ એ ન માની શક્યો; અને આપની પરીક્ષા કરવા માટે આવ્યો પણ આજે મને પૂર્ણ સત્ય સમજાયું કે, મારા જેવા અધમો પોતાની

મનની કલુષિતતાથીજ આપના જેવા મહા-માનવના ગુણો સમજી શકતા નથી, અને ઈર્ષા અને અભિમાનથી પોતાની જાતનેજ મહાન મનાવવાનો પ્રયત્ન કરતાં પરિભ્રમણ કરે છે. આપ જગતના પિતા છો, આપ જગચ્છરણ છો. વિશ્વબન્ધુ છો, જગદાધાર છો, અધમોદ્ધારક છો, અને તારક છો. હે કરૂણાસાગર ! મારા અપ-રાધની ક્ષમા કરો. હું નીચ છું-અધમ છું-પાપી છું. મારો ઉદ્ધાર આપનાજ હાથમાં છે, નાથ ! માટે મને તારો !!!"

આવા અઘોર ભયંકર અપરાધ કરનારા સંગમ પર પણ વિશ્વ-વિખ્યાત આ વિરલ વિભૂતિએ તો પોતાની અમૃત ઝરતી આંખોમાંથી કરૂણાની વર્ષા જ આરંભી ! એમની વૈરાગ્ય-ઝરતી આંખોમાંથી વાત્સલ્યનું ઝરણું ઝરવા લાગ્યું. એ પુનિત ઝરણામાં સ્નાન કરી, ભારે હૈયે સંગમ પોતાના સ્થાન ભણી સંચર્યો !

સંગમે કરેલા અનેક દુઃખો વેઠયા પછી ફરી એમણે આર્ય અને અનાર્ય-વજ્રભૂમ ભણી વિહાર આદર્યો. સાડા બાર વર્ષ સુધી મૌનપણે ઘોર તપશ્ચર્યા કરી. આ દિવસોમાં એમના પર અનેક વિષમ-વિપત્તિનાં વાદળાં એક પછી એક તૂટવા લાગ્યાં, છતાં એમણે ધૈર્ય, સહિષ્ણુતા અને શાન્તિ પૂર્વક એમને પ્રસન્નમુખે આવકાર આપ્યો.

આમ અનેક યાતનાઓના દાવાનળમાં આ તેજસ્વી વિરલ વિભૂતિના કર્મો બળીને રાખ થયાં, અને એમનો અનન્ત સૂર્યના પ્રકાશથી ચમકતો આત્મા પ્રકાશી ઉઠયો. કૈવલ્યજ્ઞાન વ્યાપી રહ્યું, અને અન્ધકારનો નિતાન્ત નાશ થયો. પૂર્ણ આત્માના પ્રકાશથી દિશાઓ વિલસી રહી. આ રળિયામણા સમયે એમના મુખકમળ પર અખંડ, નિર્દોષ આનન્દ, વિશ્વવાત્સલ્ય ને પ્રશાન્ત-ગાંભીર્યનો ત્રીવેણી સંગમ જામ્યો !

સાડા બાર વર્ષ સુધી સેવેલા મૌનનું દિવ્ય તેજ આ વિરલ વિભૂતિના શરીરના રોમાંચોદ્વારા ફૂવારાની જેમ વસુંધરા પર પ્રકાશ પાથરી રહ્યું. વર્ષોને અન્તે એમની મેઘ-ગંભીર મંજુલ, ધ્વનિ સાંભલીને શું દેવો કે શું દાનવો ?, શું માનવો કે શું અન્ન પ્રાણીઓ ?; બધા એમની નિકટમાં આવવા લાગ્યા એમનો ઉપદેશ સાંભળવા એ બધા અધીર બન્યા.

આ વિરલ વિભૂતિએ મેઘ-ધારાની પેઠે ઉપદેશ પ્રારંભ્યો—"મહાનુભાવો ! જાગો ! વિલાસની મીઠી નિદ્રામાં કેમ પોઢયા છો ? તમારૂં આત્મિક-ધન લૂંટાઈ રહ્યું છે. ક્રોધ, માન, માયા, અને લોભ આ મહાન્ ચાર ધૂર્ત છે. એ તમને મોહની મદિરાનું પાન કરાવી, તમારા જ હાથે તમારી અમૂલ્ય સંપત્તિઓનો નાશ કરાવી રહ્યા છે, માટે ચેતો !, સાવધાન બનો !, જાગરૂક બનો !; અને એ ધૂર્તોનો સામનો કરો."

આ સચોટ ઉપદેશ સાંભળી, ભક્તો હાથ જોડી કહેવા લાગ્યા—"નાથ ! આપ શક્તિમાન છો. આપ આ ધૂર્તોનો સામનો કરી શકો છો, પણ અમે નિર્બળ છીએ, ધૂર્તો સબળ છે; અમારાથી એમનો સામનો કેમ થઇ શકે ? અમારા માટે આ કાર્ય કઠિન છે-કપરૂં છે-અઘરૂં છે. આપ તો સમર્થ છો. આપની સરખામણી અમારાથી કેમ થાય ?"

લોકોની દીનતા ભરી વાણી સાંભળી, એ વિભૂતિએ વીર-ઘોષણા કરી—"મહાનુભાવો !

આવી ભયાનક વાચા ન ઉચ્ચારો. શત્રુઓ પાસે આવી નિર્બળ વાતો કરશો તો એ તમારો નાશ કરશે. હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું–કે તમારો આત્મા બળવાન્ છે–વીર્યવાન્ છે–અનન્ત શક્તિઓનો ભંડાર છે. તમારો અને મારો આત્મા શક્તિની દૃષ્ટિએ સમાન છે. માત્ર ફરક એટલો જ છે કે તમારા પર કર્મનો કચરો છે, અને મારા આત્માપરથી એ કચરો દૂર થયો છે. તમે પણ પ્રયત્ન કરી એ કર્મના કચરાને દૂર કરો; પછી તમે પૂર્ણ-પ્રકાશી બનો. કાયરતા છોડી મર્દ બનો. પડછંદની પેઠે અડગ રહો. ક્રોધ વગેરે શત્રુઓની સામે બળનો પોકારો. હું તમને સમરાંગણમાં વિજય મેળવવાની ચાવી રચના બતાવું."

આ મંજુલ વાણી સાંભળી લોકો પ્રસન્ન બન્યા. જીવન વિકાસની નૂતન-દૃષ્ટિ જાણવા માટે બધા ઉત્સુક બન્યા.

કદી ન ભૂલાય તેવો મનોહર સ્વર ત્યાં ગુંજી રહ્યો—"હે દેવોને પણ પ્રિય જનો ! આ ઉત્પન્ન દેખું ક્ષણભંગુર છે તેનો જરા વિચાર કરો. જીવન પુષ્પની જેમ કરમાઇ જનારૂં અસ્થાયી છે. સંપત્તિ વિજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે. વૈભવો સન્ધ્યાના રંગની જેમ અસ્થિર છે. સચોટો મન્દિરની ધ્વજાની પેઠે અચળ છે. આયુષ્ય પાણીના પરપોટાની જેમ અશાશ્વત છે. સંસારમાં માત્ર ધર્મજ એક એવો છે કે જે સ્થાયી-અચલ-શાશ્વત છે. આ ઉત્તમ ધર્મ પાળવા માટે ધર્માન્ધતાને છોડવીજ પડશે. ધર્માન્ધતાને છોડયા વિના સત્ય ધર્મ મળવો મુશ્કેલ તો શું પણ અશક્ય છે. ધર્માન્ધતાએ સત્ય ધર્મને ગુંગળાવી નાંખ્યો છે-માણસોને અન્ધ બનાવ્યા છે. આ અન્ધતામાંથી કલહ અને કંકાસનું સર્જન થયું છે. આ ધર્માન્ધતાથી મહા યુદ્ધો થયાં છે. માનવી, માનવીનો શત્રુ થયો છે. આજ અન્ધતાને લીધે જ્ઞાન પણ અજ્ઞાનમાં ફેરવાઈ ગયું છે. હિંસા પણ અહિંસાને નામે પ્રગટી છે. પાપ પણ પુણ્યના નામે જીવતું થયું છે. અધર્મ પણ ધર્મને બહાને પ્રગટ થયો છે, માટે સત્ય ધર્મ મેળવવાનો અમોઘ ઉપાય બતાવું છું તે પ્રમાદ ત્યજી સાંભળો !

જીવન વિકાસનો અમૂલ્ય ઉપાય અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદની કસોટી પર ધર્મની પરીક્ષા સુંદર રીતે થઈ શકે છે. માટે જીવનમાં અનેકાન્તવાદ કેળવો. એના વડે વિશ્વાત્મૈકય કેળવો. એક એકનો સમન્વય સાધો. અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે એના વડે વિશ્વમાં રહેલા સત્ય તત્ત્વોનું ગવેષણ કરો. અનેકાન્તવાદ એ સાચો ન્યાયાધીશ છે ! એજ વિશ્વને નિષ્પક્ષપાત સાચો અને પૂર્ણ ન્યાય આપશે. એ અસત્યના કાળા પડદાને ચીરી નાંખશે, અને સત્યના દર્શન કરાવશે. આ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કહો કે સાપેક્ષાવાદ કહો બધું એકજ છે. આ અનેકાન્તવાદની દૃષ્ટિ જ્યાંસુધી જીવનમાં નહિ આવે ત્યાંસુધી માનવીનો વિકાસ થંભેલો જ છે, એવો મારો સ્વાનુભવ છે !"

અનેકાતન્વાદનો આ ભવ્ય સિદ્ધાન્ત સાંભળી લોકોનાં હૈયાં આનન્દથી વિકસી ઉઠયાં. આ નૂતન દૃષ્ટિ પ્રત્યેકને આદરણીય લાગી. તેથીજ લોકોના મુખમાંથી આ શબ્દો સરી પડયા. "કેવી વિશાળ ભાવના !, કેવી વિશાળ દૃષ્ટિ !; દેવ આપ ધન્ય છો. આપે જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો છે તે અદ્‌ભૂત છે ! "આપ આપની વાણીનું અમૃત–ઝરણું આ સંતપ્ત સંસાર પર અવિરત વહેતું રાખો" એવી અમારી નમ્ર વિનંતિ છે, દેવ !"

આ વિભૂતિનો પુનઃ મધુર ધ્વનિ ગુંજી રહ્યો—"ભાગ્યશાળીઓ ! હું જે કહી ગયો તે જીવન દૃષ્ટિની વાત કરી ગયો—વિચારવાની વાત કહી ગયો. હવે આચારની વાત કહું છું. વિચારમાં જેમ અનેકાન્તવાદને સ્થાન છે, તેમ આચારમાં અહિંસાને સ્થાન છે.

અહિંસા એ સુંદર સરિતા છે; અનેક તૃષિત હૈયાં એના જળથી તરસ છીપાવે છે. અહિંસા એ સેતુ છે; કે જે બે વિખૂટાં દ્વેષી હૈયાંઓને જોડે છે. અહિંસા એ ગુલાબનું ફૂલ છે, જે પોતાની મોહક સૌરભથી જગતને પ્રફુલ્લિત કરે છે. અહિંસા એ વસન્તની કેયલ છે, જે પોતાના મધુર સંગીતથી હિંસાના ત્રાસથી ત્રસિત દિલડાંઓને પ્રમુદિત કરે છે. અહિંસા એજ વિશ્વશાન્તિનો અમોઘ ઉપાય છે. અહિંસા વિના વિશ્વમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવાનો બીજો એકેય ઉપાય નથીજ. અહિંસાની અમર ચન્દ્રિકાજ વિશ્વ પર અમૃત વર્ષાવશે.

હિંસાના પાપેજ એક માનવી બીજા માનવીને જળોની જેમ ચૂસી રહ્યો છે. હિંસાની ભાવનાએજ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કચડી રહ્યું છે. હિંસક માનસેજ વિશ્વમાં અત્યાચારની હોળી સળગાવી છે. હિંસાના સામ્રાજ્યોએ માનવીને પીડિત, વ્યથિત, અને દલિત બનાવ્યો છે. હિંસક ધર્મો નિર્દોષ પશુઓના ભોગ લઇ રહ્યા છે, માટેજ આચારમાં અહિંસા કેળવો. ધર્મના નામે હોમાતા પશુઓનું રક્ષણ કરો. જાતિવાદના નામે ધિક્કારાતા દલિત વર્ગનો ઉદ્ધાર કરો. અહિંસા એ અમૃત છે, એનું તમે પાન જરૂર કરો ! તમો અમર બનશો. બીજાઓને એનું પાન કરાવો, તો દુખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થશે !"

આ પ્રેરણા–દાયક ઉદ્‌બોધનથી ભક્તોમાં જોમ આવ્યું. ચૈતન્યના ચમકારા થવા લાગ્યા. વિજળીની જેમ એમના જીવનમાં અનેકાન્ત વાદ અને અહિંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. દુરાગ્રહની ગાંઠો ગળવા લાગી. વૈમનસ્ય તો બળીને ખાખ થયું. નિર્બળો સબળ બન્યા, બીકણો બહાદૂર બન્યા. મુડદાલો પણ મર્દ બન્યાં. શું વાણીનો વિરલ પ્રભાવ ! આમ સાક્ષાત્કારની સિદ્ધિ દ્વારા જીવનમાં કોઈ અલૌકિક સર્જનલીલા સર્જાતી ગઇ.

ત્યાંથી આ વિરલ વિભૂતિએ વિહાર કર્યો. ગામડે ગામડે ફરી વળ્યા. ગામે ગામ માનવ–મહેરામણ ઉભરાતો ! એમના દર્શન અને ઉપદેશથી માનવો અને ભારત ભૂમિ પાવન થતી.

પૂરા ત્રણ દાયકાઓ સુધી અખંડ ઉપદેશનું ઝરણું વહાવી ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું. અહિંસા–જળનું સિંચન કર્યું, સત્યના વૃક્ષો રોપ્યાં. અસ્તેયના કયારા બનાવ્યા. સંયમના છોડવાઓ પર સંતોષના અનેકવર્ણી પુષ્પો વિકસી ઉઠ્યાં. આ અખંડ ભારતને મોહક–નન્દનવનમાં ફેરવી નાખવાનું આ ભગીરથ કાર્ય, આ વિરલ વિભૂતિએ પોતાના જ વિદ્યમાન કાળમાં અખંડ સાધનાઓ દ્વારા કરી બતાવ્યું–એ ભારતનું અહોભાગ્ય !

પણ દુર્ભાગ્યની એવી એક રજની આવી કે જેમાં આ લક્ષપ્રકાશી, ઓજસ્વી દીપક પાવાપુર નગરીમાં માઝમ રાતે, એકાએક બૂઝાઇ ગયો–નિર્વાણ પામ્યો. જ્ઞાનનો સ્વાભાવિક–દીપક બૂઝાતાં વિશ્વમાં અજ્ઞાન અન્ધકાર વ્યાપવા લાગ્યું એ અન્ધકારને દૂર કરવા કૃત્રિમ દીપક પ્રગટાવવા પડયા. અને લોકો એને કહેવા લાગ્યા:—દીવાળી—

'દી–પ–આ–વ–લિ'

ઓ વિરલ વિભૂતિ વિભુ મહાવીર ! તારું મધુર નામ આજે પણ માનવ હૈયાની અમર વીણાના તારે ગુંજી રહ્યું છે !

તન્ત્રી સ્થાનેથી—

અનુમોદનીય-પ્રસંગો.

જલગાંવ—પૂ. સાધ્વી-શ્રીહેમયંતિશ્રીજી તથા તેમના સુશિષ્યા-શ્રીકુમુદશ્રીજીનું અત્રે ચાતુર્માસ છે. તેઓશ્રીના ઉપદેશથી ચૌદ-પૂર્વના તપનું આરાધન થયું, અને તેનો વરઘોડા નિમિત્તે ઘીનો ચઢાવો પણ સારો થયો હતો. સીરપુરથી શ્રીજૈન-બેન્ડ આવ્યું હતું. શ્રેષ્ઠિ વલ્લભજી ખીમજી તરફથી પુજા પ્રભાવના હતી. તે બેન્ડમાં આવેલાઓની વ્યવસ્થા સોમચંદ વીરચંદ, માણેકલાલ પીતાંબરદાસ; તથા નગીન-દાસ પાનાચંદ સુરતવાળા તરફથી કરવામાં આવેલ હતી. અત્રના શ્રી સંઘ તરફથી તે બેન્ડને રૂ. ૧૦૧), અને સદ્ગા બ્હેન તરફથી રૂ. ૧૬) ભેટ આપવામાં આવ્યા હતા,

પૂ. સાધ્વીજીના સદુપદેશથી અત્રેની પાઠ-શાળા ફરી ચાલુ થયેલ છે. અને પાઠશાળાનું ઉદ્ઘાટન શ્રેષ્ઠિ હિંમતલાલ દીપચંદના હાથે કરવામાં આવેલ છે. તેથી તે અવસરે રાસ-સંવાદ, ગરબા લિગેરે થયા હતા, અને વાડકા, સાકરના પડા વહેંચવામાં આવ્યા હતા. પાઠશાળાની જરૂરીઆત ઉપર નગીનદાસ પાનાચંદે સુંદર પ્રવચન કર્યું હતું. વળી તેઓના સદુપદેશથી સિદ્ધિ તપ, નવ નીધિ તપ, અઠ્ઠાઇ, ચત્તારી આઠ, જ્ઞાન દર્શનની ઓળી, અષ્ટ મહાસિદ્ધિ, ચૌદ પૂર્વ, લોકનાળી, સાત સૌખ્ય, મોક્ષ તપ, નવકાર મંત્રનો તપ, ઇંદ્રિય જય, સ્વર્ગ-સ્વસ્તિક તપ, આદિ તપશ્ચર્યાઓ સારી સંખ્યામાં થઇ હતી.

પર્યુષણ-પર્વમાં શ્રી કલ્પ-સૂત્રનું રાત્રિ જાગરણ શા, અમીચંદ વીરચંદને ત્યાં થયું હતું. તે પ્રસંગે જૈન યુવક મંડલને રૂ. ૧૫) આપ્યા હતા, અને બીજે દિવસે તેનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

ભાદરવા સુદ ૬ના રોજ અક્ષયનીધિ તપના વરઘોડામાં પોલીસ બેન્ડ, અને સાથે દિગમ્બર ભાઇઓ તેમજ સ્થાનકવાસી ભાઇઓએ પણ સારો ભાગ લીધો હતો, અને શ્રીસંઘ તરફથી પ્રભાવના હતી. ભાદરવા સુદ ૧૧ ના રોજ શાસન—પ્રભાવક—શ્રીહીરવિજયજી સૂરીશ્વરની જયંતિ નિમિત્તે નગીનદાસ પાનાચંદ તરફથી, આયંબીલ, તથા નવપદજીની પૂજા, આંગી તથા પ્રભાવના કરવામાં આવી હતી ભાદરવા સુદ ૧૪ ને રોજ સિદ્ધિ તપ કરનારનો ભવ્ય વરઘોડો સોમચંદ લીલાચંદ તરફથી બેન્ડ સાથે ધામધુમથી કાઢવામાં આવ્યો હતો, અને બીજે દિવસે આંગી પૂજા, પ્રભાવના હતી.

હલોર—અત્રે પૂ. પં. શ્રીકૈલાસસાગરજી આદિઠાણાનું ચાતુર્માસ છે. પર્યુષણપર્વના આઠે દિવસે ધંધો રોજગાર બંધ રાખીને લોકોએ વ્યાખ્યાન વાણીનો સારો લાભ લીધો છે. જુદા જુદા ખાતા માટે જુદી જુદી આર્થિક માંગ-ણીઓની અરજી આવેલ હોવાથી સામુદાયિક ટીપમાં રૂ. ૬૨૫) કરીને હરેકને યોગ્ય ફાળો મોકલી આપવામાં આવ્યો હતો. સુપનાની ઉપજમાં રૂ. ૧૫૦૦), અને વરઘોડાની બોલીમાં રૂ. ૫૦૦) થયા હતા. રથયાત્રાના વરઘોડાની

અનુમોદના અન્ય દર્શનીઓ મુક્ત કંઠે કરતા હતા. બીજા પણ ધાર્મિક-શુભ-કાર્યો સારાં પ્રમાણમાં થયાં હતાં.

આકોલા—અત્રે પૂ. સાધ્વી-શ્રીસુબોધશ્રીજી અને તેમના સુશિષ્યા-શ્રીસુવ્રતશ્રીજી ઠાણા બેનું ચાતુર્માસ છે. ધાર્મિક શુભ કાર્યો સારાં પ્રમાણમાં થયેલાં છે, અને પર્યુષણાની આરાધના તથા ઉપજ પણ સારા પ્રમાણમાં થયેલી છે.

વેજલપુર (ભરૂચ)—અત્રેનો શ્રી સંઘ ચાતુર્માસ માટે વિનંતિ કરતાં **પ. પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીની આજ્ઞા પ્રાપ્ત કરીને ચાતુર્માસ નક્કી થયે** પૂજ્ય-મુનિ-શ્રીચંદનસાગરજી મ. આદિ ઠાણાં બે સુરત માલી ફળીઆમાં બીરાજમાન પ. પૂ. આચાર્ય ભગવન્તશ્રીનો તથા પૂજ્ય મુનિવરોનો તથા વાડીના ઉપાશ્રયે બીરાજમાન **પ. પૂ. પં. શ્રીચંદ્રસાગરજી ગણીવર તથા પ. પૂ. પં. શ્રીદેવેન્દ્રસાગરજી** ગણી તથા તત્ર સ્થિત પૂજ્ય મુનિવરોનો પુણ્ય આશીર્વાદ પામીને જેઠ સુદિ ૫ ના વિહાર કરતાં બન્ને ઉપાશ્રયથી મુનિવરો વળાવવા ગયા હતા. મુનિશ્રીએ હરિપરા પધારતાં ત્યાં વ્યાખ્યાન આપીને જેઠ વદિ ૨ ના અત્રે પધારતાં શ્રીસંઘે સામૈયું કર્યું હતું અત્ર વ્યાખ્યાનમાં **શ્રીયોગશાસ્ત્ર, અને શ્રીધન્યકુમાર ચરિત્ર વાંચવાનું** નક્કી થતાં યોગ્ય ઉછામણી બોલીને વાંચવાની શરૂઆત કરીને આજ દિન સુધી ચાલુ છે. અત્ર બાલકોના સામયિકો મહીનાના ૭૦૦) ઉપરાંત થયા હતા. **શ્રીઅક્ષયનિધિ તપનું** નક્કી થતાં ૪૬ ભાઇબ્હેનો જોડાયેલ છે, તેમાં હંમેશાં જુદી જુદી મોદક-ફળોના મોદક, વાસણ, સાકર, શ્રીફળ, રોકડ નાણાં વિગેરેની પ્રભાવનાઓ, અને પર્વ તિથિએ પ્રભાવનાઓ વ્યાખ્યાનમાં પણ થતી હતી.

પર્યુષણ-પર્વનો ઉજવણી ઘણી સુંદર થયેલી હતી. ચૌસઠ પહોરી પોષધોની સંખ્યા પણ ઠીક થઇ હતી, અને તપસ્યાઓ સમયાનુસાર ઠીક ઠીક થઇ હતી. જન્મ વાંચન માટે શહેરમાં મુનિ-શ્રીશિવવિજયજીને મોકલવામાં આવેલ હતા. પંચાંગ છપાવવાની વાત કાઢતાં દશ હજાર પંચાંગ છપાવવાનું શ્રીસંઘે નક્કી કર્યું, અને પચ્ચખાણાદિ કોઠા પણ ૧૦૦૦) છપાવવાનું પણ નક્કી થયેલ છે.

પહેલીજવાર અપૂર્વ નીકળેલ રથયાત્રાનો વરઘોડો—શહેર અને પરાંઓનો ભેગો રથયાત્રાના વરઘોડાનો પ્રબન્ધ આ પહેલીજવાર ગોઠવવામાં આવેલ હોવાથી શ્રીસંઘમાં આનંદની અનેરી રેખા છવાઈ હતી. વેજલપુરથી દોઢ વાગ્યાનો નીકળેલ વરઘોડો સવા પાંચ વાગ્યે મૂળ સ્થળ ઉપર આવ્યો હતો. અક્ષયનિધિનો મૂળ ઘટ **શ્રીકેશવલાલભાઇએ** ઉછામણી બોલી એક દિવસ પોતાને ત્યાં પરોણા તરીકે સ્થાપેલ હતો. બન્ને શ્રીસંઘોથી તેમનું ઘર વધુ પવિત્ર બન્યું હતું, શહેરમાં શ્રીસંઘ તરફથી અને અત્રે શ્રીચંદુલાલ કસ્તુરભાઇ તરફથી તે અવસરે સાકરના પાણી થયેલ પીવરાવવાની સગવડ કરી હતી.

ભેટ આપનારાઓની મુબારક-નામાવલી.

૩૦૦) પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજીના સદુપદેશથી પશ્ચિમ ખાનદેશ શીરપુર સંઘ તરફથી હ. શ્રેષ્ઠિ ખૂબચંદ હીરાચંદ, તથા શ્રેષ્ઠિ વેલચંદ લક્ષ્મીચંદે મોકલાવ્યા.

૨૫) પં. શ્રી કૈલાસસાગરજીના સદુપદેશથી ડભોઈ,-શ્રી વિજયદેવસુર સંઘ તરફથી આવ્યા.

૨૫) મુનિશ્રી બુદ્ધિસાગરજી આદિ ઠાણાના સદુપદેશથી શ્રીનવસારી—પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી તરફથી આવ્યા.

૨૫) મુનિ-શ્રીનિપુણવિજયજીના સદુપદેશથી હ. ચમનભાવાઈ શ્રી મરચંટ સોસાયટીના ઉપાશ્રય તરફથી મનીઓર્ડરથી આવ્યા.

૫૧) કચ્છ-વાગડમાં વિચરી રહેલા તપસ્વિની સાધ્વીશ્રી તિર્થશ્રીજી, તથા તેમના સુશિષ્યા સાધ્વીશ્રી રંજનશ્રીજી, આદિના સદુપદેશથી હ. ભુજનિવાસી શ્રેષ્ઠિ પોપટલાલ લક્ષ્મીચંદ તરફથી આવ્યા.

૫૧) સાધ્વી-શ્રીસુબોધશ્રીજીના સદુપદેશથી શ્રીઆકોલા-જૈન-શ્વે. શ્રાવિકા સંઘ તરફથી હ. ત્રીકમદાસ ગોરધનદાસે મનીઓર્ડરથી મોકલ્યા.

૨૫) સાધ્વી-શ્રીહેમયંતીશ્રીના સદુપદેશથી જલગાંવ જૈન સંઘ તરફથી હ. માણેકચંદ કંપનીએ ભર્યા.

રૂ. ૪૯૮)

નોંધ—પૂ. સાધુઓને અને પૂ. સાધ્વીઓને તથા પુસ્તકાલયાદિને આ માસિક ભેટ અપાય છે, તેથી સમિતિના આ ઉદાર કાર્યની કદર કરીને શ્રીશીરપુર (પશ્ચિમ-ખાનદેશ) ના સંઘ તરફથી ઉપર મુજબના કાર્ય નિમિત્તે રૂ. ૩૦૦) ત્રણસો ભેટ મળ્યા છે. તથા ગત અંકમાં અને ચાલુ અંકમાં આ માસિકને આર્થિક સહાય કરાવવામાં અને કરવામાં જેઓશ્રીએ ઉદ્યમ કર્યો છે તે સર્વેનો આ સમિતિ અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

સમિતિ તરફથી—લિ. તંત્રી.

卐

ગ્રાહકોને સૂચના—

પૂ. સાધુઓએ, અને પૂ. સાધ્વીઓએ ચાતુર્માસ પછી અંક મોકલવાનું ચોક્કસ સરનામું સમિતિના સરનામે જણાવી દેવું.

લિ. તન્ત્રી.

(ટાઇટલ-૨ જા પાનાનું ચાલુ)

પંચ પરમેષ્ઠિ-પદોથી વિભૂષિત થયા, વર્તમાનકાળમાં વિભૂષિત થાય છે, અને ભાવિકાળમાં વિભૂષિત થશે; તે સઘળાએ પુણ્યાત્માઓ આ **યન્ત્રાધિરાજ-શ્રીસિદ્ધચક્ર યંત્રની** આરાધના કરીનેજ પામવા લાયક પદને પામ્યા છે, પામે છે અને પામશે. આવી રીતે સકલ મંત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજ-શ્રીસિદ્ધચક્રની તીવ્રતમ જરૂરીઆત શાસને સ્વીકારી છે, અને શાસન રસિકો માટે તેનીજ આરાધના અવશ્યમેવ જરૂરની છે. આથીજ સર્વદા આ આરાધનાનું સર્વથા દિગ્દર્શન કરાવનાર **શ્રીસિદ્ધચક્ર-માસિકનો પંદર વર્ષનો પુનિત-કાર્યકાળ પરમાત્માના શાસનમાં સુવર્ણાક્ષરે અંકિત થયો છે.**

ગુણનિષ્પન્ન-નામ

સકલ સમીહિતપૂરક—સકલ-મન્ત્ર-તન્ત્રાધિરાજ—શ્રીસિદ્ધચક્રની આરાધના આરાધકો નિર્વિઘ્ને કરી શકે, તે તે આરાધકો આરાધનાને અંતરાય કરનારા અનેકાનેક વિઘ્નોનું અવલોકન કરી શકે, તે તે વિઘ્નોના વિષમ-વાતાવરણમાંથી નીકળવાના સહિસલામત-હિતકર, અને હિત-વર્ધક-માર્ગોને દેખી શકે, વિરોધકો વિરાધનામાંથી બચીને આરાધકો બની શકે, બનેલા આરાધકોની આરાધના વિજયવન્તી બની શકે, આરાધકોના વીર્યોલ્લાસ દિન પ્રતિદિન ટકી શકે, તથા વૃદ્ધિ પામી શકે; અને છેવટે સઘળાંએ આરાધકો આરાધ્યપદમાં પ્રવેશ કરીને સાધ્યપદને સિદ્ધ કરી શકે, અથવા તો આરાધ્ય પદમાં પ્રવેશ કરવાની યોગ્યતા પામી શકે, અગર તો આરાધ્ય-પદની સમીપમાં વધુ ને વધુ આવી શકે એ હેતુથી યથાર્થ ગુણનિષ્પન્ન શ્રીસિદ્ધચક્રના નામથી સુશોભિત થયેલું શ્રીસિદ્ધચક્ર માસિક શાસનમાં જન્મ પામ્યું છે, અને આશીર્વાદ પામી શકે એવી ભર યુવાવસ્થાની અભિમુખ થયેલું છે.

આંતરિક-અવાજ

આ સિદ્ધચક્ર માસિક, શાસન-માન્ય-સર્વાંગી-સાહિત્યની સુંદર રસવતીઓનું આસ્વાદન કરાવે છે. જે પોતાની પ્રતિષ્ઠાના પાયા મજબુત બનાવવાની મેલી મુરાદમાં મદોન્મત્ત બનેલા છે, તે મહામિથ્યાત્વીઓને, આગમાનુસારિ હિતશિક્ષા, સૂચનાઓ અને સલાહોને સાદર સમર્પણ કરીને સનમાર્ગે આવે એવી ભાવ દયાથી ભાવિત થયેલા ભવ્ય ભાવો જણાવીને શ્રીસિદ્ધચક્રનું યથાર્થ ગુણ નિષ્પન્નપણે આસ્વાદન કરાવીને શાસનમાં આ પુનિત શ્રીસિદ્ધચક્ર માસિક પ્રતિષ્ઠા પામ્યું છે, પામે છે; અને પામશે એ વાત શાસન રસિકોને હવે સમજાવવી પડે એમ નથી. કારણકે **આ શ્રી સિદ્ધચક્ર માસિકની પંદર પંદર વર્ષની કાર્યવાહિઓનું સુક્ષ્મ બુદ્ધિએ અવલોકન કરનારાઓએ અમારા ઉપર ઉરના અભિનંદન પત્રો પાઠવીને અમોને આભારી કર્યા છે.** આર્થિક-સ્થિતિના કટોકટી સમયે આ માસિક સદા જયવંતુ રહ્યું છે, અને રહે એવી ધારણાથી વાંચકોએ ભવ્ય ભેટોના ભેટણા સમર્પણ કરીને મદદગાર બન્યા છે. જેમણે આ **શ્રી સિદ્ધચક્ર માસિક** પરના આક્રમણના પ્રસંગે અમોને અમોઘ સલાહો, સૂચનાઓ; અને તન મન ધનાદિદ્વારા દરેક પ્રકારે અણમોલા આશ્વાસન આપીને અમોને ઉત્સાહિત કર્યા છે તે બધાનો **સમિતિ આભાર માનતી આવી છે, આભાર માને છે અને માનશે, એ સમિતિનો આંતરિક અવાજ છે.**

પીરસેલી રસવતીઓ—આ શ્રીસિદ્ધચક્ર-માસિકે પંદરમા વર્ષની પરિસમાપ્તિ દરમિયાન એક વર્ષમાં નીચેની શાસનમાન્ય-રસવતીઓ સુવિવેકિ-વાંચકો માટે પીરસેલી છે, જેનું આસ્વાદન લેનારાઓ પણ મુક્ત કંઠે - અદ્યાપિ-પર્યન્ત પ્રશંસા કરે છે. તેથી પુનઃ પુનઃ આસ્વાદનના અભિલાષિઓને વિગતવાર નોંધ નીચે મુજબની છે એમ જણાવાય છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૪)

(ટાઈટલ ૩ જા પાનાનું ચાલુ)

દેશનાકાર સમાધનકાર-ઉત્તરકાર-પૂ૦ આગમાવતાર આગમોદ્ધારકની દેશનાદિ—

—મુનિપદ દેશના—અંક-૧
—જ્ઞાનસાર ક્રિયા અષ્ટક ઉપર દેશના-૭ અંક-૨-૫-૮-૧૦-૧૧-૧૨
—ધર્મરત્ન પ્રકરણ-અંક-૪-૬-૯ ઉપર દેશના-૩
—દર્શનપદની દેશના-અંક-૭
—સ્થાનાંગ સૂત્ર સંબંધિના-પ્રશ્નોત્તરો-પ્ર. ૬૭
—સાગર સમાધાન-પ્ર ૧૪

પૂ પન્ન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજીના અમોઘ-આલેખનો.

નીચે મુજબ પંદરમા વર્ષના અગ્રલેખો નં.-૧૨

લોકોત્તર વિશુદ્ધ પ્રેમ: અંક-૧
ક્ષેત્ર સ્પર્શનાની જરૂર: અંક-૨
પારમાર્થિક-આરાધના: અંક-૩
મહોદય-માનવદશા: અંક-૪
આશીર્વાદ કે ધિક્કાર: અંક-૫
સુવિવેકશીલ-આત્માને: અંક-૬
આરાધ્યપદની પ્રાપ્તિ: અંક-૭
અકલ્યાણકારિ નિન્દા: અંક-૮
સર્વજ્ઞનો સદુપદેશ: અંક-૯
સબુઝ્ઝહ કિં ન બુઝ્ઝહ: અંક-૧૦
વાસ્તવિક વિજય પ્રાપ્તિ: અંક-૧૧
સારભૂત-રહસ્ય-સુધા: અંક-૧૨
—ભગવંતોનું રહસ્ય: અંક-૨ અંક-૩
—સુધાવર્ષા-નં. ૬૫૭ થી ૭૭૭ } અંક ૪ થી
સુધા બિન્દુઓનો સંચય } અંક ૧૨ સુધી
—શ્રીપંચાશકશાસ્ત્ર સારાંશ-અંક-૧-૨-૩-૪-૫-૬-૮
—શ્રીસૂત્રકૃતાંગ-સારાંશ અંક-૧૦-૧૧
—ગ્રન્થપ્રકાશ સમિતિની ભલામણોનું નિરસન
—સર્વસ્વ સમર્પણ અંગે ૧ થી ૩૬ અંક-૮-૯-૧૦

તંત્રી સ્થાનેથી—

૧—સૂર્યપુરમાં ભવ્ય રીતિએ ઉજવાયેલા દીક્ષા મહોત્સવ અંક-૫
૨—અનુમોદનીય—(નવાપુરા મહોત્સવ) પ્રસંગ.
૩—આગમોદ્ધારકના યશોગાન
૪—અનુમોદનીય પ્રસંગ ચાતુર્માસિક-સમાચાર
મુનિશ્રી જ્ઞાનસાગરજી—અવળી રીતને અનુસરનારા ઉત્સૂત્રપકો અંક-૧
—પૂર્વાપરની વિચારણા અંક ૬ ઠો
—પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરના સુવિનેય-મુનિશ્રી ચન્દ્રપ્રભસાગર તરફના લેખો

સમ્યક્ત્વ સંબંધિ સંવાદ અંક-૧-૨
બુદ્ધિહીન નાયક અંક-૪
માનવતામાં શાશ્વતા અંક-૫
શિક્ષકને શિક્ષા અંક-૩
જૈન-સંસ્કૃતિનું રક્ષણ અંક-૫

પં. દેવેન્દ્રસાગરજી—પ્રશ્નોત્તર પિયૂષાબ્ધિ:
પ્રોફેસર વેલણકર—શ્રીસિદ્ધહેમચંદ્ર શબ્દાનુસાસન માટે અભિપ્રાય અંક--

આ રીતિએ શ્રી સિદ્ધચક્ર માસિક પંદરમા વર્ષમાં પુનિત કાર્યવાહિઓ કરીને, વાંચકોને સમ્યક્ત્વમાં વધુ ને વધુ સ્થિર બનાવીને; અને શાસનની સંરક્ષણ સેવાઓ બજાવીને સોળમાં વર્ષમાં પ્રવેશે છે. પ્રવેશ કરવાના અવસરે પૂર્વની જેમ નહિં પણ પૂર્વ જે જે સામગ્રીઓ દ્વારા એ વાંચકોને સંતોષ પમાડયો છે, તેથી પણ વધુ ને વધુ સંતોષ પમાડવાના વિશાળ આશય પૂર્વક સોળમાં વર્ષમાં પ્રવેશે છે. દેશનાકાર-પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમાવતાર આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજીનો અને અન્ય સહાયકો, વાંચકો, વિચારકો, અભ્યાસકો અને તન-મન ધનાદિથી મદદ કરનારાઓનો સમિતિ સાદર બહુમાનપૂર્વક નોંધ લેઈને કૃતાર્થ થાય છે

મુદ્રક:-મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ, ગોપીપુરા, ભૂલેશ્વર, મુંબઈ.

Sagar Jain Vidyalaya
Agar

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૨ જો. કારતક-માસ.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષી.**

શ્રમણ—સંગનો વિરહ.

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.

શાસનોપકારિ-અંતિમ શાસનાધિપતિ—શ્રીમહાવીર મહારાજાના શાસનની પ્રભાવના કરનાર પંચમ ગણધર ભગવંત શ્રીસુધર્મસ્વામિજી પોતાના શિષ્ય-અંતિમ કેવલિ શ્રીજંબૂસ્વામિજીને ઉદ્દેશીને જ્ઞાતા—સૂત્રના તેરમા દંડુર નામના અધ્યયનમાં જે વાત જણાવી ગયા, તેજ વાતને શ્રીનવાંગીવૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી તે અધ્યયનની વૃત્તિના ઉપોદ્ઘાતમાં જણાવે છે કે—

શાસન-માન્ય-સમ્યક્ત્વ-વ્રતાદિ ગુણગણને પ્રાપ્ત થયો, છતાં શાસન-માન્ય-શ્રમણ-ભગવંતોના સંસર્ગથી વર્જિત થયેલો નંદન મણિયાર માનવજીવનને નિષ્ફળ બનાવીને તિર્યંચપણામાં દેડકાપણાની પ્રાપ્તિથી જેમ ગુણગણની સંપદાથી હાનિને પ્રાપ્ત થયો. ઉપર જણાવેલા પરમાર્થને વૃત્તિકાર આ પદ્યદ્વારા પ્રતિપાદન કરે છે—

संजत्तगुणोवि जओ सुसाहुसंसग्गिविज्जिओ पायं ।
पावइ गुणपरिहाणिं दद्दुरजीवेव्व मणियारो ॥ १ ॥

આ પ્રસંગથી એ નિશ્ચિત થાય છે કે **શ્રમણ ભગવંતોના સંસર્ગથી વર્જિત=** શ્રમણ ભગવંતના સંગનો વિરહ એટલે શું ?, શ્રમણ ભગવંતોના દર્શનથી, તેઓશ્રીની સેવનાથી, તેઓશ્રી પાસેથી પ્રાપ્ત થતી શિક્ષામણના અભાવથી, અને તેઓશ્રી પાસથી સર્વજ્ઞ-કથિત ઉપદેશામૃત-પ્રાપ્તિના અભાવથી ગુણગણને પ્રાપ્ત થયેલા ભવ્યાત્માઓ પણ ગુણગણની સંપદા રહિત થાય છે એ આ કથનનો પરમાર્થ છે.

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૪૯.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ
રૂ. ૩-૦-૦.
છુટક નકલ-એકના-
રૂ. ૦—૪—૬

[illegible] સ્થાનેથી—

અનુમોદનીય-પ્રસંગ.

વી. સં. ૨૪૭૫-વિ. સં. ૨૦૦૫ માં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-શાસન-પ્રભાવક-આગમાવતાર-**આગમોદ્ધારક પૂ. શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી**ની આજ્ઞાથી તેઓશ્રીના વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યોએ ક્રમાનુક્રમે હરિપુરાના ઉપાશ્રયે પૂ. **શ્રીમાણિક્યસાગરસૂરિજી** આદિ ઠાણા, ગોપીપુરા નેમુભાઈની વાડીએ પૂ. **પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર** આદિ ઠાણા, અને નવાપુરા મુકામે પૂ. **શ્રીદેવેન્દ્રસાગરજી** આદિ ઠાણાનું ચાતુર્માસ થયાં. તેઓએ તે સ્થળે અનુક્રમે યોગશાસ્ત્ર અને શ્રીવાસુપૂજ્ય-ચરિત્ર; શ્રીજ્ઞાતાસૂત્ર અને શ્રીવાસુપૂજ્યચરિત્ર; અને શ્રીપંચાશકશાસ્ત્ર અને શ્રીપાર્શ્વનાથ-ચારિત્રના વ્યાખ્યાનો ચાલુ હતાં. સર્વ સ્થળે ચતુર્વિધ સંઘે દેશનાનો સુંદર લાભ લેઈને કૃતાર્થ થયાં, અને શાસન પ્રભાવનાના અનેક વિધ કાર્યો થયાં કે જે અનુમોદનીય છે. ચાતુર્માસની પરિસમાપ્તિમાં **હરિપુરાના ઉપાશ્રયેથી પૂ. શ્રી માણિક્યસાગરસૂરિજી** આદિ ઠાણાને **શ્રેષ્ઠિ ઠાકોરભાઇ નગીનદાસ જરીવાળાને ત્યાં, ગોપીપુરા નેમુભાઇની વાડીના ઉપાશ્રયેથી પૂ.પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી** આદિ ઠાણાને **શ્રેષ્ઠિ માણેકચંદ ઝવેરચંદ હ. શ્રાદ્ધગુણ સંપન્ન હીરાભાઇ નગીનદાસ જરીવાળાને ત્યાં, અને નવાપુરાના ઉપાશ્રયેથી પં. દેવેન્દ્રસાગરજી** આદિ ઠાણાને **ચોકશી છગનલાલ ચુનીલાલ ઝાંપાબજાર** મુકામે ચાતુર્માસ બદલાવીને ત્રણે સ્થળના ભાઇઓએ યથાશક્તિ લાભ લેઇને શાસનની પ્રભાવના કરી હતી.

વિશેષમાં શ્રાદ્ધગુણ સંપન્ન-બાર વ્રતધારિ-ગુણાનુરાગિ-**શ્રેષ્ઠિ હીરાભાઇ નગીનભાઇએ પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી મહારાજજીનું** ચાતુર્માસ બદલાવીને ચપળ લક્ષ્મીનો સદ્વ્યય કરીને માનવ જીવનને કૃતાર્થ કર્યું, અને ખૂબ ખૂબ શાસન પ્રભાવના કરી. પોતાના આંગણે મશરૂ કિનખાબ અને રંગબેરંગી જરીયાન સાડીઓથી શણગારેલા મંડપમાં પૂ. **પંન્યાસ-પ્રવરશ્રી**ની કા. વદી એકમના દિવસે વ્યાખ્યાન વાણીનો લોકોએ અગીઆરસો ઉપરાંતની સંખ્યાએ લાભ લીધો, શ્રીફળની પ્રભાવના કરી. કા. સુદ પૂર્ણિમાએ વાજતે ગાજતે આંગણે પધરાવીને મંગળાચરણ કરાવ્યું, તે અવસરે શ્રવણ કરનાર ચતુર્વિધ સંઘની સંખ્યા લગભગ આઠસો ઉપરાંતની હતી. ઝવેરાતની આંગી સહિત પૂજા ભણાવી તે અવસરે સારી સંખ્યામાં

[વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જો.]

પૂ-શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાના દિવ્ય અવતરણો.

૧. "આદરવા લાયક છે, અને છાંડવા લાયક છે" એ જાણવું તે જ્ઞાનનું ફળ છે, પણ વાસ્તવિક ફળના પ્રાપ્તિ તો આદરવાની ક્રિયા કરે અને છાંડવાની ક્રિયા કરે ત્યારેજ થાય છે.

૨. કાંટો કાઢવા લાયક છે, અને કોહનુર ગ્રહણ કરવા લાયક છે; એ જાણ્યા છતાં કાંટો કઢાવવાની ક્રિયા કર્યા વગર અને કોહનુર ગ્રહણ કરવાની ક્રિયા કર્યા વગર ઈષ્ટ ફળની પ્રાપ્તિ નથી.

૩. છાંડવા લાયક અને લેવા લાયક બુદ્ધિ દરેકોને થાય, છતાં પણ તેનો અમલ કરવાવાળો એકાદ જીવ થાય તો જ્ઞાન સફળ છે.

૪. ભવાન્તરમાં ભોગવેલાં દુઃખો યાદ આવતાં નથી એજ કર્મનસાબી છે.

૫. પૂર્વ કાળનો અનુભવ નથી, છતાં જાણપણું નથી તો ચોથું ગુણ ઠાણું નથી.

૬. આઠમું ગુણઠાણું, નવમું ગુણઠાણું અને દશમું ગુણઠાણું એ કર્મનાશની સંગ્રામભૂમિ છે.

૭. બારમા ગુણઠાણે સન્માનભૂમિ છે.

૮. આઠમા-નવમા અને દશમા એ ત્રણ ગુણઠાણે કર્મનો ઘાટ ઘડી નંખાય છે.

૯. પાંચમું, છઠું, સાતમું, આઠમું, નવમું; અને દશમું એ છ ગુણઠાણા મોહનીય કર્મના ચૂરા કરવા માટે સર્જાયેલ છે.

૧૦. ચોથા ગુણઠાણા વચ્ચે અને ચૌદમા ગુણઠાણા વચ્ચે સમજનો ફરક નથી, પણ ક્રિયાનો ફરક છે.

૧૧. ચોથે ગુણઠાણે મોક્ષ થતું હોય તો બીજા ગુણઠાણાની જરૂર નથી.

૧૨. જ્ઞાન એ ક્રિયાના માર્ગે ચઢાવનાર થાય ત્યારેજ જ્ઞાનની સફલતા છે.

૧૩. ક્ષાયોપશમિક તો ચાલ્યું જાય છે, માટે ક્ષાયક-પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો એ કહેનારાઓને સાચી સલાહ.

૧૪. ક્ષાયોપશમિક-ભાવના સંસ્કારો ક્ષાયકભાવની પ્રાપ્તિ કરાવે છે.

૧૫. ક્ષાયોપશમિક ભાવના પતન પછી આવનારાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ એ બધાં સાદિ-સાંતપણે હોય છે.

૧૬. ક્ષાયોપશમિક ભાવે મળેલાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ચાલ્યાં જાય તોપણ ફરી મળવાનો કોન્ટ્રાકટ છે તે ધ્યાનમાં રાખો.

૧૭. ક્ષાયોપશમિક-ભાવના સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ મોક્ષમાર્ગ છે.

૧૮. તત્ત્વાર્થકારે- "ક્ષાયિક-દર્શન જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" એમ કહ્યું નથી, માટે સૂત્રનો પરમાર્થ સમજો.

જ્ઞાનનું સાધારણ ફળ હેય-ઉપાદેયની બુદ્ધિ.

દીવો કર્યો તો અજવાળું થયું તે ફળ ખરૂં કે નહિં. ફળ દેનારૂં નથી તે કેમ કહો છો?, કહો કે જ્ઞાન હંમેશાં સફળ છે. પદાર્થનું જાણવું તે જ્ઞાન છે. તે જાણવું થયું તે ફળ ખરૂં કે નહિં? તેમાં વચમાં ક્રિયાને અવકાશ નથી. કાંટો અગર કોહીનુર એ એને આપણે જોયા, અને જાણ્યા તે ફળ થયું કે નહિં? જાણવાની વચમાં કોઇ ક્રિયાને સંબંધ નથી જ્ઞાન સ્વતંત્ર પોતાનું ફળ દેજ છે, ક્રિયાની કંઇપણ જરૂર નથી. જાણવું તે ક્રિયા ખરી કે નહિં? સામાન્ય શાસ્ત્રથી ज्ञप्तिः–ज्ञानं। જાણવું તે જ્ઞાન. જે વડે જણાય તેનું નામ જ્ઞાન જાણવું તેજ ક્રિયા છે. તો 'ज्ञानक्रियाभ्यां मोक्षः।' કહી ક્રિયા શબ્દ કેમ જુદો ગોઠવ્યો? જાણવું ક્રિયા રૂપ હતું તો ક્રિયા શબ્દ જુદો કેમ ગોઠવ્યો? આમાં ઉંડા ઉતરવાની જરૂર છે. જ્ઞાનથી જાણ્યું તે ફળ થઈ ગયું છે. જ્ઞાનથી જણાયું તે ફળ આત્માના વ્યવહારનું, પ્રયત્નનું, અને આત્મના ઉપયોગનું પણ જ્ઞેયને અંગે જે ફળ મેળવવું છે તે હજુ થયું નથી. તે લેવા લાયક છે, એજ જ્ઞાનનું ફળ છે, અને જ્ઞાનનું ફળ તે પણ એ છે કે–કાંટો કાઢવા લાયક છે, કોહિનુર લેવા લાયક છે એ જ્ઞાનનું ફળ એ છે કે ઉપાદેયને લેવાની; અને હેય ને છાંડવા લાયકની બુદ્ધિ થવી તેજ જ્ઞાનનું ફળ છે. જ્યારે ઉપાદેય–હેય તરીકે ફળ લઇએ તો જ્યાં સુધી લેવા લાયક લઇએ નહિ, અને છાંડવા લાયકને છાંડીયે નહિ ત્યાં સુધી ફળ પ્રાપ્તિ નહિ. માત્ર સમજણ થઇ, પણ છોડવાની અને લેવાની ઇષ્ટ સિદ્ધિ બની શકે નહિં, માટે જાણવા રૂપ ફળની વિવક્ષા ન કરતાં અહીં કયા ફળની કિંમત ગણી? જાણેલા પદાર્થથી થવાવાળું ફળ એટલે છાંડવાથી થતું ફળ અને આદરવાથી થતું ફળ. આદરવા લાયકને અંગે આદરવાની બુદ્ધિ એ રૂપી જ્ઞાનનું ફળ થઈ જાય પણ આદરવા લાયકને આદરવાથી થતું ફળ તે ફળ જ્ઞાન કરી શકતું નથી. કાંટો કાઢવા લાયક છે. તે જ્ઞાનથી ફળ થયું પણ કાંટાનું નિકળવું તે ક્રિયાથી થવાનું છે. કોહીનુર દેખીતો છે, અને કિંમતી છે, તથા લેવા લાયક છે તે જ્ઞાનનું ફળ થયું, પણ કોહિનુર લઇ માતબર બનવું તે જ્ઞાન માત્રનું ફળ નથી. કાંટો વાગ્યો છે તે બધા જાણે છે અને તે જ્ઞાન બધાને થયું છે, છતાં કાઢવા લાયક છે તે બધાને જ્ઞાન થયુ પણ કાંટો વાગ્યો છે તેને કાંટાની વેદના મટવાની કયારે?, કાંટો કઢાવશે ત્યારેજ કોહીનુરમાં કરોડોની દૃષ્ટિ પડી છે, લેવા લાયક છે, તેમ કરોડોની કિંમતવાળો છે, એમ જાણ્યું છે; છતાં આ જ્ઞાનનું ફળ આખા જગતને હોય તો પણ કોહિનુરની પ્રાપ્તિ એકનેજ થાય છે. જ્ઞાન અને જ્ઞાનનું ફળ હેય–બુદ્ધિ થવી, અને ઉપાદેય બુદ્ધિ થવી તે સર્વ સાધારણ છે.

પ્રવૃત્તિ–નિવૃત્તિ રૂપ ક્રિયાની જરૂર.

છાંડવાથી થતું ફળ અને આદરવાથી થતું ફળ એતો છાંડવાની તથા આદરવાની ક્રિયા ઉપર છે. કાંટો કાઢવા લાયક જાણ્યો, છતાં પણ કાંટો કાઢી અરામ મેળવવાનું ફળ કાંટો કઢાવે તે એકનેજ. કોહીનુર ઉપાદેય છે એમ માને છે છતાં પણ તેને અંગે જ સાહેબી છે તે તો કોહીનુર મળે તેને અંગે છે. આદરવા લાયકને આદરવાથી થતું ફળ, અને છાંડવા લાયકને છાંડવાથી થતું ફળ તે જ્ઞાનથી થઈ શકતું જ નથી. હેય અને ઉપાદેય એ બે ચીજ જુદી છે. એટલે હાન અને ઉપાદાન એ ચીજ જુદી છે છાંડવા લાયક અને લેવા લાયક એવી બુદ્ધિ કરોડોને થાય પણ છાંડવાવાળો એક આથી પણ જ્ઞાન સફળ છે. પૂર્વે જણાવેલ તે અપેક્ષાએ સફળ છે, પણ જ્ઞેય પદાર્થની અપેક્ષાએ જ્ઞાન સફળ થઈ શકતું જ નથી. જ્ઞાનના વિષયભૂત પદાર્થ-જ્ઞેય-હેય, અને ઉપાદેય હોય, પણ તેને પદાર્થોથી મેળવવું જોઇતું ફળ જ્ઞાન માત્રથી મળી શકેજ નહિ. જાણ્યું ન હતે તો હેય ને છાંડત કયાંથી?, અને ઉપાદેયને આદરત કયાંથી?; માટે આ કારણથી જ્ઞાન સફળ પણ માન્યું છે, અને જ્ઞાનથી મુખ્ય ફળ બની શકે નહિ તે પણ જણાવ્યું છે. બીજો પક્ષ એ હતો કે જાણવું તે પણ ક્રિયા છે. ક્રિયા હોવાથી जानाति જાણે છે. જાણવું તે ક્રિયા ન હત તો જાણ્યું અને જાણીશ તે બોલી

શકાય નહિ. જો જ્ઞાન ક્રિયા છે, તેમાં ક્રિયા આવી જાય છે; તો પછી "**ज्ञान क्रियाभ्यां**" એ સૂત્રથી ક્રિયા જુદી કહેવાની જરૂર નથી. ખરી વાત તો શાસ્ત્રોમાં સામાન્ય નિયમ છે કે એકજ વસ્તુ વિશેષ કહેવામાં આવી હોય તો સામાન્ય અને વિશેષમાં જુદો નિયમ પ્રવર્તે છે. બ્રાહ્મણો આવ્યા છે, અને તે વશિષ્ટ પણ આવ્યો છે. બ્રાહ્મણ શબ્દથી સામાન્યમાં બધા બ્રાહ્મણો વશિષ્ટ સિવાયના લેવા. **गो** શબ્દથી ગાયને બળદ બન્ને આવી જાય છે; છતાં **गोबलिवर्द** અહીં બલિવર્દ સાથેના ગો શબ્દથી એકલી ગાય લેવી પડે **बलीवर्द** શબ્દ જોડે હોવાથી જોડે અહિં ગોમાં ગાય અર્થ કરવો પડયો છે, માટેજ જ્ઞાન વ્યતિરિકત ક્રિયા લેવી. જાણવાની ક્રિયાનો ત્યાં સંબંધ નથી, કારણ કે જાણવાની ક્રિયા છતાં બીજી ક્રિયા લીધી છે; તેથી જ્ઞાન સિવાયની ક્રિયા લેવી. જાણપણાની ક્રિયા હોવા છતાં તે રથળે જાણપણા સિવાયની ક્રિયા લેવી. આથી **ज्ञान क्रियाभ्यां मोक्षः** । કહેવામાં અડચણ નથી. જ્ઞાન ફળવાળું છતાં પદાર્થને અંગે થતું ફળ તે ફળ કરવામાં જ્ઞાન સિવાય બીજી ક્રિયાની દરકાર રાખે છે. ફળ કયારે થાય ? જ્યારે પ્રવૃત્તિ નિવૃત્તિ રૂપ ક્રિયા થાય ત્યારેજ ફળ થાય છે.

છેલ્લા સમયમાં ત્રણની જીત.

હવે તે વાત ગુણઠાણાની લાયનથી સમજો ચોથે ગુણઠાણે રહેલો આશ્રવ અને પાપ બંધના હેયના જ્ઞાનવાળો હોય કે નહિં ?, નહિંતર સમ્યકત્વ માનવામાં નહિં આવે, માટે સમ્યક્ જ્ઞાન ચોથે ગુણઠાણે છે. ચોથે ગુણઠાણે જ્ઞાન થઇ જાય છે, જ્ઞાન માત્રથી ફળ થઈ જતું હોય તો ચોથે ગુણઠાણે મોક્ષ માની લેવો પડત. ચોથે ગુણઠાણે અને ચૌદમે ગુણઠાણે શ્રદ્ધામાં એક સરખુ છે. ચોથા ગુણઠાણાવાળો આશ્રવ બંધને છાંડવા લાયક ગણે છે, અને સંવર નિર્જરા મોક્ષને આદરવા લાયક ગણે છે, તેમ ચૌદમા ગુણઠાણાવાળો પણ તે પ્રમાણે હેય ઉપાદેય સમજે છે. ચોથે ગુણઠાણે અને ચૌદમે ગુણઠાણે જ્ઞાનની સમજ સંબંધિ, ફળ સરખું છે. ચોથે ગુણઠાણે રહેલો આશ્રવ બંધ હેય ગણે છે, અને સંવર-નિર્જરા-મોક્ષને આદરવા લાયક ગણે છે તેમાં ચોથે ગુણઠાણે અને ચૌદમે બન્ને સરખું છે. દેવતાને દેવતા જાણ્યા પછી કાંઇ અડકતું નથી. તેમ જ્ઞાન ચોથા ગુણઠાણાવાળા પાપને પાપ અને આશ્રવ બંધને આશ્રવ બંધ માને છે, પણ આશ્રવમાં ખાસડા ખાધા હતા તે ભૂલી જવાય છે. જાતિસ્મરણ પામ્યા કે અમૂક તિકડમા તેનું કારણ એજ છે કે તેઓ અત્યારે એ ભોગવેલાં દુઃખો સ્મરણમાં લાવી શકયા છે. તેવા પ્રકારનો અનુભવ નથી, છતાં પણ જાણતો નથી તો ચોથું ગુણઠાણું નહિંજ રહે. અહીં મોહનો ઉદય આત્માને જાણ્યા છતાં ભૂલાવામાં નાખે છે. જ્ઞાન માત્રથી પ્રવૃત્તિ વગર ફળ થઈ જતું હોય તો ચોથા ગુણઠાણાથી આગળના ગુણઠાણા માનવાની જરૂર નથી. ચોથે ગુણઠાણે ક્ષાયિક સમકિત માનીએ છીએ, અને ચૌદમે ગુણઠાણે પણ ક્ષાયિક સમકિત માનીએ છીએ. જે ચોથે ગુણઠાણે સમકિત છે, અને ચૌદમે ગુણઠાણે સમકિત છે; તો પછી ફરક કેમ ?, કહેવું પડશે કે આદરવા લાયકને આદરવો માંડે, અને છાંડવા લાયકને છાંડવા માંડે; તેથીજ ગુણઠાણાનો ફરક છે. આદરવામાં અને છાંડવામાં જાણવા સંબંધિનું જ્ઞાન ચોથામાં કે ચૌદમામાં ફરક નથી, પણ ફરક તો પ્રવત્તિમાં છે. પાંચમા ગુણઠાણાવાળાએ કાંઇક આદર્યું છે, અને કાંઇક છાંડયું છે. છઠ્ઠા ગુણઠાણાવાળાએ ઘણુંજ આદર્યું છે, અને ઘણુંજ છાંડયું છે. સાતમા ગુણઠાણાવાળાએ પ્રમાદ છોડયો છે, અને આઠમા વાળાએ કર્મ છુટા કરવા મંડિયા છે. નવમે-દશમે પણ કર્મ છુટા કરવાનો તેવોજ ધંધો કર્યો, અને બારમે વિસામો લઇ જ્ઞાનાવરણીય-કર્મ અને અંતરાય-કર્મ એ ત્રણને છુટા કર્યા. આઠમા નવમાં ને દશમા ગુણઠાણામાં મોહનીય કર્મને છુટું કર્યું છે. એક મોહનીય છોડવા માટે તોડવા માટે ત્રણ ગુણઠાણા જોઇએ, જ્યારે ત્રણ કર્મ તોડવા માટે એક ગુણઠાણું જોઈએ છે; એટલે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મ એક ગુણઠાણે ચૂરે છે. ગુણઠાણામાં શરૂથી સમાપ્તિ સુધી, અને ત્રણ ગુણઠાણામાં લાયન-

ઘાગટ બધી પ્રવૃત્તિ ચાલુ છે. આઠમા–નવમા અને દશમા ગુણઠાણામાં મોહનીયના નાશ માટે બધું કામ કરવું પડે છે, વિસામો નહિં. ક્ષીણ-મોહ એટલે મોહ ક્ષય કરી દીધો તેને ગુણઠાણું કેમ કહો છો ?, મોહ ક્ષય કર્યો તેથી. આઠમે નવમે દશમે–મોહનીય–કર્મનો ક્ષય થયો છે. હવે ત્યાં બારમે આવ્યા ત્યાં મોહ નાશનું કામ કરવાનું કહ્યું નથી. ક્ષીણ મોહ તો પહેલેથી મોહનો ક્ષય કર્યો છે, તેને અહીં શું લાગે વળગે ?, અહીં વિસામો જે બે ઘડીનો કહેવાય છે, ત્યાં જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય કર્મ તોડતો નથી, પણ ચૂપચાપ બેસી રહે છે. છેલ્લા સમયના પૂર્વ એકે કર્મ કે એક કર્મનો કણીયો પણ ન તોડયો, પણ બારમાનાં છેલ્લા સમયે તે ત્રણેને તોડયા.

સંગ્રામભૂમિને યોગ્ય ગુણસ્થાનકો.

બારમાના છેલ્લા સમયમાં લડાઇના મેદાનમાં જીત મેળવે તે વિજયશાળી ગણાય, અને પછી સભા વચ્ચે સન્માન કરાય; તેમ બારમું ગુણઠાણું એ સન્માનની સભા છે. કર્મની ખરી સંગ્રામભૂમિ તો આઠમું–નવમું–અને દશમું ગુણઠાણું છે. "આ શૂરા સરદારને હવે ઇનામ આપું છું, તેમ આ બારમું ગુણઠાણું તો શૂરા સરદારની સન્માનની સભા છે. એક સમયમાં ત્રણ ફેંકી દે, એટલે જ્ઞાનાવરણીય કર્મને, દર્શનાવરણીય કર્મને, અને અંતરાય કર્મને એક સમયમાં તોડીને ફેંકી દે છે. આથી કર્મની પ્રવૃત્તિને રોકનાર માટે મોહનીય કર્મને તે તોડવા માટે ત્રણ ગુણઠાણાની જરૂર છે. આઠમું ગુણઠાણું, નવમું ગુણઠાણું અને દશમું ગુણઠાણું એ કર્મના ઘાટ ઘડી નાખે છે. પાંચમું-છઠું-સાતમું-આઠમું ને દશમું એ છ ગુણઠાણા કેવળ આત્મ-હિતકર ક્રિયા રોકનાર અને બગાડનાર મોહનીયના ચૂરા કરવા માટે સરજાએલા છે. આથી ચોથા ગુણ-ઠાણાને ચૌદમા ગુણઠાણા વચ્ચે ફરક ક્રિયાનો છે, પણ માન્યતા કે જ્ઞાનનો ફરક નથી. આથી "જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષ" કહ્યું છે. તે સમજશે.

ક્ષાયોપશમિક-ભાવોનું પરિણામ.

ક્ષાયોપશમિક, ઔપશમિક; અને ક્ષાયિક એ ત્રણેમાં ફરક ફળમાં છે, પણ શ્રદ્ધા કે રૂચિનો ફરક નથી. ક્ષાયિક શ્રદ્ધાવાળાને ભવિષ્યમાં મિથ્યાત્વનો ઉદય નથી ઉપશમવાળાને, અને ક્ષાયોપશમિકવાળાને ભવિ-ષ્યમાં આગળ પાછળની સ્થાતિમાં ફરક રહે છે. ચોથા ગુણઠાણાવાળાને ક્ષાયિકની માન્યતામાં, અને ચૌદમા ગુણઠાણાવાળાને ક્ષાયિકની માન્યતામાં ફરક નથી. માન્યતામાં અને તત્ત્વના સ્વરૂપને જાણવામાં ફરક નથી, જ્ઞાન માત્રથી ફળ થતું હોય તો ચોથે ગુણઠાણે ફળ થઈ જાત, અને બાકીના ગુણઠાણાની જરૂર ન રહેત. કાંટો કે કોહીનૂર જાણવા માત્રથી વેદના વગરના થવાતું નથી, કે માલદારપણું પ્રાપ્ત થતું નથી. ચોથે ગુણઠાણે નથી મળતું મોક્ષ; અને નથી મળતું કેવળજ્ઞાન, કે નથી મળતી શ્રેણિ; કારણકે ફલદાયક–ક્રિયાની સ્થાતિ ત્યાં નથી. આદરવા લાયકને આદરવાની, અને હેયને છાંડવાની ક્રિયા ન બની. ત્યાં સુધી ચોથેજ ગુણઠાણે પડીજ રહેવાનું છે. જ્ઞાન એ ક્રિયાના રસ્તે ચઢાવનાર થાય ત્યારે સફળ છે. હવે ક્રિયાની જે જરૂર છે, તે ફળ પ્રાપ્તિ માટે છે. જ્ઞાન ક્ષાયોપશમિક, અને ક્ષાયિક છે, દર્શન ત્રણ અને ક્રિયા ત્રણ છે, આમ દરેકમાં જુદા જુદા ભેદ છે. જ્ઞાન ક્ષાયોપશમિકનું, દર્શન ક્ષાયોપશમિકનું, અને ચારિત્ર ક્ષાયોપશમિક–ભાવનાનું આવ્યું હોય તો ચાલ્યું જાય છે, ક્ષાયિક ભાવનું જ્ઞાન દર્શન ચારિત્ર આવ્યું હોય તો જરૂર મોક્ષ થાય. ક્ષાયોપશમિકમાં જે ઉદ્યમ કરીએ તે તો દળી દળી ઢાંકણીમાં વાળવાનું છે. ક્ષાયોપશમિક—જ્ઞાન ભવના છેડે તો ઘણે ભાગે નાશ પામે છે તેમ તેવું દર્શન નાશ પામે છે; અને તેવું ચારિત્ર પણ ભવના છેડે જરૂર નાશ પામે છે. ઔપશમિક તો બેઘડીમાં નાશ પામે છે, માટે ઉદ્યમ કરવો તો ક્ષાયિક મળે તો ઉદ્યમ કરવો. આખી જીંદગી ક્ષાયોપશમિક–ભાવનાનું સમ્યકત્વ–જ્ઞાન–ચારિત્ર ટકાવ્યું પણ આંખ મીંચાઈ એટલે મીંડું. ભવાન્તરે જતાં સમ્યકત્વ જ્ઞાન ચારિત્ર ઉડી જાય છે.

જે વસ્તુ નાશ પામવાની છે, તેને અંગે આ કકળાટ શું કરવા કરવી જોઈએ ?, સરવાળે શૂન્ય ન આવે તો ઉદ્યમ કરવા તૈયાર છીએ.

આ જીંદગીમાં સમ્યકત્વ-જ્ઞાન-ચારિત્રને અંગે જે ઉદ્યમ કરીએ, તે ક્ષાયોપશમિક હોવાથી જીંદગીને છેડે નાશ પામવાના છે તો ઉદ્યમ કરીને શું કરવું ?, ઘડો બનાવતી વખતે કોઈ કુંભાર દંડ રાખતો નથી, પણ દંડથી કરેલું ભ્રમણ તે રૂપ વેગ આગળ કામ કરે છે, તેમ ક્ષાયોપશમિક જ્ઞાન-સમ્યકત્વ; અને ચારિત્ર આવ્યું તે ચાલ્યું જાય છે, પણ ફેરવેલા દંડથી થએલો વેગ આગળ ઘડો કરે છે, તેમ ક્ષાયોપશમને લીધે થએલો સંસ્કાર આવતા ભવે જરૂર પ્રાપ્તિ કરાવે છે. ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન-ચારિત્ર પામીને મુકવા પડે છે, અને અજ્ઞાન મિથ્યાત્વ અવિરતિમાં જાય તો તે સાદિ સાંતઃ અજ્ઞાનાદિ કહેવાય છે. એક વખત ક્ષાયોપશમિક જ્ઞાન દર્શન ચારિત્ર મલ્યું, અને જાય તો બીજી વખત મળવાનું જ છે તેનો કંટ્રાકટ છે. એક વખત મોતી વિંધાઈ ગયું છે, તેમાં કચરો ભરાઈ જાય તો પડેલો વેધ તે વેધજ છે. ક્ષાયોપશમિક સમ્યકત્વ ગએલા ન આવે એવું બનેજ નહિ. ક્ષાયોપશમિક-ઔપશમિક-દર્શન જ્ઞાન-ચારિત્ર ભવિષ્યમાં ક્ષાયિક મેળવનાર હોવાથી આરાધવા લાયક છે. આથી તત્ત્વાર્થકારે-" ક્ષાયિક-દર્શન—જ્ઞાન—ચારિત્રણિ મોક્ષમાર્ગઃ" ન કહ્યું કારણકે ક્ષાયોપશમિક-ભાવે થનારા દર્શન જ્ઞાન ચારિત્ર ઉપદ્રવ આવે તો રોકાઈ જાય પણ મોક્ષમાર્ગ પહોંચાડનાર તે પણ છે. સમ્યક-જ્ઞાન-દર્શન ચારિત્ર માત્ર મોક્ષનો રસ્તો છે. એ ત્રણેમાંથી કોઇપણ પ્રકારના દર્શન-જ્ઞાન-ચારિત્ર બધા મોક્ષનો માર્ગ છે.

ક્ષાયોપશમિક-ભાવની એકડી ક્રિયા આગળ કેમ કરી ?, ત્રણેમાં ક્ષાયોપશમિક-ભાવે સરખી પ્રાપ્તિ છે, તો પછી ક્રિયામાં કેમ ઉતર્યા ?, હવે તે ક્રિયાની મુખ્યતા કેમ લીધી ?; તે અધિકાર અગ્રે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૬.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. "જ્ઞાન નિષ્ફળ છે" એવું બોલી શકાયજ નહિ.

૨. "જીવ નથી" એવું નાસ્તિક બોલે છે, પણ તેને પુછજો કે—"જીવ બોલે છે કે અજીવ બોલે છે."

૩. 'एगं जाणइ सव्वं जाणइ,' એ સૂત્રના પરમાર્થને સમજો.

૪. ક્રિયામાં વધ્યા વગર જ્ઞાનાવરણીય કર્મ ખસતું નથી.

૫ ચારિત્રમોહનીય—કર્મ તૂટ્યા વગર કેવળજ્ઞાનાવરણીય-કર્મ તૂટતું જ નથી.

૬. કેવળજ્ઞાનની આડે બે ભીંતડા છે, ૧ ચારિત્ર મોહનીય છે; અને ૨ કેવળજ્ઞાનાવરણીય છે.

૭. કષાયના સર્વથા વિરહકાળમાં કેવળજ્ઞાનનો આવિર્ભાવ.

૮. જ્ઞાનાવરણીય-કર્મ એ ચારિત્રમોહનીય-કર્મથી સુરક્ષિત છે.

૯. વીતરાગ-વિશેષણની અચિન્ત્ય-સાર્થકતાને વિચારો.

૧૦. ચઢીયાતી દશાવાળાને ઉતરતી દશાના સંબોધનથી કેમ સંબોધો છો ?

૧૧. ચક્રવર્તિઓને માંડલિક રાજાના નામથી સંબોધાય નહિ.

૧૨. બારમે ગુણ સ્થાનકે વીતરાગ, થયેલાને, અને તેરમે ગુણ સ્થાનકે તે સર્વજ્ઞ થયેા તેને વીતરાગ કહેવામાં સન્માન છે કે અપમાન ?

૧૩. વીતરાગપણાની પ્રાપ્તિ પછીજ સર્વજ્ઞ થવાય છે.

૧૪. વીતરાગ થયા વગરના સર્વજ્ઞ જૈનશાસનને માન્ય નથી.

૧૫. અગીઆરમે ગુણઠાણે અને બારમે ગુણઠાણે વીતરાગ કહેવાય છે.

૧૬. મેાહનીય-કર્મના ઉપશમ વખતે અને ક્ષય અવસરે ગુણ પ્રાપ્તિ એક સરખી છે.

૧૭. મેાહનીય-કર્મ ક્ષય થયું, અને ઉપશમ્યું એટલેા ફરક છે, પણ ચારિત્ર તેા યથાખ્યાતજ છે.

૧૮. અગીઆરમે ગુણઠાણે, અને બારમે ગુણઠાણે પરિણતિ એક સરખી છે.

૧૯. જ્ઞાનાવરણીય કર્મ ઉપર હલ્લેા લેઈ જનારને પ્રથમ મેાહનીય કર્મ ઉપર હલ્લેા લેઈ જવેા પડે છે.

"क्षायोपशमिके भावे०"

જ્ઞાનનેા પ્રકાશક-સ્વભાવ.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશેાવિજયજી ઉપાધ્યાયજી મહારાજ સમગ્ર-ભવ્ય-પ્રાણીઓના ઉપગારને માટે જ્ઞાનસાર પ્રકરણ કરતાં થકાં દુનિયાદારીમાં તથા ધાર્મિક જીવેાને જ્ઞાનની જરૂરીયાત હેાવાથી કેાઇ જ્ઞાનને નિષ્ફળ કહી શકતેા નથી. જ્ઞાન નિષ્ફળ છે એવું વચન બેાલી શકાય નહિં. નાસ્તિક બેાલે કે જીવ નથી તેા એ વાકય કેાણ બેાલે છે ?, જીવ બેાલે છે કે અજીવ ?, અજીવ બેાલી શકે નહિં, પણ જીવજ બેાલી શકે છે. જીવ પેાતે જીવ નથી એમ કેમ કહી શકાય ? હું નથી એમ કેાઈ બેાલે નહિં. હું નથી તેા નથીપણું નથી, 'હું છું તેા હું નથી' એ બેાલવું, જીવ નથી એ બેાલવું સત્ય ન ઠરે, તેમ જ્ઞાન નથી તેમ બેાલવું તે સત્ય ઠરી શકે નહિં, પરંતુ જ્ઞાનને સફળ માનવા માટે દરેકે દરેક બંધાએલા છે; પણ એક વાત વિચારવાની છે કે સફળતા કઇ અપેક્ષાએ ?, જ્ઞાનમાં અને ક્રિયામાં જે વિવાદ પડે છે, તે જ્ઞાનવાળેા विज्ञप्तिः फलदा पुंसां જ્ઞાન ફળ દેનારૂં છે. તેમાં વિવાદ નથી પરંતુ જ્ઞાનવાદી કહે છે કે જ્ઞાનનું ફળ પણ જાણવું વિગેરે વસ્તુનું સ્વરૂપ જણાવ્યું તે ફળ જરૂર છે. તેમાં બે મત નથી એ ફળ ચેાક્કસ હેાવાથી શાસ્ત્રકારેાએ **नाणंपयासयं** જ્ઞાનનેા સ્વભાવ ફળ કહ્યું ? પ્રકાશ થવેા તે. પદાર્થ જાણવેા તે ફળ લેવામાં આવેતેા તેમાં બેમત નથી. પણ જ્ઞાનવાદી ફળ કયું લેવા જાય છે ? હેય ઉપાદેય પદાર્થને છેાડવાથી આદરવાથી થતું જે ફળ તે ફળ જ્ઞાનને લગાડે છે. "**विज्ञप्तिः फलदा पुंसां**" તેનેા અર્થ કેટલેા ? જ્ઞાન એ છાંડવા લાયક પદાર્થને, અને આદરવા લાયક પદાર્થને છાંડવાથી આદરવાથી થનારૂં ફળ તેની સમજ પાડનારૂં જ્ઞાન છે. પરંતુ છેાડવાથી કે આદરવાથી જે ફળ મળે છે તે જ્ઞાનથી મળે છે એવું તે વાદી કહે છે તેથી જણાવવું પડે છે કે જ્ઞાનનેા પ્રકાશક સ્વભાવ કહે તેમાં મત ભેદ નથી, પણ આદરવાથી કે છાંડવાથી થતું ફળ જ્ઞાનથી મળે છે તે ફળ લીધું તેમાં વાધેા આવે છે. જ્ઞાન માત્રથી ફળ થતું હેાય તેા ચેાથે ગુણઠાણે મેાક્ષ માની લેવેા પડશે. હેયનું-હેય તરીકેનું અને ઉપાદેયને આદરવા લાયક તરીકેનું જ્ઞાન શ્રદ્ધામાં એટલે તે તેા ચેાથે ગુણઠાણે પણ રહેલું છે.

સર્વગત સમ્યકત્વ.

હેયેાપાદેયનું પ્રકાશન ચેાથે પણ છે ત્યાંજ મેાક્ષ થઈ જાત, કદાચ કહેશેા કે જ્ઞાન થયું છે પણ સંપૂર્ણ જ્ઞાન થયું નથી. આ જો કહેવામાં આવે તેા તે પણ અપેક્ષાએ વ્યર્થ છે. જૈન શાસ્ત્રકારેા ન્યાયના હિસાબે નિયમ જણાવે છે કે—"**एगं जाणइ सव्वं जाणइ**" જે એક પદાર્થને તેના સ્વરૂપથી જાણે તે સર્વને જાણે

છે. ચેતનાવાલેા એક જીવ તે જીવ કહેવાય, તેા પછી જગતના તમામ ચેતનાવાળા—જીવવાળાને જીવેા તરીકે ઓળખ્યા છે દેવદત્તને જીવ તરીકે ઓળખાવ્યેા, તેા પછી યજ્ઞદત્તને પણ જીવ કહેા દેવામાં વાંધેા નથી. એક દેવદત્તમાં ચેતનાનું સ્વરૂપ જીવે જાણ્યું તેથી બધા જીવમાં જીવનું ચેતનાપણું જાણ્યું છે. ન્યાયાદિકની અપેક્ષાએ એક જગેાએ અગ્નિ ને ધુમાડેા એક જગેાના દીઠા, અને બીજી જગેાના નથી દેખ્યા તેા બીજી જગેાએ ધૂમાડેા દેખ્યેા તેા અગ્નિ છે એમ થાથી જાણ્યું ? કહેા એક સ્થળે અગ્નિ કે ધૂમાડેા જાણ્યેા તે વખતે જગતના તમામ અગ્નિને ધૂમ જાણ્યા છે. લક્ષણથી અગ્નિને ધૂમ ન જાણ્યા હેાત તેા બીજા ધૂમ કે અગ્નિને જાણી શકત નહિં. એક જાતિ જાણવાથી સમગ્ર વ્યક્તિનું જ્ઞાન થાય છે, આ વાત સામાન્ય કહી. જ્યારે શાસ્ત્રકારે કહ્યું કે—૬૯૯ પદાર્થ માનવા હેાય, અને એક પદાર્થ ન માને તેા સમ્યકત્વ જાય છે અહીં તેા સર્વ પદાર્થ યથાસ્થિત માનવાજ જોઇએ. આવશ્યક નિર્યુક્તિકારે જણાવ્યું છે કે સમ્યકત્વ કેટલા દ્રવ્ય પર્યાયમાં રહ્યું છે ?, આના ઉત્તરમાં જણાવ્યું છે કે સર્વ દ્રવ્યને પર્યાયમાં સમ્યકત્વ રહ્યું છે. સ્વરૂપની અપેક્ષાએ ચેાથે ગુણઠાણે સર્વ પદાર્થને સ્વરૂપથી જાણનારેા છે. આથી મતિ શ્રુતનેા વિષય જણાવતાં નદીસૂત્રકારે કહ્યું છે કે ઓઘ—આદેશે સર્વ દ્રવ્યને અને સર્વ પર્યાયેાને જાણે છે. વ્યક્તિ તરીકે નહિં, પણ સામાન્ય તરીકે જાણે છે. મતિશ્રુત જ્ઞાનવાળેા સૂત્રાધારે સર્વદ્રવ્ય સર્વ ભાવને જ્યારે જાણી શકે છે તેા ચેાથે ગુણઠાણે સર્વગત—સમ્યકત્વ રહેનારૂં. સમ્યકત્વ ધારણ કરનાર હેાવાથી સર્વ દ્રવ્ય ભાવને જાણનારેા છે.

સંપૂર્ણ-જ્ઞાનને રેાકનારા બે.

તેા શું ચેાથા ગુણઠાણાને અને તેરમામાં કંઈ ફરક નહિં ?, ચેાથે કેવળ નથી છદ્મસ્થ છે, માત્ર મતિ-શ્રુતવાળેા છે, તેમાં સર્વ દ્રવ્યને ભાવ જાણે કેવળમાં સર્વ જાણે એમાં ફરક નહિં ? સામાન્ય અપેક્ષાનેા ફરક નથી વિશેષ અપેક્ષાનેા ફરક છે. એક એની ગણતરી આખી વિશેષથી જાણે છે, અને એક સામાન્યથી ધાન્યનેા ઢગલેા દેખે છે. ઢગલાને જાણનારૂં બંને છે. જેને એકડા ઉપર બગડેા નથી આવડતેા તે ઢગલેા જાણે છે, અને જે આખી સંખ્યા સમજનારેા તે ઢગલેા જાણે છે. ચેાથે ગુણઠાણે અને તેરમે ગુણસ્થાન કે વ્યક્તિથી અને સામાન્ય જાતિથી ચેાથે પણ સર્વ પદાર્થનું જ્ઞાન છે, વ્યક્તિએ કરીને જે સર્વ પદાર્થનું જ્ઞાન તે તેરમે ગુણઠાણે છે, તેા ચેાથે સામાન્ય અને તેરમે વિશેષથી જ્ઞાન થાય તેટલેા ફરક છે ને ? હવે જ્ઞાન માત્ર ફળ દેનારૂં છે. તેા સામાન્ય જ્ઞાનથી પણ ફળ આવવું જોઇએ. તેરમા ગુણસ્થાનકના જ્ઞાનની વિશેષ અપેક્ષાએ જરૂર હેાય છે, પણ ફળની અપેક્ષાએ તેા ચેાથા ગુણઠાણાની પણ જરૂર છે. જ્ઞાન ફળ દેનારાળું એ વાત કબુલ પણ તે જ્ઞાન કેમ રેાકાયું છે ? ચેાથે સામાન્ય થયું અને તેનું તે ચેાથે ગુણઠાણે વિશેષ કેમ થયું ? કદાચ જ્ઞાનાવરણીય નથી ખસ્યું તેથી વ્યક્તિગત સંપૂર્ણ જ્ઞાન નથી થયું પણ જ્ઞાનાવરણીય ન ખસવાનું કારણ ? કહેા કે ક્રિયામાં વર્ધ્યેા નથી. જ્ઞાન જ્ઞાનાવરણીયને ગુણઠાણાની વાત ચાલતી હતી. જ્ઞાનાવરણીયનેા ઉદય હેાય તેા જ્ઞાન પ્રાપ્ત ન થાય પણ કેવળ જ્ઞાન ન થવામાં જ્ઞાનાવરણીય કારણ છે, અને જ્ઞાનાવરણીયને જવામાં ચારિત્ર-મેાહનીય કારણ છે. તેા ચારિત્ર મેાહીનીય કહેવા કરતાં કેવળજ્ઞાનાવરણીય કહેાને ?, ના. જ્યાં સુધી ચારિત્ર મેાહીનીય તુટે નહિં ત્યાં સુધી કેવળજ્ઞાનાવરણીય તુટે નહિં. કેવળજ્ઞાનાવરણીયને ચારિત્ર મેાહીનીય બે ભીંતડા કેવળજ્ઞાનની આગળ આડાં છે. કેવળજ્ઞાનાવરણીય કહીએ તેા વાદ વિવાદનું સ્થાન નથી, પણ સ્થાન વાદ વિવાદનું એ છે કે પ્રથમ ભીંતડું કયું તુટે ? ચારિત્ર મેાહીયનું ભીંતડું તુટે તેાજ જ્ઞાનાવરણીયનું ભીંતડું તુટે પહેલી ચારિત્ર મેાહનીયની

ભીંત તુટે. પછી બે ઘડી જાય પછી કેવળજ્ઞાનાવરણીયની ભીંત તુટે. આ વાત શાસ્ત્રકાર ખુલ્લા શબ્દોમાં કહે છે કે **કેવલિયનાણલંભો.** કેવલ્યજ્ઞાનની પ્રાપ્તિ સંપૂર્ણ જ્ઞાનનું પામવું કષાયના ક્ષય વગર થતું જ નથી. જ્ઞાનને રોકનારૂં જ્ઞાનાવરણીય કર્મ છે, તે સહેજે સમજાય. પણ જ્ઞાનને રોકનાર જ્ઞાનાવરણીય, અને જ્ઞાનાવરણીય ટકાવનાર ચારિત્ર મોહનીય છે. જ્ઞાનાવરણીની ભીંત મોહનીય કર્મને પોષે છે, અને ટકાવીને ઉભી કરે છે; એટલે પડતી ભીંત ટેકા દે છે. પણ મોહનીય કર્મની ભીંત ખસે તો જ્ઞાનાવરણીયની ભીંત ટેકા વગરની થઈ ધસી પડે છે. જ્ઞાનને રોકનાર જ્ઞાનાવરણીય છે, પણ જ્ઞાનાવરણીય કર્મને ટકાવનાર–પોષનાર–અધાર ચારિત્ર મોહનીયનો છે.

સર્વજ્ઞપણું એ વીતરાગપણાને આધીન છે.

આથી તેરમા ગુણઠાણામાં પરિપૂર્ણ જ્ઞાનની દશા પ્રાપ્ત કરવામાં જેવું જ્ઞાનાવરણીય કર્મ આડું આવે છે, તેમ ચારિત્ર–મોહનીય કર્મ પણ આડું આવે છે. જેને કેવળ પ્રાપ્ત કરવું હોય તેણે જ્ઞાનાવરણીય કર્મ તોડવાનો ઉદ્યમ કરવાનો પણ જ્ઞાનાવરણીય કર્મ એ ચારિત્ર મોહનીય કર્મથી રક્ષિત છે. ચારિત્ર મોહનીય કર્મ ન તોડો ત્યાં સુધી જ્ઞાનાવરણીય કર્મ રોકવાની તાકાત આવવાની નહિં. આથી જીનેશ્વરને વીતરાગ એવું વિશેષણ દઇએ છીએ. એક દ્રિસાએ વીતરાગ વિશેષણ એ સર્વજ્ઞ માટે અપમાન જનક છે, કારણ કે જેમ ચક્રવર્તીને માંડલિક રાજા કહીએ તેમ આ પ્રસંગે અપમાન છે. હંમેશાં ચઢીયાતી દસા થયા પછી તે જીવને ચઢીયાતી દશાએજ બોલાવવો જોઇએ, ઉતરતી દશાએ બોલાવાય તો સન્માન નહિં, પણ અપમાન છે. જીનેશ્વર-ભગવંતો તેરમે ગુણઠાણે જઈ સર્વજ્ઞ થયા, અને વીતરાગ તો બારમે ગુણઠાણે થયા છે, તો પછી સર્વજ્ઞને વીતરાગ કહીને બોલાવવા તે હલકી દશાએ બોલાવવાનું થયું. ઉતરતા ગુણઠાણાની દશાએ વીતરાગપણું બારમે ગુણઠાણે છે તે વિશેષણથી સર્વજ્ઞને કેમ બોલાવ્યા ? તેરમે ગએલાને બારમાના નામે કેમ બોલાવ્યા ?, માંડલિક પણું ચક્રવર્તી પણામાં આવી જાય છે. સર્વજ્ઞપણું તેરમે ગુણઠાણે છે, તો પછી સર્વજ્ઞની જગોપર સર્વજ્ઞને વીતરાગ કરીને શા માટે બોલાવાય છે ? વીતરાગને નમસ્કાર કરીએ તે વખતે ચઢીયાતા ગુણઠાણાવાલાને ઉતરતા ગુણઠાણાથી બોલાવ્યા. ક્ષીણ મોહનીય વીતરાગ એક વીતરાગપણે પહોંચી અગીઆરમે ગુણઠાણે વીતરાગપણું આવે ત્યાં ઉતરી જાયતો અનંતર ભવમાં નિગોદમાં જાય. બારમે ગુણઠાણે જે વીતરાગ હોય તે પડે નહિં તે તેરમેજ જાય પડનારાને ચડનારા એ વીતરાગ, છતાં પણ આપણે અહીં વીતરાગ શબ્દથી શા માટે બોલાવીએ છીએ ? સર્વજ્ઞ પણાની જડ હોય તો વીતરાગપણામાંજ. કોઈ એવો જીવ નથી માન્યો કે વીતરાગ ન હોય અને સર્વજ્ઞ થઈ ગયા હોય. અગીઆરમે બારમે ગુણઠાણે વીતરાગ માનીએ છીએ પણ સર્વજ્ઞ માનતા નથી. વીતરાગ ન હોય તેવા સર્વજ્ઞ આપણે કદી માનતા નથી.

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(વર્ષ ૧૫ અંક ૯ માનું અનુસંધાન)

સામાયિકમાં અપ્રમાદની વૃદ્ધિ

'અપ્રમાદની વૃદ્ધિને ઉત્પન્ન કરવામાં આ સામાયિકનું અસિદ્ધપણું છે' આવી શંકા કરનારને શાસ્ત્રકાર "वत्तो य अप्पमाओ०" ઇત્યાદિ પદોદ્વારા સમાધાનનું સમર્પણ કરે છે. પૂર્વે આહારનું પચ્ચક્ખાણ કરેલું હોવાથી સર્વ સાવદ્યયોગ વિરતિરૂપ-સામાયિકમાં અપ્રમત્તતાનો આવિર્ભાવ વિશેષે કરીને થાય છે. અપ્રમત્તતાની વૃદ્ધિ થાય છે તેમાં પ્રમાણ શું છે?, આ પ્રશ્નના સમાધાનમાં જણાવવાનું કે આ સર્વસાવદ્યયોગની સર્વ વિરતિરૂપ સામાયિકમાં પ્રત્યાખ્યાનના પાઠનો પરમાર્થ વિચારીએ તો તે પ્રત્યાખ્યાનનું અપ્રમાદજનન સ્વરૂપ છે. અને તેનું કથન કરી શકાય કે આલેખન કરી શકાય તેમ નથી, પરંતુ તે અપ્રમત્તતા ઘણું કરી પોતાના આત્માને સ્વાનુભવસિદ્ધ છે. સર્વસાવદ્ય યોગ રહિત સર્વવિરતિધર વીતરાગ ભગવંતોને અપ્રમાદનો અનુભવ થતો હોવાથી, અને ઉપયોગ રહિત સાધુઓને તે અપ્રમાદનો અનુભવ થતો નથી; આથી પ્રત્યાખ્યાનની વિદ્યમાનતામાં પ્રતિપાદન કરેલા આ અપ્રમાદવિષયક સ્વસંવેદન સ્વરૂપ અનુભવ વિશેષનો અભાવ કોઇક સ્થળે સંભવી શકે એજ હેતુથી પૂર્વાર્દ્ધની અંતમાં पायं=प्रायः ગ્રહણ કર્યું છે તે ઉચીત છે. હવે આ અપ્રમાદ કેવા પ્રકારનો છે?, તે જણાવતાં કહે છે કે—પ્રત્યાખ્યાન કરનારને વિરતિધર્મનું સ્મરણ પ્રધાનપણે થાય છે, એટલે પચ્ચક્ખાણ કરવા યોગ્ય પદાર્થોની નિવૃત્તિરૂપ પરમ-મંગળમય-સ્મરણ પ્રધાનપણે પ્રવર્તે છે; કારણકે પ્રત્યાખ્યાનથી ઉત્પન્ન થનારો અપ્રમાદ એ જરૂર વિરતિધર્મનું સ્મરણ કરાવે છે, અને આથી અનન્તર થવાવાળું ફલ રૂપે અપ્રમાદપણું કહેલું છે. શુદ્ધ-પ્રવૃત્તિનું એટલે નિરવદ્ય અનુષ્ઠાનના સેવનથી સંપૂર્ણપણાના ફલની પ્રાપ્તિ દેખાય છે. પ્રત્યાખ્યાનથી થવાવાળા અપ્રમાદવન્ત-જીવોને સત્પ્રવૃત્તિનો પ્રકર્ષ પરિપૂર્ણપણે વૃદ્ધિ પામે છે. ગાથા-૧૪.

સમભાવને બાધા થતી નથી.

ण य सामाइयमेयं वाइह भेयग्गहणे (ग्गहे) वि सव्वत्थ।
समभावपवित्तिणिवित्ति भावओ ठाणगमणं वा ।१५।

શબ્દાર્થ:—ત્રિવિધાદિ આહાર ગ્રહણ કરે છે, તે પણ સામાયિક બાધા પામતું નથી, કારણકે सव्वत्थ=સર્વ આહારાદિમાં એટલે પચ્ચક્ખાણ કરેલા આહારમાં અને નહિં પચ્ચક્ખાણ કરેલા આહારમાં સદ્ભાવ પૂર્વકની તુલ્ય પરિણામને અનુસરતી પ્રવૃત્તિ નિવૃત્તિ હોય છે. આ પ્રસંગને વધુ સ્પષ્ટ કરવા માટે સમભાવ-પૂર્વક સ્થાનગમન દૃષ્ટાંત ભાવવા લાયક છે.

ભાવાર્થ:—ત્રિવિધાદિ આહાર ભેદથી કરાતું આહાર ત્યાગ સંબંધિનું પચ્ચક્ખાણ કરાય છે, ત્યારે કોઈપણ આહાર વાપરવાની છુટ રાખેલી હોય છે. એટલે કોઇપણ એક આહારનું પ્રત્યાખ્યાન કર્યું નથી, તે અવસરે પ્રત્યાખ્યાન

નહિં કરેલા કોઈપણ આહાર વિષયક રાગ થાય છે, અને તે સિવાયના પચ્ચક્ખાણ કરી દીધા છે. તેવો કોઈપણ આહાર વિષયક-દ્વેષ થાય છે; આવી રીતે ઉપર જણાવ્યા મુજબ રાગ કરવાના ભાવથી અને દ્વેષ-કરવાના ભાવથી સામાયિકની કરણી બાધા પામે છે, કારણકે તે સામાયિકને રાગરહિતપણાના સ્વભાવવાળું જણાવેલું છે." આ શંકાના સમાધાનમાં 'ण य सामाइयमेयं' ઇત્યાદિ પદોદ્વારા શાસ્ત્રકાર જણાવે છે. સમભાવ સ્વરૂપવાળા અને સમ ભાવને અનુસરતી ક્રિયાપણાને પામેલા આ સામાયકને અનુસરવાવાળો ત્રિવિધાદિ આહારના પચ્ચક્ખાણ કરવાવાળો હોય તો પણ બાધા પામતો નથી. એટલે ત્રિવિધાદિ આહારના પચ્ચક્ખાણવાળો ઉપર જણાવેલ સમભાવ સ્વરૂપ સામાયિકને બાધા પમાડતોજ નથી. કારણકે ત્રિવિધ આહારાદિ ભેદનો સ્વીકાર કરેલો છે, પરંતુ ચાર પ્રકારનો આહાર ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા નથી, કારણ કે તેમ કરવાથી તેવી નિવૃત્તિ થઇ જાય; જ્યારે અહિં પ્રવૃત્તિ-નિવૃત્તિ સાથે હોવા છતાં સમભાવને બાધા પહોંચતીજ નથી. જે આહારાદિના પચ્ચક્ખાણ કરેલા છે, અને જે આહારાદિના પચ્ચક્ખાણ નથી કર્યા એવા સર્વ આહારાદિમાં તુલ્ય પરિણામ હોવાથી અર્થાત પચ્ચક્ખાણ કરેલા આહારમાં અને પચ્ચક્ખાણ નહિ કરેલા આહારમાં પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ પરિણામમાં એક સરખો સદ્ભાવ હોવાથી સામાયિક બાધા પામતું જ નથી. આ પચ્ચક્ખાણ કરનારની સમભાવતાને સ્પષ્ટ કરતાં જણાવે છે કે-પચ્ચક્ખાણ કરનાર પચ્ચક્ખાણ કરેલા આહાર વિષયમાં શાસ્ત્રમાં કથન કરેલા આલંબનથી નિવૃત્તિ કરે છે, અને પચ્ચક્ખાણ નહિ કરેલા આહાર વિષયમાં આહાર વાપરવાની પ્રવૃત્તિરૂપ ક્ષુધા વેદના સમાવવા માટે, વૈયાવચ્ચાદિ કરવા માટે, રોગાદિ ઉપસર્ગ નિવારણાર્થે આહારની પ્રવૃત્તિ કરે છે; તેથી ઉપર જણાવેલી પચ્ચક્ખાણ કરનારની પ્રવૃત્તિ-નિવૃત્તિ સમભાવ સ્વરૂપ છે.

પ્રસિદ્ધ સ્થાનગમનનું દૃષ્ટાંત અત્ર વિચારાય છે. જે કોઈ મુસાફર કોઇક નિશ્ચિત-સ્થાન પ્રત્યે ગમન કરે છે, અને નિશ્ચિત સિવાયના ઇતર સ્થાનનો પરિહાર કરે છે. જે સ્થાનને છોડે છે તે સ્થાન પ્રત્યે દ્વેષ નથી, પરંતુ સંયોગવશાત્ તે સ્થાન પ્રત્યે જવું નથી; તેથી તે સ્થાનનો પરિહાર કરે છે. એથીજ નિશ્ચિત-સ્થાન પ્રત્યે ગમન કરનાર મુસાફરની પ્રવૃત્તિ-નિવૃત્તિ સમભાવ પૂર્વકની જણાય છે, પરંતુ રાગ-દ્વેષથી તે ઉભય (પ્રવૃત્તિ-નિવૃત્તિ) કરણી દૂષિત થયેલી નથી, તેવી રીતે સામાયિકમાં સ્થિત રહેનારનું સામાયિક બાધા પામતું જ નથી. આ રિતિએ દૃષ્ટાંતને વિચારવું, અને દૃષ્ટાંતમાં કથન કરેલા ઉપનયને સામયિક સાથે વિવેક-પૂર્વક ઘટાવવો એ અત્ર પરમાર્થ છે. ન્યાયની પરિભાષાથી આ પ્રસંગને નિશ્ચયાત્મક રીતિએ સમજાવતાં જણાવે છે કે-જે સમભાવ પુર્વકનું અનુષ્ઠાન છે, તે બાધા પામતું નથી, અર્થાત સમભાવ પૂર્વકનું અનુષ્ઠાન રૂપ સામાયિક તે બાધા પામતું નથી. દૃષ્ટાન્ત પ્રસિદ્ધ સ્થાન-ગમનનું વિચારવું, અને આ પ્રયોગમાં હેતુ સમભાવ પૂર્વક સદ્ભાવમય પ્રવૃત્તિ નિવૃત્તિ હોવાથી; આ પદ્યનો પરમાર્થ-નિષ્કર્ષ જણાવતાં વૃત્તિકાર જણાવે છે કે-સમભાવ પૂર્વકનું જોડ-પ્રત્યાખ્યાન (ત્રિવિધાહારની પ્રતિજ્ઞા રૂપ જોડ

પચ્ચક્ખાણ) વિષયક સામાયિક સ્થાન ગમનની જેમ આવા પામતું નથી. ગાથા. ૧૫.

સામાયિકમાં આકાર-કથનાભાવ.

सामइए आगारा महल्लतरगेवि णेह पण्णत्ता ।
भणिया अप्पतरेवि हु णवकाराइम्मि तुच्छमिणं १६॥

શબ્દાર્થ:—યાવજ્જીવપણે ત્રિવિધ ત્રિવિધ-પ્રતિજ્ઞાના સ્વીકારરૂપ મહર્દ્ધિક સ્વરૂપ-સર્વ વિરતિરૂપ સામાયિક હોવે છતે પણ ઇહ-આ પ્રત્યાખ્યાનના અધિકારમાં આકારો=અપવાદો પ્રરૂપ્યા નથી, કારણકે અતિશય તુચ્છ એવા નમસ્કાર સહિત પોરૂષી વિગેરે પ્રત્યાખ્યાનના આકારોનું પ્રતિપાદન કરે છતે, તે સામાયિકમાં તે આગારોનું કથન કરવું તે તુચ્છ છે ગાથા. ૧૬

ભાવાર્થ:—" આહાર સંબન્ધિ કરાતાં નમસ્કાર સહિત પોરૂષી વિગેરે પ્રત્યાખ્યાનોમાં જેવી રીતે આકારોનું=અપવાદોનું વર્ણન કરેલું છે, તેવી રીતે અત્ર=પ્રત્યાખ્યાનના અધિકારમાં સામાયિક-વિષય-આકારો=આપવાદો કેમ પ્રરૂપ્યા નહિં ?," આ પ્રમાણે બીજાની શંકા પૂર્વકની માન્યતા સ્વીકારીને "सामइए" ઇત્યાદિ પદોદ્વારા આ પદ્યથી શાસ્ત્રકાર સ્પષ્ટ રિતિએ સમાધાન કરે છે.

આહાર પ્રત્યાખ્યાનની અપેક્ષાએ સર્વવિરતિ રૂપ સામાયકનું મહત્વપણું સ્વીકારેલું છે, કારણકે યાવજ્જીવના ત્રિવિધ ત્રિવિધ પ્રત્યાખ્યાન કરીને તે સામાયિકનો સ્વીકાર કરેલો હોય છે, અને તેથીજ આ પ્રત્યાખ્યાન-અધિકાર રૂપ ચાલુ વિષયમાં આકારોનું-અપવાદોનું વર્ણન કરેલું નથી. આથી એ સ્પષ્ટ થાય છે કે— સામાયિક સંબંધમાં કહેવા યોગ્ય અપવાદો તે પ્રસંગે એટલે અતિ મહત્વ વિષયભૂત સામાયિકનો વિષય કહેવાશે તે પ્રસંગે કહેવાશે આ રીતિએ પૂર્વાર્દ્ધનો પરિપૂર્ણ પરમાર્થ છે. અતિશય તુચ્છ એવા આહાર પ્રત્યાખ્યાનનું અતિશય અલ્પપણાવાળા નમસ્કાર સહિત-પોરૂષી વિગેરેના આકારો અપવાદો કહેવાના અવસરે આ સામાયિક સંબંધના આકારો કહેવા તે તુચ્છ છે, અર્થાત યુક્તિ રહિતપણું હોવાથી તે સામાયિક સંબધિના આકારનું કથન કર્યું જ નથી. ગાથા-૧૬.

સામાયિક-વિષયક યુક્તિયુક્ત બે કારણો.

सममावे च्चिय तं जं जायइ सव्वत्थ आवकहियं च ।
ता तत्थ ण आगारा पण्णत्ता किमिह तुच्छंति ? ।१७॥

શબ્દાર્થ:—રાગ-દ્વેષથી થવાવાળી વિષમતા રહિતપણાવાળો સમભાવ પરિણામ જ હોવે છતે સામાયિક હોય છે, અને તે સમભાવ પણ સર્વ પદાર્થ વિષયક એટલે શત્રુ મિત્રાદિ પ્રત્યે એક સરખો ભાવ હોવો જોઇએ; તથા યાવત્કથિક એટલે યાવજ્જીવ તે સામાયિક હોય છે. તાત્પર્ય બે કારણથી (૧ સમભાવથી અને યાવજ્જીવના પ્રત્યાખ્યાનથી) સામાયિકમાં આકારો પ્રરૂપ્યા નથી, માટે આકાર વિચારમાં તે સામાયિકનાં આકાર કથન કરવાં તે અસાર છે, અને એજ યુક્તિયુક્ત છે.

ભાવાર્થ:—"નમસ્કાર સહિત પોરૂષી વિગેરે પ્રત્યાખ્યાનના આકાર કહેવામાં સામાયિક-વિષયક આકારોનું કથન યુક્તિયુક્ત રહિતપણું હોવાથી કર્યું જ નથી." આ શંકામાં સમાધાનમાં શાસ્ત્રકાર "समभावे०" ઇત્યાદિ પદો દ્વારા યુક્તિપૂર્વક બે કારણો બતાવીને

સ્પષ્ટ કરે છે. રાગ-દ્વેષાદિએ થયેલી-અગર થવાવાળી વિષમતા રહિતપણાવાળો સમભાવ-પરિણામ હોવે છતે સામાયક થાય છે, અન્યથા એટલે પ્રથમ કારણરૂપ-સમભાવ પરિણામ પણ સર્વ પદાર્થને શત્રુ મિત્રાદિ વિષયક હોવો જોઇએ. આ કથનથી સર્વ દ્રવ્યોને આશ્રીને સમભાવ પરિણામ યુક્ત તે સામાયિક કહેલું છે.

હવે સામાયિકની મહત્તા જણાવવા માટે કાલથી બીજું કારણ યાવત્કથિક=જાવજ્જીવનું તે સામાયિક હોય છે. આ ઉપર જણાવેલાં બે કારણોથી તે સામાયિકમાં આકારો=અપવાદો જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપ્યા નથી, એટલે કથન કર્યાં નથી. તેથી આ પ્રત્યાખ્યાન સંબંધિના આકાર વિચારમાં કથન કરવું તે કેમ તુચ્છ=અસાર નથી ?, અર્થાત્ આ આકારોના કથન પ્રસંગે તે સામાયિકના આકારોનું કથન કરવું તે અસાર છે; અને તે પણ યુક્તિયુક્તજ છે. આ પદ્યના પરમાર્થને પૂ. શ્રી વૃત્તિકાર આ રીતિએ જણાવે છે. સમભાવરૂપ સામાયિકમાં આકારોનું કથન કરવું યુક્ત નથી, કારણકે આ સામાયકની પ્રતિજ્ઞા આત્મસમભાવ-સ્વરૂપ હોવાથી આકારોનું કથન કરવું યુક્ત નથી. તેજ વાતને શાસ્ત્રમર્યાદાની રીતિએ બતાવે છે. જો ગુરૂ-લાઘવ આલોચનાથી (થયેલા દોષમાં દ્રવ્ય ક્ષેત્ર કાલાદિકની વિચારણાપૂર્વક પ્રાયશ્ચિત્તની તાર-તમ્યતાથી) માંદગીની અવસ્થામાં પ્રશસ્ત આલંબનને અંગીકાર કરવાવાળો જે કાંઈ પ્રતિસેવા (સંયમની નિયમિત આરાધનામાં દોષાદિના સેવન કરવા રૂપ આચરણ) કરે છે, તે અવસરે તેનું સમભાવમાં સ્થિતપણું હોવાથી સમભાવરૂપ સામાયિક બાધા પામતું જ નથી, તો પછી "महत्तरागारेणं" ઇત્યાદિ આકાર વિગેરેને કરવાથી પણ શું ?, અર્થાત્ મહત્તરાગાદિ આકાર કહેવાની જરૂરજ નથી. અને જો સમભાવરૂપ સામાયિકના સ્વીકાર-કાલે સર્વ-સાવદ્ય યોગના પચ્ચકખાણ કરેલા છે. પરંતુ બીજી જગોએ (બીજા પ્રસંગે) શત્રુને હાથી દેવાના ઉપાયાદિ માટે આગાર પૂર્વક છ મહિનાની તપશ્ચર્યા કરે છે, (કારણ કે ભગવાન્ શ્રી મહાવીર મહારાજાના શાસનમાં છ મહિનાની તપશ્ચર્યાની મર્યાદાને અનુસરીને પ્રત્યાખ્યાન કરે છે; તે અવસરે શત્રુ આદિને વિષે છ મહિના તથા તે ઉપરના કાલમાં પણ સમભાવનો અભાવ હોવાથી તેને સામાયકજ નથી, માટે આવા પ્રસંગને લઇને આકાર કહેવા તે લાભદાયિ નથી માટે સામાયિકમાં આકારોના=અપવાદોના કથનનો અભાવ જણાવ્યો છે તે શાસ્ત્રકારના વચન યુક્તિ યુક્ત સુસંગત છે. ગાથા ૧૭.

નિરભિષ્વંગપણું અને યાવત્કથિકપણું.

સમભાવરૂપ સામાયિકનું સર્વ પદાર્થ વિષયક રાગરહિતપણારૂપ સમભાવપણું, અને યાવત્કથિકપણું=યાવજ્જીવ પ્રતિજ્ઞા સ્વીકારપણું; તે બંન્નેને વધુ સ્પષ્ટ કરતાં "तं खलु" ઇત્યાદિ પદો દ્વારા આ પદ્ય શાસ્ત્રકાર જણાવે છે.

तं खलु णिरभिस्संगं समयाए सव्वभावविसयं तु ।
कालावहिम्मिवि परं भंगभया णावहित्तेण ॥१८॥

શબ્દાર્થ:—तं=તે સામાયકને, सव्वभाव-विसयं=સમસ્ત વસ્તુ વિષયક समयाए=સમભાવ-પણે-તુલ્ય પરિણામપણે खलु=નિશ્ચય, પૂર્વક णिरभिस्संगं=રાગ રહિતપણે અર્થાત્ આશંસા-રહિતપણે જણાવેલું છે. कालावहिम्मिवि=કાલની

અવધિ એટલે યાવજ્જીવનપણા સુધીની મર્યાદામાં નિરભિષ્વંગપણું સ્વીકારેલું છે. કારણકે **परं मंगभया**=આજીવનથી આગળ મરણ થયા બાદ આ પ્રતિજ્ઞાનો ભંગ થશે એ ભીતિથી એટલે **णावहित्तेण**=આગળ સાવદ્યને કરીશ તેથી મર્યાદા રહીતપણું હોવાથી '**कालावहिम्मिवि**' એ પદથી યાવજ્જીવનની મર્યાદા સ્વીકારી છે. ગાથા-૧૮.

ભાવાર્થ:—**खलु** અવ્યય અત્ર એ અર્થમાં છે, એક અવધારણાર્થ એટલે નિશ્ચયાત્મક અર્થમાં વપરાય છે, અને ભિન્ન ક્રમ એટલે પૂર્વે કથન કરેલ પ્રસંગથી અલગપણે અત્ર વર્ણન કરાય છે. એમ જણાવવા માટે આ '**खलु**' શબ્દ વપરાયેલો છે. તે સામાયિકને નિશ્ચયપણે નિરભિષ્વંગજ અર્થાત્ નિરાશંસ=આશંસા રહિતપણે કહેલું છે, આ સ્થળે '**खलु**' અવધારણ અર્થમાં વપરાયેલું છે. હવે ભિન્નક્રમાર્થમાં વપરાયેલ '**खलु**' શબ્દ જણાવતાં કહે છે કે-સામાયિક નિરાશંસપણે કહેલું છે, તથા ઇષ્ટ-અનિષ્ટ પદાર્થમાં તુલ્ય પરિણામરૂપ હેતુથી તે સામાયિક સમસ્ત-વસ્તુ-વિષયક છે. હવે કોઇ પ્રતિમાં '**सव्वभाववित्तियंति**' એ પાઠ છે. તેથી તે પ્રતિના પાઠના હિસાબે સમસ્ત પદાર્થ વિષયક સમભાવ પરિણામ રાખીને નિરભિષ્વંગ=રાગ રહિતપણે રહેવું તે સામાયિક છે એમ સમજવું. આ કથનથી પૂર્વ ૧૭ મા પદ્યમાં "**समभावे चिय तं जं जायइ सव्वत्थ**" એ પૂર્વાર્દ્ધના પદોનો અર્થ ભાવવા ગ્રોગ્ય છે, એટલે આ કથન સાથે પૂર્વનું કથન સુસંગત યુક્તિ-યુક્ત છે. હવે આ પ્રસંગમાં શંકાકાર શંકા કરે છે કે-આ સામાયિકનું નિરભિષ્વંગપણું કેવી રીતે પ્રતિપાદન કરેલું છે, કારણકે જ્યાંસુધી આ ચાલુ જીવન છે ત્યાંસુધી રાગ રહિતપણું અને તે પછી એટલે જીવનના અંત પછી આગળ તો રાગથી રંગાઇ જવાપણું પ્રાપ્ત થવાનું છે તો પછી નિરભિષ્વંગપણું કેવું ? આ હેતુ પૂર્વકની શંકાના સમાધાનમાં શાસ્ત્રકાર '**अत्रोच्यते**'-એમ કહીને "**कालावहिम्मिवि**" ઇત્યાદિ પદોદ્વારા યાવત્કથિક ભાવવા માટે ઉત્તરાર્દ્ધ જણાવીને સમાધાન આપે છે. આ જીવનમાં સર્વ સાવદ્યના ત્યાગની પ્રતિજ્ઞા કરેલી હોવા છતાં પણ, આ જીવનના અંત પછી તે પ્રતિજ્ઞાનો ભંગ થવાનો છે; એ ભયથી અર્થાત્ આ જીવનના અંત પછી સાવદ્યનું સેવન કરવાનો અવસર આવવાનો છે. એટલે સર્વ સાવદ્યનું સેવન કરવાનો અવસર આવવાનો છે. એટલે 'સર્વ સાવદ્યનું સેવન કરીશ' તે સ્વરૂપ ભીતિથી કાલની મર્યાદા રહેજ નહિં. તે હેતુથી યાવજ્જીવનપણાની મર્યાદા સુધીની પ્રતિજ્ઞા લીધી છે. અર્થાત્ યાવત્કથિક આવકહિયં ઉત્તરાર્દ્ધથી ભાવવા લાયક છે. ગાથા-૧૮

સુભટનું દૃષ્ટાંત.

હવે આકારોમાં=અપવાદોના અવિષયભૂત સામાયિક છે તે દૃષ્ટાન્ત દ્વારાએ શાસ્ત્રકાર સમર્થન કરવા આ પદ્ય જણાવે છે:—

मरणजयज्झवसियसुहडऽभावतुल्लमिह हीणणाएण।
अववायाण ण विसओ भावेयव्वं पयत्तेण ।।१९।।

શબ્દાર્થ:—આ લોકને વિષે રણાંગણમાં મરણ પામવું કે વિજય પ્રાપ્ત કરવો એ નિશ્ચયને અનુસરવાવાળા સુભટના ભાવ આ તુચ્છ ઉદાહરણથી જણાવાય છે, તેના સરખા અધ્યવસાય સામાયિકવાળાને હોય તેથી અપવાદ પદોનો વિષય આ સામાયિકમાં નથી એ અત્ર પ્રયત્ન પૂર્વક ભાવવા લાયક છે. ગાથા ૧૯.

ભાવાર્થ:—"અહીં મરવા લાયક છે અગર તો વિજય પ્રાપ્ત કરવા લાયક છે" એવા અભિપ્રાય પૂર્વક સંગ્રામની ભૂમિ ઉપર સંગ્રામ ખેલવાના અવસરે મરણ અગર શત્રુનો વિજય કરવાની નિશ્ચયતા વિષયક-અધ્યવસાય સુભટનો અડોલ હોય છે. જો કે આ દ્રષ્ટાન્તમાં શત્રુના વિજયમાં શત્રુને અપકાર કરવાની પરાયણતા હોવાથી, સામાયિકવાળાને શત્રુ મિત્રમાં સમભાવ પરિણામ સંભવતા હોવાથી આ સુભટનું દ્રષ્ટાન્ત તદ્દન વિપરીત છે, છતાં પણ કાર્ય સિદ્ધિમાં જે એક નિશ્ચયતા છે તેટલીજ સાધર્મ્યતા લેઇને આ સુભટનું દ્રષ્ટાંત સામાયિક વાળા સાથે ઘટાવવું. આ લોકમાં આ તુચ્છ ઉદાહરણથી આ ઉદાહરણની હીનતા છે, (આ સુભટની હીનતા છે) કારણ કે જિતવાલાયક શત્રુ સંબંધિ કુશળપણું હોવાથી, અને શત્રુ સમુદાયને કપાવવાનું અંતઃકરણ હોવાથી; આ બંને હેતુઓ શત્રુનો અપકાર કરવામાં તત્પર હોવાથી સામાયિકવાળાને આ દ્રષ્ટાંત વિપરીત હોવાથી અત્ર એક નિશ્ચયતાની સાધર્મ્યતા સ્વીકારવી જરૂરીની છે. જેથી કરીને આ પ્રમાણે અપવાદોનો-આકારોનો વિષય અત્ર સામાયિકમાં નથી, કારણ કે ઉપરના (સુભટના) દ્રષ્ટાંતને જણાવેલા પ્રકારથી પ્રયત્નપૂર્વક આ પ્રસંગ ભાવવા લાયક છે. બુદ્ધિમાનોની સૃષ્ટિમાં આ એક નિયમ છે કે આદરવા લાયક પદાર્થમાં આદરવા લાયકના ઉપાય વિશેષથી પ્રવૃત્તિ કરવાવાળો આ શંકાવાળો હોતોજ નથી. ગાથા-૧૯.

સામાયિકનો વાસ્તવિક-વિધિ-પ્રતિષેધ.

પૂર્વે કથન કરેલા પદ્યમાં તે રીતિએ સામાયિકનું અતિશય મહત્વપણું જણાવેલ હોવાથી સુભટભાવ તુલ્ય જીવો સામાયિકનો સ્વીકાર કરવાને યોગ્ય છે, તે સિવાયનાને નિષેધ કરે છે; આ પ્રસંગને શાસ્ત્રકાર આ પદ્ય દ્વારા નીચે મુજબ જણાવે છે, અને પૂ. શ્રી=વૃત્તિકાર વિવેચન કરે છે.

एतो च्चिय पडिसेहो दढं अजोग्गाण वण्णिओ समए।
एयस्स पाइणोऽवि हु बीयंति विही य अहवइणा ॥२०॥

શબ્દાર્થ:—જેથી કરીને આવો સુભટ ભાવ સદૃશવાળાને દીક્ષાનું દાન દેવું એતો ચ્ચિય=આકારથીજ દઢં પડિસેહો=અતિ અત્યંત પ્રતિષેધ કરેલો છે. કયા જીવોને અતિ અત્યંત પ્રતિષેધ કરેલો છે?, તેના સમાધાનમાં જણાવે છે કે—અજોગ્ગાણ=પૂર્વે જણાવેલા સુભટ ભાવ વર્જિત-ક્ષુદ્ર સત્વવાળી જીવોને સિદ્ધાન્તમાં પ્રતિષેધ પ્રતિપાદન કર્યો છે. શાનો પ્રતિષેધ જણાવ્યો છે?,-સમાધાનમાં જણાવે છે-એયસ્સ=

આ સામાયિકનો પ્રતિષેધ જણાવ્યો છે. હવે અવશ્ય પડવાવાળા જીવોને તે સામાયિક કેમ અપાય છે?, તેના સમાધાનમાં-"पाइणोऽवि हु विंयंति विहीय अइसइणा' આ પદો જણાવે છે. પતનભાવને પામવાવાળા હોવા છતાં પણ મોક્ષના અવન્ધ્યકારણ રૂપ આ સામાયિક-પ્રદાન-વિધિ અતિશય જ્ઞાનિઓ માટે પણ વર્ણન કરાયો છે. ગાથા-૨૦.

ભાવાર્થ:—જેથી કરીને પૂર્વે જણાવેલ સુભટ-ભાવ-પરિણામ જે આત્માને હોય તેજ જીવોને દીક્ષાનું પ્રદાન થાય છે, અને જે જીવોને સુભટ ભાવ સરખાં પરિણામ હોતો નથી તેઓને દીક્ષાનું દાન દેવાનો અતિ અત્યંતપણે નિષેધ જણાવેલો છે, એટલે દીક્ષાના પ્રતિષેધમાં સુભટ ભાવ સરખા પરિણામનો અભાવ અર્થાત્ તે કારણનો અભાવ હોવાથી દીક્ષાનો પ્રતિષેધ કરેલો છે. સુભટ ભાવ રહિત એવા અલ્પ સત્ત્વશાલિ-આત્માઓને અયોગ્ય ગણેલા છે, અને તેઓને સિદ્ધાંતમાં સર્વવિરતિ રૂપ સામાયિકનું દાન દેવાનો પ્રતિષેધ જણાવેલો છે. હવે સુભટ ભાવ વર્જિત જીવોને અયોગ્ય માનીને દાનનો નિષેધ જણાવ્યો છે, તોપછી સિદ્ધાન્તમાં જે કથન આવે છે તે અસંગત થશે; તે સંબંધમાં શંકા કરીને શંકાકાર પ્રશ્ન કરે છે તે પ્રશ્ન આ પ્રમાણે છે-आसन्नोपकारि-चरमतीर्थंकर-ભગવાન-શ્રીમહાવીર મહારાજાએ પૂર્વ જન્મમાં (ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જે સિંહના બંને જડબાં ઝાલીને વિદારણ કર્યો હતો તે જન્મમાં) વિદારણ કરેલો સિંહનો જીવ કે જે મરીને સંસારમાં પરિભ્રમણ કરીને (કોઇક જગ્યાએ બેકુત કરીને સંબોધન કરેલ છે) પણે જન્મ્યો છે. તે જીવને કે જે જીવ સર્વ-વિરતિ રૂપ સામાયિક પામીને નિયમા પડવાવાળો થવાનો છે તે જીવને સામાયિક દેવાના વિધિનો હુકમ શાસનસંચાલક પ્રથમ ગણધર ગૌતમસ્વામિજીને કેમ કર્યો?, તેના સમાધાનમાં પૂ. શ્રીવૃત્તિકાર—મહારાજા આ રીતિએ જણાવે છે. સર્વવિરતિ સામાયિક લીધા પછી અવશ્યમેવ પડવાના આચારને અનુ-સરવાવાળા જીવને અર્થાત્ તે સિવાયના બીજા જીવોની વાત બાજુએ મુકીને આ જીવને પણ શાશ્વતપદરૂપ મોક્ષ પ્રાપ્તિના અવન્ધ્ય=અમોઘ-કારણ સ્વરૂપ સર્વવિરતિરૂપ સામાયિકનો વિધિ અર્થાત્ સામાયિક-પ્રદાન-વિધિ શાસ્ત્રમાં વર્ણન કરેલો છે. આ વિધિને શ્રવણ કરીને શંકા થાય કે આ વિધિને કોણ અનુસર્યું?, તેના સમાધાનમાં સમજવું કે 'अइसइणा' અતિશયજ્ઞાની=કેવલજ્ઞાની એવા ભગવાન્ મહાવીરે તે વિધિનું સેવન કરેલું હોવાથી દોષ નથી, કારણ કે અતિ અત્યન્ત ઉપકારના હેતુ ભૂતકાર્ય જાણીને કેવલિ ભગવંતે તે વિધિ કરેલો હોવાથી પૂર્વકથનને (સમભાવ=રૂપાદિ કથનને) બાધારૂપ ભંગ દોષ લાગતો નથી. સ્વભાવથી તે જીવને પતનભાવ પામવાનો સદ્ભ-

ભાવ હોવા છતાં પણ તે પ્રસંગમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ ગુણનું અધિકપણું ભાવવા લાયક છે. મરણને લાવનાર સન્નિપાતાદિ દોષ થયે છતે સ્મરણને ગુણકારિ (હેમગર્ભ) ઔષધ અપાય છે તેમ આ વિધિ સમજવો ગાથા-૨૦.

મૂલને અબાધક-અપવાદો.

હવે જો સુભટભાવ સકૃશપણાથી સર્વવિરતિ રૂપ સામાયિકે આકારો=અપવાદો જણાવ્યા નથી, તો પછી સામાયિકવાળાને નમસ્કાર-સહિત પૌરૂષી વિગેરેમાં પણ આકારો=અપવાદો કહેવા અગર જણાવવા તે યોગ્ય નથી. અને સુભટભાવ તુલ્ય ભાવને (તેઓને=સુભટભાવ-સામાયિકવાળાઓને) બાધકપણું હોવાથી નમસ્કાર સહિત પૌરૂષિ વિગેરેના આકારો કહેવા યોગ્ય નથી, એવી શંકા કરનારને શાસ્ત્રકાર આ પદ્ય દ્વારા ઉત્તર આપે છે.

तस्स उ पवेसणिग्गमवारणजोगेसु जह उ अव्वाया ।
मूलाबाहाए तहा णवकाराइम्मि आगारा ॥२१॥

શબ્દાર્થ:—तस्स उ=તે સુભટનેજ, पवेसणिग्गमवारणजोगेसु=પ્રવેશ-નિર્ગમન-વારણ વ્યાપારોને વિષે વિજય પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ વર્તન કરવું તે યોગ્ય છે; તેવી રીતે मूलाबाहाए=સુભટભાવ સદ્રશ-સામાયિકને પીડા ન થાય તે માટે નમસ્કાર સહિત પૌરૂષી વિગેરે પ્રત્યાખ્યાનમાં આકારો જણાવ્યા છે. ગાથા-૨૧.

ભાવાર્થ:—વિજયના અભિલાષિ-તે સુભટનેજ રણસંગ્રામમાં પ્રવેશ કરવો, અવસરે પ્રવેશ કરીને નિગમિન કરવો, વિશિષ્ટ અવસર પ્રાપ્ત થયે છતે પ્રહારોને સહન કરતા એવા પોતાના સૈનિકોને શત્રુઓથી વારણ કરવું અર્થાત્ વારવાનું કાર્ય કરવું; અને તેને અનુસરતાં એટલે પ્રવેશ-નિર્ગમન-વારણને યોગ્ય શત્રુને હરાવવા માટેના પ્રબળ કારણભૂત ઉપાયો રૂપ વ્યાપારોનું પ્રવર્તન કરવું જેવી રીતે જરૂરીનું સ્વીકારેલું છે; તેવી રીતે સર્વવિરતિ રૂપ સામાયિકવાળાને શાસન વિહિત-સામાયિકની સિદ્ધિના ઉપાયો ભૂત નમસ્કાર સહિત પોરૂષી વિગેરે પ્રત્યાખ્યાનોમાં મહત્ત્ત રાકારાદિ આકારો=અપવાદોની પણ અવશ્યમેવ જરૂરીયાત સ્વીકારેલી છે કારણ કે સામાયિકની સિદ્ધિમાં તે સામાયિકના નિર્વાહ માટે તેના કારણ ભૂત મહત્તરાકારાદિ અપવાદો સમાધાનમાં જણાવે છે કે-સુભટને જેમ 'મ્હારે મરવા લાયક છે" આ અધ્યવસાય મૂલભૂત છે, તે મૂલભૂત પરિણામને તે બાધા ન થાય, તેવીજ રીતે તેજ પ્રકારથી નમસ્કારાદિ પ્રત્યાખ્યાનમાં મહત્તરાકારાદિ અપવાદોની જરૂરીયાત સુભટભાવ કલ્પ સામાયિકવાળાને સામાયિકની સિદ્ધિમાં બાધા ન થવી જોઇએ. એ અત્ર પરમાર્થ વિવેકિઓએ વિચારવા જેવો છે ગાથા. ૨૧

卐

[ટાઈટલ ૨ જા પેજથી ચાલુ]

ચતુર્વિધ સંઘે લાભ લીધો. પ્રતિક્રમણ આદિ દરેક અવસરે બદામ-કેળા શ્રીફળની પ્રભાવના થાતી હતી. કા. વ. ૨-૩-૪ ના દિવસે અનુક્રમે વાજતે ગાજતે જરીવાલા હીરાભાઇ નગીનભાઇના ઘેરથી નવાપુરા મુકામે પૂ. **પંન્યાસપ્રવરશ્રીજી**એ આદિ પોતાના શિષ્ય પં. દેવેન્દ્રસાગરજી ઠાણા સાથે નવાપુરા મુકામે શા. વીરચંદ હરજીવનદાસ ઝવેરી, શા. લક્ષ્મીચંદ ગુલાબચંદ, તથા માણેકચંદ ઝવેરચંદને ત્યાં એક દિવસની ચાતુર્માસ બદલવા નિમિત્તે સ્થિરતા કરીને રહ્યા. પરંતુ છેલ્લે દિવસે માણેક ઝવેરચંદભાઇ અને શ્રી સંઘના અતિ આગ્રહથી વાજતે ગાજતે હરિપુરા ઉપાશ્રયેથી પૂ **શ્રી માણિક્યસાગરસૂરિજી** આદિ ઠાણા સાથેજ પૂ. પંન્યાસપ્રવરશ્રીજી તેમને ત્યાં પધાર્યા. ચોમાસું બદલાવનાર તરફથી આંગી-પૂજા, પ્રભાવનાઓ બદામ કેળાની હતી. વ્યાખ્યાનમાં લોકોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો. નવાપુરા શ્રી સંઘના આગ્રહથી વ્યાખ્યાન વાણી સાંભળવાની ઇચ્છાથી પૂ. **પંન્યાસપ્રવરશ્રીજી** આદિ ઠાણાએ અત્ર વધુ સ્થિરતા કરી છે. અને કા. વ. ૧૪ શનીવારે ગોપીપુરા નેમુભાઇની વાડીએ પધારશે.

ભેટ આપનારાઓના મુબારક નામ.

પૂ. સાધ્વી શ્રી તિલકશ્રીજીના સદુપદેશથી—

૧૯૧) સુ. શ્રાવિકા સુભદ્રાબ્હેન અમદાવાદ.

૨૫) સુ. શ્રાવિકા સરસ્વતીબ્હેન મ્હેસાણાવાળા

પૂ. સાધ્વીશ્રી સુજ્ઞાનશ્રીજીના સદુપદેશથી—

૧૦) શ્રી અજીતચન્દ્ર જૈન મહિલા મંડળ-નાગપુર તરફથી

રૂ. ૧૩૬)

જાહેર-ખબર.

પૂ આગમોદ્ધારક શ્રી આનન્દસાગર સૂરીશ્વરજીએ શ્રી ભગવતીજી સૂત્રના આઠમા શતક ઉપર જે દેશનાઓ આપી છે, તે "પુદ્ગલ પરિણમન" નામે મશહૂર છે. તે ગ્રંથ ક્રાઉન સાઈઝ ૮ પેજ ૩૨ ફાર્મમાં પ્રસિદ્ધ થયો છે, છતાં પાકી બાઇન્ડીંગ કિંમત રૂ. ૪-૮-૦.

પ્રાપ્તિ સ્થાન— } શા બાબુલાલ નાથુલાલ શાહ, ઠે૦ નાનપુરા બજાર—સુરત.
} ગાંધી રસિકલાલ મગનલાલ, ઠે૦ દહેરાસર ફળીઆ, વેજલપુર-પંચમહાલ.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ. ઘાસબાગ ભૂલેશ્વર મુંબઇ.

સુધા-વર્ષા.

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણી[illegible]

(વર્ષ-૧૫ મું. અંક-૧૨ ના ટાઈટલ પેજ ૩ જા નું અનુસંધાન)

૭૭૮. વીતરાગ-કથિત-સિદ્ધાન્તોને પ્રતિપાદન કરનારા-શાસ્ત્રોનું શ્રવણ કરનારા શ્રોતાઓને શ્રવણ કરી તત્ત્વોનું નિશ્ચયાત્મક-જ્ઞાન થાય છે, માટે શાસ્ત્ર શ્રવણના અભ્યાસિ બનો.

૭૭૯. શાસન માન્ય-શાસ્ત્રકારોના શાસ્ત્રોને શ્રવણ કરવાથી દ્વેષથી દૂષિત થયેલા શ્રોતાઓના અંત:કરણ દ્વેષ રહિત બને છે, માટે હંમેશા શાસ્ત્ર શ્રવણ કરો.

૭૮૦. યાદ રાખો કે પાપ કરવાથી, પાપને કરાવવાથી, અને પાપને અનુમોદવાથી ભાવિ કાળમાં દુ:ખનો અનુભવ જરૂર કરવો પડશે માટે પાપથી પાંચસો કોષ દૂર રહો.

૭૮૧. ત્રિકરણ-યોગે પાપનું સેવન કરનારાઓ, પાપીઓની પીઠ-થાબડનારાઓ, અને પાપના સાધનોના પ્રચાર કરનારાઓ કદાચ વર્તમાન કાળમાં પ્રબળ પુણ્યના પ્રભાવે દુ:ખનો અનુભવ કરતા નથી, તેટલા માત્રથી ભાવિ કાળનો ભયંકર દુ:ખદાયક ગભરાટ શમી ગયો છે; એવી ગંભીર ભૂલ કરવાને વિવેકિઓ સાહસિકજ બનતા નથી.

૭૮૨. સકલ-દર્શન-માન્ય આ બે સિદ્ધાંતને સમજતાં શીખો, અને તે બે સિદ્ધાન્તને વિવેક-પૂર્વક સમજીને પચાવતાં શીખો. "૧. પાપથી દુ:ખ, અને ૨. ધર્મથી સુખ," અર્થાત્ આ બે સિદ્ધાન્તને જીવનમાં વણીનાંખનારાઓજ વિવેક શિરોમણિયો કહેવાય છે.

૭૮૩. સકળ સાધન-સામગ્રી-સંયોગથી ભરપૂર-માનવ જીવનમાં સંચય કરવા લાયકની ચીજ હોય તો એકજ ધર્મ છે.

૭૮૪. ધર્મ પામવો હોય, પામેલા ધર્મને ટકાવવો હોય, ટકેલા ધર્મને વધારવો હોય; અને વૃદ્ધિ પામતા ધર્મનો ઉત્તરોત્તર લાભ મેળવીને સંવર-નિર્જરાપૂર્વક આત્મા [illegible]ને કર્મ ખપાવીને કેવળ જ્ઞાન પામવું હોય તો શ્રમણ-ભગવંતોની ભક્તિપૂર્વક સર્વદા સેવના કરો.

૭૮૫. સર્વજ્ઞ-કથિત-ઉપદેશને શ્રવણ કર્યા વગર કોઈપણ જીવ ધર્મના યથાર્થ લાભને પામી શકતોજ નથી.

૭૮૬. શ્રમણ ભગવંતોની સેવના રૂપ સુરતરૂનાં ત્રણ ફળને પ્રાપ્ત કરો. ૧ આત્મ હિતકર ઉપદેશ શ્રવણ, ૨ ધર્મ-આચરણ કરનારોનાં લાભદાયક-દર્શન, અને ૩. માનના મર્દન પૂર્વક યોગ્ય સ્થાનમાં રહેલા મહાપુરૂષોનું સેવન.

...772

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૩ જો. માગશર-માસ. તા. ૧૭-૧૨-૪૯

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે "ॐ" આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષી.**

ધર્મ-પ્રાપ્તિનો રાજમાર્ગ.

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.

શ્રીજ્ઞાતા-સૂત્રના પ્રથમ-શ્રુતસ્કંધના ચૌદમા "શ્રી તેતલીપુત્રે" નામના અધ્યયનનો ઉપનય નીચેના પુનિત પદદ્વારા **નવાઙ્ગી-વૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિજી** જણાવે છે—

जाव न दुक्खं पत्ता माणद्धंभं च पाणिणो पायं।
ताव न धम्मं गेण्हंति भावओ तेयलीसुतवत ॥१॥

જ્યાંસુધી પ્રાણીઓ અતિ-ઉત્કટ કોટિના દુઃખને પ્રાપ્ત કરતા નથી, અને પ્રાપ્ત થયેલા સાધન-સામગ્રી સંયોગોનો ભોગવટો કરતા માનગિરિ પર આરૂઢ થઈને મદોન્મત્ત-થયેલા એવા તેઓનું પતન થતું નથી, અર્થાત્ તેઓ માન ભ્રષ્ટ થતા નથી, ત્યાંસુધી ઘણું કરીને **તેતલી-પુત્રની જેમ ભાવથી ધર્મ પ્રાપ્ત કરતા નથી.** તે પ્રસંગ આ પ્રમાણે છે—

તેતલીપુર નામના નગરમાં કનકરથ નામે રાજા છે. તેને ચાર બુદ્ધિનો નિધાન તેતલી-પુત્ર નામનો પ્રધાન છે. આ પ્રધાન યુવાવસ્થાના રૂપ-રંગ-લાવણ્ય જોઈને એક સોનારની પોટ્ટિલા નામની છોકરીને પરણે છે. સંયોગવશાત્ જેના ઉપર અતિશય રાગ હતો તેજ

(વધુ માટે જુઓ ટાઈટલ-પેજ ૨ જું.)

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૪૯.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

ની ઉપરથી રાગ વગરનો નિસ્નેહ [illegible] સંસાર [illegible] બિક્ષુષામાં પતિની આવી નિ સ્નેહ દશાને અવલોકીને તે પોટ્ટિલા (પ્રધાનપત્ની) દીક્ષા લેવાની [illegible] છે, અને દીક્ષાની રજા માંગે છે. દીક્ષાની રજા આપતી વખતે તે પ્રધાન કબુલાત કરાવે છે [illegible] દેવલોકમાં જાય તો મને પ્રતિબોધ કરવા આવજે. એ કબુલાત કરાવીને દીક્ષા અપાવે છે, અને આરાધના કરીને તે સ્ત્રી દેવલોકમાં જાય છે.

હવે તે કનકરથરાજા આ જીવન પર્યંત રાજ્યપાટ ભોગવવાની તીવ્રતમ લાલસાથી જન્મ પામેલા છોકરાઓના અંગોને ખંડિત કરે છે, અને તે બધાને ભાવમાં રાજ્ય ભોગવી ન શકે તેવી સ્થિતિમાં મૂકે છે. તે રાજાની પટ્ટરાણી પદ્માવતીના કહેવાથી તેતલીપુત્ર પ્રધાન જન્મ પામેલા એક રાજકુમારનું ગુપ્ત રીતે પાલન કરે છે. રાજાની અંત અવસ્થા પર તે છોકરાને રાજ્યતિલક કરે છે, અને રાજા બનાવે છે.

નવો થયેલ રાજા પ્રધાનને પાલક પિતા માનીને રાજ્યનું સર્વસત્તાધીશપણું તેને સુપરત કરે છે. પ્રધાન છતાં રાજાની જેમ તે પ્રધાન રાજ્યનો કારભાર વહીવટ કરે છે, અને, રાજ્ય કારભારમાં ઓતપ્રોત બનીને દેવ-ગુરુ-ધર્મને ભૂલે છે.

અવસર પામીને પોટ્ટિલા દેવ (પોટ્ટિલા સ્ત્રી કાળધર્મ પામીને દેવલોક ગઈ છે તે દેવ) બોધ કરવા આવે છે, બોધ કરે છે; છતાં પ્રધાન બોધ પામતોજ નથી. છેવટે દેવ વિચારે છે કે પ્રધાનપણાની દશાને ભોગવનાર મ્હારો પતિ રાજા જેવી અવસ્થા ભોગવે છે, માટે જ્યાંસુધી તે રાજા તેના પ્રત્યે વિરુદ્ધ પરિણામવાળો નહિ થાય, ત્યાંસુધી એ બોધ પામશેજ નહિ. તેથી તે એવા ઉપાય કરે છે કે જેથી કરીને તે રાજાનું મન તે પ્રધાન પરથી ઉતરી જાય છે. પછી તે વિચારે છે કે રાજાનું મન મ્હારા ઉપરથી ઉતરી ગયું છે, એમ વિચારીને તે આપઘાત કરવા માટે તાલપુટ ઝેર, તીક્ષ્ણ તરવાર, ગળે પાશ, ગળે શીલા બાંધીને નદીમાં પડવું, અને અગ્નિમાં બળી મરવાનું વિગેરે કરે છે; છતાં દેવ તેને સઘળા જીવલેણ ઉપાયોમાંથી બચાવે છે. ભયાનક-અટવીમાં આપત્તિની અનેકવિધ અકળાવનારી આંધીમાંથી પૂર્વની આરાધનાનો સંસ્કાર સ્મૃતિ-પથમાં આવી ઉભો રહે છે. સાવધાની પૂર્વક વિચારે છે કે શ્રમણ ભગવંતોના વચનો શ્રદ્ધા કરવા લાયક છે, અને જગતમાં હું એકજ અશ્રદ્ધેય છું. કારણ કે આ બધી આપત્તિઓ મ્હેં વેઠી છે, તે કોઇની આગળ કહું તો કોણ શ્રદ્ધા કરે ?, માટે હુંજ અશ્રદ્ધેય છું.

આવા અવસરમાં તેતલીપુત્રની નજીકમાં તે પોટ્ટિલદેવ પોટ્ટિલા સ્ત્રીનું રૂપ વિકુર્વે છે (ધારણ કરે છે), અને આગળ ઊંડી ખાઇ, સામે મદોન્મત્ત હસ્તિનો ભય, ચક્ષુથી જોઇ ન શકાય તેવા બાણોની વર્ષા, સામેનું ગામ બળે છે: તથા ચારે બાજુ ભયંકર અટવીમાં દાવાનળ સળગે છે. તે અવસરે (પોટ્ટિલા સ્ત્રી) તે દેવ તેતલીપુત્રને પૂછે છે કે—"હું ક્યાં જાઉં ?" તેના જવાબમાં તે તેતલીપુત્ર કહે છે કે ભય પામેલાને **પ્રવ્રજ્યા શરણ છે. એટલું જ નહિ પણ ક્ષુધાતુરને અન્ન, તૃષાતુરને જલ, રોગીને ઔષધ, માયાવીને રહસ્ય, માર્ગમાં થાકેલાને વાહન; અને તરવાની ઇચ્છાવાળાને પ્રવહણનો જેમ, ઇન્દ્રિયોના અને મનના વિજય કરવાવાળાને, માનસિક વિકારોને દમવાવાળાને અને ઇંદ્રિયોના વિષય સંબંધી રાગનો પરાજય કરવાવાળાને પ્રવ્રજ્યાનું શરણ છે, અને તે પ્રવ્રજ્યાને સ્વીકારવાથી તેમને એક પણ ભય રહેતો નથી.**

તે દેવ તેતલીપુત્રને કહે છે કે—હે તેતલિપુત્ર ! આપત્તિમાળમાં શું કરવું ?, તેનું તમે બહુ સારું શિક્ષણ આપ્યું. આ પ્રમાણે ઉપરનો પ્રસંગ ત્રણ વખત પૂછ્યો અને પોટ્ટિલ દેવને અને તેતલી પુત્રને ઉપર મુજબનો ત્રણ વખત વિચાર વિનિમય થયો. હવે તેતલીપુત્ર સ્થિર થયો છે, એમ જાણી દેવ પોતાના સ્થાન પર જવાના થાય છે, અને આ બાજુ પ્રવ્રજ્યાના પુનિત વિચારમાં તેતલીપુત્રને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. પોતાનો પૂર્વ ભવ દેખે છે. "મહા શુક્ર દેવલોકમાંથી હું આવ્યો છું, અને તેના પૂર્વ ભવમાં રાજ્યપાટ છોડીને સંયમની આરાધના કરતાં ચૌદ પૂર્વી થયો હતા." ઇત્યાદિ દેખવાની સાથે દીક્ષિત થઈ, આરાધના કરીને કેવળ જ્ઞાન પ્રગટ કરે છે.

આ ધર્મ-કથાનક ઉપરથી **અનેકવિધ-આપત્તિઓમાં દુઃખનો અનુભવ કર્યા વગર જેમ તેતલીપુત્ર ભાવથી ધર્મ પામ્યો નહિ, તેમ દુઃષમકાળના જીવો પણ દુઃખનો અનુભવ કર્યા વગર, અને પૌદ્ગલિક-સુખ-શાંતિ-આનંદજનક-વર્તમાન-સ્થિતિથી પતનભાવને પામ્યા વગર ભાવથી ધર્મ-ગ્રહણ કરી શકતાજ નથી.**

પૂ-શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

અગીઆરમે અને બારમે એક સરખી પ્રવૃત્તિ.

મોહનીય કર્મના ઉપશમને માટે, અને ક્ષય માટે અગીઆરમું ગુણઠાણું અને બારમું ગુણઠાણું રાખ્યું છે, તેમ મોહનીય કર્મ ન તોડે અને જ્ઞાનાવરણીય તોડે આવો વિભાગ રાખ્યોજ નથી. એક મોહનીય કર્મને તોડે અને જ્ઞાનાવરણીય કર્મ ન તોડે, એક જ્ઞાનાવરણીય તોડે અને મોહનીય ન તોડે, અને એક બન્ને કર્મને તોડે, આવા ત્રણ પ્રકારો જૈન શાસનમાં નથી રાખ્યા. એકજ પ્રકાર રાખ્યો છે કે પહેલા મોહનીય કર્મને તોડે અને પછી તે જ્ઞાનાવરણીયાદિ કર્મને તોડે છે. મોહનીય કર્મને તોડયા વગર જ્ઞાનાવરણીય કર્મ કોઈ તોડી શકતુંજ નથી. આથી શાસન-માન્ય સ્પષ્ટ-ભાન ખ્યાલમાં આવશે. મોહનીય કર્મમાં એવી દશા માની છે કે જેવી મોહનીયની શાંતિ કરે એટલે ઉપશમ કરે અને ગુણપ્રાપ્તિ થાય, તેવીજ મોહનીય કર્મનો ક્ષય કરે ત્યારે પણ તેવીજ ગુણપ્રાપ્તિ થાય છે. જેવું મોહના શમાવવાથી યથાખ્યાત ચારિત્ર મેળવે છે, મોહનીય કર્મના તેવુંજ ખપાવ્યાથી પણ યથાખ્યાત ચારિત્ર મેળવે છે. અગીઆરમે બારમે તૂટયું અને શમ્યું આ ફરક છે, છતાં ચારિત્ર યથાખ્યાત સરખું છે. પરિણતિ બન્ને જગો પર એક સરખી છે અગીઆરમે ગુણઠાણે અને બારમે ગુણઠાણે પરિણતિ સરખી છે. તેથીજ અગીઆરમે ગુણઠાણે પણ ઐર્યાપથિક કર્મનો બંધ, અને બારમે ગુણઠાણે પણ ઐર્યાપથિક કર્મનો બંધ છે. પહેલે સમયે બાંધે, બીજે સમયે ભોગવે, અને ત્રીજે સમયે તોડે છે. અગીઆરમે બારમે તેરમે સરખોજ બંધ છે. પહેલે બાંધે, બીજે ભોગવે, ત્રીજે સમયે તોડે આથી મોહ ખપવાથી જે ફળ મેળવવાનું તેજ ફળ મોહ શમાવવાથી મેળવે છે. અકષાય અધ્યવસાય સ્થાન અગીઆરમે ગુણઠાણે અને બારમે ગુણઠાણે સરખા છે.

પતન-ભાવને પામેલાઓ ફરી પામે છે.

જ્ઞાનાવરણીય કર્મમાં એવો ઉપશમ પણ કેમ ન માન્યો?, મોહનીય કર્મમાં ક્ષય ઉપશમ બે માન્યા છે, તેમ જ્ઞાનાવરણીય કર્મમાં બે કેમ ન માન્યા? શમાવવાથી અને ખપાવવાથી ફળ જ્ઞાનાવરણીયમાં માની લ્યો? તો કહે છે જ્ઞાનાવરણીયમાં શમાવવાનું હોય નહિ તેથી જ્ઞાનાવરણીયના એજ ભાવ. મોહનીયના ત્રણ ભાવ ઉપશમ ક્ષયોપશમ ને ક્ષય. તે ત્રણ જ્ઞાનાવરણીયના ન માન્યા કારણ એ છે કે મોહનીય ખપાવાનો વખત કાચી બે ઘડી વખત તે વિસામામાંજ નિકળી જાય છે. જ્ઞાનાવરણીય ખપાવવાનો વખત પુરો થાય ત્યાં તો મોહનીયનો ઉપશમ થાય. અને જ્યાં વિસામો લ્યો ત્યાં તો જ્ઞાનાવરણીયનો ઉપશમનો વખત આવે તે પહેલાં મુહૂર્ત પુરી થાય છે. તેમ સમ્યક્ત્વ ઉપશમનો ઘરનું આવે તો બે ઘડી પુરી થાય તો ફટ ખસે છે. તેથી જ્ઞાનાવરણીયને ઉપશમ કરવાનો વખત આવતો નથી. જ્ઞાનાવરણીય કર્મ ઉપર જેને હલ્લો લઇ જવો હોય, તેણે મોહ ઉપર પ્રથમ હલ્લો લઇ જવો પડે છે. ચોથે ગુણઠાણે સામાન્ય જ્ઞાન થયું હતું તે મોહનીયના ઉપર હલ્લો લઈ ગયા પછીજ છે. કારણકે ચોથે ગુણઠાણે આવ્યો ત્યારે દર્શન મોહનીયની ત્રણ, અનંતાનુબંધી ચાર પ્રકૃતિ, સાત પર હલ્લો લઇ ગયો તો સામાન્ય જ્ઞાન થયું. વિશેષ જ્ઞાન ચારિત્ર મોહનીય કર્મને તોડયું ત્યારેજ કેવળ જ્ઞાન થયું. આથી જ્ઞાનને રોકનારી પ્રકૃતિ જ્ઞાનાવરણીય, પણ જ્ઞાનાવરણીયનો નાશ ચારિત્ર મોહનીય કે મોહનીયના નાશ વગર થનોજ નથી. આથી ચોથે ગુણઠાણે જે જ્ઞાન અને ચૌદમે જે જ્ઞાન તે બે વચ્ચે ચારિત્ર મોહનીયના નાશનું આંતરૂં છે. આથી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ તે મોહનો નાશ કરવાનો ઉપાય બતાવે છે. અહીં ક્ષાયોપશમિક ભાવની ક્રિયા કેમ પકડી?, સમ્યક્ત્વ આવી ગયા પછી પડી ગયો હોય તો પણ સમ્યક્ત્વ પામે, પામે, અને પામે છે. બીજી વખત ક્ષાયોપશમિક જ્ઞાન પામે, પામે, અને પામે. ક્ષાયોપશમિક ભાવે જ્ઞાન સમ્યક્ત્વ ચારિત્ર. જાય તો પણ ફેર મળે. ત્રણે વસ્તુ ક્ષાયોપશમિક ભાવે આવી જાય તો ફેર મળે છે. તો અહીં એકલી ક્રિયા કેમ લો છો?, એકલા ક્રિયામાં કેમ જાઓ છો?, ક્રિયામાં કેમ ગયા?, ક્રિયામાં વધારે શું?, ક્રિયા લેવાનું કારણ ક્ષાયોપશમિક અને ક્ષાયિક કેમ બને છે?, તે આવી રીતે ક્રિયામાં વધારે જોર દેવાનું કારણ શું?, તે અધિકાર અગ્રે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૭.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. ક્રિયાથી થતાં ફળને જ્ઞાનવાદિઓ જ્ઞાન સાથે ઘટાવવા જાય છે, અને જ્ઞાનથી થતાં ફળને ક્રિયાવાદિઓ ક્રિયા સાથે ઘટાવવા જાય છે; તેથીજ વિરોધ આવે છે, માટે તે બન્નેના (ઉભયવાદના) દૂષિત અંશોને સમજતાં શીખો.

૨. ફળ-પ્રાપ્તિમાં સમગ્ર ફળ ક્રિયાનું નથી, અને સમગ્ર ફળ જ્ઞાનનું પણ નથી.

૩. હેયને છાંડવાથી થતું ફળ, અને આદરણીયને આદરવાથી થતું ફળ; એ બંન્નેને જ્ઞાનથી થતાં ફળ સાથે લગાડી શકાયજ નહિ.

૪. જ્ઞાનના પ્રકાશન-સ્વભાવથી થવાવાળો વિવેક એ ક્રિયાના ફળ સાથે લગાડી શકાયજ નહિ.

૫. જ્ઞાનને પ્રકાશક, તપોધર્મને કર્મનો નિર્જરક, અને સંયમને આવતાં-કર્મનો રોધક છે; આ રીતિએ ત્રણના મીલનમાં શાસન—માન્ય—મોક્ષ થઇ શકે છે.

૬. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ થતોજ નથી.

૭. જ્યાં સમ્યક્‌જ્ઞાન છે ત્યાં ક્રિયા હોય પણ ખરી, અને ન પણ હોય.

૮. સમ્યક્‌જ્ઞાનવાળો જીવ અવિરતિ હોય, અને તેને શાસનમાન્ય-વિરતિ-વિપક્ષક-ક્રિયા હોતી નથી.

૯. વિરતાવિરત-ક્રિયાવાળાને જરૂર સમ્યક્‌જ્ઞાન હોય છે.

૧૦. જૈન શાસને જ્ઞાન પૂર્વકની ક્રિયા માની છે.

૧૧. સૂત્રમાં સમ્યગ્‌ દર્શનીને કોઇ જગોએ અજ્ઞાની કહ્યા નથી, છતાં "પૂર્વલાભે મજ્ઞનીયમુત્તરં" એ પંક્તિના પરમાર્થને સમજતાં શીખો.

૧૨. "પૂર્વલાભે મજ્ઞનીયમુત્તરં" આ પંક્તિમાં રહેલા પદોના પરમાર્થને જાણનારો કહી શકે છે કે સમ્યગ્‌દર્શન હોય ત્યાં સમ્યક્‌જ્ઞાન ન પણ હોય.

૧૩. આત્માની પરિણતિના સીધા સંબંધને સમજતાં શીખો.

૧૪. કર્મની નિર્જરાનું ધોરણ જ્ઞાનની અધિકતા ઉપર નથી.

૧૫. કર્મની નિર્જરા સાથે જ્ઞાનનો અન્વય-વ્યતિરેક માની શકાતો નથી.

૧૬. અકામ—નિર્જરાનો આધાર આત્માના પરિણામ સાથે છે.

૧૭. તથાભવ્યત્વની એવી વિચિત્રતા છે કે તીર્થંકરના સમાગમમાં પણ જીવ પરિવ્રાજક બને છે, અને તેજ જીવ સામાન્ય આચાર્યના સમાગમમાં તીર્થંકરપણાનું કર્મ બાંધે છે.

૧૮. દુષ્કૃતનું નિન્દન, સુકૃતનું અનુમોદન, ચારશરણનું સ્વીકરણ; એ ત્રણનું સેવન કરવાથી તથાભવ્યત્વ પરિપકવ થાય છે.

૧૯. મિથ્યાદૃષ્ટિઓને અકામ-નિર્જરા થવી એ અસંભવિત છે.

૨૦. "જ્ઞાન સારૂં તેમ ક્રિયા સારી"

આ માન્યતામાં મતભેદ નથી, અને એથીજ જૈન શાસને જ્ઞાનનો સ્વીકાર કરેલો છે.

૨૨. દર્શન—જ્ઞાન—ચારિત્રને પ્રાપ્ત કરવામાં, અને તેને આવરણ કરનારા કર્મોના ક્ષયોપશમ કરવામાં ક્રિયાની અનિવાર્ય જરૂર છે.

૨૩. 'અનુકંપાથી દોરાયો અને સમ્યક્ત્વ પામ્યો' આ પ્રસંગને સમજતાં શીખો.

૨૪. સારા સંસ્કારોનું સુંદર ફળ શું?

૨૫. અનુકંપાના વિરોધમાં ભારે-કર્મિપણું જવાબદાર છે.

૨૬. શુભાશુભ-પરિણામ ઉપર પુણ્ય-પાપનું નિયમન કરતાં શીખો.

૨૭. જેઓને જ્ઞાન નથી, અને શાસ્ત્રોની સમજણ નથી; તેવાઓના સમાગમમાં રહેનારને નુકશાન ભોગવવું પડે છે.

૨૮. રત્નત્રયીના આવિર્ભાવ માટે ધાર્મિક-ક્રિયા એ અમોઘ સાધન છે.

જૈનશાસન-માન્ય-મોક્ષ.

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય-પ્રાણીઓના ઉપગારને માટે શ્રીજ્ઞાનસાર-અષ્ટકની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં જીવન ટકાવવા માટે જ્ઞાનની જરૂરીયાત સ્વીકારી છે. તેમજ શાસનની સ્થાપના, પ્રવૃત્તિ; અને ટકવું તે ત્રણે જ્ઞાન ઉપર નિર્ભર હોવાથી જ્ઞાન બીજીજરૂરી છે, તેમ કહી શકાય તેમ નથી. જ્ઞાનની જરૂરીયાત દરેકે સ્વીકારી છે. ક્રિયાવાદી પણ જ્ઞાનની જરૂર નથી તેમ બોલતો નથી. જ્ઞાનવાદી ક્રિયાને ગૌણ કરે છે, તેમ ક્રિયાવાદી જ્ઞાનને ગૌણ કરે છે. સામાન્યથી આપણે આગળ જોઈ ગયા કે બંનેપક્ષનું ખંડન કરે તે દુર્નય, અને સ્વપક્ષનું મંડન કરે તે નય. જે સમગ્ર નયપુરસ્સરનું પ્રમાણ વાક્ય તે જૈન વાક્ય છે, અને તે જ્ઞાનને સફળ માનવું તેમાં વિરોધ નથી. જ્ઞાન પ્રકાશ્ય-વસ્તુનો પ્રકાશ કરે તેમાં જ્ઞાનવાદિથી કે ક્રિયાવાદીથી એક પણ ફેરફાર થાય તેમ નથી. જ્ઞાનવાદી જ્ઞાન પુરતું ફળ ન લેતાં સમ્યક્ ફળ લઈ લે છે. જગતમાં જે ફળ થાય છે તે જ્ઞાનથી થાય છે, અને હેયને છાંડવાથી થએલું ફળ, અને આદરણીયને આદરવાથી થએલું ફળ પ્રકાશક-જ્ઞાનને લગાડો, ત્યારે મુશ્કેલી પડે છે. તેમ ક્રિયાવાદી પણ પ્રકાશક-જ્ઞાન સાથે હેયાદિકનું ફળ માને છે. પ્રકાશન-રૂપ ફળ જ્ઞાનનું માનીએ, અને અનિષ્ટ નિવારણ-ઇષ્ટ-ફળની પ્રાપ્તિ એ ક્રિયાનું ફળ માનીએ તો બંનેમાં વાંધો આવતો નથી. સમગ્ર ફળ જ્ઞાનનું કે ક્રિયાનું માનીએ તો ચાલે નહિં. આથી બંને કહેલા શ્લોકોનો બીજો પાદ વાંધાવાળો હતો, એટલે "विज्ञप्तिः फलदा-पुंसां न क्रिया फलदा मता।" આ પાદના અર્થમાં ક્રિયા એ ફળને દેવાવાળી નથી, આથી ક્રિયાના ફળનો અપલાપ કર્યો તેમાં વાંધો હતો. તેમ 'क्रियैक फलदा पुंसां न ज्ञानं फलदं मतं" આ પાદના અર્થમાં જ્ઞાન એ ફળ દેવાવાળું નથી. છાંડવા લાયકને છાંડવાથી થતું જે અનિષ્ટના નિવારણનું ફળ તે ક્રિયાએજ કર્યું છે; માટે ક્રિયા ફળ દેવાવાળી છે તેમાં વિવાદ રહેત નહિં, પણ "न ज्ञानं फलदं मतं" એ બીજા પાદના ઉત્તરાર્દ્ધમાં જ્ઞાનફળ દેવાવાળું નથી, એવું જે કહ્યું તેમાં વાંધો છે. પ્રકાશનરૂપી ફળ જ્ઞાનનું જ છે, અને પ્રકાશન-સ્વભાવને અંગે જ્ઞાન ફળવાળું છે. ઇષ્ટ પ્રાપ્તિને અંગે અને અનિષ્ટ નિવારણને અંગે ક્રિયા ફળવાળી છે. આ વાત સૂત્રકારે ધ્યાનમાં રાખીને "नाणं पयासगं" જ્ઞાન પ્રકાશક ફળરૂપે મળે, "सोहओ तवो" એટલે આત્મામાં પહેલાંના લાગેલાં કર્મો તેને શોધવાવાળો તપોધર્મ આવી જાય, અને નવા આવતાં કર્મોથી બચાવનાર સંયમ પ્રાપ્ત થાય; અને આ ત્રણેનો જ્યારે સંયોગ થાય ત્યારેજ જૈન—શાસનમાં મોક્ષ થાય છે એવું કથન છે. તેથીજ ત્રણના સંયોગમાં "मोक्खो जिणसासणे भणिओ" એમ કહ્યું છે.

સમ્યગ્દર્શન છે, ત્યાં સમ્યક્જ્ઞાન છે.

જ્ઞાન પ્રકાશનરૂપે ક્રિયાથી થતાં કર્મને ખપાવવામાં, અને આવતાં કર્મને રોકવામાં ફળવાળું હોવાથી ઉપયોગી છે, માટે જૈન-શાસનમાં એકલું જ્ઞાન કે એકલી ક્રિયા ફળદાયી કે મોક્ષમાર્ગ તરીકે ટકતી નથી; અને એવાર કોઇ દિવસ જૈન-શાસન મોક્ષ આપતું નથી. આટલું છતાં પણ શાસ્ત્રકારો જ્ઞાનને પ્રકાશન રૂપે ઉપયોગી માનીને, અને તપ-સંયમને કર્મ તોડનાર તથા રોકનાર માનીને જણાવે છે કે પરમ પ્રાપ્તિ તો ક્રિયાથીજ છે. જેને જ્ઞાન છે તેને ક્રિયા હોય પણ ખરી અને ન પણ હોય, પણ જ્ઞાનવાળો જીવ એ ચોથે અવિરતિ=અસંયતિ પણ હોય. ક્રિયાવાળો હોય તે જરૂર જ્ઞાનવાળો હોય છે. જૈન શાસને ક્રિયા જ્ઞાન પૂર્વકની માની છે આ વાત સહેલાઈથી સમજવી હોય તો "**सम्यग्-दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः**" એ સૂત્રમાં ભાષ્યકાર જણાવે છે કે ચારિત્ર હોય કે ન પણ હોય પણ સમ્યગ્જ્ઞાન છે, ત્યાં દર્શન જરૂર છે, પરંતુ જ્યાં ચારિત્ર છે ત્યાં સમ્યગ્ દર્શનને જ્ઞાન જરૂર છે. અહીં જ્ઞાન ક્રિયાનો વિકલ્પ કબુલીશું પણ સમ્યગ્-જ્ઞાન ત્યાં સમ્યગ્ દર્શન જરૂર હોય તે વિકલ્પમાં સમ્યગ્-જ્ઞાનને દર્શન માનવામાં અડચણ નથી પણ સમ્યગ્જ્ઞાન છે, ત્યાં દર્શનનો નિયમ રાખ્યો.

સમ્યક્જ્ઞાનથી કયું જ્ઞાન ?

સૂત્રમાં કોઈપણ જગો પર સમ્યગ્ દર્શનને અજ્ઞાની કહ્યા નથી, સમ્યગ્દર્શની તે નિયમતઃ નાણી છે, એટલે નક્કી નાણી છે શાસ્ત્રકારોએ સમ્યગ્દૃષ્ટિને નિયમિત જ્ઞાની કહ્યા, તો પછી તમે અહીં વિકલ્પ કેમ કર્યો ? અને આવો વિકલ્પ પણ તમે ભાષ્યકારના નામે જણાવ્યો—"**पूर्वलाभे भजनीय मुत्तर, उत्तरलाभे नियतः पूर्वः**" જ્યારે આ ભાષ્યકારના કહેવા પ્રમાણે વૈકલ્પિક વ્યાખ્યા માનીએ તો સૂત્રનો વિરોધ આવે છે. સમ્યગ્દૃષ્ટિ તેજ જ્ઞાની અને જ્ઞાની તે સમ્યગ્દૃષ્ટિ હોય આ સ્થાન પર જે કહ્યું છે, તે બન્ને વાતો વિરોધવાળી કેમ કહેવાશે, વાત ખરી છે, પણ સૂત્રકારોએ જે જ્ઞાન શબ્દ લીધો છે, તે સમ્યગ્જ્ઞાન પરત્વેનો શબ્દ લીધો છે. શ્રદ્ધા યુક્ત જ્ઞાન ચાહે અલ્પમતિશ્રુત જ્ઞાન હોય પણ તે શ્રદ્ધાવાળું છે. સૂત્રકારે જ્ઞાન શબ્દથી માત્ર બોધ લીધો છે. બોધ માત્ર સમ્યગ્દૃષ્ટિને હોય, એટલે તેમને કુત્સિત બોધ ન હોય. સમ્યગ્બોધ હોય તે રૂપે જ્ઞાન ચોક્કસ જણાવ્યું કે સમ્યગ્દૃષ્ટિ હોય તે જ્ઞાનીજ હોય છે. અહીં જે તત્ત્વાર્થ સૂત્રકારે **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्ष मार्गः** । એ સૂત્ર કહ્યું છે. ત્યાં તે સૂત્રમાં જે જ્ઞાન લીધું છે તે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થતું નવીન વિશિષ્ટ જ્ઞાન, જે **सत् संख्यादिक** નિર્દેશ વિગેરેથી થતું જ્ઞાન તે જ્ઞાન અહીં સમ્યગ્-જ્ઞાનથી લીધું છે સદ્સંખ્યા-આદિક નિર્દેશદ્વારા એ જીવાદિકનું થતું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ થયો હોય, અને ન પણ થયો હોય તેવું જ્ઞાન જે થાય છે તે હોય. માસતુસાદિકની માફક થવાવાળું જે જ્ઞાન તેને અંગે વૈકલ્પિક પણું જણાવ્યું છે. ત્યાં જ્ઞાનની શુદ્ધતાને અંગે અહીં સદાદિકદ્વારાએ થવાવાળું જ્ઞાન લીધું છે, તેથી ત્યાં નિયમિત અને અહીં વૈકલ્પિક રહે તેમાં અડચણ નથી. આ વાત તત્ત્વાર્થ સૂત્ર પરત્વે કરી છે, તે વાત ધ્યાનમાં રાખવી.

આત્મની-પરિણતિનો સીધો સંબંધ.

શ્રીઉત્તરાધ્યયન-સૂત્રમાં ચોખ્ખું જણાવ્યું કે "**न नाणिस्स**" ઈત્યાદિપદોથી સમ્યક્ત્વ વગર સમ્યક્જ્ઞાન નહીં, અને સમ્યક્જ્ઞાન વગર સમ્યક્ચારિત્રગુણ નહિં. આ વૈકલ્પિક વ્યાખ્યાન શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં સૂચવ્યું છે. ભગવાન શ્રીહેમચંદ્રસૂરિજી કહે છે કે બીજા મતમાં શું બને છે ?, તે જોવાનું નથી; જૈન શાસનમાં તે ચાલતું જ નથી. કોઇક મોટા મનુષ્યે સરલતાથી અજુગતું કહી દીધું, છતાં પણ જૈન શાસનમાં શ્રી ગૌતમસ્વામી સરખાને માફી માંગવાનું થાય છે. એક બીજામાં ચેલાઓ મળે, અને કહે કે "અમારા ગુરૂએ આમ કહ્યું છે માટે સાચું છે." ગુરૂનું અયોગ્યપણું કહેવા છતાં "ગુરૂએ કહી દીધું છે," તેવું હે ભગવાન તમારા શાસનમાં પકડી ખાતાનો ઉપદ્રવ બીજામાં છે, પણ તે આગ્રહીપણું જૈન-શાસ-

નમાં નથી. તેમ શ્રીઉમાસ્વાતિજી મહારાજે વગર વિચાર્યે કહ્યું હોય તેમ નથી, માટે ઉત્તરાધ્યયનની ગાથા જણાવી. એ વાત એટલેજ રહેવા દો. હવે મૂળ અધિકારમાં આવો. જ્યાં ચારિત્ર છે ત્યાં સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌-દર્શન જરૂર છે. સમ્યગ્‌-ચારિત્ર છે ત્યાં તે બે જરૂર હોય છે, આથીજ ઊંચી કોટી ક્રિયાની છે. જેને માટે નિયમ હોય તે ઉંચી ચીજ માનવી પડે છે. જેમ પ્રથમ કહ્યું હતું કે ચોથાને ચૌદમાં ગુણઠાણા વચ્ચે ફરક હોયતો તે ક્રિયાનો છે. તેમજ અહીં પણ ચોથાને છઠ્ઠાને સાતમા વચ્ચે ફરક હોયતો તે પણ ક્રિયાનો છે. ક્રિયાને અંગે કર્મ-બંધની વચ્ચે તીવ્રતા અને મંદતા રહે છે. ક્રિયામાં વર્તતા આત્માના પરિણામથી કર્મ બંધનો વિચાર ફકત જ્ઞાન ઉપર રહી શકે નહિં. જ્ઞાન વધારે હોય તેમ વધારે કર્મ બાંધે તેમ કહી શકતા નથી, અને એમ કહીએ તો કેવળજ્ઞાનીને વધારે કર્મ બંધ માનવો પડશે. જેમ જ્ઞાન ઓછું તેમ કર્મ ઓછું, તેમ પણ માની શકતા નથી; કારણ કે એકેન્દ્રિયને ઓછું બાંધ-વાવાળા માનવા પડે છે, અને વધુ જ્ઞાનવાળા પંચેંદ્રિય કોઇ નરકે જાય નહિં તેમ માનવું પડે છે. જ્ઞાનને કર્મ સાથે એકે પ્રકારનો સંબંધ રહેતો નથી. કર્મની નિર્જરા સાથે જ્ઞાનનો અન્વય વ્યતિરેક રાખીએ તો જેમ જ્ઞાન વધારે તેમ નિર્જરા વધારે, અને જેમ ઓછું તેમ નિર્જરા ઓછી માનવી પડે. બારમે ગુણઠાણે ગએલા જીવો તે મતિશ્રુત જ્ઞાનવાલા હોય તે તેરમે ગુણઠાણે જરૂર જવાના હોય છે કર્મની નિર્જરાનું ધોરણ જ્ઞાનની અધિકતા ઉપર રાખતા નથી. જો જ્ઞાનની અધિકતા ઉપર ધોરણ રાખીએ તો દેવતા ત્રણ જ્ઞાનવાળા તે અવિરતિ રહેવા જોઇએ નહિ; આથીજ જ્ઞાનની અધિકતાએ નિર્જરાની અધિકતા, અને જ્ઞાનની મંદતાએ નિર્જરાની મંદતા કહી શકીએ તેમ નથી. કર્મ બંધ સાથે કે કર્મ નિર્જરા સાથે જ્ઞાનનો અન્વય વ્યતિરેક લઈ શકીએ તેમ નથી. ૭૦ બાંધવાવાળો અને અંતઃ કોટા કોટી કરવાવાળો પણ અજ્ઞાની હોય, અગર ચાર જ્ઞાનવાળા હોય તોપણ અંતઃ કોટા કોટીમાં બંધ કે નિર્જરા સાથે સીધો સંબંધ જ્ઞાનની તીવ્રતા મંદતાને રહેતો નથી, પરંતુ સંબંધ આત્માની પરિણતિનો છે.

ત્રણ વાનાં કરવાથી તથાભવ્યત્વ પરિપકવ થાય છે.

જ્ઞાન હોય તો પરિણતિ આવે સૂક્ષ્મ-નિગોદમાંથી બહાર નિકલ્યો ત્યાં માત્ર આત્મના પરિણામ તેવા થવાને અંગે જ્ઞાનનો ફરક પડયો નથી. આત્માના પરિણામ તેવા થયા તેથી ઊંચે આવ્યા. આગળ જતાં અકામ-નિર્જરા આગળ કરીએ છીએ ત્યાં જ્ઞાનને પ્રવેશ થવાનો વખત નથી. અકામ નિર્જરા માત્ર આત્માના પરિણામ ઉપર આધાર રાખે છે, અને અશુભ પરિણામ ન થાય તેથી તે ચઢયો. હવે સકામ નિર્જરાના વિચારમાં આવીએ. હવે તે સકામ નિર્જરા તો જ્ઞાને લીધે ખરી કે નહિં ?, કહેવું પડશે કે તથાભવ્યત્વથી તેટલો ચઢયો. અહીં એકે જીવ એવો નથી કે જે અનંતી વખત તીર્થંકરના સંજોગમાં નથી આવ્યો, તો પછી અત્યારે પ્રમાદી સરાગી સકષાયી એવા સાધુઓ પાસેથી શું મેળવવાના હો ? ત્યાં સમાધાન આપે છે કે તીર્થંકર મહા-રાજથી ન થયું, તે આવા સાધુ પાસે તથાભવ્યત્વ પરિપકવ થઈ જાય. શ્રીઋષભદેવ પ્રભુ સરખાના સંજોગમાં આવેલો મરીચિ જેવો તીર્થંકરનો જીવ પરિવ્રાજક થાય, અને સામાન્ય આચાર્યના સમાગમમાં તીર્થંકર-પણું પ્રાપ્ત કરે છે. જ્ઞાન ઉપર એકેન્દ્રિયપણામાં નિર્જરાનો આધાર રાખ્યો ન હતો. કેટલાક જીવો નિગોદનું કર્મ બાંધે, અને નિગોદમાં જાય, અને કેટલાક જીવો બહાર નિકલ્યા. પૃથ્વીકાયમાં જે જીવો આવ્યા તેમાંથી કેટલાક જીવો બહાર આવે છે તે માત્ર પરિણ-તિની શુદ્ધતાથી, અને તે તથાભવ્યત્વના પરિપકવથી થાય છે. તે તથાભવ્યત્વ પરિપકવ કેમ થાય છે ?, શાસ્ત્રકાર કહે છે કે જો તમે રહસ્ય સમજી શકતા હો તો તથા-ભવ્યત્વ પરિપકવ કરવા માટે અરિહંત, સિદ્ધ, સાધુ, અને તેમણે કહેલો ધર્મ એ ચારનું શરણ, જે જીવોએ પૂર્વે પાપ બાંધ્યા હોય તેની નિંદા, અને સુકૃત કર્યા હોય તેનું ખૂબ અનુમોદન; આ ત્રણ વાનાં કરવાથી તમારું તથાભવ્યત્વ પરિપકવ થશે.

કર્મના ક્ષયોપશમાદિની અસલી જડ.

કર્મનો બંધ ક્રિયાને જ્ઞાન ઉપર નિર્ભર નથી, પણ ક્રિયા ઉપર નિર્ભર છે. જેવી નિર્જરાની ક્રિયા કરો તેવી નિર્જરા થાય, પરંતુ મિથ્યા દૃષ્ટિઓને અકામ નિર્જરા થવી પણ અસંભવિત છે. આ બધી અસંભવિત નિર્જરાથી અકસ્માત્ આત્માની પરિણતિ પલટાઇ જાય તેથી અકામ નિર્જરા થાય. સકામ નિર્જરામાં જ્ઞાનનો સીધો સંબંધ નથી. પાંચમે ગુણસ્થાનકે રહેલો માત્ર અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનવાળો હોય, જ્યારે ચોથા ગુણસ્થાનક કરતાં જીવ અસંખ્યાતગણું નિર્જરે છે. આથીજ સંવર નિર્જરા એ બે મોક્ષના કારણો છે, તેનો સીધો સંબંધ ક્રિયા સાથે જોડાયેલો છે. ક્રિયા કઇ ?, જેમ જ્ઞાન સારૂ તેમ ક્રિયા સારી. આથી જ્ઞાનકારે બીજા કારણોની સાથે જ્ઞાન માન્ય રાખીને ક્રિયાને બળવત્તર કહી છે. બીજી વાત જ્ઞાન-દર્શન ચારિત્ર તે બધા થવાના કોથી ?, જેમ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી ચારિત્ર થાય છે, અને જેમ આ વાતમાં મતભેદ નથી, તેમ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જ્ઞાનથી થવાનો કે ક્રિયાથી ?, દર્શન મોહનીયનો ક્ષયોપશમ અને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ જ્ઞાનથી થવાનો કે ક્રિયાથી થવાનો ? કહેવુંજ પડશે કે દર્શન મોહનીયનો ક્ષયોપશમ, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ; અને ચારિત્ર-મોહનીયનો ક્ષયોપશમ એ ત્રણે પણ ક્રિયાથીજ થાય. કર્મના ક્ષયોપશમાદિની અસલી જડ ક્રિયામાં છે.

અનુકંપાનું ફળ.

કોથી ચારિત્રરૂપ જ્ઞાનમયની પ્રાપ્તિના કારણો બતાવ્યા. અનુકંપા એ પણ દર્શન-પ્રાપ્તિનું કારણ છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનું કારણ અનુકંપા છે. દ્વારકા નગરીમાં બે વૈદ્ય હતા. તે બેમાં એક વૈદ્ય મિથ્યા-દૃષ્ટિ હતો, અને એક સમ્યગ્દૃષ્ટિ વૈદ્ય હતો. સમ્યગ્દૃષ્ટિ વૈદ્ય સાધુનું સાધુપણું કેમ જળવાય તેમ ધારીને ઔષધ કરવાનો વિચાર કરે છે. એમનો આચાર કેમ જળવાય તેમ દવા કરું એવી ભાવના રાખે છે મિથ્યા-દૃષ્ટિ શું કહે છે કે મારી ધારણાને અનુકૂળ દવા કરો. આ બેની જુદી ધારણા છે. એવામાં પેલો સમ્યગ્દૃષ્ટિ વૈદ્ય અંતઃસમયે તે પરિણામથી ચ્યુત થયો, અને મિથ્યા-દૃષ્ટિ થઈ મરીને જંગલમાં વાંદરો થયો. જંગલમાં તે વાંદરો ભટકે છે તેવામાં સાધુઓ વિહાર કરતાં જાય છે, તેવામાં સાધુને કાંટો-શલ્ય વાગ્યો. પેલો શલ્યવાળો સાધુ જ્યાં પડ્યો છે, ત્યાં વાંદરો કુદતો કુદતો આવ્યો. વાંદરાને જાતિસ્મરણથી સાધુનું શલ્ય ધ્યાનમાં આવ્યું. આ બિચારો દુઃખી થાય છે, માટે આરામ કરું. જાતિ-સ્મરણથી જંગલની જડીબુટ્ટી લાવ્યો, અને તે વાંદરાની મહેનત થકી શલ્ય નિકળી ગયું. હવે તે વાંદરો જમીન પર અક્ષર લખી જણાવે છે. કે પહેલા ભવનો હું ફલાણો વૈદ્ય હતો, અને પછી તે વિચારીને તે વાંદરાને (પૂર્વના વૈદ્યને) સાધુ ઉપદેશ આપે છે શલ્યવાળા સાધુને દેખીને અનુ-કંપાથી દોરાયો તો સમ્યક્ત્વ પામ્યો. અનુકંપાના વિરોધીઓ અત્યંત ભારેકર્મી છે સૂત્ર-વિરોધિ-આગ્રહી-ઓએ તે સસલાની અનુકંપાનું ફળ મેઘકુમારને ન મલ્યું, પણ તે સસલાની અહિંસા થકી તેનું ફળ તેને થયું છે; એમ જણાવે છે. તો પછી આખા જગતની અહિંસા થઈ છે એમ માનવું પડશે. ખરી વાત તો સસલાની અનુકંપા સસલાને બચાવવામાં રહેલી છે.

રત્નત્રયીનો આવિર્ભાવ શાથી ?

અહીં સમ્યક્ત્વ રત્ન મલ્યું નથી તેથી ભાવદયા સુધી પહોંચે કે શી રીતે ? બિચારા અકલ્પ્ય વસ્તુને પોતાના મત વિરૂદ્ધ હું શું બોલું છું તેનું તેને ભાન નથી દયા ઉઠાવવા માટે તમને કલ્પિત ચિત્રો બતાવવા છે, અને દયા સ્થાપવા માટે નથી આવડતું ?, તો તેં તારા સાધુને લાડુ વહોરાવ્યા. તે લાડુ લઈ વેશ્યાને ત્યાં જઈ લાડુ આપી વેશ્યા ગમન કર્યું તો પછી આપનારને શું પાપ લાગે ?, તો તું આપનારના પરિણામ તેવા ન હોવાથી પાપ બંધાતું નથી એમ ત્યાં માને છે. જેનામાં જ્ઞાન નથી, શાસ્ત્રોની સમજણ નથી, તેવાઓને ત્યાં જાય તો પરિણામ શું આવે ?, ધ્યાન રાખજો કે કદી બે પૈસા તેઓની મદદથી મળશે, પણ ભવાંતરમાં દુર્ગતિ આદિ

ખરાબ સંયોગોમાં આત્મા કુટુંબાદિકને મળશે. ઉત્સૂત્રભાષીને દેખ્યું કલ્પે નહિ; અને દેખવાનો પ્રસંગ આવે તો મેં ઢાંકી દેવું જોઇએ એ કુલીન સ્ત્રી વેશ્યા વાડો જોવા જાય ખરી ? નહિ. વેશ્યા વાડો જોવો જવાય નહિ, તેમ વેશ્યા વાડે ન જાય. નાટક જોવા તે વિરતિને હણશે, અને આ સમ્યક્ત્વ ધરમને હણશે. આત્મ-કલ્યાણ કરતાં સગાંવહાલાનો સંબંધ શું વધારે ગણો છો ? એનો ગુરુ જે જણાવે છે તેની પાસે સાંભળવારમે ખુલાસો કરવા કહું છું. કોઇપણ જ્ઞાનને ઉત્પન્ન કરવા માટે જ્ઞાતવરણીયનો ક્ષયોપશમ કારણ છે, પણ ત્રણેનું જે કારણ વિચારીએ તો ધાર્મિક જ્ઞાનને અંગે ક્રિયા તેથી ઉપવાસ, દર્શનને અંગે ભક્તિ પાલવી, અને ચારિત્રને માટે પણ ક્રિયા કહીજ છે; માટે ત્રણેનો આધાર શાસ્ત્રોક્ત ક્રિયાજ છે. હવે તે કેવી રીતે ?; તે અધિકાર અગ્રે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૮.

૧. ચારિત્ર-મોહનીયના ક્ષયોપશમથી પાંચમે ગુણસ્થાનકે દેશવિરતિ; અને છઠ્ઠે ગુણસ્થાનકે સર્વ વિરતિ શરૂ થાય છે.

૨. બારમે ગુણસ્થાનકે અને તેરમે ગુણસ્થાનકે ચારિત્ર સંપૂર્ણ છે.

૩. "ચારિત્ર સંપૂર્ણ છે, છતાં મોક્ષ કેમ થતો નથી ?," આ પ્રશ્નના પ્રત્યુત્તરને પૂર્ણરીતિએ સમજતાં શીખો.

૪. મોહનીય-કર્મના સર્વથા ક્ષયજન્ય ચારિત્ર એ બારમે ગુણસ્થાનકે, અને તેરમે ગુણસ્થાનકે છે.

૫. મોહનીય-કર્મનો સર્વથા ક્ષય થયાં છતાં મોક્ષ રોકનાર કોણ ?

૬. મોહનીય-કર્મનો ક્ષય થયા છતાં સર્વ-સંવર-ચારિત્રના અભાવમાં મોક્ષ થતો નથી. એ સમજતાં શીખો.

૭. "સર્વ-સંવર રૂપ ચારિત્ર" એ ચૌદમે ગુણસ્થાનકેજ આવે છે.

૮. મન-વચન-અને કાયયોગની પ્રવૃત્તિ ચાલુ હોય ત્યાં સુધી સર્વ સંવર ચારિત્ર આવતું જ નથી.

૯. સયોગી કેવળી મોક્ષે જઇ શકેજ નહિ.

૧૦. ત્રણ યોગની પ્રવૃત્તિ બારમે ગુણસ્થાનકે સમાપ્ત થાય છે, અને ત્યાં મોક્ષ આવે છે.

૧૧. "આંખની પાંપણ હલે ત્યાં સુધી જીવ કર્મ બાંધે છે" એ સમજતાં શીખો.

૧૨. "नमो अरिहंताणं" બોલવું એ એક અપેક્ષાએ કર્મબંધનું સ્થાન છે.

૧૩. વધારે લાભના હિસાબે અલ્પ-કર્મ-બંધ કરવાને અનુસરતો ઉપદેશ આપી શકાય છે.

૧૪. અલ્પ નુકશાન ના દાબીને શકાય, અને વધુ લાભો મળવાના હોય તે સ્થળે સર્વજ્ઞ-કથિત-ઉપદેશના દાન-વ્યવહારને સમજવાની જરૂર છે.

૧૫. જેમ જેમ રાગ વધારે હોય, તેમ તેમ નિર્જરા વધારે થાય; અને જેમ જેમ રાગ ઓછો હોય તેમ તેમ નિર્જરા ઓછી થાય.

૧૬. રાગની જેમ દ્વેષમાં પણ સમજવું, અર્થાત્ જેમ જેમ દ્વેષ વધારે તેમ તેમ નિર્જરા પણ વધારે.

૧૭. કર્મશત્રુને ભયંકર ગણો.

૧૮. કર્મ તોડનારે કર્મ પ્રત્યે શત્રુભાવ કેળવવો જોઇએ.

૧૯. અરિહંત પ્રત્યેનો નમસ્કાર તે રાગ છે.

૨૦. કર્મશત્રુને હણવામાં આવતો દ્વેષ તે દ્વેષ છે.

૨૧. પ્રશસ્ત-કષાય-પ્રત્યયિક બંધ અલ્પ છતાં, કર્મ નિર્જરા વધુ છે તે ધ્યાનમાં રાખો.

૨૨. પ્રશસ્ત-રાગદ્વેષ મોહનીય કર્મવાળાને હોય છે.

૨૩. વીજળીના ઝબકારો વાંચવામાં ઉપયોગો ન નીવડે.

૨૪. ક્ષાયોપશમિક-ભાવની ચીજો મેળવીને મુકવાની છે તો પછી ઉદ્યમ શા માટે કરવો ?

૨૫ કેટલાંક વાવેતર એક વખત વાવવાથી ઉગે છે, અને કેટલાક વાવેતર બે વખત વાવવાથીજ ઉગે છે.

૨૬. બાજરી, ઘઉં અને ડાંગરના વાવેતરના ફરક સમજો.

૨૭. ક્ષાયોપશમિક-ભાવોની ફરી પ્રાપ્તિ થયા પછી જરૂર વૃદ્ધિ થાય છે.

૨૮. ક્ષાયોપશમિક ભાવો ફરી પ્રાપ્ત કરવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગળ પરાવર્તનો કાળ કહેલો છે.

૨૯. અર્ધપુદ્ગળ-પરાવર્તકાળે પ્રાપ્ત કરનારા જીવો ઘોર આશાતના કરનારા હોય છે તે સમજો.

૩૦. ક્ષાયોપશમિક-ભાવોનું સ્વજાતપણું સમજો.

૩૧. ક્ષાયોપશમિક-ભાવ પ્રાપ્ત કરનારો સંસારમાં રહેતોજ નથી.

૩૨. ક્ષાયોપશમિક-ભાવોની પ્રાપ્તિ કરાવનાર ક્રિયા છે, તેથીજ શ્રીઉપાધ્યાયજી મહારાજ ક્રિયા જણાવે છે તેનું રહસ્ય સમજો.

બારમે અને તેરમે ચારિત્ર સંપૂર્ણ છે.

શાસ્ત્રકાર—મહારાજા—ન્યાયાચાર્ય— શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં થકાં સંસારમાં જીવનના ટકાવ માટે, નિર્વાહ માટે; અને તેના સાધનો માટે જ્ઞાનને અમોઘ સાધન રૂપે સ્વીકારેલું છે. તેમજ શાસનનું સ્થાપન કરવું, ટકવું; અને પ્રવૃત્તિઓને વેગવંત કરી દેવી એ જ્ઞાનને આભારી હોવાથી જ્ઞાન નિષ્ફળ છે તેમ કોઈ કહી શકેજ નહિં તો જ્ઞાનનયમાં ન્યૂનતા કઈ ? તેમજ કોઈપણ વસ્તુનું ફળ પ્રાપ્ત કરવું હોય તો પ્રવૃત્તિ-નિવૃત્તિ વગર ફળ મળતુંજ નથી. ઔષધની પ્રવૃત્તિથી રોગી રોગને દુર કરે છે. કૈવલ્ય થયા છતાં પણ જ્યાં સુધી સર્વ સંવર રૂપ ચારિત્ર ન આવે ત્યાં સુધી સિદ્ધિએ જવાતું નથી. એક ચારિત્ર-મોહનીયના ક્ષયકથી કે ક્ષયોપશમથી થવાવાળું ચારિત્ર એ સર્વ-સવર રૂપ ચારિત્ર છે. બીજું ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી પાંચમે ગુણઠાણેથી દેશવિરતિ, અને છઠ્ઠે ગુણઠાણેથી સર્વ વિરતિ શરૂ થાય. અગીઆરમે મોહનીયનો સંપૂર્ણ ઉપશમ થવાથી એટલે અગીઆરમે ઉપશમ ચારિત્રથી, અને મોહનીય કર્મનો સર્વથા ક્ષય થયો હોય તેવો જીવ બારમે જાય તે અવસરે ક્ષાયિક ચારિત્ર બારમે થઇ ગયું છે. બારમે ગુણસ્થાનકે ગયેલો હોય તેને ચારિત્ર મોહનીયનો લેશ પણ ન હોય. બારમાના ચારિત્રમાં, અને તેરમા ગુણસ્થાનકના ચારિત્રમાં કોઈ પણ જાતનો ભેદભાવ નથી. પરિણતિ બારમે અને તેરમે સરખી છે, કારણકે બન્ને જગોએ યથાખ્યાત ચારિત્ર છે. ક્ષાયિક-યથાખ્યાત-ચારિત્રમાં કોઇ જાતનો ફરક નથી.

સર્વસંવર ચારિત્રનો આવિર્ભાવ.

હવે તેરમાની શરૂઆતમાં ત્રણે વસ્તુ સંપૂર્ણ છે. તે ત્રણ વસ્તુ કઈ ? **सम्यग्-दर्शन-ज्ञान चारित्राणि मोक्ष मार्गः** । તેરમા ગુણસ્થાનકની શરૂઆતમાં દર્શન જ્ઞાન ચારિત્ર સંપૂર્ણતઃ ક્ષાયિક છે, એટલે એકેમાં ન્યૂનતા નથી. તેરમા ગુણસ્થાનકવાળો ક્ષાયિક સમકીતી હોય, ઔપશમિક કે ક્ષાયોપશમિક સમકિત તેરમે ગુણસ્થાનકે હોયજ નહિં. તેમ તેરમા ગુણસ્થાનકવાળો ક્ષાયિક કેવળજ્ઞાનવાળોજ હોય, તેરમાની શરૂઆતમાં ક્ષાયિકજ્ઞાન પણ છે, અને ક્ષાયિક ચારિત્ર તેરમાની શરૂ-

આતમાં છે. મોહનીયનો છાંટો ન હોવાથી ચારિત્ર સંપૂર્ણ છે, અને ચારિત્ર વિગેરે સંપૂર્ણ છે તો મોક્ષ કેમ થતો નથી ? તેરમાની શરૂઆતમાં ત્રણે સંપૂર્ણ છે, છતાં મોક્ષ નથી થતો. એટલુંજ નહિં પણ મોક્ષ થવામાં કોઇક વખત દેશોનકોડ પૂરવનું આંતરૂં થાય પણ છે, માટે કાંતો ચારિત્રમાં અગર સમ્યગ્-જ્ઞાનદર્શન-ચારિત્રમાં કંઇક વધારે થવાની જરૂર છે; કાંતો ચારિત્રમાં કંઈક ન્યૂનતા છે. અહિં દર્શન જ્ઞાન ચારિત્ર એ સંપૂર્ણ છે તો ત્યાં મોક્ષ કેમ થતો નથી ?, શંકા કરનારતા બે મુદ્દા છે. કાંતો મોક્ષ માર્ગમાં ચોથી ચીજ બતાવો, કાંતો તેરમાની શરૂઆતમાં મોક્ષ માની લ્યો. ખરી વાત છે, પણ જે તેરમે ગુણઠાણે સંપૂર્ણ ચારિત્ર તે કયું ? ચારિત્ર મોહનીયના ક્ષય જન્ય ચારિત્ર છે, પણ સર્વ સંવરરૂપ ચારિત્ર નથી. સંપૂર્ણ મોહનીયનો ક્ષય થવાથી બારમે ગુણસ્થાનકે અને તેરમે ગુણસ્થાનકે ભલે હોય, પણ સર્વ-સંવર રૂપ ચારિત્ર તેરમે ગુણસ્થાનકે આવતું નથી. જ્યારે મન-વચન-કાયાના યોગબંધ થાય ત્યારેજ સર્વ સંવરરૂપ ચારિત્ર આવે છે. મન વચન કાયાના યોગની પ્રવૃત્તિ હોય ત્યાંસુધી સર્વ સંવર ચારિત્ર આવતુંજ નથી.

ઉપદેશમાં પણ લાભાલાભનો વિચારણા.

સયોગી જીવ મોક્ષે કદાપિ જતો નથી, કારણ કે આંખની પાંપણ પણ હાલે ત્યાંસુધી જીવ કર્મ બાંધનારો છે. આંખની પાંપણ પણ હાલે ત્યાં સુધી જીવ કર્મ બંધ વગરનો નથી. તે માટે કહ્યું છે કે "जावं च०" જ્યાંસુધી ત્રણ યોગ સહજ પણ કંપે છે, ત્યાં સુધી તે ભાવે પરિણામનો પલટો આવીને કર્મ પરિણમે છે, અને ત્યાંસુધી આઠ છ સાત અને એક પ્રકારના કર્મનો બંધક છે, પણ અબંધક હોય નહિં. તો આ ઉપરથી નક્કી થયું કે મન વચન કે કાયાની પ્રવૃત્તિ કરે તેમાં કર્મ બંધ છે, છે; અને છેજ. કોઈપણ પ્રવૃત્તિ કરે તેમાં કોઈપણ જીવ કર્મ બંધ વગર રહેતોજ નથી, તો પછી તીર્થંકરનો ઉપદેશ કોઇ ક્રિયાને અંગે હોવો ન જોઇએ. એમની અપેક્ષાએ "नमो अरिहंताणं" કથન કરવું તે પણ બંધ સ્થાન છે. જો જીનેશ્વરે આમ કહ્યું છે તો પછી તેમને પુછો કે "नमो अरिहंताणं" બંધ-સ્થાન ખરૂં કે નહિં ?, શાસ્ત્રકાર કહે છે કે કોઇપણ પ્રકારે યોગોનું ચલાયમાન થવું, અને પરિણમવું તે બંધ સ્થાન છે. અને આથીજ શાસ્ત્રકાર યોગને બંધ સ્થાન તરીકે આશ્રવમાં લે છે. તીર્થંકર મહારાજે કર્મ બંધનો ઉપદેશ આપ્યો, તો "नमो अरिहंताणं" ગણવાનો ઉપદેશ આપ્યો તે બંધનું સ્થાન છે. કહેવું પડશે કે જે લુખો પ્રદેશ બંધ પણ થાય, તો તે પણ શ્રોતાઓના ચીકણા કર્મ બંધને તોડી નાંખે તેવો ઉપદેશ તીર્થંકર પણ કરે છે જેમાં યોગ પ્રત્યયિક બંધ ભલે હોય, પણ પ્રશસ્ત રાગથી ભક્તિગુણ રાગથી સમ્યગ્ માર્ગને લીધે કર્મની નિર્જરા વધારે છે. આથી તો તીર્થંકરનો ઉપદેશ છે કે પ્રશસ્ત રાગદ્વેષ કરવાની તીર્થંકરની આજ્ઞા છે એમ માની શકીશું. પ્રશસ્ત રાગદ્વેષ જો કે એ નિર્જરાનું કારણ છે, તો સામાન્ય બંધનું કારણ હોય તો પણ તીર્થંકર તેનો નિષેધ ન કરતાં ઉલટું પ્રવર્તવાનું કહે છે. આથી ગુણરાગની ક્રિયામાં, અને પ્રશસ્ત દ્વેષમાં બધામાં કર્મનો અલ્પબંધ છતાં, અલ્પ નુકશાન છતાં; વધારે લાભને અંગે વર્તવાનો હુકમ કરે છે.

રાગ-દ્વેષની વૃદ્ધિમાં અને મંદતામાં નિર્જરાની તરતમતા

આથી જે જે લાભના મોટા કારણો હોય ત્યાં અલ્પ નુકશાન ન ટાળી શકાય, તેવું હોયે, ત્યાં તીર્થંકરના હુકમને અડચણ આવતી નથી; અને તેથીજ "नमो अरिहंताणं" ગણવાનું ઉપદેશી શકે છે ઊંડા ઉતરીએ તો જેમ જેમ રાગ વધારે હોય, તેમ તેમ નિર્જરા વધારે. જેમ રાગ ઓછો તેમ નિર્જરા ઓછી. તેવી રીતે જેમ દ્વેષ વધારે, તેમ નિર્જરા વધારે, અને જેમ દ્વેષ ઓછો તેમ ઓછી નિર્જરા થાય, "नमो अरिहंताणं" ને અંગે જેમ રાગ વધારે તેમ નિર્જરા વધારે, જેમ ઓછો રાગ તેમ નિર્જરા ઓછી. વાક્ય સામન્ય રીતે

ધ્યાનમાં લઈ ખુલાસો સમજો. **नमो अरिहंताणं** માં બે વિષય એક રાગનો એક દ્વેષનો. એક પદમાં બે વિષય છે. **नमो**–જેટલી તીવ્રતાએ ભાવના રાખી નમસ્કાર કરો તેટલી તીવ્રતાએ નિર્જરા થાય. જેટલી તીવ્રતાએ ભાવના મંદ હોય તેટલી નિર્જરા મંદ. જેમ અરિહંત ઉપર તીવ્રરાગ તેમ નિર્જરા તીવ્ર, મંદ રાગ તો મંદ નિર્જરા, તીવ્ર ભક્તિ રાગ તો તીવ્ર નિર્જરા; આથી રાગની તીવ્રતા તેમ નિર્જરાની તીવ્રતા, રાગની મંદતા તેમ નિર્જરાની મંદતા. હવે તે પદમાં જેમ દ્વેષ વધારે તેમ નિર્જરા વધારે. અને જેમ દ્વેષ ઓછો તેમ નિર્જરા ઓછી. કર્મ શત્રુ હણનારને નમસ્કાર તો જેટલો કર્મ ઉપર શત્રુ ભાવ વધારે તેટલી અરિહંતની કિંમત વધારે, જેટલી શત્રુ ભાવની ઓછાશ તેટલી અરિહંતની કિંમતની ઓછાશ. દરદની રીબામણ વધારે, દરદ વધારે તેમ વૈદની કિંમત વધારે. કર્મશત્રુને જો રેગ્યુલેગ્યુ ગણેલું હોય, અને તેવાને હણ્યો હોય તો તેમાં ચણાના ઝાડથી ઠેકડો માર્યા જેવું થાય; પરંતુ આ તો કર્મશત્રુને ભયંકર ગણેલો છે, તેથીજ અરિહંતની ઉત્તમતા ધ્યાનમાં આવે છે. જેમ નિર્જરાની તીવ્રતા ધ્યાનમાં આવે, તેમ નિર્જરાની મંદતા પણ આ જગો પર ધ્યાનમાં આવે છે.

મોહનીય કર્મ તોડવાનો રસ્તો.

नमो अरिहंताणं પદ શા કામનું ? તીર્થંકર સમતાનો ઉપદેશ આપે છે કે રાગદ્વેષનો ?, તો **नमो अरिहंताणं** શી રીતે ? નમસ્કાર કરવો તે રાગ છે, અને કર્મશત્રુને હણવામાં આનંદ માનવો તે દ્વેષનું કામ છે. પ્રશસ્ત કષાય પ્રત્યયિક અલ્પબંધ હોય તો પણ નિર્જરાની લાઈન તીવ્ર છે; અને તેથી તે પણ કર્તવ્ય છે. ત્રણ યોગ ચલાયમાન છે ત્યાં બંધ છે, પણ નિર્જરાનું જબરદસ્ત સાધન હોવાથી તેનો ઉપદેશ કરે છે. પ્રશસ્ત–રાગદ્વેષાદિ મોહનીય કર્મવાળાને હોય છે, પરંતુ મોહનીય કર્મ ક્ષીણવાળાને તે રાગદ્વેષ નથી, કારણ કે તે સમદ્રષ્ટિ છે. મોહનીય કર્મ છે ત્યાંસુધી મોહનીયકર્મ તોડવાનો રસ્તો એ છે કે કર્મ તરફ શત્રુતા રાખવાનો, અને અરિહંત તરફ ભક્તિ રાખવાનો, અને આથીજ અરિહંતો નમસ્કાર ગણવાનો ઉપદેશ આપે છે.

ક્ષાયોપશમિક ભાવો મુકવા પડે છે, તો પછી ઉદ્યમ શા માટે ?,

ચૌદમે ગુણઠાણે સર્વ સંવર ચારિત્ર આવી શકે છે. ચારિત્ર મોહનીયના ક્ષયથી આવતું ચારિત્ર બારમે ગુણસ્થાનકે અને તેરમે ગુણસ્થાનકે આવી ગયું છે, પણ સર્વ=સંવરરૂપ ચારિત્ર આવતું નથી. આથી એક વાત નક્કી થઇ કે ક્રિયા-સ્વરૂપ સર્વ–સંવરરૂપ ચારિત્ર વગર કોઇ મોક્ષે જતો નથી, ગયો નથી; અને જશે પણ નહિં. આથી કોઈ ક્રિયાને નિષ્ફળ કહી શકે તેમ નથી. હવે તે જ્ઞાન અને તે બે પ્રકારના એક આવે અને ચાલ્યા પણ જાય. પરંતુ એક આવે અને જાય નહિં તે એક ક્ષાયિક ભાવનું જ્ઞાનદર્શન અને ચારિત્ર તે આવ્યા તે આવ્યા. કોઈ દહાડો જવાના નહિં તેવા જ્ઞાનાદિ ત્રણ માટે તમે અમને ઉપદેશ કરો અમે તેમાં પ્રવૃત્તિ કરીએ તે તો વ્યાજબી છે. અથવા ક્ષાયિક જ્ઞાનાદિની પ્રાપ્તિ થઇ તો તે મોક્ષ આપે તેની પ્રાપ્તિ વ્યાજબી છે, પણ બીજી જે ક્ષાયોપશમિકની પ્રાપ્તિ તે વીજળીના ઝબકારા જેવી છે. વીજળીનો ઝબકારો વાંચવામાં ઉપયોગી ન નિવડે, તેમ અહીં ક્ષાયોપશમિક જ્ઞાન દર્શન ચારિત્ર તે પણ વીજળી ! ચમકારા જેવાં છે માટે તેને અંગે ઉદ્યમ કરવો નકામો છે. અમે આખા ભવ સુધી જન્મથી સમકિતિ હોઇએ, જ્ઞાનવાળા હોઈએ, સારી પ્રવર્તિવાળા હોઇએ, જન્મતી ચારિત્રમાં લીન હોઈએ પણ સરવાળે શૂન્ય કેમ ?, આ ભવમાં અમે મોક્ષ પામવાના નથી એ વાત અંકે સો ટકા સાચી છે. જંબૂસ્વામી પછી જે જીવો છે તે સમજે છે કે આ ભવે મોક્ષપામવાના નથી, બીજે ભવે આયુષ્ય લઈ જવુંજ પડશે. દુનિયાની મિલકત કુટુંબ એ મેળવવા માટે ગમે તે પ્રયત્ન કર્યા હોય તો તે મેળવીને મેલવાનુંજ છે. જેમ જગતની સ્થીતિમાં ચાહે તે ઉન્નતિ કરી તે મેળવેલું બધું મેલવાનું, તેમ જીંદગીથી શુદ્ધ સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્રવાળા રહીએ તો પણ જીંદગીના છેડે બધું મેલવાનું છે.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૯.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. ઉપાદેયના સ્વીકારથી થતું ફળ જ્ઞાનથી થતું નથી.

૨. હેય વિભાગનો અમલ કરવાથી થતું ફળ જ્ઞાનથી થતું નથી.

૩. ઉપાદેય-હેય-વિભાગને જણાવનાર જ્ઞાન છે, તેથીજ જ્ઞાન પ્રકાશ્ય પદાર્થને જણાવવા પુરતું ફલદાયિ છે.

૪. જ્ઞાનથી સિદ્ધિ થતી હોય તો ત્રણ જ્ઞાન-પૂર્વક જન્મેલા તીર્થંકરો દીક્ષા કેમ લે છે?

૫. જ્ઞાન માત્રથી સિદ્ધિ મનાતી હોય તો વિરતિ લેવી, અને પરિષહ-ઉપસર્ગો જીતવા એ તીર્થંકર કરેજ નહિ, છતાં કરે છે; તેથી ક્રિયા-રૂપ વિરતિની જરૂર છે.

૬. અનંતા વખતના સામાયિક-પોસહની ક્રિયાઓ પ્રત્યે અણગમો થાય છે તો બૈરાં-છૈયાં-છોકરાં ધનમાલ કેટલી વખત કર્યા?

૭. સામાયિકાદિનો કરણીઓનું અનંતું કરતાં ધનમાલ મિલકત સેવનનું અનંતુ વધારે છે, છતાં વધારે અનંતા તરફ કેમ ધસો છો?,

૮. ધર્મ કરણીઓ અનંત વખત કરી છતાં ફળમાં દેવલોકાદિકની સાહ્યબી મળી છે એ યાદ રાખો.

૯. સંસારની કરણીઓ અનંતી વખત કરી છે, અને નરક-નિગોદે ગયા છતાં તે તરફ કેમ ધસાય છે?,

"क्षायोपशमिके भावे."

વિરતિ લેવી પડે છે.

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી જ્ઞાનસાર પ્રકરણને કરતાં થકાં આગળ જણાવી ગયા કે. આ સંસારમાં તેમજ જૈન-શાસનને અંગે શાસનની પ્રવૃત્તિ થવી, અને શાસનનું ટકવું યાવત્ શાસનની ઉત્પત્તિ-સંચાલનાદિ તે પણ જ્ઞાનને આભારી હોવાથી જ્ઞાન નિષ્ફળ છે તેમ કોઇથી કહી શકાય તેમજ નથી. જ્ઞાનની નિષ્ફળતા કોઈથી કહી શકાય તેમ નથી તેમ એ પણ કોઇથી કહી શકાય તેમ નથી કે જ્ઞાન માત્રથી ફળ થાય છે. જો જ્ઞાન નિષ્ફળ નથી, જ્ઞાન માત્રથી ફળ થતું નથી, તો પછી એ લેવાનું કેમ બને? જો જ્ઞાન નિષ્ફળ હોય તોજ જ્ઞાન માત્રથી ફળ થતું નથી એમ કહી શકો. વાત ખરી પણ સમજવાની જરૂર છે [illegible] ફળ લીધું તે પ્રકાશનરૂપી ફળ લઇએ છીએ. જાણવા રૂ[illegible] લઇએતો જ્ઞાનથી ખચિત્ત બને છે, પણ જાણેલા પદાર્થોને આદરવાથી થતું ઇષ્ટ ફળ, અને જાણેલા પદાર્થોને છોડવાથી અનિષ્ટનું નિવારણરૂપ ફળ બને છે તેથી, જ્ઞાન નિષ્ફળ નથી પણ સફળ છે, પણ તે કેટલા પુરતું? જ્ઞેયનો પ્રકાશ કરે તેથી જ્ઞેયનું સ્વરૂપ બતાવે તેટલા પુરતું જ્ઞાન સફળ છે. જ્ઞેય પદાર્થોમાંથી જે આદરવા લાયક પદાર્થોને આદરવાથી થતું ફળ, હેયને હેય કરવાથી થતું ફળ; અને હેયના હાણથી અનિષ્ટનું નિવારણ તથા ઉપાદેયના ગ્રહણથી થતું ઇષ્ટ સાધન તે જ્ઞાનથી થઈ શકતું જ નથી. જ્ઞાનથી પ્રકાશન થઇ જાય છે, જેમ દીવો બધી વસ્તુને પ્રકાશ કરે તેથી કચરાનું નિકળવું અગર હીરાનું મળી જવું તે દીવાના પ્રકાશ માત્રથી થતું નથી. કચરાનું નિકળવું અને હીરાનું લાવવું તે ક્રિયાથીજ થાય છે. દીવો ન હોત તો કચરો કે હીરો જણાત નહિ, માટે દીવો નકામો નથી. અંધારામાં કાંકરો હીરો બને સરખા

છે. હીરા કાંકરાનો વિભાગ જણાવનાર દીવો છે માટે જાણવા રૂપી ફળ જ્ઞાનનું છે, પણ જાણેલા પદાર્થનું ફળ દીવા માત્રથી થતું નથી, તે તો ક્રિયાથી છે. અહીં ઉપાદેયને આદરવાથી, અને હેયને છાંડવાંથી થતું ફળ જ્ઞાન માત્રથી થતું નથી. આથી જીનેશ્વર સરખાને પણ ગર્ભથી–જન્મથી પહેલાનાં ભવથી ત્રણ જ્ઞાન છે, પણ તેવા પ્રકૃષ્ટ-જ્ઞાનવાળાને વિરતિ તો અંગીકાર કરવી પડે છે.

અનંતી વખત કરવાથી શું મળ્યું ?

જો જાણવા માત્રથી ફળની પ્રાપ્તિ થતી હતે તો તીર્થંકરોને ત્રણ જ્ઞાનરૂપ બુદ્ધિ કેળવી નહિં તેમ કહેવું પડત. જો જ્ઞાન માત્રથી સિદ્ધી હતી તો તે તીર્થંકરોને વિરતિરૂપી ક્રિયા કરવાની જરૂર ન હતી. વગર જરૂરની મહેનત તીર્થંકરોએ ઉઠાવી એમ કહેવું પડે, તે કહેવાને આપણે તૈયાર નથી. તીર્થંકરોએ નકામી વિરતિ કરી, પરિસહ ઉપસર્ગ સહ્યા; તેમ કહેવા કે સાંભળવા કોઈ તૈયાર થાય નહિં. તો જ્ઞાન માત્ર ફળ દેવાવાળું છે, તે તીર્થંકરોએ પણ માન્યું નથી. ખુદ તીર્થંકર મહારાજાએ ચેયું જ્ઞાન થયું પછી જ્ઞાન માત્રથી ફળ સિદ્ધિ કરવાનું માન્યું હોત તો પરિસહ ઉપસર્ગ તપસ્યા સેવવાની જરૂર ન હતી છદ્મસ્થના લાયક જ્ઞાનમાં કંઈ ન્યૂનતા હતી ?, ના છદ્મસ્થલાયક ચાર જ્ઞાન તેમાં દીક્ષા લીધા પછી ન્યૂનતા હોતી નથી. મનઃપર્યવ જ્ઞાન થઈ ગયું, પછી તપસ્યા કરવાનું કામ શું ? તીર્થંકરોએ પોતે એ માન્યતા રાખી ન હતી કે જ્ઞાન માત્ર ઈષ્ટફળ દેનાર છે. અથવા અનિષ્ટનું નિવારણ થઈ જાય છે એવી માન્યતા ખુદ તીર્થંકરોએ પણ રાખી ન હતી. શું તીર્થંકરના આત્માને વિચારવાથી ન સૂઝયું ?, પ્રથમ વિચારો કે આત્માનો વિચાર કરી લે તો નડે શું ? વિરતિ તપસ્યામાં કશું ન નડે. ચેતનને અનંતી શક્તિનો ધણી માન્યો છે. જડમાં શક્તિ હોય કે ન હોય તે આત્મ-જ્ઞાનીને વિચારવાનું હોતું નથી. જે આત્મ જ્ઞાનના નામવાલા ધર્મને ધક્કો લગાડવાવાળા છે, સામાયિક પડિકમણા પોસહ પૂજા અનંતી વખત કર્યા તેમાં કશું ન વલ્યું, તો હવે શું વળવાનું છે ?, માટે ન કરવું. તેમ બોલતો નથી, પણ અર્થાપત્તિથી નકામું જણાવે છે. આત્મજ્ઞાનવાળાને પુછીએ કે બાયડી–છૈયાં–છોકરાં કેટલી વખત મળ્યાં ?, ધન કુટુંબ માબાપ છોકરાં કેટલી વખત મલ્યા ?; કયું અનંતુ વધારે ? સામાયિકાદિકનું અને પૌષધાદિકનું અનંતુ ઓછું છે છતાં તેમાં કેમ વળગે છે ? જો અનંતી વખત નકામું ગયું છે તેથી ન કરવું હોય તો ધન બાયડી તે સામાયિકાદિ કરતાં અનંતી વખત વધારે મલ્યા છે, તો કેમ કરે છે અનંતી વખત સામાયિકાદિ સાધુપણું અનંતી વખત કર્યું, તેમાં કોઈ ફળ મલ્યું છે કે નિષ્ફળ ગયું છે ?,

વાવેતરનો વાંક છે.

આત્માનું ફળ તો કશું મલ્યું નથી. દેવલોકાદિક ફળ મલ્યા છે. અનંતી વખત આ ક્રિયાએ દેવલોકાદિક મેળવી દીધા છે. ભલા બાયડી છોકરા અનંતી વખત મેળવ્યા તેમાં શું મેળવ્યું હતું ? નરક ને નિગોદ. જે ક્રિયાએ અનંતી વખત નરક નિગોદ નિવારી. અનંતી વખત દેવલોક આપ્યો તે તરફ જવાતું નથી. ને બાયડી છોકરા ધનાદિક જેણે અનંતી વખત સદ્ગતિ છોડાવી દુર્ગતિમાં નાખ્યો છતાં તે છોડાતું નથી. તારી દશા કઈ ? તેનો અર્થ એકજ જંગલમાં ભૂલા પડેલાને ભાગ્યશાળીને અજાણ્યાને સીધો માર્ગ આવે. અભાગીયાને જંગલનો વધારે ઉંડો માર્ગ આવે. બન્ને અજ્ઞાની હોય છતાં ભાગ્યશાળીને સીધો રસ્તો જડે ક્રિયાની અરૂચિવાળાને અંગે એમને પુછી લોકે મહાનુભાવ ભગવાન મહાવીર મહારાજે જે તપસ્યા આ ભવમાં કરી જે પરિષહ ઉપસર્ગ આ ભવમાં સહન કર્યા તેવા પરિસહ ઉપસર્ગ કોઈ પહેલા ભવમાં થએલા કે નહિં ? અનંતી વખત થએલા ભલા પહેલા ભવના ઉપસર્ગ પરિસહ નકામા ગયા, તેમને માલમ પડી હતી કે નહિં ? પોતાની અનંતી વખત સાધુપણું નકામું માલમ પડયું હતું, તો અહીં કર્યું કેમ ?. એક વાત સમજી લ્યો. બીડમાં બારસો વરસ વરસાદ વરસે તેમાં અનાજ ન થાય પણ વાંક વરસાદનો કે બીડનો કહેવો ? વરસાદનો વાંક નથી પણ વાવેતર ન થયું હતું તેનો વાંક છે.

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગતાંકથી ચાલુ)

અન્યથારૂપ અધ્યવસાય.

હવે સુભટ ભાવકલ્પ સામાયક બાધા પામતું નથી, તેને સ્પષ્ટ કરતાં થકાં આ પદ્ય શાસ્ત્રકાર જણાવે છે.

ण य तस्स तेसुवि तहा णिरभिस्संगो उ होइ परिणामो।
पडिघारलिंगसिद्धो उ णियमओ अण्णहारूवो ॥२२॥

શબ્દાર્થ:—ण य तस्स=તે સામાયિકવાળાને અથવા તે સુભટને અપવાદો હોવે છતે પણ હોતોજ નથી. પૂર્વે હોતાજ નથી જણાવ્યું એટલે શું ?, તો જણાવે છે કે—तहाणिरभिस्संगो=ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોને વિષે તુલ્યતા રૂપ-સમભાવ રૂપ અને જીવવાની અપેક્ષા વગરનો નિરાશંસ-પરિણામ હોવે છતે અન્યથારૂપ પરિણામ હોતોજ નથી. તે અન્યથારૂપ પરિણામનો સંબંધ છે તેથી તે પરિણામ કેવો છે ?, સમાધાનમાં अण्णहारूवो=અન્યથા રૂપ જણાવ્યો છે. અન્યથારૂપ અધ્યવસાયનું સ્વરૂપ કેવું છે ?, સમાધાનમાં જણાવે છે કે—णियमओ उ पडियारलिंगसिद्धो=અવશ્ય ભાવેન પ્રાયશ્ચિત્તના સ્વીકાર રૂપ (સામાયિકવાળાના પક્ષમાં) અને સુભટ પક્ષમાં શરણની તપાસાદિ, આદિ શબ્દથી કિલ્લામાં ભરાઇ જવું, મુખમાં તરણું લેવું વિગેરે પ્રતિકાર ચિહ્નથી ચિહ્નિત થઇને પ્રસિદ્ધ થયેલો એવો પરિપૂર્ણ જીવવાની અભિલાષાવાળો સુભટ કરે તેમ અન્યથા રૂપ=રાગ સહિત એવો પરિણામ જાણવો. ગાથા ૨૨.

ભાવાર્થ:—તે सर्वविरतिधर—સામાયકવાળાને અને તે સુભટને અપવાદો હોવે છતે (સામાયિકવાળાના પક્ષમાં નમસ્કાર સહિત પૌરૂષો વિગેરેના મહત્તરાકારાદિ આકારો, અને સુભટના પક્ષમાં પ્રવેશ નિર્ગમન વારણાદિ વ્યાપારો હોવે છતે અર્થાત્ અપવાદો સિવાયના પ્રસંગની વાત તો દૂર રહો પરંતુ અપવાદો હોવે છતે) તથા=તે પ્રકાર એટલે 'प्रकारो हि भेदसादृश्ये' એ સૂત્રથી પ્રકાર શબ્દ ભેદ-સાદૃશ્યમાં વપરાય છે, તેથી શબ્દના અર્થ કથન પ્રસંગે પર્યાય વાચક શબ્દો જુદા જુદા હોઇ શકે છે, પણ સાદૃશ્યતા દરેકે દરેક શબ્દોમાં હોય છે. આથી વિવેકિ-વાંચકોને ભેદ અને સાદૃશ્યતા બંન્ને નજરે પડે છે. તે પ્રકારનો ઇષ્ટ-અનિષ્ટાર્થ તુલ્યતારૂપ, જીવવાની અપેક્ષા, વગર, આશંસારહિત હોવે છતે અન્યથા રૂપ= રાગે કરીને સહિત પરિણામ થતોજ નથી. હવે તે અન્યથારૂપ અધ્યવસાયનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં જણાવે છે કે—સામાયિકવાળાના પક્ષમાં પ્રાયશ્ચિત્ત સ્વીકારરૂપ પ્રતીકાર છે, અને સુભટ પક્ષમાં શરણ શોધખોળાદિ રૂપ પ્રતિકાર છે. તે ચિહ્નથી પ્રસિદ્ધ પામેલો રાગયુક્ત એવો અવશ્ય ભાવથી થવાવાળો પરિણામ થતોજ નથી. આ પદ્યનું જે વિવેચન કર્યું તેને પરમાર્થ રૂપે પૂ. શ્રી વૃત્તિકાર "इदमुक्तं भवति" એ પદો દ્વારા જણાવે છે તે આ પ્રમાણે છે.

જો સર્વ વિરતિધર સામાયકવાળાને મહત્તરાકારાદિ આકારો હોવે છતે રાગયુક્ત પરિણામ થાય તો તેની શુદ્ધિને માટે પ્રાયશ્ચિત કરે, પરંતુ न चैवं એટલે રાગયુકત પરિણામ થતોજ નથી, અને તેની શુદ્ધિને માટે પ્રાયશ્ચિત્ત પણ

લેવું પડતું જ નથી; તેથી તે સામાયિકવાળાને અપવાદોની વિદ્યમાનતા હોવે છતે રાગરહિતજ પરિણામ થાય છે. આથીજ સામાયિકની સિદ્ધિ રૂપ મૂલને બાધા થતીજ નથી. ગાથા-૨૨.

અપવાદના સ્વીકારમાં લાભ.

અપવાદનો સ્વીકાર કરે છતે પણ સામાયિક રૂપ મૂલ ભાવને બાધા થતી નથી, અને તેજ વાતને વિશેષપણે દેખાડતાં થકાં જણાવે છે કે—

ण य पढमभावबाधाय मो उ एवंपि अवि य तस्सिद्धी ।
एवं चिय होइ दृढं इहरा वामोहपायं तु ॥२३॥

શબ્દાર્થઃ—**न य पढमभावबाधाय**=પ્રથમ ભાવ અધ્યવસાય રૂપ સામાયક બાધા પામતું જ નથી, **एवंपि तस्सिद्धि**=પૂર્વે કથન કરેલ અપવાદનું આશ્રયણ કરવાથી તે વિશેષપણે પ્રથમ ભાવની સિદ્ધિ થાય છે. **एवं चिय दृढं होइ**=આ રીતિએ અપવાદનો સ્વીકાર કરવાથી નિશ્ચયે દ્રઢ થાય છે, **इहरा वामोहपायं तु**=અપવાદનો આશ્રય કરવાનો ન હોત તો પ્રાયઃ કરીને વ્યામોહ થવાનો સંભવ છે.

ભાવાર્થઃ—પૂર્વે ઓગણીસમા પદ્યમાં સુભટ ભાવનું દ્રષ્ટાન્ત આપેલું છે, તેથી આ પદ્યનો પરમાર્થ સુભટ પક્ષમાં જય રૂપ અધ્યવસાયને, અને પ્રત્યાખ્યાન પક્ષમાં સામાયિકને બાધા થતી નથી; એ બંન્ને અત્ર વિશેષપણે જણાવાય છે. પૂર્વે પ્રત્યાખ્યાન—વિષયક—આકાર રૂપ અપવાદનો સ્વીકાર કરીને પણ પ્રથમ ભાવની=આદ્ય અધ્યવસાય રૂપ સામાયિકના પાલનાદિ પ્રસંગમાં વધુ દ્રઢતાનું કારણ બને છે. સર્વ-વિરતિધર સામાયિકવાળાને પ્રત્યાખ્યાન—વિષયક—આકાર રૂપ અપવાદનો આશ્રય શ્રેયસ્કર છે, અને સુભટ-પક્ષમાં શત્રુને વિજય કરવાના અધ્યવસાયમાં પ્રવેશ-નિર્ગમનાદિ પણ લાભદાયિ છે. આ રીતિએ ઉપરના બંન્ને પક્ષવાળાને સહિસલામત-રીતિએ જયવાના સાધન ન હોય તો એટલે પ્રથમ ભાવનાના અપવાદવાળા પ્રત્યાખ્યાનનો સ્વીકાર અને સુભટને પ્રવેશાદિ અપવાદવાળા રિપુ વિજયનો સ્વીકાર ન કરવામાં આવે તો વ્યામોહ પ્રાયઃ=મૂઢતાની મુંઝવણમાં મુંઝાઈ જવાનો પ્રસંગ આવે; અને આથી ઉપર જણાવેલા ઉપાયનું અવલંબન લેવાથીજ ઈષ્ટ કાર્યની સિદ્ધિ થાય છે. ગાથા-૨૩.

ઉદાત્ત-ભાવની પ્રાપ્તિ.

હવે જેઓ શંકા કરે છે કે—"સુભટના અધ્યવસાય સરખું સામાયક છે, તો પણ કોઇક એવા જીવને પણ કાલાન્તરે તે અધ્યવસાયનું પતન સંભવે છે, અને આથીજ અપવાદે કરીને સહિત તે પ્રત્યાખ્યાનાદિ પણ કરવા યોગ્ય છે" આ શંકાના સમાધાનમાં નીચેનું પદ્ય જણાવે છે.

उभयाभावेऽवि कुतोऽवि अग्गओ हंदि एरिसो चेव ।
तक्काले तब्भावो चित्तखओवसमओ णेओ ॥२४॥

શબ્દાર્થ—**उभया भावेवि**=૧. વર્તમાન ભવ પુરો થવાથી, અને ૨. ભાવ-વૈરિનો જય કરીને મોક્ષે જવાથી; આ બંન્ને ભાવનો અભાવ હોવા છતાં પણ **कुतोऽवि**=કોઇક પરિષહાદિના અથવા સૈનિકના ભયથી **अग्गओ**=સામાયિકના સ્વીકાર પછી પાલનાદિ અવસરે **एरिसो चेव**="ભાવ શત્રુનો વિજય અગર મરવા લાયક છે." તે રૂપ ભાવ વર્તે છે. **तक्काले तब्भाव**=સામાયિક સ્વીકારના

કાલમાં અથવા સંગ્રામ ભૂમિમાં પ્રવેશ કરવાના અવસરમાં સામાયિક-સ્વીકાર-પરિણામ અથવા સુભટ અધ્યવસાય હોય છે. ઉપર જણાવેલ પ્રસંગમાં કારણ જણાવે છે-चित्तखओवसम-ओ णेओ=કર્મ ક્ષયોપશમની વિચિત્રતા આ પ્રસંગમાં જાણવા લાયક છે. ગાથા-૨૪.

ભાવાર્થ:—શંકા કરનારાઓ શંકા કરે છે છે-સુભટના અધ્યવસાય સરખું સામાયક છે, તે વાતને અમો પણ સ્વીકારીએ છીએ; તો પણ સામાયિકવાળાને પ્રત્યાખ્યાનમાં આકાર રૂપ અપવાદ, અને સુભટ પક્ષે સંગ્રામકાલે પ્રવેશ નિર્ગમનાદિ અપવાદ એ બંન્ને સ્થળે હેતુ પૂર્વક સ્વીકાર કરવા જણાવ્યો છે, તેનું હેતુ પુરઃસર ત્રેવીશમા પદ્યમાં પૂર્વે જણાવેલ સમાધાન અમે સ્વીકારતા નથી; પરંતુ અપવાદ સહિત પ્રત્યાખ્યાનાદિનો સ્વીકાર કરવાનું કારણ આ પ્રમાણે છે. શંકાકાર જણાવે છે કે કોઈપણ પ્રાણીને કાલાન્તરે તે પ્રાણીને તે અધ્યવસાયનું (સામાયિક સ્વીકારના પરિણામનું અને સુભટ પક્ષમાં શત્રુ વિજય પરિણામનું) પતન સંભવે છે, કારણ કે આયુષ્ય ક્ષય થયે વર્તમાન ભવની પરિસમાપ્તિ થવાથી, અથવા તો ભાવ શત્રુ સમૂહનો વિજય કરીને મોક્ષે જવાથી; આ બે કારણથી અપવાદ સહિત પ્રત્યાખ્યાનાદિ કરવાનું કીધું છે તે યુકત છે. આ શંકાના સમર્થનમાં शास्त्र उभयाभावेऽपि ઇત્યાદિ પદો દ્વારા શંકાકારને સમાધાન આપે છે. પૂર્વે જણાવેલા બંન્ને ભાવોનો અભાવ હોવા છતાં પણ એટલે તે બંન્ને ભાવોની વાતો દૂર રાખો, કારણ કે સામાયિકવાળાને બંન્ને ભાવ પૂર્વે જણાવેલા છે, અને સુભટ પક્ષમાં મરણ અગર શત્રુનો વિજય એ બંન્ને ભાવ બંન્ને પક્ષને અનુસરીને દૂર રાખીએ તો પણ અમોએ આપેલું પૂર્વ સમાધાન યુકિત યુકત સુસંગત છે. હવે પૂર્વ સમાધાનનું સમર્થન કરતાં જણાવે છે કે સામાયિકનો સ્વીકાર કર્યા પછી સામાયિક પાલનના અવસરે પરિષહ-ઉપસર્ગાદિના આગમન પ્રસંગે અને સુભટ પક્ષમાં સંગ્રામ-અવસરે શત્રુઓના આક્રમણ ભયાદિ પ્રસંગે "મરણ પામવું પડે તો પણ ભાવ શત્રુનો વિજય કરવો એજ કર્તવ્ય છે" આવા વિધેય ભાવથી તે ઓતપ્રોત થયેલો હોય છે. એટલે તે અવસરે અપવાદોની સન્મુખ હોતોજ નથી, આથીજ શાસ્ત્રકારે एरिसो चेव એ પદો જણાવ્યાં છે. ઉપર જણાવેલો ભાવ કયારે હોય છે? તે પ્રશ્નનું સમાધાન આપતાં જણાવે છે કે-સામાયિક સ્વીકાર કરવાનાં અવસરે અને સુભટ પક્ષમાં સંગ્રામભૂમિ પર પ્રવેશ કરવાના અવસરે (સામાયક સ્વીકાર કર્યું તે અવસરનો પરિણામ અને વફાદાર સુભટને શોભિત પરિણામ) આ પરિણામ 'મરવા લાયક છે અગર તો શત્રુનો વિજય કરવા લાયક છે." પ્રબળપણે વર્તે છે, કારણ કે શાસ્ત્રકારોએ કર્મક્ષયોપશમનું વૈચિત્ર્ય જણાવેલું છે. કર્મ ક્ષયોપશમની વિચિત્રતાને પ્રતિપાદન કરતાં જણાવે છે કે—एवंविधो हि० । એવા પ્રકારનો ક્ષયોપશમ તે સામાયક સ્વીકાર કરનારને થાય છે કે જેથી કરીને માનસિક-ચંચળતાને લીધે મનોભંગપણું થયે છતે પણ તેને (સાધુ સુભટને) અવશ્યમેવ પ્રાપ્ત કરવા

લાયક એવો ઉદાત્ત=ગંભીર આશયવાળો પૂર્વે જણાવેલો નિયમતઃ ભાવ થાય છે ગાથા ૨૪.

આહાર સંબન્ધિ પ્રરૂપણા.

ચાલુ અધિકારમાં પૂર્વે બારમા પદ્ય સુધી પ્રત્યાખ્યાન સંબંધિના આકારાદિ જણાવ્યા, અને તેરમા પદ્યથી સામાયિક વિષેનો વિધિ કહેવાનો હતો તે ચોવીશ પદ્ય સુધી જણાવી ગયા; હવે આહાર-ભેદ વિષયક વિધિ કહેવાનો છે તે અત્ર શાસ્ત્રકાર જણાવે છે—

आहारजाइओ एस एत्थ, एक्कोऽवि होति चउविहो।
असणाइजाइभेया णाणाइपसिद्धिओ णेओ ॥२५॥

પદાર્થઃ—આહારની જાતિથી આ અત્ર એક હોવા છતાં પણ અશનાદિ જાતિ ભેદોથી તેના ચાર ભેદ થાય છે, અને તે ચાર ભેદ કરવાનું કારણ જ્ઞાનાદિની સિદ્ધિને માટે (ચાર ભેદથી જાણપણાની સુખપૂર્વક સિદ્ધિ થાય છે તે માટે) છે.

પરમાર્થ:—શરીરાદિના પોષણ માટે ખાવા યોગ્ય પદાર્થને આહાર કહેવાય છે, અને આહાર જાતિથી સામાન્યને અનુસરીને ભેદરહિત એકજ હોવા છતાં પણ ચાર ભેદવાળો થાય છે. જેવી રીતે મનુષ્ય એ સામાન્ય જાતિ છે, સામાન્યના સમુદાયમાંથી વિશેષ રૂપે મનાતી આ બ્રાહ્મણ-વૈશ્ય-ક્ષત્રીય-શૂદ્ર એ વિશેષ જાતિ છે; અને આ દરેક જાતિમાં જુદા જુદા નામને ધારણ કરનારી વ્યક્તિઓ એ વિશેષ જાતિના સમુદાયમાંથી વિશેષ નામરૂપે મનાતી વ્યક્તિઓ છે. એટલે મનુષ્યઃ એ સામાન્ય જાતિ, બ્રાહ્મણાદિ એ વિશેષ જાતિ, અને વિશેષ જાતિમા વ્યક્તિગત-રહેલાં નામો તે વિશેષ નામો છે. આવી રીતે અત્ર આહાર એ એક સામાન્ય જાતિનો વિભાગ પુરસ્સર ભેદ વિચારીએ તો ચાર વિભાગમાં અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ એ ચાર વિશેષ જાતિ છે. આ ચાર જાતિ પૈકિ એક અશનજાતિમાં દુધ દહીંથી રોટલા રોટલી વિગેરે વ્યક્તિગત ખાવા લાયક પદાર્થો રૂપ વિશેષ નામોનો સમાવેશ થાય છે. સામાન્ય જાતિના ભેદ-ભેદાંતરની વિચારણા કરીએ તો પણ સામાન્ય જાતિનો સ્વાભાવિક ધર્મ બધામાં હોય છે. જેમ મનુષ્યનું મનુષ્યત્વએ ભેદ-ભેદાંતર પેટા વિભાગની વ્યક્તિઓ સર્વ સામાન્ય ધર્મ હોય છે, તેમ આ આહાર જાતિ રૂપ એક સામાન્ય જાતિના ભેદ-ભેદાંતર રૂપ અશનાદિ અને પેટા વિભાગમાં રોટલી, દાળ, શાકાદિ વિગેરેમાં ખાવા યોગ્યપણાનો ધર્મ અર્થાત્ આહારત્વ એ સર્વ સામાન્ય ધર્મ નિયમિત હોય છે. હંમેશા સામાન્ય જાતિ એ ભેદ વગરની હોય છે, છતાં વિશેષ ધર્મની વિચારણા કરીએ ત્યારે જરૂર ભેદ-ભેદાંતર પડે છે, પરંતુ "भेदे हि प्रकारत्वं सदृशत्वं च वर्तते" એ સૂત્રથી ભેદમાં વિવિધ પ્રકારપણું ભાસમાન થવા છતાં જરૂર સરખાપણાનો ધર્મ સામાન્ય રૂપે વ્યવસ્થિત રહેલો હોય છે. આહાર રૂપ સામાન્ય જાતિના અશનાદિ ચાર ભેદના અનેક વિધ પ્રકારો રૂપ વિશેષો જણાય છતાં પણ દરેકે દરેકે ભેદ-ભેદાંતરોમાં અને પેટા વિભાગ પ્રકારોમાં ખાવાયોગ્યપણું એ સામાન્ય ધર્મ જરૂર સંભવે છે. આથી અત્ર=પ્રત્યાખ્યાન અધિકારે સરે સામાન્યને આશ્રીને આહાર રૂપ સામાન્ય જાતિ, અને તેના ચાર ભેદ થાય છે તે અશનાદિ વિશેષ-જાતિ રૂપ ભેદો સમજવા યોગ્ય છે,

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન-૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૪ થો. પોષ-માસ. તા. ૧૭-૧-૫૦.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષા.**

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.

थावच्चापुत्ते संसारभउव्विग्गे, भीए जम्मणमरणाणं, **इच्छति अरहतो अरिट्ठनेमिस्स** अंतिए मुंडे भवित्ता पव्वइत्तए; तं जो खलु देवाणुप्पिया !, राया वा, जुवराया वा, देवी वा, कुमारे वा, ईसरे वा, तलवरे वा, कोडुंबिए; इब्भसेट्ठिसेणावइसत्थवाहे वा, **थावच्चापुत्तं** पव्वयंतमणुपव्वयति तस्स णं कण्हे वासुदेवे अणुजाणाति, पच्छातुरस्सवि य से मित्तनाति-नियगसंबंधिपरिजणस्स जोगक्खेमं वट्टमाणं पडिवहति त्तिकट्टु घोसणं घोसेह जाव घोसंति।

આસન્નોપકારિ-ચમતીર્થંકર પ્રભુ **શ્રી મહાવીર મહારાજા**ના શાસનની પ્રભાવના કરનાર **પંચમ ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીજી** પોતાના શિષ્ય-અંતિમ-કેવળી **શ્રી જંબૂસ્વામીજી**ને ઉદ્દેશીને શ્રી **જ્ઞાતા સૂત્ર**ના પ્રથમ-**શ્રુતસ્કંધનું પાંચમું અધ્યયન** જણાવે છે. આ પાંચમું અધ્યયન **શૈલકરાજર્ષિ**ના નામથી શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. ઇન્દ્રિયોના વિષય-વિકારને નહિં જીતવાવાળાને અનર્થની પરંપરા, અને તેજ ઇન્દ્રિયોના વિષય-વિકારને જીતવાવાળાને શાસનમાન્ય લાભની પ્રાપ્તિ થાય છે; એવી રીતે ઉભય પ્રસંગને અનુસરીને આ અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યનમાં શૈલકરાજર્ષિ બાળ-બ્રહ્મચારિ-પ્રભુ-શ્રીનેમિ-નાથના શિષ્ય-શ્રીવાસુદેવપુત્રના શિષ્ય-શુકમુનિના હાથે દીક્ષિત થયા પછી, રોગાદિ કારણે

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.]

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

શિથિલ પરિણામી થઇને ઇન્દ્રિયોના વિષયવિકારને આધીન થઈ સંયમનું પાલન કરતા નથી; અને પછી પ્રતિબોધ થવાની સામે ઇન્દ્રિયોના વિષય-વિકારથી વિરામ પામીને હજ્જર સાધુઓની સાથે **શ્રી સિદ્ધાચલજી** ઉપર કેવળજ્ઞાન પામીને સિદ્ધિપદને પામે છે આ બંન્ને પડતી ચઢતીના પ્રસંગો આ દ્રષ્ટાન્તમાં અનુભવાય છે. આ **શૈલકરાજર્ષિ** પ્રભુ શ્રીનેમનાથના સમયમાં પ્રભુ શ્રીનેમનાથના શિષ્ય શ્રીથાવચ્ચાપુત્રની પરંપરામાં દીક્ષિત થઈ કેવળજ્ઞાન પામે છે, અને આ પ્રસંગ થાવચ્ચાપુત્રની દીક્ષાનો કેવી રીતે બન્યો તે વિસ્તારથી જાણવાની અભિલાષાવાળાને આ પાંચમા અધ્યયનના સૂત્રો-વૃત્તિ અને ઉભયનિષ્ઠ પરમાર્થ વિચારી લેવાની જરૂર છે.

પરંતુ આ થાવચ્ચાપુત્રની દીક્ષાના અવસરે સર્વજ્ઞ-પ્રભુ શ્રીનેમનાથ-ભગવાનના શાસનના અવિહડરાગી પરમ શ્રદ્ધાળુ ક્ષાયિક સમ્યકત્વના માલીક શ્રી **કૃષ્ણ મહારાજની શાસનમાન્ય જાહેરાત** વાંચવા જેવી છે, વિચારવા જેવી છે, અને શક્તિ-સંપન્નોએ તો શાસન માટે સર્વ કંઈ કરી છુટવા જેવું છે, એ **આ શાસનમાન્ય જાહેરાત શ્રમણોપાસક-વર્ગને શ્રમણોપાસકપણું સફળ કેમ કરવું** તે શીખવે છે. આ થાવચ્ચાપુત્ર પોતાનો પુત્ર નથી, અને અંગત સગો, વહાલો પણ નથી, છતાં પ્રજાના માણસની દીક્ષાનો મહોત્સવ પોતે કેટલા પ્રેમપૂર્વક કરે છે. શાસન માટે સર્વસ્વ સમર્પણ કરવાની તમન્ના શ્રી કૃષ્ણની કેટલી છે?, તે આ જાહેરાતના પરમાર્થને જાણવાથી નક્કી થાય છે. પોતાની દ્વારિકા નગરીમાં જ્યાં ચાર રસ્તા, ત્રણ રસ્તા વિગેરે મળે છે, એટલે મુખ્ય મુખ્ય સ્થળે પોતાની સમસ્ત દ્વારકા નગરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવ પોતાના માણસોને હાથી ઉપર બેસાડીને મોટા શબ્દોની ઉદ્‌ઘોષણા પૂર્વક ઉપર મુજબની ઉદ્‌ઘોષણા કરવા જણાવે છે, તે ઉદ્‌ઘોષણા સંબંધિનુ સૂત્ર આ લેખની શરૂઆતમાં છે, અને તેનો ભાવાર્થ આ પ્રમાણે છે.

"**થાવચ્ચાપુત્ર** સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, અને જન્મ-મરણની પરંપરાથી પણ ભયભીત થયો છે; એટલે **શાસનપતિ-બાળ-બ્રહ્મચારિ ભગવાન-શ્રીનેમિનાથ-અરિહંત પરમાત્મા પાસે** ઘરબાર કુટુંબ પરિવારનો ત્યાગ કરીને સાધુ થવાને ઇચ્છે છે. અથવા હે વ્હાલા પ્રજાજનો! જે તમે રાજા કે યુવરાજ, રાણી કે કુંવરો, કુમાર કે કુમારીકા, શ્રેષ્ઠિ કે નોકર, ગામના વહીવટદાર કે કૌટુંબિક પુરૂષ, નાના-ગામડાના માલીક કે મોટા શેઠીયા; અને સેનાપતિ કે સાર્થવાહ વિગેરે જે કોઇ **દીક્ષા લેનાર થાવચ્ચાપુત્રની** સાથે દીક્ષા લેવા ઇચ્છા કરે તે સર્વને ત્રણ ખંડનો માલીક શ્રીકૃષ્ણ-વાસુદેવ અનુજ્ઞા-રજા આપે છે, અને **દીક્ષા લેનારની પાછળ રહેલા રોગી માણસની કે દીક્ષા લેનારના મિત્ર-જ્ઞાતિ-કુટુંબી-જન સમુદાયને** સંસારમાં જે કાંઈ ભવિષ્યના પદાર્થની જરૂર જણાશે તે તે સર્વનું પુરૂં કરવા રૂપ યોગક્ષેમ કાર્ય હશે તે અને વર્તમાન સ્થિતિનું રક્ષણ કરવાનું ક્ષેમકાર્ય એ સઘળું એ યોગ-ક્ષેમ સંબંધિનું કાર્ય કરવાની કબુલાત શ્રી કૃષ્ણ વાસુદેવ કરે છે" આ ઉદ્‌ઘોષણાના પરમાર્થને શ્રવણ કરીને, **થાવચ્ચાપુત્ર** પર અનુરાગવાળા એક હજાર પુરૂષો તેની સાથે દીક્ષિત થાય છે.

હવે દીક્ષા કેમ બને છે?, તે પછી થાવચ્ચાપુત્ર સ્વપર હિતકારિકાર્યવાહિ કેવી કરે છે?; તે આ અધ્યયનમાં વિસ્તારથી આવે છે, જિજ્ઞાસુએ આ પ્રસંગ શ્રીજ્ઞાતાસૂત્રમાંથી વિચારવો.

પરંતુ શાસન પ્રત્યે સંસારમાં રહીને કરી છુટવાની અને સર્વસ્વના ભોગે પણ શાસન સેવા કરવાની શ્રીકૃષ્ણ-વાસુદેવની જવાબદારી અને જોખમદારી જણાવીને એ બંન્ને શ્રમણોપાસકપણાને સફલીભૂત બનાવે છે.

શ્રમણની ઉપાસનામાં શ્રમણોપાસક તન મન-ધન-કુટુંબ-કબીલા-સ્થાવર-જંગમ મીલ્કતાદિ સર્વસ્વ સમર્પણ કરવાની તાલાવેલી હોય છે, અને મનમાં મનોરથ પણ એવાજ હોય કે આ બધી સંસારની સાધન-સામગ્રી અને સંયોગો શાસન માટે કયારે ઉપયોગિ નીવડશે !!! આજ ભાવનાથી ભાવિત થયેલા શ્રાવકોના **સંમેલનો કે મેળાવડાઓ દીક્ષા અને દીક્ષાના મૂળભૂત હેતુઓને પોષનારાઓજ હોય એ આ શાસનમાન્ય જાહેરાત ભારપૂર્વક જણાવે છે. આ શાસનમાન્ય—જાહેરાતથી શ્રમણોપાસક-વર્ગ પોતાની જવાબદારી અને જોખમદારી સમજનાર હોય, અને સમજણ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક તે જાહેરાતને અપનાવનારો હોય તો જૈનશાસનની ઉન્નત્તિનો આગેકૂચ કોઇથી પણ થંભાવી શકાતીજ નથી. ધન્ય છે! શાસનમાન્ય જાહેરાત કરનાર શ્રી કૃષ્ણ વાસુદેવને !! અને ધન્ય છે એ શાસનમાન્ય જાહેરાત અપનાવનાર શ્રમણોપાસક વર્ગને !!;** કિંબહુના સુજ્ઞેષુ કિંબહુના !!

પૂ-શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

ચાલુ દેશનાના અવતરણો.

૧૦. બીડમાં બારસો વર્ષ સુધી વરસાદ પડે, તોપણ અનાજ થતું નથી, તેનું કારણ સમજો.

૧૧. અનાજ ન થયું તેમાં વરસાદનો વાંક નથી, પણ વાવેતર ન કર્યું તે વાંક છે.

૧૨. આત્માર્થીપણાના બીજનું વાવેતર કરતાં શીખો.

૧૩. ધર્મની દરેક ક્રિયામાં પુદ્ગલાર્થિપણાને તિલાંજલિ દેવાતી નથી, તેથીજ ધારણા મુજબનું ફળ બેસતું નથી.

૧૪. ધર્મની ક્રિયા કરનારને "ધનારામા" ના જાપ ભુલાતા નથી.

૧૫. ધર્મના પ્રસંગો અને સંસારના પ્રસંગો સાથે આવે તો બેમાં શું સાચવશો ?

૧૬. સંસારના સંબંધથી અને શરમથી બેંચાયેલાઓ આજે ધર્મથી પતિત થઇ ગયા છે, તે ધ્યાનમાં રાખો.

૧૭. કોઇપણ હિન્દુ કે મુસલમાન, કોઈપણ યાહુદી કે ક્રિશ્ચીયન; અને કોઇ પણ યુરોપીયન કે કસાઇ એ માનવા તૈયાર નથી કે "બચાવવામાં પાપ છે," પણ "બચાવવામાં પાપ છે" એ માનનારા તેરાપંથીઓ છે.

૧૮. સાબ્દી નદીમાં તણાઈ જાય તો બચાવવાનું શાસ્ત્રમાં કહ્યું છે તે ધ્યાનમાં રાખો.

૧૯. સંક્લેષણાના અતિચારને પ્રાણાતિપાત-વિરમણ-વ્રતમાં ગોઠવે છે, તે કહેનારના કથન પર ધ્યાન આપો.

૨૦. જેમ તેમ શાસ્ત્રના નામે જમે કરનારાઓને ઓળખતાં શીખો.

૨૧. વ્રતનાયથાસ્થિત સ્વરૂપ સમજ્યા વગર, અતિચારો કયા વ્રતના છે ?, અને કયા પ્રસંગે તે અતિચારો લાગી શકે છે ? તે પણ સમજાતું નથી એ યાદ રાખો.

૨૨. વંદિતા-સૂત્રમાં આવતી વાત 'असइ पोसं' ની જગાએ અસંયતિ પોષણની વાત કહી દેવી તે સૂત્રની વિરાધના છે.

૨૩. કદાગ્રહને અંગે અર્થના અનર્થ કરનારાઓને ભવભ્રમણનો લવલેશ ભયજ નથી.

૨૪. સંસારના સંબંધને મોખરે રાખનારાઓ અને ધર્મને ધક્કો મારનારાઓ કલ્યાણ માર્ગની આરધના કરી શકતાજ નથી.

૨૫. આત્મામાં વાસ્તવિક આત્માર્થીપણું આવશે, ત્યારેજ સંસારના સંબંધ કુટી કોડી જેવા સમજાશે એ ધ્યાનમાં રાખો.

૨૬. સગવડ આપીને ધર્મિઓ બનાવનારાઓમાં ધાર્મિઓ વધે છે તેથી ધર્મિની વૃદ્ધિ સાંસારિક પદાર્થોની સગવડથી છે, પણ તત્ત્વજ્ઞાનથી નથી; એ ધ્યાનમાં રાખો.

૨૭, રત્નત્રયિની પ્રાપ્તિ-ટકાવ અને વૃદ્ધિ પણ ક્રિયાથી છે.

ક્ષાયોપશમિક ભાવોની પ્રાપ્તિ અને પરંપરા.

જેમ દુનીયામાં ઉદ્યમ કરવો નકામો છે. તેમ ક્ષાયોપશમિક ભાવનું જ્ઞાન દર્શન ચારિત્ર-તે મેળવેલી ચીજો મેલવાની છે તો તે માટે મહેનત શા માટે કરવી ? ઘણા ભાગે ગત્યંતર થાય એટલે સમ્યકત્વ જ્ઞાન પલટી જાય છે અને ચારિત્ર તો બીજે ભવે આવતું જ નથી; એટલે મેળવેલું મેલવાનું છે. અમારે ઉદ્યમ કરવો ઠબૂત છે, પણ ક્ષાયિક-ભાવના-જ્ઞાન દર્શન-ચારિત્રની પ્રાપ્તિ માટે હોય તે કબુલ, પણ ક્ષાયોપશમિક માટે ઉદ્યમ નકામો છે, પૂર્વ કથિત આવું કથન કેટલાક કહેનાર હતા આનો અર્થ શો ? અમારે સમ્યકત્વ જ્ઞાન દર્શન ચારિત્ર એકેમાં ઉદ્યમ કરવાની જરૂર નથી. મહાનુભાવ ઘણી વખત કેટલાક વાવેતરને એક વખત અને કેટલાકને બે વખત વાવેતર કરવાની જરૂર પડે છે ડાંગરનું કેમ ? બાજરી ઘઉં એક વખત વાવેથી ઉગે છે, પણ ડાંગરનો ધરો તૈયાર કરી પછી વવાય છે કયારામાં ધરો તૈયાર થયા પછી ખેતરમાં વાવે છે. બાજરી વિગેરે એકજ વખત વાવ્યા તો ઉગે છે, ઉખેડવાની જરૂર નહિં; પણ ડાંગર વાવવી હોયતો એક વખત વાવી હોય તે જગોપર ધરો થાય, તે ધરો ઉખેડયા પછીજ બીજે વાવે અને ઉગે છે. તેવી રીતે જે ક્ષાયિક ભાવે સીધો આવ્યો હોય, તો સીધોજ મોક્ષે જાય છે. ક્ષાયોપશમિક ભાવ આવેલો જો કે ચાલ્યો જાય પણ બીજી વખત સવાયો આવે છે. ધોરણોમાં પરીક્ષા આપે તે ભૂલી જાય, અને બે મહિના પછી પરીક્ષામાં બેસાડે તો પાસ ન થઈ શકે; પણ પૂર્વે અભ્યાસ કર્યો છે, તેથી નવા ધોરણમાં સવાયું કામ થાય તેમ અહીં ક્ષાયોપશમિક ભાવથી જે ગુણ પ્રાપ્ત થાય તે ગુણ ચાલ્યો પણ જાય, પણ પહેલાં કરતાં વધારે વખત આવે ત્યારે તે વૃદ્ધિવાળો જરૂર થાય.

અર્ધપુદ્ગલ-પરાવર્ત રખડનારા કોણ ?

ક્ષાયોપશમિક-ભાવનો પ્રતાપ કેટલો છે ?, તે સમજો. શાસ્ત્રકાર કહે છે કે ક્ષાયોપશમિ આવ્યું ને ગયું તે કાચી બે ઘડીમાં ફેર પામે તેવું સમ્યકત્વ, પાકો બે ઘડીમાં પામે તેવું ચારિત્ર કાચી બે ઘડીમાં આવે. આથી ક્ષાયોપશમિક ભાવે આવેલા જ્ઞાન દર્શન કે ચારિત્ર તે જાય તો પણ જઘન્યથી બે ઘડીમાં પાછા મળી જાય. ઉત્કૃષ્ટ કાળ લઇએ તો ક્ષાયોપશમિક જ્ઞાન એક વખત આવી ગયું તો પણ અર્ધ પુદ્ગલ પરાવર્તમાં પણ જરૂર આવવું જ જોઇએ. તેમ ક્ષાયોપશમિક દર્શન સહિત ચારિત્ર પામીને નિગોદમાં કોઇ ઉતરી ગયો તોપણ તે અર્ધ પુદ્ગલ પરાવર્તમાં ક્ષાયોપશમિક ભાવને જરૂર પામે છે. જઘન્યથી અંતર-મુહૂર્તમાં, અને વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્તમાં જરૂર પ્રાપ્ત થયેલા ભાવો મળે છે. અર્ધ પુદ્ગલ પરાવર્ત પામવાવાળા જીવો, એટલે અનંતા જીવોમાં એવા કોઇકજ જીવો એવાં હોય કે તે અર્ધ પુદ્ગલ પરાવર્ત તે ભાવો પુનઃ પામે છે. શાસ્ત્રકારો સુચવે છે કે-શાસ્ત્રોમાં જેટલા પ્રકારની આશાતનાઓ કહી છે, તે બધા પ્રકારની આશાતના તે કરે, જે પાપના પ્રકાર કહ્યા છે તે બધા પ્રકારોનું સેવન કરે; અને શાસનની બધી શત્રુતા કરે. આવો કોઈ જીવ થાય તેવા કોઇકે જીવને અર્ધ પુદ્ગલ પરાવર્ત રખડવાનું હોય છે. એટલે આશાતના, વિરાધના, પ્રત્યનીકતા ઉત્કૃષ્ટ કોટીની હોય, અને ગણધર-સૂત્ર-તીર્થંકર-ગુરૂની વિરૂદ્ધતા કરનારને રખડવાનું થાય.

ક્ષાયોપશમિક-ભાવની સજ્જનતા.

હવે આ ઉપર જણાવેલી આશાતના-વિરાધના અને પ્રત્યનીકતા ન કરે તો આઠ ભવમાં મોક્ષે જાય. ક્ષાયોપશમિક ભાવ ચાલ્યો જાય તે વિરાધના વગરનો હોય તો તે જીવને અંતર મુહૂર્તમાં તે ભાવો ફરીયા મળે, અને તેને આઠ ભવમાં મોક્ષ મળે છે. તે મલ્યા પછી વિરાધના ભાવમાં જાય તો રખડાવે. એક પ્રધાન અને રાજા જંગલમાં ગયા છે, તે બંન્ને ઘોડા ઉપર બેઠા છે. ઘોડા દોડયા, બપોર થયો, અને તરસ લાગી છે રાજાનો પ્રાણ જાય છે. ચારે બાજુ તપાસ કરી પણ પાણી નથી. રાજાની અને પ્રધાનની બન્નેની એ દશા છે. પ્રધાને ત્રણ આમળા રાજાને આપી દીધા, અને ઠંડક થઈ—એટલામાં લશ્કર આવી મળ્યું. પ્રધાનને મૂર્ચ્છા આવી છે, પણ છેવટે સચેત થાય છે.

હવે કોઈક વખત પ્રધાનનો સજ્જડ ગુન્હો થયો છે. જેમાં ફાંસી દેવી પડે છે. રાજા કહે છે કે ત્રણ આમળાથી મ્હને બચાવ્યો છે માટે આ ગુન્હા માટે એક આમળું ઓછું ગણીને એક ગુનો માફ કરું છું. તેમ એક આંમળું ઓછું કરું છું. આ પ્રસંગે રાજા કૃતઘ્ન છે, કે કૃતજ્ઞ છે તે ઉપર આ દ્રષ્ટાન્ત છે. તે વાત 'શ્રાદ્ધગુણ વિવરણમાં' આવે છે. તેવી રીતે ક્ષાયોપશમિક ભાવ પણ કૃતજ્ઞ છે. આવ્યો તેને આવકાર કરે છે, તેમ ક્ષાયોપશમિક ભાવ પણ એક વખત આત્મામાં વરસ્યો પછી ચાહે તે પાપમાં જાય તો પણ ફરી તે ભાવ આવી જાય. મહાવીર મહારાજાએ નયસારના ભવમાં સમ્યકત્વ ઉત્પન્ન કર્યું, ત્યારપછી મહાવીરના ભવ સુધીમાં સાતમી નરક સુધી ઉતરી ગયા; છતાં પાછા ઉપર આવ્યા. ક્ષાયોપશમિક ભાવની તાકાત છે કે નીચે ઉતરી જાય તો ઉંચે લાવે, લાવે અને લાવે, પછી ચાહે તેનો ક્ષાયોપશમિક ભાવ હોય. ક્ષાયોપશમિક સમ્યકત્વ પામી પડી ગયો હોય, તો તે સર્વદા સંસારમાં રહેવાવાળો ન હોય. તેમ જ્ઞાન ચારિત્ર પામી પડી ગયા હોય તે ઊંચે આવેજ છે જો જ્ઞાન દર્શન-ચારિત્ર તમામનો ક્ષાયોપશમિક ભાવ આત્માને ઊંચે લાવનાર છે, તો પછી શ્રી ઉપાધ્યાયજીએ ક્ષાયોપશમિક ક્રિયા કેમ લીધી ? ક્ષાયોપશમિક ભાવની જે ક્રિયા કરે તેથી પડી જાય તો ક્ષાયોપશમિક ભાવ વધારેજ મળે છે અહીં ક્રિયા કેમ પકડી ? તે માટે સામાન્ય જણાવી ગયા છીએ કે ક્ષાયોપશમિક દર્શન જ્ઞાનનું કારણ, અને ચારિત્રનું પણ કારણ ક્રિયા છે.

બચાવવામાં પાપ માનનારાઓ.

મોક્ષની ધારણા વગરના દરેક જીવને અનંતી વખત વ્રતક્રિયા તપસ્યા નકામા ગયા છે, અને ભગવાનને પણ અનંતી વખત નકામા ગયા છે શ્રી ઋષભદેવજીને પણ નકામા ગયા છે, પણ તેમાં તપસ્યા સંયમ નકામા નહતા, પણ માત્ર આત્માર્થીપણા રૂપી બીજ વવાયું નહતું. બીડમાં બાજરી ન થઇ તેમાં જમીન વરસાદનો વાંક ન હતો, પણ બી વવાયું નહતું. તેમ સંયમ તપસ્યાદિક નકામા નહતા, પણ આત્માર્થી રૂપી બીજ વવાયું નહતું. દરેકને પુદ્ગલાર્થીપણું દરેક જગોએ સાથે ને સાથેજ છે. દેરે જાય તો પણ, સામાયક પડિકમણું કરે તો પણ, અને પોસહ પ્રભાવના કરે તો પણ લક્ષ્ય ધનના રામાના જાપમાં છે. ધનના રામાની કિંમત હૃદયમાં છે, કારણ કે ધર્મ જાય તેની દરકાર નહિં. ધર્મના પ્રસંગો અને સંસારના પ્રસંગો સાથે આવે તો, એક બાજુ ધર્મ જતો હોય, અને એક બાજુ સંબંધ જતો હોય તો તે વખત શું જાળવીએ છીએ ? ધર્મ જાળવીએ છીએ કે સંબંધ જાળવીયે છીએ એ વિચારી જોયો. આજથી અમુક વર્ષ ઉપર એકના સંબંધના અંગે ખેંચાયા ન હોત, તો અત્યારે ૨૧ ના સંબંધ ન થાત. હવે જે વખત ૮૧ ધરનો સંબંધ થશે ત્યારે તમે છોડી શકશો નહિ. એ સંબંધ ઉડી જશે, અને તેના જોરની જ્યાંસુધી તમને અસર નથી, ત્યાંસુધી શરમના માર્યા દમાણુના માર્યા આવો છો. એક સંબંધ જાય તો ભલે જાય પણ ધર્મનું ચાલે તે થાય એમ ન થવું જોઈએ, અને સંબંધ વસવો ન જોઈએ. એના પરિણામે જૈનકુળમાં એવા વિચારો પેસવા દીધા કે જે વિચારો હિન્દુ તો શું પણ મુસલમાન, ક્રિશ્ચાયન યાહુદીના ઘરમાં પણ તેવા વિચાર હોય નહિં. કોઈપણ મુસલમાનનું શાસ્ત્ર એવું કોઇને શીખવે નહિં કે બચાવ્યામાં પાપ છે. ખાટકી અગર કસાઈઓ જાનવરને મારનારા છે તો પણ બચાવવામાં પાપ માનવા તે પણ તૈયાર નથી. મુસલમાનો પણ બચાવવામાં પાપ માનનારા કોઇ નથી. મતની જડ દેખીયે તો સાધુને પણ ફાંસી દે તો તેને બચાવે તો પણ તેને પાપ લાગે. કારણ કે તેમનો સિદ્ધાંત કયો ? 'જીવણો મરણો વાંછણો નહિં.' જીવ મરે તેમ ન ઇચ્છવું. અને જીવ બચે તેમ પણ ન ઇચ્છવું.

જુઠી રીતિએ જમે કરનારાઓ.

સાધુને બચાવે તેમાં જીવણો વાંછણો થયું, તો હવે શું કરવું ?, મૂળમાં વાત તો ત્યાંસુધી છે, અને તેથી સૂત્રકાર તો ખુલ્લું કહે છે કે સાધ્વી નદીમાં તણાઇ જતી હોય તો સાધુએ નદીમાં ઉતરી સાધ્વીને

બચાવવી. અહીં શું ઇચ્છયું ? કહેવું પડશે કે જીવણો ઇચ્છયો. એ સાધ્યા તેના કરમેજ મરે છે, તો પછી કેમ બચાવવી ?, કહેવું પડશે કે શાસ્ત્રથી જીવણો મરણો ન વાંછણો એ બોલનારે કોઇ પ્રસંગે ઉત્તર ન દેવાને પોલીસ બોલાવી તેનો અર્થ શો ?, તમારી આગળ પોલીસ શા માટે રાખ્યો હતો ?, અમને અડચણ ન થાય. ઠીક તો જીવણો ન વાંછવો હતો. પછી સુલેહના ભંગનો ડર જીવણો વાંછે તેને હોય, કે જીવણો ન વાંછે તેને ડર હોય ?, માત્ર શાસ્ત્રીય–પ્રશ્નોના ઉત્તરોમાં તેઓને સુલેહનો ભંગ થઇ જાય છે. કયા કારણથી સુલેહના ભંગની અરજી કરીને પાપ બાંધ્યું, અને એ સાધુએ જાણ્યા છ તાં પાપ નિવાર્યું નહિં; એટલે ભાવ દયા પણ તે સાધુની ગઇ. આ એમના મતે વાત કરું છું એમની અવળચંડી રીતિ તમને જણાવું છું. પડિકમણામાં " ઇહલોએ પરલોએ એ ગાથામાં જીવિત મરણની ઇચ્છા ન કરવી આવા પ્રસંગે જેઓ અર્થ ન જાણતા હોય તે કહી શકે કે મહારાજ ખરી વાત પરંતુ જીવવાનું મરવાનું ઇચ્છે તે દૂષણ એ અતિચાર કોનો છે તે બુદ્ધિથી વિચારો. પેલો કુમાર્ગે દોરવા બેઠો હોય તે પહેલાં સમજે કે અતિચાર થાના ? પ્રાણાતિપાતના છે કે સંલેખનાના આ અતિચારો છે ? સલેખના એટલે જે જીવે બધું જાજીવ વોસરાવ્યું હોય, અને લોકો બહુ સત્કારતા હોય તે વખતે માનતા પૂજા ચાલે, ત્યારે વધારે જીવું તો વધારે માનતા પૂજા મ્હારી થાય, અને ન થાયતો હું મરી જાઉં તો ઠીક. માન પૂજાને અંગે વધારે જીવું તેને અંગે રાખેલો આ અતિચારને લેઇ મૂર્ખ મનુષ્યને આવી રીતે સમજાવવાનું ગોઠવે છે. હવે કોઇ કહેશે કે આ અવસરે કેમ કહો છો ? તો મારી પાસે પુકેલી હકીકત છે તે હું કહું છું. અહીં કોઇ જીવને બચાવવાની ઇચ્છા કરીએ તો દોષ લાગે. આ પ્રસંગમાં એ સમજવાનું છે કે પોતાને અંગે જે સંલેખનાનો અતિચાર હતો તેને આવી જગોએ તે લોકોએ ગોઠવ્યો છે. જેણે રકમો જેમ તેમ લાવીને પોતાના ચોપડામાં જુદી રીતિએ જમે કરી હોય, તે પોતાનો ચોપડો બતાવવામાં આના કાની કરે તેને અંગે નવાઇ નથી.

'અસતિ'ને બદલે અસંયતિનું કથન.

પોતાની સંલેષણાની વાત જગતના જીવન મરણમાં દાખલ કરે તેને માટે કહેવું શું ?, એક જૈન ધર્મ પાળનાર મનુષ્યને ઘેર ઘોડો છે. તે ઘોડાને ઘાસ નાંખવા વખતે દેખ્યું કે આજ ચૌદશ છે, માટે ઘોડો ખાય કે ન ખાય પણ આજ સુકું ઘાસ નાંખવું એમ ધારીને સુકું ઘાસ નાંખ્યું અને ઘોડો ભૂખ્યો રાખ્યો તેવી રીતે એ કે લીલું ઘાસ નાંખ્યું, તો પછી આ જગાએ સમજો કે સુકું નાંખનારનું વ્રત ગયું, અને તે લીલું નાંખનારનું વ્રત રહ્યું. "वहचंरछविच्छेए अइभारे भत्तपाणे" ભાત પાણીનો વિચ્છેદ કરવો તેજ અતિચાર. ભાત પાણીનો વિચ્છેદ કરે તો કરમ ઓછું, પણ મતિ કલ્પનાએ તમારી અપેક્ષાએ વ્રતનું દૂષણ ગણવું તે ભૂલ છે. વ્રત યથા સ્થિતિ દેખવા નથી, અને અતિચાર સમજવા નથી, તેઓની આ હાલત છે. એટલંજ નહિં પણ "सरदहतलायपोसं असइपोसं च वज्जिज्जा." અસતિ પોષણ ને વર્જવાનું કહ્યું છે તે જગોપર ભગોતિમાં કહેલ છે, અને જે જગોએ પન્નવણાનું નામ કહ્યું છે તેને પનોણા કહેલ છે. જે બીચારાઓને નામ સરખા બોલતા નથી આવડતા, તે બિચારાઓ જે જગોપર અસતિ પોષણની વાત છે તે જગોએ મન ગમતા અક્ષર ગોઠવીને ભવભ્રમણ વધારીને કયાં જવા માંગે છે ? જેટલા અવિરતિ અને અસંયતિ તેને પોષવા તે પાપ છે અતિચાર છે. અસતિનો જે શબ્દ હતો તેને અસંયતિ–શબ્દ કરી નાંખ્યો. કદાગ્રહને અંગે અર્થના અનર્થ કરવા તેનો ભય નથી. અસતિ પોષણ જે જગાએ હતું તે જગોપર અસંયતિ પોષણ કરી નાંખ્યું. તેવું કરનારાઓને ખુલ્લી રીતે ઓળખવાની જરૂર છે. ખુણામાં બેઠા બેઠા પાના ફેરવવાના હોય તેની આ દશા છે. આગળ વિચારીએ અસતિ–પોષણ અતિચાર કયા વ્રતનો ?, કહેવું પડશે કે ભોગોપભોગ વ્રતનો અતિચાર છે. તેમાં પણ કર્મ થકી અને ભોજન થકી બન્નેના અતિચારો છે. યંત્ર પીલણ આદિ પંદર કર્માદાનના વેપાર સંબંધિના અતિચારો તે કર્મથી અતિચાર છે. ખાવું પીવું તેના અતિચાર અને તેના સાધનો મેળવવાના અતિચાર અંગારાદિક રસોઇ બના-

વવી, તથા ખાવા પીવાના સાધનો તે બધા ભોજનથી અતિચાર છે. હવે જ્યાં પૈસો મેળવવા માટે, મળતા હોય તો તે પૈસા ઘણા લેવા માટે, અને ઈષ્ટ વસ્તુ મેળવવા માટે જ્યાં સ્વાર્થ હોય ત્યાંજ અસતિ પોષણને સંબંધ છે. અસતિ તે આજીવિકાના સાધન તરીકે અસતિ એટલે વેશ્યા—કુમારિકાઓ રાખીને ધંધા માટે પોષવામાં આવે તેનો અતિચાર જણાવ્યો છે. હવે જો અસતિ પોષણમાં અસંયતિ માત્ર અતિચાર હોય તો તેના બાયડી છોકરા ભાઇ ભાંડું કે જે અસંયતિ છે તે બધા અસતિ છે કે મહાવ્રત ધારી છે? તો પછી નિરતિચાર વ્રત કોઈનાથી બનેજ નહિં.

સગવડથી વૃદ્ધિ પામતા ધર્મિઓ.

બધા શ્રાવકો તેના હિસાબે અસંયતિજ છે. અમારે વાંધો નથી, કારણકે કૃષ્ણખાનાની દલાલીને માટે તેવી સ્ત્રીઓ છોકરીઓ રાખવી. તે દ્વારાએ થતા ધંધાને અત્યારે પણ ગુન્હો કહે છે. એવી અનીતિની કમાણી કરે તે બધું અસતિ પોષણ છે. બીજાને અસતિના માર્ગે દોરવીને પોતાની આજીવિકા કરવી તે અસતિ પોષણ છે. આ ઉપર જણાવેલું બધું ભોળી બાઇઓની આગળ અને ભોળા લોકોની આગળ ભુંસા નાખવા છે. જે અસતિ પોષણનો નિષેધ તે અનીતિની કમાણી નહિં કરવા માટે કહ્યું છે, પણ તે દ્વારાએ તેઓ દયા દાનનો નિષેધ કરે છે. "જીવણો મરણો ન વાંછણો" જે પોતાના આત્મા માટે કહ્યું છે, તેજ વાત જગતના આત્મામાં નાંખે છે, તેવા પાસેથી સત્ય શી રીતે સમજાય? આવું અસતિને અંગેનું કથન અસંયતિમાં જોડનાર છે, અને તેની માન્યતાવાળું પહેલું એક ઘર હતું, પણ તમે સંબંધમાં જોડાયા તેથી એકના એકવીસ ઘર થયા. ધરમની ઘગશ ન હોવાથી થઈ ગયેલા એકવીસ અને પચીસ ઘર જેવાં હોય તેણે મારી પાસે આવવું. હજુ નહિં ચેતો તો બુરી સ્થીતિ થશે. આત્માર્થીપણું આત્મામાં વવાયું નથી. ધરમ કરો છો પણ કેવી રીતે?, સંસારી સંબંધ એ શીખરે અને વીતરાગનો ધરમ એ નીચે. ધરમને નીચે ગણીને, સંબંધને શિખરે ચઢાવીને ધર્મ કરો છો, તેથી એકમાંથી એકવીસ ઘર થયા. કીસીયનો વધ્યા શામાં? સાંસારિક સવડ મળી તેથી. જે વખતે સવડથી વધારે તે વખતે તમે રોકી નહિં શકો, કારણકે સવડની લાલચે દોરવે છે, પરંતુ તત્વજ્ઞાનની દ્રષ્ટિએ દોરાયા હોય તો એક પણ આવી ખુલાસો કરે.

સર્વવિરતિવાળાનું જ્હાનું લેવાય નહિં.

સર્વવિરતિવાળા જો દાન કરે તો દાન અમારે કરવું તેમ તેઓ કહે છે, તો પછી તમારા મહારાજ શું મોટરમાં બેસે છે?, દયા દાન કરવાનું પાપ નિકલ્યું તો પછી આ પાપ કેમ ન નિકળ્યું?, કે મારી સામે મોટરમાં આવશે તે નરકે જશે, તે કેમ જાહેર ન કર્યું?, જેઓ દયા દાનને અંગે પાપ પોષણની વાત કરે છે, તે અવસરે તેઓને કહેવાનું કે તમારામાં તમારા સાધુ મરી જાય તો સાધુ બાળવા ન લઈ જાય, અને શ્રાવકો કેમ લઇ જાય છે?; ત્યાં તો તું કહે છે કે સાધુને સર્વ વિરતિ છે. તેમને દાન હમેશાં આવે છે. સાધુ ગોચરી લે છે, છતાં તું તો ભટકીને સામા લઈ જઇને દાન આપે છે. તું અવિરતિ છતાં સર્વ વિરતિ પ્રમાણે રહેવા માંગે છે ચાલ આવ અહીં એક મકાન છે. ત્યાં તમારા સાધુ વ્યાખ્યાન વાંચે છે. વરસાદ આવે છે તમે સાંભળવા આવો છો, પણ સાધુ ન આવે તો તમે કેમ સાંભળવા આવો છો?, કહો કે તે દયા દાનના દુશ્મનો છે, કે જેથી તેમને ખોટા ઓઠા લેવા છે, અને વસ્તુતામાં આવવું નથી. સૂત્ર સિદ્ધ હકીકત કેમ ઉડાવો છો?, "શીંગડે ખાંડો ને પુંછડે ખાંડો" સૂત્રના હિસાબે ન બોલવું, અને તેમાં હાંકે જવું; છતાં તમારા સંબંધીઓ તમારા નામે બચી જાય છે. મૂળ વાતમાં આવો શ્રીમહાવીર ભગવાનના જીવે અનંતી વખત તપસ્યા કરી. પરિસહાદિ સહન કર્યા. પણ આત્માર્થીપણું મલ્યું ન હતું તે અહીં મલ્યું. સર્વ વિરતિ તરફ પરિસહ ઉપસર્ગ સહન કરવા તરફ ધસ્યો જાય. ચાર જ્ઞાનવાળા છતા સર્વ વિરતિ સંયમ તપસ્યા તરફ ધસ્યા. જ્ઞાન-માત્રથી થતું હોત તો નકામી મહેનત કરી ગણત. પણ જ્ઞાન માત્ર પ્રકાશન ફળવાળું છે. પણ ઇષ્ટ સિદ્ધિ અનિષ્ટ નિવારણ તે ક્રિયાથી થાય છે. હવે ક્રિયા જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં જરૂરીની છે માટે તે કયા પ્રકારની ક્રિયા અને કેટલો હાયદો કરે છે; તે અધિકાર અગ્રે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૧૦.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. બુદ્ધિમાનોને જ્ઞાન નિષ્ફળ છે, અને ક્રિયા નકામી છે એમ કહીં દેવું પાલવે તેમ નથી.

૨. જ્ઞાનથી થતાં ફળોને અને ક્રિયાથી પ્રાપ્ત થતાં ફળોને દેખનારાઓ દૃષ્ટિ-વિષયક-પદાર્થોનો અપલાપ કરી શકતાંજ નથી.

૩. ક્રિયાથી કંટાળેલો જ્ઞાન પકડે, અને જ્ઞાનથી કંટાળેલો ક્રિયા પકડે; તો બંન્ને અધુરા છે, ઉભયના સેવનમાંજ શાસમાન્ય-ફળની પ્રાપ્તિ છે.

૪. "જૈન દર્શનવાળાઓ કોઇનું કંઇ કંઈ લેઇને મૂળને ધક્કો મારનારા છે." આવું બોલનારા સ્યાદ્વાદ-શૈલિને સમજનારા નથી.

૫. સર્વના મત-મતાંતર દેખીને જૈન શાસન બન્યું જ નથી.

૬. "તમારામાંથી અમે નીકળ્યા, અગર અમારામાંથી તમે નીકળ્યા," આ ઉભય પ્રશ્નનું સમાધાન શું છે?, તે સમજતાં શીખો.

૭. વિશ્વને ધર્મનું પ્રથમતઃ દર્શન કરાવનાર તીર્થંકર છે.

૮. એકડો ઘુંટનાર પાસેથી સો-હજાર શીખાતા નથી.

૯. વિશ્વના સઘળાએ કુમતની જડ ભાંગવા માટેજ જિનેશ્વરોનાં વચન છે.

૧૦. "ભગવાનના વચનને લીધે નવા કુમતો નીકળ્યા છે." આ કથનના પરમાર્થને સમજવા લક્ષ્ય આપો.

૧૧. સાચા હીરા પન્ના-માણેક મોતી અને સોનાના પ્રભાવે ડમીટેશન-હીરાદિનો દરેડો શરૂ થયો તે સમજાય તેવી બીના છે.

૧૨. અસલી ચીજની કિંમત પાછળ નકલી-ચીજનો દરેડો પડે તે સ્વાભાવિક છે.

૧૩. મોક્ષની અને ધર્મની કિંમત સમજીને દરેક દર્શનકારોએ મનગમતા કૃષ્ણગા રૂપ મતો કાઢયા છે.

૧૪. સમજણ વગરની માન્યતા કુળ પરંપરાથી આવે, છતાં પણ શુદ્ધ સમ્યકત્વ મનાતું નથી.

૧૫. અભવ્ય મોક્ષજ માનતો નથી, તો પછી મોક્ષદાતા તરીકે સુદેવાદિકને કુદેવાદિકને માનેજ શાનો!

૧૬. નકલો-માલ દેખીને અસલી માલ બનાવાતો નથી.

૧૭. મિથ્યાત્વીઓના મતો દેખીને સર્વજ્ઞ-ભગવાને જૈન શાસન સ્થાપ્યું નથી.

૧૮. વાસ્તવિક-ઉપકાર-બુદ્ધિથી કરેલું છતાં ઉપકાર ન થાય તેથી ઉપકાર કરવાવાળાને લેશભર વાંધો નથી.

૧૯. "લખનારને અને લખાવનારને પાપ લાગે છે" એવું કહેનારા શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમા-શ્રમણ માટે શું કહે છે?, તે સમજતાં શીખો.

૨૦. ભોગમાં એકાન્તે તે અધર્મ છે એમ ન કહેવાય.

૨૧. ભોગમાં એકાંતે અધર્મ કહેનારાઓ સુપાત્રદાન અને અતિથિ સંવિભાગ માટે શું કહેશે?

૨૨. ધર્મની સાધક-ભોગ-સામગ્રી-ધર્મરૂપ છે, અને બાધક ભોગ સામગ્રી અધર્મ રૂપ છે; એ ધ્યાનમાં રાખો.

૨૩. જૈનોએ મૂર્તિપૂજા વૈષ્ણવોમાંથી અને દયા ઢુંઢીયામાંથી લીધીજ નથી.

૨૪ જૈનોમાંથી મૂર્તિપૂજા વૈષ્ણવોએ લીધી છે, કારણકે મલીનમાંથી નિર્મળ થનારા માટે પ્રતિમા એ આદર્શ છે.

૨૫. મલીનમાંથી નિર્મળ થવાની માન્યતા જૈનોનીજ છે, અને વૈષ્ણવો તો નિર્મળ પરમાત્માને મલીનતા રૂપ ગર્ભાવાસમાં આવવાનું માને છે; માટે અંત્રેની માન્યતાના તફાવત સમજો.

૨૬. સર્વજ્ઞની દેશનામાંથી લેહને કુમતો થયા, પણ કુમતોનું અંશભર પાપ સર્વજ્ઞોને નથી.

૨૭ ભાંડારકરની બુકમાં લખે છે કે—'અહિંસા ધર્મ જૈનો બરાબર પાળે છે' આ વાકયનું તત્ત્વ સમજો.

૨૮. "અહિંસા પરમો ધર્મઃ" અને "અગ્નિમાંથી કણીયાઓ લઈને સૂર્યનું થવું" આ વેદના વાકયો જૈનોએ લાધાં નથી, એ યુક્તિયુક્ત સ જતાં શીખો.

૨૯. અહિંસા ધર્મનું પાલન, તેના હેતુ-ફળ અને સાધન જૈનોએ બતાવ્યા છે, પણ વેદોએ બતાવ્યા નથી.

૩૦. જ્ઞાનનું અને દર્શનનું ટકવું તે પણ ક્રિયાને આભારી છે.

૩૧. શ્રુતજ્ઞાનને ગોખવું, સંભારી રાખવું, ટકાવવું, અને વધારવું તે બધું ક્રિયાથી છે.

૩૨. શ્રુતજ્ઞાન વગર કેવળજ્ઞાન થતું જ નથી.

૩૩. આઠ આચારો શ્રુતજ્ઞાનનાજ છે, કારણ કે બીજા જ્ઞાનોના લેવડદેવડ થતીજ નથી.

૩૪. શ્રુતજ્ઞાનના આઠ આચારો હોવા છતાં શ્રુત-આચાર ન કીધું અને જ્ઞાનાચાર કીધું, તો કહેવાના પ્રયોજનને સમજવાની જરૂર છે.

૩૫. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોનો વિનયાદિ કરવાથી થાય છે તે ધ્યાનમાં રાખો.

૩૬. શંકા નિવારણનો અમોઘ ઉપાય શો?

—૦—

ઉભયના સેવનમાં ફલ પ્રાપ્તિ.

क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।
पतितस्याऽपि तद्भावः प्रवृद्धिर्जायते पुनः ॥

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રીઅષ્ટકજી—પ્રકરણને રચતાં થકાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં જીવનનું ટકવું, નિર્વાહ; અને તેના સાધનો તે અક્ષરને આભારી હોવાથી, તેમજ ધર્મિષ્ઠોને શાસનની ઉત્પત્તિ-પ્રવૃત્તિ અને તેનું ટકવું તે જ્ઞાનને આભારી હોવાથી લૌકિકને લોકોત્તર કોઈપણ માર્ગવાળો જ્ઞાનને નિષ્ફળ કે નકામું કહી શકે નહિં. તેમ દરેક ભોજન કરવા દ્વારાએ ભૂખ ભાંગતી દેખીને, પાણી પીવા દ્વારાએ તૃષાની શાંતિ દેખીને, ઔષધ ખાવા દ્વારાએ રોગનું શમન થતું દેખીને, તેમ વિરતિ દ્વારાએ આવતા કર્મને રોકાતાં દેખીને; યાવત્ ચૌદમે ગુણઠાણે સર્વ સંવરને શુકલધ્યાનનો ચોથો ભેદ સંવર અને નિર્જરા પૂર્વક મોક્ષ દેવાવાળા છે તેમ જાણી ક્રિયાને કોઇપણ નકામી ગણી શકેજ નહિં. જ્ઞાન કે ક્રિયા એ બેમાંથી એકે નકામી ચીજ નથી, પણ ઝઘડો શામાં છે? જ્ઞાનનય જ્ઞાનથી સર્વ ફળ પોતાનું જણાવે છે, તેમ ક્રિયાનય પણ ક્રિયાથી સર્વ ફળ પોતાનું મનાવે છે. જ્ઞાનવાદી સર્વ ફળ જ્ઞાનનુંજ છે તેમ જણાવે છે, તો જૈન શાસ્ત્રકાર એ જણાવે છે કે ફળની પ્રાપ્તિ જ્ઞાન અને ક્રિયા ઉભય-દ્વારાએ થાય છે. ક્રિયાથી કંટાળેલાએ એકલું જ્ઞાન પકડયું, અને જ્ઞાનથી કંટાળેલાએ એકલી ક્રિયા પકડી, પણ ફળ તો ઉભયના સેવનમાં છે.

ધર્મને દેખાડનાર કોણ ?

આથી કેટલાક કહેતા હતા કે જૈન દર્શનવાળા પક્કા છે કે કોઇકનું કર્યું લીધું અને અવસરે બધાનું બધું લીધું; પછી અને બધાને ધક્કો માર્યો. સ્યાદ્વાદની સ્થાપના કરીને નિત્યવાદીનું નિત્યપણું, અને અનિત્યવાદીનું અનિત્યપણું લઇ બાકીનાને મિથ્યાતી ઠરાવ્યા. આમ જેઓ કહેતા હતા તેઓ વસ્તુ સ્થિતિને ભૂલી ગએલા છે એમ સમજવું. શ્રી તિર્થંકર મહારાજે જ્ઞાનવાળા પાસેથી જ્ઞાનની વાત લીધી નથી. પૂ શ્રી જીનેશ્વરે નિરૂપણ કર્યું તેમાંથી તેઓએ એક એક ખેંચી લીધું છે કે છોડી દીધું છે એમ નથી. હાથી સુપડા જેવો, થંભલા જેવો, અને સાંબેલા જેવો છે. એમ કહેનારના વાકયોથી હાથી બન્યો નથી. આંધળાઓને હાથી દેખાડયો. એકે સુંઢ, એકે પગ, અને એકે પુછડું પકડયું. પછી હાથી કેવો છે ?, એમ પુછયું કે તુરત કહ્યું—હાથી થાંભલા જેવો, શીલા જેવો, અને સાંબેલા જેવો છે. તેથી કાને હાથ દેવાવાળાએ સુપડા જેવો કહ્યો, અને જુદા જુદાએ જુદો જુદો અનુભવ કરી કહ્યો તે સાંભળીને હાથી બન્યો નથી. તેમ સર્વજ્ઞ તીર્થંકર ભગવાને બધાના મત મતાંતર જોઇને, થોડું થોડું લઇને જૈન-શાસન બનાવ્યું નથી, પણ જૈન શાસન હાથીની માફક સર્વ-અંગે સંપૂર્ણ હતું. અને તેમાંથી આંધળાએ કાન દેખી સુપડા જેવો ગણ્યો. આ દર્શન સાંભળીને તેમાંથી એક એક નયવાળા જુદા પડયા, પણ સર્વમત દેખીને જૈન મત ઉભો કરવામાં આવ્યો નથી. આ વાતમાં પ્રશ્ન થશે કે-તમે અમારામાંથી, નિકલ્યા છો, પણ તમારામાંથી અમે નીકળ્યા નથી. આ બે વાતનો નિર્ણય કેવી રીતે કરવો ? ખરૂં શું ? સહેલો રસ્તો છે. જ્યાં સુધી પ્રથમ તીર્થંકર થયા નહતા ત્યાં સુધી અથવા પ્રથમ તીર્થંકરે દીક્ષા ન લીધી અને કેવળજ્ઞાન પ્રગટ ન થયું ત્યાં સુધી જગતમાં ધર્મ જેવી ચીજ ન હતી પહેલ વહેલી ધર્મની ઉત્પત્તિ પહેલા તીર્થંકરની દેશનાથી થઇ. ધર્મની પ્રરૂપણા સર્વજ્ઞ સિવાય બીજાથી થઇ શકેજ નહિં. ધર્મની સાચી પ્રરૂપણા સર્વજ્ઞ કરે તો તેમને બીજામાંથી લેવું પડે નહિં.

અસલી પાછળ નકલી ચીજોની દોડધામ.

વળી અતીન્દ્રિય-જ્ઞાનવાળા સર્વ પદાર્થ જાણનારા તેમને એક મત જાણવો તે એકડા જેવો હતો. ૧૦૦ શીખેલો એકડાવાળા પાસેથી શીખ્યો તે કેમ કહી શકાય ? બીજી વાત જ્ઞાન-ક્રિયા દરેકને અનુભવમાં આવનારી ચીજ તેજ સર્વજ્ઞ ભગવાને કહી છે. તેમાથી એકલું જ્ઞાન કેમ પકડયું ?, તો કહે છે કે ક્રિયા કરવી આકરી પડી તેથી ક્રિયા છોડી એકલું જ્ઞાન પકડયું. તેમ (જ્ઞાન વાળાને ક્રિયાની જેમ) ક્રિયાવાળાને જ્ઞાન સમજવું એ આકરૂં પડયું તેથી ક્રિયા પકડી છે હવે વિચારો ક્રિયા નકામી ન ગણે તો જ્ઞાન પણ નકામું નથી. તેમ કોઈ માનતો હોય કે ક્રિયા વાદને જ્ઞાન નકામું છે, અને જ્ઞાનવાદને ક્રિયા નકામી છે, પણ જૈન શાસનમાં તો જ્ઞાન-ક્રિયાના સમુચ્ચયપણે સંપૂર્ણ સેવન કરવા સંબંધમાં ભગવાનની પ્રરૂપણા હતી. જગતના તમામ કુમતની જડ ભાંગવા માટેજ ભગવાનનું વચન છે. જગતમાં જેટલા મિથ્યા મતો નિકલ્યા છે, જેટલા ખોટા કુ ભંડીઓ નિકલ્યા છે તે બધાઓ ભગવાનના વચનને લીધેજ નિરસન પામનારા છે. "ભગવાનના વચનને લીધેજ મિથ્યા મતો નીકલ્યા છે" આ સાંભળીને ચમકશો નહિ. જુઓ બનાવટી સોનું જગતમાં વપરાવા લાગ્યું, હીરા માણેક પાના ઈમીટેશન વપરાવા લાગ્યા, તે પ્રતાપ સાચા હીરા માણેક-પાના સોનાનો પ્રતાપ છે. જો સાચા હીરાદિક કીંમતી ન ગણાયા હોત તો કોઈ બનાવટી સોનું કે (ઇમીટેશન) હીરાદિકની બનાવટ કરત નહિં. તેમ જીનેશ્વરે પ્રરૂપેલા ધર્મની શાસનની બહાર જગતમાં અનહદ કિંમત થવા લાગી, કે જેની પાછળ કિંમત વધારે દેખીને તેની પાછળ બનાવટી માલનો દરોડો પડયો. જગતમાં બનાવટી સોના મોતી હીરા પન્ના નિકલ્યા, પણ બનાવટી પત્થરા-રેતી-કોઠું કે ત્રાંબુ ન નિકલ્યું કારણ કે ઝવેરાતના હિસાબે એની કીંમત નથી. નકલીપણાની કિંમત અને પ્રવૃત્તિ તે અસલી પણાની કિંમતની પાછળ છે.

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગતાંકથી ચાલુ)

પ્રત્યાખ્યાન અવસરે સામાન્ય જાતિ રૂપ આહાર અને વિશેષ-જાતિ રૂપ અશનાદિનું શ્રદ્ધા પૂર્વકનું જાણપણું થયેલું હોય તો ત્યાગ કરવામાં, ગ્રહણ કરવામાં, અને પાલન કરવા વગેરેમાં સુલભપણું પ્રાપ્ત થાય છે; આથીજ "णाणाइप-सिद्धिओ णओ" એ પદો કહેવાની અત્ર સુસંગતા માલુમ પડે છે. આહાર જાતિની ચાર પ્રકારે પ્રરૂપણા કરવાથી તે તે વિષય સંબંધિ (આહાર સંબંધિ) આગળના પદ્યમાં કહેવાય છે, તેવા શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિ-ગ્રહણ-પાલન, વિરતિ, અને વિરતિની વૃદ્ધિ કરવામાં તે પ્રરૂપણા પ્રબળ સહાયકારી નીવડે છે. ગાથા-૨૫.

આસંગિક-પ્રરૂપણા શ્રેયસ્કર છે.

પૂર્વે જણાવી ગયા કે સામાન્ય-જાતિરૂપ આહારનું ચાર પ્રકારે નિરૂપણ કરવાથી આહાર વિષયક જ્ઞાનાદિની સિદ્ધિ થાય છે; અને તેજ જ્ઞાનાદિ પૂર્વકની પ્રાપ્તિની સિદ્ધિ કરતાં, આ પદ્યદ્વારાએ શાસ્ત્રકાર જણાવે છે.

णाणं सद्दहणं गहण पालणा विरतिवुड्ढि चेव एवंति ।
होइ इहराउ मोहा विवज्जओ मणियमावाणं ॥२६॥

પદાર્થઃ—णाणं=આહાર-વિષયક સુબોધ, सद्दहणं=આહાર-વિષયક શ્રદ્ધાપ્રતીતિરૂચિ, આહાર સંબન્ધિના પ્રત્યાખ્યાન વિષયક गहण=પ્રત્યાખ્યાન સ્વીકાર, पालणा=સ્વીકાર કરેલા પ્રત્યાખ્યાનનું પાલન, विरतिवुड्ढि=અશનાદિની નિવૃત્તિ રૂપ વિરતિનું વર્ધન; આ રીતે ક્રમશઃ તે તે થવા વાળા સર્વ ભાવોની સંગતિ ચાર પ્રકારે આહારનું પ્રરૂપણ કરવાથી થાય છે. इतरथा=પ્રરૂપણાના અભાવમાં, मोहा= મોહથી-પ્રત્યાખ્યાન કરવા લાયક તે વિષય વિભાગનું જ્ઞાન નહિં થવાથી मणियमावाणं=કથન કરેલા પદાર્થોની પ્રાપ્તિને બદલે विवज्जओ વિપરીતપણું પ્રાપ્ત થવાનો સંભવ છે. ગાથા-૨૬.

પદ-પરમાર્થઃ—સમ્યગ્જ્ઞાન એવું છે કે શાસન-માન્યરીતિએ સમજનારને શ્રદ્ધાના વિષયમાં દ્રઢીભૂત બનાવે છે; એટલે શ્રદ્ધા કરવા લાયક પદાર્થની પરિપૂર્ણ પ્રતીતિ કરાવીને નિશ્ચયાત્મક-કિંમત કરાવીને અનન્ય-રૂચિને ખૂબ ખૂબ દ્રઢીભૂત બનાવે છે; અને વિરતિ-વિષયક-દ્વિવિધ-ત્રિવિધ-આહારના પ્રત્યાખ્યાનના સ્વીકાર-પાલન અને વિરતિની વૃદ્ધિમાં પણ તેજ સમ્યગ્જ્ઞાન શાસન-માન્ય-અવબોધ અબોધ કારણભૂત ભાગ ભજવે છે, આથીજ "णाणं" એ પદને આ ચાલુ પદ્યમાં પ્રથમ સ્થાન આપેલું છે. શાસન-માન્ય આહાર ભેદ-ભેદાન્તર વિષયક અવબોધ થવો, અને તે પછી શ્રદ્ધાન એટલે આહારભેદ-ભેદાંતર વિષયક-પ્રતીતિ પૂર્વકની રૂચિ થવી; અને રૂચિ થવી એટલે આહાર-વિષયક-પ્રત્યાખ્યાન કરવાથી આ લાભ છે, નહિં કરવાથી નુકશાન છે એવી પરિપૂર્ણ પ્રતીતિ પૂર્વકની રૂચિ થવાથી પ્રત્યાખ્યાન ગ્રહણ કરવાની તત્પરતા થાય છે. તેથી પૂર્વે જણાવેલી રૂચિ થયા પછી બે પ્રકારના આહારના ભેદવાળું પ્રત્યાખ્યાન સ્વીકાર કરવાનો પરિણામ થાય છે; અને પ્રત્યાખ્યાન સ્વીકારે છે. સ્વીકાર કર્યા પછી જેવી રીતે તે પ્રત્યાખ્યા-

નની આરાધના થતી હોય તે રીતિએ શાસ્ત્ર-વિહિત-નીતિ રીતિએ તે પ્રત્યાખ્યાનની આરાધના કરે છે. ચતુર્વિધ-આહાર-વિષયક-અશનાદિનો વિરતિ થયા પછી શક્તિ અનુસાર ઉદ્યમ કરનારને દ્વિવિધ-ત્રિવિધાદિ ભેદથી તે વિરતિની વૃદ્ધિ થાય છે. આ રિતિએ જ્ઞાન-શ્રદ્ધા-સ્વીકાર-પાલન કરવું અને વિરતિની વૃદ્ધિ થવી; એ ચાર પ્રકારના આહારની પ્રરૂપણા કરવાથીજ થાય છે. પરંતું આહાર-વિષયક પ્રરૂપણા કરવામાં ન આવેતો પૂર્વે કથન કરી કરેલા ભવ્ય-ભવોનું વિપરિતપણું પ્રાપ્ત થાય છે, એટલે અજ્ઞાન અશ્રદ્ધા અને અસ્વીકારદિ થાય. આથી આ પ્રસંગે ચાલુ પ્રત્યાખ્યાન-પ્રકરણમાં આહાર-વિષયક-ચતુર્વિધ ભેદ-ભેદાન્તરની પ્રરૂપણા કરવી તે અતિ સુંદર અને લાભદાયિ છે. ગાથા. ૨૬.

અશનાદિ પ્રકાર.

હવે અશનાદિ ભેદોનું નિરૂપણ કરતાં થકાં શાસ્ત્રકાર આ પદ્ય જણાવે છે.—

असणं ओयण सुग्गमुग्गजगाराइ खज्जविहीय ।
खीराइ सूरणाइ मंडगपभिईय विण्णेयं ॥ २७ ॥

પદાર્થ:—અશન શબ્દથી ઓદન-સાથવો-મગ-જગાર આદિ ભોજન વિશેષ લેવાં, અને ખાદ્યક વિધિ એટલે ભોજનનો એક પ્રકાર છે; खीराइ-દુધ દહીં-ઘૃત-છાશ-વિગેરે सूरणाइ=સુરણકન્દ વિગેરે અને मंडगपभिइ=રોટલા પૂલા-પૂડા વિગેરે જાણવાલાયક છે.

પદ-પરમાર્થ:—પદમાં અશન પદની જ્યારે વ્યુત્પત્તિ કરીએ, ત્યારે अश्यते-भुज्यते इत्यशनम् । ભોજન તરીકે જેનો ભોગવટો થાય છે, તે બધાને અશન કહેવાય છે, અને અશન શબ્દની પ્રવૃત્તિ રૂઢીથી ઓદનાદિ પદાર્થોમાં પ્રવર્તે છે. જેવી રીતે ઘટ શબ્દની પ્રવૃત્તિ નિયત કરેલા આકાર વિશેષ પાણી ભરવાના સાધન-સામગ્રી વિગેરે પદાર્થોમાં પ્રવર્તે છે; તેવી રીતે અશન શબ્દમાં પણ સમજવું. પૂર્વ પદમાં जगाराइ શબ્દથી જગાર લેઇએ તો 'पाइअसद्दमहण्णवो'[1] નામના એ કોષથી જગાર શબ્દથી રાળ અથવા જવનું પાણી લેવું. પરંતુ જગારી શબ્દથી ક્ષુદ્ર અન્ન લેવાય છે. મૂલશ્લોકમાં જગાર શબ્દ છે, પરંતુ નવાંગી-વૃત્તિકાર વૃત્તિમાં 'जागरो शब्दः समयप्रसिद्धः' એમ લખેલું છે, તેથી તે શબ્દથી હલકી જાતનું અન્ન વિશેષ લેવું. ઓદન-સાથવો અને મગ એ શબ્દોથી લોકમાં પ્રચલિત પ્રસિદ્ધ પદાર્થો લેવાય છે, અને આદિ શબ્દથી ખીર અને કરંબો વિગેરે લેવાય છે. ખાદ્યક વિધિ એટલે શોકરહિત કાલમાં લાડુ વિગેરે વપરાય છે, તેવા લાડુ વિગેરે ભોજનના પ્રકારોને ખાદ્યક વિધિ રૂઢીથી કહે છે. क्षीरादि પદથી દુધ-દહીં-ઘી-છાશ-ઓસામણ વિગેરે, અને सुरणु-આદિ પદથી સુરણુ-કંદ-બટાકા વિગેરે, અને આદિ શબ્દથી તેવા પ્રકારના જમીન કંદ વિગેરે લેવાં. मण्डकप्रभृति च એટલે રોટલા-પુલ્લા-પુણીઓ વિગેરે અશનમાં જે જે યોગ્ય હોય તેનું યોજન કરવું. ગાથા ૨૭.

પાનના પ્રકાર.

હવે અશનના પ્રકારો જણાવીને શાસ્ત્રકાર-पानकमाह=એટલે પાણીના પ્રકારો જણાવે છે-

पाणं सोवीरजवोदगाइ चित्तं सुराइगं चेव ।
आउक्काओ सव्वो कक्कडगजलाइयं च तहा ॥२८॥

પદાર્થ:—પાણીના પ્રકારોમાં સૌવીર-જવના પાણી વિગેરે, અને અનેક પ્રકારના મદ્ય વિશેષ,

---

१ જુઓ-पाइअसद्दमहण्णवो पृ० ४३०।

સર્વ પ્રકારના પાણી, કર્કટ નામના ફલ વિશેષના સંસર્ગ-વિગેરેથી તૈયાર કરેલ પાણી; અને આદિ શબ્દથી બીજાં પણ તેને અનુસરતાં પાનના પ્રકારો ગ્રહણ કરવાં. ગાથા ૨૮.

પદ પરમાર્થઃ—પીયતે ઇતિ પાનં।-એ વ્યુત્પત્તિથી પીવાય તે પાણી કહેવાય છે, માટે પીવા લાયક પાણીના સઘળાંયે પ્રકારો એટલે પીવા લાયક પદાર્થોને અનુસરતા પાણીના પ્રકારો અત્ર જણાવાય છે. આ વ્યુત્પત્તિથી पान શબ્દનો વપરાશ અત્ર રૂઢિથી કર્યો છે, એમ અત્ર સમજવું. હવે તે પાનના (પીવાના પાણીના) પ્રકારો આ પ્રમાણે છે. सोवीर=સૌવીર એટલે કાંજીનું પાણી, जवोदग=જવનું ધોવણ એટલે જવને પાણીથી ધોઇને તૈયાર કરેલું જવનું ધોવણ જલ, આદિ શબ્દથી તલ-ચોખા વિગેરેનાં ધોવણાદિનો જલ પણ લેવાં. चित्तं सुराइगं એટલે વિવિધ પ્રકારના મદ્ય વિશેષો, એટલે પીસેલાં દ્રવ્યોને ભેગાં કરીને અમુક વખત સુધી પાણી વિગેરે પ્રવાહી પદાર્થો સાથે પલાળીને રાખવાથી મદ્ય વિશેષ ઉત્પન્ન થાય છે. તે વિગેરે મદ્ય ઉત્પન્ન કરનારા પીવાના દ્રવ્યો લેવાં. તથા શસ્ત્રથી નહિં હણાએલું એટલે વિધિપૂર્વક અગ્નિ વિગેરેના સંસ્કારથી ઉકાળ્યા વગરના જે પાણી, જેવાં કે-વાવના, કૂવાના, તળાવના, નદીના, આકાશના (વરસાદના), અને ટાંકા વિગેરેનાં તે પાણી લેવા. તથા કર્કટ (કતક અથવા કાકડી વિશેષ ફલ નાંખવાથી) નામના ફળથી એટલે (તે ફલના ચૂર્ણથી) મિશ્રિત કરેલ તે પાણી વિશેષ, અને આદિ શબ્દથી ખજૂર-દ્રાક્ષ-દાડિમ-આંબલી વિગેરેના પાણી પણ અત્ર ગ્રહણ કરવાં ગાથા ૨૮.

ખાદિમના પ્રકારો.

અશનના પ્રકારો અને પાનના પ્રકારો જણાવ્યા હવે પછી ખાદિમના પ્રકારો જણાવતાં થકાં શાસ્ત્રકાર આ નીચેનું પદ્ય જણાવે છે.—

मत्तोसं दन्ताई खज्जूरं नालकेरं दक्खादी ।
कक्कडिगबगफगसाइ बहुविहं खाइमं णेयं ॥२९॥

પદાર્થઃ—શેકેલું ભોજન વિશેષ, દાંતની શુદ્ધિ માટેના દ્રવ્ય વિશેષ, ખજૂર, નાલિએર, દ્રાક્ષ વિગેરે; કાકડી, આમ્ર, ફણસ વિગેરે બહુ-પ્રકારના ખાદિમ પદાર્થો જાણવા લાયક છે. ગા. ૨૯

પદ-પરમાર્થઃ—मत्तोसं=ખાળેલું એટલે શેકેલું ભોજન વિશેષ તેને ભક્તૌષ કહેવાય છે, અને તે શેકેલા ભોજન વિશેષમાં ચણા, ઘઉં, ભાત વિગેરે લેવાં. दन्तादि=ક્ષુધાની શાન્તિ માટેનું ભોજન લીધા પછી ગોળ-સાકરથી સંસ્કાર કરેલી ચીજો કે જે ચીજોને વાપરવાથી પૂર્વે ઘૃત-તેલ ભર્યા ભોજનથી દાંતમાં ચીકાશ વગેરે થયેલ હોય તેની વિશુદ્ધિ થાય છે, તેથી દેશ-વિદેશમાં ભોજન કર્યા પછી ઉપર જણાવેલ અગર દાંતને પવિત્ર કરવા માટે જે જે ચીજો વપરાય છે; તે બધી અત્ર લેવી. દેશ-પરદેશની રૂઢિના હિસાબે અથવા આયુર્વેદિક-શાસ્ત્રના નિયમ પ્રમાણે યુરોપના જર્મની જેવા પાશ્ચિમાત્ય-દેશોમાં ૧. ભોજન કર્યા પછી ખાધેલા ભોજનને પચાવવા માટે, અને ૨. રક્તની વિશુદ્ધિ માટે ફ્રુટ (ફુલ ફળાદિ) અવશ્યમેવ ખાવાનો રિવાજ છે. ક્ષુધાદિ નિવારણ માટે અશનના પ્રકારો જેટલાં કાર્ય સાધક છે, તેટલાં ખાદિમના પ્રકારો કાર્યસાધક નથી. પરંતુ વર્તમાનમાં પણ ભોજન કર્યા બાદ ખાદિમના અનેક પ્રકારોનું

સેવન ઘણા દેશોમાં આયુર્વેદિક શાસ્ત્રના નિષ્ણાતો દ્વારા બહોળો જનસમુદાય ઉપર જણાવેલાં બે કારણે થી વાપરે છે, તે અત્ર જાણવું પ્રાસંગિક છે. અશનના પ્રકારો કરતાં ખાદિમના પ્રકારોમાં આ તફાવત છે, છતાં આહાર માટેના ચાર વિભાગોમાં ક્ષુધાની સામાન્યતઃ શાંતિ માટે આ ત્રીજો ખાદિમનો પ્રકાર લાભદાયિ છે તેવીજ રીતે ખજૂર, નાલિકેર, દ્રાક્ષ અને દાડમ વિગેરે મેવા અને ફલાદિ પણ ખાદિમના પ્રકારો તરીકે પ્રસિદ્ધજ છે. તથા કાકડી, આમ્રફળ, ફણસ, અને અનેક પ્રકારના ખાવા યોગ્ય મેવા ફલાદિ વિગેરે ખાદિમના તે અનેક-પ્રકારો જાણવા લાયક છે. ગાથા ૨૯.

સ્વાદિમના પ્રકારો.

હવે અશનના પ્રકારો, પાન એટલે પીવા-યોગ્ય પાણી વિગેરેના પ્રકારો, અને ખાવા-યોગ્ય (ભોજન પછી ખાવા યોગ્ય) ખાદિમના પ્રકારોનું વર્ણન કરીને, હવે અત્ર સ્વાદિમના પ્રકારોનું વર્ણન શાસ્ત્રકાર કરે છે.—

दंतवणं तंबोलं चित्तं तुलसीकुहेडगाई य ।
महुपिप्पलिसुंठाई अणेगहा साइमं होइ ॥३०॥

પદાર્થઃ—દંત-શુદ્ધિ માટેના કાષ્ઠાદિ વિશેષ, વિવિધ પ્રકારના તંબોલ, તુલસી-કુહેડક વિગેરે, મધ-પિંપલ-સુંઠ-વિગેરે અનેક પ્રકારના પદાર્થો કે જે સ્વાદ માટે બનાવ્યા હોય તે જાણવા લાયક છે. ગા. ૩૦.

પદ-પરમાર્થઃ—ક્ષુધા-વેદનીયને શમાવવા માટે અશનના સઘળાંયે પ્રકારો સકલ રીતિએ કાર્ય સાધક બને છે, તેવા રીતે ખાદિમના પ્રકારો પણ સર્વાંશે તો નહિં, પણ અંશે અંશે પણ ક્ષુધાને શમન કરવા માટે કાર્યસાધક બને છે; પરંતુ આ સ્વાદિમના પ્રકારો મુખ શુદ્ધિ આદિ સ્વાદને માટે લેવાય છે, એટલે સ્વાદિમના પ્રકારોનું થોડું ઘણું સેવન કરવામાં આવે તો પણ અશનના પ્રકારો અને ખાદિમના પ્રકારોની જેમ ક્ષુધાને શાન્તવન કરવામાં જોઇતા પ્રમાણમાં કાર્યસાધક થતાંજ નથી, તે ધ્યાનમાં રાખવું. સ્વાદિમ એટલે સ્વાદને માટે બનાવેલ પદાર્થોને સ્વાદિમ કહેવાય છે, તેના પ્રકારો આ પ્રમાણે છે. દાંતની શુદ્ધિ માટે જેઠી મધના કાષ્ઠ વિગેરે, એટલે જેઠીમધ, તજની છાલ વિગેરે સમજી લેવાં. વિવિધ પ્રકારનાં તંબોલ કે જેની અંદર નાગરવેલના પાન, સોપારી, ખદિરાદિ સુગંધિદાર વૃક્ષોની છાલ, અથવા તેના જેવી બીજી સારભૂત ચીજો, એલાયચી, લવંગ, અને કક્કોલ (થંડા ચીની-કબાબા)=એક સુગંધી વૃક્ષના ફલ લેવાં. कक्कोल શબ્દાર્થ માટે પ્રાકૃત-શબ્દ-મહાર્ણવના પૃ. ૨૬૮નો બીજી કોલમમાં તે શબ્દનો અર્થ જોઈ લેવાની જરૂર છે. આ પદ્યમાં चित्तं तंबोलं પદો હોવાથી દેશ પરદેશમાં તંબોલના ઘણા પ્રકારો વપરાશમાં લેવાતા હોય તે બધાં લેવાં. તુલસી ને સંસ્કૃત-ભાષામાં તુલસીકા અથવા સુરસા ના નામથી ઓળખે છે વૈષ્ણુવ-બ્રાહ્મણના કુલોમાં આ તુલસીને બૃન્દાના નામથી પણ કોઈ કોઈ જગાએ પિછાને છે, અને વિશેષમાં તેઓ સર્વ તંબોલમાં તુલસીના પત્રાદિ વિગેરે પ્રત્યે તેઓ તેમની માન્યતાના આધારે અને શરીર શુદ્ધિ (મુખ શુદ્ધિ આદિ માટે) માટે અગ્રગણ્ય પદ આપે છે. कुहेड એ શબ્દની પ્રવૃત્તિ ઔષધિવિશેષમાં થાય છે, વધુ જીજ્ઞાસુએ પ્રાકૃત-શબ્દ-મહાર્ણવના પૃ. ૩૨૫નો પ્રથમ કોલમમાં તે શબ્દાર્થ વિચારવો જરૂરી છે. આદિ શબ્દથી જીરૂ-સુગંધિ-

દ્રવ્ય-હળદર-વરીયાળી વિગેરે પણ લેવાં. મીઠાથી વાસિત પીંપલ-સુંઠ, અથવા વિવિધ મધુરાદિ રસથી વાસિત એવી પીંપલ-સુંઠ અને આદિ શબ્દથી મરી-હરડે વિગેરે અનેક પ્રકારના પદાર્થો સ્વાદ-ના માટે બનાવેલાં હોય તે બધાને સ્વાદિમ પ્રકારોથી જાણી લેવાં. ગાથા. ૩૦.

આહારાદિમાં અતિદેશ.

પૂર્વે જણાવેલાં સમસ્ત અશન-પાન-ખાદિમ, અને સ્વાદિમના ભેદો કહ્યા છે, તેટલાજ પ્રમાણમાં તે ચાર પ્રકારના ભેદો છે એમ સમજવું નહિં, પણ અલ્પ-સંખ્યામાં દેખાડેલા ભેદો છે, તે સિવાયના બીજા પણ પદાર્થો ચાર વિભાગમાં હોઇ શકે છે, તે હેતુથી ભલામણ કરવા પૂર્વક આ પદ્ય જણાવે છે.

लेसुद्देसेणए भेया एएसिं दंसिया एवं ।
एयाणुसारओ च्चिय सेसा सयमेव विण्णेया ॥३१॥

પદાર્થ:—અલ્પાંશ કથનના ઉદ્દેશથી એતેસિં= અશનાદિ આહારનાં ભેદો ઉકતન્યાયથી દેખાડયા, અને દેખાડેલા આ ભેદોના અનુસારેજ બાકીના ભેદો સ્વયમેવ જાણવા લાયક છે. ગાથા. ૩૧.

પદ-પરમાર્થ:—પૂર્વે જણાવેલા પચીસમા પદ્યમાં આહારજાઇઓ ઇત્યાદિ પદોથી આહાર એટલે ખાવા તરીકેના ઉપભોગમાં આવતી આહારજાતિ સામાન્યથી એક છે, વિશેષથી અનેક જાતિઓ અને જાતિ-સ્થિત અનેક-ભેદો આહાર સંબંધમાં પડે છે, છતાં તે સર્વને "एक्काऽवि होति चउभेओ" આ પદોથી એક હોવા છતાં ચાર પ્રકારમાં વહેંચણ કરવા. હવે તે વહેંચણ કરવાના પ્રયોજ-નમાં સમ્યક્ સમજ-શ્રદ્ધા-ગ્રહણ-પાલનાદિ-વિરતિ અને વૃદ્ધિના કારણો પણ જણાવી ગયા; અને તેથી અલ્પાંશ કહેવાના ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને શાસ્ત્રકાર મહારાજ ગાથા. ૨૭થી ગાથા ૩૦ સુધીમાં અનુક્રમે આહાર જાતિના અશન-પાન-ખાદિમ અને સ્વાદિમનું સ્વરૂપ અને તેના પ્રકારો એટલે આહાર સંબંધના ભેદોનું સ્વરૂપ તથા પ્રકારો જણાવી ગયા. હવે આ પદ્યદ્વારા શાસ્ત્રકાર એ જણાવવા માંગે છે કે પૂર્વના ૨૭-૨૮-૨૯-૩૦ એ ચાર પદ્યોમાં અશનાદિ ચાર પ્રકારોનું જે કથન કર્યું છે, તે તેટલીજ સંખ્યા પ્રમાણમાં છે એવું માનવાની ભૂલ ન કરે તે હેતુથી આ પદ્યના પૂર્વાર્દ્ધમાં लेसुद्देसेणए ઇત્યાદિ પદોથી સમાધાન કરે છે. એટલું જ નહિં પણ બીજા અનેક પ્રકારો-અશન-પાન-ખાદિમ, અને સ્વાદિમ એ ચાર વિભાગમાં સંભવી શકે છે, અને તેથીજ શાસ્ત્રકારે દેખાડેલા ભેદોના અનુસારે નહિં દેખાડેલા એવા બાકીના ભેદો પણ સ્વબુદ્ધિથી જાણવા લાયક છે. આથી દેશ-વિદેશમાં અશન પાન-ખાદિમ-સ્વાદિમના સ્વરૂપને, અને ભેદોને ધ્યાનમાં લેઇને વ્યવહારમાં આહારાદિના ભોગવ-ટામાં આવતાં સઘળાં દ્રવ્યોને ચાર વિભાગમાં પોતાની બુદ્ધિ-અનુસારે પણ જાણી લેવાની જરૂર છે એટલે આ પદ્યથી નહિં જણાવેલાં દ્રવ્યો આહાર-સંબંધિના અનેક-દ્રવ્યો ગ્રહણ કરવાની ભલામણ કરે છે, એટલે આ પદ્ય અતિદેશ-સૂત્રની અવસરોચિત ગરજ સારીને રહી ગયેલી ત્રૂટીને પરિપૂર્ણ કરે છે, ગાથા. ૩૧.

અવિરૂદ્ધ-ત્યજનરૂપ-પચ્ચકખાણ.

આહારનું સ્વરૂપ, આહારના વિવિધ ભેદોનું સ્વરૂપ, અને આહારના અનેક પ્રકારોનું વર્ણન કર્યા પછી તે વર્ણન સાંભળીને જે કાંઇ અમેય

તે જણાવે છે; અથવા આહાર ભેદની પ્રરૂપણા વિદ્યમાન હોતાં છતાં શું બને છે ?, તે જણાવે છે—

तिविहाइमेयओ खलु एत्थ इमं वण्णियं जिणिंदेहिं ।
एतोच्चिय मेएसुवि सुहुमंवि बुहाणमविरुद्धं ॥ ३२ ॥

પદાર્થ:—ત્રિવિધ આદિ ભેદથી નિશ્ચયે કરીને એત્થ=આ પ્રવચનમાં ઇમં=આહાર પ્રત્યાખ્યાનને (આહાર કરવાના પચ્ચખાણને) જિનેશ્વરો એ વર્ણન કરેલું છે. એતોચ્ચિય—આથીજ અશનાદિના ભેદો હોવા છતાં, પણ સુ નિપુણતાને આશ્રીને પંડિતો જે કાંઇ કરે છે તે અવિરૂદ્ધ હોય છે. ગાથા. ૩૨.

પદ—પરમાર્થ:—જે જગોએ ત્રિવિધ-આહારનું પચ્ચખાણ કરે છે, તે સ્થળે પાનક=પાણી સંબંધિ આહાર વર્જીને ત્રિવિધ આહાર લેવાનો રિવાજ છે, અને જે અવસરે ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ લેવાય છે, ત્યારે પાણીના આહાર સાથે ચારે આહારનો ત્યાગ કરાય છે. આ પદ્યના પ્રારંભમાં તિવિહાઇ પદ જણાવેલું છે, એટલે ત્રિવિધાદિ=ત્રિવિધ અને આદિ પદથી ચતુર્વિધપણ આહાર લેઇ લેવો. આ ત્રિવિધાદિ ભેદને આશ્રીને આ જૈન-શાસનમાં આહારના પ્રત્યાખ્યાન કરવાનું શ્રી જિનેશ્વર-ભગવંતોએ ઉપદેશેલું છે. પૂર્વે ચાર પ્રકારના આહારનું વર્ણન કરેલું હોવાથી આ પદ્યના પ્રારંભમાં ચઉવિહાઇ મેયઓ એ પદને બદલે તિવિહાઇ મેયઓ પદ કેમ લીધું ?, શું જિનેશ્વર-ભગવંતના નામે આલેખન કરીને ચાર આહારના પચ્ચક્ખાણના રિવાજને મહત્વ ન આપતાં શાસ્ત્રકાર પોતાને ઇષ્ટ એવા ત્રિવિધ-આહારના પચ્ચક્ખાણને મહત્વ આપવા માંગે છે ?; આવી અનેકવિધ-શંકાઓ થવાનો સંભવ છે, પરંતુ આગળના પદ્યમાં તેવી શંકા દિગંબરો કરવાના છે તેથી, અને ચાર પ્રકારના આહારના ત્યાગની જેમ ત્રિવિધ આહારના પ્રત્યાખ્યાન લેવાની નીતિ-રીતિ પણ શાસન માન્ય છે તે જણાવવા માટેજ તિવિહાઇ મેયઓ એ શરૂ થતા પદથી પદ્યના પૂર્વાર્દ્ધનો પ્રારંભ કરેલો છે. એક આહારની વાસનાના જોરે કરીને દરેકે દરેક ભવમાં આત્મા આખો સંસાર ખડો કરે છે. દરેક જીવ મરવાની છેલ્લી ઘડીએ ગર્ભમાં આવીને બાલ્યકાળથી શરૂ કરીને યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં કરેલી બાળચેષ્ટાઓ, યુવાવસ્થાના અનેક-વિધ કરેલાં બુદ્ધિને અગમ્ય તોફાનો, વ્યાપારો, સંબંધો, સગપણો, દેશવિદેશના ગમનો, અને એકજ જીવનમાં ચઢતી પડતીના પારાવાર પ્રસંગોને અનુભવનાર આત્મા મરવા વખતે તો બધાં જીવનલીલાનાં સ્મરણોને ભૂલે છે, છતાં પણ આહારની વાસનાની સાથે અંતિમ ક્ષણે તે પસાર થાય છે; અને તેથીજ ભવાન્તરમાં ગર્ભમાં દાખલ થતાં જીવને આહારની પૂર્વભવની-વાસનાથી આહાર લેવો પડે છે. આહાર લેતાં લેતાં આહારમાંથી રસ અને મળ બને છે, અને રસનો સંચય થતાં માંસનો લોચો થાય છે. અવસરે તેજ માંસના લોચામાં રહેલા આત્માને શરીર-અંગોપાંગ ઇન્દ્રિયો જમીનમાં નાંખેલા બીના અંકુરાની જેમ ફુટી નીકળે છે. અવસર આવે ત્યારે તે જન્મે છે, ઇન્દ્રિયોદ્વારા વિકાર વિષયની માંગણી કરે છે; અને તેની પૂર્ણાહુતિમાં આખું જીવન પસાર થાય છે. શરીર-ઇન્દ્રિઓની ગુલામીમાં આરીતે જીવન પુરૂં કરીને ફરી પાછો બીજા ભવમાં નવો સંસાર

ખડો કરવા આહારની વાસનાથી આહાર લઇને ફરી સંસાર ખડો કરે છે. આખા સંસારની મૂળ ઇમારત રૂપ શરીરનું બાંધ કામ વિચારીએ તો, આહારની વાસના ઉપર આખા સંસારની રચના છે, અને તે ઇમારતના મૂળભૂત પાયાને ઢીલા કરવા હોય, અને આત્મિક શક્તિઓનો ખૂબ વિકાસ કરવો હોય તો આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાનને પરિપૂર્ણ પ્રેમપૂર્વક ખૂબ સેવન કરીને આહારની વાસનાને નિર્મૂળ બનાવવા અવશ્યમેવ પ્રયત્ન કરો; અને આજ હેતુથી આ શાસનમાં આ આહારના પ્રત્યાખ્યાન કરવાનું ઉપદેશ-રૂપે ફરમાન કર્યું છે.

ત્રિવેકિયોનું વિવેકભર્યું-કાર્ય.

એટલુંજ નહિં પણ "वण्णयं जिणिंदेहिं" આ પદો દ્વારા શાસ્ત્રકાર એ પણ જણાવે છે કે આ શાસનમાં જિનેન્દ્રોએ આ પ્રત્યાખ્યાન વર્ણવેલું છે. એટલે બહુમાનાર્થે આદર બહુ-માનમાં ભક્તિના અતિરેકમાં જેમ બહુવચન વપરાય છે, તેવીરીતે આ બંન્ને પદો શ્રીમહાવીર માટે ફક્ત બહુમાન જણાવવા પુરતું આ વચન નથી, પરંતુ પ્રત્યાખ્યાનના સંબંધમાં આ નિગ્રન્થ-શાસનમાં ભગવાન શ્રીમહાવીર જણાવે છે, તેવી રીતે પ્રભુ શ્રીઋષભદેવ સ્વામિના શાસનથી શરૂ કરીને ત્રેવીસમા શ્રીપાર્શ્વનાથ-સ્વામિ પર્યંતના શાસનમાં આહારની વાસનાને નિર્મૂલ કરવાને આહારાદિના પ્રત્યાખ્યાન કરવાનું વિધાન પણ નિયમિતઃ હતું. जिणिंदेहिं-એ સામાન્ય નામ હોવાથી એ પણ અત્ર ધ્વનિત થાય છે કે અતીત કાલમાં અનંતાનંત તીર્થંકરોના શાસ-નોમાં અને ભાવિ-કાલમાં થનારા શ્રીપદ્મનાભ-તીર્થંકરાદિના આ જૈન-શાસનમાં પણ આહારની વાસનાને સદા કાલ દેશવટો દેવા માટે આહા-રાદિના પચ્ચકખાણ સંબંધિ ઉપદેશ ચાલુ હતો અને પચ્ચકખાણ કરવા-કરાવવાનું નિયમતઃ વિધાન હતું, છે; અને રહેશે તેમાં લેશભર શંકાને સ્થાનજ નથી. હવે જ્યાં ત્રિવિધ-આહારનાં પચ્ચકખાણ લેવાય છે, ત્યાં પાનક=પાણીના આહાર વર્જિત પચ્ચકખાણ લેવાય છે; અને તે પાનક આહાર=એટલે પાણીના આહાર સંબંધી છ આકારો શાસ્ત્રકારે જણાવ્યા છે તે પ્રત્યાખ્યાન કરનારે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ત્રીન્દ્રિય-આદીજ એટલે આ ત્રિવિધ આહારના અને ચતુર્વિધ-આહારના પચ્ચકખાણ કરવાની આજ્ઞા જિનેશ્વરોએ આપેલી હોવાથી, અને ચાર પ્રકારના ભેદોમાં અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ભેદોને પ્રાપ્ત થયેલા ઓદન-કાંજીના પાણી વિગેરે અને-કાનેક વિશેષો એટલે ભેદો હોવા છતાં પણ તેમાંથી એટલાંજ દ્રવ્ય લેવા, તેમાં અમુકજ દ્રવ્યો લેવાં, અને તેમાં પણ આટલા પ્રમાણમાં લેવાનો નિયમ રાખીને પચ્ચકખાણ કરે, છે તે પણ શાસનમાન્ય અવિરૂદ્ધ-પચ્ચકખાણ છે. તે માટે જણાવે છે કે-"सुहुमंति बुहाणम अविरुद्धं" આ પદોદ્વારા જણાવે છે કે આ શાસનમા ત્રણ પ્રકારના અને ચાર પ્રકારના આહારના પચ્ચખાણ કરવાનો અનુજ્ઞા હોવા છતાં પણ આહારની વાસનાને તોડવાના હેતુથી અનાદિ કાળના સંક્લિ-ષ્ટ-કર્મના બંધનોમાંથી છુટવાના અભિપ્રાયથી

સુક્ષ્મ-બુદ્ધિથી અટલે શાસન-માન્ય-નિપુણતા-અર્થાવિતંથી ત્રિવિધ-આહારાદિના પચ્ચખાણના અક્ષરસરે આટલાંજ દ્રવ્યો પણ આટલાં પ્રમાણ-બળાંજ લેવાના અભિગ્રહપૂર્વકના પચ્ચકખાણ કરે તો તે પચ્ચખાણ પણ શાસનમાન્ય-નિતિ-રીતિને સુસંગત છે. તે માટે શાસ્ત્રમાં કહ્યું છે-'लेवडमलेवडं' આ વૃત્તિસ્થિત પદ્યનો ભાવાર્થ આ પ્રમાણે છે. હું લેપવાળું અથવા લેપ વગરનું અને તેમાં પણ અમુકજ દ્રવ્ય ગ્રહણ કરીશ, આ રીતિએ અમુકજ દ્રવ્યથી અભિગ્રહ ધારણ કરેવો તેનું નામ દ્રવ્ય અભિગ્રહ કહેવાય છે. આવી રીતે નિપુણપણાને આશ્રીને શાસન માન્ય વિવેકશીલ આત્માઓના આવા અભિગ્રહ યુકત પચ્ચકખાણો વિશેષપણે અપ્રમાદ-ગુણગણાદિની વૃદ્ધિનો હેતુ હોવાથી અવિરૂદ્ધ એટલે શાસન માન્ય નિતિ રીતિને સુસંગત છે. ગાથા. ૩૨.

અત્રીશમા પદ્યમાં જે અર્થ જણાવી ગયા, તે અર્થમાં વિરોધનું પ્રતિપાદન દિગંબરો કરે છે; તેથી તેઓ કેવી શંકા કરે છે તે આ પદ્યમાં શાસ્ત્રકાર જણાવે છે—

अण्णे भणंति जतिणो तिविहाहारस्सणं खलु जुत्तमिणं।
सव्वविरइउ एवं भेयग्गहणे कहं सा उ?, ॥ ३३ ॥

પદાર્થ:— અણ્ણે-દિગંબર મતને અનુસરનારા, વિગેરે કહેછે કે સાધુઓને ત્રિવિધ આહારના પરચકખાણ કરવાનું જે કથન છે તે સંગતજ નથી, કારણકે સવ્વવિરઇઉ-સમસ્ત વસ્તુથી નિવૃત્ત થયા રૂપ સર્વ વિરતિ હોવાથી ભેયગ્ગહણે-ત્રિવિધ આહારરૂપ ભેદ ગ્રહણ કરે છતે પણ સા-તે સર્વ-વિરતિ કેવી રીતે સુસંગત થઇ શકે?, અર્થાત્ થઇ શકેજ નહિં. ગાથા. ૩૩.

પદ-પરમાર્થ:—આ પદ્યમાં "अण्णे भणंति" એ પદો કહેવાથી એ સ્પષ્ટ થાય છે કે વર્તમાન કાલીન શાસનમાં ત્રિવિધ-આહારના પરચેકખાણ અગર કારણ વિશેષે દુવિધ આહારના પચ્ચકખાણ કરવાં તે શાસન માન્ય છે. એટલે વર્તમાન-કાલીન શાસનમાં એટલે પંચાંગીને પ્રમાણ માનનારા (સૂત્ર-ભાષ્ય-ચૂર્ણિ—નિર્યુકિત અને ટીકા રૂપ પાંચે અંગોને પ્રમાણભૂત માનનારા ચતુર્વિધ સંઘરૂપ) આ શાસનમાં આ સંબંધમાં લવલેશ વિવાદને સ્થાનજ નથી, પરંતુ અન્ય-ઉપર જણાવેલા ચતુર્વિધ સંઘ રૂપ જૈનોથી અપરે-બીજાઓ અર્થાત્ દિગંબરો વિગેરે **भणंति**—પ્રશ્ન કરે છે કે સર્વ વિરતિવંત-શ્રમણ-ભગવંતોને એક પાણીના આહારને છોડીને ત્રણ પ્રકારના આહારનું પરચકખાણ કરવું તે સંગત નથી, એટલે ચારે પ્રકારના આહારનું પરચકખાણ કરે તે સંગત છે, પણ ઉપર પ્રમાણેનું પચ્ચખાકણ કરે તે સંગતજ નથી આ રીતે પ્રશ્નકાર પ્રશ્ન કરે છે, અને તે પ્રશ્નને સબળ બનાવવા માટે હેતુ આપે છે; કે જો શ્રમણ ભગવંતોએ સર્વ વિરતિ ધર્મ સ્વીકારીને સર્વ વસ્તુઓનો ત્યાગ કર્યો છે, તો પછી તેઓને તેજ ન્યાયથી ત્રિવિધ આહાર રૂપ ભેદ ગ્રહણ કરીને તે પચ્ચખાણ કરવાથી તે સર્વ વિરતિ ધર્મની સંગતિ યુકિત-યુકત થતી નથી. આથી પ્રશ્નકાર એ કથન કરે છે કે ત્રિવિધ આહારનું પચ્ચકખાણ કરવાથી સર્વ આહારનું પ્રત્યાખ્યાન થતું નહિં હોવાથી, સર્વ વિરતિ ધર્મને બદલે અસર્વવિરતિ થશે. ગાથા. ૩૩.

પ્રશ્નકારે કરેલા પ્રશ્નનનો ઉત્તર આ પદ્યમાં શાસ્ત્રકાર જણાવે છે—

अपमायवुड्ढिजणगं एयं एत्थंति दंसियं पुव्वं।
तब्भोगमित्तकरणे सेसच्चागा तओ अहिगो ॥३४॥

(ટાઇટલ પેજ ૪ થી ચાલુ)

૮૦૮. ધર્મ કથાઓ એ આરિસાનું કામ કરે છે, એટલે શ્રવણકરનાર શ્રોતાને ગુણ-દોષનો વિવેક કરાવે છે, પરંતુ અવગુણને વિદાય કરવાનું કામ અને ગુણગણને લાવવા-ટકાવવા અને વધારવાનું કામ તો શ્રોતાઓનું જ છે.

૮૦૯. પારધિઓના પાશલામાં જેમ હરણીઆઓ સપડાય છે, તેમ વર્તમાનમાં પણ કુગુરૂઓની કલેશદાયક કારમી વાસનાઓના પાશમાં પણ ભોળા જીવો ફસાય છે તે ધ્યાનમાં રાખવું.

૮૧૦. કુગુરૂઓની સંસારવર્ધક-કામ-વાસનાઓને, અને ધારેલ ધારણાઓને સફળ કરવા માટેની તેઓની સંકલ્પ પરંપરાની કુટીલ જાળને ઓળખતાં શીખો.

૮૧૧. જ્ઞાન-દર્શન-ચારિત્રના આચારથી વાસિત થયા વગરના કૂળાચાર માત્રથી બની બેઠેલા કુગુરૂઓ ભોળા.ભદ્રિક જીવોના આત્મિક ધનને લુંટી રહ્યા છે, તેવાઓની કાર્યવાહિઓને સમજતાં શીખો. નહિં તો મુશીબતે મળેલું માનવ જીવન ગુમાવી બેસશો.

૮૧૨. સંસાર સમુદ્રનો પાર કેમ પામવો ?; તેની લવલેશભર આવડત-વગરના કુગુરૂઓ પોતે સંસાર-સમુદ્રમાં પોતાની કાર્યવાહિથી ડુબીજ રહ્યા છે, અને સમાગમમાં આવનારા અનેકાનેક અજાણ્યા માણસોને ડુબાડીજ રહ્યા છે; તેમનાથી સાવધાન રહો.

શ્રીસંઘના દર્શનાર્થે.

પશ્ચિમ-ખાનદેશ-શિરપુર-નિવાસિ દાનવીર-**શ્રેષ્ઠિવર્ય વેલચંદ લક્ષ્મીચંદ** તરફથી હ. તેમના **ચી. પુત્ર સુરેન્દ્રલાલે** રૂ. ૨૫૦) અઢીસો રૂપિઆના ખર્ચે તૈયાર કરાવેલ **પૂ. પન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર—મહારાજજીની પ્રતિકૃતિ** (ઓઈલ પેઇન્ટીંગનું તૈલચિત્ર) શ્રી સંઘના દર્શનાર્થે જરીવાલા માણેકચંદ ઝવેરચંદવાળા શ્રેષ્ઠિવર્ય **હીરાભાઇ નગીનભાઈના શુભ-હસ્તે સુરત-શ્રીનેમુભાઇના વાડીના ઉપાશ્રયમાં** ખુલ્લી મુકવામાં આવી છે. વિ. સં. ૨૦૦૬-પોષ-સુદ-૧.

ભેટ-આપનાર.

૧૧) શ્રીનવસારી શ્રીચિંતામણિજી હ શ્રેષ્ઠિ વીરચંદ નાગજી પાર્શ્વનાથ-જૈન દેરાસર તરફથી.

પૂ.આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
(કોબા-નગર)

સુધા-વર્ષા

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૮૦૩. સંસાર-રસિક-આત્માઓને પૌદ્ગલિક-વાસનાઓનો અને ઇન્દ્રિઓના વિષય વિકારનો અધમ-અનુભવ અવિવેકની આંધીમાં અકળાવીને વારંવાર અધોગતિના દર્શન કરાવે છે, છતાં પણ તેઓ સર્વજ્ઞ-ભગવંતના જાહેર કરેલ અતૂટ-સિદ્ધાન્તમય-અનુભવનું આસ્વાદન લઈ શકતાજ નથી એજ તે આત્માઓની કમનશીબી છે.

૮૦૪. જાહેર રસ્તા પર વકીલોના અને વૈદ્યોના ડીગ્રીઓ સહિતના પાટિયા વાંચીને, અગર તેઓની બીજી બાજુ તપાસ્યા વગર, તેઓની એક તરફી લાભદાયિ કાર્યવાહી સાંભળીને, અર્થિઓ આંધળી દોડધામ કરે છે; જ્યારે સર્વજ્ઞ-શાસનમાન્ય-સલાહ-આપનારા શ્રમણ ભગવંતોની સલાહ લેનારાઓ નિયમત: સુખ શાંતિ આનંદજ પામી ગયા છે, પામશે અને પામે છે છતાં પણ તેમની સલાહ સાંભળવાની અને સાંભળ્યા પ્રમાણે વર્તવાની લવલેશ ઉત્કંઠા; નથી એજ માનવ જીવનની કમનશીબીનો વિચારણીય નમુનો છે,

૮૦૫. પૂર્વની આરાધના કર્યા વગર કોઇ તૈયાર થઇને સંયમી બનતો નથી, આપણે આટલાં વર્ષો સુધી સાંભળ્યું છતાં વૈરાગ્ય આવતો નથી તો ખૂબ ખૂબ આરાધનામાં ઓતપ્રોત બની જાઓ કે જેથી ભવાંતરનો પણ માર્ગ સુલભ અને સરળ બને.

૮૦૬. અનુકૂળ-સંયોગોમાં કે પ્રતિકૂળ-સંયોગોમાં વર્તમાન-કાલીન જીવોને વૈરાગ્ય આવે છે, એ માટે એક સરખો નિયમ નથી, પરંતુ અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં સર્વદા વૈરાગ્ય વાસિત થવા માટે આરાધનાના અસ્ખલિત-માર્ગે વિના સંકોચે કૂચ કરવી જરૂરની છે.

૮૦૭. મેઘકુમાર એજ દેશનામાં જાગે છે તે પૂર્વે અઢી દિવસની કમાણીમાં કમાઈને આવ્યો છે, તેથીજ વિશ્વવન્દ્ય-વીરવિભુની એકજ દેશના મેઘકુમાર માટે સફલીભૂત બની; અને પૂર્વકાળના ચૌદ પૂર્વધરના ભવમાં આરાધના કરવામાં કચાશ રાખેલી કે જેથી કરીને તે તેતલીપુત્રને ધર્માભિમુખ કરવા માટે (પોતાની પૂર્વભવની સ્ત્રીને) પોટ્ટિલ દેવને ઘણી ઘણી મહેનત પડી; આ બંન્ને પ્રસંગનું પારમાર્થિક-રહસ્ય સમજવા માટે શ્રી જ્ઞાતા સૂત્ર-સ્થિત પ્રથમ અધ્યયનનું અને ચૌદમા અધ્યયનનું ખૂબ ખૂબ પરિશીલન કરો.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.)

મુદ્રક:—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ,-ચાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ,

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૫ મો. માહ-માસ. તા. ૧૭-૨-૫૦.

ૐ નમઃ સિદ્ધચક્રાય શાશ્વતાનન્દદાયિને ।

સર્વમન્ત્રેષ્વયં મન્ત્રોઽચિન્ત્યચિન્તામણીયતે ॥ ૧ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

શ્રીજૈન-શ્વેતાંબર-કોન્ફરન્સને.

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર

ફાલના મુકામે શ્રીજૈન-શ્વે. કોન્ફરન્સના મળેલ અધિવેશનમાં થયેલ કાર્યવાહી અને ઠરાવો પ્રકાશનમાં બહાર આવ્યા છે, તે વાંચતાં-વિચારતાં અને પરિશીલન કરતાં દરેક વાંચક-વિચારકને અને અભ્યાસકને સંતોષ થાય તેવાં છે. પરંતુ તે સંબંધમાં જણાવવાનું ફક્ત એટલુંજ કે ધારણા પ્રમાણે થયેલા-સુધારા-વધારાઓ અને ઠરાવો પરિપૂર્ણ સંતોષજનક તો નથીજ, છતાં થોડું સુધર્યું છે તેથી ભવિષ્યમાં વધુ સુધારાની આશા રાખવી અસ્થાને નથી; માટે એજ આશાએ કોન્ફરન્સના સંચાલકોને અવસર ઉચીત આપેલ સલાહ ભાવિમાં લાભદાયિ થાય તે હેતુથી આ આલેખન થાય છે. શાસન માટે લાભદાયિ કાર્યવાહિ થશે એ ધારણાથી સુરતના સંઘે તાર પણ કરેલો છે, છતાં ઉતાવળપૂર્વકની કે અણસમજપૂર્વકની હવે ભૂલ ન થાય તે માટે સાવધાની પૂર્વક સુધારા-વધારા કરવા કટીબદ્ધ થવું એજ જૈન સમાજમાં અમોઘ-વિશ્વાસનું અવિચ્છિન્ન-વાતાવરણ વ્યાપક બનાવવાનો રાજમાર્ગ છે, અને તેજ શુભેચ્છાથી આ આલેખનનો પ્રારંભ થાય છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જો.]

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

[ગાયકલ ૧ લા પેજથી ચાલુ]

વડોદરા સરકારે સંન્યાસ પ્રતિબંધક કાયદો ઘડ્યો હતો, અને તેની અંદર ઘણી કલમો વિરોધજનક છે, છતાં બે કલમો વધુ નુકશાનકારક છે; તે નીચે મુજબ છે—

૧. અઢાર વર્ષની ઉમ્મર સિવાય દીક્ષા આપી શકાયજ નહિ, આપનારને અને અપાવનારાઓને ગુન્હેગાર ગણવામાં આવશે.

૨. કાયદાનો ભંગ કરનાર મુનિને ૭ માસની કેદની શિક્ષા થશે.

આ બે કલમ વિશેષરૂપ છે, છતાં બાકીનો આખોએ નિબંધ શ્રમણ સંસ્કૃતિનો વિનાશક છે. સકળ જૈન સમાજે આ નિબંધ પ્રત્યે વિશ્વભરમાં વિરોધ નોંધાવ્યો હતો, કાયદો નહિં કરવા સકળ જૈન સમાજના આગેવાનોએ (શ્રમણ ભગવંતોએ અને શ્રમણોપાસકોએ) તારો દ્વારા વિનંતી કરી હતી, છતાં પ્રજાકીય-પોકારને ગુંગળાવીને સત્તાના મદમાં મદોન્મત્ત થયેલાં સ્વ૦ સયાજીરાવની પ્રેરણાથી તે વખતની ધારાસભાએ કાયદો કહિં પણ જોહુકમીરૂપ ઓર્ડિનન્સ જાહેર કર્યો. સકળ જૈન સમાજે વિરોધ નોંધાવ્યો ત્યારે જૈન શ્વે. કોન્ફરન્સની સમિતિએ તે જોહુકમી પ્રત્યે આનંદપૂર્વકનું અનુમોદન પાઠવ્યું. એટલુંજ નહિં પણ તે નિબંધમાં સત્તાના જોરે અમે બધું કરી શકીએ છીએ તેવું તેવું અણછાજતું ઘણુંએ લખ્યું છે, અને નમુના રૂપે ઉપરની બે કલમો જૈન સમાજના હૃદયને જખ્મી કરવા બસ છે. તે અન્યાયી કાયદો બહાર પ્રસિદ્ધિમાં આવ્યો ત્યારે જૈન સમાજના ખૂણે ખૂણે વિરોધ-દિન-શોકદિન જૈનોએ જણાવ્યો હતો, અને જાહેર કર્યો હતો.

જ્યારે સમસ્ત જૈન સમાજ વડોદરા સંન્યાસ પ્રતિબંધક કાયદા માટે વિરોધ નોંધાવે છે, ત્યારે મુંબાઈ મુકામથી જૈન શ્વે. કોન્ફરન્સની સમિતિ જૈન-શાસન-માન્ય-સિદ્ધાન્તો-વિરૂદ્ધ તે વડોદરા-સંન્યાસ-પ્રતિબંધ કાયદાને ઉરના અભિનંદન રૂપ અભિપ્રાય પાઠવીને વડોદરા સરકારની પીઠ થાબડે છે.

હવે કદાચ આપણે કહીએ કે જૈન શ્વે૦ કોન્ફરન્સે પોતાના અધિવેશનમાં કે સ્થાયિ-સમિતિમાં દીક્ષા વિરોધ ઠરાવો, અથવા તો તે વડોદરા સંન્યાસ પ્રતિબંધક-ઉચ્ચારાયેલા અભિનંદન રૂપ અભિપ્રાયો પાસ કર્યા નથી, તો તે કહેવું તદ્દન અયુક્ત છે, કારણ કે જીન્નેર મુકામે મળેલા **જૈન શ્વે. કોન્ફરન્સમાં તે અભિપ્રાયને વખોડવાને બદલે બહાલી આપવામાં આવી છે, તેથી અભિપ્રાય મોકલી આપનારા જોખમદાર કાર્યવાહકોએ, અને અધિવેશનમાં અનુમોદન આપનારા સઘળાંઓએ જૈનશાસન-માન્ય સિદ્ધાંતનો છડેચોક વિરોધ કરનારાઓ તરીકે તે કાયદાના અનુમોદનમાં અધિક સૂર પુરાવ્યો છે.**

ઉપર પ્રમાણે ભૂલ છે, એમ જાણ્યા છતાં, અને કાર્યવાહકોની થયેલો ભૂલ ઠપકા-પાત્ર હોવા છતાં, ઠપકાની દરખાસ્ત લાવીને દરેક દરેક જૈનોએ ઉગ્રવિરોધ બતાવીને તે અભિપ્રાય રૂપ ઠરાવોને રદ બાતલ કરવાની જરૂર હતી, છતાં એકતા માટે તે અભિપ્રાય રૂપ ઠરાવો રદ બાતલ કરવા ઐક્ય સમિતિએ ઐક્યતા માટે કરેલા ઠરાવો ભલે અનુમોદનીય છે; પરંતુ વિશ્વાસ વર્ધક તો નથીજ. કારણકે આ ઠરાવથી એ ફલિત થાય છે કે **આ જૈન શ્વે૦ કોન્ફરન્સ સાધુઓ માટે ઠરાવો કરી શકે છે, અને અવસરે બૂમરાણ વધી જાય તો તે ઠરાવો રદ કરી શકે છે;** એટલે વિધિ-નિષેધનો સ્વતંત્ર હક આબાદ રહી શકે તેવી શ્રદ્ધાળુઓને આકર્ષવાની આ એક કુનેહ ભરી રમત છે. ઐક્યતા માટે થીંગડાં વર્તમાનમાં લાભ દાયક જણાતાં હોય, પણ ભવિષ્યકાળ માટે જોખમ કારક અને નુકશાન કારક છે. ભવિષ્યમાં આ જૈનશ્વે. કોન્ફરન્સ શાસન-માન્ય-સિદ્ધાન્તોનો સીધી કે આડકતરી રીતે વિરોધ નહિં કરે, એટલુંજ નહિં પણ શાસનમાન્ય-સિદ્ધાંતોને અનુસરીને હવે પછી વર્તશે તેવી બાંહેધરી સુધારા વધારા સાથેના બંધારણમાં આવવી જરૂરની છે; સુજ્ઞેષુ કિંબહુના.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસકાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ,-લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ,

પૂ-શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

મિથ્યાત્વનું પ્રાસંગિક-સ્વરૂપ.

જેટલાએ મિથ્યા-મતો નીકળ્યા છે, તે બધાએ મતો બિચારા નકલી ઉભા થયા છે. જગતમાં જ્યારે મોક્ષ અને ધર્મ એ વસ્તુની જબરજસ્ત કિંમત થવા લાગી, ત્યારે દરેકે દરેક મતવાળાએ મોક્ષના અને ધર્મના રસ્તા જુદા જુદા કલ્પિત ઉભા કર્યા છે. ધર્મના ભેદો કલ્પિત ઉભા કરત નહીં, પણ જગતમાં જે ભેદો ઉત્પન્ન થયા તે તીર્થંકરોએ કહેલા મોક્ષની અને ધર્મની કિંમત થવાને લીધેજ થયા છે. જગતમાં જેની કિંમત વધુ હોય, તેની નકલ પણ વધુ હોય છે, કિંમત ન હોય તેની નકલ પણ ન હોય. અન્ય ધર્મોમાં પોતાના દેવ-ગુરૂ-ધર્મ એ બરાબર છે, એટલે કિંમત વગરના છે; પણ તેનું ફળ તો મોક્ષ માને છે. જેઓ પોતે ખોટો ધર્મ, ખોટા ગુરૂ, અને ખોટા દેવ અંગીકાર કરે છે પણ ફળ મોક્ષ માને છે. મેક્ષ સાચો હતો, અને મોક્ષના રસ્તા સાચા હતા; તેથી કિંમત દેખીને એક નવો ફણગો કાઢ્યો, અને ધ્યેય પણ કયું રાખ્યું ?, મોક્ષ. દરેક આસ્તિકો ચાહે જૈન, શૈવ, વૈષ્ણવ હોય; પણ દરેક આસ્તિક પરમ ફળ તરીકે મોક્ષનેજ માને છે. શૈવ પરમપદે જવાનું, અને વેદાન્તિઓ માયા રહિત થઇ બ્રહ્મમાં ભળી જવું માને છે દરેકે મોક્ષ ફળ પરમપદ તરીકે લીધું છે, છતાં પણ મોક્ષના કારણોને નકલી કરી દીધા છે. દેટલીક જગોએ અભવ્યને તાત્ત્વિક-લૌકિક-મિથ્યાત્વ ન હોય, કારણકે અભવ્ય જીવોને લૌકિક-મિથ્યાત્વ તાત્ત્વિક નથી, એમ જણાવતાં કહે છે કે લૌકિક-મિથ્યાત્વમાં તે અભવ્ય માને છે. કુદેવ, કુગુરૂ, કુધર્મ પણ શા માટે માને છે ?, કહેવું પડશે કે મોક્ષ માટે નહિ. અભવ્યને મેક્ષ માનવોજ નથી. જ્યારે અભવ્યને મોક્ષ પદાર્થ માનવો નથી, તો તેને મિથ્યાત્વ તેવું તાત્ત્વિક કયાંથી હોય ?, મોક્ષ ચીજ માની નથી તો એ મોક્ષ સાધવા માટે કુદેવાદિકને શા શા માટે માને ?; આ જગો પર કોઇ પુછે કે અભવ્યને મિથ્યાત્વ જે હોય તો કેવું હોય ?, તો કહે છે કે મિથ્યાત્વનો અર્થ તત્ત્વ-શ્રદ્ધાના અભાવરૂપ મિથ્યાત્વ હોય; અર્થાત્ મિથ્યાત્વ એટલે તત્ત્વનું અશ્રદ્ધાન.

અનેક-મતોની જડ તોડવા માટે.

હિંસા-અનૃતાદિક વિગેરે જેમ પાંચ પાપના કારણો છે, તેમ મિથ્યાત્વ-એટલે તત્ત્વની અશ્રદ્ધા એ પણ પાપનુંજ કારણ છે. વ્યવહારથી તે લક્ષ્યુ ભલે આપણી પ્રવૃત્તિ માટે ઉપયોગી છે, પણ આગળ જતાં તે ઉપયોગી નહીં નિવડે. આપણે સુદેવાદિકને કુદેવાદિક પણે માનીએ, અને કુદેવાદિકને સુદેવાદિક માનીએ તો આપણે મિથ્યાતી ગણાઈએ; પણ આગળ એ લક્ષ્યુ નહીં ટકે જેને મન નથી અને માનવું નથી તેને શું કહેશો ? સંજ્ઞી પંચેંદ્રિય-તિર્યંચોને પણ કુદેવનો કે સુદેવનો કંઈ વિચાર નથી. જંગલી મનુષ્યો કે જેમને સુદેવ કે કુદેવ એકેની પણ માન્યતા નથી, તેને કેવા કહેવા ?, તમે તો કુદેવને સુદેવપણે માને તો મિથ્યાતી કહો છો ને ?, ચાર ઇંદ્રિયવાલા જંગલી જાનવર કે મનુષ્યને કંઈ માનવાનું નથી, તો મિથ્યાત્વ કયાં રહ્યું ?, માટે મિથ્યાત્વ કયું ?, તત્ત્વનું અશ્રદ્ધાન થવું તે, અર્થાત્ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા ન થવી; તેજ મિથ્યાત્વ છે. અભવ્યમાં મિથ્યાત્વ કેમ તે સવાલ કરવાનો વખત હવે નથી, ભલે બીજી વાત અજ્ઞાનપણે અણસમજમાં ચાહે તે હોય. શ્રાવકને કુળે જન્મેલો જન્મથી અરિહંતને દેવ, અને મહાવ્રત ધારીને ગુરૂ માને; પણ સમજણ વગર શ્રદ્ધાનો હેતુ કંઈ સરતો નથી. ઓઘે શ્રદ્ધા માને છે, પણ સ્વરૂપ જાણી માનતો નથી. જે કુળમાં ભવ્ય બાળકો વિગેરેને ત્રણેની માન્યતા વગર સમજણની છે, તેથી તે બધાને શુદ્ધ સમ્યકત્વમાં લઇ જઇ શકતા નથી. સમજણવાળા હોય તોજ શુદ્ધ સમ્યકત્વમાં લઇ જઇ શકીએ, અને તેથી મોક્ષ સાથે તે સમ્યકત્વ સુસંગત બને છે. વિપરીત-શ્રદ્ધારૂપે માનવું તે કુળને લીધે તેમને બની શકતું નથી. અભવ્યને અનભિગ્રહિક-મિથ્યાત્વ ન હોય. મોક્ષ દાતા તરીકે તત્ત્વત્રયિને માનવાનો જે લોકોનો મુદ્દો છે, તે મુદ્દા તરીકે કોઈ દિવસ અભવ્ય કુદેવ ગુરૂ ધર્મને પણ મોક્ષદાતા તરીકે ન માને, તો પછી સુદેવાદિને તો માનેજ શાનો ?, હવે આપણે મૂળમાં આવો કે સાચો મોક્ષ ભગવાને દેખાડી તેના માર્ગ બતાવ્યા, અને તેના માર્ગો કિંમતી હોવાથી બીજાએ તેની

નકલ કરી. નકલી માલ દેખીને કોઇ અસલી બનાવતો નથી; તેમ મિથ્યાતીના મતને દેખી સર્વજ્ઞ ભગવાને શાસન બનાવ્યું નથી; પણ સર્વજ્ઞ-શાસન દેખીનેજ કુભંડીઓએ નવા મત કાઢયા છે. આથી સર્વ કુભંડીની જડને તોડવા માટે ભગવાનની દેશના છે. એજ વાતને શ્રીહરિભદ્રસૂરિએ પણ ખુલ્લી કરી છે.

ભોગમાં એકાન્તે અધર્મ નથી.

અનેકને કે એકને ઉપગાર થાય તેથી કંઈક કરીએ તેથી બીજાને અનુપકાર થાય તો ઉપગાર બુદ્ધિવાળાને કંઈ અડચણ નથી. અહીં પાંચ ઘર મૂર્તિપૂજકના છે, અને એક હજાર ઘર ઢુંઢીયાના છે, અને તમે કહેવું બંધાવ્યું. હવે લાભ પાંચ ઘરને થયો, અને તોટો હજાર ઘરને થયો; તો દૂરજનને કલેશ-કર્મ બંધાય તે કાર્ય ધર્મિષ્ઠોએ ન કરવું તેવું કહેનારા ભૂચ ભૂલામણીમાં પડેલા છે. તેઓને અંગે જણાવ્યું છે કે જીનેશ્વરે દેશના ન દીધી હતે તો કુધર્મ થતે નહીં. કુધર્માદિકનું કારણ ભગવાનની દેશના છે. ભગવાને સાચું ન કાઢયું હોત તો બીજાને ખોટું કાઢવાનો વખત આવેજ નહીં, માટે શ્રીજીનેશ્વરની દેશના આખા જગતના વ્યાપક કુધર્મનું કારણ છે. જે કહેનારા છે કે અમે ઉત્તર દઇએ, અને તમે લખી દ્યો તો અમને પાપ લાગે છે. આવું બોલનારને પાપ આગળ કરીને સાચા ઉત્તર દેતા નથી બત્રીસ સૂત્રો તો માનો છો કે નહિં ?, તેના કરનારને પૂજ્ય માનો છો કે નહિં ?, લખાય છે તેનું પાપ પૂજ્યોને લાગે, ખરું કે નહિં ?, દેવર્દ્ધિગણિ-ક્ષમા-શ્રમણે લખાવ્યા તો કોઈ ધર્મની હકીકત લખાવી લે તેથી દેવર્દ્ધિગણી દુર્ગતિ પામી થયા કે કેમ ?; દેવર્દ્ધિગણી વખતે હજારો લહીયા પાસે આગમો લખાવ્યા, અને તે પણ દેવતાની સહાય લઇ લહીયા એકઠા કરી લખાવ્યા છે તેવો સાફ લેખ છે. તમે ઉત્તર આપો તેમાં બંધનકાર થવું પડે છે, માટે પાપ આગળ રજુ કરો છો. મિથ્યાત્વ ની સાથે તે માયા મૃષાવાદ લાગે છે. ગૃહસ્થને કેવળ ઉત્તર દેવો નહીં, અને તેઓનીજ આગળ શાસ્ત્રકારના બહાને રજુ કરવું. બીજો લખે તેટલા ખાતર પાપ લાગે તો શું તે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણને પાપ નહીં લાગ્યું હોય ?, ખરી વાત એ છે કે માત્ર ભાઈઓને અને ભોળા-ભાઈઓને આડા અવળા ભરમાવવા છે. ભોગમાં ધર્મ કે ત્યાગમાં ધર્મ ?, અજોડપો ત્યાગમાં ધરમ કહી દે, પણ જો સમજેલો હોય તો સુપાત્રદાન સાધુને ભોગનું કારણ છે તો તેમાં તમે ધર્મ માનશો કે નહિં ? ભોગમાં પાપ માનો તો કરવું, કરાવવું અને અનુમોદવું રૂપ સુપાત્ર દાનમાં ફળ શાનું છે ? અતિથિ-સંવિભાગમાં ફળ છે, તો પછી ભોગમાં એકાંતે પાપ છે તેમ કહી શકાય નહિં. ધરમના સાધક ભોગો ધર્મ-રૂપ છે, અને ધર્મના બાધક ભોગો પાપ રૂપ છે એટલે અધર્મ રૂપ છે.

કુધર્મની કણી શ્રીજીનેશ્વરને લાગતી નથી.

આપણે જે કુધર્મોનું કારણ દેખીએ છીએ, તો ભગવાને કહેલો સુધર્મ સાંભળી-સમજીને ફેલાવવા માટે ની જાળો છે. આથી આપણે મૂળ વાતમાં આવીએ કે જ્ઞાનવાદીઓને દેખીને તેનું જ્ઞાન જૈન મતે લીધું છે, એવું કહેનારા વસ્તુ સ્વરૂપ જાણતા નથી. તેમ દરેક મતમાંથી સાર લઇ જૈન મત બન્યો તે કહેનારા પણ મૂર્ખા છે. દયા રાખીને પ્રતિમા છોડી ઢુંઢીયાએ, અને દયા છોડી તેરાપંથીયોએ, અને બંન્ને મતો થયા. દયા દયા પોકારે તો તે દયા ઢુંઢીયામાંથી જૈન-શાસને લીધી નથી. તેમ એ રીતે ભેગા ભેગી કહી દઉં કે જૈન-શાસને મૂર્તિ પૂજા પણ વૈષ્ણવોમાંથી લીધી નથી; તેમ કહેનારા અણસમજુ છે. પરંતુ મહાનુભાવ કહેવું પડશે કે જૈનોમાંથી વૈષ્ણવે મૂર્તિપૂજા લીધી છે. જૈનો મલીનમાંથી નિર્મળ થવું માને છે, અને પરમાત્મા પણ પ્રથમ મલીન હતા, પછી તેમાંથી નિર્મળ થવાના મનાયા છે. તો મલીનમાંથી નિર્મળ-થએલાના આલંબનની જરૂર છે. અમે પણ તેમના ભકતો મલીનમાંથી નિર્મળ થવા માંગીએ છીએ, માટે તેઓનું એટલે નિર્મળ-પરમાત્માનું આલંબન લેઈએ છીએ; આથીજ જૈનોને પોતાના પરમેશ્વરની મૂર્તિ રાખવાની જરૂર પડે છે. પરંતુ અન્ય મતમાં તેના પરમેશ્વરો નિર્મળ-માંથી મલિન થએલા છે. પ્રથમ વૈકુંઠેશ્વર પરમપદમાં હતા, તેમાંથી ગર્ભાવાસમાં આવ્યા. નિર્મળમાંથી મલિન થવું તેજ પરમેશ્વરનું સ્વરૂપ. તેની મૂર્તિ કયા રૂપે કરી છે, અને મનાય છે તે સમજો. અહીં તો તીર્થંકરને

"प्रशमरसनिमग्नं दृष्टि युग्मं प्रसन्नं" કહીને, હે પ્રભો! તમારું દૃષ્ટિ યુગ્મ પ્રસન્નતાવાળું છે, તો મારું મુખ તેવું ક્યારે થાય?, તમારા કર શસ્ત્ર રહિત છે, તો મલીનમાંથી નિર્મળ બનવા અમે માંગીએ છીએ, તેવાનું આલંબન લઇએ છીએ, અને તે પ્રભુની મૂર્તિને અમે રાખી શકીએ છીએ; પણ તમારે તો ધ્યાન તરીકે પણ મૂર્તિ રહી શકે તેમ નથી. જૈનોએ મૂર્તિ રાખી તો તેમને તો આદર્શ તરીકે રાખવાની જરૂર પડી છે. વૈષ્ણવોએ મૂર્તિ પાછળ વેષ અને ભોગો કલ્પ્યા છે જૈનોએ કોઈની મૂર્તિ કે વેષ દેખીને મૂર્તિ-વેષ-દાન દયા-કર્યા નથી. ૨૨ ટોળાંઓ મૂર્તિ છોડીને ખસે, અને સૂત્ર નડે તો સૂત્ર ઉઠાવે તે તેઓને પાલવે. તેરાપંથિઓને માનેલા સૂત્રો નડે તેથી બોલતા નથી, કારણકે તેઓ બગડી ગામમાં બગડયા છે; અને તે વખતે દયા અને દાન બન્ને છોડયા છે. જીનેશ્વર મહારાજે કરેલી ધર્મ-દેશનાથી જગતમાં સર્વ કુધર્મ પ્રગટયા છે, પણ કુધર્મ પ્રગટ થયા તેમાં પાપની કણી જીનેશ્વરને લાગતી નથી.

જૈન-મતના અંશો લઇને મતોની ઉત્પત્તિ.

જીનેશ્વરે જગતના ઉદ્ધાર માટે ધર્મ કહ્યો છે. આથી તેમને તીર્થંકર નામ કર્મ ભોગવાય છે, પણ કુધર્મનું પાપ તેમને લાગતું નથી. તેમ દીક્ષા લેનાર પોતાના કલ્યાણ માટે કરે છે, તેમાં કુલાંડીને ચાહે તે કલેશ થાય તેમાં દીક્ષા લેનારાઓને લેવા દેવા નથી. આથી શુદ્ધ નિરૂપણથી કુધર્મ થએલા છે, પણ કુધર્મ દેખીને જીનેશ્વરે સુધર્મ સ્થાપ્યોજ નથી. જીનેશ્વરનો પ્રકાશેલોજ જ્ઞાન-ક્રિયાવાદ છે, પરંતુ જ્ઞાની પાસેથી જ્ઞાન, અને ક્રિયાવાદીની ક્રિયા પકડીને મત સ્થાપ્યો નથી. હવે આગળ વધો. ભાંડારકરની માર્ગોપદેશિકાની બુકમાં જણાવવામાં આવે છે કે-વેદમાં કહેલો અહિંસા ધર્મ તે જૈનો બરાબર આચરે છે, પરંતુ તેનું તત્ત્વ શું?, "अहिंसा परमो धर्मः" તે શ્રુતિને જૈનો બરોબર અવલંબે છે એમ તેનું કહેવું છે, પરંતુ જૈનોએ વેદની શ્રુતિ પરથી ધર્મ કર્યોજ નથી. એમાંથી કણીયા લઇને સૂર્ય ઉભો થયો છે, એમ એ માને છે, પણ જૈનો તે માનતા નથી. જૈનો અહિંસા પાળે છે તે વેદના વચનને અનુસારે છે, પણ ચારે વેદકારો દયાના ભેદો-ફળ-હેતુ-સ્વરૂપ બતાવતાજ નથી. એ ધ્યાનમાં રાખવા જેવું છે કે જૈન-મતનો હેતુ, અનુબંધ, સ્વરૂપ હિંસા; અને દ્રવ્ય-ભાવ-દયા, તેના સાધન વિગેરે વેદમાંથી લાવી શકો તેમ નથી. તેમ શ્રમણાદિને અનુક્રમે ઓઘો, ગરણું વિગેરે અહિંસા—પાલનના સાધનનું પણ જેમાં લેશભર નિરૂપણ નથી. દયા કેમ બને?, દયાનું ફળ શું; તેનું નિરૂપણ જેમાં નથી તે દયાના ઈજારદાર શી રીતે બને છે?, જેમાં નથી દયાનું લક્ષણ, નથી તેના ભેદો-કાર્યો, અને સાધનો પણ નથી. બકરા વિગેરે મારવાનો ધંધો કરવાવાળા કહે છે કે આમાંથી "अहिंसा परमो धर्मः" જૈનોએ લીધો છે એમ કહે છે. સૂર્ય અગ્નિના કણીયાથી થએલો છેજ નહિં, તેમ જૈન મત કોઈ મતના અંશને લઈ થએલો નથી. આથી જૈન મત તો સંપૂર્ણ છે, અને તેમાંથી અંશ લઈને બધા મતો થએલા છે.

શ્રુતાચારને બદલે જ્ઞાનાચાર કેમ?

જ્ઞાનને પ્રકાશક રૂપે અને ક્રિયાને ઈષ્ટાનિષ્ટ કરનાર રૂપે માને તો તે જૈન-શાસનની માન્યતા છે. તેમજ જ્ઞાન-દર્શન, બન્નેનું ટકવું અને વધવું, તથા પરમ-કાષ્ટાએ પહોંચવું તે પણ ક્રિયાને આભારી છે. જ્ઞાન આત્મામાં થાય, પણ જે સાધનદ્વારાએ તેને જોવું છે, તે ક્રિયા છે, અને સંભારી રાખવું-ગોખવું તે બધી ક્રિયા છે. ક્રિયાથી શ્રુત જ્ઞાનનું ઉત્પન્ન થવું, ટકવું-વધવું તે બધું ક્રિયાથી છે. કેવળજ્ઞાન પણ શ્રુત જ્ઞાન વગર કોઇ દિવસ થતુંજ નથી. આથીજ "काले विणये बहुमाणे" ઇત્યાદિ આઠ પ્રકારના આચાર તે શ્રુત-જ્ઞાનના છે. મતિ,-જ્ઞા., મનઃપર્યવ જ્ઞાન, અને કેવળજ્ઞાન તથા અવધિ-જ્ઞાનમાં કા.ળ-અકાળનો નિયમ નથી. ચાર જ્ઞાનના ઉપધાન નથી, અને તે ચાર લેવાતાં દેવાતાં નથી વ્યંજન=શબ્દનો ભેદ, અર્થનો ભેદ, અને ઉભય ભેદ પણ ન થાય; એ ચાર વાનો બીજા જ્ઞાનમાં લાગુ નહિં પડે મતિજ્ઞાનાદિનો ઉદ્દેશાદિક વિધિ નથી, તો પછી ગુરૂને ઓળવવાનો વખતજ નથી. કેવળ શ્રુત-જ્ઞાનને અંગે આઠ આચારો છે, તો પછી શ્રુતાચાર કહેવાની જરૂર હતી, છતાં જ્ઞાનાચાર કહ્યું છે. કારણ-

કે કેવળજ્ઞાન, મનઃપર્યવ-જ્ઞાન, અને અવધિજ્ઞાન એ બધાને લાવનાર શ્રુતજ્ઞાન છે. આથીજ શ્રુત-જ્ઞાનનો જે આચાર તેજ જ્ઞાનાચારનો આચાર ગણાય છે.

શંકા-નિવારણ કરનાર 'तमेव'० ઇત્યાદિ પદો.

જ્ઞાન પ્રાપ્તિ-માટે, ટકાવવા માટે, વધારવા માટે આચાર જોઇએ, અને તે બધું ક્રિયાને આભારી છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કોણ કરે?, જ્ઞાન-જ્ઞાનના સાધન અને જ્ઞાનીનો વિનયાદિક કરે તો જ્ઞાન થાય, માટે જ્ઞાનની પ્રાપ્તિમાં મૂળ જડ તરીકે ક્રિયા તો રહેલી છે. દર્શન મોહનીય ખપે શાથી?, પહેલાં દર્શન થાય પછી દર્શન-મોહનીય ખપે તેમ નથી, માટે પ્રથમ દર્શન મોહનીયને ખપાવનાર ક્રિયા છે. ગુરૂદેવની યથાશક્તિ વૈયાવચ્ચ-શુશ્રુષા થાય તેથી દર્શનની ઉત્પત્તિ થાય છે સમ્યગ્ દર્શનનું ઉત્પન્ન થવું તે બધું દર્શનાચારને આભારી છે, માટે દર્શનાચાર કહ્યો છે. તે માટે તેને પણ ક્રિયાની જરૂર છે. શંકા એ સ્વાભાવિક ચીજ છે, પણ જેમ વગર ગર્ભે કોઇનો જન્મ થતો નથી; તેમ ક્ષયોપશમ સમકિત થયા વગર ક્ષાયિક સમકિત થતું નથી. શંકા-કાંક્ષા બને તે થવા આવે ત્યાં એકજ વસ્તુ રાખવાની છે—"तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइयं" જીનેશ્વરે કહ્યું તે સાચું અને તે નિઃશંક છે, એટલે તેજ સત્ય અને નિઃશંક છે કે જે જીનેશ્વરે કહ્યું છે. શંકાના સ્થાનમાં આ ડંગોરો રાખવાનો છે. આ ધારણા કરવી તે જ્ઞાન-દર્શન છે કે ક્રિયા?, તો કહે છે કે ક્રિયા છે. પ્રશંસા કરવી ગુણવાનની તે ક્રિયા રૂપ છે. આજે પ્રશંસા મુશ્કેલીની ચીજ છે. આપણા સંબંધવાળાએ મહોત્સવ કર્યો તો વખાણીએ, અને બીજા કરે તો અછતા દૂષણ લાવી નિંદે તો આ પ્રશંસા ગુણની નથી, પણ રાગની પ્રશંસા છે. ગુણમાત્ર અનુમોદનીય છે, અને તેમાં સ્વ કે પરપણાનો પક્ષપાત હોય નહિં. આથી ગુણ હોય તેનું અનુમોદન ન થાય, તો સમ્યકત્વ મેલું થાય છે સ્થિરીકરણ પડતાને સ્થિર કરે તે ક્રિયા છે કે જ્ઞાન? વાત્સલ્ય માતા પિતા-ભાઈ-બહેન કરતાં સાધર્મિક ઉપર અત્યંત પ્રીતી રાખવી, અને પ્રભાવના કરવી તે ક્રિયા છે કે જ્ઞાન? તો કહે છે કે ક્રિયા છે. દર્શન મોહનીયના ક્ષયોપશમને અંગે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવી, અને તે બધા અનુષ્ઠાનો જ્ઞાનદર્શનનાં ક્રિયાને આભારી છે. ચારિત્ર ક્રિયારૂપ છે માટે ત્રણેમાં ક્રિયાને દેખતાં ક્ષાયોપશમિક ભાવમાં જે ક્રિયા કરાય તે ક્રિયા ચાલી જાય તો અફસોસ નથી, કારણકે ફેર વધીને આવવાની છે હવે તે કેવી રીતે?. તે અધિકાર અગ્રે-વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૧૧.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. "જ્ઞાન માત્રથી, અગર ક્રિયા માત્રથી સકળ-ફળની સિદ્ધિ થાય છે" આ માન્યતા જૈન-શાસનને માન્ય નથી.

૨. કાંટો દેખાડવાનું કામ ચક્ષુનું છે, પણ કાઢવાનું કામ ચક્ષુનું નથી.

૩. કાંટો દેખ્યા વગર કાંટો નીકળતો નથી, અને તેથીજ કાંટો દેખવાનું સાધન, તથા કાંટો કાઢવાનું સાધન અલગ છે; એમ જ્ઞાનીને પ્રવૃત્તિ કરો.

૪. "જ્ઞાન અને ક્રિયા એ બેથી મોક્ષ છે" તો પછી જ્ઞાનથી અને ક્રિયાથી કઇ કઇ વસ્તુઓ લેવાય છે?; તે ધ્યાનમાં રાખો.

૫. જ્ઞાનાચારાદિમાં પ્રવૃત્તિમય-આચારો અને નિવૃત્તિમય-આચારો છે.

૬. પ્રાપ્ત થયેલાં સમ્યક્દર્શન-જ્ઞાનચારિત્ર ચાલ્યાં જાય તો પણ કાળાંતરે પુનઃ પ્રાપ્ત થાય છે.

૭. ક્ષાયોપશમિક-ભાવે થનારી ક્રિયાથી પતન પામેલા ફરીથી તે ક્રિયા પામીને આગળ વધે છે.

૮. દરેક આચારોમાં પ્રવૃત્તિનું અને નિવૃત્તિનું વિભાગીકરણ સમજો.

૯ ધર્મની દ્રઢતા થયા વગર અનુમોદનાદિ પ્રકાર-દ્વારાએ યથાર્થ લાભ પ્રાપ્ત થતોજ નથી.

૧૦. દયા પોકારનારાઓની અણસમજને સમજતાં શીખો.

૧૧. અણસમજુ દયા પોકારનારાઓ દયાના રક્ષણને બદલે હિંસાનું વર્ધન કરે છે.

૧૨. ધર્મનો દ્રઢતા વગર બીજાને ધર્મ પમાડી શકાયજ નહિં.

૧૩. બત્રીશ સૂત્રમાંના પ્રસંગોને પૂર્વાપર સમજ્યા વગર દયાની વાતો કરનારાઓ લાભને બદલે નુકશાન મેળવે છે.

૧૪. જ્ઞાનાચારમાં, અને દર્શનાચારમાં પ્રવૃત્તિના, અને નિવૃત્તિના ક્રમની સાર્થકતાને સમજો.

૧૫. ચાલુ પ્રસંગમાં જ્ઞાન-દર્શન ચારિત્રની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સામાન્ય ક્રિયા લેવાની છે.

૧૬. "ધાર્યું ફળ મેળવી દે તે ક્રિયા કરવી વ્યાજબી છે, પણ ધાર્યું ફળ ન મળે તેવી ક્રિયાથી શું ?," આ પ્રશ્નના સંતોષ-પૂર્વક જવાબનું પરિશીલન કરો.

૧૭. પાંચ-ઇન્દ્રિયો અને મનથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક ભાવના ગુણો આવીને જાય છે, તો પછી ઉદ્યમ કર્યો કામનો શો ?; તે સવાલના સમાધાનને સમજો.

૧૮. ક્ષાયોપશમિક-ભાવોની પ્રાપ્તિ થવી એ જીવ-જીવનને આભારી છે.

૧૯. પ્રવૃત્તિ-નિવૃત્તિ જડ સાધનોથી દેખાય છે, છતાં તે બંન્નેનો પ્રવર્તક આત્મા છે,

૨૦. ઇન્દ્રિયોથી મનનો થતી લાભદાયક-પ્રવૃત્તિ-નિવૃત્તિ પણ ક્ષયોપશમ થયા વગર થતી નથી.

૨૧. ક્ષયોપશમને અનુસરતો ભાગ્યોદય ગમેતેને કામ કરે છે.

૨૨. પૂર્વભવમાં ક્ષાયોપશમિક ભાવે કરેલી ક્રિયાઓ પણ આ ભવમાં આગળ વધારે છે.

જ્ઞાનથી અને ક્રિયાથી લેવાનું શું ?

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્યપ્રાણીઓના ઉપકારને માટે શ્રીજ્ઞાનસાર-પ્રકરણને કરતાં થકાં આગળ સૂચવી ગયા કે દુનીયાદારીમાં અને શાસનમાં જ્ઞાનની જરૂરી હોવાથી નિરર્થક કહી શકાએ તેમ નથી, અને તેવી રીતે ક્રિયાથી ફળ મેળવવાનું હોવાથી એટલે સંવર-નિર્જરાથી મોક્ષરૂપ ફળ થાય છે; તેથી ક્રિયા પણ નકામી નથી. ક્રિયાથી ફળ મેળવાય છે, આ વાત લક્ષ્યમાં લાવીને ક્રિયા નિષ્ફળ છે તેમ પણ કહી શકાએ તેમ નથી. જો જ્ઞાન અને ક્રિયા સફળ છે, તો બે પક્ષ જુદા થવાનું કારણ શું ?, જ્ઞાનની સફળતામાં અને ક્રિયાની સફળતામાં અડચણ નથી, પરંતુ માત્ર થોડો મત ભેદ છે. જ્ઞાનવાદીએ જ્ઞાન માત્રથી સકળ ફળની સિદ્ધી માની; અને ક્રિયાવાદીએ ક્રિયા માત્રથી સકળ ફળની સિદ્ધી માની; એટલે જ્ઞાન-માત્રથી કે ક્રિયા-માત્રથી ફળ સિદ્ધ થાય છે; આ પૂર્વે જણાવેલી માન્યતા હરકતવાલી છે. જ્ઞાન અને ક્રિયા પોતપોતાના હિસાબનું ફળ આપે છે. તે માટે જૈન શાસ્ત્રકારે જણાવ્યું છે કે જ્ઞાન કયું ફળ આપે છે ?, જ્ઞાન પ્રકાશન સ્વભાવને અંગે પ્રકાશરૂપી ફળ જરૂર આપે છે. આથી ચક્ષુ વસ્તુને દેખાડી દે છે; એટલે વસ્તુને ઓળખાવી અને દેખાડવી તેમાં આંખ ફળ દેનારી છે, પણ કાંટો દેખાડયા પછી કાંટો કાઢીને કાંટાની આપત્તિ દૂર કરવી તે કામ ચક્ષુનું નથી. ભોજન દેખાડયું છતાં ખાઇને તૃપ્તિ કરવી તે આંખ માત્રથી થઈ શકતું નથી. આંખનું કામ કાંટો ભોજન દેખાડવાની જરૂર પુરતું છે. આથી અંધારામાં કાંટો કઢાવવા કોઈપણ તૈયાર નહીં થાય, કારણ કે પ્રકાશ નથી. આ સ્થળે પ્રકાશન દીવાનો થયો જોઇએ, એણે પ્રથમ કામ કરવું જોઇએ તે થયું નથી. અહીં અનિષ્ટની નિવૃત્તિ કે ઇષ્ટની પ્રાપ્તિ પ્રકાશથી થઇ શકતી નથી, કારણકે એકલા પ્રકાશક-સ્વભાવથી કાંટાની વેદના મટતી નથી. એટલે ચક્ષુ

આદિનો પ્રકાશન સ્વભાવ હોવાથી ચક્ષુ કાંટો દેખાડવા રૂપી ફળ દેનાર છે, પણ કાંટાને કાઢવાથી થતું અનિષ્ટનું નિવારણરૂપ ફળ ચક્ષુ કે દીવા માત્રથી થતું નથી; માટે સમગ્ર ફળ જ્ઞાનથી થાય છે તેમ કહી શકીએજ નહિં. તેમ સમસ્ત ફળ ક્રિયાથી થાય છે, તેમ પણ કહી શકીએ નહિં. તેમ વગર દેખ્યા કાંટો કાઢવા પણ કોઈ તૈયાર થતું નથી, માટે એકલું જ્ઞાન ક્રિયા વગરનું કે જ્ઞાન વગરની ક્રિયા ધારેલા ઈષ્ટ ફળને આપી શકતાજ નથી. માટે જ્ઞાન અને ક્રિયા એ બેથીજ મોક્ષ છે આ નક્કી કર્યું, ક્રિયાને પ્રવૃત્તિ રૂપ-ચારિત્ર માનીને અને જ્ઞાન-જ્ઞાનના સાધનો તેની પ્રવૃત્તિ બધું જ્ઞાનમાં લઇ જઈને બંને લેવાં માટે "**ज्ञान-क्रियाभ्यां मोक्षः**" કહ્યું છે. માત્ર પ્રવર્તવા રૂપ-ચારિત્રને ઉત્પન્ન કરનારી ટકાવનારી વધારનારી પ્રવૃત્તિ રૂપ ક્રિયા અહિં લેવાની છે.

એકલી ક્રિયા કેમ કહી ?

જ્ઞાનાચારને દર્શનાચાર શા માટે રાખ્યા છે ?, જો ક્રિયાથી ભિન્ન જ્ઞાન લેવું છે, તો પછી જ્ઞાનનો આચાર અને દર્શનનો આચાર શો ?, જ્ઞાનાચાર દર્શનાચાર કહો અથવા જ્ઞાન અને દર્શન બંને ક્રિયાને આધારે થનારા, થયને ટકનારા, અને વધનારા છે; તો પછી આચાર રૂપી ક્રિયાને કહીને તો આખો મોક્ષ માર્ગ ક્રિયારૂપ કરી દીધો. આવી ક્રિયા આચાર રૂપ ન લેતાં પ્રવૃત્તિ રૂપ ક્રિયા લીધી; જ્ઞાનને ઉત્પન્ન કરનારી ટકાવનાર સ્થિર કરનારી, વધારનારી, તેમ દર્શન ચારિત્રને ઉત્પન્ન કરનારી, ટકાવનારી, સ્થિર કરનારી, વધારો કરનારી, પ્રવૃત્તિ રૂપ ક્રિયા લીધી. હવે અહિં ક્ષાયોપશમિક ભાવ જ્ઞાનાદિ ત્રણેમાં વ્યાપેલો છે. અહીં ક્ષાયોપશમિકે જ્યારે જ્ઞાન આવ્યું હોય, અને તે ચાલ્યું જાય, તોપણ તે પાછું જરૂર મળે છે. તેમ સમ્યક્ત્વ પણ કાલાંતરે જરૂર મળે છે, તેમ તેવું ચારિત્ર ચાલ્યું જાય તો તે પણ કાલાંતરે જરૂર મળે છે. જે ત્રણે કાલાંતરે મળવાવાળી ચીજ છે, એટલે જ્ઞાન દર્શન ચારિત્ર પણ ગયા પછી મળવાવાળા છે; તો પછી અહીં એકલી ક્રિયા કેમ કહી ? **क्षायोपशमिके भावे या क्रिया क्रियते सा** ક્ષાયોપશમિક ભાવે જે ક્રિયા કરાય તે પછી જાય તો પણ તેના ભાવને વધારનારી છે. જો જ્ઞાન દર્શનને ચારિત્ર ગએલું હોય તો તે પાછું આવે છે. ત્રણે ગએલા પાછા મળે છે, અને આ નિયમ છે તો પછી અહીં એકલી ક્રિયા કેમ કહી ? તેનું સમાધાન થશે.

પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ આચારો.

સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે ગુણ રૂપ જુદા લઇએ તો ક્ષાયોપશમિક-જ્ઞાનદર્શન ચારિત્ર ત્રણે પાછા આવે તે ત્રણેમાં સરખાપણું કહેવામાં અડચણ નથી, છતાં પણ થોડો ફરક છે. જે ક્રિયા અહીં છે તે જ્ઞાનદર્શનથી ભિન્ન ક્રિયા લીધી છે. અહીં જે ક્રિયા લીધી છે, તે પ્રવૃત્તિ-નિવૃત્તિમય એટલે પ્રવર્તવારૂપ અને નિવર્તવારૂપ એવી જે ક્રિયા તે ક્રિયા લેવાની છે, જ્ઞાન, દર્શન અને ચારિત્રની પણ ક્રિયા તેમાં આવી જાય છે. જ્ઞાનમાં, દર્શનમાં અને ચરિત્રમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભય છે. જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન જ્ઞાનીને તેના સાધનોની ભક્તિ-વિનય-બહુમાન કરવો તે પ્રવૃત્તિ છે, અને તેમની આશાતના વર્જવી તે નિવૃત્તિ છે. જ્ઞાનના આચારમાં બંને ક્રિયા સાથે રહેલી છે. તેથી "કાલે વિણયે" વિનય કાલ ઉપધાનાદિ તે પ્રવૃત્તિરૂપ છે, અને નિહ્નવ-વ્યંજનાદિ તે ચાર નિવૃત્તિરૂપ છે. જ્ઞાનાચારમાં ચાર પ્રવૃત્તિરૂપ આચાર, અને ચાર આચાર નિવૃત્તિરૂપ છે, તેમ દર્શનાચારમાં પણ નિઃશંકિત વિગેરે ચારે નિવૃત્તિરૂપ છે; અને "**उववूह थिरिकरणे**" ઉપબૃંહણા-સ્થીરીકરણ-વાત્સલ્ય-પ્રભાવના તે ચાર પ્રવૃત્તિરૂપ છે. જ્ઞાનાચારમાં ચાર પ્રવૃત્તિરૂપ અને ચાર નિવૃત્તિરૂપ છે, તેમ દર્શનાચારમાં ચાર પ્રવૃત્તિરૂપ અને ચાર નિવૃત્તિરૂપ આચાર છે. તો જ્ઞાનાચારમાં પહેલા પ્રવૃત્તિરૂપ આચારો અને પછી નિવૃત્તિરૂપ આચારો બતાવ્યા; તથા દર્શનાચારમાં તો તેથી ઉલટા બતાવ્યા, તેનું કારણ શું ?, એકમાં પહેલા નિવૃત્તિ, અને બીજામાં પછી નિવૃત્તિ તેનું કારણ છે. ગુરુનો અપલાપ, વ્યંજન, અર્થ, તદુભય એ ચારે વસ્તુ બનવાની કયારે ? જ્યારે કાલ વિનય-બહુમાન અને ઉપધાનાદિ-પૂર્વક શ્રુત ભણ્યો હોય ત્યારે. જ્યાં અભ્યાસ ન કર્યો હોય ત્યાં ગુરુનો અપલાપ વ્યંજનાદિ ટાળવા વિગેરે બનેજ કયાંથી ?,

જ્યાં સુધી અધ્યયન ન કર્યું હોય તો વ્યંજનાદિનો અપલાપ અને ગુરૂનું ઓળવવું શી રીતે ?, જ્ઞાનાચારમાં પ્રવૃત્તિ કરવાની પહેલાં છે, અને તેથી કાલાદિ-વિનયનું સેવન અને દર્શનાચારમાં પોતે શંકા-કાંક્ષાદિ રહિત હોય તોજ ધર્મની પ્રશંસા કરે. જે ધર્મમાં દૃઢ નથી તે ધર્મી-અધર્મીના વિભાગો જુદા શી રીતે પાડે ? ધર્મની દૃઢતા વગર એને તો ઉલટા ધર્મના કામો નિંદા પાત્ર લાગે છે.

ધર્મની દૃઢતા

એકલી દયા પોકારી હોય, અને દયાનો શબ્દ પકડયો હોય તેવાઓએ સમજવાનું છે કે અવિરતિ એ તપેલા ગોળા જેવો છે, અને એક ડગલું તે ચાલે તો મહા હિંસા થાય; તો પછી તેમના સાધુ સામા તેઓ જાય તો મહા હિંસા થાય છે; છતાં તેમના સાધુઓ રોકતા નથી. એ સાધુઓ હિંસાથી લોકોને વિરમાવતા નથી એમાં લાભ માને છે. જેઓ વસ્તુસ્થિતિ સમજ્યાજ નથી, અને માત્ર દયા શબ્દ પકડી રાખ્યો છે; તેવાઓને ત્યાં તો સાધુની સામે ન ગયા તેટલા ધર્મી, એને સામે ગયા તે અધર્મી. તેમની અપેક્ષાએ તે દયા પોકારનારાઓ પ્રશ્ન કરે છે કે પૂજા કરતાં સામાયક કરીએ તો કેમ ?, આવો પ્રશ્ન કરનારને કહેજો કે તમારા સાધુ વહોરવા નિકળ્યા હોય તે વખતે સામાયક લઈ બેસો તો લાભ કે તોટો ? સાધુ આવવા જવાના હોય તે વખતે સામાયક લઇ બેસી જવામાં તેઓ અવિનય રૂપ પાપ દેખાડે છે, અને સામા આવવાની આટલી પ્રવૃત્તિ કરવી તેથી લાભ છે એમ બતાવે છે. "અને વળાવવા ગયા તે ધર્મી, અને સામાયકમાં રહ્યા તે ધર્મ" એમ તેઓ કહી દે છે, તો પૂજા ઓચ્છવમાં આજ્ઞા ઊંચી ગઈ છે ?, અને પોતાને લેવા આવવામાં અને વળાવવા જવામાં આજ્ઞા જળવાતી છે ? તે સમજવાની જરૂર છે. ૩૨ સૂત્રમાની બીજા ઉઠાવ્યા શા માટે ?, છતાં તારા બત્રીશ સૂત્રોમાં લખ્યું છે. શ્રી સૂયગડાંગમાં હિંસામાં પાપ થાય છે, પણ કયા કારણથી ? તે સમજવું જોઇએ. અર્થ દંડ અને અનર્થદંડ એ બે પ્રકારના પાપ ગણાવ્યા છે. અર્થ દંડમાં જ્ઞાતિ કુટુંબાદિક ગણાવ્યા છે, ત્યાં પૂજા મહોત્સવ વિગેરે અનુષ્ઠાનો ગણ્યાં નથી; અને અનર્થ દંડમાં જંગલનું કાપવું વિગેરે જણાવ્યા છે. પૂજા ત્યાં ગણાવી નથી, અને આદિમાં નાગબૂત-યક્ષ લીધા છે; ત્યાં પણ જીન લીધા નથી. તો મૂળ હકીકત એ છે કે જેને ધર્મમાં જાણપણું નથી, શંકા રહિતપણું નથી, પરમાત્માની અભિલાષ દિનું રહિતપણું, કાંક્ષા અને તેનું ફળ સદ્દેહ રહિતપણું નથી તે શાસનમાન્ય-વસ્તુને જાણે શું ? ન જાણે તો સાચી વસ્તુની અને તેની પ્રશંસા તેને આવેજ કયાંથી ? સ્થિરીકરણ વસ્તુ પોતાને મળી ન હોય તો બીજાને શાસનમાં સ્થિર શી રીતે કરે ? પોતે સાચા ધરમને જાણે નહીં તો લોકો ધર્મ જાણે તે બુદ્ધિ આવે ક્યાંથી ?, આ બધું ધર્મની દૃઢતા થયા પછીજ આવે છે.

પ્રવૃત્તિનો અને નિવૃત્તિનો ક્રમ.

આથી જ્ઞાનાચારમાં પ્રવૃત્તિમાં રૂપ આચારો પહેલાં, અને તે પછી નિવૃત્તિરૂપ આચારો જણાવ્યા છે. દર્શનાચારમાં નિવૃત્તિ-પ્રવૃત્તિના ક્રમ જણાવ્યા છે. ચારિત્રમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એટલે પ્રથમ સમિતિ પછી ગુપ્તિ લીધી, આથી સમિતિ એ પ્રવૃત્તિ-રૂપ છે; અને ગુપ્તિઓ એ નિવૃત્તિરૂપ મનાય છે. પહેલાં ગુપ્તિ કેમ ન લીધી ?, ગુપ્તિમાં ન ટકાય તો પછી પ્રવૃત્તિ કરવી તેમ રાખવું હતું ?; આવો પ્રશ્ન કરનારે સમજવું જોઇએ કે સમિતિએ અપવાદ માર્ગ નથી, નહીંતર તીર્થંકરની દેશના પણ અપવાદરૂપ થઈ જાય. મુખ્યતાએ તો સાધુઓને સમિતિની પ્રવૃત્તિ કરવાની છે, અને સમિતિ સિવાયના વખતમાં ગુપ્તિમાં રહેવાનું છે. આટલા માટે 'આવસ્સહિ નિસ્સિહી' એ પણ સમાચારી છે. દશ પ્રકારના સમાચારી ધર્મમાં મકાનમાંથી નિકળતા આવસ્સહિ, અને મકાનમાં પેસતાં નિસીહી કહેવી. તે પણ બંન્ને સામાચારી નીકળતાં આવસ્સહિ, અને મકાનમાં પેસતાં નિસીહી કહેવી; તોપણ બંન્ને સામાચારી-માંથી આવસ્સહિ એ પ્રવૃત્તિરૂપ છે; અને નિસીહી એ

નિવૃત્તિ રૂપ છે. ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ બન્ને ક્રિયા માની.

પ્રવૃત્તિને અને નિવૃત્તિને કરનાર આત્મા.

આથી જ્ઞાન-દર્શન અને ચારિત્રને અંગે ક્ષાયોપશમિક-ભાવની પ્રવૃત્તિ, અને આ ત્રણેની પ્રવૃત્તિનો જે અંશ છે, તેને અંગે જણાવે છે કે આ પ્રવૃત્તિ શાથી બને છે? તો કહે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને લીધે એ ત્રણેને અંગે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ ક્રિયા છે. એટલે જેઓ જ્ઞાનદર્શન ચારિત્રને ગણે છે, તેથીજ તે અંગેની વૃત્તિ-નિવૃત્તિ રૂપ ક્રિયા છે. આથી એકલી ક્રિયા તે ચારિત્રરૂપ નહિં, પણ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સાધારણ ક્રિયા લેવી. આમાં જે ક્રિયા ધાર્યું ફળ મેળવી દે તેમાં પ્રવર્તવું વ્યાજબી છે, પણ ફળ ગદ્યા પહેલાં નાશ પામે તેવી ક્રિયાને શું કરવું?, ક્ષાયોપશમિક ભાવથી જ્ઞાન-દર્શન કે ચારિત્ર થાય, પણ છેડે ભીંડુ છે. રોજ ત્રિકાળ પૂજન કરનાર; બે ટાઈમ પડિકમણા કરનાર, રોજ વ્યાખ્યાન સાંભળનારો વિથીએ પોસહ કરનારો આટલી સ્થિતિ છતાં અંત અવસ્થાએ વિચારીએ તો પૂજા સામાયક પડિકમણા પૌષધ કંઈ થતું નથી. અંદરની અવસ્થાએ દેખીએ તો ઉત્પન્ન થએલા જ્ઞાન-દર્શન અને ચારિત્રના ગુણો એ ત્રણે ગુણો પાંચ-ઈંદ્રિય તથા મનને અને જડને આભારી છે; એ ખરચા તો બધું ખરચું. ક્ષાયોપશમિક ભાવે જ્ઞાન દર્શન નાશ પામે છે. ચારિત્ર તો જરૂર નાશ પામે છે, તો તેવી ક્રિયા કરવી કામની શી છે? આવી શંકાવાળાએ સમજવાનું છે કે એવી પ્રવૃત્તિ જડ જીવનને આભારી નથી, તો કોને આભારી છે?, તો કે આત્માની નિર્મળતાને આભારી છે. જુઓ ચિત્રામણ થવાનું રંગના આધારે છે. તે ચિત્ર દોરાશે કાગળ કે ભીંત ઉપર, પણ તે કાગળ પર ચિત્ર રંગમય બને છે, અને પીછીથી ચિતરાય છે. હવે ચિત્રામણ એ રંગ, કાગળીયું કે પીંછી કરતી નથી. પણ ચિત્રામણનો કર્તા ચિતારાનો જીવ તે ચિત્ર કરે છે. બંન્ને જગો પર ભીંતમાં કે કાગળમાં રંગથીજ બને છે, પીછીથી ચિતરાય છે, પણ પીછી રંગ કે કાગળ પર ચિત્ર કરનારો તો ચિત્રનો કર્તા તે ચીતારાનો આત્મા છે. તેમ પ્રવૃત્તિ-નિવૃત્તિ જડ જીવનમાં દેખાય છે, પણ તેનો કરનાર આત્મા છે.

ક્ષાયોપશમિક-ભાવની પરંપરા.

તેથી ચીતારો કાગળ વાટકી મેલી દે, તો પણ બીજી પીછી રંગ કે કાગળ મળે તો ઝટ ચિત્રામણ કરવા માંડે છે. જો કે આ આત્મા ઇન્દ્રિયો અને મન વિગેરે સાધન મળવાથી તેવી રત્નત્રયિને અનુસરતી પ્રવૃત્તિ-નિવૃત્તિ તુરત કરે છે એમ સમજવું નહિં; પણ આત્મામાં કર્મનો ક્ષયોપશમ થાય ત્યારેજ આ ક્રિયા બને છે. જે જ્ઞાનાચાર-દર્શનાચાર કે ચારિત્રાચારની ક્રિયાઓ અજ્ઞાનપણે બને છે, તેમાં પણ ક્ષયોપશમ કામ કરે છે, એટલે ક્ષયોપશમને અનુસરતો ભાગ્યોદય કામ કરે છે. આપણે ઘેર છોકરો અજ્ઞાનયો જન્મ્યો છતાં ભાગ્યોદય હતો, તો અહીં જન્મ્યો. ભાગ્યોદય હોય તો અજ્ઞાનપાને પણ જલ્દી રસ્તો સૂઝે. ભાગ્યનો ઉદય હતો કે અજ્ઞાનયા ત્યાં ચડયા. અજ્ઞાનયો પણ રસ્તે ચડે તે વધારે ભાગ્યશાળી, તેમ અહીં આપણે જીનેશ્વરના ગુણ સમજતા હોઇએ તે કરતાં જીનેશ્વરના ગુણ ન સમજતા હોઇએ તો વધુ આનંદ થાય તો વધારે ભાગ્યશાળી અહીં જે પહેલા ભવના પુરા ભાગ્યશાળી હોય તે જ્ઞાનાચાર, દર્શનાચાર ને ચારિત્રાચારની પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ આચારમાં ચઢી જાય. કહો કે પહેલા ભવમાં ક્ષાયોપશમિક ભાવમાં ક્રિયા કરી છે, ત્યારેજ ત્યાં જવાનું મન થાય છે. જેને જાણતા ન હોઇએ, છતાં આ ફલાણો હતો અને મારે તેની સાથે વૈર હતું. જેને દેખી ક્રોધ ધમધમે, સ્નેહ થયો હોય અને ઘટવા માંડે તો તેથી સમજવું કે પૂર્વ ભવનો વૈરાનું સંબંધી છે. જેને દેખી સ્નેહ વધે છે, અને ક્રોધ ઘટે છે તો પહેલા ભવનો મારો મિત્ર છે તેમ સમજવું. તેવી રીતે પહેલા ભવમાં જ્ઞાનદર્શન ચારિત્રનું આરાધન કર્યું હોય તેના પ્રભાવે આ ભવમાં જ્ઞાનાદિક તરફ આરાધન કરવાનું મન થાય છે. હવે ક્ષાયોપશમિક ભાવ તેનો અર્થ શો? તે અધિકાર અગ્રે વર્તમાન.

॥ श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકાર:—પૂ. પંન્યાસ પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર

(ગતાંકથી ચાલુ)

ગુણકર-પ્રત્યાખ્યાન.

પદાર્થ—આહાર સંબંધિનું કરાતું પ્રત્યાખ્યાન અપ્રમત્તતાની વૃદ્ધિને સંપાદન કરનારૂં છે. एत्थंति=આ બીના આ ૪ પ્રકરણમાં વિસ્તારથી પૂર્વે જણાવી છે. तब्भोगामित्तकरणे-પાણીના આહાર માત્રની છુટ રાખીને બાકીના આહારનો ત્યાગ કરવાથી તે અપ્રમાદ અધિકપણે પ્રવર્તે છે. ગાથા ૩૪.

પદ પરમાર્થ—પ્રશ્નકારના પ્રશ્નનો ઉત્તર આપતાં શાસ્ત્રકાર જણાવેછે કે પૂર્વે જણાવેલ ત્રિવિધાદિ આહારનું પ્રત્યાખ્યાન કરવું તે અપ્રમત્તતારૂપ આત્મિક-ગુણોત્કર્ષને પ્રાપ્ત કરનારૂં છે. આ આહાર સંબંધિનું પચ્ચકખાણ કરવાથી સર્વ-સાવદ્ય યોગની વિરતિ કરનાર શ્રમણ ભગવંતોને સર્વ વિરતિરૂપ સામાયકમાં અપ્રમાદની વૃદ્ધિ કરનારૂં થાય છે. આ બીના વિસ્તારથી શંકા સમાધાન પૂર્વક આ ચાલુ પ્રત્યાખ્યાન-પ્રકરણ નામના પંચાશકની ૧૩ મી ગાથામાં, અને વૃત્તિકારે વૃત્તિના ભાવાર્થમાં સ્પષ્ટ રીતિએ સમજાવ્યું છે. અત્ર પ્રશ્નકારના પ્રશ્નનું સમાધાન સમજવામાં ઉપયોગિ હોવાથી અત્ર તે ગાથાનો ગાથા સાથે ભાવાર્થ: પુનઃ અપાય છે. ગાથા સંબંધિની વૃત્તિ ઉપર જણાવેલ સ્થળે વિચારી લેવી.

सामाइएवि हु सावज्जजोगरूवे उ गुणकरं एयं ।
अपमायवुड्ढिजणगत्तणेण आणाउ दिण्णेयं ॥१३॥

॥ पंचा० ५ ॥

આ પદ્યનું ઉત્થાન પણ આ પદ્યની વૃત્તિનું સારાંશ આલેખન કરતાં પહેલાં શંકાકારની શંકાઓ નોંધીને સમાધાન રૂપે આ પદ્ય જણાવેલું છે. અને તે શંકાકાર જણાવે છે કે-સમગ્ર સાવદ્ય-યોગની વિરતિરૂપ સામાયિકનો સ્વીકાર કર્યા પછી આહારના પ્રત્યાખ્યાન કરવાથી ફાયદો શું છે?, કારણ કે શાસ્ત્રોમાં સકલ ગુણોના આધારરૂપ સામાયિકને સ્વીકારેલું છે, અને આથીજ કેટલાકો તો કહે છે કે જો રાગદ્વેષ છે તો તપશ્ચર્યા કરવાથી ફાયદો શું થવાનો છે?, અને જો તે રાગદ્વેષ નથી તો તપશ્ચર્યાનું શું પ્રયોજન છે?; અર્થાત્ તપશ્ચર્યાની જરૂરજ નથી. આ શંકાના સમાધાનમાં ઉપરના તેરમા પદ્યનું ઉત્થાન છે. હવે તે પદ્યનું સ્પષ્ટ રીતિએ વિવેચન વાંચશું તો ઉપરની શંકાઓ, અને ચાલુ શંકાના સમાધાનને સ્પષ્ટરીતિએ સમજી શકશું. सावज्जजोगविरूवे=સર્વ સાવદ્ય ત્યાગરૂપ એટલે સમગ્ર-પાપ વ્યાપારનો ત્યાગ કરવાના સ્વભાવરૂપ સર્વ વિરતિરૂપ સામાયકમાં एयं गुणकरं આહાર પ્રત્યાખ્યાન એ ગુણકારક છે. सावज्जजोग એ પદ સાથે સદા પદ નથી, છતાં વૃત્તિકાર સ્પષ્ટ કરે છે કે આ આહારના પચ્ચકખાણ દેશવિરતિ સામાયક, શ્રુત સામાયક, અને સમ્યક્ત્વ-સામાયક ધારણ કરનારને કેવળ ઉપકારક નથી, પણ સર્વવિરતિધરને પણ તે આહારના પચ્ચકખાણ ગુણ કરનાર છે.

અપ્રમાદની અધિક વૃદ્ધિ તે કેવી રીતે ઉપકારક છે, તે તેના હેતુઓ ઉત્તરાર્દ્ધના પદોદ્વારા સ્પષ્ટ કરે છે. ૧ અપ્રમત્તતાના પ્રકર્ષની દિનપ્રતિદિન વૃદ્ધિ થતી હોવાથી, અને બીજો હેતુ સર્વજ્ઞ ભગવન્તની આજ્ઞાનું પાલન થતું હોવાથી; પૂર્વે જણાવેલ પ્રથમ હેતુએ શ્રમણ ભગવંતો આહારના પચ્ચકખાણદ્વારાએ અપ્રમાદ-ગુણની વૃદ્ધિ કરવા

પૂર્વક અનુભવે છે. અને બીજા હેતુથી આજ્ઞાનું પાલન થતું હોવાથી 'आणाए धम्मो' એ ભાવથી ભાવિત થનારાઓનો અપ્રમત્તતાનો વેગ વૃદ્ધિ પામે છે. આજ્ઞાનું પાલન થાય છે, તોપછી તપશ્ચર્યા સંબંધમાં સર્વજ્ઞોની શી આજ્ઞા છે?, તે જણાવેછે કે—સામાયકવાળાએ ચૈત્ય-ભક્તથી તપોધર્મની સેવના કરીને ૬ માસ સુધીની તપશ્ચર્યા યથાશક્તિ કરવી જોઇએ. આ ઉપર જણાવેલા બન્ને હેતુથી આહારના પ્રત્યાખ્યાન એ સામાયિક હોવે છતે પણ ગુણકર છે, એ આ સમર્થન બુદ્ધિપ્રદેશમાં સ્થિર કરવું. આ રીતિએ તેરમીગાથાનો સારાંશ લક્ષ્યમાં રાખવાથી ચાલુ પદ્ય ચોત્રીશમાના પૂર્વાર્ધના પદોના પરમાર્થનું વાસ્તવિક રીતિએ આસ્વાદન થાય છે. હવે ઉત્તરાર્દ્ધના तद्भोगमित्त० ઇત્યાદિ પદોનો પરમાર્થ આ પ્રમાણે છે. આહારની વાસનામાં પરિપૂર્ણવાસિત થયેલા આત્માઓ એક પાણી સંબંધના આહારને રાખીને એટલે પાણી સંબંધી આહાર રૂપ તેનોજ ભોગવટો માત્ર કરવાનો રાખીને બાકીના અશનાદિ ત્રણ આહારનો ત્યાગ કરે છે. આ ત્રણ પ્રકારના અશન-ખાદિમ-સ્વાદિમનો ત્યાગ કરવાથી અપ્રમાદ ગુણ અધિકપણે વૃદ્ધિ પામે છે. આથી શાસ્ત્રકાર 'तओ आहग' એ પદોથી જણાવે છે કે—જ્યારે સર્વવિરતિરૂપ સામાયિકનો સ્વીકાર કર્યો ત્યારે જે અપ્રમાદ હતો, તેના કરતાં ત્રિવિધ-આહારના ત્યાગ અવસરે તે અપ્રમાદ અધિકપણે વૃદ્ધિ પામે છે. હવે દિગંબરોની શંકાનું ઉન્મૂલન કરીને નિષ્કર્ષ રૂપે પૂ. શ્રી. વૃત્તિકાર જણાવે છે કે ત્રિવિધ-આહારના પ્રત્યાખ્યાન એ સર્વ-સાવદ્યયોગની વિરતિમાં અબાધકપણે પ્રવર્તે છે. અને અપ્રમાદને વિશેષપણે ઉત્પન્ન કરે છે; તથા ત્રિવિધ-આહારનું પ્રત્યાખ્યાન એ યુક્તિયુક્ત અને શાસ્ત્રની નીતિ-રીતિએ પણ સુસંગત છે. ગાથા. ૩૪.

દુવિધ-આહાર-સંબંધિ.

"પૂર્વે જણાવેલ ત્રિવિધ-આહારનું પ્રત્યાખ્યાન કરવું તે શાસ્ત્ર-સંમત છે" આ બીના અહીં સ્વીકાર કર્યે છતે, શંકાકરનાર અન્યની શંકા લક્ષ્યમાં લેઇને તે શંકાનો પરિહાર કરતાં આ પદ્ય શાસ્ત્રકાર જણાવે છે.

एवं च कइंचि कज्जे दुविहस्सवि तण्ण होति चिंतमिणं सच्चं जइणो णवरं पाएण ण अण्णपरिभोगो ॥३६॥

પદાર્થ:—एवं च પૂર્વે જણાવેલ આ પ્રકારથી कथंचित्-કોઈક કાર્ય પ્રસંગ ઉત્પન્ન થયે છતે 'दुविहस्सवि तण्ण होति' એ પ્રકારના આહારનું પણ પ્રત્યાખ્યાન થતું નથી, चिंतमिणं-વિચારવા લાયક છે, એમ શંકા કરનારનો અભિપ્રાય છે. सच्चं-अर्धांगीकारार्थमां એટલે પ્રસંગ સ્વીકારીને जइणो० ઇત્યાદિ પદોથી જણાવે છે કે સાધુને ઘણું કરીને ખાદિમ-સ્વાદિમ આહારનું ભોજન કરવાનું છેજ નહિ. ગાથા ૩૫.

પદ પરમાર્થ—સર્વ વિરતિધરને ત્રિવિધ-આહારનું પ્રત્યાખ્યાન કરવું તે શાસ્ત્ર સંગત છે; અપ્રમાદ વૃદ્ધિજનક છે; અને ગુણકર છે, એવું પૂર્વે જણાવેલું હતું. હવે તે વાતનો સ્વીકાર કરવા છતાં પણ વાત-પિત-કફાદિના પ્રકોપથી સાધુ બિમાર થઇ જાય તો તેવી માંદગી અવસ્થામાં દુવિધ-આહારનું પ્રત્યાખ્યાન થાય છે. એટલે પૂર્વે ત્રિવિધ-આહારનું પ્રત્યાખ્યાન ન થાય એમ જે કહેતો હતો તે વાત દૂર રહો, પણ બે પ્રકારના આહારનું પચ્ચકખાણ થતું નથી, અને તે વાત ચિંતવવા લાયક છે એ શંકાકારનો મત છે; છતાં કારણવશાત્ દ્વિવિધ-આહારનું પ્રત્યાખ્યાન પણ થાય

છે એમ શંકાકાર પણ સ્વીકારે છે. આ સ્થળે ઉત્તર આપતાં વિશેષતઃ કહેવાનું અત્ર જણાવે છે. એટલે ચાલુ પ્રસંગને સ્વીકારીને વિશેષતઃ શું કહેવાનું છે?, તે જણાવે છે. શ્રમણ ભગવંતને ઘણું કરીને ફક્ત વિશિષ્ટગ્લાનાદિ-અવસ્થા એટલે માંદગી-અજીર્ણ અવસ્થાદિ છોડીને અશન-પાણીની અપેક્ષાએ ખાદિમ-સ્વાદિમ એ બે આહારનું ભોજન કરવાનું હોતું જ નથી. કારણકે વેદનાદિ છ કારણે આહાર લેવાનું વિધાન યતિવર્ય-શ્રમણ-ભગવંતો માટે જ્યાં જણાવ્યું છે, તે સ્થળે ખાદિમ-સ્વાદિમ આહારનું અત્યંતપણે ઉપયોગ રહિતપણું જણાવેલું છે. પ્રાતઃસ્મરણીય પૂ. શ્રી અભયદેવસૂરિજી નવાંગી વૃત્તિકારે વૃત્તિમાં 'वेदनादिष्वाहारग्रहणकारणेषु' આ પદ જણાવેલું છે તેથી વેદનાદિ-આહાર ગ્રહણ કરવાનાં છ કારણો છે, તે આ પ્રમાણે-૧. ક્ષુધાવેદનીની વેદના શમાવવા માટે, ૨. ગચ્છના નાયક-આચાર્યાદિ વડીલોની વૈયાવચ્ચ કરવા માટે, ૩. ગમનાગમનની ક્રિયાકરવામાં ઇર્યા સમિતિની શુદ્ધિ માટે, ૪. સંયમ-સ્થાનકોના પાલન માટે, ૫. જીવિતવ્યની રક્ષા કરવા માટે, અને ૬ ધર્માદિ ધ્યાનમાં સ્થિર થવા માટે; એ રીતિએ છ કારણે આહાર લેવાય છે; આ કારણો સિવાય આહાર લેનાર શ્રમણ ભગવંતને કારણાભાવ નામનો દોષ લાગે છે. મંડળીમાં આહાર કરતી વખતે ગ્રાસ-એષણાના પાંચ દોષ જણાવ્યા છે, તે સ્થળે અકારણે વાપરે તો એટલે તે માટે ઉપરના કારણો સિવાય વાપરે તો દોષ લાગે છે એમ જણાવ્યું છે. આ પદમાં યતિ-શબ્દનું ગ્રહણ કરેલ હોવાથી શ્રાવકને પણ દુવિધ-આહારનું પ્રત્યાખ્યાન કરવાનું સ્વીકારેલ છે. ગાથા-૩૫.

સામાન્યતઃ-ભોજન વિધિ.

આહાર ભેદની પ્રરૂપણા પદ્ય-૩૨ થી પદ્ય ૩૫ સુધી શંકા-સમાધાન પૂર્વકની કરીને ભેદ. દ્વાર સમાપ્ત કહ્યું; અને હવે ભોગદ્વારનું વ્યાખ્યાન કરવાની અભિલાષાવાળા શાસ્ત્રકાર નીચેનું પદ્ય જણાવે છે.

विहिणा पडिपुण्णम्मी मोगो विगए य थोवकाले ।
सुहवाउजोगभावे चित्तेणमणाकुलेण तहा ॥३६॥

પદાર્થ—विहिण=વિધિપૂર્વક, पडिपुण्णमि=પૌરૂષી આદિ પ્રત્યાખ્યાન પરિપૂર્ણ થયે છતે, विगएय थोवकालेय=થોડો કાળ વ્યતિક્રાંત થયે છતે (પૌરૂષી આદિ પચ્ચક્ખાણ થઇ ગયા પછી ઉપર થોડો કાળ વ્યતીત થયે છતે); सुहधाउ-जोगभावे=વાત-પિત્ત-કફાદિ ધાતુઓના સુંદરપણામાં કાયાદિ યોગોની સુંદરતાનો સદ્ભાવ વર્તતો હોય ત્યારે, चित्तेणमणाकुलेण=આકુળતા-વ્યાકુલતા રહિત ચિત્તનો વ્યાપાર વર્તે છે; અને તે અવસરે भोगो=ભોજન કાર્ય કરે છે. ગાથા-૩૬.

પદનપરમાર્થ—નમુક્કારસહિયં-પૌરૂષી વિગેરે પ્રત્યાખ્યાનો શાસન—માન્ય—વિધિ-વિધાનને અનુસરીને જે સાધુઓએ લીધા હોય, અને પ્રત્યાખ્યાનનો સ્વીકાર કર્યા પછી નિરંતર તે પ્રત્યાખ્યાનના ઉપયોગમાં ઓતપ્રોત બનીને તે પ્રત્યાખ્યાનની કાલ મર્યાદા (નમુક્કારસહિયં હોય તો સૂર્યોદય પછી ૪૮ મીનીટ એટલે બે ઘડીની કાલ મર્યાદા, અને પોરિસી હોય તો સૂર્યોદય પછી એક પહોરની કાલ મર્યાદા) પરિપૂર્ણ થયા પછીજ આહારાદિનો ઉપભોગ થાય છે. એટલે જે જે પ્રત્યાખ્યાનની કાલ-મર્યાદા શાસનમાં નિયત કરેલી છે, તે મર્યાદાની પરિસમાપ્તિ થયા પછીજ; પ્રત્યાખ્યાન પારીને વાપરવા લાયક આહારાદિનો ઉપભોગ કરવા લાયક છે. આથી પ્રત્યાખ્યાન પારવાના પાઠમાં पालियं આવે છે, તે પદથી પ્રત્યાખ્યાન પાળ્યું એમ કહેવાય છે, અને ઉપલક્ષણથી તે પ્રત્યાખ્યાનનું સ્પર્શન તો થઇ ગયેલું છે; કારણકે

પ્રત્યાખ્યાનના સ્પર્શન વગર પાલન કરવું અર્થાત પ્રત્યાખ્યાન પારવાનું બની શકતું જ નથી. અને પ્રત્યાખ્યાન પાર્યા પછી થોડો કાલ વ્યતિક્રાન્ત થયા પછી આહારાદિનું સેવન કરનારો તારિયં-તિરિત્વમ્ પદના પરમાર્થને સ્પર્શેલો છે. ગાથા–૩૬–પૂર્વાર્દ્ધ.

સ્પર્શન-પાલનાદિત્રણ શુદ્ધિ:

પચ્ચકખાણ પારીને આહારાદિનો ભોગવટો કરવામાં છ પ્રકારની શુદ્ધિ જાળવવાનું વિધાન છે. આ છ શુદ્ધિઓ પચ્ચકખાણ-ભાષ્યની ૪૪ મી ગાથામાં આ પ્રમાણે જણાવ્યું છે–

फासिय पालिय सोहिय, तीरय किट्टिय आराहिय छ सुद्धं। આ રીતે ૪૪ મી ગાથાના) પૂર્વાર્દ્ધમાં ઉપર પ્રમાણેનો અનુક્રમ છે. ચાલુ પદ્યના પૂર્વાર્દ્ધના પદોના પરમાર્થને જાણવાથી પાલિત અને તીરિય એ પદોનું વ્યાખ્યાન આવે છે, અને ઉપલક્ષણથી ફાસિયં-સ્પર્શન કરવાપણું પણ આવી જાય છે. તે માટે પૂ. શ્રી વૃત્તિકાર ભગવાન વૃત્તિમાં એક ફાસિયં અને બીજા પાલિયં માટે પૂર્વાચાર્ય રચિત સાક્ષિ-પદ્ય આ રીતે જણાવે છે—"उचित्त काल विहिणाऽ" ઇત્યાદિ પદોથી પૂર્વાર્દ્ધમાં ફાસિયંનું સ્વરૂપ અને ઉત્તરાર્દ્ધમાં પાલિયંનું સ્વરૂપ જણાવ્યું છે. તે પદ્યનો પરમાર્થ આ પ્રમાણે છે–વિધિપૂર્વક ઉચિત—અવસરે પ્રત્યાખ્યાન લીધું એટલે પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યું, અને તેને ફાસિયં=પ્રત્યાખ્યાનના ભાવને સ્પર્શન કર્યું કહેવાય છે, અને તેવી રીતે વારંવાર સમ્યક્ પ્રકારે ઉપયોગ પૂર્વક તે પ્રત્યાખ્યાનને એટલે તે પ્રત્યાખ્યાનના ભાવને સ્મરણ કરીને શાસન વિહિત કાલ મર્યાદાએ પરિપૂર્ણ કરે છે. પ્રત્યાખ્યાન પારે છે તેને પાલિયં કહેવાય છે. નિયત કરેલા પ્રત્યાખ્યાનની કાલ મર્યાદા પરિપૂર્ણ થયે છતે તે પારવી અને ઉચિત કાલ મર્યાદા ઉપર થોડો કાલ વ્યતીત કરવો તેને તીરિયં કહે છે. નવાંગી વૃત્તિકાર તે માટે સાક્ષિ-પાઠ જણાવતાં લખે છે કે—

"पुण्णेऽवि थेवकालावत्थाणा तीरियं होइ"

ભાવાર્થ:–પ્રત્યાખ્યાન પૂર્ણ થયે છતે પણ થોડો કાલ ઉપયોગ પૂર્વક વ્યતીત કરનારાઓને તીરિયં પ્રાપ્ત થાય છે. પ્રત્યાખ્યાનરૂપ પરમ પ્રાસાદની પરિસમાપ્તિમાં આ તીરિયં એ શિખર સમાન છે. આ રીતિએ છેલ્લા પ્રકારનું સેવન કરનારને જે લાભ થાય છે તે જણાવે છે, કે પચ્ચકખાણના સ્પર્શન-પાલન પછી થોડો કાળ જવા દેવાથી એટલે તિરિત્વં નામની ત્રીજી શુદ્ધિનું પાલન કરવાથી ભિક્ષા લેવા જતાં જે થાક વિગેરે લાગ્યો હોય તે ઉતરી જાય છે. શરીરની સાતે ધાતુઓ અથવા વાત-પિત્ત-કફનું સરખાપણું એટલે મર્યાદાશીલપણું થાય છે, મન-વચન કાયા એ ત્રણ યોગોનું સુંદરપણું થાય છે; અને આર્થી આકુળતા રહિત ચિત્તનું સ્વાસ્થ્યપણું પ્રાપ્ત થાય છે, કારણકે અવ્યાકુલ-ચિત્તથી કરેલું ભોજન નિર્દોષ રૂપે શરીર-ધાતુ અને મનને લાભદાયિ બને છે. કારણ કે વ્યાકુલ ચિત્તથી ભોજન કરનારને ભોજન કરવામાં દોષ થઇ જવા સંભવ માનેલો છે. તે માટે વૃત્તિકાર ભગવાન્ સાક્ષિપદ્ય જણાવે છે—"इर्ष्या-भय-क्रोध परिक्लुतेन लुब्धेन तृडदैन्यपीडितेन। प्रद्वेषयुक्तेन च सेव्यमानमन्नं न सम्यक् परिणाममेति ॥१॥ ભાવાર્થ:—ઇર્ષ્યા–ભય– ક્રોધથી વાસિત થયેલો, લોભમાં તદ્લીન બનેલો, તૃષા-તૃષ્ણા દૈન્યતાથી વધુ પીડાયેલો, અને અતિશય-દ્વેષ કરવાવાળો ભોજન અવસરે ખવાતાં ભોજનને સમ્યક્ રૂપે એટલે સારી રીતે જીર્ણ કરીને ધાતુને તુષ્ટિ-પુષ્ટિકારક સ્વરૂપે પરિણામ પમાડી શકતોજ નથી. ગાથા. ૩૬.

શ્રીજૈન શ્વેતામ્બર-કૉન્ફરન્સ સંબંધિ.

આલેખનકાર:—પૂ. પંન્યાસ શ્રી ચન્દ્રસાગરજી ગણી-દ

જૈન શ્વે૦ કૉન્ફરન્સના પ્રચાર મંત્રીઓ મુ. શ્રા. વીરચંદ નાગજી, તથા સુ. શ્રા. મોહનલાલ દીપચંદ ચોકશી તરફથી પ્રચાર પત્રિકા પોસ્ટ દ્વારા મળ્યા પછી, નીચે મુજબનો પત્ર છ સ્થળોએ લખવામાં આવ્યો છે. તે પત્રની નકલ અને નામવાર સ્થળો નીચે મુજબ છે.

સુ. શ્રા. કાન્તીલાલ ઇશ્વરલાલ ઉપર લખાયેલ પત્ર આગળ જણાવાશે તે પત્ર રવાના કર્યા પછી, સુ શ્રા. કાન્તીલાલ ઇશ્વરભાઇની સૂચનાથી કૉન્ફરન્સના બંધારણની એક નકલ મુંબઇ મુકામની કૉન્ફરન્સની ઓફીસ તરફથી મળી હતી.

સુરત મુકામે પ્રચાર કરવા આવેલા સુ. શ્રા. મોતીલાલ વીરચંદ માલેગાંવવાળા, તથા પ્રચાર મંત્રીઓ સુ. શ્રા. વીરચંદ નાગજીભાઇ, અને સુ. શ્રા. મોહનલાલ દીપચંદ ચોકશીને જાહેરમાં અને રૂબરૂમાં મળેલ બંધારણની નકલ મુજબ બંધારણ (કૉન્ફરન્સના) માટેના સુધારા—વધારાદિ ફેરફારો તારીખે કરવા ભલામણરૂપે જણાવેલ હતું. સાંભળવા પ્રમાણે, અને બહાર પડેલા ડેવાલો મુજબ જૂજ સુધારા વધારા થયાં છે, પરંતુ પરિપૂર્ણ સંતોષકારક સુધારાઓ હજુ સુધી થયા નથી.

તેમજ જૈન શ્વે૦ કૉન્ફરન્સની કાર્યવાહી ભાવિમાં મર્યાદાશીલ રહેશે તેવી પણ બંધારણમાં યથાર્થ જોગવાઇ નથી; માટે આ બાબતમાં તે કૉન્ફરન્સની સ્પષ્ટ-નીતિ સુધારા વધારા સાથેનું નવીન બંધારણ મળ્યા પછી તેની કાર્યવાહીથી સમજાશે.

આ સંબંધમાં ફાલના મુકામે થયેલા ઠરાવો અને વિગતવાર કાર્યવાહીનો રૂપરેખા વાંચતાં વર્તમાનમાં જે થયું છે તે સંતોષજનક છે, પણ વધુ સ્પષ્ટતા તો હવે પછી બોમ્બમહાર પ્રતિનિધિ તરફથી મળતા સાહિત્ય પર વિચાર કરી કરવામાં આવશે.

પરંતુ આટલું તો સ્પષ્ટ છે કે "ઐક્ય સમિતિએ" નક્કી કરેલા ઠરાવો મુંબાઇ મુકામના અધિવેશનમાં પસાર થયા નહોતા, તે આ ફાલના મુકામે પ્રચંડ બહુમતિથી પસાર થયા છે, તે સંતોષકારક છે; પરંતુ તેથી વધુ સંતોષ માનવા જેવું નથી. કારણકે આજે પસાર થયેલા ઠરાવો ફરી કૉન્ફરન્સ ફેરવી નહિં નાંખે તેની બાંહેધરી કૉન્ફરન્સનું બંધારણ આપી શકતું નથી.

વસ્તુત: કૉન્ફરન્સે શેઠ આણંદજી—કલ્યાણજીની પેઢીની જેમ પોતાની મર્યાદા નક્કી કરવાની છે કે અમારી કૉન્ફરન્સના બંધારણમાં ચતુર્વિધ સંઘ પૈકિ બે અંગ શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા સંબંધમાં સુધારા—વધારા ઠરાવ આદિ કરવાનું નક્કી કરેલ છે, અને તેમાં પણ શાસન-માન્ય-શાસ્ત્ર-સિદ્ધાંતોને સ્પર્શતી બીનાઓ શ્રમણ ભગવંતોને પુછ્યા વગર અને લેખીત સંમતિ મેળવ્યા વગર કંઈપણ હવે પછી નહિં કરશું એવું બંધારણમાં ભારપૂર્વક આલેખન થવું જોઇએ. આથીજ વિશ્વાસનું વિશુદ્ધ વાતાવરણ વ્યાપક અને તે નિ:શંક બીના છે. સંમેલનના મંડપમાં શાસનમાન્ય શાસ્ત્ર-સિદ્ધાંતની મર્યાદા બહારનું બોલવાવાળા પણ

અંકુશની જરૂર છે કે જે ભાવિ-હિત માટે લાભદાયિ છે.

પૂજ્ય—પંન્યાસજી શ્રીચંદ્રસાગરજી મહારાજ તરફથી—C/o શા. ચીમનલાલ સવાઇચંદ, ઠે. ગોળશેરી, ગલેમંડી; સુરત. પોષ-વદ-૨ શુક્રવાર.

નવકાર-મહામંત્ર—સ્મારક—સુશ્રાવક શા. કાન્તિલાલ ઇશ્વરદાસ, સેવન્તીલાલ વિગેરે; મુંબાઇ.

ધર્મલાભપૂર્વક જણાવવાનું કે પ્રચાર-પત્રિકાઓથી અને જાહેર-સમાચારપત્રો દ્વારા જાણ્યું છે કે ફાલના મુકામે શ્રીજૈન-શ્વેતાંબર-કોન્ફરન્સનું ૧૭ મું અધિવેશન ટુંક વખતમાં ભરાશે.

આ ભરાતા અધિવેશનને અંગે તમારી સ્ટેન્ડીંગ કમીટીએ શું શું ઠરાવો કર્યા છે તે, તેમજ સુધારા-વધારા સાથેનું છેવટનું બંધારણ મોકલી આપવા પ્રબંધ કરશો તો ઉચિત સૂચના જરૂરથી કરીશું.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પ્રાંતિક સરકાર તરફથી બાલદીક્ષા સંબંધમાં પૂછવામાં આવ્યું ત્યારે પેઢીના પ્રમુખ સુ. શ્રા. કસ્તુરભાઇ લાલભાઇએ જણાવ્યું છે કે અમારી પેઢી ફક્ત તીર્થરક્ષણ કાર્ય માટે મર્યાદિત છે, અને પૂછાએલ—પ્રશ્ન ચતુર્વિધ—શ્રીસંઘનો છે; તેવી રીતે તમારી કોન્ફરન્સનું કાર્યવાહિ ક્ષેત્ર મર્યાદિત છે કે અમર્યાદિત છે ?, અને મર્યાદિત હોય તો કાર્યવાહિ માટેની મર્યાદા જણાવશો.

હાલની સરકાર શ્રી જૈન-શ્વે૦ સકલ સંઘનું પ્રતિનિધિત્વ ધરાવનાર એક સંસ્થાની જરૂર ગણે છે, તો આ બેઠકમાં પોતાનું કાર્ય મર્યાદિત કરવાની ખાસ જરૂર છે, એમ સૌ કોઇ માને છે; અને અમે પણ માનીએ છીએ.

સંગઠ્ઠનની આવશ્યકતા હરકોઇ ઇચ્છે અને તે આવશ્યક છેજ, છતાં શાસ્ત્ર અને સિદ્ધાંતના ભોગે સંગઠ્ઠન સાધવું; એ મુશ્કેલ નહિ પણ નિષ્ફલ અને અનર્થકારી મહેનત છે.

જૈન-શાસનમાં સિદ્ધાંતને અંગે બહુમતિને સ્થાન ન હોય, અને તેથીજ રાજનગર મુકામે મળેલા શ્રીમુનિ-સંમેલનમાં જુદા જુદા ગચ્છના મુનિઓ હોવા છતાં સર્વાનુમતે દરેક ઠરાવો થયાં છે તે બરાબર વિચારવું.

સ્થાનકવાસિ-સમાજના મદ્રાસમાં ભરાએલા અધિવેશનના પ્રમુખ, અને ધારાસભાના સ્પીકર ફીરોઝીઆજીના શબ્દો (બાલદીક્ષા અંગેના) જૈન શાસનના મૂલમાં ઘા કરનાર છે, તે બરાબર વિચારશો તે પ્રમાણે તમારા હાથે આ સંમેલનમાં કાંઇ ન થાય એટલી સૂચના પુરતો આ પત્ર તમોને લખ્યો છે.

ધર્મસાધનમાં ઉદ્યમ રાખવો, સર્વેને ધર્મલાભ.

લિ. પૂ. પંન્યાસજી શ્રી ચંદ્રસાગજી મહારાજ
તરફથી દા. દેવેન્દ્રસાગરના ધર્મલાભ

તા. ક:—ઉપર મુજબનો પત્ર ઉપર મુજબના સરનામે રવાના કર્યા પછી, તે પત્રની નકલો અમારા તરફથી નીચેના સ્થળોએ રવાના કરી છે; તે નીચે મુજબ છે.

૧. શા. વીરચંદ નાગજી, શા. મોહનલાલ દીપચંદ ચોકસી પ્રચાર મંત્રીઓ ગોડીજીની પાંજરાપોળ મુંબાઇ.

૧. શા. કુલચંદ શામજી જૈન શ્વે. કો. મંત્રી

૧. ઝવેરી ભાયચંદ નગીનદાસ

૧. સ્વાગત-અધ્યક્ષ જૈન શ્વે૦ કો. ફાલના

૧. શા. પોપટલાલ રામચંદ જૈન-સ્વ. સે. પરિષદ-મુંબાઇ.

સુરત મુકામે પ્રચાર કરવા આવેલા સુ શ્રા. ભાયચંદભાઇ નગીનભાઇ મંછુભાઇ, સુ. શ્રા. મોતીલાલ વીરચંદ, સુ. શ્રા. વીરચંદ નાગજી, અને સુ. શ્રા. મોહનલાલ દીપચંદ વિગેરે ભાઇઓની સન્મુખ શ્રી નેમુભાઇની વાડીના ઉપાશ્રયે અને શ્રી હરિપુરાના ઉપાશ્રયે પૂ પંન્યાસ પ્રવરશ્રીજીએ સકળ સંઘ સમસ્ત, જૈન શ્વે. કોન્ફરન્સની કાર્યવાહિઓની ત્રૂટીઓ અને ખામીઓ દેખાડયા પછી ભાવિમાં તમારી સંસ્થા મર્યાદામાં રહીને ધર્મની ઉન્નતિ કરે તેમાં સાધુઓનો વિરોધજ નથી. અને જૈન શાસન–માન્ય—શાસ્ત્ર—સિદ્ધાંતોને અનુસરીને વર્તમાનકાલીન–શાસન-માન્ય-આચાર્યોને પુછયા વગર કંઈપણ ન કરવું, અને થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની ખુબ ખુબ કાળજી રાખીને શાસન-સેવામાં ઉદ્યમશીલ રહેવું; એજ એક શુભેચ્છા તે વખતે જણાવી હતી. આ સંબંધનો વિગતવાર ભાવવાહિ-અહેવાલ જૈન-પત્રમાં પ્રચાર મંત્રીઓ તરફથી આવેલ છે. અને તે પછી શ્રા નેમુભાઇની વાડીએ મળેલ ચતુર્વિધ-સંઘ તરફથી નીચે મુજબ તાર કર્યો હતો, તે તાર આ પ્રમાણે છે.

Ordinary Telegram.

Presibent jain shwetamder conference.
Falna. (Marwar)

The four fold Jain Swetamder sang assembled in The Nemubhai wadi Uppashraya under The auspicious patronage of his holiness Panyasji Shree Chanbrasagarji Ganibra convey Their whole hearted Sympathy in your Task of preserving Jain raligion & while wishing Success to The Conference express their good wishes for trying to keep the Victorious flag of our religion flying with uniteb efforts.

Mungalbhai Hirachund Javeri,
Managing Trustee.

તા. ક:–ઉપરના અંગ્રેજી તારનું ગુજરાતીમાં ભાવવાહિ આલેખન—

પંન્યાસ—શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રની સાનિધ્યમાં શેઠ નેમુભાઇની વાડીના ઉપાશ્રયે એકઠો થયેલો ચતુર્વિધ સંઘ, જૈન ધર્મના રક્ષણના તમારા કાર્યમાં હાર્દિક, સહાનુભુતી અને સફળતા ઇચ્છા સાથે એક દીલથી, ધર્મને સદા જયવંતો રાખવા ઉદ્યમશીલ થાઓ એજ એક શુભેચ્છા. પાઠવે છે.

મંગળભાઇ હીરાચંદ ઝવેરી
મેનેજીંગ-ટ્રસ્ટી.

તન્ત્રો સ્થાનેથી—

હિન્દી-સંઘના વડા-પ્રધાન શ્રીપંડિત નેહરૂનો જવાબ.

મુંબાઈ સમાચાર તા. ૧–૧–૫૦ ના મુંબાઈ સમાચારમાં જૈનોની યાદીનો જવાબ હિન્દી સંઘના વડા પ્રધાન પંડિત નેહરૂ આપે છે. આથી જૈન ધર્મ માટે તાત્કાલિક ભયનું વાતાવરણ દૂર હઠયું છે એમ માની શકાય, તેમનો જવાબ નીચે મુજબ છે.—

'જૈનોએ પોતાની કોમ અને ધર્મના ભાવિ અંગે કશો ભય રાખવાનું કોઇ કારણ નથી. જૈનોને હિન્દુઓ તરીકેજ ગણવામાં આવે છે, અને તેમની ઘણી રીત રસમો સરખીજ છે.

એમ ધારી લેવા માટે કશું કારણ નથી, પરંતુ જૈનો એક અલગ ધાર્મિક કોમ છે એમાં શંકા નથી."

આક્રમણકારિ-બીલો સંબંધિ.

ડો૦ આંબડેકરે "હિન્દુ-કોડ" નામનું બીલ ધારાસભામાં રજુ કર્યું છે. આ બીલ પ્રથમ વહેલું ઈ. સ. ૧૯૪૪ માં કામચલાઉ સરકારના ગૃહ મંત્રી સર મુહતાન આહમદ નામના એક મુસ્લીમે ધારાસભામાં રજુ કર્યું હતું, પણ વિરોધના સખ્ત-વંટોળ ી તે બિલ પસાર થતાં અટકી ગયું.

હવે અટકી ગયેલું બીલ ફરી પસાર થવા આવે છે, પૂર્વે જે વિરોધ થયો હતો, તેના કરતાંયે સખ્ત વિરોધ ચાલુ છે; છતાં ભાવિ પરિણામને તપાસવાની નબળાઇને લેઇને પસાર કરવાની તરફેણમાં પણ મોટો વર્ગ છે. તેવીજ રીતે 'ટ્રસ્ટ એક્ટ' નામનું બિલ ટે-ડુલકર કમીટી તરફથી આવે છે. જૈન સમાજના અગ્રગણ્યોનો આ બીલ પ્રત્યે વિરોધ હોવા છતાં પણ બિલ વાંચનમાં આવે છે, અને વિરોધને લીધે સીલેક્ટ કમીટીને સુપરત થાય છે; છતાં જણાવવાનું એ છે કે આક્રમણકારિ બીલો આવે અગર ઉડી જાય, પરંતુ સંગીન-વિરોધ માટે જૈન સમાજને હંમેશને માટે ઐકયતાની અનીવાર્ય જરૂર છે.

શ્રેષ્ઠિ-કસ્તુરભાઇ લાલભાઈનું ગર્ભિત-સંબોધન.

ફાલના મુકામે શ્રેષ્ઠિ કસ્તુરભાઈ અધિવેશન મુલ્તવી મુકતાં જણાવે છે કે "કોન્ફરન્સના અસ્તીત્વને લગભગ પચાસ વર્ષ થયાં છે, છતાં મને કહેતાં દુઃખ થાય છે કે આજ સુધીમાં કોન્ફરન્સ મારફતે આપણે કંઇ સિદ્ધિ મેળવી શકયા નથી. શરૂઆતમાં જ્યારે કોન્ફરન્સની બેઠક ભરાતી ત્યારે જૈનોની ભરપૂર વસ્તીવાળા શહેરોમાં ભરાતી હતી, તે માટે જૈન જનતામાં ભારે ઉત્સાહ જણાતો હતો, સાથે સાથે પૈસા-દાર વર્ગ સારી સંખ્યામાં હાજરી આપતો હતો; અને વિવિધ-પ્રકારોના દાનની જાહેરાત થતી હતી. છતાં કહેવું પડશે કે આજે તો સ્થિતિ એ આવી છે કે કોન્ફરન્સનું અધિવેશન ભરવું એ પણ મુશ્કેલ બન્યું છે. જો આપણે તપાસીએ તો સહેજે સમજાશે કે કોન્ફરન્સ પાસે કોઇ પણ જાતનો સંગીન અથવા રચનાત્મક-કાર્યક્રમ ન હતો, જૈન જનતાના ગાઢ સંપર્કમાં આવીને તેને મદદ કરવા રૂપ ખાસ કાર્ય કરવામાં આવ્યું નહતું. અને ચર્ચાસ્પદ ધાર્મિક-સવાલો ચર્ચીને વૈમનસ્ય ઉભું કર્યું હતું" આ બધું જણાવીને કોન્ફરન્સને જૈનોની લોકપ્રિય સંસ્થા બનાવવા માટે જે ચાર મુદ્દાઓ બતાવ્યા છે, તેમાંથી એ મુદ્દાને તો જરૂર જેમ બને તેમ જલ્દી અપનાવવા ઉદ્યમશીલ થવું એ દરેક સંચાલકો માટે આવશ્યક છે, તે બે મુદ્દા નીચે મુજબ—

૧. જૈનોની કોન્ફરન્સ હોઇ તે જૈન-સિદ્ધાન્તોને માન્ય રાખીને ચાલનારી સંસ્થા હોવી જોઇએ.

૨. ધાર્મિક-ચર્ચાસ્પદ વિષયો તેમાં લાવવા જોઇએ નહિં.

આ ઉપરના ગર્ભિત-સંબોધનને વિવેક-પૂર્વક વિચારીને કોન્ફરન્સના આગેવાનો અમલી બનાવવા ઉદ્યમશીલ થશે તો જરૂર ભાવિ-માર્ગ વધુ સરળ અને લાભદાયિ બનશે.

[ટાઇટલ ૪ થા પેજથી ચાલુ]

૮૨૧. "હિન્દુ-કોડ" નામનું બિલ એ જૈન સમાજ માટે ભાવિ નાશની આગાહી છે, માટે એ આક્રમણકારિ-બિલ પસાર થાય તે પહેલાં ઉગ્રવિરોધ કરવાની અવશ્યમેવ જરૂર છે.

૮૨૨. પ્રજાના ઉગ્રવિરોધના કારણે ઇ. સ. ૧૯૪૪માં "હિન્દુકોડ" નામનું બિલ પસાર થતાં અટકી ગયું, તેજ બિલ ફરી ધારાસભામાં છ વર્ષે પ્રવેશ કરે છે; માટે આ બિલને વાંચનમાં આવતાં પહેલાં અગર આવીને પસાર થતાં પહેલાં જૈન સમાજે ઉગ્રવિરોધ પૂર્વક અથવા તો સત્તાના લાગવગાદિ સાધનોથી અટકાવી દેવું, એજ જૈન-સમાજની ભાવિ-સુરક્ષણુતાના સુંદરતમ કાર્ય માટેની સુંદર સેવા છે.

૮૨૩. "અમારી કોમને સુધરવાના બ્હાના તળે ભાવિ-પરિણામને તપાસવાની બીન આવડતવાળા કહેવાતા સુધારકોની સલાહ માત્રથી દોરવાઈને અમારી જૈન સમાજની સંસ્કૃતિ આદિના નાશ માટે આવાં બિલોની જરૂરજ નથી," એવો ઉગ્રવિરોધ આજની સરકાર સામે નોંધાવતાં શીખો.

૮૨૪. ટ્રસ્ટ સંબંધીનું બિલ, ભીક્ષા સંબંધીનું બિલ, અને દીક્ષા સંબંધીનું બિલ, આવાં અનેક-આક્રમણકારિ-બિલોથી જૈન સંસ્કૃતિના મૂલમાં ઘા થઈ રહ્યો છે; તે સમજતાં શીખો, અને પ્રમાદને છોડીને તે દૂર કરવા માટેનો ઉગ્રવિરોધ કરવા સાવધ બનો.

૮૨૫. શાસન-માન્ય રીતિ-નિતિથી વિરૂદ્ધ વર્તનારાઓ અને અનીચ્છનિય રીતિ-નિતિથી દેવ-દ્રવ્યની વૃદ્ધિ કરવા જનારાઓ દેવદ્રવ્યની મૂળ રકમને પણ બાધા કેવી રીતે પહોંચાડે છે ?, તે સમજવાની અવશ્યમેવ જરૂર છે.

૮૨૬. "દુનિયામાં અમે કાંઇક છીએ" એવી અધમવૃત્તિથી, અગર હૃદયના અસંતોષ વિરોધ અને વિદ્વેષાદિ પોષવા માટેની ક્ષુદ્રવૃત્તિથી; ભરાતાં સંમેલનોએ કોઈનું પણ કલ્યાણ સાધ્યું નથી, કારણકે શાસન માન્ય-શ્રદ્ધાહિન-કહેવાતા પ્રજ્ઞાચક્ષુની દોરવણી નીચે બાલદીક્ષાના વિરોધ માટે જયપુરમાં મળેલું સંમેલન એનો તાજો પુરાવો છે.

૮૨૭. અગીઆર અંગનો અભ્યાસી જમાલી શ્રદ્ધાના અભાવમાં અજ્ઞાની બને છે, અને ચૌદ વિદ્યાના પારંગત-પંડિતા પણ શ્રદ્ધાના અભાવમાં અજ્ઞાની હતાં; તો પછી શ્રદ્ધાના અભાવમાં જયપુર અધિવેશનના પ્રમુખપદે સ્થિત થયેલા સુખલાલજીને જ્ઞાની માનવા જૈન શાસનમાં કોઇપણ તૈયારજ નથી.

સકળ-સંઘને સૂચના.

સુરત-મુકામે શ્રીનેમુભાઇની વાડીના ઉપાશ્રયે દરેક રવિવારે બપોરના ત્રણ વાગે પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનંદસાગર-સૂરીશ્વરજીના પરમ-વિનેય-પૂ પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રમહારાજ "શ્રાવકના આચારો અને તેઓનું રહસ્ય" આ વિષય ઉપર પ્રવચન આપે છે, માટે દરેક ભાઇ બ્હેનોને લાભ લેવા વિનંતિ છે.

તા. ક. ચાલુ વર્ષના માહ સુદ-૧૧ ને રવીવાર તા. ૨૯-૧-૫૦ થી ઉપરના વિષય ઉપર પ્રવચન ચાલુ છે.

લિ૦ **તન્ત્રી.**

સુધા-વર્ષા.

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૮૧૩. બાલ-દીક્ષાનો વિરોધકરનારાઓ પાસે શાસન-માન્ય-સૈદ્ધાન્તિક કે વ્યવહારને બંધબેસતી નક્કર-દલીલજ નથી.

૮૧૪. ચૌદ વર્ષનો બાળક મેટ્રીકની પરીક્ષા પાસ કરી શકે છે, જીવન ધોરણની અઘરામાં અઘરી કસોટીઓમાંથી પસાર થઇ શકે છે; ફકત એકાન્ત-હિતકર-જૈન-દીક્ષા માટે અયોગ્ય કહેવા માટેની વાતો આજના જમાનામાં કરી શકાય છે, એ પાપવર્ધક-પ્રગતિ-વાદનો પુરો પ્રતાપ છે.

૮૧૫. હિન્દી સરકારના પ્રતિનિધિ થઇને અમેરિકાના ન્યુયોર્કમાં "હેરેલ્ડ ટ્રિબ્યુન ફોર્મ ફોર-હાઇસ્કૂલ" માં હાજરી આપવા જનારા સત્તર વર્ષની કુમારીકા-ઉષારોય અને અઢાર વર્ષના શ્રી. પી. બાલકૃષ્ણ છે, આ સત્તર-અઢાર વર્ષના બન્ને સગીરો હિંદના પ્રતિનિધિ થવાની યોગ્યતા મેળવી શકે છે; છતાં આ કહેવાતા પ્રજાસત્તાક-તંત્રના આ યુગમાં આત્મશક્તિ-વિકાસની અમોઘમાર્ગરૂપ દીક્ષાને રોકવા અનિચ્છનીય વાતાવરણ ઊભું કરી શકે છે તે કેવળ મૂર્ખાઇ માટેનો આ તિરસ્કરણીય નમુનો છે.

૮૧૬. બાલ્યકાળ એકજ એવી અવસ્થા છે કે જેમાં માણસ માત્ર ધારે તો લાભદાયક કે નુકશાન-કારક વિકાસ વણથંભ્યો સાધી શકે છે, અને જૈન-દીક્ષા એટલે તો સ્વહિતકારી કલ્યાણ-કર માર્ગ છે, અને તે બાળવયમાં વધુ વિકસિત થાય તેમાં નવાઇ શી?

૮૧૭. જ્યાં ડહાપણની ગેરહાજરી હોય, બુદ્ધિ રીસાઈ બેઠી હોય, શક્તિઓ ગીરવી મૂકાઈ હોય, અને દલીલોનું દેવાળું દેખાતું હોય; આ ચાર ચીજને અનુસરનારાઓ શાસનની ઉન્નતિ કરવાને બદલે અવનતિજ કરે છે; અરેઅર તેવાઓ પ્રત્યે દયા ખાતાં શીખો.

૮૧૮. માનવ-ધર્મની માની લીધેલી સેવાને બ્હાને હિટલરે, મુસોલીનીએ, બ્રિટિશરોએ, અને અમેરિકનોએ, હૃદયને કંપાવે એવા માનવોના સંહારરૂપ હૃદયદ્રાવક યુદ્ધો ખેલ્યાં છે, તે ભૂલવા જેવું નથી, માટે વિવેક વગર માનવ-ધર્મનું રક્ષણ કરવાની વાતો કરનારા કહેવાતા સત્તાધીશોએ ડગલે પગલે માનવ માત્રનું રક્ષણ કરવાને બદલે ભયંકર રીતિએ ભક્ષણ કર્યું છે; અને હજુપણ ભયંકર રીતિએ ભક્ષણ કરવાની નિતિને વેગ આપવા શસ્ત્રાસ્ત્રો શોધવાની ઘેલછામાં પડયા છે તેથી વિશ્વનું કલ્યાણ થતુંજ નથી, અને થવાનું પણ નથીજ.

૮૧૯. જાપાનના બે શહેરના લાખો માણસને એક બે એટમ બોમથી બાળીને ભસ્મીભૂત કરનાર અમેરિકા માનવ-ધર્મના રક્ષણની વાતો કરતાં લવલેશભર શરમાતું નથી.

૮૨૦. દેવ-દ્રવ્યની રકમ જિનમૂર્તિમાં અને જિન-મંદિરમાંજ વાપરી શકાય છે, એવો ઠરાવ ફાલના મુકામે સર્વાનુમતે જે સંમેલનમાં પસાર થાય છે, તજ સંમેલનમાં દેવ દ્રવ્યના આધારે રોટી-વસ્ત્ર મેળવવાની વાહ્યાત-વાતો કરનારને પ્રમુખ રોકી શકતો નથી, એ બંધારણની ત્રુટી છે; અને વિવેક વગરનું વાણી સ્વાતંત્રય છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.]

श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૬ ઠો. ફાગણ-માસ. તા. ૧૭-૩-૫૦

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષા.**

સુધા-વર્ષા.

આલેખનકાર:—**પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.**

૮૪૪. ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ; અને હાલાર આ ચારે વિભાગોમાં બે ફિરકાઓ પૈકી જૈનોની સંખ્યા દોઢથી બે લાખની હતી, અને છે, છતાં ધર્મશ્રદ્ધાના ડગમગતા પાયાપર નભી રહેલી તે શ્વે૦ મૂ૦ જૈનોની સંખ્યામાં દિન પ્રતિદિન વૃદ્ધિ થવાને બદલે ઘટાડો થતોજ જાય છે; તેથી તેઓને સન્માર્ગની પ્રતીતિપૂર્વક વધુ દૃઢ-શ્રદ્ધાળુ બનાવવા માટે તે દિશામાં વિહાર કરવાની અને સતત્ ઉપદેશ આપવા માટેની તૈયારી રાખવી **એ શ્રીશ્રમણ-સંઘનું કર્તવ્ય છે.**

૮૪૫. જૈન-શ્વેતાંબર-મૂર્તિપૂજક-ચતુર્વિધ-સંઘની અને મુખ્યત્વે શ્રમણ-ભગવંતોની હાજરી છતાં ધર્મ સંશોધક-ક્રાન્તિકારી પુરૂષ તરીકે પ્રસિદ્ધિ મેળવનાર લોંકાશાહ એ દશાશ્રીમાળી જૈન-શ્વેતાંબર-મૂર્તિપૂજક હતા, અને

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જો]

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

[ટાઈટલ ૧ લા પેજથી ચાલુ]

તેને મદદ કરનાર લખમશીભાઇ શેઠ પણ ઝાલાવાડના દશાશ્રીમાળી–શ્વેતાંબર–મૂર્તિપૂજક હતા. તેઓએ લોકાંગચ્છને નવેસરથી શરૂ કર્યો, અને આજે તે સંપ્રદાયની સંખ્યા દિન–પ્રતિદિન (આપણામાંથી ઓછી થઈને) વૃદ્ધી પામતી જાય છે, છતાં જાગૃતિ આવવાનું કામ સત્વર ઉપાડી લેવું એ **શ્રી શ્રમણ–સંઘનું કર્તવ્ય છે.**

૮૪૬. જેમ સટોડીઆઓ કે જુગારીઓ પાસે સટ્ટા જુગારની હાર–જીતમાં જતી–આવતી લક્ષ્મી એક બીજા પાસેથી ફેરફાર થાય છે (ટ્રાન્સફર થાય છે), પણ પરદેશથી નવી દોલત આવતી નથી, તેમ શ્વે. મૂ પૂજક જૈન સંપ્રદાયમાંમાંથી થયેલ નવીન શાખારૂપ લોકાંગચ્છમાંથી બીજી નવીન શાખારૂપ સ્થાનકવાસી દરિયાપરી જૈન સંપ્રદાય તરીકે પ્રથમ જાહેરાત કરનાર ધર્મસિંહ સ્વામી થયા, અને તેજ સ્થાનકવાસી સંપ્રદાયમાંથી ત્રીજા રાજચંદ્ર–પંથ તરીકે મોરબીના વવાણી બંદરના રહેવાસી કહેવાતા આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રે સમયસારાદિ ગ્રંથ વાંચીને મનગમતો જુદોજ પંથ કાઢયો. આ બન્ને પંથની માન્યતાઓમાં મોટે ભાગે એક પક્ષ મૂર્તિરૂપ સ્થાપનાનો ઇન્કાર કરીને અને એકાંત દયા ધર્મ, અને બીજો પક્ષ વ્યવહાર માર્ગનો ઇન્કાર કરીને મન માનીતો એવો ધર્મ પ્રતિપાદન કરે છે. માટે જેનું ધર્મધન લુંટાય છે તેવા જૈન સમાજને કટોકટીના પ્રસંગે યોગ્ય માર્ગદર્શન આપવું તે **શ્રી શ્રમણ–સંઘનું કર્તવ્ય છે.**

૮૪૭. જૈન શ્વે૦ મૂ૦ પૂજક સંઘમાંથી નીકળેલ સ્થાનકવાસી સંપ્રદાયના કાનજી સ્વામિએ વિ. સં. ૧૯૭૨ માં સમયસરાદિ દિગંબર–ગ્રંથો–વાંચીને, સ્થાનકવાસી સંપ્રદાયને જાહેરમાં વોસિરાવીને, સોનગઢના સંત તરીકે નામના મેળવીને દિગંબર મતને અનુકૂળ પ્રચાર શરૂ કરીને, સ્થાનકવાસિઓને તે મતના પ્રવાહમાં ભેળવીને, સાથે સાથે શ્વે મૂ પૂ ને અધકચરા કરીને, પોતાનામાં ભેળવવા યોગ્ય–કામ કરવાનું સાહસ ખેડે છે; તે અવસરે પણ આળસ–પ્રમાદ દૂર કરીને રહેલા શ્રાવકોને સુસ્થિર બનાવવા એ **શ્રી શ્રમણ સંઘનું કર્તવ્ય છે.**

૮૪૮.



ઉપર પ્રમાણેના નકશામાં નીકળેલા સંપ્રદાયોનું મૂળ જૈન શ્વે૦ મૂ૦ પૂજક–સંપ્રદાય છે, એટલુંજ નહિં પણ આ નવિન સંપ્રદાયો પોતાના બહોળા પ્રચારને સત્તા–ધન અને સગવડ–ભર્યાં સાધનો આપવાની લાલચે મૂળ શ્રીજૈન–શ્વેતાંબર–મૂર્તિપૂજક–સંઘમાંથી અનેક ઘર પડાવતા જાય છે, માટે નવીન જૈન શ્વે૦ મૂર્તિપૂજકોને વધારવાની વાત તો દૂર રહી પણ પૂર્વાચાર્યોની પુનિત–કાર્યવાહિથી પોષાયેલા કુટુંબોને ટકાવી રાખવા **એ શ્રા શ્રમણ–સંઘનું કર્તવ્ય છે.**

પૂ-શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. રૂપિયા અને ઔષધ જોવા માત્રથી નિર્ધનપણું અને રોગીપણું ચાલ્યું જતું નથી.

૨. અર્ધપુદ્ગલ-પરાવર્તે મોક્ષે જનારા એકલા સમ્યકત્વથી મોક્ષે જતા નથી.

૩. જે ક્ષણે મિથ્યાત્વ ચાલ્યું જાય છે, તેજ ક્ષણે સમ્યકત્વ અને સમ્યકજ્ઞાન યુગપદ્ થવાવાળા છે.

૪. સમ્યકદર્શન પામવાની સાથે અજ્ઞાની પણ જ્ઞાની બને છે.

૫. શ્રાપ-સમાન અને આશીર્વાદ બુદ્ધિને સમજતાં શીખો.

૬. અમારા વાડામાં આવે તે સમ્યકત્વીઓ, અને ન આવે તે મિથ્યાત્વીઓ એ વાત જૈન શાસનને માન્ય નથી.

૭. શ્રાપ સમાન લુંટારૂઓ પણ રક્ષક બને છે, ત્યારે જગતના આશીર્વાદ મેળવી શકે છે.

૮. રક્ષક બન્યા પછી લુંટારાઓની સઘળી અકલ-હુશીઆરી, ચાલાકી વિગેરે ગુણો રક્ષણનેજ અનુસરે છે.

૯. સમ્યગ્દર્શન પામ્યા પછી ઇન્દ્રિયો અને મનઃ પણ આત્મહિતકર વિવેકને અનુસરે છે.

૧૦ દુર્જનની બુદ્ધિ જગતને શ્રાપ સમાન છે, અને સજ્જનની બુદ્ધિ આશીર્વાદ સમાન છે.

૧૧. લાખ રૂપીઆનો હીરો લીધા પછી સાકરનો ગાંગડો નીકળે તો ડાહ્યો ઝવેરો તેને બહાર બતાવવા ન જાય.

૧૨. ખોટો રૂપિયો જાણનાર કાપી ન નાંખે તો ગુન્હેગાર.

૧૩. જે ક્ષણે મિથ્યાત્વ હોય તેજ ક્ષણે મતિશ્રુત અજ્ઞાન રૂપ હોય છે, અને જે ક્ષણે સમ્યકત્વ થાય તેજ ક્ષણે મતિ-શ્રુત જ્ઞાન રૂપે બનીને આત્મ કાર્યમાં છે.

૧૪. વફાદારી સાથે આશીર્વાદ અને દ્રોહ બુદ્ધિ સાથે શ્રાપ સંકળાયેલા છે.

૧૫. યુગપત સમ્યકત્વ-જ્ઞાન માન્યા છતાં દેશવિરતિ થવામાં બેથી નવ પલ્યોપમનું આંતરૂં માનવું પડે છે.

૧૬. શ્રદ્ધા અને સમજ યુગપત્ થયા પછી પણ ચારિત્રની પ્રાપ્તિ માટે વધુમાં વધુ આંતરૂ સંખ્યાતા સાગરોપમનું મનાય છે.

૧૭. એકથી બીજો ભવ અવિરતિ માટે રાખતા નથી.

૧૮. સમ્યકત્વ સહિત અવિરતિમાં રહેલાને અનંતર ભવે વિરતિ લેવી પડે છે, કાંતો મિથ્યાત્વમાં જવું પડે છે.

યુગપદ્-સમ્યકદર્શન-જ્ઞાનની પ્રાપ્તિ.

"क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।"

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્ યશો-વિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ધર્મોપદેશ કરતાં થકાં શ્રીજ્ઞાનસાર-પ્રકરણ કરતાં થકાં આગળ જણાવી ગયા કે જગતના જીવો જગતના અનુભવથી, અને ધાર્મિક જીવો શુદ્ધ માન્યતાથી જ્ઞાનને આધારે સારી પ્રવૃત્તિનો આધાર

હોવાથી જ્ઞા નિષ્ફળ માની શકે નહિં, તેમજ જ્ઞાનજ ફળ દે છે તેમ પણ માની શકાય નહિં. ધર્મ શાસ્ત્રની રીતિએ જ્ઞાન માત્રજ ફળ દેનાર છે, અને ક્રિયા નકામી છે તેમ માની શકાય નહિં. તેમ ક્રિયા માત્રજ ફળ દે છે, અને જ્ઞાન નકામું છે; તેમ પણ માની શકાય નહિં. રૂપીયા પાણી ઔષધાદિકને જોવા માત્રથી થવા જ્વરકનાં સંતોષ તૃપ્તિ થવી, અને રોગનું જવું ક્વિગેરે બનતું નથી; તેમ સમ્યગ્દર્શન થવા માત્રથી કર્મ ક્ષયરૂપ સિદ્ધિ જૈન શાસ્ત્રકારે માની નથી. અર્ધ પુદ્ગલ-પરાવર્તમાં સમ્યકત્વવાળા કર્મ ક્ષયની ક્રિયા કરીને જરૂર મેક્ષે જાય છે, આવો નિયમ કરી શકે છે. સમ્યકત્વ થયા પછી મોક્ષ થાય છે, આ વાત ખરી છતાં એમાં કર્મક્ષયની ક્રિયાથી મોક્ષ થાય છે એ વિચારવાની જરૂર છે. કોઈપણ શાસ્ત્રકાર સમ્યકત્વ પામ્યા પછી ચાહે તે ભવમાં, અન્ય ભવમાં, કે અર્ધ-પુદ્ગલના છેડા પર એકલા સમ્યકત્વથી મેક્ષ થાય છે તેમ માનતું નથી. સમ્યકત્વ મલ્યું, અને તે પછી સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર ન મળે અને એકલા સમ્યકત્વથી મોક્ષ માંગે તો મળી જાય તેમ કોઈ શાસ્ત્ર કહેતું નથી. સમ્યકત્વ પામેલો સમ્યગ્જ્ઞાન જોડેજ પામે છે. જે ક્ષણે મિથ્યાદર્શન મટી સમ્યગ્દર્શન થાય તેજ સમયે એટલે યુગપદ્ સમ્યગ્જ્ઞાન થાય. જેટલું મતિ અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, અને વિભંગ હોય. તેટલુંજ નિર્મળ મતિ- ધ અવધિ થાય તે બધું જ્ઞાનપણે પરિણમે છે. મ્યગ્દર્શન પામે તેજ સમયે, એટલે તેમાં સમયનો ફેર નહિં એટલે એક સમય પણ સમ્યગ્દૃષ્ટિ સમ્યકત પ્રાપ્ત થયા પછી અજ્ઞાની ન હોય, જે સમયે મિથ્યાત્વ જાય અને સમ્યકત્વ થાય, તેજ સમયે મતિ-શ્રુત-વિભંગ આ ત્રણે અજ્ઞાન મટીને નિર્મળ મતિ શ્રુત અને અવધિ જ્ઞાન થાય છે.

શ્રાપ-સમાન, અને આશીર્વાદ-સમાન બુદ્ધિ.

આ તો મારા વાડામાં આવે તો શાહુકાર, અને ન આવે તો ચોર; એવું ભલે કહો પણ જ્ઞાનમાં શું ફરક ? શું ઈંદ્રિયો પહેલાં હતી ને હમણાં કેમ નથી ?, જે પહેલાં પદાર્થો જાણે છે, તેજ સમ્યગ્દર્શન પછી પણ જાણે છે. તો પહેલાં અજ્ઞાન હતું હવે જ્ઞાન થયું. તો મારા વાડામાં આવ્યો તે સાચો, અને બહાર રહ્યો તે ખોટો એમ નથી; પણ લગાર ઉંડા ઉતરી વિચારો. એક ચોરીનો ધંધો કરે છે. હવે ચોરીના ધંધાવાલાને જે અક્કલ મળી છે, અને જે ચાલાકી તેને મળી છે; તેવી રીતે જો ચોપડીઓ વાંચવાથી ચોરી વિગેરે કરવાની હોંશીયારી આવે તો તે કેવી ગણાય ?; કહેવું પડશે કે શ્રાપ સમાન. હવે એજ ચોર લુંટારામાંથી રક્ષકરૂપ પલટયો, એટલે કોઈ કારણસર તેજ ચોર રક્ષક બન્યો હતો તે વખતે તેની અક્કલ હોંશીયારી ચાલાકી કેવી ગણાય ?; કહેવું પડશે કે જગતને આશીર્વાદ સમાન. જુઓ એનો એજ શાકતસિંહ મેવાડ ઉજ્જડ કરવા માંગતો હતો, અને એજ શાકતસિંહ પ્રતાપ રાણા ઉપર હલ્લો લઈ જાય છે. રણસંગ્રામમાંથી નીકળી જાય છે, તે વખતે તો તે શાકતસિંહ મેવાડને ઉજ્જડ કરવાની બુદ્ધિવાળો હતો, અને છેવટે તેજ પોતે મેવાડના મહારાજાને બચાવવા તૈયાર થાય છે. હમણાં બચાવવામાં તૈયાર થએલો શાકતસિંહ અત્યારે અક્કલ હોંશીયારીનો ઉપયોગ કયાં કરે છે ?, કહેવું પડશે કે પહેલાં નાશમાં એટલે જે બુદ્ધિનો ઉપયોગ અહિતમાં કરતો હતો, તેજ બુદ્ધિની ઉપયોગ હવે હિતમાં કરે છે. મેવાડની અપેક્ષાએ પ્રથમનો તે અભિપ્રાય શ્રાપ સમાન હતો, અને એ અભિપ્રાય પલટયો એટલે તેજ બુદ્ધિ આશીર્વાદ સમાન થઈ. શાકતસિંહની પહેલાંની અક્કલ હોશીયારી ચાલાકી જે શ્રાપ સમાન હતી, તેજ બુદ્ધિ રક્ષણ કરનારી થઈ. વિચારો કે મહારાણાને મારવા આવેલાઓને જેણે મારી નાંખ્યા, અને ઘોડો આપ્યો. આ વખતે અસલ બુદ્ધિમાં રહ્યો હતે તો શી દશા થતે ? ધારણા ફરવાથી શ્રાપ-સમાન બુદ્ધિ પણ આશીર્વાદ સમાન થાય છે.

સમ્યકત્વમાં એકજ સિદ્ધાંત

જગતમાં દુર્જનને મળેલી અક્કલ-ચાલાકી મળેલી તે શ્રાપ સમાન છે, તેજ દુર્જન જો સજ્જન બને તો

તેની અક્કલ-ચાલાકી-હોશીયારી જગતને આશીર્વાદ સમાન થાય છે, હવે આપણે મૂળવાતમાં આવો કે આમાં વાડાબંધી કઈ? જેને વસ્તુ તત્ત્વની ખબર ન હોય તે જેમ તેમ પથરો મારે એટલે બોલે કે વાડા-બંધી આજ કાલ સાચાને પણ બોટાની સાથે નિંદવા તેનો રસ્તો એકજ વાડાબંધી, એટલે તે નામથી બોટા સાથે સાચાને નિંદ્યા છે. ત્રીજું કાઢવાની ફાવટ માટે બન્નેથી લોકોને બસેડે છે. નહીંતર પુછો કે બન્ને મત જુદા છે કે એકે સાચો છે, તેને માત્ર લોકોને ભડકા-વવાથી મતલબ છે. અહીં સમ્યક્ત્વની વાડાબંધી નથી. સમ્યક્ત્વ એ આત્માના શુદ્ધ પરિણામ. હું ગુરૂ જેમાં ગણાઊં તેનું નામ સમકિત નથી, પણ મિથ્યાત્વનો મુગટ છે. મને માને તેજ સમકિત એ વાકય મિથ્યાત્વનું છે. મારે ચોથમલજી, મનાલાલજીનું સમકિત છે; આ બધાં મિથ્યાત્વના મુગટ સમાન છે. સમકિત હોય તો હંમેશા શાસ્ત્રાનુસારી હોય છે. સમકિત કોનું? એવા ચોથ-મલજીના, અને છોગાલાલજીના સમકિત શાસનમાં ચાલતા નથી. તેવી રીતે કાલુજીનું અને ભીખમજીનું સમકિત તે મિથ્યાત્વના મુગટો છે. સમ્યક્ત્વ ચીજ કઈ?, શાસ્ત્રાનુસારી પરિણતિ તેજ સમ્યક્ત્વ છે આથી "जिणपण्णत्तं तत्तं" એ શ્વેતાંબર માટે નથી. તેમજ ડેલાનું, વિદ્યાશાળાનું કે ધર્મશાળાનું સમકિત નથી, એટલે તે નામથી ઉચરાવતા નથી; અને પાંજરાપોળનું પણ સમકિત નથી. બધા એકજ રીતે સમ્યક્ત્વ ઉચરા-વશે કે जिणपण्णत्तं तत्तं એટલે જીનેશ્વરે કહેલું તત્ત્વ એમાં ડેલા વિગેરે ઉપાશ્રયોના નામ ઘુસાડવાનું હોતું નથી. સમ્યક્ત્વ એક વખત ઉચરી લીધું, તેમાં કલાણાને પકડયો તો તેથી સમ્યક્ત્વ આવતું નથી, પણ મિથ્યાત્વનો મુગટ સવાય છે. શાસ્ત્રાનુસારી સમ્યક્ત્વ કોઇપણ હોય તો તે કબુલ છે. જે વખત દર્શન મોહનીયનો ક્ષયો-પશમ થાય, જે વખતે ગ્રંથીભેદ થાય; અંતરકરણાદિ કરી ઉપશમ-સમ્યક્ત્વ આવે અને ક્ષયોપશમિક સમ્યક્ત્વ આવે તે વખતે એકજ સિદ્ધાંત થાય કે જીનેશ્વર કહે તેજ તત્ત્વ છે.

ખોટી જાણ્યા પછી ન રખાય

આપણામાં એક વસ્તુ પ્રચલીત થઈ હોય, અને એની વિરૂદ્ધતા શાસ્ત્રમાં માલમ પડે તો તમારી પાસે રહેવા ઘો. શાસ્ત્રમાં તે વાત નિકલ્યા પછી નિર્ણય કરવાનો હક છે. આટલા વરસ સુધી આમ કર્યું, હવે કેમ કરીએ?, તો મિથ્યાત્વનો મુગટ છે; કારણ કે તેમાં બચાવ નથી. ગૌતમસ્વામીએ પચાસ વરસ સુધી વાદ કર્યા અને યજ્ઞ કર્યા, પણ તત્ત્વ જાણ્યું એટલે ૫૦-૫૫ વરસની પ્રવૃત્તિ નડી નહિં. સર્વજ્ઞપણે પ્રસિદ્ધ થયેલા યજ્ઞના અધિપતિ, અને સામા પક્ષમાં આગેવાન તે કેવી રીતે જૈન શાસન સ્વીકાર્યું હશે? એક વખત લાખ રૂપીઆ ખરચી હીરો લીધો હોય, પછી સાકરના ગાંગડાનો નિર્ણય થાય તો બજારમાં દેખાડવા જાય ખરો?, કહેવું પડશે કે ના. નિર્ણય થયા પછી લાખ ખરચ્યા હોય છતાં પણ માલમ પડે તો સાકરના ટુકડાને ફેંકી દઈએ છીએ. બોટો રૂપીઓ માલમ પડયો પછી કાપી ન નાંખો તો ગુન્હેગાર, એટલે રદી ન કરો તો ગુન્હેગાર. તો પછી શાસ્ત્રથી વિરૂદ્ધ અહીં બોટું બરાબર માલમ પડયું તે સંબાય કેમ? બોટો રૂપીઓ કોરાણે પણ ગોબલા માં રાખે તો પણ સજા પાત્ર છે, તેમાં બચાવ ચાલતો નથી જ્યારે આમ બોટો રૂપીઓ ગોબલામાં રાખીએ તો પણ ગુનેગાર, તો અસત્ય બોટું માલમ પડયું તે ફોડી ન નાંખીએ તો શાસનને અંગે ગુનેગાર છીએ. " આપણે શું-આપણે શું " તે કામ ન લાગે. એક રૂપીયા જેવી ચીજ બોટી રાખી પાલવતી નથી, અને વ્યવહારમાં લેવડદેવડ પણ થતી નથી, તો બોટી ચીજ જાણવામાં આવે તેને તમારી કોથળીમાં અને તમારા હૃદયમાં ન રાખો.

સમકિતમાં શુન્યતા.

મધ બાવાવાળાઓ મધ જેવી અભક્ષ્ય ચીજ, ઔષધને માટે બાય છતાં, પણ મધ નરકનું કારણ છે. તેમાં પ્રવર્તનારા બીજાની વાત શું જોઇને કરે. પૂજ્યો માટે સંથારો પાથરવાની ક્રિયા આર્યા કરે, અને તેઓ કોઇને કહે તો અમે ઉત્કૃષ્ટા છીએ, પણ ઊંટકટા

છીએ; એમ કહે તો સારૂં. મૂળ વાતમાં આવો આ તમને જણાવવું પડે છે કે તેઓ ભોળા લોકોને ભરમાવે છે. તમારા સાધુ આમ કરે છે, તેમ કરે છે; અને બોલતા મોઢે વસ્ત્ર સરખું એ રાખતા નથી મોઢે વસ્ત્ર બાંધવાનું તે ૩૨ સૂત્રમાંથી કાઢ તો ખરો ?, મુહપત્તી ન રાખવી તેમ અમે માનનારા નથી. હવે ભગવતીજીમાં લખ્યું છે કે ઇંદ્ર સૂક્ષ્મકાયને બચાવી બોલે તો નિરવદ્ય ભાષા, અને સૂક્ષ્મકાયને બચાવ્યા વગર બોલે તો સાવદ્ય ભાષા, ઇંદ્ર સાવદ્ય ભાષા બોલે તો ધર્મી કે અધર્મી ? નિરવદ્ય ભાષા બોલનાર ધર્મી કે અધર્મી ? ઇંદ્રને અંગે કહેલું નિરવદ્ય સાધુ-શ્રાવકને અંગે લગાડે છે તો સૂર્યાભનું દૃષ્ટાંત કેમ કબુલ કરતો નથી ?, બીજી વાત, જ્યાં વાઉકાયનો અધિકાર ચલ્યો ત્યાં ચુંક ન દેવી, તે જગો પર ઉઘાડા મોંએ ન બોલવું તેમ લખ્યું નથી, છતાં હારા શાસ્ત્રથી કાઢ. અમે તો મુહપત્તી રાખવાનું માનીએ છીએ. ઇંદ્રનો દાખલો તારાથી દેવાય તેમ નથી. હવે બીજી બાજુ તપાસો કદી ઉઘાડા મોંથી બોલ્યો, અને તું તો ભલા બાંધી રાખે છે, તો સંમૂર્છિમ મનુષ્ય-ઉત્પન્ન થાય, તો પછી શું સંમૂર્છિમ-મનુષ્યને ક્ષણે ક્ષણે મારનારા તમે અમને વાઉકાયને મારનાર શી રીતે કહી શકો ? અનુપયોગે થતી વાઉકાયની વિરાધનાને શી રીતે આગળ કરી શકે ? સંમૂર્છિમ-મનુષ્યોને મારનારો અનુપયોગે થતી વાઉકાયની હિંસાને શી રીતે આગળ કરે છે ? નાક સુધી ને મોંઢાના ભાગ સુધી બાંધવાનો પુરાવો બતાવો. મુહપતિ પલેવે ત્યાં કાયા પલેવે તેમ સ્થાન સ્થાનપર છે. મોંએ બાંધવાનો વિધિ કોઇ જગોએ નથી. ત્યાં મુહપતિ છોડવી અગર પલેવી બાંધી તેવો અધિકારજ નથી. ભોળાની આગળ પત્થર રગડાવવા છે. તેમ અભક્ષ્ય મધને ભક્ષણ કરનાર મુસલમાનને માંસની વાત કરો તો માંસમાં શી અડચણ એમ કહે છે. કારણ માંસ ખાવું છે તેમ વાસી મલાઈ મધ ખાવામાં શી અડચણ ? કંદમૂળ મધ મલાઇ વાસી ખાનાર શું મોં લઈ બોલે છે ? તેઓની માન્યતા જુદી જાણી પછી કોરાણે મૂકવી પડી, તેને રદ કર્યાજ બચી શકો. તે વાત રહેવા દો, હવે મૂળમાં આવો સમ્યકત્વ થયું પછી હું કેમ વર્તું છું, તેને સંબંધ નથી. આરંભાદિકમાં તમે વર્તેલા છો એમ કહીને અમારા આરંભનો, પરિગ્રહનો, અને વિષય-કષાયના બચાવો કરીએ તો તેનો અર્થ મિથ્યાત્વ આરંભાદિકમાં ડૂબી ગયા, તોપણ તેમાં ખરાબ બુદ્ધિ રાખવીજ જોઇએ. અમારી આસક્તિ છુટતી નથી. મોહ મમતા છોડી શકતા નથી, પણ રસ્તો આ નિરાશંસ-નિષ્પરિગ્રહતાનો છે. પોતાના ખરાબ આચરણ-સ્થિતિનો બચાવ કોઇ-પણ પ્રકારે હોય નહિં. પોતાની પ્રવૃત્તિ તરીકે બચાવ હોયજ નહિં, અને હોય તો અશકય તરીકે કેમ કરીએ. શું અમારે કુટુંબ પૈસા છોડવા પાલવતા હશે ?, એમ બચાવ ન ચાલે. તમારી અશકયતાની પ્રવૃત્તિને વચમાં લાવવાનો હક નથી, અને વચમાં લાવો તો ત્યાં મીંડું છે, એટલે સમકિતમાં શૂન્યતા છે.

યુગપત્ શ્રદ્ધા-સમજ પછી વિરતિનું આતરૂં

ચલણમાં ખોટો સીક્કો રહેજ નહિં. તેમ જુઠાને ખુલ્લા કરો કે તેમની સામાં ઝુંકવા કોઇપણ તૈયાર ન થાય, અને ન કરો તો સમ્યકત્વને અંગે શિક્ષાપાત્ર છો. જોઇને લે એવો બચાવ ખોટા રૂપીઆના અંગે ન ચાલે. ખોટા રૂપીઆના અંગે તો બીજી કેમ ન મારી એ એકજ સવાલ રહે છે. તેમ અહીં જેને સમ્યકત્વ થએલું હોય તે બોટાને બીજી ઠોકી જાહેરાત કરે તોજ ગુનેગાર નથી. સમ્યકત્વ અહીં કોઇના ઘર કે ઉપાશ્રયનું નથી. તેથી **जिणपण्णत्तं तत्तं** કહે છે. એ લોકોને સારા તરીકે અંગીકાર કરાવવું છે. જ્યાં સમ્યકત્વ થઈ, પરિણતિ સુધરી; તો ચોર મટી રક્ષક થાય. દેશદ્રોહી મટી દેશભક્ત થાય તે વખતે બાલાકી અક્કલ હોંશીયારી આપ સમાન હતા તે આશીર્વાદ સમાન થાય છે. સમ્યકત્વ પહેલાં અક્કલનો ઉપયોગ આરંભાદિકમાં થતો હતો, તે સમ્યકત્વ પામે પછી અક્કલ હુંશીયારીનો ઉપયોગ આત્મ-કલ્યાણ માટે થાય છે. સમ્યકત્વ થાય એટલે ધ્યેય કર્મક્ષયનું થાય છે. કેવળજ્ઞાનાદિક પ્રાપ્તિનું ધ્યેય હોય તેવા જ્ઞાનને શુદ્ધ-જ્ઞાન કહેવું તેમાં નવાઈ શી ? સમ્યકત્વ પ્રાપ્ત થવાના ક્ષણે જે અજ્ઞાન હતું તે જ્ઞાન થયું. અહીં સમ્યકત્વ પામે તે

વખતે અછલ ચાલાકી હોશીયારી આત્માને આશીર્વાદ રૂપે થાય છે. એક ચોર દેશદ્રોહી મટીને શાહુકાર અને દેશરક્ષક થાય, તો તેની અછલ વિગેરે આશીર્વાદ સમાન થાય, પણ શાહુકાર મટીને ચોર થાય તો તે શ્રાપ સમાન થાય,તેમ સમકીતવાળો હોય તે મિથ્યાત્વમાં જાય તો શ્રાપ સમાન થાય. આત્માને સમ્યકત્વ થાય ત્યારે મતિશ્રુત અવધિ તે હિત કરનાર થાય, એના એજ પલટાઈ જાય તો શ્રાપ સમાન છે. જે ક્ષણે મિથ્યાત્વ તે ક્ષણે અજ્ઞાન, અને જે ક્ષણે સમ્યકત્વ તેજ ક્ષણેજ જ્ઞાન હોય છે. આથી સમ્યકત્વ અને જ્ઞાન એ બે તો એકજ સાથે હોય છે. વફાદારીને આશીર્વાદપણું જોડે હોય, અને દ્રોહ બુદ્ધિને શ્રાપ જોડેજ હોય છે. દ્રોહવાળો થયો તે શ્રાપ સમાન નથી તેમ નહીં બને. વફાદારી સાથે આશીર્વાદપણું આવી જાય છે. જે જીનેશ્વરના કથનોને વફાદાર થાય તે વખતે સમ્યકત્વ હોય, અને તેજ વખતે જ્ઞાન, અને મિથ્યાત્વ હોય તો અજ્ઞાન. આ હકીકત તત્ત્વથી સમજો. હવે સમ્યકત્વને જ્ઞાન એ બે સાથેજ છે. મિથ્યાત્વી સમ્યગ્ જ્ઞાનવાળો ન હોય. હવે સમ્યકત્વને જ્ઞાન તે બંન્નેને સંબંધ છે. તે સમ્યકત્વ સાથે જ્ઞાન માનવું પડે છે, તો પણ વિરતિ વ્રત ક્રિયા દેશથી અગર સર્વથી આવવી તેમાં બેથી નવ પલ્યોપમ અને સંખ્યાતા સાગરોપમનો આંતરો માનવો પડે છે; એટલે તેટલા વખતમાં જરૂર વિરતિમાં દાખલ થાય.

સંમિલિત જ્ઞાન-ક્રિયા.

બીજે ભવે જરૂર વિરતિ મળે તેથી શાસ્ત્રકાર એકથી બીજો ભવ અવિરતિમાં રાખતા નથી. કાંતો વિરતિ હોયો, કાંતો મિથ્યાત્વ હોયો; એ સિવાય બીજો રસ્તો નથી. સમકિતવાળાનો બીજો મનુષ્યનો ભવ વિરતિ વગરનો હોય નહિં. આથી બીજા ભવે વિરતિ જરૂર માનો, હવે કદાચ કોઈને અર્ધ-પુદ્ગલ-પરાવર્ત પણ મોક્ષ મળવાનો હોય તો વિરતિ આવ્યા પછીજ મોક્ષ મળે. આથી સમ્યગ્-દર્શનને મોક્ષ વચ્ચે આંતરૂં નિયમિત કર્યું. એટલે તેમાં સમ્યગ્ ચારિત્ર જરૂર આવી જાય. આથી સમ્યગ્ જ્ઞાનનું ફળ મોક્ષ કહી શકાય નહિં. એકલા ચારિત્ર માત્રથી પણ મોક્ષ થતો નથી, ત્યારે સમ્યગદર્શન પછી સમ્યગ્ ચારિત્ર પણ સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વકવાળું જ હોય. એકલું જ્ઞાન એકલી ક્રિયા સંપૂર્ણ ફળ દેતા નથી. તાકાત હોય તો સંમિલિત જ્ઞાન ક્રિયાથી ફળ થાય છે. આથી સંપૂર્ણ ફળ કરવાની તાકાત બેમાંથી એકમાં નથી. સમ્યગ્જ્ઞાન એટલે આત્માને ક્ષાયિક ગુણ થાય, તે પછી ઉપદેશનું કામ નથી. ઉપદેશનું કામ ક્ષાયોપશમિક જ્ઞાન હોય ત્યાંસુધી છે. ક્ષાયોપશમિક જ્ઞાન સાથે ક્ષાયિક ચારિત્ર થયા પછી ઉપદેશનું કામ નથી. તો ક્ષાયોપશમિક જ્ઞાન દર્શન ચારિત્ર તે ક્રિયાને આધીન રહે છે, તે કેવી રીતે ?, તે અધિકાર આગે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૧૩.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. સમ્યગ્જ્ઞાન વગર સુંદર કાર્યવાહિ થઈ શકતોજ નથી.

૨. મર્યાદાશીલ ફળ ગણાવવાની બેકદર-કારીમાં જ્ઞાનવાદ અને ક્રિયાવાદ એ બે પક્ષોની ઉત્પત્તિ થઇ.

૩. સમ્યગ્જ્ઞાન પૂર્વકની ક્રિયા સંવર-નિર્જરા અને મોક્ષ અપાવે છે.

૪. તૃષાતુર-જીવતાને પાણી પવાય છે, પણ મરેલાને પાણી પાવાની ક્રિયા કોઇ પણ કરતું નથી.

૫. જીવતાને પાણી પાયું તો ઉપકાર થયો કહેવાય છે.

૬. ફાયદો કે નુકશાન કરનાર જ્ઞાન છે એમ જ્ઞાનવાદી કહે છે.

૭. ક્રિયાને સામાન્ય ચીજ ગણાવનાર જ્ઞાનવાદી છે.

૮. જ્ઞાન થવા માત્રથી ફળ થતું નથી, કારણ કે તદનુસાર ક્રિયા વગર ઇષ્ટફળ સિદ્ધિ થતીજ નથી.

૯. જે હોવાથી ફળ થાય, અને જે ન હોવાથી ફળ ન થાય ત્યાંજ અન્વય-વ્યતિરેકની સાર્થકતા છે.

૧૦. જ્ઞાન માત્રથી ફળ થઈ જનારને કહેજો કે ભૂખ્યાં માણસોને કંદોઇની દુકાન પાસે ઉભા રાખો તો શું ઓડકાર આવી જશે?, અગર શુ પેટ ભરાઈ જશે?; કહેવું પડશે કે ના, કારણ કે ખાવાની ક્રિયા થઇ નથી.

૧૧. દવાખાનાની દવાઓને દેખવા માત્રથી રોગીનો રોગ ચાલ્યો જતો નથી, માટે ક્રિયા પ્રત્યે આદરવાળા થાઓ.

૧૨. જ્ઞાન માત્રથી ફળ મળે છે તો ચોથા-બારમો ચૌદમે કેમ જતો નથી?,

૧૩. તેરમા-ચૌદમા ગુણ સ્થાનકના અંતરને ભેદનારી ચીજ ક્રિયા છે.

૧૪. જે કારણ પછી અનંતર ફળ મળે તેનીજ મુખ્યતા જૈન શાસનમાં છે.

૧૫. ખાવાની ક્રિયામાં મીઠાઇનો થાળ એ કારણ છે, પણ ભુખ ભાંગવામાં કારણ મીઠાઇ ખાવાની ક્રિયા છે.

૧૬. ક્રિયાની સુંદરતા-અસુંદરતા એ અનુક્રમે જ્ઞાન-અજ્ઞાન દ્વારાએ છે તે માનવામાં વાંધો નથી.

क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया।
पतितस्यापि तद् भावः प्रवृद्धि र्जायते पुनः॥

જ્ઞાનવાદીની દલીલો.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે જ્ઞાનસાર પ્રકરણ કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જીવનનો ટકાવ અને નિર્વાહ જ્ઞાનને આભારી હોવાથી અને ધર્મિષ્ઠોને શાસનની સ્થાપનામાં ટકાવ-ઉત્પત્તિ-નિભાવાદિ માટે જ્ઞાનને આભારી હોવાથી જ્ઞાન નિષ્ફળ છે એમ કોઈપણ કહી શકે નહિં. પાણી પીવાથી તૃપ્તિ અને દવાથી રોગનો નાશ થતો હોવાથી તેમ ઉપશમ શ્રેણી ક્ષપકશ્રેણી જાણનારો ક્રિયાને પણ નિરૂપયોગી કહી શકેજ નહિં. જગત્ જ્ઞાન કે ક્રિયા બંનેમાંથી એકને પણ નિરૂપયોગી કહી શકેજ નહિં, તો પછી જ્ઞાન કે ક્રિયા એ પક્ષ થવાનું કારણ શું? પોતાથી થતું ફળ જેટલું થાય છે તે પોતાથી થાય છે, તેમ ન માનતા સર્વફળ પોતાથી થાય છે એવું જે માનવા લાગ્યું તેને અંગેજ વિવાદ ઉભો થયો. જ્ઞાનવાદીએ સર્વફળ જ્ઞાનથી થાય છે તેમ પકડ્યું, અને ક્રિયાવાદીએ સર્વફળ ક્રિયાથી થાય છે તેમ પકડ્યું; તે પકડવામાં એવા કારણ રજુ કર્યા કે જ્ઞાન નથી અને ક્રિયા કરે તો ઇષ્ટ ફળ પામી શકતો નથી. દરજીએ ચણીયો ઉંધો સીવવા માંડયો, આથી દરજીને સીવવા સંબંધમાં જ્ઞાન શુદ્ધ હોય તોજ સીવેલા કપડામાં ફળ બેસે છે. જ્ઞાન નથી, છતાં ક્રિયા કરાય તો કદાચ નુકશાન પણ થાય છે. સમ્યગ્જ્ઞાન ન હોય અને ક્રિયા કરાય છતાં કદાચ સમ્યગ્ ફળ ન પણ થાય. આથી જ્ઞાનવાદીએ નિયમ કર્યો કે જેનાથી જે કાર્ય બને તો તે વસ્તુને તે કાર્યનું કારણ ગણવું. આથી કાર્ય સિદ્ધિમાં જ્ઞાન કારણ છે. લુગડું પણ જો

દીવાસળી હોય તોજ તે સળગાવી શકાય. લુગડું છતાં દીવાસળી ન હોય તો સળગાવી શકાય નહિં, માટે સળગાવવાનું કારણ લુગડું નહિં, પણ દીવાસળી છે. લોઢાને દીવાસળી સળગાવતી નથી. ત્રાંબા રૂપાને પણ દીવાસળી સળગાવી શકતી નથી, અને લુગડું હોય તો દીવાસળીને લીધેજ સળગે છે; માટે લુગડામાં દીવાસળીના સંજોગેજ સળગવું થાય છે. આથીજ સળગવાનું કારણ દીવાસળી છે હવે કોઈ સળગતો કાકડો મૂકી જાય તો ગુનેગાર થાય છે, માટે દીવાસળી સળગાવવામાં કારણ નહિં પણ સળગાવનાર પદાર્થ કારણ છે. હવે લાકડાનું ઘર કરનાર ગુનેગાર થતો નથી, પણ સળગતું લાકડું મૂકનારો ગુનેગાર છે. ઘર લોઢાનું કે પત્થરનું કર્યું હતે તો સળગતે નહિં, છતાં લુગડું રાખનાર ગુનેગાર નથી, તેમ લાકડાનું ઘર કરનાર ગુનેગાર નથી; પરંતુ ગુનેગાર તો કાકડો મેલનાર છે. આગનું કારણ લાકડું, લુગડું ન ગણ્યું, પણ કાકડો એટલે સળગાવનાર પદાર્થ ગણ્યો. કાકડો ન હતે તો લાકડું કે લુગડું સળગતે નહિં તેમ જીવતો હતો તો પાણી પાયું અને મોજ થઇ. મરેલો હતો તો પાણી પીવાનું ન હતું, માટે પાણી પાયું તે ઉપગાર. જીવતો હતો તો ઉપગાર થયો, પણ મરેલાને સંતોષ થવાનો ન હતો, છતાં પણ સંતોષ-જનક કોણ ? પાણી એ જીવન છે કે પાણી દેનારો ? કહો કે પાણી અને પાણી દેનારો. જેમ ઇતર કારણો મળે, પણ કાર્યને ઉત્પન્ન કરનાર તરીકે મૂળ કારણને ગણી શકાય. હવે તેને જ્ઞાનવાદમાં જોડો. જ્ઞાન હોય તો ક્રિયા મોક્ષ મેળવી દ્યે. જ્ઞાન હોય તો ક્રિયા નિર્જરા કરી દ્યે. તેથી ક્રિયાથી પુન્યપણ બંધાય. જ્ઞાન ન હોય તો તેજ ક્રિયા મોક્ષ નિર્જરા પુન્ય-બંધ ન કરાવે. આ મગજમાં લ્યો પછી તમારે એક સરખી રીતે કબુલ કરવું પડશે કે જેમ લાકડું લુગડું રાખવું તે ગુનો નથી, પણ કાકડો મેલવો તેજ ગુન્હો છે, અને પાણી પાવું તેજ ઉપગાર છે. તેમ ક્રિયાએ પુન્ય બંધાવે તો પણ ફાયદાકારક ગણાય નહિં, અને પાપ બંધાવે તો નુકશાનકારક ન ગણાય, કારણ કે ફાયદો કે નુકશાન કરનાર જ્ઞાન છે. જ્ઞાન હતું તો મોક્ષાદિ મેળવ્યા. જ્ઞાન હતું તોજ ક્રિયા દ્વારાએ પાપ કરીને નરકાદિ ભવમાં રખડવું પડયું. માટે ક્રિયા એક વચમાં સામાન્ય ચીજ છે. જેમ લાકડું-લોઢું સામાન્ય ચીજ છે, તેમ ક્રિયા સામાન્ય ચીજ છે; પણ ફળ દેનારું જ્ઞાનજ છે. આમ એક પક્ષથી નિર્ણય કરી જ્ઞાન માત્રથી બધું ફળ લેવા માંડયું તેથી તેને જ્ઞાનવાદી કહેવો પડયો.

અનંતર-ફળ દેનારી ક્રિયા છે.

હવે ક્રિયાવાદી જણાવે છે કે જ્ઞાન છતાં ફળમાં વિલંબ કેમ ? જો ફળ કરનારી ચીજ જ્ઞાન હોય તો જ્ઞાન થવા માત્રથી ફળ થઇ જવું જોઇએ. સારા લત્તામાં ભઠ્ઠી કરવા દેતા નથી. કારણકે મ્યુનીસીપાલીટી ત્યાં રજા આપતી નથી. જેવી ભઠીયારાની ના પાડે છે. તેમ અમુક લત્તામાં કાપડીયાને પણ દુકાન કરવાની ના પાડે છે. તમારા મકાન પાસે કુતું ગોદાડીન કરે તો પણ ના પાડે છે, કારણકે સળગાવનાર પણ ન જોઇએ. તેમ જલ્દી સળગી જાય તેવા પદાર્થ પણ ન જોઇએ. વિમાની કંપનીમાં જાવ એક અવેરાતની દુકાનનો વીમો ઉતરાવો, અને એક કાપડનો વીમો ઉતરાવો; બેના ભાવમાં ફરક પડે છે. આ ફરક શાથી ? સહેજે નાશ પામનારી ચીજ ગણી તેથી. વીમાની રકમ વધારે રાખવી પડી. તેમ જ્ઞાન થયા છતાં ફળ કયારે થાય છે ? જે હોવાથી ફળ થાય, અને જે ન હોવાથી ફળ ન થાય તો તે અન્વય-વ્યતિરેક કરનાર કારણ ગણાય. ક્રિયા હોવા માત્રથી ફળ થાય છે, અને ન હોવાથી ફળ થતું નથી. માટે ક્રિયા સાથેજ ફળનો સંબંધ છે. એકસો વખત મીઠાઇ દેખીએ, અને જાણી એ છતાં જ્ઞાન થયું તો ઓડકાર આવી જવાનોને ?, પેટ ભરાઈ જવાનું ને ?;

જ્ઞાન માત્રથી ફળ થતું હોય તો કંદોઈની દુકાન દેખી લો ?, શું પેટ ભરાઇ જશે. દવાખાનામાં દવા દેખી લ્યો રોગ મટી જશેને ? તેમ શાસ્ત્રમાં પણ ચોથે ગુણઠાણે મોક્ષનું, કેવળનું, ઉપશમ શ્રેણિનું; અને ક્ષપક-શ્રેણિનું તમામનું જ્ઞાન થયું છે, ચોથે નવે તત્ત્વોની શ્રદ્ધા થઈ ગઈ છે, તેમાં મોક્ષનું જ્ઞાન પણ થયું છે, હવે મોક્ષ મળવામાં ઢીલ કેમ થાય છે ? તેરમાની શરૂઆતમાં કેવળ થઇ જાય છે, પછી તો મોક્ષમ જ્ઞાન નથીને ? કેવળ જેવું સંપૂર્ણ પ્રત્યક્ષ કાંઈ જ્ઞાન પહેલાં નથી, તો તેરમે તો મોક્ષનું જ્ઞાન થઈ ગયુંને ? તેરમે સંપૂર્ણ જ્ઞાન થયું હોવાથી સંપૂર્ણ મોક્ષ થવો જોઇએ. અહીં શું નડે છે ? વિશેષમાં વિશેષ જ્ઞાન એવું તેરમે થઇ ગયું છે. હવે ત્યાં મોક્ષ કેમ થતો નથી ? કહો ક્રિયા બાકી છે. ખરૂં કારણ તેજ ગણાય, કે જેની અનંતર ફળ થાય. જેના અનંતરપણે ફળ થાય તેજ તેનું જ ખરૂં કારણ ગણાય.

ક્રિયાવાદીથી જ્ઞાન બાકાત થઇ શકાયજ નહિં.

મોક્ષની અનંતર જ્ઞાન નથી, પણ ક્રિયા છે, કારણ કે જ્ઞાનથી મોક્ષ છેટું છે. તળાવ દેખવાથી તૃષા મટતી નથી, એટલે જ્ઞાનનું અનંતર ફળ થતું નથી. જ્ઞાનવાદીને કબુલ કરવું પડે છે કે ક્રિયાની અનંતર દૃષ્ટ ફળ છે. સારૂં કે નઠારૂં ફળ ક્રિયાની અનંતર થાય છે, કાંટો છરી જાણવા માત્રથી કોઇને નુકશાન થતું નથી, છરી કાંટો વાગે તોજ હાથ-પગ કપાય-વીંધાય. અગ્નિને અડકાયે તોજ બળીયે, માટે જે ફળ થાય છે તે ક્રિયા પછીજ થાય છે. ક્રિયા પહેલાંનું જ્ઞાન ક્રિયામાં ભલે ઉપયોગી હોય, પરંતુ ફળનું કારણ જ્ઞાન મનાય નહિં. થાળમાં રસોઇ દેખી તેથી ખાવાનું મન થયું. ખાધી, ભૂખ-ભાંગી એટલે ભૂખ ભાંગવામાં સબળ કારણ ખાવું તે છે, પરંતુ થાળ દેખવો તે ખાવામાં કારણ છે, આ વાત લક્ષ્યમાં રાખો તો ક્રિયાવાદીનું કહેવું સમજ પડશે. ફળને આપનાર હોય તો ક્રિયા છે, પછી ક્રિયાની સુંદરતા અસુંદરતા જ્ઞાન અજ્ઞાન દ્વારાએ થાય તેમાં મતભેદ નથી. ફળ દેનાર ક્રિયા છે, આમ ક્રિયાવાદી સર્વ ફળ પોતાનું બતાવે છે જ્ઞાનવાદી ક્રિયાવાદી અન્વય-વ્યતિરેકદ્વારાએ જ્ઞાન ક્રિયા પોતાનું ફળ બતાવે છે, પરંતુ પરિણામે પોતે જ્ઞાનની સુંદરતા બતાવે છે. ક્રિયાવાળો અનંતર ફળની દશાને અંગે પોતાની કારણતા બતાવે છે. આ જગોએ શાસ્ત્રકાર બંન્નેને પુછે છે કે અન્વય-વ્યતિરેક કે ક્રિયાને કારણે ખસેડીયે તો જ્ઞાનનો ફળ સાથે અન્વય વ્યતિ-રેક છે ?, શું જ્ઞાન હોય તેટલા માત્રથીજ ફળ તે લઇ શકે છે, ત્યાં ચૂપ થવું પડે છે. જ્ઞાન સિવાય બીજું ન હોય એકલા જ્ઞાનથી ફળ થાય તે કહી શકે છે ? ક્રિયાને સહકારી કારણ માન્યા સિવાય જ્ઞાનનો અન્વય વ્યતિરેક કરી શકાતો નથી. સમ્યગ્જ્ઞાન હોય છતાં પણ સમ્યગ્ ક્રિયા હોય તોજ સમ્યગ્ ફળ-જ્ઞાન વાદીને ક્રિયા દ્વારાએજ બધું કરવું છે. જ્ઞાનવાદીને પણ ક્રિયાને મુનીમ તરીકે પણ માન્યા સિવાય છુટકોજ નથી. એકલું જ્ઞાન ફળ દે છે અન્વય-વ્યતિરેકદ્વારાએ જે પ્રથમ કહ્યું હતું તે નકામું છે. વ્યાપારીથી વ્યાપાર અસત્ થાય નહિં કારણ કે જ્ઞાન એ વ્યાપારી હોવા છતાં ક્રિયા રૂપી વ્યાપારને અસત્ કહી શકાય નહિં. જે વસ્તુ ઉત્પન્ન કરનારી હોય તે ન હોય તો પણ કારણ ગણાય છે. દંડથી ચક્ર ફેરવીયે વેગ આવ્યો તો દંડ ફેંકી દઇએ છીએ, છતાં તેને પણ કારણમાંથી કાઢી શકતા નથી. તારા હીસાબે ક્રિયાને ઉત્પન્ન કરનાર જ્ઞાન છે, તો ક્રિયા દ્વારાએ તે ફળ થાય તે કારણ છે. જે વખતે મોક્ષ પામે તે વખતે જ્ઞાન છે કે ચાલ્યું ગયું છે ? હાજર છે. જે કારણ કંઈપણ ક્રિયા ઉત્પન્ન કરી નાશ પામે તો પણ કારણ ગણી શકાય તો પછી જે જ્ઞાન ફળ વખતે હાજર છે તેને કારણ પણામાંથી કેમ કાઢી નાખો છો ? માટે ક્રિયાવાદીથી જ્ઞાન કાઢી શકાય તેમજ નથી.

વિહરમાન વિભુ-શ્રી સીમંધર સ્વામીના જીવનચરિત્રની સાથે અંતિમ શાસનોપકારી વિભુ શ્રીમહાવીર પરમાત્માની હયાતી દરમ્યાન બનેલી, વિષય વાસનાની વિષમતાને દર્શાવનારી, એક અંત્યદ્ભૂત ઘટનાને વર્ણન કરતી; અને શ્રીવીરપ્રભુએ ગૌતમસ્વામીને સ્વમુખે કહેલી કામગજેંદ્રની કથાનું જેમાં સુંદર વર્ણન કરવામાં આવેલ છે.

શ્રીસીમંધર-શોભા-તરંગ.

(એક અતિ પ્રાચીન-હસ્તલિખિત-પ્રતિ ઉપરથી)

સંપાદકઃ—મુનિ અભયસાગર " પૂર્ણાનંદી "

[આ અંકથી ચાલુ કરવામાં આવતો આ રાસ **ચાણસ્માના શ્રીનિત્ય-વિનય-જીવન-મણિવિજય જૈન પુસ્તકાલય**ના હસ્તલિખિત શાસ્ત્ર સંગ્રહ પો. નં. ૧૬, પ્રત નં. ૪૦ ઉપરથી સંપાદિત કરેલ છે. મૂલ પ્રતિ કાગલની ૧૦×૪૫ સાઈઝની ૩૨ પાનાની છે. આખી પ્રત પડિમાત્રામાં તથા પ્રાચ્ય લિપિમાં લખેલી છે ઠેકાણે ઠેકાણે સુંદર સોનેરી કલાત્મક ચિત્રો પણ દોરેલા છે. લગભગ ૧૨૫ ચિત્રો છે. આદિ ભાગમાં કે અંત્ય ભાગમાં પ્રશસ્તિ-પુષ્પિકા જેવું કંઈ નથી. આ પ્રતિમાં કર્તા-રચનાસમય-કે સ્થલ આદિનો કોઈ ઉલ્લેખ નથી, એટલે સ્પષ્ટતયા આ કૃતિની માહિતી જણાયેલ નથી; છતાં ચિત્રોમાં અંકિત-કલા ઉપરથી મોગલ સમય (પ્રાયઃ ૧૭ મી સદીનો ઉત્તરાર્દ્ધ) નું અનુમાન થાય છે. રાસમાં વર્ણવાયેલ કથા પ્રસંગ પ્રાયઃ અન્યત્રામુદ્રિત કે અનુપલબ્ધ છે. આ વાત રાસકાર પોતે કહ્યુને છે જૂઓ આજ રાસની ઢા. ૧૬, ગાથા ૩. " અપસિદ્ધ માટિવલિ બોલું કામગજેંદ્રો તારજી। નિજમગિની વ્યભિચાર મુકણુ પૂરવભવિ મુનિ પામિજો તુમ્હ દર્શનથી વીર કાનિ દીક્ષા તવૂભવમુગતિનુગામેજી " તથા રાસમાં વર્ણવેલ કામગજેંદ્રની કથા વિહરમાનવિભુ શ્રી સીમંધર પ્રભુ તથા અંતિમ શાસનાધિપતિ શ્રી મહાવીર પ્રભુ બન્નેના જીવન સાથે સંબંધિત છે. પ્રભુ મહાવીર સ્વામીના હાથે દીક્ષિત થઈ તે કામગજેંદ્ર પૂર્વાવસ્થામાં વિષમતર-વિષય વાસનાના પાશમાં ઉપાર્જિત તીવ્ર કર્મોનો કેવી રીતે અંત આણે છે ?, આદિ સુંદર વર્ણન આ રાસદ્વારા વાંચકો જાણી શકશે. આ રાસનો ભાવાનુવાદ આવતા અંકથી શરૂ કરવામાં આવશે.]

॥ શ્રીસીમંધરસ્વામિને નમઃ ॥

શ્રીસીમંધર-શોભા-તરંગ ।

ઢાલ ૧-(રાગ ગુડી, તાલ અડતાલુ,-ઋષભ અજિત સંભવજિનોએ-ની દેશી)

ઢાલ—

શ્રીજિનેંદ્રદિવાકરા અરિહા ત્રિલોયન ચંદારે,
અટ્ઠમહાપાડિહેર જે તેણી જુત્તા સુખ કંદારે;

ધ્રુટક—

સુખકંદા કનક કેતકી, કાંતિ કહલી કોમલા,
માનુષો અવતાર માનું, પવિત્ર કારણિ ભૂતલા;
અષ્ટકર્મનિર્મુકૃતસિદ્ધા, આઈરિયા જગિ સોહીઈ,
અટ્ઠગણિસંપદા જુત્તા, આચાર-શ્રુત-તનુ-મોહીઈ. ૧

ઢાલ—

વચન-વાચન-મતિ-જાણીઈ; પ્રયોગ-સંપદ સારીરે,
સંગહપરિન્નાઅટ્ઠમી **શ્રીઉવજઝાય** ગુણધારીરે,

ત્રુટક—

ગુણધાર માતા અષ્ટ પાઠક, સાધુ અષ્ટમદ જયકરા,
પરમેષ્ઠિ પંચક એહ નમતાં, દુષ્ટ આપદ દુઃખહરા;
સરસ્વતી મુઝ આવિવદનિ, શ્રીસીમંધર બંધુરા,
ગાઉં શ્રીશોભાતરંગો અભિનવુ એ સિંધુરા. ૨

(રાગ–કેદારો–આદિ ધર્મની કરવાએ–એ દેશી)

ઢાલ—૨

જંબૂદ્વીપ સોહામણું, પૂર્વવિદેહ રલિયામણું,
ભામણું કરીઇ જિહાં સીમંધરએ;
સાગર, સીતા, એગસેલુ, નીલવાન્ ચુથુમેલુએ,
ભેલું પુષ્કલાવતી વિજયવરએ.

ત્રુટક—

બાવીસ શત નિ બારસ, જોયણ ઝીઝેરાં સુખધામ,
વ્યાસપણિં, પુષ્કલાવતી દેવો,
તેણિ પુષ્કલાવતી નામ;
વખારાગિર જિનપ્રાસાદો તેણિ પાસિતું સાર,
વીસા સુજિનભિણનમીનિ સફલ કરૂં અવતાર. ૧

ઢાલ—

શ્રીપુંડરિકિણી વરનયરી સતર શત બાઈ નયરી,
છિહયરી અઠાવીશ વલી જાણીઇએ,
ગાઉં પ્રમાણ એ સબ તણી, છત્ર દંડ રહિઓ તાણી,
ગ્રહી પાણી દાર કમ જિહાં આણીઇએ.

ત્રુટક—

માનું વિધાતા સુરપુરી તોલી, તેણી ગઈ ઉંચી લઘુથી,
બારિકરી ભૂપીઠિ લાગીએ નગરી ગુણગુરૂથી;
દિન શોભાલું નિશિઅજુઆલું, અચરિજએ
અસમાન,
ચૈત્ય ધજા લહકંતી માનું, લૂંછકરિ એક તાન. ૨

(રાગ રામગિરી-તપનોરાય સંવેગીઓએ–દેશી)

ઢાલ ૩—

તે રાજધ્યાની પુંડરિગિણી, જિહાં સીમંધર પારરે,
યુગલી સબજન હીંડીઇ, વનિદીપી સુખકારરે. ૧
જલસિંચ્યા વિણ સારરે, ચંદ્રકલા જિમ બારરે,
ઇંદ્ર ધનુષિ કરી તારરે, સબજગ નેત્ર આધાર રે;
—તે રાજ૦ ૧

તિહાં શ્રેયાંસ નરનાયકો, દાનિ કરી માનું ચંગરે,
બાઇ અક્ષર ભાગિલુ, નવિ કરિઉ નન્નાંનું સંગરે.
—તે રાજ૦ ૨

અથવા પઠિતવીસારિઉ, કર ઉપરિ કર કીદ્ધરે,
તે દિન લેષિ અવતરિઉ, જાણિ વંછિત સીદ્ધરે.
—તે રાજ૦ ૩

આશા ભંગ જેણિ કરિઉ, તેણિ કીધું ભૂભાર રે,
પણ બારે નવિ એણિ કરી, ગિરિ તરૂઆ
જલ ધાર રે—તે રાજ૦ ૪

વદનાદિક મોટિ તજે, કે તે સબ નર નિકલંકરે,
દ્વિજપતિનિ એક હરિણુલુ, પણ નૃપનિ નહીં
અંકરે—તે રાજ૦ ૫

દેતા વાધિ બહુ ધન, જિમ કૂપનિ આરામ રે,
તંપા પ્રમુખા જાણોઇ પામિ અતિ સુખધામરે.
—તે રાજ૦ ૬

દાન દૂષણ પંચ જાણિઇ, અનાદર-નિ-વિલંબરે,
વિમુખપણું-વિપ્રિયગિરા-વલી અનુતાપી
બિંબરે—તે રાજ૦ ૭

દાનભૂષણ પંચ જાણયો, આનંદાશ્રુ-રોમંચરે,
બહુમાન-વાણી શુભા-વલી અનુમોદન-સંચરે,
—તે રાજ૦ ૮

(રાગ ગુડી-એક દિન રાજસભા ઠિઉએ—દેશી)

ઢાલ ૪—

તસ ધરણી હરણીદૃશી, સાવ સલૂણીરે નારિ,
સત્યકિરાણી સોહીઇ જસ સીમંધર સારો રે-
શીલી સોહામણી જાણીરે;
જસકીરતિ ઘણી નિજપતિ રંજની ધારીરે-શીલિ૦૧

શુભ લક્ષણિ સાલંકૃતા, ચરણિ રાતડી થાય,
તેમાનું જગસુંદરી, મસ્તકિ દીધાછિ પાયોરે.
—શીલિ૦ ૨

તસ અંગિ કહું કિમનહવિ, કલા ચઉસઠિ વાસ,
જસ અંગિચઉ ચંદ્રમા, જસકર અંગુઠ આસોરે.
—શીલિ૦ ૩

જસ લોચન ચંચલ થકાં જે ન મલિ તે જાણિ,
શ્રવણ કૂપબીતિ કરી પડતા કોણ રાષિ તાણિરે,
વીણા જીતી છે વાણિરે—શીલિ ૪

સા રામા મુખ કહું કહા એક શોભાઈ રહિત,
ચંદ્ર કમલ નિજમુક્તાં શોભા દિન નિશિલીતોરે.
—શીલિ૦ ૫

(રાગ શ્રી રાગ—દેપુસુયણાંએ—દેશી)

ઢાલ ૫—

ઇકદિન રાણી પુણ્યિભરાણી, કુંથુ-અર કે
અંતરાલિ,
પુત્ર અનોપમ સા શુભ પ્રસવિ,
દુખીઆના દુખ ગલિરે—ઇક દિન૦ ૧
દિશિકુમરી ઇંદ્રાદિક પૂજ્યુ, શુભ મર્યાદા ધારી,
તેણિ કરી શ્રીસીમંધર નામ,
કવિયંદુર્ગતિહારીરે—ઇક દિન૦ ૨

ચંચચ્ચારૂ ચંદ્ર ચંદ્રિકા, તાસપરિ વૃદ્ધિ પાવિ,
જિનજનની નિજકરિ જિન લેઇ,
સીમંધરકું હુલરાવીરે —ઇક દિન૦ ૩

જબપૂતા ! તું ઉદરિ આયુ, હું આણંદ બહુ પાઇ,
એકસુછન્નું મૂલ જે સંખ્યા, તેણિ સુપનિહું ગાઇરે
—ઇક દિન૦ ૪

પ્રથમો ગજ ઐરાવણ આવી, મુઝનિ બહુ નમેવી,
કહિ સોભાગિણી ધિન કૂષડલી,
જિનધરિઉ સુરસેવીરે—ઇક દિન૦ ૫

મુઝ સામી ઇંદ્રો તુજ સુતનિ, રોમંચી અથુણેસી,
તેણી કરી સામિની ! હું કિમનાવું તુઝ સુત
મુક્તિ વરેસીરે—ઇક દિન૦ ૬

બીજુ ધોરી મુઝ આવી કહી, તુઝ સુત ધોરી ઈક્ષ,
ત્રીજિ સિંહીસુતમિં દીહુ, નવિ બિહિ
મૃગ ચંદોરે—ઇક દિન૦ ૭

(રાગ કેદારૂ-નમું ય નિરંજન વિમલ સભાવિએ-દેશી)

ઢાલ ૬—

ચુથિ લષિમી આવી બોલી,
મુઝ ચાપલ હવિ જાસિ,
પંચમિમાલ કહિ તુઝ સુતથી,
જગત સુગંધી થાસિરે. ૧
ચંદ્ર કહિ ચંદ્રવદની ! જો મુઝ,
ચંદ્ર સમો સુત હોસીરે,
છઠ્ઠિ, સત્તમિ સૂરય દેખૂં,
મુઝ નયનાંબુજ પોસીરે. ૨

હે સીમંધર ! મુઝ ધજ સંધઇ,
અઠમિ કુલ ધજ જો સીરે,
જ્ઞાન જલિ ભરીઉ સુત કુંભો,
નવમિ જનમલ ધોસીરે. ૩

જન તૃષ્ણા છેદિ તવ પુતો,
તેણિ સર હસમું આવિરે,
પુણ્ય વિના નારી કુણ દેવિ,
ધિનતે તુઝકું ગાવિરે. ૪

(ઢાલ–અદોલા, બીજું નામ અઢીઆ)

ઢાલ ૭—

ગાયું ઇંદ્ર નરેંદ્ર, આયુ સાગરચંદ્ર,
બોલિ મુઝ હસીએ, એકાદશ વસીએ.
તુઝ સુત અતિહિ ગંભીર, તેણિ હું થયુ અધીર,
પદ નવિ લોજીઇએ, મુઝ હિત કીજીઇએ. ૧

બિસસિ ત્રિગડિસાર, સીમંધર ગુણ ભાર,
રયણ કૂપ ધારિઆએ, કરૂં અઉઆરી ગાએ.
હું છું દેવવિમાન, મુઝ દેજે એક માન,
ઇમ કહી આવીઉએ, બારમ ભાવીઉએ. ૨

ગુણમણિ રત્ન ભંડાર, આપેસિજનનિ તાર,
તુઝ સુતે દીવડુએ, રત્નરાશિ વડુએ.
હમકી રાયુમામ, તુહુરિ દીજિ ગામ,
તેરમ હું સહીએ, આવીઉ અણવહીએ. ૩

કર્મ ઇંધણની સશિ, કહિસિ ચિતિ વિમાસિ,
આવ્યુ તુમ્હ ભણીએ, તુઝપૂતો ગુણીએ.
નિધૂંમવન્હિ સરૂપ, સકલ તેજ કુ ભૂપ,
ઉઠસ સુપનમિએ, તું મુઝ નિગમિએ. ૪

(રાગ—ફાગ)

ઢાલ ૮—

ચઉદ સુપન આવી ઇમથુણી, દિઆસીસ એકંતિ,
વદનિ પઇઠા સુપનડાં, તીન ભુવનકી કંતિ. ૧

તું જનિમ સુણિ નંદના, દિશિકુમરી આવંતિ,
પ્રથમ આઠ મુઝ પ્રણમીય, બોલિ પ્રેમધરંતિ. ૨

માત મ ધરચે ભયમનિ, હમ તુમ્હ પુતાકાજિ,
પુણ્યિતાણી આવીઆ, આપે મુગતિનું રાજિ. ૩

સૂતિકર્મ કરી આપસ્યૂં, ઇમ કહી પંક હરંતિ,
આઠ ગંધોદિક વરસિએ, પાઇપડંતિ. ૪

વલી આવી મુઝ પ્રણમીઅ, આઠ કહિ સુણુમાત,
દર્પણ જોઇને અમ્હ તણા, જિમ થાઇ અધપાત. ૫

આઠ ભિંગારની ધારણી, આઠિ વીજણી ધારિ,
તુઝ પૂણ્યિ હું વીંજીય, આઠ હુઇ ચામર હારિ. ૬

ચ્યારિદીવીધરિ પ્રેમ બોલિ મંગલ માલ,
ચ્યારિરક્ષા કરી જન્મકુ હરષધરિ સુરબાલ. ૭

તુમ્હ જનમો સુણી સુરપતિ આઇ હમકે પાસિ,
પંચ ઇંદ્ર ભએ મારગિ, પોહતામરૂ આવાસિ. ૮

ચઉસઠિઇંદ્ર તિહાં મિલી, ઉચ્છવ બહુપરિ કીદ્ધ,
સબ સુરનાયક વિનવિ કાજ હમારા સીદ્ધ. ૯

યક્ષ કર્દમ કરી લીંપએ, કુંકમ અગર કપૂર,
કસ્તુરી ચંદનિ કરી, મહા સુગંધનું પૂર. ૧૦

ઉચિયાનકિ આવીઆ, ગ્રહમાનું જોવારત્તા,
તુઝ દર્શનિ મુઝ દુઃખ ટાલે, ફાલ્ગુને જિમપત્ત. ૧૧

ધિન પુષ્કલાવતી વિજયો, ધિન પુંડરગિણી રાજિ,
માનૂં સીતાઇ રહિઓ, સીતા જાવા કાજિ. ૧૨

ઇમ કહી બોલિ મુઝ, વિધિપૂર્વક સુરરાય,
પરમાનંદિ ઝીલતા, નિજઠામિ હરિ જાય. ૧૩

(અપૂર્ણ)

બેગર્સ-બીલનું અગમ્ય-રહસ્ય.

લેખક—શ્રમણોપાસક.

પાલીતાણા મુકામે શ્રી. કસ્તુરભાઇ લાલભાઇ પોતાના ભાષણ દરમ્યાન બોલેલા કે,— 'બેગર્સ' બીલની બાબતમાં સરકાર તરફથી, જૈન મુનિરાજાઓને તથા સાધ્વીજી મહારાજોને હરકત નહિં આવે, તેમજ ઓળખ કાર્ડ નહિં લેવાં પડે, એવી વ્યવસ્થા કરવાનું આશ્વાસન મળેલું છે." આથી ઘણાને સંતોષ થયો હશે. અને શેઠશ્રી પણ આ બાબતમાં બનતા પ્રયાસો કરતાજ હશે, અને કરે તેમાં બે મત પણ ન હોઇ શકે. એમ દરેકને વિશ્વાસ છે.

પરંતુ બેગર્સ બીલ, ધર્મગુરુઓને કેટલે અંશે સ્પર્શ કરનારૂં છે? તે બહુજ વિચારણીય પ્રશ્ન છે.

બેગર્સ-બીલ, અને જૈનમુનિરાજાઓ.

જૈન સાધુઓ તો ધર્મગુરુઓ છે, જ્યારે બેગર્સ બીલ તો ગરીબ ભીખ માંગનારાઓ માટે છે, અને જૈન સાધુઓ ગરીબીને અંગે ભીખ નથીજ માંગતા એ હકીકત જગજાહેર હતી, અને છે. પરંતુ આમાં ખરી વાત એ છે, કે ભૂતકાલીન-સરકારના વખતથી તૈયાર થતાં વસતી પત્રકોમાં જૈન-સાધુઓ ભિક્ષાદ્વારા પોતાના જીવન સંયમ-ધર્મનો નિર્વાહ કરતા હોવાથી—તેમને ભીખ માંગી પેટ ભરનારા ગણવામાં આવ્યા છે. બિન મહેનતે પેટ ભરનારા ગણવામાં આવ્યા છે, અને ભિક્ષુકોના ખાનામાં ગણી લેવામાં આવ્યા છે.

આ રીતની ગણત્રી સમજપૂર્વક કરવામાં આવી હતી, કે ભૂલથી?, વિદેશી અમલદારોને હિંદના રીતરિવાજ અને તેના રહસ્યોનું જ્ઞાન ન હોવાને લીધે કે કોઈ ખાસ હેતુપૂર્વક કરવામાં આવેલી?; તે સઘળા પ્રશ્નો આજના તબક્કે વિચારવા જેવા છે.

છેલ્લા ૩૦૦-૪૦૦ વર્ષથી હિંદ સાથે સંબંધ ધરાવતા અભ્યાસિ યુરોપીય-વિદ્વાનોની સમજ બહાર આ વસ્તુસ્થિતિ રહી જવા પામી હોય, એમ માનવાને કોઇ ખાસ કારણ રહેતું નથી. તેમજ રાજપક્ષમંચારીઓ પણ આ વાતથી અજ્ઞાત હોય, અને કામ ચલાઉ તરીકે જૈનસાધુઓને ભિક્ષુકના ખાનામાં દાખલ કર્યા હોય એ વાતને પણ કોઇ ખાસ ટેકો મળતો નથી. એટલે વિદેશી શાસકોએ અજ્ઞાતાવસ્થામાં વસ્તી પત્રકના ભિક્ષુકના ખાનામાં જૈનસાધુઓના નામ દાખલ કર્યાની હકીકત તદ્દન બીનપાયાદાર ઠરી જાય છે.

પણ તેમણે સમજ પૂર્વક તેમ કર્યું હોવાની વાત માનવાને ખાસ કારણો મળે છે, અને આજનું બીલ સાક્ષી પુરે છે.

આધ્યાત્મિક—સંસ્કૃતિ—પ્રધાન—ભારતમાં ભૌતિક સંસ્કૃતિના પ્રચારની ખાસ આંતર રાષ્ટ્રીય યોજનાઓના વેગને સ્થાન આપવાના ભાવિ-ઉદ્દેશને ધ્યાનમાં રાખીનેજ તેમણે ભૂતકાળમાં ઘણી ખરી યોજનાઓને અને ઠરાવોને મૂર્ત સ્વરૂપ આપેલું ઘણા પ્રસંગોમાં જોઇ શકાય છે.

તેઓના ઉદ્દેશના માર્ગમાં આડખીલી રૂપ ખાસ ચાર બળો હતાં—

(૧) દેશીરાજ્યતંત્ર ચલાવતા દેશીરાજાઓ. (૨) સંસ્કૃતિ સૃષ્ટાઓ, પ્રચારકો અને અમલદારો જાતે મૂકનારા ધર્મગુરૂઓ. (૩) દુન્યવી સંપત્તિની મદદથી સંસ્કૃતિમાં પ્રાણ પૂરનારાં જમીનદારો અને ધનિકો. (૪) સાંસ્કૃતિક-બળોને તન અને મનની સેવા વડે પુષ્ટ કરનારો સામાન્ય ધંધાર્થી વર્ગ.

ઉક્ત બળોને નબળા પાડવા માટે તેમણે શરૂ કરવો જોઇતો કાર્યક્રમ–શિક્ષણ, સાંસ્થાનિક નિતિ તેમજ ભૌતિકવાદના શિક્ષણ, પ્રચાર અને વાતાવરણ દ્વારા ભારતમાં એક વર્ગ તૈયાર કરવા માંડયો. તેમજ રાજ્યતંત્રના કાયદા–કાનુનો અને બંધારણીય તત્ત્વોને પણ તેજ દિશાનો ઝોક અપાયો. અને તેમાં મદદરૂપ થનારો શિક્ષિત વર્ગ મળી જવાથી ઉપરનાં બિલોના વિરોધમાં તે વર્ગો ન ફાવી શકયા. પરિણામે તેમણે:—

(૧) દેશી રાજાઓને સાલીઆણું આપીને રાજ્ય વહીવટમાંથી ખસેડીને પોતાના આંતર-રાષ્ટ્રીય હેતુઓનો હિંદના એક છેડાથી બીજા છેડા સુધી ભારતની નવી કેન્દ્રસ્થ સરકાર મારફત પ્રચાર કરી શકાય તેવી સગવડ ઊભી કરી દીધી.

(૨) મોટા જાગીરદારો, જમીનદારો અને ગરાસદારોની જમીનોના માલિકી હક્ક છોડાવી લેવાના પ્રયત્નો પણ સફળતાના તબક્કે પહોંચી રહ્યા છે. અને કદાચ જમીનદારોને તેમની જમીનના બદલામાં આપવી ઘટતી રકમો મેળવવાની ગોઠવણો અમેરિકા કે વિશ્વબેન્ક મારફત થાય. તથા શૂરવીર જમીનદારોની જમીનો લઈ લીધા પછી તેમની આજીવિકા અને ધંધાનો ઉપસ્થિત-થતો પ્રશ્ન તેમને લશ્કરમાં નોકરી આપીને હલ કરવામાં આવશે. અને શાહુકારોની તથા દેશી વેપારીઓની આડખીલી, ઋણ-રાહત અને ધીરધાર નિયમનના કાયદા-દ્વારા તેમજ વિદેશી મુડી તેમજ પરદેશી નિષ્ણાતોદ્વારા, અને નવા ધંધાઓની ખીલવણીની યોજનાઓ દ્વારા તેમજ રાષ્ટ્રીયકરણ દ્વારા દૂર કરવાના પ્રયત્નો થઇ રહ્યા જણાય છે.

(૩) મજુરો અને મહેનતુ વર્ગને આંતર રાષ્ટ્રીય મજુર સંઘ સાથે સાંકળી લેવામાં આવેલ હોવાથી તેમને પણ આંતર રાષ્ટ્રીય મજુર સંઘની નીતિનેજ અનુસરવું પડશે.

(૪) બાકી રહ્યો ભારતના ધર્મગુરૂઓનો વર્ગ; તેઓનો સીધો સામનો ન કરતાં, ભિક્ષુકોની ગણત્રીમાં મૂકી દેવાય, આમ થાય તો સમાજમાં તેમનું ઉચ્ચ સ્થાન હતું, તે નીચે પડી જશે અને તે પછી આધુનિક અર્થશાસ્ત્રની દૃષ્ટિ પ્રમાણે તેઓને વગર પરસેવે આજીવિકા મેળવનારા તરીકે ગણી લેવાથી તેમના મૂળ સ્થાનથી તેઓ સાચેજ અલગ પડી જશે અને તેથી તેમને પદભ્રષ્ટ કરવા માટે બીજી હોલ-ચાલ થતી નજરે પડતી નથી. અને પ્રજામાં તેને લગતો ખળભળાટ ઉભો થવાની તેમજ તેને દબાવવાની આવશ્યકતા પણ ઊભી નથી થતી.

જનતા ભલે ગમે તે માને, પરંતુ ભારતના ધર્મગુરૂઓને દફતરમાં બેગર્સ તરીકે ગણી લેવામાં આવ્યા છે, જેથી કે તે અંગે ભવિષ્યમાં ઉપસ્થિત થતા પ્રશ્નો સામે એ હકીકત રજુ કરી શકાય.

એક ધર્મવાળાના ધર્મગુરૂઓને બીજા ધર્મવાળા પોતાના ધર્મગુરૂ ન માને એવું જાહેર ધોરણ પકડીને ધર્મગુરૂની વ્યાપક માન્યતાને એક બાનગી જીવનની વાત બનાવી દેવામાં આવી, અને એક ધર્મગુરૂને જાહેરમાં ધર્મગુરૂ તરીકે સ્વીકારવાની ભારતીય ભાવનાનો ત્યાગ કરવામાં આવ્યો.

"માત્ર માનવ તરીકે તેમના નિર્વાહનો પ્રશ્ન રહે છે અને તે તેમણે મહેનત વડે હલ કરવો જોઇએ. વગર મહેનતે પેટગુજારો કરવાનો કોઇનેય હક્ક રહેતો નથી."

આવું આધુનિક-અર્થશાસ્ત્રનું આ ધોરણ સ્વીકૃત થતાં સાધુઓને ભિક્ષા ન મળે તે સ્વાભાવિક છે. છતાં હિંદના વાતાવરણને ક્ષણિક માન આપવાને ધોરણે ભિક્ષુકો, પોતે સાચા સાધુઓ હોવાનાં બાસ પાસ પત્રો બતાવીને ભિક્ષા માગી શકે છે એવો વચલો રસ્તો કાઢયો છે.

અને કદાચ જનતાની જોરદાર માંગણી અને લાગણીને માન આપીને ભિક્ષા ઉપરજ નભનારા ત્યાગી સાધુઓને ભિક્ષાબંધી કાયદામાંથી હાલ તુરત બાકાત રાખનારી એકાદ કલમ પણ તે કાયદામાં દાખલ થાય, અને જનતા તેને પોતાનાજ પ્રયાસોના શુભ પરિણામ રૂપ સમજીને હરખાય.

પણ ખરી રીતે, ધર્મગુરૂઓના જનતા ઉપરના ઉચ્ચ પ્રકારના વર્ચસ્વને દૂર કરવા અને પ્રજાને નિર્બળ બનાવવા માટેજ ધર્મ-ગુરૂઓનાં નામ વસતિ પત્રકના 'ભિખારી વર્ગ' ના ખાનામાં દાખલ કરવામાં આવ્યાં હતાં. એમ સકારણ માનવાને કશી હરકત જણાતી નથી.

આમ કરવાનું બીજું એક કારણ એ છે કે ભારતમાં વિદેશી ધર્મોના અને તેમાંય ખ્રિસ્તિ-ધર્મના ખાસ મોટા પાયા ઉપરના પ્રચારનો આંતર રાષ્ટ્રીય હેતુ જણાય છે. ભૂતકાલીન સરકારે આવાજ હેતુઓનાં બીજ તેની તે પ્રકારની યોજનામાં વાવ્યા હતા. અને વર્તમાન બીન ધાર્મિક-બીન સાંપ્રદાયિક-સરકારે પણ દરેકને પોતપોતાના ધર્મના પ્રચારની છૂટ આપી છે. તેની સાથેજ ભારતના વર્તમાન-ધર્મોની સંસ્થાઓ, તેના પ્રચારક કેન્દ્રો, સંચાલકો, ધર્મગુરૂઓ, પ્રતીકો વિગેરે ઉપર સીધી વા આડકતરી રીતે અંકુશ મૂકનારા કાયદાઓ, બીલો વિગેરેને લગતી જે ઘટનાઓ બ્રિટિશ રાજપુરૂષો ફાઈલોમાં મૂકતા ગયા છે, તેને આગળ વધારવાની દિશામાં ભારતની વર્તમાન સરકાર સક્રિય પગલાં ભરી રહી છે.

(૧) એક તરફ વિદેશી અને તેમાંય ખાસ કરીને ખ્રિસ્ત-ધર્મના પ્રચારને છૂટ આપી રહેલ છે એટલુંજ નહિ પરંતુ ધર્મના પ્રચારની રાજ્ય તરફની સગવડનો પ્રચારકો વધુ લાભ ઉઠાવી શકે, તેવું સરકારી વલણ જણાય છે.

(૨) અને બીજી તરફ ભારતના ધર્મો અને તેના પ્રતીકો, પ્રચારક બળો વિગેરે ઉપર અંકુશોનો ઓજો વધુ નંખાતો જાય છે. એટલે તે તે ધર્મના ધર્મગુરૂઓને પોતપોતાના ધર્મના પ્રચારની સગવડો ન મળે, અથવા ઓછી મળે. અને તે મેળવવામાંજ તેની શક્તિ ખર્ચાઈ જાય, જેથી પોતાના સંપ્રદાયની અવ્યવસ્થા દૂર કરી શકે નહિ. પછી ધર્મના પ્રચારક પ્રચાર રીતેજ ન કરી શકે તે સ્થિતિમાં વિદેશી ધર્મ પ્રચારકોને પ્રચારની પુરતી સગવડ મળે, અને મોટા પગારદારોનાં લાગવગ તેમની મદદમાં હોય.

એટલે કુદરતી રીતે ભારતમાં ખ્રિસ્તિ ધર્મનો પ્રચાર વેગ પકડી શકે, કારણકે તેને તે પ્રકારની સગવડો મળતી હોય. અને ખૂબી તો એ છે કે ત્યાગ, આજીવન-બ્રહ્મચર્ય, તપો ધર્મ વિગેરે સાથે ધર્મના ધોરી પંથે ચાલનારા ધર્મગુરૂઓ કરતાં પગાર લઈને ધર્મનો પ્રચાર કરનાર-ધર્મગુરૂઓનું અને પ્રચારકોનું સમાજમાં વધુ બહુમાન થાય; એ નવી ઘટના ભારતમાં આગળ વધે.

અને ધર્મગુરૂઓની ભિખારી વર્ગમાં ગણના કર્યા પછી ધર્મના સમસ્યાપૂર્ણ પ્રશ્નો હલ કરવામાં સરકારને તેમને પૂછવું પણ ન પડે. કારણકે સમાજમાં સ્થાન વગરનાને સરકાર શા માટે કશુયે પૂછે ?, અને પછી સરકાર ધર્મના ગૂઢ રહસ્યોથી અજ્ઞાત ગૃહસ્થો ટ્રસ્ટીઓ, અને પ્રતિનિધિઓની કે કૃત્રિમ પ્રતિધિઓની બનેલી સંસ્થાઓની સલાહ મુજબજ બધું કામ ચલાવે. ટુંકમાં ધર્મગુરૂઓને તેમના કુદરતી સ્થાન પરથી દૂર થઈ જવાનો વખત આવે.

પછી કદાચ-સમાજમાં ધર્મગુરૂઓનું કેવળ માન જળવાય, પણ તે પણ ઉપલકજ.

આપણે એમ સમજતા હતા કે સરકાર તે તે ધર્મના સારા ગૃહસ્થોને આગળ રાખીને કામ લે છે, અને ધર્મગુરૂઓને તેમાં સંડોવતી

નથી તે તેમનું માન જાળવે છે, પણ તેમ કરવામાં સરકારનો હેતુ સમાજમાં તેમનું જે મહત્તા ભર્યું સ્થાન હતું તે રદ કરવાનો અને તેમને ભિખારીઓની હરોળમાં મૂકવાને અનુરૂપ વાતાવરણ જન્માવવાનો હતો તે હવે સમજાય છે. એટલે પછી ભિક્ષોપજીવી ધર્મગુરૂઓને સમાજમાંથી ભિક્ષાથી આજીવિકા પ્રાપ્ત કરવાનો હક્ક કબુલ ન કરવાની દિશામાં કાયદો કરવામાં સરકાર સફળ થઇ શકે, અને પછી ધર્મગુરૂઓ ભિક્ષા લેવા જાય અને કોઇ ગૃહસ્થ તે સામે ફરિયાદ કરે તો બેગર્સ-બીલના અન્વયે સરકાર ધર્મગુરૂઓની સામે કામ ચલાવેજ.

પરંતુ ખરી રીતે તો—

(૧) ધર્મગુરૂ એ ભારતમાં પૂજાતો શ્રેષ્ઠ વર્ગ ગણાય છે.

(૨) તેમણે કરેલા ત્યાગને અને ધર્મના પ્રચારને તથા ધર્મમય જીવન ગાળી, ધર્મને જીવંત રાખી બધી દિશાઓથી તેના ઉપર થતા હુમલા ખાળવાના પ્રયાસ દ્વારા જીવનની તેમના ધર્મમયતા જનતામાં દાખલ થતાં અધર્મ મૂલક તત્વોને દૂર કરવામાં અગત્યનો ભાગ ભજવીને સમાજ અને જનતા ઉપર એટલો બધો ઉપકાર કરે છે કે સમાજ તેમની જીવનની જરૂરીઆતો પૂરી પાડવા માટે આપોઆપ બંધાઇ જાય છે. અને તેમાં તે સમાજ કશું વધુ પડતું કરતી નથી, તેના બદલે ભિક્ષા માંગનાર સાધુ ગુન્હેગાર ગણાય એવો કાયદો થાય, તે શું કાયદા કરવાની સત્તાનો દુરૂપયોગ નથી થતો ?

(૩) એટલે કદાચ તેમના માટે અપવાદ કલમ રહે, તો તેનાથી સંતોષ માનવાની જરૂર નથી.

(૪) અલબત્ત અહીં એમ કહેવામાં આવે કે ધર્મગુરૂઓને બેગર્સોમાંથી કાઢીને ધર્મગુરૂ તરીકે માન્યા છે પણ પ્રાન્તોની સરકારો અને ધારાસભાઓ સાધુઓને ફરી પાછા બેગર્સમાં ગણીને કાયદો લાગુ પાડે, તો તેને કોણ રોકી શકશે ? તેના જવાબમાં કહી શકાય કે-એક પગથિયું ઉતર્યા પછી, બીજાં પગથિયાં ઉતારવામાં અને ઠેઠ છેલ્લા પગથિયે લઇ જવામાં મહેનત નથી પડતી. પરંતુ જો પ્રથમ પગથિયું જ ન ચૂકવામાં આવે તો પછી નીચે ઊતરવામાં તેમને વધુ મુશ્કેલી નડે.

સમાજનો શ્રેષ્ઠ વર્ગ ભિખારીઓમાં એટલે ઉતરતી કોટિમાં આજે મૂકાઇ જાય, ત્યારે તે સામે કોઇ બોલે નહિં કે તેમાં સુધારો પણ ન થાય, તો પછી બાકીનાં પગથિયાં ઉતરવામાં વાર લાગેજ કયાંથી ?

એટલે ખરી રીતે—સાધુઓને ભિખારીઓની ગણત્રીમાંથી કાઢી નાંખવામાં ન આવે, અને ધર્મગુરુ તરીકેના સ્થાનનું નવું ખાનું પાડી તેમાં તેમનો ગણના કરવામાં ન આવે, તેમજ તેમના તે પદને અનુકુળ માન-સન્માનના કાયદા કરવામાં ન આવે; તો તેમને કામચલાઉ રીતે બાકાત રાખનારી કલમથી સંતોષ માનવો એ ભૂલામણીમાં પડીને ભાવિ જોખમ સ્વીકારી લેવા બરાબર છે.

અલબત્ત વર્તમાન સરકારના વર્તમાન-પ્રધાન-રાજપુરૂષોનો તથા અમલદારોનો એવું કશું ય કરવાનો ઇરાદો ન હોય, છતાં બ્રિટિશ સરકારે તેમાં કરેલી ભૂલનો ભૂતકાલિન ઇતિહાસ અને તેના ભાવિ અનિષ્ટ પરિણામોનો ખ્યાલ કર્યા સિવાયજ માત્ર કામચલાઉ ગોઠવણથી સંતોષ માની લેવાથી અને લોકોને મનાવી લેવામાં ઘણું અનિષ્ટ રહેલું છે; એટલું જ નહિં પરંતુ ધર્મ-પ્રચારની હરિફાઇમાં ભારતના ભિક્ષોપજીવી ધર્મગુરૂઓને અગવડમાં મૂકવા બરાબર છે.

ખરી રીતે જૈન સાધુઓના વિશિષ્ટ ત્યાગને હિસાબે સરકારી દફતરે તેની નોંધ અને તેમને સરકાર આપે તે સ્થાન સ્વીકારવાનું ન્યાયી છે કે કેમ ?, એજ મહત્ત્વનો પ્રશ્નો છે. માટે ઉપર જણાવ્યા મુજબ યોગ્ય લેખીત પ્રબંધ કરાવી લેવાની જરૂર છે.

ભૂતકાળની વિદેશી સરકારે પોતાના અમલદારોની માહિતી માટે ધર્મગુરુઓની નોંધ કરી છે, કે કોઈ આંતરરાષ્ટ્રીય—હેતુને ધ્યાનમાં રાખીને નોંધ કરી છે? એ પ્રશ્ન પણ વિચારણીય છે. પ્રજા તે સમયે સામાન્ય કારણે સરકાર ઉપરના વિશ્વાસના કારણે સરકારના નવા નવા કામોના બે ખ્યાલથી વાંધો ન લીધો હોય, અને તેનો આ રીતે દુરુપયોગ કરવામાં આવતો હોય તો પણ વેળાસર ચેતવું જોઇએ

ઠીક, ભૂતકાળની સરકારે ગમે તે કર્યું. પરંતુ–ભારતની વર્તમાન સરકાર, ભારતની સ્થિતિ સમજીને તેનાં યથાતથ્ય તત્ત્વોને યથાયોગ્ય સ્થાન આપવા માંગતી હોય, તેને પ્રજા તરફ સહાનુભૂતિ હોય, ધર્મો તરફ સહાનુભૂતિ હોય, અને યોગ્ય માણસો તેને આ અંગે સમજાવી શકતા હોય છતાં તે કાચું શા માટે કાપે? યોગ્ય રીતે બધું શા માટે ન કરે?

અને વર્તમાન સરકાર તેમ કરવા તૈયાર ન હોય અને માત્ર થોડાઘણાં ફેરફારો કરીને સંતોષ આપવા માગતી હોય તથા ગત સરકારના હેતુઓ કાયમ રાખવા માગતી હોય તો તેના ઠાલાં વચનો અને ભ્રામક સહાનુભૂતિ ભર્યા શબ્દોથી શાંતિ પકડીને શા માટે નિષ્ક્રિય બનવું? અને સરકારને, "અમે પ્રજાની સહાનુભૂતિથી અને ન્યાય રીતેજ બધું કરીએ છીએ" એવા શબ્દો ઉચ્ચારવાની તક શા માટે આપવી? ભ્રામક સંતોષ ગ્રહણ કરીને ધર્મ તથા ધર્મગુરુઓ ઉપર તોળાતા જોખમને શા માટે આવકારવું?

સરકાર તો કાનુન કરનારીજ છે. તે કોઇનું ય કશું સાંભળે તેમ નથી, માટે બળતમાંથી જે બચાવ્યું તે ખરું." આવી જાતની દલીલોથી લોકોને શા માટે સંતોષવા? કારણ કે સરકાર જે કરશે તે કાયદેસર અને ન્યાયના ધોરણે કે જુલ્મ કરવાની ઈચ્છાથી? જો કાયદેસર ન્યાયના ધોરણેજ કાયદા કરતી હોય તો તેને ખરી સ્થિતિ સમજાવીને રજુ થતાં ઘાતક બીલોને રદ કેમ ન કરાવવાં? અને જો તે કાયદા જુલ્મ રૂપે કરતી, હોય તો તે વાત પ્રજાને શા માટે ન સમજવા દેવી? અને થાય છે તે ન્યાયપૂર્વક અને પ્રજાની સંમતિથી થાય છે, એવી ભ્રમણામાં પ્રજાને શા માટે રહેવા દેવી?

આનો તો એ અર્થ થાય કે સરકાર ગમે તે સમયે ગમે તેવા ઉદ્દેશથી ગમે તેવો કાયદો કરે તેની વિરુદ્ધ તો પ્રજાથી બોલાયજ નહિ. પરંતુ તેમાં માત્ર ઘટતા ફેરફારો કરાવીનેજ પ્રજાને સંતોષ માનવો રહે, આવો રિવાજ પાડવો તે કાયમને માટે ઘાતક ગણાય.

વિદેશી સરકારને વિદેશી માનીને આપણે નહોતા બોલતા. પણ તે બધું તો તે સરકાર જતાંજ ગયું. હવે સાચી હકીકતના રજુઆત કરતાં ખંચકાવું તે શું વ્યાજબી છે?

તેથી હવે આપણે કોઈ વાતમાં ઢીલું ઢાળવાની કે ભળતી વાતથી સંતોષ માનીને બેસીજ રહેવાની નીતિ અખત્યાર ન કરવી જોઇએ કારણ કે–તેમ કરવાથી ભાવિમાં વધારે મુશ્કેલીમાં ઉતરવું પડશે અને ધર્મ તેમજ ધર્મનાં પ્રતીકો ભયમાં મૂકાઈ જશે.

કેમકે—આવાં એકાદ બે બીલ નહિ, પણ પાંચ–દસ છે તે નવાં પણ આવવાનાં છે. તથા બંધારણીય તત્ત્વો તો તે બીલોને સાકાર બનવામાં મદદ કરી રહ્યાં છે. પ્રાચીન ભારતના ધર્મો અને તેના પ્રતીકોની આજુબાજુ ધીમે ધીમે ઘેરો નંખાતો જાય છે, અને "તેમાં કાંઈ નથી. બધું ઘટતું થશે. થોડીક બાબતો સિવાય અસંતોષકારક કશું નથી. તેમાં પણ સુધારો શક્ય છે, તેને માટે વચનો પણ મળ્યાં છે. તેમ થયા પછી આપણને કશું વાંધા જેવું નહિ રહે." આવો પ્રચાર પ્રજાને અંધારામાં રાખીને પરિણામે હાનિકારક બને તો તેને માટે જવાબદાર કોણ?

"ઉહાપોહ બધે જરૂરનો ગણાય." તેમ કહેવાનો આશય નથી, આનગી વાટાઘાટથી જે બધું બરાબર પાર ઉતરતું હોય તો તે સર્વોત્તમ રસ્તો ગણાય. પરંતુ જો આનગી વાટાઘાટનું પરિણામ અજાણતાં વિપરીત આવે તેમ હોય તો, જાહેરમાં જે થાય તે થવા દેવું જોઇએ, કારણ કે તેનાથી પ્રજાને પણ સમજ પડે કે, જે થઈ રહ્યું છે તે તેના હિતમાં ન્યાયપૂર્વક થઈ રહ્યું છે. અથવા ભૂતકાળમાં જેમ કાયદા અને ન્યાયના નામે જુલ્મો ગુજરતા હતા તેજ રીતના જુલ્મો આજે પણ કાયદા અને પ્રજાહિતના સુંવાળા નામ ઓથે ગુજરી રહ્યા છે, કે જેથી ભવિષ્યમાં તક મળતાં તે તેવા પ્રકારની નીતિ રીતિથી સર્વથા બચવા માટે પ્રયત્નો કરી શકે.

ખાસ સૂચના.

અમારા શ્રીસિદ્ધચક્ર–માસિકના પાંચમા અંકના વધારાના અંકમાં તા. ૭–૩–૫૦ ના રોજ મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ બીલ સંબંધમાં વિસ્તારથી લેખદ્વારા જણાવાયું છે. આ એક્ટ ધાર્મિક ક્ષેત્રે માં સરકારની સત્તા દ્વારા કેવી દખલગીરી કરે છે, અને ભયંકર નુકશાન થાય છે; તે વાનગીરૂપે અત્રે આપવામાં આવે છે.

(મુંબઈ સમાચાર પત્ર તા. ૧૦–૩–૫૦ ના અંકમાંથી ઉધૃત)

સંયોજક—શ્રીજૈન–સંસ્કૃતિ–રક્ષક–સભા.

ટ્રસ્ટ બીલની સીલેક્ટ કમીટીનો રીપોર્ટ.

મુંબઇ સરકારની ધારાસભામાં પબ્લીક ટ્રસ્ટ બીલ જે આવેલું તેમાં આર્ય દેશની પ્રાચીન સંસ્કૃતિ, અને પવિત્ર ધાર્મિક આચારોનો બાધ કરે તેવી અનેક બાબતો હતી. પ્રજાએ તેનો પ્રબળ વિરોધ કર્યો, એટલે તે બીલ વિચારણા માટે સીલેક્ટ કમીટીને સોંપાયું; પરંતુ કમીટીને બીલની કલમો વિરૂદ્ધ સચોટ જુબાનીઓ મળવા છતાં પ્રજામત વિરૂદ્ધ અનેક બાધક કલમો ઘડી સુધારેલું બીલ બનાવ્યું. પ્રાચીન શાસ્ત્રો કે જેને પ્રજા પોતાનું જીવનધર્મ સમજે છે, અને જેના આદેશો ઉલ્લંઘવામાં ભયંકર પાપ લેખે છે; એવા એ શાસ્ત્રીય ધાર્મિક–આદેશોને અવગણતી અનેક બાબતો આ સુધારેલા ટ્રસ્ટ બીલમાં છે. જેમાંની એક એ બાબત નીચે મુજબ છે.—

કલમ ૫૫ (૧) કોઈ પણ સમયે જો ચેરીટી કમીશ્નર અભિપ્રાય ધરાવતા હોય કે—

(અ) જે મુળ ઉદ્દેશથી પબ્લીક ટ્રસ્ટ ઉત્પન્ન થયું હોય તે ઉદ્દેશ નિષ્ફળ ગયો છે.

(બ) કોઈ પબ્લીક ટ્રસ્ટની આવક અથવા વધારાની પુરાંત (સરપ્લસ બેલન્સ) ઉપયોગમાં લેવાની નથી, અથવા તો તેનો ઉપયોગ થવાનો સંભવ નથી.

(ક) પબ્લીક ટ્રસ્ટ કરનારનો મુળ ઈરાદો અથવા તો જે હેતુથી ટ્રસ્ટ ઉત્પન્ન થયું છે તે હેતુ કે ઈરાદાનો સર્વાંશે કે અલ્પાંશે અમલ કરવાનું જનહિતમાં નથી સલાહ ભર્યું નથી, શક્ય નથી, ઈચ્છનીય નથી, જરૂરી નથી; આવક અથવા તેનો કોઇ ભાગ અન્ય કોઇ ધાર્મિક અથવા ધર્માદા ટ્રસ્ટમાં વપરાવો જોઇએ.

(૬) કલમ ૧૦ થી ૧૩ સુધીમાં જણાવેલા કોઇ પ્રસંગોમાં અથવા તો ૫૪ મી કલમ મુજબ ટ્રસ્ટરૂપે રહેલી ધર્માદા રકમોના ઉપયોગ અંગે કોર્ટના સુચનો મેળવવાની જરૂરીયાત છે. તો ચેરીટી કમીશનર ટ્રસ્ટીઓને નિયત કરેલા સમયમાં સુચનાઓ મેળવવા કોર્ટને અરજી કરવાની લેખીત નોટીસ આપશે.

(૨) પેટા કલમ ૧) મુજબ અરજી કરવામાં જો ટ્રસ્ટીઓ નિષ્ફળ ગયા હોય, અથવા ચેરીટી કમીશનર પોતેજ જો ટ્રસ્ટી હોય અથવા જાહેર ટ્રસ્ટનો કોઈ પણ ટ્રસ્ટી ન હોય તો ચેરીટી કમીશનર કોર્ટને અરજી કરશે.

૫૬ (૧) આવી અરજી કર્યા પછી પક્ષોને સાંભળીને અને તપાસ કરીને કોર્ટ તે બાબતનો નિર્ણય કરશે અને સુચનાઓ આપશે. સુચનાઓ આપતી વેળા જાહેર ટ્રસ્ટ કરનારનો મુળ ઉદ્દેશને અમલમાં મુકવાનું જેટલે અંશે જનહિતમાં સલાહ ભર્યું શક્ય ઈચ્છનીય અથવા જરૂરી હોય તેટલે અંશે કોર્ટ તેનો અમલ કરશે. જો કોર્ટ એ અભિપ્રાય ધરાવતી હોય કે એવા ઈરાદા અથવા હેતુને અમલમાં મુકવાનું જનહીતમાં સર્વાંશે અથવા અલ્પાંશે સલાહ ભર્યું શક્ય, ઈચ્છનીય, અથવા જરૂરી નથી તો કોર્ટ જાહેર ટ્રસ્ટની મિલ્કત

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો.]

[૧૧૮ મા પેજથી ચાલુ]

અથવા આવક અથવા તેનો કોઇ ભાગ અન્ય કોઈ નજીકના ધાર્મિક અથવા ધર્માદા ટ્રસ્ટમાં ઉપયોગ કરવાની સુચનાઓ આપી શકશે. તેમ કરવામાં નક્કી થયેલી કોઇ રકોમ ફેરફાર કરવાનું અથવા કોઇ ડીક્રી અથવા હુકમમાં ફેરફાર કરવાનું અથવા ટ્રસ્ટડીડમાંની કોઇ શરતોમાં ફેરફાર કરવાનું કાયદેસર ગણાશે.

(૨) પેટા કલમ (૨) નીચે જે નિર્ણય અથવા હુકમ કોર્ટે પસાર કર્યો હોય તે કોર્ટની ડીક્રી ગણવામાં આવશે, અને તેની ઉપર હાઇકોર્ટમાં અપીલ થઈ શકશે.

આને અંગે દરેક દરેક વ્યકિતની સંસ્થા કે મંડળની તાત્કાળીક ફરજ છે કે આના વિરોધના તાર તથા પત્ર સરકાર પર મોકલી આપો કેમકે ચાલુ ધારાસભાની બેઠકમાં આ બીલને પસાર થવાના પુરા સંજોગો છે. એટલે આ અને બીજી રીતીએ સરકારને આપણે વિરોધ બતાવવો જોઇએ.

લિ૦ સમાજ સેવક,
છગનભાઇ મોદી
માટુંગા જી આઈ. પી.

ઉપરની કલમોથી માલુમ પડશે કે આ મુંબાઈ પબ્લીક ટ્રસ્ટ એકટ બીલમાં દાન આપનારની ભાવનાને અને ધર્મ શાસ્ત્રોના કાનુન વિગેરેને ઠોકરે મારી પવિત્ર દેવ દ્રવ્ય આદિ સાતે ક્ષેત્રનું દ્રવ્ય આજના મનગમતા જનહિત ગણાતા ફોશરી–મન ઘડંત–માર્ગોમાં લઇજવાનું આ એકટથી આપણી ગણાતી સરકાર ધારાસભાદ્વારા કરી રહેલ છે. આ સંબંધમાં સંપૂર્ણ વિરોધના તારો કરીને પ્રમુખ–મુંબાઇ ધારાસભા–કોર્ટ મુંબાઈ નં. ૧ એ શિરનામે મોકલવા વિનંતી છે.

તંત્રી સ્થાનેથી—

અનુમોદનીય પ્રસંગ—

દમણ મુકામે ફાગણ વદ ૭ ની દીક્ષા પ્રસંગે દીક્ષાર્થીના કુટુંબ તરફથી **આગમોદ્ધારક આચાર્ય શ્રી આનંદસાગર સૂરીશ્વરજીના પરમ–વિદ્વદ્વિનેય પં. પ્રવર—શ્રીચન્દ્રસાગરજીને** વિનંતી કરી, પરંતુ પોતાના **પૂજ્ય ગુરૂદેવની** તબીયત નરમ હોવાને અંગે પોતે વિહાર કરી શકે તેવા સંયોગમાં નહિં હોવાથી **પોતાના શિષ્ય પં. દેવેન્દ્રસાગરજી આદિઠાણાને** મોકલવાનું નક્કી થયું, અને દમણ તરફ વિહાર કરાવ્યો. અવસરોચિત–પ્રસંગ પર સાધુઓ આવી પહોંચ્યાં. અને દીક્ષાર્થી કુસુમબહેન જેઓને ગુરૂણી તરીકે સ્વીકારવાના છે તે વિજયહર્ષસૂરિજીની આજ્ઞાવર્તિ—સાધ્વી—શ્રીલાવણ્યશ્રી આદિઠાણા પણ આવી પહોંચ્યા. આ પ્રસંગે સાધ્વીશ્રીજી સુમલયાશ્રીજી આદિઠાણા પણ પધાર્યા હતા. દીક્ષા નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ, અને શાંતિસ્નાત્રાદિ ક્રિયાઓ, દીક્ષાર્થીને માનપત્ર અવસરે પોર્ટુગીઝ ગવર્નર તેમજ અનેક ગામના આગેવાનોની હાજરી, દીક્ષાના પુંજણાનો, અને દીક્ષાનો વરઘોડો વિગેરે અનેકવિધ શાસનશોભામાં વૃદ્ધિ કરે તેવાં કાર્યો થયાં હતા. સાથે ચાર દિવસથી સાધર્મિક વાત્સલ્ય પણ શરૂ હતો. દીક્ષાર્થીનું નામ સાધ્વી—શ્રીપ્રિયંકરાશ્રી રાખ્યું હતું, અને તેમના ગુરૂણીનું નામ સદ્ગુણાશ્રી હતું.

તા. ક:—ટ્રસ્ટ એકટની સમજ માટેનો છેલ્લો અંક તા. ૭–૩–૫૦ નો વધારો વાંચો.

મુદ્રક:—**મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી–**પાનાચંદ રૂપચંદ ઝવેરી**, શ્રીસિદ્ધચક્ર–સાહિત્ય–પ્રચારક સમિતિ,–ગાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ,

જાહેર સભા.

અવશ્ય પધારીયે.

મુંબઈ ધારાસભામાં ધી પબ્લીક ટ્રસ્ટ એકટ બીલ આવી રહેલ છે જે ભારત વર્ષની અધ્યાત્મ સંસ્કૃતિના મૂલમાં કુઠારાઘાત કરનાર છે. પ્રજા તરફથી એક ધારો સખ્ત વીરોધ નોંધાવા છતાં પાશ્ચાત્ય કેળવણીના સંસ્કારોથી રંગાએલા ધારાસભ્યો વીરોધને ગણકારતા નથી, અને સીલેકટ કમીટીએ પણ પોતાની મતિ કલ્પના અનુસાર આર્ય સંસ્કૃતિ ધર્મની અવગણના કરીને પોતાનો અભિપ્રાય આપેલ છે. આના અંગે સત્ય હકીકતની જાણ કરવા અને ઉગ્ર વિરોધ કરવા એક જાહેર સભા પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય-આગમોદ્ધારક આચાર્ય-દેવેશ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય-રત્ન પં. શ્રી ચંદ્રસાગરજી મહારાજની નીશ્રામાં નેમુભાઇનીવાડી ગોપીપુરામાં તા. ૧૨-૩-૫૦ ફાગણ વદ ૯ રવીવાર બપોરના ત્રણ વાગે મલશે. સર્વે ભાઇ બહેનોને પધારવા વિનંતી છે.

ગોપીપુરા, સુરત. } લિ૰ યોજક
શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા

—૦—

અગાઉથી ઉપર મુજબની જાહેરાત થયા મુજબ નેમુભાઇની વાડીમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘના જૈનો વિગેરેની જાહેર સભા પૂજ્યપાદ પંન્યાસજી મહારાજની અધ્યક્ષતામાં મળી હતી. પૂજ્યપાદ પંન્યાસજી શ્રી ચન્દ્રસાગરજી મહારાજે કાયદો એ શી ચીજ છે, તે સંબંધમાં સારૂં વિવેચન કર્યું હતું, અને કાયદાનું પાલન કરનાર જગતભરની અઢી અબજની સંખ્યાની વસ્તીમાં જૈનો જેવા કોઇ શોધ્યા પણ મલશે નહિ. પરંતુ તે કાયદા કોના પાલે છે?. અને તે કાયદા કેવા હોય છે?, તીર્થંકર ભગવાનથી માંડીને પૂ. ગણધર-પૂર્વધરો રચિત દેવગુરૂ ધર્મના તમામ કાયદાને જૈન સમાજ વફાદાર છે. જ્યારે જે કાયદાથી પ્રજાનું અહીત થતું હોય, જે કાયદામાં પ્રજાનો વિરોધ હોય, અને તે કાયદા કરનારાઓને પણ તેનો અમલ કરવા-કરાવવા માટે મોટા ખરચા ઉઠાવવા પડતા હોય; તેવા કાયદાઓ કાયદા નથી પણ ઓડીનન્સો છે, અને તેવા અહિત-સૂચક કાયદાઓનો વીરોધ થવો જોઈએ. તે વિસ્તારથી કહીને ચાલુ ટ્રસ્ટ-એકટ-કાયદાની વર્તમાનમાં થનારી ભયંકરતા અને ભાવિમાં પણ દાન-પ્રવાહાદિ બંધ થઈ જાય. તેવી સ્થીતી હોવાથી વીરોધ કરવાની જરૂર પડે છે, તે પછી સભાએ સર્વાનુમતે આ નીચે જણાવેલા બે ઠરાવો પાસ કર્યા હતા, અને તે ઉપીત સ્થળે મોકલવાની પણ જાહેરાત કરી હતી.

હાલ એજ સંવત ૨૦૦૬ ના ફાગણ વદી ૧૦ ને વાર સોમવાર.

લી૰ આપનો,
શ્રી સુરતના નેમુભાઇ શેઠની વાડીના ઉપાશ્રયના
સંઘની સભા વતી
શા. બાબુલાલ નાથુલાલ

—૦—

ઠરાવ—નં. ૧

સુરતમાં શ્રી નેમુભાઇની વાડીના ઉપાશ્રયમાં આજરોજ તા. ૧૨-૩-૫૦ ને રવિવારે મળેલી આ સભા, મુંબાઇની ધારાસભામાં અવેલ-'ધી મુંબાઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ,' અને તે પરત્વે નીમાએલ સિલેકટ-કમિટિ તરફથી તૈયાર થયેલ રિપોર્ટ તમામ ધાર્મિક સંસ્થા ટ્રસ્ટોને ભયંકર નુકશાન કરનાર છે એમ માને છે; અને તેથી એ બિલ સામે સખ્ત વિરોધ જાહેર કરે છે અને તે પસાર ન કરવા ધારાસભાને ભલામણ કરે છે. વળી આ સભા એમ જાહેર કરે છે ધાર્મિક ક્ષેત્રમાં હસ્ત ક્ષેપ કરી કાયદા કરવાનો કોઇ પણ સરકારને કે ધારાસભાઓને હક નથી. એટલે પ્રજાનો ઉગ્ર વિરોધ હોવા છતાં આ ટ્રસ્ટ એકટ બિલ પસાર કરવામાં આવશે, તો અમને તેની સાથે લેવા દેવા નથી, અને અમને તે બંધન કરતા નથી.

ઠરાવ નં—૨.

શ્રી સુરત નેમુભાઈની વાડીમાં આજરોજ તા. ૧૨-૩-૫૦ ને રવિવારે મળેલી આ સભા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, જૈન શ્વે. મૂ કોન્ફરન્સ, જૈન સંસ્કૃતિ રક્ષક સભા, અન્ય સંસ્થાઓ; અને સંઘોને તેમજ જૈનેતર સંસ્થાઓને મુંબાઇ પબ્લીક ટ્રસ્ટ એકટને અંગે કોઇપણ સુધારા તરફ લલચાયા સિવાય સદરહુ બિલનો સખ્ત વિરોધ કરી તે નાબુદ થાય તેવા પ્રયત્નો કરવા આગ્રહ ભરી ભલામણ કરે છે.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક ૮-૯.] વૈશાખ-જેઠ માસ. [તા. ૧૫-૫-૫૦

શ્રીઆગમોદ્ધારક-અંક.

સ્વ૦ પૂ. શ્રીઆગમોદ્ધારકને ચરણે !!!

વર્તમાનકાલીન-જૈનશાસન-મહેલના અચલ-સ્થંભ-સમાન-આપશ્રીની
કલ્યાણકારિ-માનસિક-વાચિક-કાયિક-પુનિત-પ્રવૃત્તિઓથી પવિત્રિત-
થયેલ શ્રીચતુર્વિધ-સંઘના હૃદયમાં સર્વદા સ્થિત-
થયેલ પ્રાતઃસ્મરણીયતા, જૈન-શાસન-સંરક્ષણૈક-
બદ્ધકક્ષતા, પ્રભાવમય-પ્રાવચનિકતા, ગીતાર્થ-
સાર્વભૌમતા; અને આગમોદ્ધારકતાદિનાં
જેટલાંએ યશોગાન ગાઇએ
તેટલાં ઓછાં જ છે.

લિ૦ આપશ્રીનો સુધાવર્ષી.

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

श्रीआगमावतार–बहुश्रुत–सूरिपुरंदर–गीतार्थसार्वभौम–श्रीआगममंदिरद्यनेक–धर्महितवर्धक–संस्थाप्रभवागमोद्धारकाचार्यदेव–स्तुतिः ।

श्रीजैनशासननभोमिहिरायमाणम्, सज्ज्ञानसंयमशमादिगुणाम्बुराशिम् ।
आप्तागमोद्धृतिकरं कृतभूपबोधमानन्दसागरगुरुं प्रणमामि सूरिम् ॥ १ ॥

आसीज्जनुः कपडवंजपुरे यदीयं, नाम्ना च यस्य यमुना जननी सुशीला ।
श्रीमन्नलाल इति यज्जनकः प्रशान्त आनन्दसागरगुरुं० ॥ २ ॥

यो वैक्रमे मुनियुगांकमृगांक(१९४७)वर्षे झव्हेरसागरमुनीश्वरपादपद्मे ।
आदत्त चारुचरणं शिवधर्म धीरमानन्दसागरगुरुं० ॥ ३ ॥

प्राचीनपुस्तकसमुद्धरणाय देव–चंद्रादिनामकलितःप्रथितः सुकोशः ।
यस्योपदेशमधिगम्य जनैः प्रपन्न–आनन्दसागरगुरुं० ॥ ४ ॥

प्रापज्जनैः सदुपदेशमवाप्य यस्य, श्रीआगमोदयसमित्यभिधा सुसंस्था ।
सिद्धान्तवाचनप्रकाशनकारिका श्रीआनन्दसागरगुरुं० ॥ ५ ॥

निर्युक्तिभाष्यवरवृत्तियुतानि सम्यग्, यः प्रापयत्प्रवचनानि विशोध्य यत्नात् ।
भव्योपकाररसिकं श्रुतभक्तिभाजमानन्दसागरगुरुं० ॥ ६ ॥

यो वाचनां समददान्मुनिमंडलाय, ज्ञानं प्रचारयितुमाप्तजिनागमानाम् ।
सम्यग्जिनागमरहस्यविदांवरेण्यमानन्दसागरगुरुं० ॥ ७ ॥

एवं कृतान्यशुभशासनकृत्यजात–विख्यातशारदशशिप्रभशुभकीर्त्तिम् ।
आचार्यमौलिमुकुटम् मुनिवृन्दवन्द्यमानन्दसागरगुरुं० ॥ ८ ॥

॥ श्रीआगमोद्धारकाचार्यदेव-विरहस्तुतिः ॥

दत्वा प्रबोधमनघं मुनिमंडलेभ्यः स्फूर्जद्यशःपरिमलैः परिवास्य लोकम् ।
अन्तर्दधे विषमकालभियेव **सूरिरानन्दसागरगुरुः** सुरशाखिकल्पः ॥ १ ॥

उपेक्ष्य भक्ताम्बुजखंडखेदमवीक्ष्यदुर्वादिवचस्तमांसि ।
अस्तं जगामाग्रिमलाभकांक्षी **श्रीसागरानन्द**सहस्ररश्मिः ॥ २ ॥



कथङ्कारं भारं सकलजनतानेत्रकुमुद-
प्रबोधानन्देन्दोः प्रबलविरहप्रोद्भवशुचाम् ।
समारोढुं वोढुं कृपणहृदयाः पुण्यविकला
जना भक्ताश्शक्ता अरतिकरमानन्दजलधेः ॥ ३ ॥

—मुनिश्री जयसागरः ।

પૂ. શ્રીઆગમોદ્ધારકના સ્વર્ગવાસ,

અને

જીવનના મુખ્ય-પ્રસંગો.

નોંધ:—આ લેખમાં જીવનના અંતિમ પ્રસંગથી સ્વર્ગવાસાદિનું આલેખન, અને જીવનના મુખ્ય પ્રસંગોની નોંધ પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર પાસેથી મેળવીને અત્ર અપાય છે. લિ૦ તન્ત્રી.

ચાલુ લેખના અવતરણો.

૧. પૂજ્યશ્રીએ સ્વમુખે અનેક વખતે જાહેર કરેલી "જગત્ શૂન્ય છે", અને "નાશવંત શરીરનો મોહ નકામો છે"; ઇત્યાદિક જયવંત-ઘોષણાઓ.

૨. અર્ધપદ્માસને વિનાશી—શરીર છોડવાનો દૃઢ-સંકલ્પ.

૩. અસહ્ય વેદનાને સહન કરવામાં આશ્ચર્યકર-સહનશીલતા,

૪. લાંબી માંદગીમાં અસહ્ય વેદનાઓને સમભાવે સહન કરવા છતાં લેશ-માત્ર દીનતા અને અહંકારનો અભાવ.

૫. ચાલુ હુમલાઓમાં પણ નમસ્કારાદિ મહામંત્રનું સ્મરણ.

૬. દીક્ષાર્થિને અભ્યુદયના આશીર્વાદ સાથે કરેલો અંતિમ વાસક્ષેપ.

૭. શિષ્ય-પ્રશિષ્યાદિઓના નમસ્કાર-મંત્રની ઉદ્ઘોષણાને શ્રવણ કરતાં વોસિરાવેલ શરીર.

૮. શાસન—માન્ય—મહાપરઠવણની ક્રિયા.

૯. મહાપરઠવણની ક્રિયાનું એકાગ્ર-ચિત્તે શ્રીસંઘે કરેલું શ્રવણ.

૧૦. દર્શનાર્થે ઉલટેલો માનવ સાગર.

૧૧. સ્મશાનયાત્રામાં પૂ. શ્રીના યશોગાનની યશસ્વિ-ધ્વનિઓ.

૧૨. અગ્નિસંસ્કારની જગ્યાએ શ્રી-ગુરુ-સમાધિ-મંદિર બાંધવાની વ્યવસ્થા.

૧૩. શ્રીગુરુમંદિર બાંધવા માટે ભરાઈ ગયેલા લગભગ રૂ. ૪૨૦૦૦) બેતાલીસ હજાર.

૧૪. પૂ. શ્રીના સ્વર્ગવાસ નિમિત્તે સ્મશાન યાત્રા, અને મહોત્સવાદિ માટે થયેલ લગભગ રૂ. ૧૨૦૦૦) બાર હજાર.

૧૫. સ્મશાન-યાત્રામાં છુટે હાથે વધાવાતું નાણું, અને દેવાતું દાન.

૧૬. પૂ. શ્રીના પાલખીના ચાર છેડા ઉપાડવા માટે બોલીના રૂ. ૩૧૫૨) એકત્રીસો બાવન રૂપીયા.

૧૭. પૂ. શ્રીના શરીરને થતો અગ્નિ-સંસ્કાર દેખીને અનેકના નેત્રમાંથી વહેલો અસ્ખલિત-અશ્રુ-પ્રવાહ.

૧૮. આચાર્ય-દેવશ્રીના અગ્નિસંસ્કારમાં વપરાયેલ ૪૦ મણ સુખડ.

અંતિમ-અવસ્થા.

ચાલુ વર્ષના વૈશાખ-સુદ ૬ ને રવિવારે સૂર્યોદય વેલાએ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદસાગર સૂરીશ્વરજી

સ્વમુખે જણાવવા લાગ્યા કે "હવે મને મરણની ગાંઠ છે, મરવાની છેલ્લીજ ઘડીઓ છે; જગત શૂન્ય છે." આવાં આવાં વિનાશી ભાવોને પ્રતિપાદન કરનારા ભાવો જણાવીને દવા, પાણી વિગેરે કંઇ નહિ લેવાના નિર્ણય પૂર્વક પદ્માસને બેસીને પોતાના ધ્યાનમાં સ્થિત રહેવાની ભાવનાવાળા થયા હતા. થોડીવાર પછી દાકતરોની તપાસના અંતે હજુ એવું કાંઈ નથી એમ કહેવાથી દવા વિગેરે વાપરી. પરંતુ પોતાના નિર્ણયને દ્રઢતા પૂર્વક વળગી રહેવાની ભાવનાથી અર્ધ પદ્માસને બેસવાની, નિયમિત-સ્વાધ્યાયમાં લીન, રહેવાની અને અસહ્ય-વેદનાઓને સમભાવે સહન કરવાની રીતને છેક છેલ્લી ઘડી સુધી ઓતપ્રોત બનાવી દીધી. ત્યારપછી દશમ-અગીઆરશે સખ્ત હુમલો હૃદય પર શરૂ થયો. અને એ જીવલેણ હુમલાથી શરીર ઘણું નંખાઇ ગયું. દીક્ષા નિમિત્તે શરૂ થયેલ મહોત્સવ પ્રસંગે દીક્ષાર્થિના સગાં-વહાલાં ચિંતાતુર બન્યા. શારીરિક શક્તિઓ દિનપ્રતિદિન નરમ થઈ ગઇ. સ્થંડિલોની શંકા ઉપરા ઉપરી થવા લાગી, અને સ્થંડીલો હદ ઉપરાંતના થયા. અને દવા વિગેરેના ઉપચારોથી ધીમે ધીમે વળી શરીર સુધારા પર આવ્યું, અને ગુરૂપૂજન-કરનાર દીક્ષાર્થિને બપોરના વાસક્ષેપ પણ આશીર્વાદ દેતાં હોય તે રીતિએ પૂજ્યશ્રીએ નાંખ્યો. દાકતરો શરીર તપાસે તો તપાસવા દે, સ્લેટ પર લખીને પૂછે તો વાંચે ખરા, પણ ઉત્તર ન આપવાનો દ્રઢ સંકલ્પ કર્યો હોય, અને નાશવંત શરીર માટે મુર્ચ્છા ઉતારીને જાણે બેઠા હોય; તેમ મૌનજ રહેતા. દાકતર પૂછે તો ઇસારાથી જણાવે કે મ્હારે કાંઇ કહેવાનું જ નથી. આઠેક દિવસ કંઇક સુધારા પર અને કાંઇક નરમ ગરમ શરીરની સ્થિતિ ચાલી.

શરીર વોસિરાવ્યું.

પરંતુ તે પછી વૈશાખ વદ ૫ ને શનિવારની સવારમાં દવા પાણી લેવાતાં હતાં તે રીતિએ લઇ શકાયાં નહિ, અને સાંજના સાડા ત્રણ વાગ્યા પછી ફરીને 'હાર્ટ' પરનો હુમલો જોરથી શરૂ થયો. અને સવા ચાર વાગે નમસ્કાર મંત્ર સંભળાવવાની શરૂઆત થઇ. ગામમાં વીજળી વેગે પૂ શ્રીના સ્વર્ગવાસની ખબર પહોંચવાથી સકળ સંઘ દર્શનાર્થે આવવા લાગ્યો. છેવટે નમસ્કાર-મહામંત્રનું શ્રવણ કરતાં અર્ધ-પદ્માસને બેઠેલા સાંજના સ્ટા. ટા. ૪-૩૨ કલાકે, તેઓશ્રીના પૂ. પટ્ટધર-શ્રીમાણિક્યસાગરસૂરિજી મહારાજ, તથા પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણિવર્ય મહારાજ આદિ ૩૬ શ્રમણ ભગવંતો, અનેક સાધ્વીઓ, તેમજ વિશાળ પ્રમાણમાં ઉપસ્થિત અનેક-ભક્ત-નરનારીઓને થનારા ચિરવિરહના શોકની વિહ્વળતામાં ઝુલતા મુકીને આગમોદ્ધારક, આગમના અવતાર, આગમના જ્ઞાતા; અને શરીરના રોમે રોમમાં આગમના અગમ્ય ભાવોથી ઓતપ્રોત થયેલા બહુશ્રુતધર-આગમધર શાસન-માન્ય-"નોઆગમના પ્રથમ ભેદને" (આગમજ્ઞ)-શરીરને સ્વીકાર્યો, અર્થાત્ તેઓએ વિનશ્વર દેહનો ત્યાગ કર્યો.

મહાપારિષ્ઠાપનિકી-ક્રિયા, અને કાળધર્મ પામ્યાની જાહેરાત.

ત્યાર પછી તુરત તેઓશ્રીના પટ્ટધર પૂ. મણિકથસાગર સૂરીશ્વરજીએ સમુદાયના સર્વ સાધુઓ, સાધ્વીઓ; અને શ્રાવક-શ્રાવિકાના ચતુર્વિધ સંઘ સાથે વંદન કર્યું-ત્યાર પછી પૂ. પટ્ટધર આચાર્યશ્રીએ ઉદ્ઘોષણા પૂર્વક **મહાપરઠવણની** ક્રિયા આ રીતિએ કરી. "કોટીગણ, વયરી શાખા,

ચાંદ્રકુલ, આચાર્ય શ્રીવિજયસિંહસૂરિ, ઉપાધ્યાય સકલચંદ્ર ગણિ, શાસન-પ્રભાવક-બહુશ્રુત-**ઝવેરસાગરજીના શિષ્ય શ્રી આનંદ-સાગર સૂરીશ્વરજી** મહાપારિકાવણિયાએ, કરેમિ કાઉસગ્ગં અન્નત્થ૦" કહીને એક નવકારના કાયોત્સર્ગપૂર્વક પ્રગટ નવકાર કહીને ત્રણવાર વાસક્ષેપ નાંખીને વોસિરે વોસિરે કહીને પૂ. સૂરિજીના મૃતદેહ સંઘને સમર્પણ કર્યો. ત્યારબાદ શ્રી સંઘે પૂ.શ્રીના શરીરને શાસન-માન્ય સ્નાનવિલેપનાદિ કરીને દર્શનાર્થે વ્યવસ્થિત રીતિએ યોગ્ય સ્થાને બિરાજમાન કર્યું; અને દર્શનાર્થે આવનારા જૈન-જૈનેતરો પૂ. શ્રીના શરીરને વાસક્ષેપથી પૂજન કરીને નાણાંનો ઢગલો કરતા હતા. ત્યાર પછી અખિલ હિંદભરમાં પૂ. શ્રી આગમોદ્ધારકના પુનિત ચરણથી સ્પર્શેલ અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવારથી પાવન થયેલ નગર-શહેર ગામમાં ખબર આપવા માટે પ્રથમ રેડીયા પરથી જાહેર કરાયું, અને ટેલીગ્રાફ-ટેલીફોનથી પણ જાહેર કરવામાં આવ્યું, સમાચાર આપવા લગભગ ત્રણસો ઉપરાંત તારો શ્રી સંઘે કર્યા અને રાત્રિ પડતા શાસનના સ્થંભ સમાન, આગમોદ્ધારકની જૈન-જૈનેતર-આલમને અને સમુદાયને ખોટ પડી છે; એવા પ્રત્યુત્તર-તારો આવવા લાગ્યા, અને મુંબાઈ-અમદાવાદ-કપડવંજથી તો શમશાન યાત્રાનો લાભ લેવા માનવ-સાગર ઉભરાવા લાગ્યો.

શરીરને અગ્નિ-સંસ્કારાદિ.

સૂર્યપુરના તામ્રપત્ર-શ્રીવર્દ્ધમાન-તામ્રપત્ર-જૈનાગમ-મંદિરની સામેના કંપાઉંડમાં (જુની અદાલતવાળા મકાનમાં) રજા મેળવીને પૂજ્યશ્રીના શરીરનો અગ્નિ સંસ્કાર કરવાનું નક્કી થયું. અને તે દહનક્રિયા થયા પછી તે સ્થળે ગુરુ-સમાધિ-મંદિર બાંધવામાં પચાસ હજારનો ખર્ચ, અને તેઓશ્રીની પાછળ સ્મશાન યાત્રા મહોત્સવાદિ માટે દશ હજારનો ખર્ચ અડસટ્ટે નક્કી કરવામાં આવ્યો. વાતની શરૂઆત થતાં પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિભાવથી ઉભરાતાં હૃદયવાળા સુ. શ્રા. જયકિસનદાસ વખારીયા, ઠાકોર મલજી, ચીમનલાલ ડાહ્યાભાઇ (જયંત મેટલ વર્કસવાળા) અને ગીરધરલાલ છોટાલાલ તથા મોહનલાલ છોટાલાલભાઇ તરફથી કુલ રૂ. વીસ હજાર જાહેર થયાં. લગભગ ૪૨ બેતાલીસ હજાર ભરાઈ ગયા છે, અને મહોત્સવાદિના ખર્ચ માટેની ટીપમાં પણ અગીઆરથી રૂપીયા બાર હજાર ભરાઇ ગયાં છે.

બાદ સૂર્યપુરના સકળ સંઘે વૈશાખ વદ ૬ ના રવીવારે દા સાડા નવ વાગે મૂર્તિમંત-મંદિર-સમાન-વિશાલકાય-શિખરબદ્ધ પાલખીમાં વિરાજમાન કરીને સ્મશાન યાત્રા કાઢી, અને રસ્તે છુટે હાથે નાણું વધાવાતું હતું. ગરીબોને લાડુ-અન્ન-શેવ-મમરાદિ વહેંચાતા હતા. આ બધું મળી તેમજ દહનક્રિયા માટે ચંદન વિગેરેની ક્રિયા પાછળ લગભગ એકત્રીસો રૂપૈયાનો ખર્ચ થયો. એટલુંજ નહિ પણ પાલખીના ચાર છેડાને સ્વસ્કંધે આરોપણ કરીને પોતાની ફરજ અદા કરવા માટે બોલી બોલતાં અનુક્રમે રૂ, ૧૦૦૧) રૂ. ૯૦૧) રૂ. ૬૫૧) અને રૂ ૫૦૧) મળીને, બીજા ચાર ધુપધાના વિગેરેના કુલ એકત્રીસો બાવન રૂપિયાની અને વિનશ્વર દેહને અગ્નિ-સંસ્કાર કરવાની બોલીના રૂપીયા ૨૭૦૦) સત્તાવીશસો થયાં છે.

સ્મશાન–યાત્રા.

આ સ્મશાન યાત્રામાં લાભ લેવા માટે મુંબાઇ, અમદાવાદ, નવસારી, અછારી, લુણાવાડા, બુહારી, બાજીપુરા, બોઢાણ, વલસાડ, બારડોલી, સીસોદરા, રાજકોટ, વેજલપુર વિગેરે સ્થળેથી અનેક સદ્ગૃહસ્થો આવેલા હતા. શરૂઆતમાં પાલખી પાસે સંઘવી ચીમનલાલ કસ્તુરચંદ હાર્મોનિયમ સાથે શ્રી યશોગાન ગાતાં હતાં, અને ગવરાવતાં હતાં. ચારે બાજુ ધુપધાના હતાં, સ્મશાન યાત્રામાં પોલીસ બેન્ડ, તેમજ શ્રીસુરત–જૈન–યુવક બેંડ હતાં, અને માનવ સાગર ૫૬૦૦) પાંચ હજારની સંખ્યામાં ઉભરાતો હતો. માળીફળીઆના ઉપાશ્રયેથી સવારના સ્ટા. ટા. ૯–૩૦ કલાકે સ્મશાન યાત્રાની શરૂઆત થઇ. ગોપીપુરા, અંબાજીરોડ, કોટ–સપ્રીલ થઇ નવાપુરા પારસી શેરી, છાપરીયા શેરી; ગોળશેરી, હરીપુરા, મેઇનરોડ, લાલગેટ, નાણાવટ, વડાચૌટા, ભાગાતળાવ, પાણીની ભીંત, ગોપીપુરા, મેઇનરોડ, કાયસ્થ મોહલ્લા, ઓસવાલ મહોલ્લામાં થઇને આખા ગામમાં ફરીને જુની અદાલત આગળ બપોરના લગભગ એક વાગે સ્મશાન યાત્રા આવી પહોંચી. સુરતના જૈનોજ નહિં, પરંતુ જૈનેતરોના સંખ્યાબંધ ટોળે ટોળાં કોઇ અગાશી પર, કોઇ ઝાડ પર, કોટ ઉપર, મકાન ઉપર અને રસ્તા ઉપર નજરે પડતાં હતાં. હજારો માનવોની મેદની વચ્ચે સુ. શ્રા જયંતીલાલ વખારીઆએ પૂજ્યશ્રીના શરીરના અગ્નિ સંસ્કારનો લાભ લીધો હતો. આ સ્મશાન યાત્રામાં બહારગામથી આવેલા જામનગરના નગરશેઠ સંઘવી મોહનલાલ ધારસી- ભાઇ, ગિરધરલાલ છોટાલાલ, સોમચંદ મંગળદાસ, ચીમનલાલ મંગળદાસ, જેશીંગભાઇ સાંકળચંદ સમૈા, પાનાચંદ રૂપચંદ ઝવેરી, મોતીચંદ મગનલાલ ચોકસી; સાકરચંદ ખુશાલચંદ ઉસ્તાદ, ગોડીજીના ટ્રસ્ટી રતીલાલ દીપચંદ, રૂઘનાથભાઇ, ભાવનગરના કાન્તિલાલ, પાટણના ગિરધરભાઇ, રાજકોટના પ્રભુદાસ બેચરદાસ, કાન્તીલાલ ચુનીલાલ, પુનમચંદ પાનાચંદ, જયંત મેટલ વર્કસવાળા ચીમનલાલ ડાહ્યાભાઇ, મોતીચંદ હીરાચંદ, બાજીપુરાના નેમચંદ જીવણચંદ, બછારીના રાયચંદ ગુલાબચંદ, નવસારીના ઝવેરચંદ રામચંદવિગેરે વિગેરે ગૃહસ્થો મુખ્ય આવ્યા હતા.

પૂ. આગમોદ્ધારકની સંક્ષિપ્ત-જીવન-સુવાસ.

જન્મસમયાદિ:—ગૂર્જરદેશના કર્પટ–વાણિજ્ય (કપડવંજ) ગ્રામે વિ. સં. ૧૯૩૧ આશાડ વદ ૦)) ના દિને થયો હતો. એમની જન્મદાત્રીનું નામ જમનાબાઇ હતું. પિતાનું નામ મગનભાઈ હતું અને પૂર્વાવસ્થાનું પૂજ્યશ્રીનું નામ **હેમચંદ** હતું.

લીંબડી મુકામે શાસન–સંરક્ષક–આગમધર મુનિશ્રી ઝવેરસાગરજી પાસે વિ. સં. ૧૯૪૭ ના મહા સુદ ૫ ને દિવસે દીક્ષા લીધી, અને તેમના શિષ્ય તરીકે **મુનિશ્રીઆનંદસાગર** જાહેર થયા.

રાજનગર મુકામે શાસન–માન્ય–સિદ્ધાંતો દ્વારાએ વ્યાખ્યાન વાણીથી શ્રોતાઓના મન હરી લીધા, અને તેઓશ્રીના પ્રથમ શિષ્યનું નામ **વિજયસાગરજી** રાખવામાં હતું.

વિ. સં. ૧૯૬૦ના જેઠ સુદ ૧૦ ના દિને અમદાવાદ મુકામે તેઓશ્રી ગણીપદ તથા પંન્યાસપદથી વિભૂષિત થયા, એટલે **પંન્યાસ શ્રીઆનંદસાગરજી ગણિવર્યના** નામથી ઓળખાયા.

શાસન—સંરક્ષણના અનેકવિધ—કાર્યોમાં વિજયવન્ત-શ્રમણ ભગવંતોને આપેલી અપૂર્વ-આગમ-વાંચના, હસ્ત-લિખિત ગ્રંથો મુદ્રણ કરાવવા માટે દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ અને આગમોદય સમિતિ એ બે સંસ્થાઓ સ્થાપના કરાવેલ તે દ્વારા અનેકવિધઆગમા-દિસાહિત્ય મુદ્રણ આદિ સ્વ શક્તિ બલે કરેલ અનેક વિધ શાસન સેવાઓદ્વારા રંજિત થએલા સુરતનાશ્રીસંઘે પ્રાતઃસ્મરણીય-ગીતાર્થસાર્વભૌમ, પ્રથમ-પ્રાવચનિક, સમર્થ પ્રભાવક, પૂ. શ્રીગુરૂદેવને આચાર્યપદ આપવાનું નિર્ધાર્યું, અને આચાર્ય પદથી સ્વ. વિજય કમળ સૂરિવર્યના વરદ હસ્તે સુરત મુકામે વિ. સં. ૧૯૭૪ના વૈશાખ સુદ ૧૦ ને દિને થઈ, અને આગમોદ્ધારક શ્રી આનંદસાગર સૂરિજીના નામથી ચતુર્વિધ સંઘમાં જાહેર થયા, અને સકળ સંઘે ચંચળ-લક્ષ્મીનો સદ્વ્યય કરીને મહોત્સવ, સ્વામિવાસલ્યાદિ કરી પુણ્યાનુંબંધી પુણ્યના ભંડાર ભર્યા.

વિ. સં. ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ને શનિવારે સાંજના સ્ટા. ટા. ૪-૩૨ કલાકે નમસ્કાર મંત્રને શ્રવણ કરતાં કરતાં પૂ. ગુરૂદેવે અર્ધપદ્મમાસને વિનશ્વર દેહનો ત્યાગ કર્યો.

સૂચના.

ગુજરાત, કાઠીઆવાડ, માલવા, મેવાડ, મારવાડમાં વિચરતા પૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી આદિના, તેમજ નાના મોટા શહેર ગામોના સંઘ તથા સંસ્થાઓના; તેમજ ગૃહસ્થોના પૂજ્યશ્રીના કાલ ધર્મથી શાસનને ભારે ખોટ પડવાના અને દીલસોજીના તારો અને સંદેશાઓ પૂજ્ય-આચાર્ય દેવેશ-શ્રીમાણેકસાગરસૂરિ મહારાજ, પંન્યાસજી મહારાજશ્રી ચન્દ્રસાગરજી ગણિવર્ય તથા શ્રી સુરત જૈન સંઘના પર આવ્યા છે, અને હજુપણ આવ્યે જાય છે. તે બધાને અલગ અલગ જવાબ આપવાનું બની શકે એમ નથી, તેથી આ સૂચના દ્વારા પૂજ્યશ્રી તરફના આપ સહુના ભક્તિભાવાદિ લાગણીની અનુમોદના કરી પહોંચ સ્વીકારીએ છીએ. લિ. **તંત્રી.**

પૂ. શ્રીઆગમોદ્ધારકના સ્વર્ગવાસ-નિમિત્તે આવેલા તાર-સંદેશાઓ.

સંખ્યાક.	નામ.	ગામ.
૧	વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ	અમદાવાદ
૨	વિજય ભક્તિસૂરિજી મહારાજ	સમી
૩	વિજય લબ્ધિસૂરિ મહારાજ	પૂના
૪	વિજય પ્રેમસૂરિજી મહારાજ	પાલીતાણા
૫	વિજય દર્શનસૂરિજી મહારાજ	,,
૬	મુનિશ્રી દર્શન વિજયજી મ. ત્રિપુટી	ખેડા
૭	પં. રવિવિજયજી મ. (ડેલાવાળા)	અમદાવાદ
૮	ઉ. ધર્મ વિજયજી મ.	મોરબી
૯	સાધ્વીજી શ્રી હેમશ્રીજી	જામનગર
૧૦	શ્રી કસ્તુરભાઇ લાલભાઈ (આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ	અમદાવાદ
૧૧	,, ગોડીજી સંઘ	મુંબાઇ
૧૨	,, જૈન સ્વયંસેવક મંડળ	,,
૧૩	,, શાંતિલાલ મગનલાલ	,,
૧૪	,, મયાભાઈ સાકલચંદ	અમદાવાદ
૧૫	,, સવેગી ઉપાશ્રય (હાજા પટેલની પોળ)	,,
૧૬	,, જૈન સંઘ	વેજલપુર
૧૭	,, જૈન યુવક સંઘ	વીરમગામ
૧૮	,, હીરાભાઈ મુલચંદ બુલાખીદાસ	મુંબાઈ
૧૯	,, શ્રી સંઘ (વેજલપુર)	વેજલપુર
૨૦	,, વર્દ્ધમાન સાગર અને સરસપુર સંઘ	અમદાવાદ
૨૧	,, બાકરોલા અને સંઘ	વેજલપુર
૨૨	,, નગીનદાસ વાડીલાલ	વેજલપુર
૨૩	,, જૈન સંઘ	પાલણપુર
૨૪	,, મુલચંદ બુલાખીદાસ (જૈન સંઘ)	ખંભાત
૨૫	,, સંઘ અને સેવા સમાજ	વાસદ
૨૬	,, જેશિંગલાલ પ્રેમચંદ	પાટણ
૨૭	,, રમણલાલ દલસુખભાઇ	ખંભાત
૨૮	,, જૈન સંઘ	સીરપુર
૨૯	,, હીરાબેન કીશોરદાસ	વીસનગર
૩૦	,, કેશવલાલ અમરચંદ નગરશેઠ	પાટણ
૩૧	શ્રી ભાખરીયા એન્ડ બ્રધર્સ	મુંબાઇ
૩૨	,, જૈન સંઘ	બારડોલી
૩૩	,, જૈન સંઘ	વઢવાણ સીટી
૩૪	,, માણેકલાલ ચુનિલાલ	મુંબાઈ
૩૫	,, જૈન સંઘ	નંદરબાર
૩૬	,, નરોતમદાસ એ. કપાસી	મુંબાઈ
૩૭	,, વાડીલાલ દોલતરામ	મુંબાઇ
૩૮	,, જૈન સંઘ	કોટ મુંબાઇ
૩૯	,, છોટાલાલ ભીખાભાઈ	મુંબાઈ
૪૦	,, અમૃતલાલ ગલાલચંદ	જામનગર
૪૧	,, કસ્તુરભાઇ નાનચંદ	,,
૪૨	શ્રી શાન્તિભુવન	જામનગર
૪૩	,, જૈનસંઘ	કર્ડી
૪૪	,, નેમીચંદ નગીનચંદ વકીલવાલા પ્રેસીડન્ટ જૈન તેરાપંથી સભા	મુંબઇ
૪૫	,, ગટુલાલ ઓંકારલાલ અને સંઘ	ધાર
૪૬	,, ,, ,,	ધાર
૪૭	,, જૈનસંઘ	વીજાપુર
૪૮	,, સંઘ (પન્યાસજી મહારાજ પર)	ઈડર
૪૯	,, ,, (સુરત સંઘ પર)	ઈડર
૫૦	,, લાલભાઈ લલ્લા (નાગજી ભુધરજીની પોળ)	અમદાવાદ
૫૧	,, નંદલાલ લોઢા	બદનાવર
૫૨	,, નંદરામ ચોપડા	બદનાવર
૫૩	,, જૈનસંઘ	બદનાવર
૫૪	,, જૈનસંઘ	શીહોર
૫૫	,, ,,	આગર-માળવા
૫૬	,, ,,	શૈલાના
૫૭	,, ,,	મોરબી
૫૮	,, ,,	દેવાંસ
૫૯	,, ,,	તલાજા
૬૦	,, ,,	માણસા

સંખ્યાક	નામ	ગામ
૬૧	વિજય રામસૂરિજી	ખંભાત
૬૨	મુનિશ્રી હંસસાગરજી	ઠલીયા
૬૩	સાધ્વીશ્રી અંજનાશ્રીજી	,,
૬૪	જૈન સંઘ	,,
૬૫	સાધ્વીશ્રી મનહરશ્રીજી	ઇન્દોર
૬૬	જૈન સંઘ	,,
૬૭	ધોળરમળજી	,,
૬૮	વીરચંદ વરતારામ	,,
૬૯	જમનાદાસ મોનજી	મુંબાઇ
૭૦	ભોગીલાલ લહેરચંદ	,,
૭૧	માણેકલાલ એન્ડ સન્સ	,,
	જૈન સંઘ	,,
૭૨	નગીનદાસ કરમચંદ	અંધેરી
૭૩	નરોત્તમદાસ કપાશી	,,
૭૪	મનસુખલાલ દુધવાલા	,,
૭૫	સાધ્વીશ્રી નેમશ્રીજી	ધાટકોપર
૭૬	અમૃતલાલ ઉંઝા ફાર્મસી	મુંબાઇ
૭૭	કેશવલાલ હરજીવન	વીરમગામ
૭૮	પ્રવર્તકચંદ્ર વિજયજી	પાનસરતીર્થ
૭૯	જૈન સંઘ	પાટણ
૮૦	નગરશેઠ કેશવલાલ અમરચંદ	,,
૮૧	હીરાલાલ લલ્લુભાઈ ચાવાલા	મુંબાઇ
૮૨	જૈન કોન્ફરન્સ	,,
૮૩	પોપટલાલ પ્રેમચંદ	,,
૮૪	જૈન સંઘ	ડભોઇ
૮૫	માણેકલાલ ત્રિકમલાલ	રાધનપુરવાલા
૮૬	જૈન સંઘ	માંગરોલ
૮૭	જૈન સંઘ	અમદાવાદ
૮૮	પં શ્રી હેમસાગરજી	,,
૮૯	સારાભાઇ હાથીસીંગ	અમદાવાદ
૯૦	વિજયસિદ્ધિસૂરીજી	,,
૯૧	પનાલાલ ઉમાભાઇ	,,

સંખ્યાક	નામ	ગામ
૯૨	શાંતીકુમાર જગાભાઇ	અમદાવાદ
૯૩	પુજાભાઈ દીપચંદ	,,
૯૪	મોહનલાલ છોટાલાલ	,,
૯૫	કચરાભાઈ હથીસીંગ	,,
૯૬	ભગુભાઈ સુતરીઆ	,,
૯૭	કાંતીલાલ ભોગીલાલ નાણાવટી	,,
૯૮	વકીલ મણીલાલ રતનચંદ	,,
૯૯	જમનાભાઈ ભગુભાઈ	,,
૧૦૦	પદમચંદ સંપટલાલ	,,
૧૦૧	કાંતીલાલ ઈશ્વરલાલ	મુંબાઈ
૧૦૨	વાડીલાલ દોલતરામ	,,
૧૦૩	મોહનલાલ ભગવાનદાસ	
	સેક્રેટરી જૈન એસોશીએશન	,,
૧૦૪	ભગવાનલાલ પનાલાલ	,,
૧૦૫	મણીલાલ જૈન	,,
૧૦૬	કાંતીલાલ ઈશ્વરલાલ	
	પ્રેસીડંટ જૈન કોનફરન્સ	,,
૧૦૭	જમનાદાસ મોનજી	,,
૧૦૮	મગનલાલ લાલજી	,,
૧૦૯	રતીલાલ છગીલદાસ	,,
૧૧૦	શીખરચંદ	,,
૧૧૧	વલ્લભદાસ ત્રીભોવનદાસ આત્માનંદ	ભાવનગર
૧૧૨	જૈન સંઘ	,,
૧૧૩	,, ,,	,,
૧૧૪	રતીલાલ જીવણભાઈ	પાલીતાણા
૧૧૫	લક્ષ્મીસાગરજી	,,
૧૧૬	,,	,,
૧૧૭	કુંવરજી વોરા	,,
૧૧૮	,, ,,	,,
૧૧૯	આગમ મંદિર	,,
૧૨૦	,, ,,	,,
૧૨૧	કુંવરજી માસ્તર	,,
૧૨૨	મોટી ટોલી	,,

સંખ્યા ક.	નામ.	ગામ.
૧૨૩	શેઠ આણંદજી કલ્યાણજી	પાલીતાણા
૧૨૪	આ. પ્રેમસૂરીજી	,,
૧૨૫	લબ્ધિસૂરી જૈન સેવા મંડળ	,,
૧૨૬	નાની ટોલી	,,
૧૨૭	સાધ્વીશ્રી મૃગેન્દ્રશ્રીજી	,,
૧૨૮	મોહનલાલ ભગવાનજી	જામનગર
૧૨૯	ચુનીલાલ લખમીચંદ	,,
૧૩૦	ચુનીલાલ માનેકચંદ	,,
૧૩૧	જામનગર જૈન સંઘ	,,
૧૩૨	પ્રેસીડન્ટ ઓ. જે. મંડળ	,,
૧૩૩	મદ્રાસ સંઘ	મદ્રાસ
૧૩૪	દમણ જૈન સંઘ	દમણ
૧૩૫	જૈન સંઘ	અમરેલી
૧૩૬	પ્રભાવતી	અજમેર
૧૩૭	કોઠીપોલ સંઘ શ્રીગણેવિજયજી	વડોદરા
૧૩૮	જૈન બાલ મંદિર સોસાયટી	ડભોઇ
૧૩૯	વિજય કુમુદસૂરીજી	કપડવંજ
૧૪૦	જૈન સંઘ	,,
૧૪૧	જૈન સંઘ	ગોધરા
૧૪૨	જૈનસંઘ	લુનાવાડા
૧૪૩	જૈનસંઘ	ઈડર
૧૪૪	જનસંઘ	મહેસાણા
૧૪૫	ચંદુલાલ પુંજાભાઇ સંઘવી	કડી
૧૪૬	,, ,, ,,	,,
૧૪૭	મુલચંદ વાડીલાલ–મનસુખલાલ અને મફતલાલ	વીજાપોર
૧૪૮	શ્રી રંગવિમલસૂરી	,,
૧૪૯	રતીલાલ ચુનીલાલ	પાલેજ
૧૫૦	મુલીસંઘ	મુલી

સંખ્યા ક	નામ.	ગામ.
૧૫૧	જૈન અમલનેરસંઘ	અમલનેર
૧૫૨	જૈનસંઘ	ભુજ
૧૫૩	જનસંઘ	ચાણસમા
૧૫૪	દીપચંદ બાંઠીઆ સેઠ આનંદ વર્ષક	ઉજ્જૈન
૧૫૫	જૈનપંચ	વાણી
૧૫૬	વિજય રામચંદ્રસૂરીજી	ખંભાત
૧૫૭	મુલચંદ વાડીલાલ–પં. મફતલાલ	વીજાપોર
૧૫૮	પ્રેસીડન્ટ તપગચ્છસંઘ	
૧૫૯	જનસંઘ	ચુડા
૧૬૦	ચંદુલાલ પોપટલાલ મનસુખલાલ અને હીંમતલાલ	સાયલા
૧૬૧	જૈન તપગચ્છ	,,
૧૬૨	,, ,,	,,
૧૬૩	ખોટાડ સંઘ જયંતવિજય	ખોટાડ
૧૬૪	જૈનસંઘ	ફલોદી
૧૬૫	,,	,,
૧૬૬	જૈનસંઘ	પરતાપગઢ
૧૬૭	રીખવદેવ કેશરીમલ	રતલામ
૧૭૮	જૈનસંઘ	ભવાની
૧૬૯	જૈનસંઘ	ચોટીલા
૧૭૦	મુનિશ્રી ભુવનવિજયજી	ભાંડકતીર્થ
૧૭૧	શ્રી હિમાચલસૂરિ	ધાણેરાવ

તા. ક. પૂ. શ્રીના સ્વર્ગવાસના માનમાં મુંબાઇ, અમદાવાદ મુકામે શેર બજાર, ચાંદી બજાર, કાપડ બજાર, વિગેરે બંધ રહ્યા છે. દરેક ગામના સંઘોએ, પૂ. આચાર્યોએ, ઉપાધ્યાયોએ, સાધુઓએ, અને સાધ્વીઓએ દિલસોજીના તાર–દેવવંદનાદિ કર્યા છે ઘણી જગોએ તો નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવની શરૂઆત થઈ ગઇ છે. પૂજ્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે **સૂર્યપુરના તામ્રપત્ર-શ્રીવર્દ્ધમાન-જૈનાગમ-મંદિરમાં વૈશાખ-વદ-૫ થી પંચોતેર દિવસ સુધી આંગી રચવામાં આવશે.**

આરાધ્યપાદ-સુગૃહિત-નામધેય-આગમદિવાકર-બહુશ્રુત-સૂરિપુરંદર-આગમોદ્ધારક-
સ્વર્ગસ્થ-આચાર્યદેવ-**શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજના**

શિષ્ય-પ્રશિષ્યોની નામાવલી.

૧૯૫૭

૧ પં. શ્રી વિજયસાગર ગણિજી 卐

૧૯૬૨

૨ આ. શ્રી મતિસાગરસૂરિ 卐

૧૯૬૪

૩ ,, મોતીસાગરજી 卐
૪ ,, મંગલસાગરજી 卐
૫ ,, કલ્યાણસાગરજી 卐

૧૯૬૬

૬ ,, જયસાગરજી
૭ ,, દીપસાગરજી 卐
૮ ,, માનસાગરગણિજી

૧૯૬૭

૯ આ. શ્રી માણિક્યસાગરસૂરિજી
૧૦ ,, અમૃતસાગરજી 卐
૧૧ ,, લક્ષ્મીસાગરજી 卐
૧૨ ,, સૌભાગ્ય સાગરજી 卐
૧૩ ,, મણિસાગરજી 卐

૧૯૭૧

૧૪ ઉપા૦ ક્ષમાસાગરજી 卐
૧૫ મુનિશ્રી મુક્તિસાગરજી
૧૬ ,, પ્રમાણસાગરજી 卐
૧૭ ,, ખાન્તિસાગરજી 卐

૧૯૭૯

૧૮ ,, મંગલસાગરજી

૧૯૮૧

૧૯ ,, જીતસાગર ગણિજી 卐
૨૦ ,, દેવસાગરજી 卐
૨૧ ,, કેશરસાગરજી

૧૯૮૪

૨૨ પં. શ્રી ચન્દ્રસાગરગણિજી
૨૩ પં. ,, હેમસાગરગણિજી
૨૪ પં. ,, દેવેન્દ્રસાગરગણિજી
૨૫ પં. ,, હીરસાગરગણિજી
૨૬ મુનિશ્રી લક્ષ્મીસાગરજી

૧૯૮૫

૨૭ ,, જ્ઞાનસાગરજી
૨૮ ,, સુબોધસાગરજી
૨૯ ,, લલિતસાગરજી

૧૯૮૬

૩૦ ,, ગુણસાગરજી
૩૧ ,, ધર્મસાગરજી
૩૨ ,, મહોદયસાગરજી 卐
૩૩ ,, મલયસાગરજી 卐
૩૪ ,, ચતુરસાગરજી
૩૫ ,, દર્શનસાગરજી
૩૬ ,, ન્યાયસાગરજી

૧૯૮૭

૩૭ ,, હંસસાગરજી
૩૮ ,, ચારિત્રસાગરજી
૩૯ ,, વિનયસાગરજી
૪૦ ,, ચંદ્રોદયસાગરજી
૪૧ ,, ચિદાનંદસાગરજી
૪૨ ,, ચંદનસાગરજી
૪૩ ,, પ્રવિણસાગરજી 卐
૪૪ ,, સૂર્યોદયસાગરજી
૪૫ ,, લબ્ધિસાગરજી
૪૬ ,, બુદ્ધિસાગરજી
૪૭ ,, પ્રબોધસાગરજી
૪૮ ,, કીર્તિસાગરજી
૪૯ ,, મૃગાંકસાગરજી
૫૦ ,, મહેન્દ્રસાગરજી 卐

૧૬૮૮

૫૧ મુનીશ્રી અભયસાગરજી
૫૨ ,, સુરેન્દ્રસાગરજી
૫૩ ,, ક્ષેમંકરસાગરજી
૫૪ ,, જનકસાગરજી

૧૬૮૯

૫૫ ,, ગૌતમસાગરજી
૫૬ ,, વિક્રમસાગરજી
૫૭ ,, કાંતિસાગરજી

૧૬૯૦

૫૮ ,, શાંતિસાગરજી
૫૯ ,, સંયમસાગરજી
૬૦ ,, ત્રૈલોક્યસાગરજી
૬૧ ,, મનોહરસાગરજી

૧૬૯૧

૬૨ ,, સૌભાગ્યસાગરજી
૬૩ ,, અરણોદયસાગરજી
૬૪ ,, પ્રભાવસાગરજી
૬૫ ,, ધીરસાગરજી
૬૬ ,, મુનીન્દ્રસાગરજી
૬૭ ,, નરેન્દ્રસાગરજી
૬૮ ,, શ્રુતસાગરજી

૧૬૯૨

૬૯ ,, મેરૂસાગરજી
૭૦ ,, અમરેન્દ્રસાગરજી
૭૧ ,, વર્ધમાનસાગરજી

૧૬૯૩

૭૨ ,, મનહરસાગરજી
૭૩ ,, રૈવતસાગરજી

૧૬૯૪

૭૪ ,, મનોજ્ઞસાગરજી (૧)
૭૫ ,, વિબુધસાગરજી
૭૬ ,, મનોજ્ઞસાગરજી (૨)

૧૬૯૫

૭૭ ,, વિમલસાગરજી

૧૬૯૬

૭૮ ,, સુશીલસાગરજી
૭૯ ,, માનતુંગસાગરજી
૮૦ ,, હિમાંશુસાગરજી
૮૧ ,, દોલતસાગરજી
૮૨ ,, વિજ્ઞાનસાગરજી
૮૩ ,, અમુલ્યસાગરજી
૮૪ ,, યશોભદ્રસાગરજી
૮૫ ,, પ્રેમસાગરજી
૮૬ ,, કનકસાગરજી

૧૬૯૭

૮૭ ,, દીપસાગરજી
૮૮ ,, લલીતાંગસાગરજી
૮૯ ,, જીતેન્દ્રસાગરજી
૯૦ ,, વસંતસાગરજી

૧૬૯૮

૯૧ ,, ચંદ્રકાંતસાગરજી
૯૨ ,, ચંદ્રપ્રભસાગરજી
૯૩ ,, શશિપ્રભસાગરજી

૧૬૯૯

૯૪ ,, મોક્ષાનંદસાગરજી
૯૫ ,, મેધસાગરજી

૨૦૦૦

૯૬ મુનિશ્રી ચંદ્રવર્મસાગર
૯૭ ,, અરવિંદસાગરજી
૯૮ ,, જિનેન્દ્રસાગરજી
૯૯ ,, જયાનન્દસાગર
૧૦૦ ,, મનકસાગરજી

૨૦૦૧

૧૦૧ ,, મહાપ્રભસાગરજી
૧૦૨ ,, રૂપસાગરજી

૨૦૦૨

૧૦૩ ,, પ્રમોદસાગરજી

૨૦૦૩

૧૦૪ ,, ધરણેન્દ્રસાગરજી
૧૦૫ ,, નન્દનસાગરજી
૧૦૬ ,, નરેશસાગરજી

૨૦૦૪

૧૦૭ ,, નાગેન્દ્રસાગરજી

૨૦૦૬

૧૦૮ ,, અભ્યુદયસાગરજી

આરાધ્યપાદ-બહુશ્રુત-સુરિપુંગવ-આગમ—

વાચનાદાતા-સ્વર્ગસ્થ-આચાર્યદેવશ્રીના સદુપદેશથી સ્થપાએલ-

ધર્મહિતવર્ધક-સંસ્થાઓ.

	સ્થાપના વર્ષ	સંસ્થા નામ
૧	વિ. સં. ૧૯૬૪	શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ
૨	વિ. સં. ૧૯૭૦	શ્રી આગમોદય સમિતિ સુરત
૩	વિ. સં. ૧૯૭૫	શ્રી જૈનઆનંદ પુસ્તકાલય સુરત
૪	વિ. સં. ૧૯૭૭	શ્રી ઋષભદેવજી કેશરીમલજીની પેઢી, રતલામ
૫-૬	વિ. સં. ૧૯૮૦	શ્રી કલકત્તામાં ઉપાશ્રય તથા જ્ઞાન મંદિર
૭	વિ. સં. ૧૯૮૦	શ્રી અજીમગંજમાં હિંદી સાહિત્ય પ્રચારક ફંડ
૮	વિ. સં. ૧૯૮૧	શ્રી રતલામ જૈન બોર્ડિંગ સ્થાપના
૯	વિ. સં. ૧૯૮૩	શ્રી જૈનામૃત સમિતિ ઉદયપુર
૧૦	વિ. સં. ૧૯૮૭	શ્રી જૈનતત્ત્વ બોધમાલા સુરત
૧૧	વિ. સં. ૧૯૮૭	શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાલા સુરત કાયમી ફંડ
૧૨	વિ. સં. ૧૯૮૭	શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ સુરત
૧૩ થી ૨૬	વિ. સં. ૧૯૮૪થી	ઉજ્જૈન, રતલામ, ગોધરા, ખંભાત, જામનગર, આદિ ૨૪ સ્થળે જ્ઞાન ભંડારો
૨૭	વિ. સં. ૧૯૮૪	શ્રી નવપદ આરાધક સમાજ
૨૮	વિ. સં. ૧૯૮૫	શ્રી વર્દ્ધમાન આયંબિલ ખાતું જામનગર
૨૯	વિ. સં. ૧૯૮૫	શ્રી જૈન ભોજનશાલા જામનગર
૩૦	વિ. સં. ૧૯૮૫	શ્રી શ્વે. મૂ જૈન બોર્ડિંગ જામનગર
૩૧	વિ. સં. ૧૯૮૮	શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
૩૨	વિ. સં. ૧૯૯૩	શ્રી દેવબાગ જામનગર
૩૩	વિ. સં. ૧૯૯૩	શ્રી લક્ષ્મી આશ્રમ જામનગર
૩૪	વિ. સં. ૧૯૯૪	શ્રી વર્દ્ધમાન જૈન આગમ મંદિર પાલીતાણા
૩૫	વિ. સં. ૧૯૯૮	શ્રી જૈન ધર્મ પ્રભાવક સમાજ અમદાવાદ
૩૬	વિ. સં. ૧૯૯૮	શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિર પાલીતાણા
૩૭	વિ. સં. ૨૦૦૨	શ્રી આગમોદ્ધારક સંસ્થા સુરત
૩૮	વિ. સં. ૨૦૦૩	શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્રાગમ મંદિર સુરત

પૂ. શ્રીઆગમોદ્ધારક–દેવેશશ્રીના ઉપદેશથી સ્થપાયેલ-જ્ઞાન-ભંડારો.

આજથી લગભગ ત્રીશ વર્ષ ઉપર સાધુ સાધ્વીઓને વાંચવા વિચારવા જોઇતા પુસ્તકો સહેલાઇથી મલી શકે તે માટે યોજના કરવાનો વિચાર પૂ સ્વર્ગસ્થ શ્રી આગમોદ્ધારકને સ્ફુરાયમાન થયેલ એ ઉપરથી સં. ૧૯૭૫માં **સુરતમાં શ્રી જૈનાનંદ પુસ્તકાલયની** સ્થાપના કરી, ત્યારબાદ એઓશ્રીએ જે જે નગર કે ગામ તરફથી પુસ્તકોના ભંડારની માંગણી કરાઈ ત્યાં ત્યાં પોતાના શ્રી જૈનાનંદ પુસ્તકાલય દ્વારા ભંડારો મોકલાવાયા, તેનાં નામો નીચે પ્રમાણે—

૧. અજીમગંજ (બંગાલ)
૨. અમદાવાદ—નાગજીભુદરની પોલ
૩. ,, શાહપુર
૪. ઉજ્જૈન (માલવા)
૫. ઉદયપુર (મેવાડ)
૬. ખંભાત
૭. ગોધરા
૮. ચાણસ્મા
૯ છાણી
૧૦. ઝગડિયા
૧૧. જામનગર (સૌરાષ્ટ્ર)
૧૨. ઝીંઝુવાડા (કાઠિયાવાડ)
૧૩. ડુંગરપુર
૧૪. પરાંસલી (માલવા)
૧૫. પાલીતાણા (સિદ્ધક્ષેત્ર)
૧૬. પાટણ
૧૭ બારડોલી (સુરત)
૧૮ બોધાન (સુરત)
૧૯. મુંબઈ
૨૦. રતલામ (માલવા)
૨૧. રાજકોટ (કાઠિયાવાડ)
૨૨ રાણપુર (કાઠિયાવાડ)
૨૩. રાધનપુર
૨૪. લુણાવાડા
૨૫. વઢવાણ
૨૬. સુરત (હરિપુરા)
૨૭. સાલડી (મારવાડ)

આગમાવતાર–ગીતાર્થસાર્વભૌમ સૂરિપુરંદર ૧૦૦૮ શ્રીમદ્ **આનંદસાગરસૂરિશ્વરજી મહારાજે**
ભવ્ય–જીવોના હિતાર્થે આગમોના ગૂઢરહસ્યોદ્‌ઘાટક તલસ્પર્શી વિવેચનાત્મક અનેક–
સ્થળે કરેલી **આગમવાચનાઓની**

ટૂંક રૂપરેખા.

૧ વિ. સં. ૧૯૭૦ માં પ્રથમ આગમવાચના પાટણમાં જેમાં દશ૦ સૂત્ર૦ પટ્‌ત્રિંશિકાએ।
૨ ,, ,, ,, માં દ્વિતીય આગમ વાચના ભોયણી તીર્થમાં મહા સુદ ૧૦ ના પ્રસંગે
૩ ,, ,, ૧૯૭૧ માં તૃતીય ,, ,, પાટણમાં
૪ ,, ,, ૧૯૭૨ માં ચતુર્થ ,, ,, કપડવંજમાં-લલિતવિસ્તરા, યોગદૃષ્ટિ, અનુયોગ ½, આવ. ½ ઉત્તરા ½
૫ ,, ,, ,, માં પંચમ ,, ,, અમદાવાદમાં-વિશેષા ½ સ્થાનાંગ ½,
૬ ,, ,, ૧૯૭૩ માં ષષ્ઠ ,, ,, સુરતમાં-વિશેષા. ½, સ્થાનાંગ ½, ઔપ. ઉત્તરા ½ આચા. ½
૭ ,, ,, , માં સપ્તમ ,, ,, સુરતમાં-આવ. ½, આચા ½, અનુયોગ ½, નંદીસૂત્ર,
૮ ,, ,, ૧૯૭૬ માં અષ્ટમ ,, ,, પાલીતાણામાં (સિદ્ધક્ષેત્ર) ઓઘ પિંડ. ભગવતી ½, પ્રજ્ઞા. ½ ½
૯ ,, ,, ૧૯૭૭ માં નવમ ,, ,, રત્નપુરી (રતલામ)–(માલવા)માં ભગ. ½ ½, પ્રજ્ઞા. ½, સમવાયાંગ

કુલ ૨૩૩૨૦૦ શ્લોક પ્રમાણ આગમવાચના કરી.

પૂજ્ય-શ્રીઆગમાવતાર-આચાર્યદેવશ્રીએ કરેલા

ચાતુર્માસોની સંક્ષિપ્ત-નોંધ.

નં.	વિ. સં.	ગામ	નં.	વિ સં.	ગામ
૧	૧૯૪૭	લીંબડી	૩૧	૧૯૭૭	શૈલાણા
૨	૧૯૪૮	અમદાવાદ	૩૨	૧૯૭૮	રતલામ
૩	૧૯૪૯	ઉદયપુર	૩૩	૧૯૭૯	,,
૪	૧૯૫૦	પાલી	૩૪	૧૯૮૦	કલકત્તા
૫	૧૯૫૧	સોજત	૩૫	૧૯૮૧	અજીમગંજ
૬	૧૯૫૨	પેટલાદ	૩૬	૧૯૮૨	સાદડી
૭	૧૯૫૩	છાણી	૩૭	૧૯૮૩	ઉદયપુર
૮	૧૯૫૪	ખંભાત	૩૮	૧૯૮૪	અમદાવાદ
૯	૧૯૫૫	સાણંદ	૩૯	૧૯૮૫	જામનગર
૧૦	૧૯૫૬	અમદાવાદ	૪૦	૧૯૮૬	ખંભાત
૧૧	૧૯૫૭	,,	૪૧	૧૯૮૭	અમદાવાદ
૧૨	૧૯૫૮	,,	૪૨	૧૯૮૮	મુંબઈ
૧૩	૧૯૫૯	ભાવનગર	૪૩	૧૮૮૯	સુરત
૧૪	૧૯૬૦	અમદાવાદ	૪૪	૧૯૯૦	વ્હેલાણા
૧૫	૧૯૬૧	કપડવંજ	૪૫	૧૯૯૧	પાલીતાણા
૧૬	૧૯૬૨	ભાવનગર	૪૬	૧૯૯૨	જામનગર
૧૭	૧૯૬૩	અમદાવાદ	૪૭	૧૯૯૩	,,
૧૮	૧૯૬૪	મુંબઇ	૪૮	૧૯૯૪	પાલીતાણા
૧૯	૧૯૬૫	ચેવલ્યા	૪૯	૧૯૯૫	અમદાવાદ
૨૦	૧૯૬૬	સુરત	૫૦	૧૯૯૬	પાલીતાણા
૨૧	૧૯૬૭	,,	૫૧	૧૯૯૭	,,
૨૨	૧૯૬૮	ખંભાત	૫૨	૧૯૯૮	,,
૨૩	૧૯૬૯	છાણી	૫૩	૧૯૯૯	કપડવંજ
૨૪	૧૯૭૦	પાટણ	૫૪	૨૦૦૦	મુંબઇ
૨૫	૧૯૭૧	,,	૫૫	૨૦૦૧	સુરત
૨૬	૧૯૭૨	અમદાવાદ	૫૬	૨૦૦૨	,,
૨૭	૧૯૭૩	સુરત	૫૭	૨૦૦૩	,,
૨૮	૧૯૭૪	મુંબઇ	૫૮	૨૦૦૪	,,
૨૯	૧૯૭૫	સુરત	૫૯	૨૦૦૫	,,
૩૦	૧૯૭૬	પાલીતાણા			

સમર્થ શાસન-પ્રભાવક શૈલાના, નરેશ-પ્રતિબોધક, **શ્રી દેવસૂર—**

તપાગચ્છ-ગગન નભોમણિ, આચાર્યદેવશ્રીના જીવનના

મહત્ત્વના કાર્યોની નોંધ.

વિ. સં. ૧૯૪૭ - શ્વશુર પક્ષ આદિના અનેક સ્વજનોના ઉગ્ર વિરોધ વચ્ચે અપૂર્વ દ્રઢતા અને વીર્યોલ્લાસ પૂર્વક **દીક્ષા ગ્રહણ.**

વિ. સં. ૧૯૪૮—કારતક વદ ૧૧ ને દિને પૂજ્ય **ગુરૂદેવશ્રીનો વિરહ.**

વિ. સં. ૧૯૪૯—ઉદયપુરથી ૨૫ માઈલ દૂર ગોવર્ધન વિલાસમાં યાદગાર ચાતુર્માસ-જેમાં કે અવિરત-પણે ઉદ્યમ-ખંત પૂર્વક કરેલો અભ્યાસ.

વિ. સં. ૧૯૫૦-૫૧—મારવાડના ભિન્ન ગામોમાં નવદીક્ષિત છતાં અનેક કષ્ટો સહન કરી વિશુદ્ધ સંયમારાધના-પાલના પૂર્વક વિચરી, કરેલી ચિરસ્મરણીય ધર્મ પ્રભાવના.

વિ. સં. ૧૯૫૨—સાંસારિક પિતા (જેઓએ પોતાની દીક્ષા પછી દીક્ષા લીધેલી) ની અપૂર્વ સેવા-ભક્તિ-વૈયાવચ્ચ આદિ કરી અંત સમયની કરાવેલી અપૂર્વ આરાધના, જેના બલે પિતાશ્રીને સમાધિ-મરણ સંપાદન,

તેજ વર્ષમાં સાંવત્સરિક પર્વ અંગે પડેલા મતભેદ પ્રસંગે શાસ્ત્રોક્ત અવિચ્છિન પ્રભાવ-શાલી મર્યાદાને વફાદાર રહી નિર્ભીકપણે સત્યની ઘોષણા રૂપ કરેલી સિંહ ગર્જના-સ્વ. મનસુખભાઈ ભગુભાઇએ સાથે રહીને કરેલી આરાધના, અને સુવર્ણના વેઢની પ્રભાવના.

વિ. સં. ૧૯૫૪—ખંભાતના ચાતુર્માસમાં શ્રી **પાર્શ્વચંદ્રીય ગચ્છવાલા સાથે તથા જૈનેતર આચાર્યો સાથે થયેલ શાસ્ત્રાર્થમાં પ્રાપ્ત કરેલો અપૂર્વ વિજય તથા કલોલ ગામે સ્થાનકવાસી-સાધુઓ સાથે કરેલો શાસ્ત્રાર્થ.**

વિ. સં. ૧૯૫૬, ૧૯૫૭, ૧૯૫૮—અમદાવાદના આ ત્રણે ચાતુર્માસ દરમ્યાન વ્યાકરણ ન્યાય આદિ સર્વ શાસ્ત્રોમાં સ્વપ્રતિભા-સામર્થ્યબલે નિપુણતા હસ્તગત કરી.

વિ. સં. ૧૯૬૧—**પેથાપુર પ્રાંતિક પરિષદમાં** સત્કાર અને વ્યાખ્યાન.

વિ. સં. ૧૯૬૪—મુંબઇ લાલબાગમાં ચાતુર્માસ દરમ્યાન તીર્થાધિરાજ શ્રી સમેતશિખરજીમાં યુરોપિયનોના બંગલા ન બંધાવવા દેવા બદલ ઉપાડેલી પ્રચંડ ઝુંબેશ, રાજ્ય તરફની ધમકીઓને લક્ષ્યમાં ન રાખતાં જાહેર રીતે વિરોધાત્મક વ્યાખ્યાદિની કરેલી હીલચાલથી વિજય પ્રાપ્ત કરી બજાવેલી અપૂર્વ તીર્થ સેવા.

શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડની સુરતખાતે પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી સ્થાપના.

મુંબઇથી છરીપાલતો **અંતરક્ષજીનો નિકલેલો ઐતિહાસિક સંઘ,** જેમાં દિગંબરો સાથેના વૈમનસ્યનો ન્યાયાલયમાં જઈને પણ જૈન સાધુપણાની અપૂર્વ છાપ પાડીને સફલતા પૂર્વક લવાએલો અંત અને **યુરોપીયન મેજીસ્ટ્રેટના મુખથી થયેલી પ્રશંસા.**

વિ. સં. ૧૯૬૫-**ચેવલામાં પ્રથમ ઉપધાનવહન ક્રિયા કરાવી.**

વિ. સં. ૧૯૬૭—લાલન શિવજી પ્રકરણમાં શાસન હિતકર મેલવેલી અપૂર્વ સિદ્ધિ.

વિ. સં. ૧૯૭૦—પાટણમાં **સર્વ પ્રથમ આગમ વાંચનાનો પ્રારંભ,** ભોયણી તીર્થમાં આગમાદિનું, પ્રકાશન કરાવવા માટે શ્રી આગમોદય સમિતિ સ્થાપના.

વિ. સં. ૧૯૭૫ શ્રી જૈનાનંદ પુસ્તકાલય સુરતની સ્થાપના, સુરતથી મહારાજશ્રીના નેતૃત્વ નીચે શેઠ જીવણચંદ નવલચંદે કાઢેલો છરીપાલતો **શ્રીસિદ્ધગિરિનો સંઘ,** દેવદ્રવ્યની ઐતિહાસિક ચર્ચા.

વિ. સં. ૧૯૭૭ રતલામમાં આપેલી અંતિમ આગમ વાચના.

૧૯૭૮ શેઠ ઋષભદેવજી કેશરીમલજીની પેઢી સ્થાપના, શૈલાણા નરેશને કરેલા પ્રતિબોધ, અને હેમચંદ્રાચાર્ય પર થએલા કુમારપાલના અનુરાગની જેમ આચાર્ય દેવશ્રી ઉપર શૈલાણા નરેશને ઉત્પન્ન થયેલ ધર્મ સ્નેહ, તેને પરિણામે આચાર્યશ્રીની સેવામાં અર્પણ કરેલ શ્રી વિજયહીરસૂરીશ્વરજીના ઉપદેશથી સહૃદય અકબર બાદશાહની જેમ પોતાના આખા રાજ્યમાં પર્યુષણના ૯ દિવસો તથા દર માસની આઠમ-તથા ચૌદસ-અમાવાસ્યા દિને અમારિ પાલવાના ઉદ્‌ઘોષણાને સૂચવતો પરવાનો આજ્ઞાપટ્ટક (જેની નકલ આ અંકમાં આગળ આપેલ છે.)

વિ સં. ૧૯૭૯ માંડવગઢતીર્થ સંબંધી ધાર સ્ટેટની ડખલનો આણેલો સફલ અંત, સેમલિયા અને પંથેડના ઠાકોરોને કરેલ પ્રતિબોધ-અને કરાવેલ અમારિ ઉદ્‌ઘોષણા ભોપાવરજીતીર્થનો ઉદ્ધાર, ત્રિસ્તુતિક યતીન્દ્રવિજય મ. ની સાથે થયેલી ચર્ચામાં મેલવેલો વિજય, સમેત શિખરજી યાત્રા.

વિ. સં. ૧૯૮૦ કલકત્તામાં આચાર્યશ્રીના ઉપદેશથી જૈન ઉપાશ્રય-મંદિર માટે થયેલ એક લાખનું ફંડ, અજીમગંજ જૈન હિંદી સાહિત્યના ફંડ માટે કરાવેલ ૧૦ હજારનું ભંડોલ.

વિ. સં. ૧૯૮૧—"કલકત્તા બીડન સ્ટ્રીટ" માં 'મનુષ્યભવની સફલતા' પર આપેલું ઐતિહાસિક વ્યાખ્યાન.

રતલામમાં જૈન બોર્ડિંગની સ્થાપના.

સમેતશિખરજીની યાત્રા-તથા બે રથયાત્રા.

અજીમગંજ બાબૂના આગ્રહથી થએલ દાદાના પૂર્વકની પધરામણી, અજીમગંજ નરેશ તરફથી ભવ્ય સત્કાર.

વિ. સં. ૧૯૮૨ - સાદડી (મારવાડ) ગામના પોરવાડ સંઘનો વર્ષો જુના કુસંપનું નિરાકરણ.

વિ. સં. ૧૯૮૩—શ્રી જૈનામૃત સમિતિની ઉદયપુર ચાતુર્માસમાં સ્થાપના

વિ. સં. ૧૯૮૩—કેશરીયાજી તીર્થમાં સફલતા પૂર્વક ચઢાવેલ ધ્વજા દંડ, તે સમયે દિગંબરો તરફથી કરાયેલ ધમાલનો કરેલો સુખદ પ્રતિકાર.

શેઠ માણેકલાલ મનસુખલાલ તરફથી કરાવાયેલ અપૂર્વ ધામધૂમ પૂર્વકની યાદગાર નવપદ આરાધના.

શ્રી નવપદ આરાધક સમાજની પુનિત સ્થાપના.

ધી અમદાવાદ યંગમેન્સ જૈન સોસાયટીની યોજનાથી વિદ્યાશાલામાં આપેલ ચિરસ્મરણીય વ્યાખ્યાન.

આસ્તિક નાસ્તિકની કરેલી અદ્‌ભૂત સમાલોચના.

શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજની સ્થાપના, ભોયણીમાં તેનું અધિવેશન.

શ્રી સિદ્ધાચલના રખોપાની ટીપમાં આચાર્યશ્રીના પ્રયત્નથી ૩। લાખનું ફંડ.

વિ. સં. ૧૯૮૫—જામનગરમાં શ્રી વર્દ્ધમાન તપ આયંબિલ ખાતું તથા ભોજનશાલા જૈન બોર્ડિંગની સ્થાપના.

વિ. સં. ૧૯૮૬—શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડની સુરતમાં સ્થાપના.

વિ. સં. ૧૯૮૬—સુરતના દેશવિરતિ સમાજના અધિવેશન પ્રસંગે આપેલ સુંદર વ્યાખ્યાન રાજા બહાદૂર શ્રી વિજયસિંહજી દુધેડિયનું દર્શનાર્થે આવવું.

વિ. સં. ૧૯૮૬—શ્રી જૈન તત્ત્વ બોધમાલા તથા શ્રી રત્નસાગર જૈન વિદ્યાશાલના કાયમી ફંડની સ્થાપના.

વિ. સં. ૧૯૮૭—વડોદરા સંન્યાસ બાલ દીક્ષા પ્રતિબંધક કાયદાનો કરેલો ઉગ્ર વિરોધ અને અનેક શાસ્ત્રોના પ્રમાણોથી બાલ દીક્ષાની પુષ્ટિ કરનારાં અનેક પ્રવચનો.

વિ. સં. ૧૯૮૭—અમદાવાદના ચાતુર્માસ પ્રસંગે જર્મન લેડી ડો. ફાઉલ્હેએ ગ્રંથ સંપાદન કાર્યમાં આવેલ વિસંવાદોના ખુલાસા મેલવી "પૂર્વે નહિ સાંભળેલ અને જોયેલ જૈનોની જંગમ લાયબ્રેરી" તરીકેની મુક્ત કંઠે કરેલી પ્રશંસા.

વિ. સં. ૧૯૮૯—સુરત મુકામે સંવત્સરી પર્વની આરાધનાના વિસંવાદ પ્રસંગે અમદાવાદથી વિનવવા આવેલ ભાવુકને કરેલી "શાસ્ત્ર સંમત ચાલુ આરાધના ન કરવાવાલાઓને ભવિષ્યમાં પર્વ તિથીની વૃદ્ધિક્ષય કરવાની રીત અપનાવવાની સૂચક આગાહી," તથા કરેલ સુવિહિત પરંપરાનું પાલન.

વિ. સં. ૧૯૯૦—રાજનગરમાં ભરાયેલ અખિલ મુનિ સંમેલન પ્રસંગે ચર્ચાતી અટપટી ગૂચોના ઉકેલ માટે શાસ્ત્રીય સચોટ પુરાવા આદિના વિદ્વતાભર્યા ઉપન્યાસથી સર્વ મુનિ મંડલ ઉપર પાડેલી અપૂર્વ છાપ અને સ્વ. શ્રી આચાર્યદેવ વિજય નેમિસૂરીશ્વરજી તથા વિજયવલ્લભસૂરીશ્વરજી આદિ સૂરીવરોએ કરેલી મુક્ત કંઠે પ્રશંસા.

મહેસાણા ચાતુર્માસ દરમ્યાન યુરોપીયન વિદ્વાન ડો. જાકોબીને મુલાકાત લઈ પ્રખર વિદ્વત્તાની કરેલી અપૂર્વ પ્રશંસા.

વિ. સં. ૧૯૯૨—ઉપા. શ્રી માણિક્યસાગરજીમ ઉપા, શ્રી કુમુદવિજયજીમ, પં. શ્રીભક્તિવિજયગણિ તથા પં. શ્રી પદ્મવિજયજીના પાલીતાણામાં આચાર્યપદ પ્રદાન નિમિત્તે થયેલ મહોત્સવ.

વિ. સં. ૧૯૯૨-૧૯૯૬-માં સુરત મુકામે કરેલ આગાહીની સત્યતાને સમર્થન કરનારે ઉપજાવેલ પર્વતિથિ ક્ષય-વૃદ્ધિની નવી માન્યતાનો સ્વ. આ શ્રી વિજયનેમિસૂરીજી મ. સાથે પૂજ્યશ્રીએ શાસ્ત્ર તેમજ સુવિહિત પરંપરાને વફાદાર રહી સત્ય આરાધનાના માર્ગદર્શન પૂર્વક કરેલો ઉમપડકાર.

વિ. સં. ૧૯૯૩ – જામનગરમાં શ્રી દેવભાગ-લક્ષ્મી આશ્રમની સ્થાપના.

વિ. સં. ૧૯૯૪—સમર્થ આગમતત્વવેત્તા, પ્રવર-પ્રાવચનિક સ્વ. આગમોદ્ધારકશ્રીના સદુપદેશથી જામનગરના નગરશેઠ પોપટલાલ ધારશીભાઈ દેવરાજે કાઢેલો છરીપાલનો શ્રી સિદ્ધગિરિ તથા અન્ય સૌરાષ્ટ્ર દેશના તીર્થોનો અપૂર્વ ધામધૂમ પૂર્વકનો સંઘ (જેનું વિસ્તૃત સચિત્ર વર્ણન "સૌરાષ્ટ્ર તીર્થ અને સંઘ યાત્રા" પુસ્તકમાં છે.)

તથા શ્રી વર્ધમાન જૈનાગમમંદિરસંસ્થાની પાલીતાણામાં સ્થાપના તેમજ શ્રી જૈન શિલોત્કીર્ણાગમ મંદિરનું ાતમુહૂર્ત શ્રી શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહની પાલીતાણામાં સ્થાપના.

વિ. સં. ૧૯૯૫—પૂજ્ય આગમ પ્રજ્ઞ સ્વ. આચાર્ય-દેવશ્રીના સદુપદેશથી શાહ મોહનલાલ છોટાલાલે વીસસ્થાનક જ્ઞાન પંચમી આદિનો લાખોના ખર્ચે ઉજવેલ ઉદ્યાપન મહોત્સવ.

વિ. સં. ૧૯૯૭—શ્રી ક્ષમાસાગરજી મહારાજને ઉપાધ્યાય પદપ્રદાન, તથા શ્રી ચંદ્રસાગરજી મહારાજને ગણિ-પંન્યાસ પદપ્રદાન, તથા તે નિમિત્તે થયેલ સુંદર મહોત્સવ.

વિ. સં. ૧૯૯૮—શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિરની સ્થાપના.

વિ. સં. ૧૯૯૯—શ્રી જૈનધર્મ પ્રભાવક સમાજની અમદાવાદમાં સ્થાપના.

વિ સં. ૧૯૯૯ શ્રી પાલીતાણા શ્રી વર્ધમાન જૈનાગમ મંદિરની પ્રતિષ્ઠા તથા અંજન શલાકા મહોત્સવ, પ્રસંગે હજારો જિન બિંબોની પ્રાણ પ્રતિષ્ટા આદિનો મહોત્સવ, આચાર્ય દેવશ્રીના ઉપદેશથી શાહ ચીમનલાલ ડાહ્યાભાઇ (જંયત એટલ વકર્સવાલા) તરફથી ઉજવાયેલ અપૂર્વ શ્રી નવપદ આરાધનાનો સામુદાયિક મહોત્સવ-શ્રી દેશવિરતિ ધર્મ આરાધક સમાજનું ભવ્ય અધિવેશન.

વિ. સં, ૨૦૦ લુણાવાડા જૈન જ્ઞાન મંદિરની સ્થાપના ગોધરા--વેજલપુર--છાણી--વડોદરા-ડભોઇ-સિનોર આદિ સ્થલોએ ભવ્ય સત્કાર.

ફા. સુ. ૬ ને મંગલ પ્રભાતે સૂર્યપુર (સુરત) માં અભૂત પૂર્વ-ઐતિહાસિક-ભવ્યજનોના અનેરા ઉત્સાહ પૂર્વક થયેલો ભવ્ય સુંદર પ્રવેશ મહોત્સવ.

જે પ્રવેશ મહોત્સવના વરઘોડામાં સુંદર મનમોહક જરીયાન ઉત્તમોત્તમ ૫૭ સાંભેલા.

સુંદર સરોદાથી જનમનરંજક બેંડો.

હજારો ભાવુક સાજનોના સમુદાયથી એક માઈલ લગભગનું સુંદર સરઘસ.

આખાએ શહેરના મુખ્ય રસ્તાઓ સુંદર કમાનો, તોરણો, ધ્વજાઓ એવં પૂજ્ય આચાર્ય દેવશ્રીના ગુણગણવર્ણનાત્મક-વિવિધ-રંગ બેરંગી બોર્ડો.

અનેક સ્થાને માણેક, મોતી, સોના મહોર, અને રૂપીયાની થયેલી સેંકડો ગહુંલીઓ.

શેઠ જેકીસનદાસ વખારીયાએ કરેલો સાચાં મોતીનો સાથીયો.

હજારોની કિંમતના માણેક, મોતી, અને ઝવેરાતથી પૂ. આચાર્ય મહારાજશ્રીને થએલાં વધામણાં.

ક્ષત્રિય કુલભૂષણ શ્રી વખારિયા, બંધુઓએ પોતાની વખારિયા મીલમાં એકજ દિવસમાં વીશ હજાર ખર્ચીને કરાવેલ પધરામણી.

સામૈયામાં આવેલા ભાવુકોને માટે કરેલી સાકરનાં પાણી અને બદામનાં દૂધની થએલી ભાવભીની ભક્તિ.

તથા નેમુભાઇની વાડીના ઉપાશ્રયે થએલી ૨૦) મણ લાડુની પ્રભાવના આદિ અનેકાનેક મહત્ત્વ ભર્યા બનાવો શાસન પ્રભાવના પૂર્વક સુરતના શ્રી સંઘની પૂજ્ય આચાર્યદેવશ્રી પ્રત્યેની ભક્તિ સૂચવનારાં હતાં. (આનું વિશેષ વર્ણન "શ્રી સૂર્યપુરનું સાગર સ્વાગત" પુસ્તકમાં છે.)

સુરતમાં પુજ્યશ્રી આચાર્ય દેવશ્રીના સદુપદેશથી સંઘવી પાનાચંદ કસ્તુરચંદજીએ ફા. વ. ૨ રવિવારથી આઠ દિવસમાં સુરતના આખાએ શહેરના ભવ્ય પ્રાચીન જિનાલયોની ધામધૂમ પૂર્વક ચતુર્વિધ સંઘ સાથે કરાયેલો ભવ્ય યાત્રા (આનું વિસ્તૃત વર્ણન "સૂર્યપુરની ભવ્ય શહેર યાત્રા" પુસ્તકમાં છે)

વિ સં. ૨૦૦૨—પૂજ્ય શ્રી આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીના સદુપદેશથી શ્રી વર્દ્ધમાનજૈનતામ્રપત્રાગમ મંદિર નિર્માણ કરવાના ઉદ્દેશ્યથી વૈશાખ વદ ૧૧ શનિવારે સુરતના શ્રી સંઘે કરેલી "શ્રી આગમોદ્ધારક જૈન સંસ્થા" ની સ્થાપના.

વિ. સં. ૨૦૦૩—ફાગણ વદ ૬ ગુરૂવારે અમદાવાદના શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકલાલ મનસુખભાઈના હાથે આગમાવતાર સૂરિવરના ઉપદેશથી થતા શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્રાગમ મંદિરનું ખાત મુહૂર્ત.

વૈશાખ વદ ૨ બુધવારે ભાવનગરના શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીના હાથે જૈન તામ્રપત્રાગમ મંદિરની શિલારોપણ વિધિ.

વિ. સં. ૨૦૦૩—આસો સુદ ૧૦ ના મંગલ દિને પૂજ્ય બહુશ્રુત આચાર્યશ્રીએ અંજનશલાકા કરેલા પાલીતાણાથી આવેલા ૧૨૦ જિનબિંબોનો સુરતમાં ભવ્ય આડંબર પૂર્વકપ્રવેશ

વિ. સં. ૨૦૦૪—મહા સુદ ૬ શુક્રવાર દિને પૂજ્યપાદ બહુશ્રુત જંગમશ્રુતતીર્થ સૂરિપુંગવ આગમોદ્ધારક દેવશ્રીના વરદ હસ્તે સ્ટા. ટા. ૯-૨૯ મિનિટે શ્રી મહાવીર પ્રભુ આદિ ૧૨૦ જિનબિંબોની ગાદી નશીન કરણ વિધિ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ.

વિ. સં. ૧૯૫૨ થી પૂજ્ય-ગુરૂદેવે જે શાસનમાન્ય પરંપરાને અપનાવેલી, તેજ પરંપરાને અવિચ્છિન્નપણે અપનાવવાનો અવસર આ વર્ષે આવી રહ્યો, અને અમદાવાદમાં શાસન-માન્ય-પરંપરાને નહિ અપનાવનાર વિદ્વેષીઓની અનેક રીતિની વ્યૂહ રચનાથી ઉતરવાનું સ્થાન પણ ન મલે તેવા સંજોગોમાં પણ શાસનદેવની અંતરીક્ષ મદદથી, પૂ ગુરૂદેવની અમદાવાદ રહેનાર સાધુઓ માટે આ શાસન સેવાના કપરા સંયોગોમાં સહન કરીને પણ ચાતુર્માસ કરવાની આજ્ઞા હોવાથી તે આજ્ઞાને શીરોધાર્ય કરનાર **મુનિશ્રી ધર્મસાગરજી અને મુનિશ્રી ત્રૈલોક્યસાગરજીની કુનેહથી,** ડહેલાના ઉપાશ્રયના **પટ્ટધરસૂરેન્દ્રસૂરીશ્વરજી**ના અનુમોદનથી અને તેમની આજ્ઞા વર્તી સાધ્વી સમુદાયના સહકારથી; અને ડહેલાના ઉપાશ્રયના વહીવટદારોની વિનંતિથી ઢીંકવાની વાડીમાં શાસનમાન્ય પરંપરાને અનુસરતી સોમવારે સંવત્સરીની ઉજવણી, અને સાથે સાથે ઘણા ગામના સંઘોએ પણ પરંપરાને સાચવી.

વિ. સં. ૨૦૦૫—પૌષ વદ ૫ ના રાત્રિના ૧૦ વાગ્યાથી વધુ પડતી શરીરની અસ્વસ્થતા-ગેસના દર્દમાં

લક્ષ્યે પડતી અભિવૃદ્ધિ, લગભગ સંસારા વશપણું, પણ આ જાતની શારીરિક અવસ્થતા છતાંય તેને માનસિક ધીરતાપૂર્વક સહન કરી હજારો શ્લોકોના પ્રમાણમાં અનેક વિષયની નવી રચના અને સતત જ્ઞાનધ્યાનમાં નિમગ્નપણું.

વિ. સં. ૨૦૦૬—આ વર્ષમાં વારંવાર ગેસના દર્દનો હુમલો, કેટલીય વાર નવકાર દેવા જેવી સ્થિતિમાંથી પ્રબલ પુણ્યોદયે સહીસલામત પસાર થવું,

વૈશાખ સુદ ૬ રવિવારના સવારના પ્રાતઃકાલથી શરીરની ક્ષણભંગુરતા આસન્નતર જાણી લીધી હોય તેમ અર્ધપદ્માસને બેસી વારંવાર "જગત્ શૂન્ય છે" "કાષ્ઠઘંટા ન્યાય મુજબ શરીરની વિટંબના છે" આદિ તત્ત્વાવબોધના પરમ દૃશ્યરૂપ સુંદરતમ લઘુવાક્યાત્મક-તથ્ય-ઉદ્ગારો, અર્ધપદ્માસનેજ કાયોત્સર્ગ દશામાં શરીર છોડવા દૃઢ-સંકલ્પની જાહેરાત.

વૈશાખ સુદ ૧૧ શુક્રવારની રાતે ૧૧ વાગે થયેલ જબર્દસ્ત ગેસના દર્દનો હુમલો, બે કલાક અખંડ નમસ્કાર મહામંત્રની ધ્વનિનું શ્રવણ, યોગ્ય ઉપચારોથી શાંતિ થવા છતાં પણ ઠેઠ સવાર સુધી અર્ધપદ્માસનેજ અખંડ રીતે કાયોત્સર્ગ-દશામાં રહેવું.

વૈશાખ-વદ ૫ શનિવારે બપોરના ત્રણ વાગે ફરીથી અસહ્ય ગેસના દર્દનો હુમલો, હાર્ટપર તાત્કાલિક અસર, ડાક્ટરો આદિના અનેક પ્રયત્નો છતાંય નિષ્ફલતા અને ૪-૧૮ થી અંતિમ શ્વાસોચ્છ્વાસ, અને અનેક-શિષ્ય-પ્રશિષ્ય-ભક્ત-નરનારીઓના મુખથી અખંડ રીતે ઉચ્ચારાતા નમસ્કાર મહામંત્રની માંગલિક ધ્વનિ વચ્ચે ૪-૩૨ મિનિટે સ્વર્ગલોક પ્રયાણ,

---

પ્રખરવાદિમદભંજક-બહુશ્રુત-સૂરિપુરંદર-આગમોદ્ધારક—
સ્વર્ગસ્થ-આચાર્યદેવશ્રીની

સાહિત્ય-સેવા.

પૂજ્યપાદ-બહુશ્રુત-આગમધર-સૂરિવરશ્રીએ દીક્ષાકાલથી આરંભી જીવનની અંતિમ ઘડી સુધી પ્રભુશાસનમાં આરાધનાને માર્ગે રહેલા ભવ્યાત્માઓને પરમ પુનિત આલંબન રૂપ પૂર્વાચાર્યકૃત-આગમ-સિદ્ધાંત-સાહિત્યનું મુદ્રણ-સંકલન-સંશોધન-સંપાદન-નવરચનાદિ અવિરતપણે કરેલું છે, તેની ટુંક રૂપરેખા નીચે મુજબના વિભાગપૂર્વક-નામનિર્દેશ પૂરતી અહીં જણાવાય છે

૧ સંપાદિત કરેલા ગ્રંથો
૨ સંકલિત ,, ,,
૩ નવા બનાવેલા ગ્રંથો
૪ શિલોત્કીર્ણ કરેલા ગ્રંથો
૫ તામ્રપત્રોત્કીર્ણ કરેલા ગ્રંથો
૬ સંસ્કૃતાનુવાદ-કરેલા ગ્રંથો
૭ ગૂર્જર દેશના-સંગ્રહ
૮ ,, લેખ- ,,
૯ સમાલોચનાત્મક લેખો
૧૦ ૭૮ ગ્રંથો પર લખેલી પ્રૌઢ સંસ્કૃત ભાષામાં બૃહદ્-પ્રસ્તાવનાઓ

આરાધ્યપાદ સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રીએ સંપાદિત કરેલા ગ્રંથોની નોંધ-૧

૧ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ (વૃત્તિદ્વય સાથે)
૨ ,, ,, મતપરીક્ષા (સ્વોપજ્ઞવૃત્તિઃ)
૩ ,, અનુયોગદ્વાર ચૂર્ણિ
૪ ,, ,, ટીકા હારિ૦
૫ ,, ,, પૂર્વાર્ધ (મ, હેમ.) સટીક
૬ ,, ,, ઉત્તરાર્ધ (મ. હેમ) ,,
૭ ,, ,, વૃત્તિ દ્વિ. આ.
૮ ,, અંતકૃદ્દશાનુત્તરૌપપાતિક દશાવિપાક શ્રુતાનિ
૯ ,, અભિધાન ચિંતામણિ
૧૦ ,, આચાર પ્રદીપ ગ્રંથ
૧૧ ,, આચારાંગ ચૂર્ણિ
૧૨ ,, ,, સટીક પૂર્વ ભાગ પ્ર આ૦
૧૩ ,, ,, ,, ઉત્તર ભાગ પ્ર આ૦
૧૪ ,, ,, ,, પ્રથમશ્રુત૦ દ્વિ૦ આ૦
૧૫ ,, ,, ,, દ્વિતીય શ્રુત૦
૧૬ ,, આલાણુશ્રાવક
૧૭ ,, આવશ્યક સૂત્ર ચૂર્ણિ પૂર્વ ભાગ
૧૮ ,, ,, ,, ,, ઉત્તર ભાગ
૧૯ ,, ,, ,, સટીક હારિ૦ પૂર્વાર્ધ-પૂર્વભાગ
૨૦ ,, ,, ,, સટીક હારિ૦ પૂર્વાર્ધ-ઉત્તર ભાગ
૨૧ ,, ,, ,, સટીક હારિ૦ ઉત્તરાર્ધ-પૂર્વ ભાગ
૨૨ ,, ,, ,, સટીક હારિ૦ ઉત્તરાર્ધ-ઉત્તર ભાગ
૨૩ ,, ,, ,, (મલય-વૃત્તિ) ભાગ ૧
૨૪ ,, ,, ,, ,, ,, ભાગ ૨
૨૫ ,, ,, ,, ,, ,, ભાગ ૩
૨૬ ,, ઇર્યાપથિકી પટ્ વિંશિકા
૨૭ ,, ઉત્તરાધ્યયન ચૂર્ણિ
૨૮ ,, ,, સટીક શાંતિસૂરિ ભા૦ ૧
૨૯ ,, ,, ,, ,, ભા૦ ૨
૩૦ ,, ,, ,, ,, ભા૦ ૩
૩૧ શ્રી ઉત્પાદાદિ સિદ્ધિઃ (સટીક)
૩૨ ,, ઉપદેશમાલા-મૂલ
૩૩ ,, ,, પુષ્પમાલા સટીક
૩૪ ,, ,, રત્નાકર-સટીક
૩૫ ,, ઉપમિતિ ભવ પ્રપંચ કથા પૂર્વાર્ધ
૩૬ ,, ,, ,, ,, ઉત્તરાર્ધ
૩૭ ,, ઉપાસક દશાંગ-સટીક
૩૮ ,, ઋષિભાષિતસૂત્રાણિ (પ્ર. આ.)
૩૯ ,, ,, ,, (દ્વિ. આ.)
૪૦ ,, ઓઘનિર્યુક્તિ સટીક
૪૧ ,, ઔપપાતિક સૂત્ર
૪૨ ,, ઔષ્ટ્રિકમતોત્સૂત્રકુવૃકાદિ
૪૩ ,, કથા કોશ
૪૪ ,, કર્મગ્રંથ (સટીક) ભા. ૧
૪૫ ,, ,, ,, ભા. ૨
૪૬ ,, કર્મપ્રકૃતિ (મલય-વૃત્તિ)
૪૭ ,, કલ્પ સમર્થન
૪૮ ,, કલ્પસૂત્ર (બારસા)
૪૯ ,, ,, સુબોધિકા
૫૦ ,, ,, ,,
૫૧ ,, ,, ,,
૫૨ ,, ,, કલ્પકૌમુદી
૫૩ ,, કાલકાચાર્ય કથા
૫૪ ,, કૃષ્ણ ચરિત્ર
૫૫ ,, ગચ્છાચાર પ્રકીર્ણક (સટીક)
૫૬ ,, ગુણસ્થાન ક્રમારોહ (સટીક)
૫૭ ,, ચતુઃશરણ (સાવચૂરિ)
૫૮ ,, ચતુઃશરણાદિ મરણ સમાધ્યન્ત પ્રકીર્ણકદશક (છાયાયુત)
૫૯ ,, છંદાનુશાસન
૬૦ ,, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ (સટીક) ભા. ૧
૬૧ ,, ,, ,, ,, ભા. ૨
૬૨ ,, જીવ કલ્પલતા

૬૩ શ્રી જીવ સમાસ પ્રકરણ (સટીક)
૬૪ ,, જીવાભિગમોપાંગ (સટીક)
૬૫ ,, જ્યોતિ-કરંડક પ્રકીર્ણ (સટીક)
૬૬ ,, જ્ઞાતાધર્મકથાંગ (સટીક)
૬૭ ,, તત્ત્વતરંગિણી (સટીક)
૬૮ ,, તત્ત્વાર્થસૂત્ર સ.ભાષ્ય
૬૯ ,, ,, ,, (સટીક હારિ૦)
૭૦ ,, તંદુલ-વૈયાલિક (સટીક)
૭૧ ,, તિથિહાનિ વૃદ્ધિ વિચાર
૭૨ ,, ત્રૈવિદ્યગોષ્ઠી
૭૩ ,, દશવૈકાલિક ચૂર્ણિ
૭૪ ,, ,, ,, (સટીક હારિ૦)
૭૫ ,, દેવવંદન-ચૈત્યવંદન ભાષ્ય (સટીક)
૭૬ ,, ધર્મકલ્પદ્રુમ
૭૭ ,, ધર્મબિંદુ પ્રકરણ સટીક
૭૮ ,, ધર્મ પરીક્ષા કથા
૭૯ ,, ધર્મ સંગ્રહ (પૂર્વાર્ધ)
૮૦ ,, ,, ,, (ઉત્તરાર્ધ)
૮૧ ,, નંદિસૂત્રચૂર્ણિ
૮૨ ,, ,, ,, (સટીક મલય૦)
૮૩ ,, ,, ,, (સટીક હારિ૦)
૮૪ ,, નમસ્કાર માહાત્મ્ય
૮૫ ,, નવપદ પ્રકરણ લઘુવૃત્તિ
૮૬ ,, ,, ,, બૃહદ્ ,,
૮૭ ,, નવસ્મરણાનિ-ગૌતમરાસ-
૮૮ ,, પંચવસ્તુ ગ્રંથ (સટીક)
૮૯ ,, પંચસંગ્રહ (સ્વોપજ્ઞવૃત્તિ)
૯૦ ,, પંચાશક (સટીક પ્રથમાવૃત્તિ)
૯૧ ,, ,, (સટીક દ્વિતીયાવૃત્તિ)
૯૨ ,, પંચાશકાદિ ૮-ગ્રંથો મૂલ માત્ર
૯૩ ,, પયરણ સંદોહ
૯૪ ,, પર્યુષણા દશ શતક
૯૫ ,, પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન

૯૬ શ્રી શ્રી પાક્ષિક સૂત્ર (સટીક)
સક્ષામણક-(સાવચૂરિક)
૯૭ ,, પિંડનિર્યુક્તિ (સટીક)
૯૮ ,, શ્રીપ્રકરણ સમુચ્ચય
(૪૯-નાના મોટા પ્રકરણોનો સંગ્રહ)
૯૯ ,, પ્રજ્ઞાપનોપાંગ-પૂર્વાર્ધ (મલય-વૃત્તિ)
૧૦૦ ,, ,, ,, ,, (ઉત્તરાર્ધ)
૧૦૧ ,, ,, ,, (પૂર્વ ભાગ)
૧૦૨ ,, પ્રત્યાખ્યાન-સારસ્વતવિભ્રમ-દાનષટ્-
ત્રિંશિકા-વિશેષણવતી વિંશતિકા
૧૦૩ ,, પ્રવચનપરિક્ષા (પૂર્વ ભાગ)
૧૦૪ ,, ,, ,, (ઉત્તર ભાગ)
૧૦૫ ,, ,, સારોદ્ધાર (પૂર્વ ભાગ)
૧૦૬ ,, ,, (ઉત્તર ભાગ)
૧૦૭ ,, પ્રવ્રજ્યાવિધાન કુલક (સટીક)
૧૦૮ ,, ,, વિધાનાદિ કુલકો
૧૦૯ ,, પ્રશમરતિપ્રકરણ (સટીક) દ્વિતીયાવૃત્તિ)
૧૧૦ ,, પ્રશ્ન-રત્નાકરાભિધસેન પ્રશ્ન
૧૧૧ ,, શ્રી પ્રશ્નવ્યાકરણાંગ (અભય-વૃત્તિ
૧૧૨ ,, બુદ્ધિસાગર
૧૧૩ ,, ભગવતી સૂત્ર (અભય-વૃત્તિ) ભા ૧ પ્ર. આ.
૧૧૪ ,, ,, ,, ,, ,, ભા. ૨ પ્ર આ.
૧૧૫ ,, ,, ,, ,, ,, ભા. ૩ પ્ર. આ.
૧૧૬ ,, ,, ,, ,, ,, ભા. ૧ દ્વિ. આ.
૧૧૭ ,, ,, ,, ,, ,, ભા ૨ ,, આ.
૧૧૮ ,, ,, ,, ,, ,, ભા, ૩ ,, આ.
૧૧૯ ,, ,, દાનશેખરી વૃત્તિ
૧૨૦ ,, ભવ ભાવના-(સટીક-ભા. ૧)
૧૨૧ ,, ,, ,, (,, ભા. ૨)
૧૨૨ ,, ,, ,, છાયા
૧૨૩ ,, મલયસુંદરી ચરિત્ર

૧૨૪ શ્રી મહાવીર-ચરિયમ્ (ગુણચંદ્રાચાર્ય.)
૧૨૬ , યતિદિનચર્યા
૧૨૭ ,, યશોવિ. જીકૃતગ્રંથમાલા
૧૨૮ ,, યુક્તિપ્રબોધ
૧૨૯ ,, યોગદૃષ્ટિસમુચ્ચય
૧૩૦ ,, રાજપ્રશ્નીયસૂત્ર
૧૩૧ ,, લલિતવિસ્તરાખ્યા શ્રીચૈત્યવંદન સૂત્રવૃત્તિ
૧૩૨ ,, લલિતવિસ્તરા-ટિપ્પણ
૧૩૩ ,, લોક પ્રકાશ ભા. ૧
૧૩૪ ,, ,, ભા. ૨
૧૩૫ ,, ,, ભા. ૩
૧૩૬ ,, ,, ભા. ૪
૧૩૭ ,, વંદારૂવૃત્તિ (પ્રથમાવૃત્તિ)
૧૩૮ ,, ,, (દ્વિતીયાવૃત્તિ)
૧૩૯ ,, વિચારામૃતસાર સંગ્રહ (વિંશતિ સ્થાનક ચરિત્ર)
૧૪૦ ,, વિચારામૃતસાર સંગ્રહ
૧૪૧ ,, વિશેષાવશ્યકસૂત્ર (કોટયાચાર્ય વૃત્તિ,) પ્રથમ ભાગ
૧૪૨ ,, વિશેષાવશ્યક સૂત્ર (કોત્યાચાર્યવૃત્તિ,-દ્વિતીય ભાગ)
૧૪૩ ,, વીતરાગ સ્તોત્ર (સટીક પ્રથમાવૃત્તિ
૧૪૪ ,, શાસ્ત્રવાર્તા સમુચ્ચય-(સ્વોપજ્ઞવૃત્તિ
૧૪૫ ,, શ્રાદ્ધદિન કૃત્ય સૂત્ર-સ્વોપજ્ઞવૃત્તિ-ભા. ૧
૧૪૬ ,, ,, ,, ,, ,, ભા. ૨
૧૪૭ ,, શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર-અર્થદીપિકા વૃત્તિ
૧૪૮ ,, શ્રીપાલચરિત્ર (પ્રાકૃત-સાવચૂરિ)
૧૪૯ ,, ,, (સંસ્કૃત-જ્ઞાન વિમલ)
૧૫૦ ,, શ્રાવક ધર્મ દેશના
૧૫૧ ,, શ્રેણિક ચરિત્ર
૧૫૨ ,, ષટ્પુરુષ ચરિત્ર
૧૫૩ શ્રી ષોડશક પ્રકરણ (વૃત્તિટિપ્પણયુત)
૧૫૪ ,, ષડાવશ્યક સૂત્રાણિ
૧૫૫ ,, સમવાયાંગ સૂત્ર (સટીક)
૧૫૬ ,, સમ્યક્ત્વ પરીક્ષા ઉપદેશ શતક
૧૫૭ ,, સવાસો ગાથા આદિનાં સ્તવનો
૧૫૮ ,, સંસર્ગગુણદોષપ્રકાશ
૧૫૯ ,, સંસ્કૃત પ્રાચીન પ્રકરણાદિસમુચ્ચય
૧૬૦ ,, સાધર્મિકવાત્સલ્ય પ્રકાશ
૧૬૧ ,, સામાચારી પ્રકરણ (યોગ વિશેષ વાક્યયુક્ત)
૧૬૨ ,, સિદ્ધસેન દિવાકર કૃત ગ્રંથમાલા
૧૬૩ ,, સુબોધા સામાચારી
૧૬૪ ,, સુક્તમુક્તાવલી
૧૬૫ ,, સૂત્રકૃતાંગ ચૂર્ણિ
૧૬૬ ,, સ્તોત્રરત્નાકર (સટીક)
૧૬૭ ,, સૂર્યપ્રજ્ઞપ્ત્યુપાંગ (સટીક)
૧૬૮ ,, સ્તોત્રરત્નાકર (સટીક) ભા. ૧
૧૬૯ , સ્થાનાંગસૂત્ર (સટીક) ભા. ૧
૧૭૦ ,, ,, ,, (સટીક) ભા. ૨
૧૭૧ ,, સ્થૂલિભદ્ર ચરિત્ર
૧૭૨ ,, સ્યાદ્વાદભાષા
૧૭૩ ,, સ્વાધ્યાય પ્રકાશ
૧૭૪ ,, હિંસાષ્ટક (સાવચૂરિ સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્ર સ્તુતિ
૧૭૫ ,, આગમરત્ન મંજૂષા નામની મોટી ૨૮×૩૫ ની પેટી જેમાં શ્રી વર્દ્ધમાન જૈનાગમ મંદિર પાલીતાણામાં આરસ પાષાણની શિલામાં કોતરાવેલ તમામ આગમોની તેવાજ ટાઈપોમાં શુદ્ધ-મોટા ૧૭×૨૦ ની સાઈઝના કાગળો પર મુદ્રિત પ્રતિઓ છે-જે એક પેટીની કિંમત ૪૦૦ રૂપિયા છે.

બહુશ્રુત-જંગમશ્રુતતીર્થ-આગમોદ્ધારક દેવશ્રીએ આચાર્ય આગમાદિ-અનેક સિદ્ધાંત-
ગ્રંથોમાંથી સંકલિત કરેલા વિષયોના-

ગ્રંથોની નોંધ-૨

મુદ્રિત

૧ શ્રી એકાદશાંગીય અકારાદિક્રમ (સૂત્રધિકારાદિ-સૂત્રાંકસૂચી લઘુ બૃહદ્ વિષયાનુક્રમ સાથે)
૨ શ્રી આગમોદય સમિતિ સૂક્તાવલિ
,, ,, સંગ્રહશ્લોક
,, ,, સુભાષિત
,, ,, શ્લોકોક્તિસંગ્રહ
૩ ,, ઉપાંગપ્રકીર્ણકસૂત્ર વિષયાનુક્રમાદિ
૪ ,, ત્રિષષ્ટીય દેશનાદિસંગ્રહ
૫ ,, નંદ્યાદિસપ્તસૂત્રીય ગાથાધિકારાદિયુત વિષયાનુક્રમ
૬ ,, પરિણામમાલા (પ્રથમાવૃત્તિ) (ઉપમિતિભવ પ્રપંચ સંક્ષેપ)
૭ ,, પરિણામમાલા (દ્વિતીયવૃત્તિ)
૮ ,, પંચાશકાદિ ૧૦ ગ્રંથોના અકારાદિક્રમ
૯ , વિશેષાવશ્યક ગાથાનાઅકારાદિક્રમ
૧૦ ,, ,, સટીકામુદ્રિત ગાથા (વારાણસીય)

અમુદ્રિત.

૧ અલ્પ-પરિચિત-સૈદ્ધાંતિક-શબ્દ-કોશ ભા. ૧ થી ૧૦ (ફાઉન ૮ પેજી ૩૦૦) કર્મોનો દલદાર ગ્રંથ જેનું મુદ્રણ કાર્ય હાલ ચાલે છે.)
૨ ૪૫-આગમોમાંથી પૂજ્ય આગમ દિવાકર આચાર્ય દેવશ્રીએ તારવેલા વિષયો.

૧ અનુમાન
૨ અલંકાર
૩ અલ્પબહુત્વ
૪ આચાર્યનામો
૫ ઇતિહાસ
૬ ઉપોદ્ઘાત પ્રશસ્તિ
૭ એકાર્થિક શબ્દો
૮ કઠિન શબ્દોના અર્થો
૯ ખંડનવક્ષો
૧૦ છંદવિચાર
૧૧ ગચ્છો-પટ્ટાવલીઓ
૧૨ છેદ સૂત્ર ગાથા-અકારાદિ ક્રમ
૧૩ જ્યોતિષ્ય
૧૪ દૃષ્ટાંતો
૧૫ નયો
૧૬ નિક્ષેપ સંગ્રહ
૧૭ નિશીથ ભાષ્ય ગાથાદ્ય પદો
૧૮ ન્યાયો
૧૯ પ્રસ્તાવના અતિદેશ
૨૦ પાઠાંતરો
૨૧ પ્રચલિત મતો
૨૨ પ્રજ્ઞાપ્ય
૨૩ પ્રત્યેકબુદ્ધ નામો
૨૪ પ્રાચીન મતો
૨૫ બૃહત્કલ્પ વિષયાનુક્રમ
૨૬ ભૂગોલ
૨૭ મતોના સમાધાનો
૨૮ રાજકીય વિભાગ
૨૯ લક્ષણ-દૂષણ
૩૦ વાદો
૩૧ વાયુવૃષ્ટિ
૩૨ વિધિ
૩૩ વિશિષ્ટતા
૩૪ વિશેષોપયોગી
૩૫ વિશેષ નામો
૩૬ વિસંવાદો
૩૭ વૈદ્યક
૩૮ વ્યાકરણ
૩૯ વ્યાખ્યાન્તરો
૪૦ શંકા સમાધાનો
૪૧ સમાન શબ્દ પર્યાયો
૪૨ સંકલના
૪૩ સંપ્રદાયો
૪૪ સાક્ષી પાઠાકારાદિ ક્રમ
૪૫ સાક્ષીભૂત ગ્રંથો
૪૬ સામુદ્રિક
૪૭ સ્થલ નિર્દેશ
૪૮ સ્થાપના-સંસ્થાન

૧૯ થી ૨૭ શ્રી અનુયોગ દ્વાર ચૂર્ણિ, શ્રી આચારાંગ ચૂર્ણિ, શ્રી આવશ્યક ચૂર્ણિ, શ્રી ઉત્તરાધ્યય ચૂર્ણિ, શ્રી દશવૈકાલિક ચૂર્ણિ, શ્રી નંદિસૂત્ર ચૂર્ણિ, શ્રી સૂત્રકૃતાંગ ચૂર્ણિ, શ્રી અનુયોગદ્વાર હારિ-વૃત્તિ-શ્રી નંદિસૂત્ર હારિ વૃત્તિ—

ઉપરના ૯ ગ્રંથોમાંથી નીચે મુજબના આઠ વિષયોની તારવણી કરેલી છે—

૧ દેશો, ૪ ન્યાયો ૭ સાક્ષિ ગ્રંથો
૨ વિશેષોપયોગી ૫ દૃષ્ટાંતો ૮ સાક્ષિ ગાથાઓ
૩ એકાર્થિકો ૬ "અણે" આદિ શબ્દ પ્રયોગો

૩ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર-ગત નીતિ વાક્યો
૪ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર-વિષયાનુક્રમ
૫ સમ્યકત્વ કૌમુદી નીતિ વાક્યો
૬ થી ૧૮ શ્રી ઉપદેશ માલા, શ્રી કોટિધ્વજ-અર્થ શાસ્ત્ર, શ્રી છંદોઽનુશાસન, શ્રી દેશીનામમાલા, શ્રી ધર્મબિંદુ, શ્રી ધર્મ સંગ્રહણી, શ્રીપાલ ચરિયમ્, શ્રી પંચ સંગ્રહ, શ્રી પંચાશક, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રી યોગબિંદુ, શ્રી વિચાર રત્નાકર, શ્રી સમરાદિત્ય કથા, આ ગ્રંથોમાંથી ઉપયોગી સુભાષિતાદિ અનેક બાબતો તારવેલી છે.

સુગૃહિતનામધેય-આરાધ્યપાદ-બહુશ્રુત-સૂરિપુરંદર-સ્વર્ગસ્થ-આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીએ સ્વપ્રતિભાબલે રચેલા ગ્રંથોની

ટૂંક યાદી-૩

	નામ	ભાષા	ગ્રંથાગ્ર	રચના સંવત
શ્રી	અચિત્તાહારદ્વાત્રિંશિકા	સં.	૩૭	૧૯૯૩
,,	અધિગમસમ્યક્ત્વૈકાદશી	,,	૧૧	૨૦૦૫
,,	અધ્યક્ષોપયોગિકાષોડશિકા	,,	૧૬	૨૦૦૬
,,	અનંતાર્થાષ્ટક	,,	૮	૨૦૦૫
,,	અનુકરણ સંચય	,,	૧૩	૨૦૦૬
,,	અનુક્રમ પંચદશિકા	,,	૧૫	૨૦૦૫
,,	અનુકૃપા કંપા. ,,	,,	૧૫	૨૦૦૬
,,	અનેકાંતવાદ વિચારક	,,	૪૪	૧૯૮૪
,,	અપૂર્વ ચતુર્ત્રિંશિકા	,,	૩૪	૨૦૦૬
,,	અભવ્યનવક	,,	૯	૨૦૦૬
,,	અર્હચ્છતક	,,	૧૦૧	૨૦૦૫
,,	આર્યત્રિભેદી વિચાર	,,	૨૬	૧૯૮૪
,,	આગમમંદિર ચતુર્વિંશતિકા	,,	૪૭	૨૦૦૫
,,	,, મહિમા	,,	૫૧૬	૨૦૦૩
,,	,, ,, સ્તવ	,,	૨૩	૧૯૭૧
,,	,, સમિતિસ્થાપના સ્તવ	,,	૨૬	૧૯૭૧
,,	,, સુગમતા ,,	,,	૨૩	૧૯૭૧
,,	,, અધિકાર ષ ત્રિંશિકા	,,	૪૦	૧૯૮૩
,,	,, અર્થ પ્રાધાન્યસ્તવ	,,	૨૦	૧૯૭૧
,,	આચેલક્ય (લેખ)	,,	૨૨૩	૨૦૦૩
,,	આભિગ્રહિકાનાભોગિક મિથ્યાત્વ વિચાર (લેખ)	,,	૨૨૩	૨૦૦૩
શ્રી	આરાધના માર્ગ (ટૂંકા વાકયો)	,,	૧૫૦	૨૦૦૫
શ્રી	આર્યરક્ષિત (લેખ)	,,	૧૧૪	૨૦૦૩
,,	ઇડરનગ શાંતિનાથ સ્તવ	,,	૩૨	૧૯૮૪
,,	ઇરિયાદોપંચાશિયા	પ્રાકૃત	૬૨	૧૯૯૨
,,	ઉત્પાદાદિ સિદ્ધિષટ્ત્રિંશિકા	સંસ્કૃત	૩૭	.....
,,	ઉત્સૂત્ર ભાષણ ફલ (લેખ)	,,	૧૧૭	૨૦૦૩
,,	ઉત્સર્પણાર્થ વિચાર	,,	૧૫	૧૯૮૩
શ્રી	ઉદ્યમ પંચદશિકા	,,	૧૫	૨૦૦૫
,,	ઉદ્યાપન વિચાર	,,	૧૧	૧૯૯૨
,,	ઉપકાર દ્વાદશિકા	,,	૧૨	૨૦૦૫
,,	ઉપદેશ નવશતી	,,	૯૧૦	૨૦૦૫
,,	ઉણાદિકોઠ અકારાદિક્રમ (સાર્થ)	,,	...	.....
,,	કેવલિભુક્તિ (અપૂર્ણ) (લેખ)	,,	૩૮	૧૯૮૩
,,	ક્રિયા દ્વાત્રિંશિકા	,,	૩૨	૧૯૮૩
,,	કેવલે શેષજ્ઞાન ચર્ચા(અપૂર્ણ)	,,	૨૮	.....
,,	ક્ષમાવિંશતિકા	,,	૨૦	૨૦૦૫
,,	ક્ષાયોપશમિક ભાવવિચાર	,,	૩૧	૧૯૮૩
,,	કર્મગ્રંથ પંચકસૂત્રાણિ (૨૦૩ સૂત્રો)	,,	૧૨૫	૧૯૬૮
,,	કેશરીયાજીવર્ણન	,,	૨૩	૧૯૮૩
,,	,, સ્તુતિપંચદશી	,,	૨૧	૧૯૮૩
,,	ક્રિયાસ્થાન વર્ણન	,,	૨૫	૧૯૮૪
,,	ક્ષાયિકભાવ સંખ્યાવિચાર	,,	૨૭	૧૯૮૪
,,	ગુણમહણશતક	,,	૧૨૦	૧૯૬૮
,,	ગણધરસહિ શતહૃદર્પણ	,,	૫૧	૧૯૮૪
,,	,, ષટ્ત્રિંશિકા	,,	૩૨	.....
,,	ગર્ભાપહારસિદ્ધિ	,,	૪૧	૧૯૮૪
,,	ગિરનાર ચતુર્વિંશતિકા	,,	૨૪	.....
,,	ચાંદનિકીષોડાશિકા	,,	૧૬	૧૯૮૩
,,	ચારૂપાષ્ટક	,,	૮	૧૯૮૩
,,	ચૈત્યદ્રવ્યોત્સર્પણ (લેખ) (અપૂર્ણ)	,,	૨૧૫	૧૯૮૩
,,	ચૈત્યવંદનો	સં. ગુ.	...	.....
,,	જમાલિમતખંડન	સં.	૧૬	૨૦૦૫
,,	જયસોમસિદ્ધલા	પ્રા.	૬૯	૧૯૯૨
,,	જીવસિદ્ધિષડશીતિકા	સં.	૯૫	૧૯૬૯
,,	જિનમહિમા	,,	૧૫૭	૨૦૦૩

શ્રી	જૈનગીતા	,,	૨૦૦૦	૨૦૦૪
,,	જૈનપૂર્ણત્વાષ્ટાદશિકા	,,	૧૮	૨૦૦૫
,,	જ્ઞાતપર્યુષણા (લેખ)	,,	૨૯૧	૨૦૦૩
,,	જ્ઞાનપંચવિંશતિકા	,,	૨૮	૨૦૦૫
,,	જ્ઞાનપદ્યાવલી	,,	૫	૨૦૦૩
,,	જ્ઞાનભેદષોડશિકા	,,	૧૮	૨૦૦૫
,,	જૈનપુસ્તક-ભાંડાગારસ્તવ	,,	૭	૧૯૮૪
,,	જૈનેન્દ્રસ્તુતિ	,,	૨૦	૧૯૮૪
,,	તત્વાર્થ પરિશિષ્ટ (સૂત્રો ૧૩૧)	,,	૧૦૦	૧૯૭૬
,,	તાત્ત્વિકપ્રશ્નોત્તરોણિ (પદ્ય) (અપૂર્ણ)	,,	૭૭૦	૧૯૮૮
,,	તત્વજ્ઞાનદીપિકા (લેખ) (અપૂર્ણ)	ગુ.	૧૨૫ પૃષ્ઠ	.....
,,	તત્ત્વાર્થટિપ્પન	સં.	...	.....
,,	તત્ત્વિકપ્રશ્નોત્તરાવતરણ	ગુ.	...	૨૦૦૪
,,	તિથિદર્પણ (લેખ)	સં.	૭૦૦	૨૦૦૪
,,	તિથિપદ્ધતિ (લેખ)	,,	૧૨	૨૦૦૪
,,	તિર્થમાલા (અપૂર્ણ)	,,	૧૭૪	૨૦૦૫
,,	ત્રયીતત્ત્વદ્વાદશિકા	,,	૧૪	૨૦૦૫
શ્રી	ત્રિપદી પંચષષ્ટિકા	સં.	૭૫	૨૦૦૫
,,	તપાલિદશ તરંગિણી વિષમ્ પદ્યસમરચોલ્લેખાદિ	,,	...	.....
,,	દુઃખવર્જન ષોડશિકા	,,	૧૯	૧૯૮૩
,,	દુઃખ પ્રતિકાર વિચાર	,,	૪૨	૧૯૬૮
,,	દૃષ્ટિ સંમોહ વિચાર	,,	૧૨	૨૦૦૫
,,	દૃષ્ટાંત તત્ત્વ ચતુર્વિંશિકા	,	૨૫	૨૦૦૬
,,	દિગંબર નિરાસ	,,	૨૮	૧૯૮૩
,,	દેવદ્રવ્ય વિચાર	,,	૪૦	૧૯૭૭
,,	દેવસ્તુતિ નિર્ણય	,,	૩૩	૧૯૮૩
,,	દ્રવ્યભોષભયોદશી	,,	૧૩	૨૦૦૫
,,	દ્વેષજય દ્વાદશિકા	,,	૧૪	૨૦૦૫
,,	ધનાર્જન ષોડશિકા	,,	૧૭	૨૦૦૫
શ્રી	ધર્મતત્ત્વ વિચાર	,,	૧૨	૧૯૮૩
,,	ધર્મ દેશના	,,	૨૦	૨૦૦૫
,,	ધર્માસ્તિકાયાદિ વિચાર	,,	૧૩	૧૯૮૩
,,	ધર્મસાગરીય નીત્વ સમાધાનાનિ (લેખ)	,,	...	.....
,,	ધર્મોપદેશ	,,	૬	૧૯૮૪
,,	નક્ષત્ર ભોગાદિ (લેખ)	,,	૧૪૭	૨૦૦૩
,,	નગ્નાટ-શિક્ષા શતક	,,	૧૦૧	૨૦૦૫
,	નય વિચાર	,,	૬૪	૧૯૮૩
,,	નયવિચાર દ્વાત્રિંશિકા	,,	૩૩	૧૯૮૩
,,	નયષોડશિકા	,,	૧૬	૨૦૦૫
,,	નયાનુયોગાષ્ટક	,,	૮	૨૦૦૫
,,	નરતત્ત્વવ્યાખ્યાન (લેખ) (અપૂર્ણ)	,,	૧૧૨	૧૯૮૩
,,	નિક્ષેપશતક	,,	૧૧૫	૧૯૮૩
,,	નિર્માણ (લેખ)	,,	૧૬૩	૨૦૦૩
,,	નિર્જરાદિસૂત્રો-૧૦૬	,,	૪૦	૨૦૦૨
,,	નિષધૈકાદશિકા	,,	૧૧	૨૦૦૫
,,	નિસર્ગદશી	,,	૧૦	૨૦૦૫
,,	નિશ્ચય વ્યવહારષષ્ટિકા	,,	૬૨	.....
,,	ન્યાય પદ્ધતિ	,,	૮૬	૧૯૬૮
,,	ન્યાયાવતાર દીપિકાવૃત્તિ	,,	૩૨૧૫	૧૯૬૬
,,	પરમાણુ પંચવિંશતિકા	સં.	૩૨૦	૨૦૦૫
,,	પર્યુષણા ચત્વારિંશિકા	,,	૪૦	૨૦૦૫
,,	,, પરાવૃત્તિ (લેખ)	,,	૧૦૦	૨૦૦૩
,,	,, પ્રભા (લેખ)	,,	૧૨૦	૧૯૮૩
,,	પર્વ તિથિપ્રકરણ (લેખ)	,,	૨૫	૨૦૦૩
,,	પર્વ તિથિસૂત્રાણિ (સૂત્રો)	,,	૭૦	૧૯૬૮
,,	,, ,, ,,	,,	૧૩૬	૨૦૦૨
,,	પર્વાદિકલ્પ વાંચન (લેખ)	,,	૨૦૨	૨૦૦૩
,,	પુરૂષાર્થ જિજ્ઞાસા (સૂત્ર)	,,	૩૦૦	૧૯૮૩
,,	પંચસૂત્ર ટિપ્પણ (અપૂર્ણ)	,,	૨૨૦૦	૨૦૦૫
,,	પ્રકીર્ણક પદ્યાવલી	,,	હજારો શ્લોક	થી ૨૦૦૬
,,	પ્રતિ દિવસ નિયતાર્થ વિચાર (લેખ)	,,	૩૧૫	૨૦૦૩

શ્રી પ્રતિમા-શતકટિપ્પણ અપૂર્ણ	,,	૪૦	૧૯૮૩
,, પ્રમાણપ્રમેય-વિચાર	,,	૪૧	૧૯૮૩
,, પ્રજ્ઞાપ્રિપદ-દ્વાત્રિંસિકા	,,	૩૪	૨૯૦૫
,, પંચસૂત્રટીકા-ટિપ્પન (અપૂર્ણ)	,,	...	.....
,, પ્રકીર્ણક-ગદ્યસંદર્ભ	,,	...	.....
,, પ્રમાણવ્યવસ્થા	,,	...	.....
,, પુરૂષાર્થ-જિજ્ઞાસા-સૂત્રાણિ	,,	...	.....
,, પંચાસરા-પાર્શ્વનાથસ્તવ	,,	૨૦	૧૯૮૯
,, પંચસૂત્રી	,,	૨૦૨	૧૯૮૩
,, પદ્મપ્રભસ્તુતિ	,,	૧૪	૧૯૮૪
,, પર્વ વિધાન	,,	૪૦	૧૯૮૪
,, પ્રતિમા-પૂજાદ્વાત્રિંશિકા	,,	૩૪	૧૯૮૪
,, ફલ પ્રાપ્તિ	,,	૨૮	૨૦૦૬
,, મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ	,,	૧૦૦૦	૧૯૬૪
,, મહાનિશીથલઘુ-અવચૂરિ (અ. ૧-સૂ. ૧૯૭ સુધી)	,,	૩૦૦	૧૯૮૩
,, મહાવ્રત વિચાર	,,	૧૮	૧૯૬૮
,, મોક્ષ પંચવિંશતિકા	,,	૨૫	૨૦૦૫
,, મૌન-ષટ્ત્રિંશિકા	,,	૩૭	૧૯૮૩
,, માસકલ્પસિદ્ધિ	,,	૨૯	૧૯૮૯
,, મંગલપ્રકરણ	સં.	૩૭	.....
,, મંગલાદિવિચાર	,,	૫૩	.....
,, મોક્ષમાર્ગ શતક	,,	૧૮૦	.....
,, યથાભદ્ર ધર્મસિદ્ધિ	,,	૨૮	૧૯૮૩
,, યજ્ઞહિંસા વિચાર	,,	૧૬	૧૯૮૩
,, રાત્રૌ ચૈત્યગમન વિચાર (લેખ)	,,	૬૬	૨૦૦૩
શ્રી લઘુતમ નામકોશ	,,	....	૨૦૦૫
,, લઘુ સિદ્ધપ્રભા વ્યાકરણ	,,	૫૦૦	૧૯૬૯
,, લુંપક કૌટિલ્ય (લેખ)	,,	૨૭	૨૦૦૩
,, લોક વાર્તા	,,	૧૨	૨૦૦૫
,, લોકાચાર	,,	૫૧	૧૯૬૯
,, લોપકપાટી-શિક્ષા	,,	૧૯	૨૦૦૫
,, લોકોત્તર-તત્ત્વદ્વાત્રિંશિકા	,,	૩૩	૨૦૦૬
,, વિધિ વિચાર	,,	૧૨	૧૯૮૩
,, વિવાદ ચર્ચા	,,	૫૩	૧૯૬૮
,, વિંશતિ વિંશિકા દીપિકા ભાગ-૧			
૧-પ્રસ્તાવના-વિંશિકા	,,	૨૪૬૦	૧૯૬૧
,, વિંશતિ વિંશિકા દીપિકા ભાગ-૨			
૨-વિંશિકા પ્રથમ શ્લોક	,,	૪૨૦૦	૧૯૬૧
,, વિંશતિ વિંશિકા દીપિકા ભાગ-૩			
૨-વિંશિકા ૨ થી ૭ શ્લોક (અપૂર્ણ)	,,	૨૫૦૦	૧૯૬૧
,, વીરદેશના (લેખ)	,,		૨૦૮૫
,, વ્યવહારસિદ્ધિ ષટ્ત્રિંશિકા	,,	૩૬	૧૯૮૩
,, વ્યવહાર વ્યવહારરાશિ (લેખ)	,,	૬૩	૨૦૦૩

નીચેના ગ્રંથો ઉપર અનેક સ્થળે આપેલા વ્યાખ્યાનો—

,, અનુયોગદ્વાર		
,, અષ્ટકજી હારિ-યશોવિ૦	શ્રી	ભગવતી સૂત્ર
,, આચારાંગ	,,	વિંશ સ્થાનક
,, નવપદ	,,	ષોડશક

શ્રી નંદિસૂત્ર	,,	સૂત્રકૃતાંગ	
,, પંચાશક	,,	સ્થાનાંગ	
શ્રી વર્ત્તમાન તીર્થસ્તવ	,,	૧૮	૧૯૮૧
,, વર્ષાપન	,,	૧૦	૨૦૦૬
,, વીતરાગત્વ નિરોધ સમાધાન	,,	૨૨	૨૦૦૬
,, વ્યવહાર પંચક	,,	૨૦	૧૯૮૯
,, શાસ્ત્ર, વાર્તા પરિશિષ્ટ (સૂત્રો)	,,	૮૦	૨૦૦૫
,, શિષ્ટ ક્રિયા	,,	૪૪	૧૯૬૮
,, શિષ્યશતકાદિ (લેખ)	,,	૬૦	૨૦૦૩
,, શિક્ષાક્રમ	,,	૭૫	૧૯૮૩
,, શમરવરૂપ પંચાશિકા	,,	૫૧	૧૯૮૪
,, શિષ્યનિષ્ફેટિકા સ્વરૂપ	,,	૩૫	૧૯૮૯
,, શ્રાવક ષટ્કૃત્ય વર્ણન	,,	૪૨	૧૯૮૯
,, શ્રમણ ધર્મ સહસ્ત્રી	,,	૧૦૩૬	૨૦૦૪
,, શ્રમણો ભગવાન મહાવીર (લેખ)	,,	૬૬૫	૨૦૦૪
,, શ્રુતશીલચતુર્ભંગી (લેખ)	,,	૧૩૫	૧૯૮૮
,, સત્સંગ વર્ણન	,,	૪૫	૧૯૬૮
,, સદ્ધમોષ્ટિક	,,	૯	૨૦૦૫
,, સમવસરણ યંત્ર	,,	૭	૨૦૦૫
,, સામાયિકૈર્યાસ્થાન-નિર્ણય (લેખ)	,,	૬૧૨	૨૦૦૩
,, સાંવત્સરિક નિર્ણય	,,	૯૬	૧૯૮૩
,, સિદ્ધષટ્ત્રિંશિકા	,,	૫૩	૨૦૦૩
,, સિદ્ધપ્રભાવ્યાકરણ	,,	૩૫૦૦	૧૯૬૩
શ્રી સિદ્ધપ્રાભૃત વ્યાખ્યા	,,	૮૦	૧૯૮૩
,, સિયવાઓ (અપૂર્ણ) પ્રા૦		૪૭	૧૯૮૩
,, સુખ દુઃખ વેદન	સં.	૬૬	૧૯૮૩
,, સૂર્યોદય સિદ્ધાન્ત (લેખ)	,,	૭૦	૨૦૦૪
,, સાધ્યષોડશિકા	,,	૧૮	૨૦૦૫
,, સંધાચાર	,,	૬૫	૧૯૮૩
,, સંહનનાનિ (લેખ)	,,	૭૭	૨૦૦૩
,, શ્રીપૂજ્ય-નિર્ણય (લેખ)	,,	૫૬	૨૦૦૩
,, સ્થાપનાચાર્યદ્વાત્રિંશિકા	,,	૩૪	૨૦૦૫
,, સ્થાપના વિચાર	,,	૧૭	૧૯૮૩
,, સ્થાપના સિદ્ધિષોડશિકા	,,	૧૭	૧૯૮૩
,, સ્યાદ્વાદદ્વાત્રિંશિકા	,,	૩૬	૧૯૮૩
,, સિદ્ધપ્રભાગતોણાદિ શબ્દાઃ	,,	—	—
,, સ્તવનો	ગુ. હિં.	—	—
,, સ્તુતિઓ	સં. ગુ.	—	—
,, સજ્ઝાયો	હિં. ગુ. સં.	—	—
,, સમૂલધર્માષ્ટક	સં.	૮	૨૦૦૬
,, સમીના પાર્શ્વનાથ સ્તવન	,,	૧૬	૧૯૮૬
,, સમ્યક્ત્વભેદ-તત્ત્વજ્ઞાન-ત્રિંશિકા	,,	૩૮	૨૦૦૬
,, સમ્યક્ત્વ ભેદ નિર્ણય	,,	૩૧	૧૯૮૯
,, સમ્યક્ત્વષોડશિકા	,,	૨૨	૧૯૮૬
,, સૂતક નિર્ણય પંચવિંશિતિકા	,,	૨૭	૧૯૮૬
,, સ્થાપનાસિદ્ધિ-પષ્ટિકા	,,	૬૧	૧૯૮૬
,, હરિભદ્રસૂરિ સમય દીપિકા	,,	૬	૨૦૦૫
,, હિંસકત્વાહિંસકત્વ (લેખ)	,,	૧૧૭	૨૦૦૨

પૂજ્યપાદ-આગમાવતાર-જંગમશ્રુતતીર્થ-
સૂરિવરશ્રીએ રચેલા-

મુદ્રિત થએલા ગ્રંથો.

૧ શ્રી આનંદ સુધાસિંધુ ભા૦ ૧ વ્યાખ્યાન સંગ્રહ.
૨ ,, આનંદ સુધાસિંધુ ભા૦ ૨ વ્યાખ્યાન સંગ્રહ.
૩ ,, તત્ત્વાર્થ તત્કર્તૃતન્મત નિર્ણય હિંદી
૪ ,, તપ અને ઉદ્યાપન
૫ ,, તિથિ ક્ષય વૃદ્ધિ પ્રદીપ
૬ ,, તિથિ વિષયક ચર્ચા
૭ ,, દીક્ષાની જઘન્ય વય
૮ ,, દીક્ષાનું સુંદર સ્વરૂપ
૯ ,, પર્વ દેશના (વ્યાખ્યાન સંગ્રહ)
૧૦ ,, પંચવસ્તુ-ભાષાંતર
૧૧ ,, પ્રવચન-પરીક્ષાની મહત્તા
૧૨ ,, સાંવત્સરિક પર્વના શાસ્ત્રીય પુરાવા
૧૩ ,, ષોડશ પ્રકરણ (વ્યાખ્યાન સંગ્રહ)
૧૪ ,, સાગર સમાધાન ભા. ૧-૨
(અનેક પ્રશ્નોત્તરોનો સંગ્રહ)
૧૫ ,, સિદ્ધચક્ર માહાત્મ્ય (વ્યાખ્યાન સંગ્રહ)
૧૬ ,, નવપદ માહાત્મ્ય (વ્યાખ્યાન સંગ્રહ)
૧૭ ,, સુધાસાગર ભા. ૧-૨
૧૮ ,, સુયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ)
૧૯ ,, સ્થાનાંગ સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ)
૨૦ ,, આચારાંગ સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ)
૨૧ ,, પ્રથમરતિ અને સંબંધ કારિકા
(વ્યાખ્યાન સંગ્રહ)
૨૨ ,, ભગવતી સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ)

શ્રી આરાધ્યપાદ બહુશ્રુત-આગમધર સૂરિપુરંદર-
સ્વર્ગસ્થ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના**
સદુપદેશથી **શ્રીવર્દ્ધમાન જૈનાગમમંદિર** તથા
શ્રીસિદ્ધચક્ર ગણધર મંદિર-પાલીતાણામાં
આરસપાષાણની શિલાઓમાં કોતરાવેલ

આગમાદિની નોંધ-૪

❀ ૧. શ્રી તત્ત્વાર્થ સૂત્ર.

❀ ૨. પાંચ નિર્યુક્તિઓ (શ્રી આચારાંગ, શ્રી સૂત્ર કૃતાંગ, શ્રી દશાશ્રુત સ્કંધ, શ્રી ઉત્તરાધ્યયન, શ્રી દશવૈકાલિક)

૩. ૧૧ અંગો—શ્રી આચારાંગ, શ્રી સૂત્રકૃતાંગ, શ્રી સ્થાનાંગ, શ્રી સમવાયાંગ, શ્રી ભગવતી, શ્રી જ્ઞાતા ધર્મ કથા, શ્રી ઉપાસક દશાંગ, શ્રી અંતકૃદ્દશાંગ, શ્રી અનુત્તરૌપપાતિકદશાંગ, શ્રી પ્રશ્નવ્યાકરણાંગ, શ્રી વિપાક-દશાંગ.

૧૨. ઉપાંગો—શ્રી ઔપપાતિક, શ્રી રાજપ્રશ્નીય, શ્રી જીવાજીવાભિગમ, શ્રી પ્રજ્ઞાપનોપાંગ, શ્રી સૂર્ય-પ્રજ્ઞપ્તિ, શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ, શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, શ્રી નિરયાવલિકા પંચક (કલ્પિકા, કલ્પવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા, વન્હિદશા)

૧૦. પ્રકીર્ણકો—શ્રી ચતુઃશરણ, શ્રી આતુર પ્રત્યાખ્યાન, શ્રી મહાપ્રત્યાખ્યાન, શ્રી ભક્ત પરિજ્ઞા, શ્રી તંદુલ વૈચારિક, શ્રી સંસ્તારક પ્રકીર્ણક, શ્રી ગચ્છિ-વિદ્યા પ્રકીર્ણક, શ્રી દેવેન્દ્ર સ્તવ, શ્રી મરણ સમાધિ.

૬ છેદ ગ્રંથો—શ્રી નિશીથ સૂત્ર, શ્રી બૃહત્કલ્પ સૂત્ર, શ્રી વ્યવહાર સૂત્ર, શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર, શ્રી કલ્પ-સૂત્ર (બારસા), શ્રી જીતકલ્પ ભાષ્ય, શ્રી પંચકલ્પ ભાષ્ય, શ્રી મહાનિશીથ સૂત્ર.

ચાર મૂલ સૂત્રો—શ્રી આવશ્યક સૂત્ર, શ્રી ઓઘ-નિર્યુક્તિ, શ્રી દશવૈકાલિક, શ્રી પિંડનિર્યુક્તિ, શ્રી ઉત્તરાધ્યયન.

શ્રી નંદિસૂત્ર, શ્રી અનુયોગદ્વાર સૂત્ર.

શ્રી બહુશ્રુત જંગમશ્રુત તીર્થ સૂરિવર શ્રી આગમોદ્ધારક દેવશ્રીના ઉપદેશથી ૯ માસની ટુંક મુદતમાં તૈયાર થયેલ ભવ્યવિશાલ ત્રણ માલના સુંદર

શ્રીવર્દ્ધમાનજૈનતામ્રપત્રાગમ–મંદિર સુરતમાં

તામ્રપત્રોત્કીર્ણ કરાવેલ—

આગમાદિની નોંધ–૫.

૧–૪૫–આગમ—૧૧–અંગો, ૧૨–ઉપાંગ, ૧૦ પ્રકીર્ણકો, ૬ છેદ ગ્રંથો, ૪ મૂલસૂત્રો, નંદિસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર.

૨–શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર.

૩–શ્રી કલ્પસૂત્ર બારસા સચિત્ર.

આ સિવાય આ તામ્રપત્રાગમમંદિરમાં ભોંયરામાં **શ્રીસહસ્રફણા પાર્શ્વનાથની** સામી બાજુના ‘**શ્રી ઉત્કૃષ્ટ-શ્રુતમંદિર**’ ભીંત ઉપર સુંદર વિવિધ રંગોથી પરિપૂર્ણ રીતિએ **આગમપુરૂષની** ભવ્ય રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યુત્ પ્રકાશ આદિની અનેક જાતની કલાત્મક સુરમ્ય રચના કરવામાં આવેલ છે. ‘**નંદિસૂત્ર ચૂર્ણિ**’ના પાઠ મુજબ **આગમપુરૂષની** સંકલના તેમજ તેનું વ્યવસ્થિત ચિત્ર અપૂર્વ છે. દરેક જિજ્ઞાસુ જનોએ અવશ્ય એકવાર જોઇ વિચારવા જરૂરી છે.

કેટલાક પ્રકરણો—શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર શ્રી પંચ સંગ્રહ, શ્રી જ્યોતિષ્કરંડક, શ્રી વિશેષણવતી, શ્રી પંચસૂત્ર, શ્રી પંચાશક, શ્રી પંચવસ્તુ.

❀ શ્રી સિદ્ધપ્રાભૃત.

❀ આ નિશાનીવાલા ગ્રંથો શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિરમાં શિલોત્કીર્ણ કરાવેલ છે.

પૂજ્યપાદ બહુશ્રુત ગીતાર્થ શિરોમણિ સૂરિશ્વર સ્વર્ગસ્થ–આગમોદ્ધારકદેવશ્રીએ કરેલ સાહિત્ય–સેવાના છ થી દશ સુધીના વિભાગોની

સંક્ષિપ્ત–માહીતી

આગમધર–સ્વર્ગરથ–મહાપુરૂષ–શ્રીઆચાર્યદેવશ્રીએ કરેલ સાહિત્ય સેવાના પરિચય માટે સંપાદિત–સંકલિત અને નવા બનાવેલા ગ્રંથોની વિસ્તૃત માહીતી જણાવી, પણ બાકીના સંસ્કૃતાનુવાદિત ગ્રંથો—ગૂર્જરદેશના ગ્રંથો–લેખો અને સમાલોચનાઓ આદિનો વિસ્તૃત નામ નિર્દેશપૂર્વકનો પરિચય સમયની અલ્પતા તથા સ્થલ સંકોચ આદિ કારણે આપી શકાયેલ નથી આનો વિસ્તૃત હેવાલ **‘શ્રી જૈન પુસ્તક સંસ્થા-સુરત’** તરફથી **‘શ્રી આગમોદ્ધાર-સંગ્રહના ભા. ૫ રૂપે મુદ્રિત’ ‘શ્રી પ્રશમરતિ અને સંબંધકારિકા’** ગ્રંથના અંત્ય ભાગે પરિશિષ્ટ ૪ માં પૃ. ૨૩૧થી ૨૪૦ સુધીમાં આપેલ છે, જિજ્ઞાસુ જનોને ત્યાંથી જોઇ લેવા ભલામણ છે, લગભગ હજારોની સંખ્યામાં તે ગૂર્જર ભાષાનું સાહિત્ય ફેલાયેલું છે.

તથા સંપાદિત કરેલા ગ્રંથોની સૂચીમાં જે જે ગ્રંથો સટીક જણાવેલ છે, તેમાં આવતા સાક્ષીભૂત પદ્યો–કથાનકો–અવતરણો–સંદર્ભોની આગમોદ્ધારક દેવશ્રીએ સંસ્કૃત છાયા કરેલ છે, તથા દશેય પ્રકીર્ણકોની સંસ્કૃત છાયા કરેલ છે.

સંપાદન કરેલા ગ્રંથો પૈકી ૯૮ ગ્રંથો ઉપર વિસ્તૃત સમાલોચનાત્મક ઐતિહાસિક પ્રસ્તાવનાઓ પણ પ્રૌઢ સંસ્કૃત ભાષામાં લખી છે.

શ્રીદેવસૂરતપાગચ્છ-સંરક્ષક-આગમદિવાકર-પ્રખરવાદિમદભંજક-આગમોદ્ધારક-સ્વર્ગસ્થ-આચાર્ય દેવશ્રીની પીયૂષવાહિની ધર્મ દેશનાથી પ્રતિબોધ પામેલા શૈલાણા નરેશ શ્રી દિલિપસિંહજી બહાદુરે પોતાના રાજ્યમાં કરેલ અમારી ઉદ્ઘોષણા પત્ર.

॥ શ્રી ॥

રૂબકાર મહેકમે આલીયે ઈજલાસ ખાસ સરકાર સૈલાના સીધ શ્રી મહારાજાધીરાજ મહારાજા શ્રીશ્રી ૧૦૮ શ્રી **દિલીપસિંહજી સાહેબ બહાદુર**, તારીખ ૧૫ નવમ્બર સન્ ૧૯૨૧ સમ્વત્ ૧૯૭૮

નમ્બર ૨
નકલ મુતાબિક અસલ
ગવરીશંકર
શરીસ્તેદાર દરબાર ઑફિસ
સૈલાના.

સિક્કો

ખરી નકલ
દીવાન દરબાર

જૈન શ્વેતામ્બર મંદીરમાર્ગી માહાજનાન સૈલાનાકે આગમોદ્ધારક—તપાગચ્છાચાર્ય—**શ્રીઆનંદસાગરસૂરીજી** માહારાજને હમારી ઇચ્છાનુસાર ઈસ સાલ સૈલાનેમેં ચાતુર્માસ કીયા। ઉનકે અનેક વિષયોંપર વ્યાખ્યાન હુવે, વો સુનકર હમ ખુશ હુવે, ઈસ ખુશીમેં નીચે લીખે માફીક હુકમ દેનેમેં આતા હૈ।

૧ હરએક સાલ મીતી ભાદવા વદી ૧૨ સે મીતી ભાદવા સુદી ૫ તક યાને પર્યુષણોંકે દીનોંમેં સદાબંદ માફીક પલતી રહેગી. ઈસમેં વિસેષ યે હુકમ દિયા જાતા હૈ કે સૈલાનેકી હદમેં ઇન દિનોંમેં બકરા નહીં મારા જાવેગા।

૨ હમારી સાલગીરહકી તીથી અષ્ટમી હૈ ઈસલિયે હર મહીનોકી દોનો અષ્ટમીકે દીન યાને સાલભરમેં ૨૪ દીન એકાદસી વ અમાવસ્યાકી પલતીકે માફીક તમામ ઈલાકેમેં પલતી હોતી રહે. લી.

હુ.

નકલ રૂબકાર હાજાકી બતૌર દાખલા **આચાર્યજી આનન્દસાગરસૂરીજી માહારાજ** વ પંચ માહાજન સૈલાનેકો દેને વાસ્તે દરબાર ઑફીસમેં ભેજા જાવે.

તારીખ ૧૫ નવમ્બર સન્ ૧૯૨૧ સંવત્ ૧૯૭૮

સહી ઇંગ્રેજીમેં, શ્રીજી હજુર સાહેબ બહાદુરકી.

અજ મહેકમે આલીયે દરબાર સૈલાના.

નંબર રોજના
મ. બા. ૫૨૨

હુ.

નંબર રસીદ
૮૧૫

નકલ રૂબકાર હાજાકી જરીયે નકલ હુકમ હાજા આચાર્યશ્રી **માહારાજ આનંદસાગરસૂરીજી** વ પંચ માહાજનાન સૈલાનાકો દી જાવે તારીખ ૧૮-૧૧-૧૯૨૧ સંવત્ ૧૯૭૮

સહી ઇંગ્રેજીમેં દીવાન સાહેબ દરબાર સૈલાના.

આગમપ્રજ્ઞ-બહુશ્રુત-સ્થવિરત્રિમૂર્તિ-આગમોદ્ધારક-સ્વર્ગસ્થ-આચાર્યદેવશ્રીએ આગમો ઉપર આપેલા ચાતુર્માસ દરમ્યાનના વ્યાખ્યાનો (જે કે લિપિબદ્ધ થએલા છે) ની નોંધ.

વિ. સં.	આગમ	સ્થલ
૧૯૮૯	જ્ઞાનસાર (અષ્ટક ૯ શ્લોક ૬)	સુરત
૧૯૯૧	શ્રી સ્થાનાંગ (ઠા. ૫. ઉ. ૧ સૂ. ૧)	પાલીતાણા
૧૯૯૨	,, ભગવતીજી (શ. ૧ ઉ. ૧)	જામનગર
૧૯૯૪	,, નંદિસૂત્ર (સૂ. ૧)	પાલીતાણા
૧૯૯૫	,, સૂયગડ (સુય. ૨ થી ૧)	અમદાવાદ
૧૯૯૬	,, અનુયોગદ્વાર (સુ. ૧-૩)	પાલીતાણા
૧૧૯૭	,, આચારાંગ (સુય. ૧ અ. ૪)	,,
૧૧૯૮	,, ભગવતી (સુ. ૧ ઉ. ૧)	,,
૧૧૯૯	,, ,, (સુ. ૮ ઉ. ૧)	કપડવંજ
૧૯૯૯	,, હારિ૦ અષ્ટક (અ. ૧ શ્લોક ૧)	કપડવંજ
૨૦૦૦	,, સુયગડ (સુય. ૨ અ. ૫)	મુંબઈ
૨૦૦૨	,, પોડશક (પોડ૦ ૨ શ્લોક ૧૨)	સુરત

આ સિવાય અનેક સ્થળોએ મહિનાઓ સુધી જ્ઞાનસાર, હારિ૦ અષ્ટક-ધર્મરત્નપ્રકરણ-પોડશક; આદિ અનેક ગ્રંથોના એકેક શ્લોક ઉપર આપેલા વ્યાખ્યાનોના થોકબંધ લખાણો મહારાજશ્રીના મુખ્ય શિષ્ય પ્રશિષ્યો પાસે છે, જે ધીમે ધીમે બહાર પ્રકાશનમાં આવવા સંભવ છે.

પૂજ્યપાદ-આગમાવતાર-સ્વર્ગસ્થ-આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીના વરદહસ્તે થએલા

ઉપધાનો.

વિ. સં.	ગામ	વિ. સં.	ગામ
૧ ૧૯૧૫	ચેવલા	૭ ૧૯૮૮	મુંબઇ
૨ ૧૯૧૬	સુરત	૮ ૧૯૮૯	સુરત
૩ ૧૯૭૬	પાલીતાણા-(સિદ્ધક્ષેત્ર)	૯ ૧૯૯૩	જામનગર
૪ ૧૯૭૮	રતલામ	૧૦ ૨૯૯૬	પાલીતાણા
૫ ૧૯૭૯	રતલામ	૧૧ ૧૯૯૭	પાલીતાણા
૬ ૧૯૮૨	ઝાઝડી	૧૨ ૧૯૯૮	પાલીતાણા

આરાધ્યપાદ તારકવર્ય સુવિહિત શાસ્ત્ર પરંપરા રક્ષક આગમોદ્ધારક

સ્વ. આચાર્યદેવશ્રીના જીવન ચરિત્રને લગતી સામગ્રીની-

સંક્ષિપ્ત નોંધ.

નામ	પૃષ્ઠ	ભાષા પ્રકાર	કર્તા	કૃતિ	પ્રકાશક	સ્થલ	સંવત
પ્રશસ્તિ (શ્લો. ૧-૨૫)		સં. પદ્ય	શ્રી આનંદસાગરસૂરિ	શ્રી વિંશતિ વિંશિકા દીપિકા		અમદાવાદ	૧૯૬૧
આનંદસાગરસૂરિ	૧૭-૨૨	ગુ. પદ્ય	વાડીલાલ	શ્રી નિત્ય સ્મરણ સ્તોત્ર સંગ્રહ	મણિલાલ ઉમરચંદ	,,	૧૯૭૬
આનંદસાગરસૂરિનું જીવન દિગ્દર્શન	૮-અ ૮-ઇ	સં.	હી ૨ કાપડિયા	શ્રી સ્તુતિ ચતુર્વિંશતિકા	આગમોદય સમિતિ	સુરત	૧૯૮૩
આનંદ પરિચય	૧-૨૩	હિંદી	મિશ્રીલાલ પાલરેચા	શ્રી હિંદી પંચ -પ્રતિક્રમણ	હિંદી જૈનબંધુ -ગ્રંથમાલા	ઇન્દોર	૧૯૮૪
આગમોદ્ધારક સ્તુતિ અષ્ટક	૧૪-૧૬	સં. પદ્ય	?	શ્રી આગમોદ્ધારક	શ્રી જૈન આનંદ -વર્ધક સભા	સુરત	૧૯૮૬
પ્રસ્તાવના	૧૫-૨૧	ગુ.	પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ	શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય	શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય પ્રચાર-સમિતિ	મુંબઈ	૧૯૯૧
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના પાવન જીવનનો ટુંક પરિચય	૧-૮૪	ગુ.	મુનિ હંસસાગર	શ્રી સૂર્યપુરનું સાગર સ્વાગત	મોતીચંદ દીપચંદ	ઠલિયા	૨૦૦૦
પ્રાસંગિક	૫-૬	ગુ.	મુનિ કંચન-વિજય	શ્રી સુધાસાગર ભા. ૧	સિદ્ધ-સાહિત્ય પ્રચા. સમિતિ	,,	૨૦૦૦
પ્રસ્તાવના	૩-૭	ગુ.	સિદ્ધ-સાહિત્ય પ્રચા. સમિતિના સંચાલક	શ્રી સાગર સમાધાન ભા. ૧	,,	,,	૨૦૦૧
ઉપક્ષેપ	૯-૧૨	ગુ.	હીરાલાલ ૨. કાપડિયા	શ્રી સૂયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ)	ઋ. કે. જૈન શ્વે. સંસ્થા	રતલામ	૨૦૦૩

નામ	પૃષ્ઠ	ભાષા પ્રકાર	કર્તા	કૃતિ	પ્રકાશક	સ્થલ	સંવત
અવતરણ	૫-૧૦	ગુ.	જીવણચંદ સાકરચંદ	શ્રી સાગર સમાધાન ભા. ૨	ઝવેરચંદ રામચંદ	નવસારી	૨૦૦૪
ઉપક્રમ	૨૩-૨૫	ગુ.	હી. ૨. કાપડિયા	શ્રી પર્વ દેશના	જૈન પુસ્તક પ્રચારક સંસ્થા	સુરત	૨૦૦૪
ઉમેદ્ઘાત	૯-૧૨	ગુ.	,,	શ્રી સ્થાનાંગ સૂત્ર (વ્યા. સં. ભા. ૧)	,,	,,	૨૦૦૫
પ્રસ્તાવના	૫-૭	ગુ.	,,	શ્રી ષોડશક પ્રકરણ (વ્યા. સં. ભા. ૧)	,,	,,	૨૦૦૫
ઉત્થાનિકા	૧-૧૧	ગુ.	,,	શ્રી પ્રશમરતિ અને સંબંધકારિકા (વ્યા. સં.)	,,	,,	૨૦૦૫
સંપાદકીય	૭-૧૦	ગુ.	મુનિ કંચનવિજય ,, ક્ષેમંકરસાગર	,,	,,	,,	૨૦૦૫
સાહિત્ય સેવા વગેરે	૧૮૭-૨૫૨	સં. ગુ.	,	,,	,,	,,	૨૦૦૫
ભૂમિકા	૧	ગુ.	હી. ૨. કાપડિયા	શ્રી ઉપદેશ	,,	,,	૨૦૦૫
				રત્નાકર	,,	,,	૨૦૦૫
પ્રવેશિકા	૫-૨૨	ગુ.	,,	શ્રી નવપદ	,,	,,	૨૦૦૫
				માહાત્મ્ય	,,	,,	૨૦૦૫
આગમોદ્ધારકની સાહિત્ય સેવા	૧-૨૭	ગુ.	મુનિ કંચનવિજય	શ્રી ઉપદેશ રત્નાકર	,,	,,	૨૦૦૫
શ્રી આગમોદ્ધારક વિસ્તૃત મોટું જીવન ચરિત્ર	૬૦૦	ગુ.	જીવણચંદ સાકરચંદ ઝવેરી	દલદાર મોટું જીવન ચરિત્ર	શ્રીજૈન-આનંદ-સુરત વર્ધક-સભા.		

(૪) આગમોદ્ધારક-આગમદિવાકર-બહુશ્રુતપુરંદર-આગમોદ્ધારક-સ્વર્ગસ્થ-
,, આચાર્યદેવશ્રીએ કરેલ સાહિત્ય-સેવાની -

સાલવારી-નોંધ.

(નોંધ—આ સૂચી "શ્રી યશઃસ્મૃતિ-અને સૂચિપત્રિકા" ગ્રંથ મુજબજ આપી છે-એટલે પાછળથી ઉપલબ્ધ થયેલ કેટલીક કૃતિઓનો ઉમેરો સમયાદિકારણે કરી શકાયેલ નથી, પણ પૂર્વે વિસ્તૃત-આપેલ નોંધોમાં પૂ સૂરિશ્વરશ્રીએ રચેલ તમામ કૃતિઓ આવી ગયેલ છે.)

,, ૧૯૬૧ ,,

૧ શ્રી વિંશતિ વિંશિકા દીપિકા (સં.)

,, ૧૯૬૩ ,,

૨ ,, બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ (સં.)

,, ૧૯૬૪ ,,

૩ ,, મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ (સં.)

૪ ,, ,, ,, (સં.)

,, ૧૯૬૫ ,,

૫ ,, યશોવિજય કૃત ગ્રંથમાલા (સં.)

૬ ,, સિદ્ધસેન દિવાકર કૃત ગ્રંથમાલા ,,

,, ૧૯૬૭ ,,

૭ ,, કર્મગ્રંથઃ સટીક પ્રથમ વિભાગ (સં.)

૮ ,, ત્રિવિધ ગોષ્ઠી ,,

૯ ,, ન્યાયાવતાર દીપિકા (સં.)

,, ૧૯૬૭ ,,

૧૦ ,, સ્યાદ્વાદ ભાષા (સં.)

૧૧ ,, અધ્યાત્મ મત પરીક્ષા ,,

૧૨ ,, કલ્પસૂત્ર વૃત્તિ સુબોધિકા ,,

૧૩ ,, પાક્ષિકસૂત્ર સટીક સક્ષામણાકમ્ (સાવચૂરિક) ,,

૧૪ ,, વીતરાગ સ્તોત્ર સટીક પ્રથમાવૃત્તિ ,,

,, ૧૯૬૮ ,,

૧૫ ,, કર્મગ્રંથ સટીક ભા. ૨ (સં.)

૧૬ ,, ગુણમહણ શતક (સં.)

૧૭ શ્રી છન્દાનુશાસન (સં.)

૧૮ ,, જીવ કલ્પલતા (સં.)

૧૯ ,, જીવસિદ્ધિ (સં.)

૨૦ ,, દુઃખ પ્રતિકાર વિચાર (સં.)

૨૧ ,, ન્યાય પદ્ધતિ (સં.)

૨૨ ,, મહાવ્રત વિચાર ,,

૨૩ ,, મંગલ પ્રકરણમ્ ,,

૨૪ ,, યોગદૃષ્ટિ સમુચ્ચય (સં.)

૨૫ ,, લોકાચાર (સં.)

૨૬ ,, શિષ્ટ ક્રિયા ,,

૨૭ ,, કર્મગ્રંથ સુત્રાણિ ,,

૨૮ ,, વિવાહ ચર્ચા ,,

૨૯ ,, સત્સંગતિ વર્ણન ,,

૩૦ ,, વંદારૂવૃત્તિ (સં.)

,, ૧૯૬૯ ,,

૩૧ ,, કર્મપ્રકૃતિ મલ૦ (સં.)

૩૨ ,, ધર્મ પરીક્ષા કથા ,,

૩૩ ,, પંચાશક ગ્રંથ ,,

૩૪ ,, સ્તોત્ર રત્નાકર ,,

,, ૧૯૭૦ ,,

૩૫ ,, કલ્પસૂત્ર (બારસા) (સં.)

૩૬ ,, કાલકાચાર્ય કથા ,,

,, ૧૯૭૧ ,,

૩૭ ,, આગમ મહિમા સ્તવ (સં.)

૩૮ ,, આગમ સમિતિ સ્થાપના સ્તવ ,,

૩૯ શ્રી આગમ સુત્રસ્તવ (૨)
૪૦ ,, આગમાર્થ પ્રાધાન્ય સ્તવ ,,
૪૧ ,, ઉપદેશ માલા મૂલ (સં.)
૪૨ ,, ધર્મ સંગ્રહ ભા. ૧ ,,
૪૩ ,, લલિતવિસ્તરાવૃત્તિ ,,
૪૪ ,, ષટ્ પુરૂષ ચરિત્ર ,,
૪૫ ,, રઘુવંશ ,, ,,

૧૯૭૨

૪૬ ,, અનુયોગદ્વાર પૂર્વાર્ધ (સં.)
૪૭ ,, ,, ઉત્તરાર્ધ ,,
૪૮ ,, આચારાંગ સુત્ર ભા. ૧ ,,
૪૯ ,, આવશ્યક સુત્ર હારી ભા. ૧ ,,
૫૦ ,, ઉત્તરાધ્યયનાનિ ભા. ૧ ,,
શાંતિસૂરિ
૫૧ ,, ,, ભા. ૨ ,,
૫૨ ,, ઔપપાતિક સુત્ર ,,
૫૩ ,, ગુણસ્થાન ક્રમારોહ ,,
૫૪ ,, મલયસુંદરી ચરિત્ર ,,

૧૯૭૩

૫૫ ,, આચારાંગ ભા. ૨ (સં.)
૫૬ ,, આવશ્યક ભા. ૨ ,,
૫૭ ,, ,, ભા. ૩ ,,
(હરીભદ્રીય)
૫૮ ,, ઉત્તરાધ્યયનાનિ ભા. ૩ ,,
૫૯ ,, ધર્મ કલ્પદ્રુમ ,,
૬૦ ,, સમ્યક્ત્વ પરિક્ષા ઉપદેશ શતક ,,
૬૧ ,, સૂત્રકૃતાંગ સૂત્ર ,,

૧૯૭૪

૬૨ ,, ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા. ૧ (સં.)
૬૩ ,, દશવૈકાલિક સુત્ર ,,
૬૪ ,, ધર્મસંગ્રહ ભા. ૨ ,,
૬૫ ,, પિંડ નિર્યુક્તિ ,,
૬૬ શ્રી પ્રજ્ઞાપનોપાંગ ભા. ૧ (સં.)
૬૭ ,, ભગવતી સુત્ર ભા. ૧ ,,
૬૮ ,, સમવાયાંગ સુત્ર ,,

૧૯૭૫

૬૯ ,, ઓઘનિર્યુક્તિ (સં.)
૭૦ ,, જીવાભિગમ સૂત્ર ,,
૭૧ ,, પરિણામ માલા ,,
૭૨ ,, પન્નવણા ભા. ૨ ,,
૭૩ ,, પ્રશમરતિ પ્રકરણ ,,
૭૪ ,, પ્રજ્ઞારત્નાકર સેન પ્રશ્ન ,,
૭૫ ,, પ્રશ્ન વ્યાકરણ ,,
૭૬ ,, ભગવતી સુત્ર ભા ૨ ,,
૭૭ ,, શ્રાદ્ધ પ્રતિક્રમણ અર્થ દીપિકા ,,
૭૮ ,, સામાચારિ પ્રકરણ ,,
૭૯ ,, સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપાંગ ,,
૮૦ ,, સ્થાનાંગ સૂત્ર ભા. ૧ ,,

૧૯૭૬

૮૧ ,, અંતકૃદ્દશાનુત્તરૌ (સં.)
પપાતિકદશા વિપાકશ્રુતાનિ
૮૨ ,, ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા. ૨ ,,
૮૩ ,, ઉપાશક દશાંગ ,,
૮૪ ,, જંબુદ્વિપપ્રજ્ઞપ્તિ ભા. ૧ ,,
૮૫ ,, તત્ત્વાર્થ પરિશિષ્ટ (૨.)
૮૬ ,, સ્થાનાંગ સુત્ર ભા. ૨ (સં.)

૧૯૭૭

૮૭ ,, ભગવતી સુત્ર ભા. ૩ (સં.)
૮૮ ,, શ્રીપાલ ચરિત્ર જ્ઞાનવિ૦ ,,

૧૯૭૮

૮૯ ,, ચતુઃશરણ સાવચૂરિ (સં.)
૯૦ ,, તંદુલ વૈચારિક ,,

૬૧ શ્રી પ્રવચન સારોદ્ધાર ભા. ૧ ,,
૬૨ ,, સુક્ત મુક્તાવલી ,,

૧૯૭૯

૬૩ ,, કલ્પ સુત્ર સુ૦ (સં)
૬૪ ,, વિચારામૃતસારસંગ્રહ ,,
૬૫ ,, લિશેષાવશ્યકગાથાનામ ,,
કારાદિક્રમ

૧૯૮૦

૬૬ ,, અનુયોગદ્વાર બીજી આવૃત્તિ સં.
૬૭ ,, ગચ્છાચારપયન્નો સટીક ,,
૬૮ ,, ધર્મબિંદુ સટીક ,,
૬૯ ,, નંદીસુત્ર ,,
૧૦૦ ,, પ્રકરણ સમુચ્ચય ,,
૧૦૧ ,, શ્રીપાલ ચરિત્ર પ્રાકૃત ,,
૧૦૨ ,, સુબોધા સમાચારી ,,
૧૦૩ ,, હિંસાષ્ટક સર્વજ્ઞસિદ્ધિ ,,
ઐન્દ્રિયસ્તુતિશ્રી

૧૯૮૧

૧૦૪ ,, રાયપ્પસેણી સુત્ર

૧૯૮૨

૧૦૫ ,, આચિત્તારારદ્વાત્રિંશિકા (સં.)
૧૦૬ ,, આગમાધિકાર પદ્વાત્રિંશિકા ,,
૧૦૭ ,, ક્ષાયોપશમિક ભાવ વિચાર ,,
૧૦૮ ,, કેવલિ ભુક્તિ ,,
૧૦૯ ,, ઉત્સર્પણાર્થ વિચાર ,,
૧૧૦ ,, ચાન્દ્રનિકીષોડશિકા ,,
૧૧૧ ,, ચારૂપાષ્ટકમ્ ,,
૧૧૨ ,, ચૈત્યદ્રવ્યોત્સર્પણમ્ ,,
૧૧૩ ,, ચૈત્યવંદનાનિ ,,
૧૧૪ ,, ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર- ,,
વિષયાનુક્રમ

૧૧૫ શ્રી ત્રિષષ્ટિ-શલાકા પુરૂષ- ,,
ચરિત્રગત નીતિ વાક્યાનિ
૧૧૬ ,, દુઃખવર્જન ષોડશકમ્ ,,
૧૧૭ ,, દેવ સ્તુતિ નિર્ણય ,,
૧૧૮ ,, દ્વેશ્ય શબ્દ સંગ્રહ ,,
૧૧૯ ,, ધર્મ તત્ત્વ વિચાર ,,
૧૨૦ ,, ધર્માસ્તિકાયાદિ વિચાર ,,
૧૨૧ ,, નય વિચાર ,,
૧૨૨ ,, નય વિચાર દ્વાત્રિંશિકા ,,
૧૨૩ ,, નવ તત્ત્વ વ્યાખ્યાન ,,
૧૨૪ ,, નવપદવૃત્તિ સ્વોપજ્ઞ (સં.)
૧૨૫ ,, નિક્ષેપશતક પર્યુષણ પ્રભા (૨.)
૧૨૬ ,, પુરૂષાર્થ જિજ્ઞાસા (૨)
૧૨૭ ,, પ્રકીર્ણક ગદ્ય સંદર્ભ ,,
૧૨૮ ,, પ્રકીર્ણક પદ્યાવલિ ,,
૧૨૯ ,, પ્રવચન સારોદ્ધાર ભા. ૨ (સં.)
૧૩૦ ,, પ્રમાણ પ્રમેય વિચાર (૨.)
૧૩૧ ,, મંગલ વિચાર ,,
૧૩૨ ,, મંગલાદિ વિચાર ,,
૧૩૩ ,, મૌનષટ્ત્રિંશિકા ,,
૧૩૪ ,, યજ્ઞેહિંસા વિચાર ,,
૧૩૫ ,, યથાભદ્રક ધર્મસિદ્ધિ ,,
૧૩૬ ,, લોકપ્રકાશ ભા. ૧ (સં.)
૧૩૭ ,, વિધિ વિચાર (૨)
૧૩૮ ,, વ્યવહાર સિદ્ધિષટ્ત્રિંશિકા ,,
૧૩૯ ,, શિક્ષાક્રમ ,,
૧૪૦ ,, સંધાચાર ,,
૧૪૧ ,, સાંવત્સરિક નિર્ણય ,,
૧૪૨ ,, સિદ્ધપ્રભાગત ઉણાદિશબ્દા ,,
૧૪૩ ,, સિદ્ધપ્રાભૃત વ્યાખ્યા ,,
૧૪૪ ,, સિયવાયં ,,
૧૪૫ ,, સુખદુઃખ વેદનં ,,
૧૪૬ ,, સ્તવનાનિ ,,

૧૪૭ શ્રી સ્તુતયઃ ,,
૧૪૮ ,, સ્થાપના વિચાર ,,
૧૪૯ ,, સ્થાપના સિદ્ધિ ,,
૧૫૦ ,, સ્યાદ્વાદ દ્વાત્રિંશિકા ,,
૧૫૧ ,, સ્વાધ્યાયાઃ ,,

૧૯૮૩

૧૫૨ શ્રી અલ્પપરિચિત સૈધાંતિક શબ્દકોષ (૨)
૧૫૩ ,, આમમીયા વિષયા ,,
૧૫૪ ,, અનુમાનમ ,,
૧૫૫ ,, અલંકાર ,,
૧૫૬ ,, અલ્પબહુત્વ ,,
૧૫૭ ,, આચાર્ય નામાનિ ,,
૧૫૮ ,, ઇતિહાસ ,,
૧૫૯ ,, ઉપોદ્ઘાત પ્રશસ્તિશ્રી ,,
૧૬૦ ,, એકાર્થિક શબ્દ ,,
૧૬૧ ,, કાઠિન્યાર્થા ,,
૧૬૨ ,, ખંડનપક્ષાઃ ,,
૧૬૩ ,, ગચ્છા પટ્ટાવલયશ્રી ,,
૧૬૪ ,, છચ્છેાવિચાર ,,
૧૬૫ ,, છેદસૂત્ર ગાથાનામકારાદિ ,,
૧૬૬ ,, જ્યોતિષ્ક ,,
૧૬૭ ,, દૃષ્ટાન્તિ ,,
૧૬૮ ,, નયા ,,
૧૬૯ ,, નિક્ષેપાનાં સંગ્રહ ,,
૧૭૦ ,, નિશીથ ભાષ્ય ગાથાદ્યપદાનિ ,,
૧૭૧ ,, નિશીથાધિકારાનુક્રમ ,,
૧૭૨ ,, ન્યાયા. ,,
૧૭૩ ,, પાઠાંતરાણિ ,,
૧૭૪ ,, પ્રચલિતમતાનિ ,,
૧૭૫ ,, પ્રજ્ઞાપ્યમ્ ,,
૧૭૬ ,, પ્રત્યેકબુદ્ધનામાનિ ,,
૧૭૭ ,, પ્રસ્તાવના ,,
૧૭૮ શ્રી પ્રાચીનમતાનિ ,,
૧૭૯ ,, બૃહત્કલ્પ વિષયાનુક્રમ ,,
૧૮૦ ,, ભૂગેાળ ,,
૧૮૧ ,, મતાનાં સમાધાનાનિ ,,
૧૮૨ ,, રાજકીય વિભાગ ,,
૧૮૩ ,, લક્ષણદૂષણૌ ,,
૧૮૪ ,, વાદા ,,
૧૮૫ ,, વાયુવૃષ્ટિ ,,
૧૮૬ ,, વિધિ ,,
૧૮૭ ,, વિશિષ્ટતા ,,
૧૮૮ ,, વિશેષ નામાનિ ,,
૧૮૯ ,, વિશેષોપયોગિનિ ,,
૧૯૦ ,, વિસંવાદા ,,
૧૯૧ ,, વૈદ્યકમ્ ,,
૧૯૨ ,, વ્યાકરણમ્ ,,
૧૯૩ ,, વ્યાખ્યાન્તરાણિ ,,
૧૯૪ ,, શંકા સમાધાનાનિ ,,
૧૯૫ ,, સમાન શબ્દાનાં પર્યાયાઃ ,,
૧૯૬ ,, સંકલના ,,
૧૯૭ ,, સંપ્રદાયા ,,
૧૯૮ ,, સાક્ષીભૂત ગ્રંથા ,,
૧૯૯ ,, સાક્ષિપાઠાનામકારાદિક્રમ ,,
૨૦૦ ,, સામુદ્રિકમ્ ,,
૨૦૧ ,, સ્થલ નિર્દેશ ,,
૨૦૨ ,, સ્થાપનાનિ ,,
૨૦૩ ,, આચાર પ્રદીપ ,,
૨૦૪ ,, આભાણુ શતક ,,
૨૦૫ ,, ઇર્યાપથિકીષટ્-ત્રિંશિકા ,,
૨૦૬ ,, ઋષિભાષિતસૂત્રાણિ ,,
૨૦૭ ,, ઔષ્ટ્રિકમતોત્સૂત્રકુલકાદિ ,,
૨૦૮ ,, ચતુઃશરણાદિ મરણસમાધ્યન્તં પ્રકીર્ણકશક ,,
૨૦૯ ,, નવપદ પ્રકરણમ ,,

૨૧૦	શ્રી	પંચવસ્તુ ગ્રંથ સટીક	(સં.)
૨૧૧	,,	પંચસંગ્રહ સ્વોપજ્ઞ	,,
૨૧૨	,,	પ્રવ્રજ્યા વિધાનાદીનિ કુલકાનિ	,,
૨૧૩	,,	સમ્યકત્વ કૌમુદિની–તિવ્યાકયાનિ	(૨)
		૧૯૮૪	
૨૧૪	શ્રી	અનુયોગ દ્વાર ચૂર્ણી	(સં.)
૨૧૫	,,	અનુયોગ દ્વાર હરિભદ્રી.	,,
૨૧૬	,,	આવશ્યક સુત્ર. ચૂર્ણિ ભા. ૧	,,
૨૧૭	,,	,, ભા. ૧ મલય	,,
૨૧૮	,,	જીવ સમાસ પ્રકરણ	,,
૨૧૯	,,	જ્યોતિષ્કરંડ પ્રકીર્ણક	,,
૨૨૦	,,	નંદીસુત્ર ચૂર્ણી	,,
૨૨૧	,,	નંદીસુત્ર હરિભદ્ર.	,,
૨૨૨	,,	નંદ્યાદિ ગાથાદ્યકારાદિયુત–વિષયાનુક્રમ	,,
૨૨૩	,,	પંચાશકદીનિ મુલમાત્ર	,,
૨૨૪	શ્રી	પ્રત્યા૦ સારસાતવિભ્રમ દાનપટ્ત્રિંશિકા વિશેષણવતી–વિંશતિકાત્ય	સં.
૨૨૫	,,	યુક્તિપ્રબોધ	,,
૨૨૬	,,	લોક પ્રકાશ ભા. ૨	,,
૨૨૭	,,	વિશેવાવશ્યકસ્તકામુદ્રિત ગાથા	,,
		૧૯૮૫	
૨૨૮	શ્રી	પયરણસંદોહ	સં.
૨૨૯	,,	મહાવીરચરિયં	,,
૨૩૦	,,	વૃન્દારૂવૃત્તિ દ્વિતીયાવૃત્તિ	,,
૨૩૧	,,	શાસ્ત્રવાર્તાસમુચ્ચય	,,
		૧૯૯૬	
૨૩૨	શ્રી	આવશ્યકમ્ ભા. ૨	સં.
૨૩૩	,,	દીક્ષાની જઘન્યવય	,,
૨૩૪	,,	પચ્ચાશકાદ્યકારાદિ	,,
૨૩૫	શ્રી	મંધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ	,,
૨૩૬	,,	,,	,,
૨૩૭	,,	શ્રુતશીલ ચતુર્ભંગી	,,
		૧૯૮૮	
૨૩૮	શ્રી	આવશ્યકસૂત્ર ભા૦ ૨ મલય	સં.
૨૩૯	,,	તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ	,,
૨૪૦	,,	પર્વાધિરાજ શ્રીપર્યુષણા–ષ્ટાહ્નિકા વ્યાખ્યાન	,,
૨૪૧	,,	લોક પ્રકાશ ભા. ૨	,,
		૧૯૮૯	
૨૪૨	શ્રી	ઉત્તરાધ્યયન ચૂર્ણી	સં.
૨૪૩	,,	દશવૈકાલિક ચૂર્ણી	,,
૨૪૪	,,	દીક્ષાનું સુંદર સ્વરૂપ	,,
૨૪૫	,,	સિદ્ધચક્ર પાક્ષીપ	,,
		૧૯૯૦	
૨૪૬	શ્રી	તત્ત્વતરંગિણી–	સં.
૨૪૭	,,	ત્રિષષ્ટીય દેશનાદિ સંગ્રહ	,,
૨૪૮	,,	પરિણામ માળા દ્વિતીયાવૃત્તિ	,,
૨૪૯	,,	લલિતવિસ્તરા	,,
૨૫૦	,,	સવાસોઆદિસ્તવનાદિ	,,
૨૫૧	,,	સિદ્ધચક્ર મહાત્મ્ય	,,
૨૫૨	,,	સિદ્ધપ્રભા વ્યાકરણ પ્રત	,,
૨૫૩	,,	,, પુસ્તક	,,
		૧૯૯૧	
૨૫૪	શ્રી	આચારાંગ સૂત્ર ભા. ૧	સં.
૨૫૫	,,	વ્યાખ્યાન સંગ્રહ	,,
		૧૯૯૨	
૨૫૬	સં.	આચારાંગ સૂત્ર ભા૦ ૨	(સં.)
૨૫૭	,,	આવશ્યક સૂત્ર ભા. ૩ મલય.	,,
૨૫૮	,,	ઋષીદ્વાપંચાશિકા	(૨.)
૨૫૯	,,	ઉપદેશમાલા પુષ્પમાળા	(સં.)

૨૬૦ શ્રી ઉદ્યાપન વિચાર (૨)
૨૬૧ ,, કલ્પક્ષેત્રાદિ (સં.)
૨૬૨ ,, જય સોમસિકખા (૨.)
૨૬૩ ,, તત્ત્વાર્થ સૂત્ર ટીકા (સં.)
હરીભદ્રી
૨૬૪ ,, તત્ત્વાર્થ ભાષ્ય (સં.)
૨૬૫ ,, તપ ગુણે ઉદ્યાપન (૨)
૨૬૬ ,, સપ્તભંગીપ્રદિ દશશતક (સં.)
૨૬૭ ,, ભગવતી સૂત્ર કાનજીપર ,,
૨૬૮ ,, ભવભાવના ભાગ ૧ ,,
૨૬૯ ,, પડાવશ્યક સૂત્રાણિ ,,
૨૭૦ ,, ષોડશકપ્રકરણમ્ ,,
૨૭૧ ,, અંગાનામકારાદિક્રમ (૨.)
વિષય સુચી
૨૭૨ ,, ઉત્પાદિ સિદ્ધિ (સં.)
૨૭૩ ,, તત્વાર્થકૃત તન્મત નિર્ણય (૨.)
૨૭૪ ,, તિથિહાનિવૃદ્ધિવિચાર ,,
૨૭૫ ,, પંચ વસ્તુ ભાષાંતર ,,
૨૭૬ ,, પ્રવચન પરિક્ષા ભા. ૧ (સં.)
૨૭૭ ,, ,, ,, ભા. ૨ ,,
૨૭૮ ,, પ્રવચન પરિક્ષાની મહત્તા (૨.)
૨૭૯ ,, બુદ્ધિ સાગર (સં.)
૨૮૦ ,, ભગવતી સૂત્ર ભા. ૧ ,,
દ્વિતીયાવૃત્તિ
૨૮૧ ,, યતિદિન ચર્યા ,,
૨૮૨ ,, લોકપ્રકાશ ભા. ૪ ,,
૨૮૩ ,, વિચારામૃત સાર સંગ્રહ ,,
૨૮૪ ,, વિશેષાવશ્યકસૂત્ર ભા. ૨ ,,
કોટયાચાર્ય
૨૮૫ ,, જીવાભિગમ પુરાવા (સાંવત્સરિક) (૨.)
૨૮૬ ,, સંસ્કૃત પ્રાચીન પ્રકરણાદિ (સં.)
સમુચ્ચય

૧૯૬૪
૨૮૭ શ્રી આનંદ સુધાસિંધુ (૨.)
૨૮૮ ,, કથાકોષ (સં.)
૨૮૯ ,, કલ્પ સમર્થન ,,
૨૯૦ ,, કૃષ્ણ ચરિત્ર ,,
૨૯૧ ,, તિથિક્ષયવૃદ્ધીપ્રદીપ (૨.)
૨૯૨ ,, દેવવંદન ભાષ્ય (સં.)
૨૯૩ ,, નમસ્કાર મહાત્મ્ય ,,
૨૯૪ ,, ભવભાવના ભા. ૨ ,,
૨૯૫ ,, ભવ ભાવના છાયા ,,
૨૯૬ ,, શ્રાદ્ધદિનકૃત્ય સુત્ર ભા. ૨ ,,
૧૯૬૫
૨૯૭ ,, કલ્પસુત્ર સુબોધિકા (સં.)
૨૯૮ ,, પ્રવજ્યાવિધાન કુલક ,,
૨૯૯ ,, શ્રાવક ધર્મ દેશના ,,
૩૦૦ ,, શ્રાદ્ધદિન કૃત્ય ભા. ૨ ,,
૩૦૧ ,, શ્રેણીક ચરિત્ર ,,
૩૦૨ ,, સંસર્ગ ગુણદોગ પ્રકાશ–
સુપાત્ર દાન પ્રકાશ ,,
૩૦૩ ,, સાધર્મિક વાત્સલ્ય પ્રકાશ ,,
૩૦૪ ,, સ્વાધ્યાય પ્રકાશ ,,
૩૦૫ ,, અધ્યાત્મકલ્પદ્રુમ (સં.)
૩૦૬ ,, પ્રશમરતિ પ્રકરણ ,,
૩૦૭ ,, ભગવતી સુત્ર ભા. ૨ ,,
૧૯૬૭
૩૦૮ ,, નિયુક્તિપંચક ,,
૩૦૯ ,, પંચાશક મૂળ ટીકા ,,
૩૧૦ ,, સિદ્ધપ્રાભૃત ,,
૧૯૬૮
૩૧૧ ,, આચારાંગ ચૂર્ણી (સં.)
૩૧૨ ,, પર્વતિથિ સુત્રાણિ (સં.)
૩૧૩ ,, સૂત્રકૃતાંગ ચૂર્ણી (સં.)

૧૯૫૬

૩૧૪ શ્રી આગમ રત્ન મંજુષા (સં.)
૩૧૫ ,, તિથિ વિષયક ચર્ચા (૨.)

૨૦૦૧

૩૧૬ ,, સુધા સાગર ભા. ૧ (૨.)
૩૧૭ ,, ,, ભા. ૨ ,,
૩૧૮ ,, સાગર સમાધાન ભા. ૧ ,,

૨૦૦૨

૩૧૯ ,, અભિધાન ચિંતામણી (સં.)
૩૨૦ ,, ચૂર્ણિ ટીકાવલોકનમ્ (૨.)
૩૨૧ ,, નિર્જરાદિ ,,
૩૨૨ ,, પઉમચરિયાધિકાર ,,
૩૨૩ ,, સમરાદિત્ય કહાધિકાર ,,

૨૦૦૩

૩૨૪ ,, આગમ મહિમા (૨.)
૩૨૫ ,, આચેલક્યમ્ ,,
૩૨૬ ,, આભિગ્રહિકાનાભોગમિથ્યાત્વં ,,
૩૨૭ ,, આર્યરક્ષિત ,,
૩૨૮ ,, ઉત્સુત્રભાષણફળ ,,
૩૨૯ ,, કોટિવ્યાર્થ શાસ્ત્રો વિકાર ,,
૩૩૦ ,, છંદાનુશાસન ,,
૩૩૧ ,, જિન મહિમા ,,
૩૩૨ ,, જ્ઞાત પર્યુષણા ,,
૩૩૩ ,, જ્ઞાન પદ્યાવલી ,,
૩૩૪ ,, તત્ત્વાર્થ ટિપ્પનમ્ ,,
૩૩૫ ,, દેશી નામ માલા ,,
૩૩૬ ,, ધર્મબિન્દુ પ્રકરણાધિકાર ,,
૩૩૭ ,, નક્ષત્રભોગાદિ ,,
૩૩૮ ,, નવસ્મરણાનિ ગૌતમરાસ ,,
૩૩૯ ,, નિર્વાણમ્ ,,
૩૪૦ શ્રી પર્યુષણા વૃત્તિઃ ,,
૩૪૧ ,, પર્વ તિથિ પ્રકરણ ,,
૩૪૨ ,, પયન્નાદિ વાચન ,,
૩૪૩ ,, પન્નવણા સુત્ર ભા. ૧ (સં.)
હરીભદ્રીય
૩૪૪ ,, પ્રતિદિવસ પ્રતિનિયતાર્થ (૨.)
વિચારણાદિ
૩૪૫ ,, પ્રતિમાશતક ટિપ્પનકમ્ ,,
૩૪૬ ,, ભગવતી સુત્ર ભા. ૩ (સં.)
૩૪૭ ,, યોગદૃષ્ટિસમુચ્ચય (૨.)
૩૪૮ ,, યોગબિંદુ ,,
૩૪૯ ,, રાત્રૌ ચૈત્યગમનં ,,
૩૫૦ ,, લુંપક કૌટિલ્યમ્ ,,
૩૫૧ ,, વિચાર રત્નાકર (૨.)
૩૫૨ ,, વ્યવહારાવ્યવહારરાશિ ,,
૩૫૩ ,, શિષ્ય શતકાદિ ,,
૩૫૪ ,, સંહનનાનિ ,,
૩૫૫ ,, સામાયિકેર્યાસ્થાનનિર્ણય ,,
૩૫૬ ,, સ્ત્રી પૂજા નિર્ણય ,,
૩૫૭ ,, હિંસકત્વાહિંસકત્વમ્ ,,

૨૦૦૪

૩૫૮ ,, જૈન ગીતા (૨.)
૩૫૯ ,, તાત્ત્વિક પ્રશ્નોત્તરાવતરણં ,,
૩૬૦ ,, તિથિ દર્પણમ્ ,,
૩૬૧ ,, તિથિપટ્ટકમ્ ,,
૩૬૨ ,, પર્વ દેશના (વ્યા. યુ.) ,,
૩૬૩ ,, શ્રમણ ધર્મ સહસ્ર ,,
૩૬૪ ,, શ્રમણો ભગવાન્ મહાવીર ,,
૩૬૫ ,, સાગર સમાધાન ભા. ૨ ,,
૩૬૬ ,, સિદ્ધદાત્રિંશિકા ,,

૩૬૭ શ્રી સુયગડાંગ (વ્યા. ચૂ.) ,,
૩૬૮ ,, સુયોદય સિદ્ધાંત ,,

૨૦૦૫

૩૬૯ ,, અધિગમ સમ્યક્ત્વૈકાદશી (૨.)
૩૭૦ ,, અનંતાર્થાષ્ટકમ્ ,,
૩૭૧ ,, અર્હચ્છતકમ્ ,,
૩૭૨ ,, અંગ પુરૂષ પંચ વિંશતિકા ,,
૩૭૩ ,, આગમ મંદિર ચતુર્વિંશિકા ,,
૩૭૪ ,, આગમીય સૂક્તાવલિ સંગ્રહ ,,
૩૭૫ ,, શ્લોક સુભાષિત લોકોક્તયઃ ,,
૩૭૬ ,, ઉપકાર દ્વાદશિકા ,,
૩૭૭ ,, ઉપદેશ નવશતી ,,
૩૭૮ ,, ઉપદેશ માલા ,,
૩૭૯ ,, ઉપાંગ પ્રકીર્ણ સૂત્ર વિષયકમાદિ ,,
૩૮૦ ,, ક્રિયા દ્વાત્રિંશિકા ,,
૩૮૧ ,, ક્ષમાવિંશતિકા ,,
૩૮૨ ,, જમાલિમત ખંડન ,,
૩૮૩ ,, જૈન પૂર્વ ત્વાષ્ટદશિકા ,,
૩૮૪ ,, જ્ઞાન પંચ વિંશતિકા ,,
૩૮૫ ,, જ્ઞાનભેદ પોડશકમ્ ,,
૩૮૬ ,, તત્ત્વજ્ઞાન દીપિકા ,,
૩૮૭ ,, તીર્થ માલા ,,
૩૮૮ ,, તીર્થ પંચાશિકા ,,
૩૮૯ ,, સિદ્ધગિરિ પંચવિંશિકા ,,
૩૯૦ ,, આગમમંદિર-ષટ્ત્રિંશિકા ,,
૩૯૧ ,, સિદ્ધચક્ર-મંદિર-દ્વાત્રિંશિકા ,,
૩૯૨ ,, ગણધરપદ-દ્વાત્રિંશિકા ,,
૩૯૩ ,, ગિરનાર-ચતુર્વિંશિકા ,,
૩૯૪ ,, ત્રયતત્ત્વ-દ્વાદશિકા ,,
૩૯૫ ,, ત્રિદશતરંગિણી વિષમ પદ્ય ,,
૩૯૬ ,, સમરસ્યોલ્લેખાદિ ,,

૩૯૭ શ્રી દ્વેષજયદ્વાદશિકા ,,
૩૯૮ ,, દ્રવ્યબોધ ત્રયોદશી ,,
૩૯૯ ,, ધનાર્જનષોડશિકા (૨.)
૪૦૦ ,, ધર્મદેશના ,,
૪૦૧ ,, ધર્મ સંગ્રહણી ,,
૪૦૨ ,, ધર્મસાગરીય જલ્પ સમાલોચનાનિ ,,
૪૦૩ ,, નમ્રાટશિક્ષાશતક ,,
૪૦૪ ,, નયષોડશિકા ,,
૪૦૫ ,, નયાનુયોગાષ્ટકમ્ ,,
૪૦૬ ,, નિસર્ગદશી ,,
૪૦૭ ,, પંચ સંગ્રહ ,,
૪૦૮ ,, પંચસૂત્રટિપ્પનમ્ ,,
૪૦૯ ,, પંચસૂત્રટીકાટિપ્પનં ,,
૪૧૦ ,, પંચાશકમ્ ,,
૪૧૧ ,, પરમાણુ પંચવિંશતિકા ,,
૪૧૨ ,, પ્રજ્ઞપ્તિપદ ત્રિંશિકા ,,
૪૧૩ ,, ભવવિરહસૂરિઃ ,,
૪૧૪ ,, મોક્ષ પંચવિંશતિકા ,,
૪૧૫ ,, લઘુ સિદ્ધપ્રભા વ્યાકરણ (સં.)
૪૧૬ ,, લઘુ શબ્દકોષમ્ ,,
૪૧૭ ,, લોક વાર્તા ,,
૪૧૮ ,, લોપકપાટી શિક્ષા ,,
૪૧૯ ,, શાસ્ત્રવાર્તા પરિશિષ્ટમ્ ,,
૪૨૦ ,, ષોડશક પ્રકરણ (વ્યા. ચૂ.) ,,
૪૨૧ ,, સદ્ધર્માષ્ટકમ્ ,,
૪૨૨ ,, સૌખ્યષોડશિકા ,,
૪૨૩ ,, સ્થાનાંગ સૂત્ર (વ્યા. ચૂ.) ,,
૪૨૪ ,, સ્થાપનાર્યાદ્વાત્રિંશિકા ,,
૪૨૫ ,, હરિભદ્રસૂરિ સમયદીપિકા ,,
૪૨૬ ,, હરિભદ્રસૂરિ સમય ૨૫૬ટીકણોલ્લેખ ,,

નોંધ:—આમાં પ. આચાર્યદેવશ્રીની પાછલથી મલી આવેલ કેટલીક કૃતિઓ સમયાલપતાદિકારણે નોંધવી રહી છે.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક આચાર્ય દેવેશના સ્વર્ગવાસ નિમિત્તે સેંકડો-તારો, સંદેશાઓ, શોક-સભાઓ, તે સભામાં કરેલા ઠરાવો; અને હાર્દિક-લાગણીભર્યા પત્રો, તેમજ દૈનિક-સાપ્તાહિક-માસિક-પેપરોમાં આવેલા સમાચારો-અનેકાનેક મળ્યા છે, તેની નોંધ આપવી અત્રે અશકય છે; છતાં વાંચકોની અતિ-તીવ્ર-માંગણીને આધીન થઇને થોડાંક અહેવાલો અપાય છે.

આગમોદ્ધારક-જૈનાચાર્ય-શ્રીમદ્-આનંદસાગરસૂરીશ્વરજી.

શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ ના રોજ કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૩૩ માં કપડવંજમાં થયો હતો. સોળ વર્ષની નાની ઉમરે સં. ૧૯૪૭ માં તેઓશ્રીએ ઝવેરસાગરજી પાસે દીક્ષા લીધી હતી. સં. ૧૯૬૦ માં તેઓશ્રી પંન્યાસ થયા હતા, અને સં. ૧૯૭૪ માં સુરતના શ્રીસંઘે તેઓશ્રીને આચાર્ય પદે સ્થાપિત કર્યા હતા. તેઓશ્રી જૈન શાસ્ત્રના અપૂર્વ અભ્યાસી હતા. ષડ્દર્શનના પ્રખર જ્ઞાતા હતા. તેઓશ્રીના ઉપદેશથી સં. ૧૯૬૫ માં શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ એક લાખ રૂપિયાની રકમથી સ્થાપવામાં આવ્યું હતું. જે ફંડની મદદથી અન્ય વિદ્વાન-મુનિ-મહારાજાઓ તથા ગૃહસ્થો પાસે સંશોધન કરાવી અનેક શાસ્ત્રના આકર-ગ્રંથો બહાર પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ આગમોદય—સમિતિની સ્થાપના તેઓશ્રીએ કરી હતી. અને જુદા જુદા શહેરોના ભંડારોમાંથી આગમ ગ્રંથોની અનેક પ્રતો મેળવી શુદ્ધ-આગમ-ગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા હતા. જૈન આગમ ગ્રંથો ઉપર તેઓશ્રીનો અપૂર્વ પ્રેમ અને રાગ હતો આગમિક સાહિત્યનું વાંચન સાર્વત્રિક થાય, જૈન મુનિમહારાજાઓને આગમોના શ્રવણ અને મનનનો લાભ મળે તે માટે તેઓશ્રીએ પાલીતાણા મુકામે આગમોની વાંચના આપી હતી, જે વાંચનાનો ગચ્છ કે સંઘાડાના ભેદભાવ વિના મુનિમહારાજાઓએ અને ગૃહસ્થોએ લાભ લીધો હતો. આગમ-વાંચનાનો આવો આ પ્રસંગ પૂર્વાચાર્યોના વખતની વલ્લભી અને મથુરી વાંચનાની કંઈક વાંચનાની ઝાંખી કરાવતો હતો. આગમ-શાસ્ત્રનો કાળક્રમે નાશ ન થાય, તેમાં કોઇ હસ્તક્ષેપ કે ફેરફાર ન કરે તેવા આશયથી તેઓશ્રીએ પાલીતાણા-શત્રુંજય તીર્થની તળેટીમાં મોટે ખર્ચે આગમ મંદિર બંધાવેલ છે, અને દીવાલો ઉપર આરસની તખ્તીઓમાં સમગ્ર આગમોને કોતરાવેલ છે, જે આગમ મંદિર સ્વ. આચાર્ય મહારાજના મહાન સ્મરણ સ્તંભ છે. તે પ્રમાણે સુરત શહેરમાં પણ તામ્રપત્રો ઉપર આગમોને અંકિત કરાવવામાં આવ્યા છે. આ રીતે આગમોના ઉદ્ધારની આચાર્ય મહારાજશ્રીની અનુપમ સેવા છે, તે માટે આગમોદ્ધારક, આગમદીવાકર, શાસનશિરોમણિ આદિ અલંકારોથી વિભૂષિત થયા છે.

આચાર્ય મહારાજશ્રીનો અમને થોડોક અંગત પરિચય હતો. તેઓ સતત્ અભ્યાસી હતા, વાંચન સંશોધન પ્રકાશન આદિ કામોમાં તેઓ કાયમ પ્રવૃત્તિ રહેતા. સમયનો સદુપયોગ આખા જીવનમાં તેઓશ્રીએ જે કર્યો છે, તેવો ભાગ્યેજ બીજા મુનિઓએ કર્યો હશે. આગમોના ઉદ્ધાર માટે તેઓ એક અવતારી પુરૂષ થયા હતા. આખું જીવન આગમોના ઉદ્ધાર માટે વાપર્યું હતું, સંતપુરુષોની જ્ઞાનવિભૂતિ પરોપકાર માટે જ હોય છે. આવા જ્ઞાનવિભૂષિત આચાર્ય મહારાજના અવસાનથી જૈન સંઘ અને જૈન સમુદાયને ન પુરાય એવી ખોટ પડેલ છે. તેઓશ્રીના વિદ્વાન્ અને સુજ્ઞ-શિષ્યવર્યો પરમગુરૂ મહારાજ પાસેથી મેળવેલ વારસો સાચવી રાખી તેમાં વૃદ્ધિ કરશે એવી અમારી અભ્યર્થના છે.

જીવરાજ ઓધવજી દોશી.

સ્વ૦ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશના-
સ્વર્ગવાસ નિમિત્તે—

દિલગીરી દર્શાવવા માટેની ભરાયેલી સભા સબન્ધિ ગામોનાં નામ.

જૈન સંઘ	ગોધરા
જૈન સંઘ	મદ્રાસ
જૈન સંઘ	અમદાવાદ
જૈન સંઘ	કપડવંજ
ગુજરાતી શ્રી જૈન શ્વેતાંબર તપગચ્છ સંઘ	કલકત્તા
જૈન સંઘ	ખંભાત
જૈન સંઘ	ચોટીલા
દેવચંદ ધરમચંદની પેઢી	ડભોઈ
જૈન સંઘ	પાલીતાણા
જૈન સંઘ	વેજલપુર (ભરૂચ)
જૈન સંઘ	પાલેજ
ગોડીજી જૈન સેવા સમાજ સભા, ઘોઘારી જૈન સેવા સમાજ; કોટ જૈન સંઘ શ્રી કપડવંજ યુવક મંડળ	મુંબઇ

વિગેરે એકતીસ મંડળો અને સંસ્થાઓની સભા.

જૈન સંઘ	વેજલપુર
જૈન સ્વયંસેવક મંડળ	ભરૂચ
નાગજી ભૂદરની પોળ નગરશેઠનો વંડો	અમદાવાદ
જૈન સંઘ	પાટણ

તા. ક:—હજુ પણ દરેક ગામોમાં પૂજ્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે શોકની જાહેરાત કરવા સભાઓ ભરાઈ રહી છે, પણ ટાઈમના અભાવે અત્ર નોંધ આપવી અશક્ય છે.

સ્વ. આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરીશ્વરજીને અમદાવાદના જૈનોની અંજલી.

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ માણેકલાલ મનસુખભાઇ, શેઠ વિમલભાઈ મયાભાઇ નગરશેઠ; વિગેરે ૨૦ આગેવાન જૈન સદ્ગૃહસ્થોની સહીથી અમદાવાદના જૈન ભાઇઓની એક જાહેર સભા સં. ૨૦૦૬ ના વૈશાખ વદિ ૧૩ તા. ૧૪-૫-૫૦ ને રવિવારના રોજ સવારના ૯ વાગતાં નગરશેઠના વંડામાં **સ્વ. આગમોદ્ધારક આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના** કાલ ધર્મ અંગે શોક વ્યકત કરવા, તથા તેઓશ્રીને અંજલી અર્પવા શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઇના પ્રમુખપદે મળી હતી.

સભાનો વિશાળ હોલ આગેવાન સદ્ગૃહસ્થો તેમજ ભાવિક-જૈન-બંધુઓથી ભરાઇ ગયો હતો. શરૂઆતમાં પ્રભુ પ્રાર્થના ગવાયા બાદ શેઠ પ્રેમચંદ હઠીસિંગે સભા બોલાવવાની જાહેર વિજ્ઞપ્તિ પત્રિકા વાંચી સંભળાવી હતી, અને પ્રમુખસ્થાનની જાહેરાત કરી હતી. ત્યારબાદ પ્રમુખશ્રીનું વક્તવ્ય શ્રીયુત ચંદ્રકાંત છોટાલાલ ગાંધીએ વાંચી સંભળાવતાં આજના પ્રસંગની ગંભીરતા ધ્યાનમાં રાખી તેને શાંતિ પૂર્વક પાર પાડવા વિનંતિ કરી હતી. અંતમાં તેઓએ સ્વ. સૂરિજી મહારાજને અંજલી આપતાં જણાવ્યું કે પરમપૂજ્ય-આગમોદ્ધારક-આચાર્ય-મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીનું નામ જૈન તેમજ જૈનેતર વર્ગમાં ખુબ જાણીતું છે. તેઓએ પોતાના જીવનમાં બજાવેલી જૈન-ધર્મ અને જૈન-સાહિત્યની સેવા અનુપમ છે. તેઓશ્રીનું જીવન સદા કાર્યપરાયણ અને અત્યુત્તમ હતું. હંમેશાં પુન્યાનુબંધી પુન્ય બંધાય તે રીતે તેઓ ઉપદેશ કરતા હતા. જૈન—શાસનના કટોકટીના અનેક પ્રસંગોએ તેઓશ્રીએ દાખવેલી હિંમત, મક્કમતા, અને આપેલી દોરવણીને આપણે કદી વિસરી શકવાના નથી. આવા એક સમર્થ આચાર્યદેવના અવસાનથી આપણને બહુ મોટી ખોટ પડી છે.

ત્યારબાદ શ્રીયુત ચંદ્રકાંત છોટાલાલ ગાંધીએ નીચે મુજબનો ઠરાવ રજુ કર્યો હતો. "પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના સુરત મુકામે સંવત ૨૦૦૬ ના વૈશાખ વદી ૫ તા. ૬-૫-૫૦ ને શનિવારના રોજ સાંજના ૪-૩૨ વાગતાં થયેલ કાલ ધર્મથી અમદાવાદના જૈનોની આ જાહેર સભા ભારે આઘાત અનુભવે છે. પૂજ્ય આચાર્ય મહારાજ તો પોતાની વૃદ્ધ ઉમ્મર અને સુદીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન જૈન-ધર્મ અને જૈન-સાહિત્યની અનેકવિધ સેવા કરીને પોતાનું જીવન ધન્ય

અને કૃતકૃત્ય બનાવી ગયા છે, પણ તેઓશ્રીના સ્વર્ગ-વાસથી જૈન શાસનને બહુ મોટી ખોટ આવી પડી છે. સ્વર્ગસ્થ-સૂરીશ્વરજી મહારાજના પવિત્ર આત્માને આ સભા પોતાની ભાવભરી અંજલી આપે છે. અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યોના વિશાળ સમુદાય અને જૈન સંઘ ઉપર આવી પડેલ આ દુઃખમાં પોતાની સમવેદના અને સહાનુભૂતિ દર્શાવવા સાથે સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના આત્માને ચિરશાંતિની પ્રાર્થના કરે છે."

ઠરાવ ઉપર મુદ્દાસરનું વિવેચન કરતાં શ્રી ચંદ્રકાંત-ભાઇએ પૂ. સૂરીશ્વરજીના સાધુજીવનને અને તેઓએ કરેલ આગમ વિગેરેના સંશોધનના કાર્યને અંજલી આપીને તેઓશ્રીને એક મહાપુરૂષ તરીકે વર્ણવ્યા હતા.

ત્યારબાદ શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડીઆએ વિવેચન કરતાં જણાવ્યું કે સૂરિજીના જીવનનું વર્ણન શબ્દો દ્વારા થઈ શકે એમ નથી. તેઓ સમર્થ યોદ્ધા, સતત પુરૂષાર્થી, નિશ્ચય બળવાળા; અને જ્ઞાન ભક્તિથી ભરેલા મહાપુરૂષ હતા. તેઓની મોટી ખોટ આવી પડી છે, પણ જૈન સંઘે માત્ર ખોટની વાત કરવાથી હવે કામ નહિ ચાલે. હવે તો કંઇક નક્કર કામ કરવાનો સમય આવી પહોંચ્યો છે, અને તેથી તેઓશ્રીને પ્રિય એવી પ્રવૃત્તિને વેગ મળે તેવું કાર્ય હાથ ધરવું જોઇએ; વિગેરે.

ત્યારબાદ શેઠ સુરેન્દ્રભાઇ સારાભાઇએ બોલતાં ઠરાવને અનુમોદન આપીને સ્વ. સૂરિજીએ આગમ ગ્રંથોની થાપણ અને તામ્રપત્રોમાં કોતરવાનું જે મહાન્ કાર્ય કર્યું હતું તેને અંજલી આપી હતી.

ત્યારપછી શીઘ્રકવિ શ્રીયુત ભોગીલાલ ભાઇએ સંગીતમય વાણીમાં સ્વ. સૂરિજીને એક વીર પુરૂષ તરીકે વર્ણવ્યા હતા, અને મુનિ સંમેલન વખતે તેઓ-શ્રીએ ઉઠાવેલ પરિશ્રમને ભાવભરી અંજલી આપી હતી.

ત્યારબાદ શેઠ કેશવલાલ મોહનલાલ ગોરજીએ સૂરિજી મહારાજની ટુંકી જીવન ઝરમર વર્ણવતાં તેમના અનેક ગુણોની પ્રશંસા કરી હતી. અને તેઓશ્રીના સરળના ગુણોનો પોતાને જે અનુભવ થયો હતો તે વર્ણવી બતાવ્યો હતો.

પછી શ્રીયુત્ મુળચંદભાઇ આશારામ વૈરાટીએ વિવેચન કરતાં સ્વ. સૂરિજીને એક મહાન્ આચાર્ય તરીકે ઓળખાવી તેમની અપૂર્વ આગમ સેવા માટે અંજલી આપી હતી. અમે તેમને સાચી અંજલી આપવા નિમિત્તે જ્ઞાનનો વિકાશ થાય એવા પ્રયત્નો હાથ ધરવા જૈન સંઘને વિનંતિ કરી હતી.

ત્યારબાદ શેઠ અમૃતલાલ જેશીંગભાઇએ વિવેચન કરતાં જણાવ્યું કે આપણે ત્યાં મહાપુરૂષો ઓછા થતાં જાય છે, એ ભારે કમનશીબી છે. આપણે મહાપુરૂષોના માત્ર યશોગાન કરીએ એટલું બસ નથી. અત્યારે તો પક્ષાપક્ષને ભૂલીને એક થવાની તમારે જરૂર છે, અને આ માટે આગેવાનીભર્યું પગલું ભરવાની જવાબદારી અમદાવાદના જૈન સંઘની છે. અમદાવાદનો જૈન સંઘ આગેવાની લે તો બીજા ગામના જૈન સંઘો જરૂર સાથ આપે. આમ કરીએ તોજ આપણે જૈન સમાજને આગળ વધારી શકીએ, વિગેરે.

છેવટે રતિલાલ દીપચંદ દેશાઇએ સૂરિજીને અંજલી આપતાં જણાવ્યું કે આજના પ્રસંગે એ સૂરિજી મહારાજના કાલધર્મથી આપણા અંતરમાં જાગેલ રૂદનને વ્યક્ત કરવાનો ગંભીર પ્રસંગ છે. કારણકે સૂરિજીના કાલ ધર્મથી જ્ઞાનધન ઓછું થઈ ગયું છે. સૂરિજીની આગમ સેવા ઇતિહાસમાં અમર બની રહેશે, અને ભવિષ્યની પ્રજા તેઓશ્રીને દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણની જેમ યાદ કર્યા કરશે. તેઓની અપૂર્વ જ્ઞાન ભક્તિની શાખ તેઓએ ઉભાં કરેલા આગમ મંદીરો ચિરકાલ પર્યંત આપ્યા કરશે સૂરિજી તો દીર્ઘ આયુષ્ય, લાંબો દીક્ષા પર્યાય, અને સતત આગમ સેવા કરીને આગમના સાચા અધિકારી બનીને ચાલ્યા ગયા, પણ આપણે તેથી જ્ઞાનના ક્ષેત્રમાં વધુ દરિદ્ર બન્યા. સમાજના આ જ્ઞાન દારિદ્રને દૂર કરવાનો પ્રયત્ન એજ સ્વ. સૂરિજીને અંજલી આપવાનો સાચો માર્ગ છે. ત્યાર પછી અંતમાં પ્રમુખશ્રીએ સૂરિજી મહારાજે અંતરીક્ષ તીર્થ અંગે બજાવેલ મહાન સેવાનો ઉલ્લેખ કરીને સૂરિજી મહારાજને ભાવપૂર્વક

વંદના કરી હતી. અને સ્મર પછી બે મીનીટના મૌન બાદ ત્રણ નવકારનું સ્મરણ કરી–सर्वे मंगल मांगल्यं નો શ્લોકનું શ્રવણ કરી સભાની પૂર્ણાહુતી કરવામાં આવી.

———

પાલીતાણામાં સાધુ-સાધ્વીજીઓએ મળી શ્રી. લબ્ધિસાગર મહારાજના નેતૃત્વમાં દેવવંદન કરેલ છે, અને બીજાઓએ સ્વતંત્ર કરેલ છે એમ જણવું છે.

———

કદંબગિરિ ખાતે પૂ. સૂરિ સમ્રાટશ્રીના સાતેય આચાર્ય મહારાજો, તેઓશ્રીનો સમસ્ત મુનિગણ, મુ. હંસસાગર આદિ ઠાણા ૪, શ્રી ભદ્રસૂરિજીના પં. શ્રી ચરણવિજય આદિ સાધુઓ, પુ. ગુલાબવિજય ઠાકોરના મુનિશ્રી મંગલવિજયજી મ. આદિ, શ્રી ભક્તિસૂરિજી મ. ના પં. શ્રી કંચનવિજયજી આદિ મળી સાધુ ઠાણાં સો ઉપરની સંખ્યામાં, સાધ્વીઓ અને વિશાળ માનવમેદનિ સાથે વૈશાખ વદ ૬ ને દિવસે બપોરે સાડાબારે દેવવંદન કરેલ છે.

——— ———

પાલીતાણામાં સમસ્ત જૈનોની (પાન-બીડી-લોટ-વિગેરેની પણ) દુકાનો બંધ મળતાં સાથે નગરશેઠના હુકમને માન આપીને હડતાલ તરીકે બંધ રાખવામાં આવેલ છે.

વૈશાખ વદ ૭ ને દિવસે પાલીતાણા સંઘ તરફથી શોક સભા છે. આગમ મંદિરમાં વૈશાખ વદ ૬ થી અઠ્ઠાઈ મોચ્છવ શરૂ થયો છે. મોતી કડીયાની મેડીમાં પણ મોચ્છવ કરવાનો છે.

———

જાહેર વિજ્ઞપ્તિ.

આથી સર્વે જૈન ભાઈઓને ખબર આપવામાં આવે છે કે પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી સાગરાનંદસૂરિશ્વરજી મહારાજ કાળ ધર્મ પામ્યા તે નિમિત્તે શોક દર્શાવવા અમદાવાદના જૈનોની જાહેર સભા તા. ૧૪-૫-૫૦ રવીવાર સવારના નવ વાગે શેઠ માણેકલાલ મનસુખભાઈની પ્રમુખપણા નીચે નગરશેઠના વંડે રાખવામાં આવી છે તો સર્વે ભાઈઓને પધારવા વિનંતી છે. અને આ સંબંધનો અહેવાલ ઉપર આપ્યો છે.

લી. સંઘના સેવકોઃ—

શેઠ કસ્તુરભાઈ લાલભાઈ
,, માણેકલાલ મનસુખભાઇ
,, વિમળભાઇ મયાભાઇ
,, સાકેળસીંગ ચીમનભાઇ
,, નરોતમભાઇ પુરસોતમદાસ
,, બકુભાઇ મણીલાલ
,, કાન્તીલાલ ભોગીલાલ નાણાવટી
,, સારાભાઇ હઠીસીંગ
,, નરેશચંદ્ર મનસુખરામ
,, મોહનલાલ સાંકલચંદ
,, ચંદુલાલ ચુનીલાલ
,, જીવણલાલ છોટાલાલ ઝવેરી
,, કચરાભાઈ અમરતલાલ
,, ભગુભાઇ ચુનીલાલ
,, ભોગીલાલ છોટાલાલ સુતરીયા
,, પૂંજાભાઇ દીપચંદ
,, પનાલાલ ઉમાભાઇ
,, સારાભાઇ જેશીંગભાઈ
,, મયાભાઈ સાંકલચંદ
,, કેશવલાલ લલ્લુભાઈ
,, ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી વકીલ
,, મંગળદાસ મનસુખરામ વકીલ
,, લાલભાઈ ઉમેદચંદ લઠ્ઠા
,, ગિરધરલાલ છોટાલાલ
,, ચીમનલાલ મંગળદાસ
,, કાન્તીલાલ ચંદુલાલ
,, લાલભાઈ એલ. પરીખ
,, ચીમનલાલ ડાહ્યાભાઈ

———

જાહેર શોક સભા.

આથી જણાવવામાં આવે છે કે આપણા **પરમ પૂજ્ય આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીમદ્ સાગરાનંદસૂરિશ્વરજી** સુરત મુકામે કાળધર્મ પામ્યા છે તે નિમિત્તે શોક દર્શાવવા એક જાહેર સભા **શ્રીયુત**

સંઘપતિ કેશવલાલ અમરચંદ નગરશેઠના પ્રમુખપણા નીચે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભાના હોલમાં વૈશાખ વદી ૧૪ ને સોમવારે રાત્રીના આઠ વાગે મળશે. તો હાજર રહેવા સર્વે ભાઇઓને વિનંતિ કરવામાં આવે છે.

એજ લી૰

ભોગીલાલ ચુનીલાલ કાપડીયા

તા. ૧૫-૫-૫૦ મણીલાલ ગભરૂચંદ શાહ

પાટણ. માનદ મંત્રીઓ.

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા.

પૂજ્યપાદ-આચાર્ય-મહારાજશ્રી ૧૦૮ શ્રીમદ્ માણેકસાગરસૂરિજીની પવિત્ર સેવામાં.

મુ. સુરત.

શ્રી પાટણ હેમચંદ્રાચાર્ય જૈન સભાના આશ્રયે પાટણના સંઘપતિ શ્રીયુત કેશવલાલ અમરચંદ નગરશેઠના પ્રમુખપણા નીચે સભાના હોલમાં વૈશાખ વદ ૧૪ ને સોમવારે રાત્રીના આઠ વાગે પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રીમદ્ સાગરાનંદસૂરિશ્વરજીના સુરત મુકામે થયેલા કાળધર્મ નિમિત્તે શોક દર્શાવવા પાટણના જૈનોની એક જાહેર સભા મળી હતી.

સાક્ષર વર્ય શ્રીયુત ભોગીલાલ જયચંદ સંડિસરા, તથા શેઠ ભોગીલાલ હાલાભાઇએ ટૂંકસુંક વિવેચન કર્યા બાદ નિચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરી યોગ્ય સ્થળે મોકલી આપવાનું ઠરાવી સભા વિસર્જન થઈ હતી.

ઠરાવ.

પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીના કાળધર્મ પામ્યાના સમાચાર પાટણના જૈન સમુદાયે ભારે દુઃખ પૂર્વક સાંભળ્યા છે. તેમના જેવા એક જ્ઞાન વૃદ્ધ અને વયોવૃદ્ધ આચાર્યના કાળધર્મથી સમસ્ત સાધુ સમુદાયને તેમજ જૈન સમુદાયને કદીપણ પુરી ન શકાય તેવી ભારે ખોટ પડી છે. આજની આ સભા પોતાની મુંગી દીલગીરી જાહેર કરે છે. અને સ્વર્ગસ્થના આત્માને ચિરશાન્તી ઇચ્છે છે.

લી. અમો છીએ આપના,—

ભોગીલાલ ચુનીલાલ કાપડીયા

શા. મણીલાલ ગભરૂચંદ

ઓ. સેક્રેટરીઓ.

પરમ-પૂજ્ય—શાંત-દાંત-ત્યાગી—વૈરાગી-છકાય-જીવના રક્ષક, પંચ-મહાવ્રતના પાલનહાર, સત્તાવીશ ગુણેકરી ભીરાજમાન પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ચંદ્રસાગરજી મહારાજશ્રી તથા પૂ. પં. મહારાજશ્રી ધર્મસાગરજી મહારાજશ્રી આદિ ઠાણાની સેવામાં લી જીવતલાલ પરતાપસીના ૧૦૦૮ વાર વંદણા અવિધારશોજી. ગિરિરાજની છત્ર છાઈ છાયામાં શેડી ઘણી પણ શાંતિ રહી છે, અને આરાધના ચાલુ રહી છે તે આપ જેવા ત્યાગીઓનો પ્રભાવ છે.

આજરોજે પૂ. આચાર્યદેવ સાગરાનંદ સૂરીશ્વરજીના સ્વર્ગવાસના ખબર સાંભળી દુઃખ થયું છે. આજના વખતમાં આગમના જાણકારની ખોટ આખા જૈન સમાજને પડી છે. જડવાદ તરફ ધસડાતી સમાજને; અને શાસનના ઉત્કૃષ્ટ કાર્યોને દોરવણી આપવાને તેઓશ્રીની ઘણીજ જરૂરત હતી; પણ કાળરાજા પાસે આપણો કોઇ ઉપાય નથી. સમાજ માટે કમનશીબીની વાત છે કે આવા આચાર્યદેવની ખોટ પડી છે.

જાહેર શોક સભા.

જૈન-શાસનના અજોડ-ગીતાર્થ, બહુશ્રુત-મહાપુરૂષ, જૈનાચાર્ય મહારાજ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ કે જેઓશ્રી સમસ્ત જૈન-આગમશાસ્ત્રોના ઉદ્ધારક, અનેક સ્થળે આગમની વાચનાના દાતાર, શ્રીવર્દ્ધમાન-જૈન-આગમમંદિર-પાલીતાણા, તેમજ શ્રી તાપ્રાગમ-જૈન મંદિર-સુરતના સંસ્થાપક, અને જૈન-જૈનેતર જગતમાં છ દર્શનવેત્તા સમર્થ વિદ્વાન તરીકે સુપ્રસિદ્ધ હતા. તે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આનન્દ-સાગરસૂરીશ્વરજી મહારાજ, શ્રી સુરત મુકામે વૈશાખ વદ ૫ ને શનિવારની બપોરે ૪-૩૨ કલાકે પરમ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે.

તે નિમિત્તે અત્રે મોતીશા શેઠની ધર્મશાળામાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કોન્ફરન્સના સુવિખ્યાત માજી પ્રમુખ શ્રીયુત પારેખ છોટાલાલભાઈ ત્રીકમલાલ વકીલના પ્રમુખપણા નીચે આજે વૈશાખ વદ ૮ તા. ૯-૫-૫૦ ને બોમવારની રાત્રે આઠ વાગે જાહેર શોક સભા યોજવામાં આવેલ છે. તે પ્રસંગે સર્વ ભાઈ બહનોને સમયસર પધારવા વિનંતિ છે.

લી. જૈન-સંઘ, પાલીતાણા.

જાહેર વિનંતિ.

શ્રીભાવનગર—જૈન-શ્વેતાંમ્બર—મૂર્તિપૂજક-તપા સંઘના સર્વે બંધુઓને જણાવવાનું કે આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસુરીજી મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ ના રોજ કાળધર્મ પામ્યા તે નિમિત્તે દીલગીરી દર્શાવવા સંઘની મીટીંગ તા. ૯-૫-૫૦ વૈશાખ વદ ૮ બોમવારે સાંજના પાંચ વાગે મોટા દેરાસર પાસેના ઉપાશ્રયમાં મળશે તેમાં આપ સૌ પધારશો.

લી૦ જીવાભાઇ સાકરચંદ
તા. ૮-૫-૫૦ સોમવ.૨ સેક્રેટરી.

પરમપુજ્ય પ્રાતઃસ્મરણીય-મહારાજ અનુયોગાચાર્ય સાહેબ શ્રીચંદ્રસાગરજીનો સેવામાં.

મુ. સુરત. તા. ૮-૫-૧૯૫૦

જત લખવાનું કે ગઈ કાલે સુરત જૈન સંઘનો તાર આચાર્ય મહારાજસાહેબ શ્રીઆનંદસાગરસુરીશ્વરજી કાળધર્મ પામ્યા તેનો તાર મલ્યો તે બીના સાંભળી પાટણનો સંઘ ઘણોજ દીલગીર છે અત્રે પાકી પળાવી હતી, અને દરેક અપાસરે દેવવાદવાના ની સુચના આપી હતી. બધા સાધુ મુનીરાજો ભેગા થઈ સાગરના અપાસરે દેવવાંધ્યા હતા આજદિને પાટણના જૈન સંઘ તરફથી સુરતના જૈન સંઘ ઉપર દીલગીરીનો તાર મુક્યો છે તેની નોંધ લેશો

લી૦
કેશવલાલ અમરચંદ નગરશેઠ, પાટણ.
દા. કાન્તીલાલ

અમદાવાદમાં પૂ. આગમોદ્ધારકના સ્વર્ગવાસ નિમિત્તે દેવવંદન-વિધિ.

પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીમદ્ આનન્દસાગરસૂરિશ્વરજી** મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ શનિવારે કાળધર્મ પામ્યાના સમાચાર આવતાં આખા શહેરમાં વિજળી વેગે સમાચાર પહોંચી ગયા.

અત્રે નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે પંન્યાસ શ્રી હેમસાગરજી મહારાજને સમાચાર મળતાં શહેરના ઉપાશ્રયોમાં રવિવારે સવારે ૮-૩૦ વાગે દેવવંદન કરવાનું કહેવડાવ્યું હતું. તો ડેલાના ઉપાશ્રયથી પં. રવિવિજયજી મ. પં. રામવિજયજી મ. પં. શાન્તિવિજયજી મ. પં. ભાનુવિજયજી મ. વિ. ઉજમબાઈની ધર્મશાળાએથી પં. ચન્દ્રવિજયજી મ. આદિ લુવારની પોળેથી પં. મુક્તિવિજયજી મ. તથા પં. મંગલવિજયજી મ. તથા જ્ઞાનમંદિરથી પં. તિલક વિજયજી મ. શામળાની પોળેથી મુનિ ચન્દ્રોદય સાગરજી તથા મુનિ સુરેન્દ્રસાગરજી આદિ તેમજ વિદ્યાશાળા પગથીયાનો ઉપાશ્રય, આમલીપોળ, સરસપુર વિગેરેથી મોટા પ્રમાણમાં સાધુ મહાત્માઓ તેમજ વિશાળ સાધ્વી સમુદાય ચતુર્વિધ સંઘ સમસ્ત દેવવંદનનો વિધિ કર્યો હતો. ત્યારબાદ પૂ. પંન્યાસ શ્રી ચંદ્રવિજયજી મહારાજે પૂ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી સા. ગુણમાન કરતાં જણાવ્યું કે પૂ આચાર્ય મહારાજશ્રીનો વધુ પરિચય નથી, છતાં તેઓશ્રીની જીવન ઝરમર જાણું છું તે કહું છું. પૂર્વે વળા મુકામે દેવર્ધિગણિ ક્ષમાક્ષમણે વાંચના આપી હતી તેમ વર્તમાનમાં આગમોદ્ધારક આચાર્યશ્રીએ ચતુર્વિધ સંઘ સમસ્ત પાટણ, અમદાવાદ, કપડવંજ, સુરત, રતલામ, પાલીતાણા વિગેરે વાંચનાઓ આપી હતી તેમજ આગમોનું શુદ્ધ સંશોધન કરી આગમ સાહિત્ય છપાવી-જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તીર્થરક્ષા માટે અંતરીક્ષજીના કેસને હું સાદ્યન્ત જાણું છું તેમાં સત્ય અને સચોટ જુબાની માટે ન્યાયાધીશને પણ તેમની સત્યતા માટે પ્રશંસા કરવી પડી હતી. જ્ઞાન માટે અવિરત પ્રયત્નો હતા.

શાસન માટે અજબ ધગશવાળા એ પુરૂષ હતા. તેમના સમુદાયમાં તો ખોટ પડી છે, પણ તપગચ્છ સમાજમાં પણ તેમની ખોટ પુરાવી મુશ્કેલ છે.

મોતીચંદ ગીરધરભાઈ પણ કહેતા હતા કે જ્ઞાન માટે અવિરત મહેનત અને શાસ્ત્રના સચોટ ઉત્તર આપનાર હોય તો તેઓશ્રી એકજ છે.

બાદ મુનિશ્રી ચંદ્રોદય સાગરજી મ પૂ ગુરૂદેવશ્રીના અંગે બોલતાં જણાવ્યું કે અત્યારે મારૂં હૃદય ભરાઈ ગયું છે. બોલવા તાકાત નથી છતાં તેઓશ્રીનો પરિચય તો સૂર્યને ઓળખવા જેવો છે. આજે શાસન ભાણ અસ્ત થયો. તેઓશ્રી અંત પળે પણ શાસન માટે લાગણીવાળા શાસનનું શું થશે ?, એ બીના તેઓને રોમે રોમમાં વસેલી હતી. શાસ્ત્રોના સચોટ ઉત્તરો આપતા કપરા પ્રસંગે શાસન માટે તૈયાર હતા તીર્થ અને આગમ માટે જીવના છેલ્લા પ્રાણ સુધી તન-મનથી કામ કર્યું છે. આગમ-મંદિરો અને આગમોનું સંશોધન કરી છપાવ્યા પૂ. સૂરિજીની જૈન શાસનમાં મહાન ખોટ પડી છે. ત્યારબાદ ડેલાના ઉપાશ્રયવાળા મુનિ રાજેન્દ્રવિજયજી મહારાજે પણ આચાર્યશ્રો-જ્ઞાની છતાં ગંભીર, અને નિડર મહાન પુરૂષ હતા, વિગેરે પ્રાંસગિક વિવેચનો થયાં હતાં.

સં. ૨૦૦૬ વૈ. વ. ૬ રવિ.

અનેક સદ્‌ગુણાલંકૃત પરમગુરૂભક્ત આચાર્ય શ્રી માણેકસાગરસૂરિજી મહારાજશ્રી, તથા પંન્યાસજી શ્રી ચંદ્રસાગરજી મહારાજજી સુયોગ્ય શિષ્ય-સમુદાય-પરિવાર સહિતની પવિત્ર સેવામાં. સુરત.

સાદર સવિનય વંદના સાથે લખવાનું કે અમે એ દુઃખદ સમાચાર જાણીને ઘણા દિલગીર થયા છીએ કે પોતાના જીવનમાં જૈન આગમોની વાચનાઓ આપીને, એ આગમોને પ્રકાશમાં મૂકાવીને, એ આગમોને આરસની શિલાઓમાં અને તામ્રપત્રો પર લેખ-રૂપે કોતરાવીને આગમોને ચિરસ્થાયી બનાવવા શુભ પ્રયત્ન કરનાર અને એ રીતે 'આગમોદ્ધારક' એવું યથાર્થ બિરૂદ મેળવનાર, આગમોનું વિશિષ્ટ જ્ઞાન ધરાવનાર, જૈન-પ્રવચનની અનેક પ્રકારે અમૂલ્ય સેવા બજાવનાર-આપનાર માનનીય ગુરૂદેવ શ્રી આનંદસાગર-સૂરિજીના સ્વર્ગવાસથી અમને ઘણી દિલગીરી થઈ છે. ખરેખર આવા સમર્થ-ધુરંધર-આચાર્યશ્રીના સ્વર્ગ-વાસથી જૈન-સમાજને ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે. આ વર્ષના પ્રારંભથી જૈન સમાજને માથે અનિષ્ટ ગ્રહનો યોગ થયો લાગે છે કે-તેનાં તેજસ્વી યુગ પ્રધાન જેવાં સૂરિ રત્નોનો-એક પછી બીજાનો વિયોગ તેને સહન કરવાનો અનિષ્ટ યોગ આવી પડયો છે !!

સદ્‌ગત સૂરિજી તો પોતે પોતાનું કર્તવ્ય બજાવી કૃતકૃત્ય થઈ ગયા છે, એટલે સ્વર્ગારોહણ કરી પરમ શાંતિને અનુભવતા હશે, પરંતુ આપ જેવા તેમનાં વિદ્વરત્ન-શિષ્યોએ સદ્‌ગત-ગુરૂજીની શુભ ભાવના પ્રમાણે તેમનું અપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું વિષમ સમયમાં જૈન-સમાજરૂપી નૌકાને અનેક ખડકોના આઘાતથી બચાવી સહીસલામત પાર ઉતારવાનું જવાબદારી ભર્યું કાર્ય બજાવવાનું છે, અને એ કાર્ય બજાવી ગુરૂજીની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરશો એવી આશા રહે છે. શાસન-દેવ એમાં આપને સહાયતા આપે એવું અંતઃકરણથી ઈચ્છીએ છીએ, સુજ્ઞેષુ કિં બહુના ?

ભવદીય—

લા. ભ. ગાંધી.

આનંદ-સ્મરણ.

'તપ' ગણના શિરતાજ ગયા એ આનંદસાગરસૂરિ !
કોણ છેકે આગમ કેરી ગૂંચ હવે મુજ પૂરી ?
શંકા સળકે શૂરી,
ઉમેદ રહી અધુરી—૧

'ભાવતિમિરના યમ તપ' માની શત્રુ થયો યમ સાચે,
વિદ્યાના વ્યાસંગી યતિના પ્રાણ હરી શું રાચે ?
ઓ દુષ્ટ કાં ન લાજે ?
પાપ કર્યું શા કાજે ?—૨

જૈન જગતના શ્રેષ્ઠ સુકાની નેમિ—આનંદ નામે
મિત્રની જોડી કાળે તોડી, સૂઝે ન કેઈ કામે
ચડતી આંધી સામે
કોણ હવે એ વામે ?—૩

પ્રૌઢ કૃતિ આનંદે શોધી રચી અનેરી રચના,
વાદવિવાદે ઘુમ્યા અકેલા ભલે શરીરે અદના,
વાધ્યું વર્ચસ, શક ના,
અદ્‌ભૂત જીવનઘટના—૪

જ્ઞર્યું-શીર્યું જે પ્રતિ સંભાળી અક્ષર સાંધ્યા તૂટતા,
આગમના ઉદ્ધારક હરતા તમે અર્થની કૂટતા,
સૂક્ત સુમન યે ચૂંટતા,
રસ નિરંતર લૂંટતા—૫

'સૂરિ' પદવી સુરતે અર્પી ઉપકારાયે એના,
ફરી ફરી ચોમાસાં કીધાં નામે દુર્ગુણ સેના,
થાય કોઈ સામે ના,
જાણે ગુણો રસે ના?—૬

કાયા કથળી વર્ષત્રયીથી મળી ન નિંદ્રા પૂરી,
પંદર માસ રહ્યા સંથારે, સહી વેદના ભૂરિ,
રાખી અજબ સબૂરી,
જિનેશ જપંતા સૂરિ—૭

વૈશાખ માસે કૃષ્ણ પક્ષની પંચમી વાર શનિએ
દેહ તજે છે નમલે પહોરે અમૃતને ચોઘડિયે,
સુરતે ગોપીપુરે,
સંઘ ખમાવી ઉરે—૮

ગુણના સાગર! શું સંભારું? ઓ ધુની!
ભારતની આ પવિત્ર ભૂમિ ઉરે સદા યે ફૂણી
તમ વિનાની સુની,
અનન્ય ઓ કાનુની—૯

પોણોસોની વયે સિધાવ્યા, સાધી સમાધિ ન્યારી,
આગમ મંદિર સુરતે સિધ્યે ગાયે કીર્તિ ભારી,
રુદન કરે નરનારી,
સદ્‌ગુણ તમ સંભારી—૧૦

નિરભિમાની ઉત્તમ ધ્યાની 'આનંદ-મુદ્રા વાસી
સૂરિ સાગરજી ગયા, થયા એ દિવ્ય ધામના વાસી,
શિષ્યો વિષે નિરાશી,
ચંદા-હીર ઉદાસાં—૧૧

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

आगमोद्धारकस्तवः ।

प्रणिपत्य जिनं वीरं, प्रबोधसागरं गुरुम् ।
आगमोद्धारकं सूरिमानन्दसागरं स्तुवे ॥ १ ॥

बाल्ये वयसि यो ज्ञात्वा, संसारस्य ह्यसारताम् ।
ज्ञवेराब्धेर्गुरोः पार्श्वे, गत्वा संयममादधौ ॥ २ ॥

अङ्कमासेष्वतीतेषु, गुरुः पञ्चत्वमागतः ।
वियोगदुखं संत्यज्य, प्रोद्यतोऽध्ययनाय च ॥ ३ ॥

स्वबुद्धया येन तर्केण, वाङ्मये प्राप्य कौशलम् ।
विशोध्यानेकसद्‌ग्रन्थान्, दत्ता आगमवाचनाः ॥४॥

श्रुतरक्षाकृतेऽनेके, भाण्डागाराश्च स्थापिताः ।
भाव्युपाहितमाशङ्क्य, शिलाताम्रेषु स्थापिताः ॥५॥

सूरिपदं समापेदे, सुश्लोकं सूर्यपत्तने ।
बद्धपरिकरो ह्यासीत्, सदा जैनेन्द्रसूक्तिषु ॥ ६ ॥

प्रणिधानाहितस्वान्तः स्मरन्पञ्चनमस्कृतिम् ।
प्रसह्य वेदनां भूरिं, कालं कृत्वा दिवं गतः ॥ ७ ॥

सानन्दमान्दशिवं वहन्त-
मानन्दसूरीशपदाब्जयुग्मम् ।
भक्त्या प्रबोधाख्यगुरोस्तु शिष्यः
प्रमोदसंज्ञः प्रणतोऽस्मि नित्यम् ॥ ८ ॥

સુરતને આંગણે ભવ્ય-દીક્ષા-મહોત્સવ.

લેખકઃ—સંઘ-સેવક.

અમદાવાદના શ્રી શાંતિદાસ શેઠની સાતમી પેઢીના ઝવેરી **શ્રી ઉત્તમચંદ માનચંદના** સહુથી નાના પુત્ર **અમરચંદભાઇએ** ૨૨ વર્ષની યુવાવસ્થામાં ભાગવતી દીક્ષા અંગીકાર કરી. **શ્રી અમરચંદભાઇનું** ચિત્ત છેક બાળપણથીજ ત્યાગવૃત્તિ તરફ ઢળેલું હોઇ યુવાવસ્થામાં પણ સાંસારિક-મોહને તિલાંજલી આપી હતી. મેટ્રીક સુધીનો અભ્યાસ કરીને ધાર્મિક અભ્યાસમાં પણ સાર્થજીવવિચારાદિ, ત્રણ કર્મગ્રંથ, અને દશવૈકાલિક સૂત્રનાં ચાર અધ્યયનોનું અધ્યયન કર્યું; અને વિ. સં. ૨૦૦૬ ના વૈશાખ-સુદ ૧૩ રવિવારના રોજે દીક્ષા લેવાનો દૃઢ સંકલ્પ કર્યો. દીક્ષા નિમિતે તેઓના પિતાશ્રી તરફથી શ્રી શાંતિનાથજીના મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. દીક્ષા લેવાની અનુમતિ સર્વ કુટુંબીવર્ગે આપી હતી. વૈ. સુદ ૧૧ ને શુક્રવારે દીક્ષાર્થી જેમના શિષ્ય થવાના હતા **તે પં. શ્રી ચન્દ્રસાગરજી મહારાજના પૂ. ગુરૂવર્ય અને દીક્ષાર્થિ-અમરચંદભાઇના વડાગુરૂ આગમોદ્ધારક શ્રીમદ આનંદસાગરજી સૂરીશ્વરજી** પાસે ગુરૂપૂજન માટે પધાર્યા હતા. ગુરૂપૂજન બાદ **પૂ. સૂરીશ્વરજીએ** પોતાને સખત-બીમારી હોવા છતાં પણ સ્વહસ્તે મંત્રભૂષિત-વાસચૂર્ણ દીક્ષાર્થીને મસ્તકે ક્ષેપીને, અને હાથવડે સ્પર્શ કરીને જૈન-શાસનાદિ સેવામાં દીક્ષાર્થીનો અભ્યુદય ઇચ્છ્યો હતો, અને તેથીજ દીક્ષાર્થી ભાઇ અમરચંદનું નામ મુનિ **શ્રીઅભ્યુદયસાગરજી** રાખેલું છે. પૂજ્યશ્રીજીની તબીયત દિન પ્રતિદિન કથળતી જતી હતી, છતાં પણ આ દીક્ષાનો વડભાગી અવસર નિર્વિઘ્નેજ પાર ઉતરવાનો હોય, તેમ પૂજ્યશ્રીને થોડા દિવસની શાંતિ અને સ્વાસ્થ્ય અનુભવાતું લાગ્યું. દીક્ષાર્થી **શ્રી અમરચંદભાઇને** અભિનંદન-આપવાનો એક મેળાવડો નગરશેઠ **બાબુભાઇ ગુલાબચંદ** સંઘપતિના પ્રમુખપદે યોજાયો હતો, અને એક સુરતના શ્રી સંઘ તરફથી અને એક શ્રી સિદ્ધચક્ર આરાધક ભક્તિ મંડળ તરફથી અભિનંદન પત્ર અર્પણ કરવાં હતાં, આ મેળાવડામાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં એકત્રિત થયા હતા. દીક્ષા નિમિત્તનો વરસીદાનનો વરઘોડો સુદ ૧૨ ને શનિવારે સારામાં સારી સજ્જટપૂર્વક અને માનવમેદનીથી સજ્જ થયેલો અમરચંદભાઇના પિતાશ્રીના ઘરેથી ચઢાવવામાં આવ્યો હતો. આઠ ઘોડાથી શણગારેલી બગીમાં બેસી અમરચંદભાઇ સાંવત્સરિકદાન છૂટે હાથે દેતાં દેતાં દરેક જૈન લત્તાઓમાં ફર્યા હતા. અને વરઘોડો જરીવાળા શેઠ માણેકચંદ ઝવેરચંદને ત્યાં ઉતારવામાં આવ્યો હતો.

વૈશાખ સુદ ૧૩ની રવિવારના પ્રભાતે શ્રી અમરચંદભાઇ શ્રી માણેકચંદ ઝવેરચંદ જરીવાળાને ત્યાંથી વરઘોડામાં નીકળી પોતાને આંગણે પિતાશ્રીએ બંધાવેલા ભવ્ય દીક્ષામંડપમાં સમુદાયની જયઘોષણાના નાદો વચ્ચે પ્રવેશ્યા. દીક્ષા-પ્રદાન-સમયે હજારો નરનારીના સમુદાયમાં પૂજ્ય-ગુરૂદેવો શ્રીમાણેકયસાગરસૂરિ મહારાજ પૂ. પં. ચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ, પં. શ્રી દેવેન્દ્રસાગરજી; અને પં. શ્રી હીરસાગરજી સહિત સર્વ સમુદાયના અનેક મુનિરાજો, તથા સાધ્વી-સમુદાય પણ વિશાળ-પ્રમાણમાં એકત્રિત થયો હતો. તે અવસરે દીક્ષાની ક્રિયા શરૂ કરવામાં આવી, અને **પંન્યાસજી શ્રી ચન્દ્રસાગરજીના** શિષ્ય મુનિશ્રી **અભ્યુદયસાગરજીના** નામથી દીક્ષિતને સ્થાપવામાં આવ્યા. આ પ્રસંગે સાધ્વી-શ્રીચંદ્રપ્રભાશ્રીને વડી દીક્ષા આપવામાં આવી હતી, અને સાધ્વી-શ્રીદમયંતીશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા. તે પછી **પૂ. પં. શ્રી ચંદ્રસાગરજી** મહારાજે ત્યાગમાર્ગ ઉપર ભવ્ય ઉપદેશ આપ્યો હતો. વિસર્જન-સમયે સકળ-સંઘ સમુદાયને ઝવેરી ઉત્તમચંદભાઇ તરફથી શ્રીફળની પ્રભાવના આપવામાં આવી હતી.

સ્વર્ગસ્થ-આગમોદ્ધારકશ્રીને નિવાપાંજલિ.

સૈકાઓથી ભુલી જવાયેલી શ્રમણોની પઠન-પાઠનની-વાચના-પદ્ધતિનો પુનરુદ્ધાર કરનાર વાચનાદાતાના સ્વર્ગગમનના સમાચારથી આજે આપણો સમાજ શોકના સાગરમાં ડુબ્યો છે.

'સાગરજી' એ ટૂંકું છતાં મધુરું નામ લેતાં જૈન સમાજમાં નવી ઉષ્માનો સંચાર થાય, અને એમના દર્શનથી પાપીમાં પણ પાપીને પાવન બનવાની પ્રેરણા જાગે-એવા એ નરરત્નના વિયોગની વેધક વાંસળી વાગતાં વિરહની વેદનાથી હૈયું વલોવાઇ જાય છે!

કપડવંજમાં એક વણિક શ્રેષ્ઠિને ઘેર ૧૯૩૧ માં અષાડ વદ અમાવાસ્યાના દિવસે આ તેજસ્વી આત્માએ જન્મ લીધો. યૌવનના બારણામાં પેસતાંજ ૧૯૪૭ માં સોળ વર્ષની ઉમ્મરે એમણે, **સમર્થ જ્ઞાની પૂ. શ્રી ઝવેરસાગરજી મહારાજ** પાસે દીક્ષા લીધી. એમના **ઓજસ્વી-વ્યક્તિત્વ** અને વિશાળ અભ્યાસના પ્રતાપે, એમણે ૧૯૭૪ માં જવાબદારીભર્યું આચાર્યપદ **અલંકૃત** કર્યું. આમ ઓગણસાઠ વર્ષના લાંબા શ્રમણ જીવનમાં, સત્ય અને સિદ્ધાન્તને માટે અન્ત સુધી **એકલે** હાથે ઝઝૂમનાર એમના જેવા શાસનરક્ષક નરવીર સેનાપતિની ન પૂરાય તેવી પડેલી ખોટ કોણ પૂરી શકે તેમ છે?

એમની મુમધુર શીતળ-છાયા નીચે હજારો સંતપ્ત હૈયાં અપૂર્વ શાન્તિ મેળવતાં એમના જ્ઞાન ફળથી લાખો ક્ષુધિત હૈયાં પોતાની ભૂખ મટાડતાં. એમની પ્રેરણા વડે હજારો માણસો પોતાનું જીવન ધન્ય બનાવતા અને મિથ્યાત્વના ત્રાસથી ત્રાસ પામેલા અનેક મુક્તિ-પંથના પ્રવાસીઓ એમની છત્ર-છાયા નીચે વિશ્રામ લેતા આજે સંસારને એ મહાવડ ઓચિંતોજ પડી જતાં માનવપક્ષીઓ નિરાધાર અને અસહાય બન્યાં છે.

એમ એમની આંખોમાં જે કૃપા હતી, મુખપર જે નમ્રતા હતી, વાણીમાં જે અમૃત હતું, હૈયામાં જે વાત્સલ્ય હતું, આકૃતિમાં જે ગાંભીર્ય હતું, બુદ્ધિમાં જે તીવ્ર તેજસ્વિતા હતી; અને એથીયે અધિક તો એમની પાસે ધૈર્યનો જે અખૂટ અને અજોડ ખજાનો હતો તે માનવીને મન્ત્રમુગ્ધ બનાવી દેતો-એ મારો અંગત અનુભવ છે. અરે, માનવદ્વિતના દ્રોહીઓ પણ એમના સમાગમ પછી માનવદ્વિતના રક્ષક બની જતા! અને એમની પુનિત છાયામાંથી વિશ્વ-વાત્સલ્યની પવિત્ર-ભાવના લઈ વિદાય લેતા. એ પ્રભાવ એમની કલ્યાણ ભાવના અને નિર્મળ બુદ્ધિનો હતો. તેથીજ એમના નામની ફોરમ પણ આપણા હૈયામાં શાન્તિની સૌરભ પ્રસરાવે છે.

જ્ઞાનની મૂક સેવામાંજ પોતાના સંપૂર્ણ જીવનને સમર્પણ કરીને, એમણે અમૂલ્ય સેવાભાવની કોઇ અમર મહાકાવ્યની ભવ્ય ગાથા રચી છે. એથીજ સંશોધનના ક્ષેત્રોમાં, શાસ્ત્રોને ચિરસ્થાયી બનાવવા માટે વિરાટ પુરૂષાર્થ કરનારા સંશોધકોમાં **આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી સાગરાનન્દસૂરીશ્વરજીનું** સ્થાન અને નામ અજોડ અને અપૂર્વ હતું અને છે.

આવા આ મહારથી ગયા અને માનવીને નિર્મળ બનાવતી જ્ઞાનગંગા પલવારમાં સુકાઈ ગઈ, સુવિશુદ્ધ પ્રકાશ આપતો ભવ્ય દીપક અણધાર્યો ઓલવાઇ ગયો. મીઠી સુવાસ આપતું કમળ ઓચિંતું કરમાઈ ગયું, શીતળતા આપતો ચન્દ્ર ક્ષણવારમાં લુપ્ત થઇ ગયો. હા! એમની એક ગેરહાજરીથી સંસાર કેવો સૂનો લાગે છે?

એ ઓજસ્વી ત્યાગમૂર્તિ, તેજસ્વી આગમોદ્ધારક, બહાદૂર શાસનરક્ષક; અને માનવતાના પ્રતિક સમા એ મહાપુરૂષનું કર્તવ્યપૂર્ણ ભવ્ય જીવન આપણા જીવનમાં મઢીએ.

આપણા કમભાગ્યે આજે એમનો રથૂલદેહ જોકે આપણી વચ્ચે નથી પણ એમના ભવ્ય કાર્યોનું અમર-ઝરણું અવિરતપણે આપણી વચ્ચે વહી રહ્યું છે, એમાં સ્નાન કરી આપણા જીવનને સફળ બનાવીએ-એમાંજ આપણું શ્રેયસ્ અને પ્રેયસ્ છે.

ભૂરિ ભૂરિ નમન હો! એ મહાન્ આગમોદ્ધારકને!

— ચન્દ્રપ્રભસાગર.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ,-ઝાલાબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૧૦. મો. ક્રિ. અષાઢ-માસ. તા. ૧૭-૬-૫૦.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

સ્વર્ગીય-આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરના માનમાં થયેલા મહોત્સવાદિ.

૧. **અમદાવાદ મુકામે**—સુવિજયતી સાધ્વીશ્રી તિલકશ્રીજીના સદુપદેશથી શ્રી ચુંવેરા પાર્શ્વનાથના દેરાસરે અષ્ટાન્હિકા મહોત્સવ થયો, અને તે પ્રસંગે લગભગ પંદરસો રૂપીઆ ખર્ચ થયો છે.

અમદાવાદ મુકામે—૨. નાગજી ભુદરની પોળના સકળ સંઘના એક રંગથી અષ્ટાન્હિકા મહોત્સવ અને અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવ્યા. અને આ પ્રસંગે દેવદ્રવ્યમાં રૂ. ૧૦૦૦) ની ઉપજ થઈ હતી. આ મહોત્સવ અંગે કુલ ખર્ચ ચૌદ હજાર થયો છે.

અમદાવાદ મુકામે—૩. રીચીરોડ સડક ઉપર શ્રી મહાવીર સ્વામીજીના દેરાસરે સ્વ. આગમોદ્ધારક સૂરીશ્વરજીના પરમ ભક્ત સુશ્રાવક ગીરધરલાલ છોટાલાલ, મોહનલાલ છોટાલાલ, અને સોમચંદ મંગળદાસ તથા ચીમનલાલ મંગળદાસ તરફથી અષ્ટોત્તરી સ્નાત્ર અને જુદા જુદા શ્રાવકોની આર્થિક-સહાયથી અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે દેવદ્રવ્યમાં રૂ. પાંચ હજારની ઉપજ થઈ હતી. અને મહોત્સવ પ્રસંગે કુલ ખર્ચ રૂ. બાર હજાર ઉપરાંતનો થયો છે.

અમદાવાદ મુકામે—૪. **સ્વ. પૂ. શ્રી આગમોદ્ધારકના ગુણાવાદની સભા** નાગજી ભુધરની પોળે થઈ તે અવસરે બધા ઉપાશ્રયેથી સાધુઓ-સાધ્વીઓ અને આગેવાન

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૪ થું.)

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

મેસાણામાં ઉજવાએલ સત્કાર સમારંભ.

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી તા. ૨૩-૫-૫૦ ના રોજ એલગામ નિવાસી દાનવીર શેઠ શ્રી ચતુરભાઈ નગીનદાસના પ્રમુખસ્થાને, સાક્ષરવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખને અભિનંદન અર્પણ કરવાનો એક મેળાવડો સંસ્થાના વિશાળ હોલમાં બપોરના ત્રણ વાગે યોજાયો હતો.

પ્રમુખશ્રી તથા પ્રભુદાસભાઈનું સ્ટેશન ઉપર સુંદર સ્વાગત કરવામાં આવેલ.

તા. ૨૩ ની બપોરે ૩વાજાએ-લાઈટો-સ્વાગત બેંડોથી શણગારેલ હોલમાં સભાનું કામ શરૂ થતાં વિદ્યાર્થીઓએ મંગલાચરણ કર્યું. વડોદરાના ગવૈયા શાંતિલાલ શાહે એક આકર્ષક ગીત ગાયું હતું. દૂર દૂર ગામો તથા શહેરોમાંથી તાર-ટપાલ દ્વારા આવેલા સંદેશાઓ પરીક્ષક વાડીલાલ મગનલાલે વાંચ્યા હતા. મુખ્ય સંદેશાઓ નીચે મુજબ હતાઃ—

શેઠ નગીનદાસ કરમચંદ-સંઘવી-પાટણ, રમણલાલ દલસુખભાઈ ખંભાત, મીલ માલેક ભોગીલાલ મગનલાલ ભાવનગર, વોરા ખાંતિભાઈ અમરચંદ, શાંતિલાલ એમચંદ શાહ-બનારસ-તાસિક જૈન સંઘ-અહમદનગર જેઠા સંઘ-જલગાંવ જૈન સંઘ-રતિલાલ જીવણભાઈ વઢવાણ શહેર, પૂજ્ય-તપસ્વી ધર્મસાગરજી મહારાજ તથા હેમેન્દ્રસાગરજી મહારાજ, સાહેબ ભગવાનદાસ મોહનભાઈ જુન્નેર-વિગેરે અનેક ગામના સંદેશા હતા. બાદ નીચેના વક્તાઓએ ભાષણો આપ્યા હતા. પંડીત છબીલદાસ, પંડીત મફતલાલ, વકીલ ચીમનલાલ, ડોકટર મગનભાઈ, વકીલ અંબાલાલ, કુંવરજીભાઈ, બાબુભાઈ, જેશંગભાઈ, પંડીત શિવલાલભાઈ વિગેરેના ભાષણો થયા બાદ પંડીત છબીલદાસે માનપત્રનું વાંચન કર્યું હતું. પ્રમુખશ્રીના શુભ હસ્તે માનપત્ર અર્પણ થયા બાદ પ્રભુદાસભાઈએ વળતો જવાબ આપ્યો હતો, કે—

'હું આવા માનપત્રમાં માનતો નથી. વિદ્યાર્થીઓની લાગણીથીજ મેં હાજરી આપી છે. જે કંઈ મને તમો આપશો તે શાસનકાર્યમાં હું ઉપયોગ કરીશ.' બાદ પ્રમુખશ્રીએ સુંદર ઉપસંહાર કર્યો હતો. અને પાઠશાળાને મજબુત બનાવવા સૂચના કરી હતી. પ્રમુખશ્રી તરફથી રૂ. ૧૧૧) તથા સંસ્થા તરફથી રૂ. ૧૧૧) વિદ્યાર્થીઓને અપાયા બાદ હારતોરા થયા હતા.

મહાવીર પ્રભુની જય સાથે સભા વિસર્જન થઈ હતી.

ભેટ આપનારાઓની મુબારક નામાવલી.

૫૧) ઝવેરી ઉત્તમચંદ માનચંદ
પોતાના ચિ. પુત્ર અમરચંદની દીક્ષા નિમિત્તે ભેટ આપ્યા તે

૫૦૧) શેઠ ગણપતલાલ દેવચંદ વખારીયા
હ. જયન્તીલાલ વખારીયા

૫૧) શેઠ નેમચંદ જીવણજી બાજીપુરાવાળા

૫૧) શેઠ ખુશાલચંદ તારાચંદ પાલીતાણાવાલા

૧૫) ઝવેરી નવલભાઈ ખીમચંદ સુરત

૧૧) શેઠ કસ્તુરચંદ રૂપાજી માંડવી

૨૫) ઝવેરી મોહનભાઈ કસ્તુરચંદ સુરત

પૂ. શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

સ્વતંત્ર રીતિએ જ્ઞાન-સુંદર-અસુંદર ફળ નિપજાવે નહિં.

જ્ઞાન નકામું ?, કેમ કહેવાય અર્થાત્ ના કહેવાય, એટલે અગ્નિ નકામો નથી. અગ્નિથી લાખો જીવો બળી જાય તેટલા માત્રથી અગ્નિને નિરૂપયોગી કહી શકીએ નહિં. તેમ જ્ઞાનથી અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી પણ જીવોને ભટકવાનું થાય છે. મત મતાંતરો જે કહો છો તે જ્ઞાનીઓએ કાઢયા છે. અજ્ઞાની જીવ પોતાના આત્માને ડૂબાવશે, અને ડાહ્યો દીવાનો દુનીયાને ડૂબાવશે. અજ્ઞાનીમાં દુનીયા ડૂબાડવાની તાકાત હોતી નથી આખા ઘર કે ગામને નાશ કરવું તે અગ્નિનું કામ છે અગ્નિ સિવાય તોપના ગોળાથી પણ એકદમ નાશ નહીં થાય તો પણ અગ્નિને નિરૂપયોગી નહીં કહી શકીએ. કારણ તે દ્વારાએ જીવનો નિર્વાહ છે. સૂર્યની ગેરહાજરીમાં પણ સૂર્ય માફક કામ થાય તે અગ્નિના જોરેજ થાય છે. અગ્નિનો સદુપયોગ નજરે દેખીએ છીએ તેથી નિરૂપયોગ કહી શકતા નથી. તેમ જ્ઞાન નિરૂપયોગી નથી. નરકનું થાળું જેમ જ્ઞાની પુરે છે, તેમ દેવલોકમાં પણ અસંખ્યાતમાં ભાગની સ્થિતિમાં અસંજ્ઞી જાય નહિં. વધારેમાં વધારે આયુષ્ય પ્રાપ્ત કરીને દેવલોકનું થાળું પણ જ્ઞાની પૂરે છે. જ્ઞાનીજ મોક્ષ મેળવી શકે છે. અજ્ઞાની મોક્ષ મેળવી શકતા નથી. આથી સંજ્ઞીપણું કે જ્ઞાન નિરૂપયોગી ચીજ નથી. અગ્નિ સ્વતંત્ર નુકશાન કરનાર કે ફાયદો કરનાર પણ ન ગણાય. તેમ જ્ઞાન સ્વતંત્ર સુંદર કે અસુંદર ફળ દેવાવાળું નથી. પણ જ્ઞાનનો સદુપયોગ સારી ક્રિયામાં થાય તોજ ફાયદો થાય. દુરૂપયોગમાં અસત્ ફળ, અને સદુપયોગમાં સુંદર ફળ થાય છે. એક લાખ અગ્નિના સાધન-માત્રથી સત્ કે અસત્ ફળ છેજ નહિં, તેમ એકલા જ્ઞાન માત્રથી સત્ કે અસત્ ફળ મળતું નથી.

ક્રિયાની સુંદરતામાં જ્ઞાન ઉપયોગી છે.

જ્યાં જ્યાં ફળ થાય છે ત્યાં ત્યાં સુંદર જ્ઞાનની સાથે ક્રિયાથી સુંદર ફળ થાય છે. એટલે સમ્યક્ જ્ઞાન પછી સુંદર ક્રિયા મળી તોજ ફળ પણ સુંદર આવે છે. આથી ક્રિયાની સુંદરતા એ ફળની સુંદરતા રહેલી છે. જેમ સુંદર ક્રિયાની તીવ્રતા હોય તેમ ફળની તીવ્રતા પણ ક્રિયાથી છે; આથી સુંદર ક્રિયા હોય તો સુંદર ફળ નિપજાવે છે, અને અસુંદર ક્રિયા હોય તો અસુંદર ફળ નિપજાવે છે. જ્ઞાન ક્રિયાનું કારણ ભલે હોય તેમાં અમને વાંધો નથી. ગામ પહોંચવું તે કામ આંખનું નથી. કારણ કે ચક્ષુનો વિષય દેખવાનો છે; અને પગનો વિષય ચાલવાનો છે. તેથી ગામ પહોંચવું તે કામ પગનું છે. આંખ તો માત્ર રસ્તો દેખે છે. દરેક ઇન્દ્રિયોના વિષયો જુદા જુદા બતાવવામાં આવ્યા છે. સ્પર્શ ઇંદ્રિયનો વિષય સ્પર્શનો છે. રસના ઇંદ્રિયનો વિષય ચાખવાનો છે. ઘ્રાણેન્દ્રિયનો વિષય સુંઘવાનો છે ચક્ષુ ઇન્દ્રિયનો વિષય દેખવાનો છે; અને શ્રોત્રેન્દ્રિયનો વિષય કાને સાંભળવાનો છે તેમજ નોઇન્દ્રિય જે મન તેનો વિષય વિચારવાનો છે; અને મનને નોઇંદ્રિય કહેવામાં આવી છે. જેમ તે પાંચે ઇંદ્રિયો તથા મનનું કામ જુદું જુદું છે, તેમ અહીં જ્ઞાનનું કામ પણ ક્રિયાની સુંદરતામાં ઉપયોગી થવાનું છે. પ્રાપ્તિ તે જ્ઞાન માત્રથી થતીજ નથી, પણ ક્રિયા દ્વારાએ ફળ મલવાનું છે.

ક્રિયાથી ફળ દેખો ત્યાં પણ જ્ઞાન બેઠું છે.

હવે ક્રિયાવાદીએ જે ક્રિયાને આગળ કરીને કહ્યું કે એક નવકારના જ્ઞાનથી મોક્ષ નથી, પણ પરિણતિ એજ મોક્ષ કરેલ છે, કારણ કે નવકારને ભણેલાઓ અર્થાત્ તેના જ્ઞાનવાળા તો આપણી નજરે ઘણા જોવામાં આવે છે, પણ તેમાં બતાવેલા પાંચ પરમેષ્ઠિ તે કોણ છે ?, તેના ગુણો કયા કયા છે ?; તે બધું આત્મામાં અવધારીને તેના ધ્યાનમાં જે શુદ્ધ પરિણતિ કરવી. તેજ મોક્ષના હેતુ ભૂત છે. આથી પરિણતિમાં ભલે જ્ઞાન કારણ હોય તે માનવામાં અમને અડચણ નથી. મોક્ષરૂપ કાર્ય પરિણતિથી થાય ને તેના કારણભૂત જ્ઞાન હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરી ઉપચાર તરીકે પરંપરાએ તેને કારણ માનો તે હજુ ઠીક છે. બીજું એકે જ્ઞાન ન હોય તો પણ આત્માને શુદ્ધ પરિણતિ થઇ શકે છે. આથી મોક્ષફળ દેવાવાળી આત્માની વિશુદ્ધિ પરિણતિજ છે, માટે પરિણતિદ્વારા

એ ફળ થતું હોવાથી ક્રિયાજ ફળ દેવાવાળી ચીજ છે. પુસ્તકના પંડિતો જીવવિચાર શીખવે છે અને જાણે છે. પણ હેયોપાદેય તરીકે પરિણતિ તેને નથી. આમ ક્રિયાવાદ એ કહ્યા પછી જ્ઞાનવાદીએ તથા ક્રિયાવાદીએ બન્નેએ પોત પોતાનું થાપ્યું ત્યારે શાસ્ત્રકારે તે બંન્નેને કહ્યું કે, જ્ઞાનવાદીને પુછ્યું કે તે ક્રિયાને કોરાણે મૂકી કેટલું ફળ મેળવ્યું? એટલે ક્રિયા વગર કાર્ય કર્યું હોય તો બતાવ. કારણ કે જગતમાં કાર્ય વિષયક કર્મ કરાય છે તે મુખ્ય વસ્તુ છે ને તે ક્રિયાએ કર્મ એ કહેવતથી ક્રિયારૂપ કર્મ છે. આમ જ્ઞાનવાદીને પુછ્યા પછી ક્રિયાવાદીને કહ્યું કે ફળનું અનંતર કારણ ક્રિયા એટલે મોક્ષરૂપ ફળનું તાત્કાલિક નજીકનું કારણ છે, છતાં પણ તે વખતે જ્ઞાન તારી જોડે હતું કે ભાગી ગયું હતું? કે હતું? કહેવું પડશે કે હતું. કદાચ તું અજ્ઞાનીને પણ સુંદર ફળ જણાવીશ તો માષતુષને પારકું જ્ઞાન હતું, પરંતુ તેઓ તો આચાર્યને આધીન હતા. એટલા તો વિનયવાળા હતા કે આ શરીરમાં જે શ્વાસોશ્વાસ લેવાય તે સિવાયનું બધુ કાર્ય ગુરૂને પુછીનેજ કરવાનું સમજતા હતા.

આવી રીતે માષતુષ મુનિ કે જેઓને પૂર્વ ભવના નિબીડ જ્ઞાનાવરણીય કર્મના ઉદયને લીધે માતુષને માષ એ બે શબ્દ ગોખતાં બાર વરસ ચાલ્યા ગયા. તે વાર પછી તેઓને માત્ર એ બે પદજ ગુરૂના વિનયથી તથા તેમની કૃપાથી આવડયા તે પછી તેઓ ગુરૂ પાસે તેનો અર્થ શીખી તે પ્રમાણે આત્માની સાથે તેને ધારી લીધો, ગમે તેવા સારા પદાર્થની પ્રાપ્તિ વખતે ફુલાઈ ન જતાં, ને ખરાબ પદાર્થની પ્રાપ્તિમાં દ્વેષ ન ધરતા. આમ સર્વ વસ્તુમાં સમભાવ પણે રહેતાં તેઓને કેવળજ્ઞાન ન થયું હતું. તો માષતુષ મુનિ ક્રિયા કરે છે પણ ક્રિયાનો કરનાર માષતુષ નથી. પણ આચાર્ય છે. કારણ આચાર્ય કહે તેમ કરવાનું છે, અને ના કહે તો નહિં કરવાનું છે. એ ક્રિયાનો માલીક આચાર્ય આ કારણથી શાસ્ત્રાનુસારિણી જે ક્રિયા તેજ શાસનમાં માન્ય છે. આ હું કરું છું પણ શાસ્ત્રકાર શું કહે છે. શાસ્ત્રકાર કહે તો મારે કરવી છે કેવળી મહારાજના વચનના આધારે. ક્રિયાની પ્રવૃત્તિ નિવૃત્તિ કરવાની છે. શાસ્ત્રકાર એટલે કેવળજ્ઞાનીઓ અને આ આત્મા તો કેવળ દ્રષ્ટિ છે. ટ્રસ્ટીઓને ટ્રસ્ટના કાયદા પ્રમાણેજ વર્તવાનું હોય છે. દુનીયામાં તાપસો વિગેરે પણ અજ્ઞાન ક્રિયા તો ઘણી કરે છે, પણ તે ક્રિયાને શાસ્ત્રાનુસારિણી માનવામાં આવેલી નથી. તે પાપ ક્રિયા હોવાથી તેનું મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થઇ શકતું નથી આ કાયાના વચનના કે મનના આપણે ટ્રસ્ટી છીએ, માલીક નહિં. તે શાસનના કાયદા પ્રમાણે મન વચન અને કાયા પ્રવર્તાવવી પડે છે. પ્રવૃત્તિ નિવૃત્તિ કરાવનાર જો કોઈ હોય તો તે જ્ઞાની છે. માટે ક્રિયાવાદીને જણાવવું પડે છે કે જ્ઞાન ખરેખું હોય તેવી ક્રિયા લાવ. આ તો જ્ઞાનવાળી ક્રિયા લાવ્યો. આવી રીતે ક્રિયાવાદી તથા જ્ઞાનવાદી બંનેને ચૂપ રહેવું પડે છે. આ કારણથીજ તત્વાર્થકાર શ્રીમાન્ ઉમાસ્વાતિજી મહારાએ પણ કહ્યું કે "**ज्ञानक्रियाभ्यां मोक्षः**" જ્ઞાન અને ક્રિયા એ બંને હોય તો જ મોક્ષ છે.

રાત્રિના વિસામારૂપ ક્ષાયોપશમિક ભાવ.

જેમ રથ એકલા ડાબા ચક્રરથી કે એકલા જમણા ચક્રરથી ચાલતો નથી પણ બન્ને બાજુના ચક્કર સરખા હોય તોજ રથ ચાલે છે ને ઇષ્ટ સ્થાને પહોંચે છે. તેમ જ્ઞાન ક્રિયારૂપી રથના બન્ને ચક્કરો છે તે સરખા ચાલે તોજ મોક્ષનગર પ્રત્યે જઇ શકાય છે. આથી દરેક જગોએ ફળની પ્રાપ્તિ એકલા જ્ઞાન કે એકલી ક્રિયાથી થતી નથી. જ્ઞાનને ક્રિયારૂપી ચક્કરો એ ધર્મરૂપી રથના બન્ને ચક્કરો છે. પણ બાવાજી જેવો ઘાટ ન થાય. તેમ જૈનશાસનમાં જ્ઞાન એ પણ એક પગ છે ને ક્રિયા એ પણ એક પગ છે. જ્ઞાન ક્રિયાને ખસેડી નાખે ને ક્રિયા જ્ઞાનને ખસેડી નાખે તો બાવા જેવી સ્થીતિ થાય આમ છતાં પણ જ્ઞાન એટલે શું? **ज्ञायते परिच्छिद्यते वस्तु अनेन ज्ञानम्** જેનાથી વસ્તુ જણાય-ઓળખાય તે જ્ઞાન કહેવાય છે એટલે વસ્તુનું જે જાણપણું તે જ્ઞાન છે. જ્ઞાન શબ્દજ તેની વ્યુત્પત્તિથી તે અર્થ સિદ્ધ કરી બતાવે છે. તો જ્ઞાન શી રીતે વધારવાના? શી રીતે

ટકાવવાના ? અને નવું પ્રાપ્ત કરવાના ?; દીવાનો સ્વભાવ પ્રકાશ કરવો એવો સ્વભાવ છે, પણ દીવો દીવેથી વધશે ?, કે દીવેટથી અગર દિવેલથી વધશે ? કહો કે દીવાનું વધવું દીવેલ ને દીવેટ ઉપર રહેલું છે. જો દીવેલ ન હોય તો આપોઆપ દીવેટ પણ ઓલાઈ જાય છે. તેમ દીવેટ ન હોય તો પણ દીવો શું પ્રકાશ આપશે ? કહો કે નહિં. દીવેલ કે દીવેટમાં ખામી આવી તો તે દીવો ઝાંખો થઇ ઓલવાઈ જશે. માટે પ્રકાશક સ્વભાવવાળો તે દીવો દીવેટ ને દીવેલથી ટકે છે. તેની વૃદ્ધિથી વધે છે. તેમ જ્ઞાન વસ્તુને પ્રકાશ કરવાના સ્વભાવવાળું છતાં ક્રિયાથી ઉત્પન્ન થાય છે, ટકે છે ને વધે છે. દીવો સ્વપરપ્રકાશવાળો છે તેમ જ્ઞાન પ્રકાશ સ્વભાવવાલું છતાં-જ્ઞાનની ઉત્પત્તિ ટકવું વધવું. તે ક્રિયા દ્વારાએજ છે. એટલા માટેજ જ્ઞાનાચાર ને દર્શનાચારને આરાધવાની જરૂર શાસ્ત્રકારે બતાવેલી છે. આ માટે ક્ષાયોપશમિક ભાવમાં જે ક્રિયા કરાય તે કદી ચાલી પણ જાય, અને તે ભાવથી પડવાનું થાય તે સમજી નિરાશાવાદી ન થશો. શાસ્ત્રકાર કહે છે કે તેમાં મોટી આશા છે. એક માણસ મુંબાઈ જવા નિકલ્યો સોડ વાળીને સુઈ ગયો. સવારે ઉઠી ચાલવા માંડયો. તે વખતે એક સોમો માઇલ આવશે પણ ૯૯ મો માઈલ નહીં આવે. તેમ ક્ષાયોપશમિક ભાવ રાત્રિનો વિસામો છે બીજી વખત મળશે ત્યારે મુસાફરી આગળ શરૂ થશે. તેમ કહી આશાવાદમાં લાવે છે તે ક્રિયાથી પડી જાય તો ફેર બીજી વખતે તે ભાવની વૃદ્ધિ થવાની છે. તેથી તે ભાવ પણ આત્મામાં આવે તે જરૂરી છે. હવે ક્ષાયોપશમીક ભાવ તે ક્યારે ઓળખાય ? તેનું પતન તથા પ્રવૃદ્ધિનું કારણ જણાવશે ને. તેથી આશાવાદ કેમ ઉભો થાય તે વિગેરે હકીકત શાસ્ત્રકાર જે બતાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૧૭.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. સંસારી જીવો અનુભવનો અપલાપ કરી શકતા નથી.

૨. ભોજનથી તૃપ્તિ, પાણીથી તૃષાની નિવૃત્તિ; અને ઔષધ સેવનથી રોગનો નાશ અનુભવનારાઓ ક્રિયાનો અપલાપ કરી શકતાજ નથી.

૩. કોઇ પણ ગતિ ઇન્દ્રિય વગરની શાસ્ત્રકારે માની નથી.

૪. શરીર અને ઇન્દ્રિયોની તાબેદારીમાં આ જીવે ઘણું ગુમાવ્યું છે, અને હજી ગુમાવે છે.

૫. ટાઢા-ઉના-મીઠા-કડવા રસાદિનો અનુભવ કરનાર બાળકને શારીરિક નફા-નુકશાનનું લવલેશ ભાનજ નથી.

૬. બાલ્યકાળના બાળક કરતાં પણ આ જીવની અજ્ઞાન-દશા અર્યાદા બહારની છે.

૭. પોતાનું સ્વરૂપ પોતે ભૂલ્યો છે, તેથીજ રખડે છે.

૮. આ આત્મા જીવને અને શરીરને બરોબર ઓળખી લે તો પોતાનું ધ્યેય સાધી શકે છે.

૯. પુદ્ગલ ઉપરથી મમતા ઉતારીને "એ મ્હારૂં નથી, એને મ્હેં ઘણું પોષ્યું છતાં દગો દેનારૂં છે." આ રમણુતામાં

લીન થાય તો જીવ ઉન્નતિ પંથે વિચરી શકે છે.

૧૦. રોગીને રોગની વેદનાનો અનુભવ હોવા છતાં તે રોગી રોગનું નિદાન-સ્વરૂપ-પરિણામ અને ઉપાયને જણાવી શકતો નથી, પણ વૈદ્ય જણાવે છે તેવી રીતે સંસાર રોગથી રીબાતા સંસારી રોગીને નિદાનાદિ સર્વ અવસ્થા સુવૈદ્ય-રૂપ તીર્થંકરોજ જણાવે છે.

૧૧. અનાદિકાળના લાગુ પડેલા રોગોની દવા કરાવો.

૧૨. ક્રોધની દવા ઉપશમ છે.

૧૩. ઉપશમ દવાના અર્થીઓએ ઉપશમ પ્રાપ્તિ રૂપ સામાયિકાદિની કરણી કરવીજ જોઇએ.

૧૪. આત્મિક રોગ મટાડનાર સુવૈદ્ય પ્રત્યે ભક્તિભાવ રાખતા શીખો.

૧૫. જડ ઘાલી બેઠેલા રોગોને નાશ કરવો વધુ જહેમત ઉઠાવો.

૧૬. સુવૈદ્ય તીર્થંકર પ્રત્યે ભરોસો નથી, તેનું કારણ એ છે કે કુપથ્યને છોડતા નથી અને પથ્યનું સેવન કરતા નથી.

૧૭. જન્મની વેદના કરતાં મરણની વેદના આઠગુણી છે.

૧૮. જન્મ ન આવે એવા ઉદ્યમ હજુ જીવે કર્યોજ નથી.

૧૯. બળવાળાનું બળ, ઋદ્ધિવાળાની ઋદ્ધિઓ, બુદ્ધિમાનોની બુદ્ધિ, સમજ-દારોની સમજ; અને અનેકવિધ ઐશ્વર્ય-વાળાઓનું ઐશ્વર્ય પણ મરણ વખતે કામ લાગતું નથી.

૨૦. અશરણ જગત્‌ના જીવોને શરણ-રૂપે એકજ જિનેશ્વરનું વચન છે.

૨૧. તીર્થંકર-ગણધરોએ મરણથી બચવાનો ઉપાય જાહેર કર્યો છે.

૨૨. મરણથી બચવા માટે જન્મને રોકતા શીખો.

૨૩. જન્મ પર અંકુશ મેળવનારોજ મરણથી બચે છે.

આત્માની અજ્ઞાનવસ્થા.

क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ।।

શાસ્ત્રકાર-મહારાજ-ન્યાયાચાર્ય-શ્રીમાન્-યશો-વિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી જ્ઞાનસાર-પ્રકરણ કરતાં થકાં આગળ સૂચવી ગયા કે-આ સંસારમાં જીવોનું જીવન ટકવું તે જ્ઞાન દ્વારાએ થતું હોવાથી, તેમજ શાસનની સ્થાપના થવી, અને પ્રવૃત્તિપૂર્વક ટકવું તે જ્ઞાનદ્વારાએ થતું હોવાથી જ્ઞાનને કોઇપણ નિષ્ફળ કહી શકે નહિં. ભોજનથી તૃપ્તિ, પાણીથી સંતોષ, અને ઔષધ સેવનથી રોગનો નાશ સંસારી જીવો અનુભવતા હોવાથી અનુભવનો અપલાપ કરી શકતા નથી. કર્મનું આવવું અવિરતિ દ્વારાએ હોવાથી ચોથાથી બારમા તેરમા સુધીનો ફરક હોય તો ક્રિયાને અંગેજ છે; તેથી ક્રિયાની જરૂરીઆત પણ સ્વીકારી છે. એટલુંજ નહિં પણ સંવર નિર્જરા પ્રાપ્ત થાય ત્યારેજ મોક્ષ પ્રાપ્ત થાય છે. આ ધ્યાનમાં લઈ ક્રિયા નિષ્ફળ છે એમ કહી શકાય નહિં. આથી જ્ઞાન અને ક્રિયા બન્ને ચીજો સંસારી જીવોને અને ધર્મિષ્ઠોને માનવી પડે છે. ઇંદ્રિયો દ્વારા થતા વિષયોનું જ્ઞાન અજીવ અનાદિ-કાળથી ધરાવે છે. કોઇપણ ગતિ ઇંદ્રિય વગરની માની નથી. જેમ જાતિ ગતિઓ માની છે તે બધી ઇંદ્રિયો-

વાણી માની છે. ઇંદ્રિય વગરની કોઇપણ ગતિ નથી એટલે ઇંદ્રિયો નિયમિત મળે છે. ત્યારે ઇંદ્રિયોદ્વારાએ વિષયનું જ્ઞાન દરેક ભવમાં કરતો રહ્યો છે. ઇંદ્રિયોનું જ્ઞાન કર્યા વગર કોઇ ભવમાં રહ્યો નથી. અર્થાત્ ઇન્દ્રિયો વિષયક–વિષયોનું જ્ઞાન આ જીવને અનાદિ કાળથી ચાલ્યું આવ્યું છે. આથી જ્ઞાન રહિત જીવ માન્યો નથી, અર્થાત્ અજીવનો જીવ થઈ જાય તેમ કોઇ દિવસ નથી. જીવપણું અનાદિનું છે તો તેની ચેતના પણ અનાદિની છે. ચેતના અનાદિની છે, તો વિષયોનું જ્ઞાન પણ અનાદિનું છે; છતાં આની સિદ્ધિ થઈ નહિં. બધા વ્યવહારિક–જ્ઞાનો કર્યા, પણ જેમ નાના બચ્ચાઓ ખાવામાં સમજે ખાવામાં ને રૂપ દેખવામાં સમજે. પણ પોતાની ખુદ સ્થિતિ બચ્ચાંઓ સમજે નહિં. સુંવાળા–ઉના–ટાઢા–ખારા મીઠા સારા નરસાપણું સમજે પણ પોતાની શારિરીક સ્થિતિ શાથી નુકશાન થાય તથા શાથી ફાયદો થાય તે બાળકો સમજે નહિં, કારણ કે તે બાળક છે. બાળક જેમ બહ્ય વિષયોજ સમજે પણ પોતાને ખુદને તે સમજે નહિં; તેમ આ જીવ પણ અનાદિ કાળથી પોતાની સાથે લાગેલી ઇન્દ્રિયો દ્વારા વિષયોને સમજતો રહ્યો છે. પણ ખુદ આત્મ–પદાર્થને પોતે સમજ્યોજ નથી.

અનાદિકાળનો રોગ.

આ જીવે શરીરને તથા વિષયોને મારા માન્યા છે, પણ પોતે કોણ છે ? તે કોઇ દિવસ જાણ્યું નહિં. પોતાનું સ્વરૂપ પોતે ભૂલ્યો છે, તે પોતે ડુબેલો મનુષ્ય જીવતો છે, છતાં હું કોણ ? અને ક્યાં છું ?; તે સમજતો નથી, તેમ આ આત્મા પુદ્ગલના મોહમાં ડુબેલો હોવાથી વિષયોમાં મૂર્છિત થઈ ગએલો પોતાની સ્થિતિનું ભાન કરતો નથી. આ આ જગતમાં જીવ અને પુદ્ગલ એટલે જીવ અને શરીર તે બે પદાર્થ જો ઓળખાય તો આ આત્મા જરૂર પોતાનું ધ્યેય સાધી શકે છે. જીવનનો ધર્મ શું છે ?, શરીરનો ધર્મ શું છે ?; તે બંને પદાર્થો ભિન્ન છે. અનાદિકાળથી આ આત્મા પુદ્ગલાભિનંદી હોઇને પુદ્ગલના સુખમાં રાચીમાચી રહ્યો છે, પણ જ્યારે આત્મસાક્ષીએ તેનું સ્વરૂપ સમજાય અને તે પ્રમાણે આત્મા સ્વસ્વભાવમાં રમણતા કરે તોજ આગળ વધી શકે પુદ્ગલ ઉપરથી મમતા ઉતારી દે અને સાથે સાથે એ મારૂં નથી, મેં એને પોષીને ઘણું રાખ્યું, પણ અંતે તે બધાને દગો દેનારૂં છે. એ કોઈનું થયું નથી, અને થવાનું નથી. આત્મા અહીં શરીરને છોડીને પરભવ ચાલ્યો જાય છે, અને પરભુવ જતાં એ શરીર સાથે આવતું નથી. પુદ્ગલના મોહમાં હું મારા આત્મિક ધર્મને સમજવો ભુલી ગયો છું. આ જીવ અને શરીર સંબંધમાં બધું જાણપણું જો આત્મામાં આવી જાય અને આત્મધ્યાનમાં આત્મા લીન બને તો ચોક્કસ આ જીવ પોતાનું ધ્યેય છે તેને પ્રાપ્ત કરી શકે છે. આત્મા પોતાની સ્થિતિનું ભાન કરતો નથી તેથીજ રઝળે છે. એ ભાન કરાવે કોણ ? જેમ રોગીને થએલો રોગ પોતાના અનુભવમાં છે, છતાં તે રોગી રોગનું નિદાન–સ્વરૂપ–પરિણામ અને ઉપાય જણાવતો નથી પણ રોગ જાણનાર વૈદ્ય જણાવે છે. રોગ વૈદ્યને નથી. રોગની વેદના તથા રોગનું ભયંકર પણું વેઠવાનું વૈદ્યને નથી, છતાં પણ તે બધું દરદીને વૈદ્ય જણાવે છે. કલાણો રોગ છે, તે રોગ આવા કારણોથી થયો છે, તેને દૂર નહીં કરાય તો આ પરિણામ આવશે; આ બીના વૈદ્ય જણાવે છે. જગતમાં રોગ અનેક પ્રકારના હોય છે, અને આ સંસારી જીવો તે રોગ પોતાના શરીરે થાય કે તેના ઉપાયો સત્વર કરે છે; તથા વૈદ્ય ડાકતર પણ લાવે છે. તેની ફી ઉંચામાં ઉંચી ખરચે છે. સીવીલ સર્જન ડોકટર કે જે ઊંચામાં ઊંચો રોગ ચિકિત્સક કહેવાય છે તેને તથા ધન્વંતરી વૈદ્ય જેવા દેશી વૈદ્યને પણ બોલાવે છે. તેને મોંઢે માગી ફી આપે છે. આમ આ જીવ તે રોગને મટાડવા અનેક ઉપાય કરે છે. પરંતુ આ આત્માની સાથે અનાદિ કાળના કામ ક્રોધાદિ રોગો લાગુ પડેલા છે.

પરોપકાર વૃત્તિવાળા વૈદ્ય.

જે કામ–ક્રોધ મદ–મોહ મત્સરાદિ રોગો છે તે–રોગ મટાડવાને માટે જૈન શાસ્ત્રકારરૂપી વૈદ્યોએ જે

દવા બતાવી છે તે લેવાને માટે ઘણોજ બેદરકાર રહે છે. જેમ કે ક્રોધરૂપી રોગની દવા ઉપશમ છે. ક્રોધ આવે ત્યારે સમતાભાવ આ જીવને જો આવી જાય તો તે રોગ તરતજ ચાલ્યો જાય છે, પણ તે વખતે સમતા ઓસડનું ઘણુંજ આંતરૂં પડી જાય છે. તેવીજ રીતે દરેક ભાવ રોગનું ઓસડ જે જે શાસ્ત્રકારે બતાવ્યું છે તે જો આ આત્મા લે તો ભાવ રોગથી હળવો થઈ જરૂર મોક્ષરૂપી સુખને મેળવી શકે છે. આપણે વૈદ્યનો ભરોસો કરવા તૈયાર છીએ. તેના વચનના આધારે ઈન્દ્રિયોના વિષયો ઉપર કામ મૂકવા તૈયાર છીએ. કારણ કે ભરોસો ચોંટયો છે. આ વૈદ્ય કહે છે તે સાચું છે, છતાં વૈદ્યોમાં દેખીએ છીએ કે એકકે વૈદ્ય એવો નથી કે બધા રોગી સારા થાય. જેની પાસે ગયેલા દરદીઓને દરદ ન મટયું હોય એવા વૈદ્યો હોય છતાં તેવા વૈદ્ય ઉપર ભરોસો રાખીએ છીએ, પણ આત્માને ઓળખાવનાર અને આત્મિક દરદના કારણોની પીડા સમજાવનાર, ભયંકર પરિણામ સાક્ષાત્ દેખીને ધ્યાનમાં ઉતારનાર એવા ભાવ વૈદ્ય ઉપર આ દરદીને ભરોસો નથી. એ ભરોસો આવ્યો હોય તો કુપથ્ય-વસ્તુ જણાવી તેને વળગત કેમ?, પથ્ય જણાવી તેથી ક્ષણભર છેટા રહેત કેમ?, હજુ આ જડ જીવનમાં જકડાએલા જડના દરદને મટાડનાર વૈદ્ય તરફ જેટલી લાગણી ધરાવે છે, તેટલી લાગણી કે ભરોસો આત્મિક રોગના વૈદ્ય તરફ ધરાવતો નથી. આ આત્માના રોગ મટાડનાર શ્રી જિનેશ્વર પરમાત્માજ છે, અને તેવા ખરા વૈદ્ય તરફ આ જીવ હજુ માનની લાગણીથી જોતો નથી. જો તેઓ આ તરફ ખરા અંતઃકરણથી ભક્તિ પ્રેમ દાખવે તો આ આત્માના અભ્યંત રોગનું નિકંદન જરૂર થાય. જે રોગો આત્મામાં અનાદિ કાળથી જડ ઘાલીને રહ્યા છે, તે રોગો જડ ઘાલી બેસે છે; પછી તેને કાઢવા બહુ મુશ્કેલ છે. દુનીયાદારીમાં પણ એવો નિયમ છે કે કેટલાએકને એ રોગો ઘણા વખતથી શરીરમાં દાખલ થએલા હોય ને ઘર કરી રહેલા હોય તે રોગોને નાબુદ કરવા માટે બહુજ શ્રમ ઉઠાવવો પડે છે. તથા તેની પાછળ દ્રવ્યનો પણ વ્યય પુરો કરવો પડે છે. પરંતુ પરમાત્મા રૂપી વૈદ્ય તો નિઃસ્વાર્થ વૃત્તિવાળા છે. પરોપકાર કરવામાંજ એક ચિત્તવાલા છે, અને તેથી તેઓએ જગતના જીવોને ક્રોધાદિકનું ઓસડ વિના દ્રવ્યે દુનીયાને આપ્યું છે.

કોળીઓ કરનાર કાળ.

શાસ્ત્રમાં બતાવ્યું છે. પણ આ જીવ એવો પ્રમાદી છે કે પોતાના તે ઘર ગએલા દરદને દૂર કરવા તે ઓસડ લેતો નથી. મૂર્છિત મનુષ્યને દરદ માલુમ પડે નહિં, તેથી તે દૂર કરનાર વૈદ્ય તરફ મૂર્છિત દરદી લક્ષ્ય કે ભરોસો રાખે નહિં. તેમ આપણે પણ મોહમાં મૂર્છિત છીએ તેથી આત્મામાં જડ ઘાલી બેઠેલા ક્રોધાદિક રોગોને દૂર કરવા લક્ષ્ય રાખતા નથી. તથા તેના ઓસડને બતાવનાર વૈદ્ય સમાન જીનેશ્વર ભગવાન તેમના ઉપર ભરોસો રાખતા નથી. જે મનુષ્યો વૈદ્ય ઉપર ભરોસો ન રાખે, અને તેના કહ્યા પ્રમાણે દવા ન લ્યે, ચરી ન પાળે તે મનુષ્યોના રોગો નાશ પામતા નથી. તેમ આપણે પણ જીનેશ્વર ઉપર ભરોસો ન રાખી એને તેમણે બતાવેલ ક્રોધાદિક રોગનું ઓસડ-ઉપશમ વિગેરે ન ધારણ કરીએ. ન લઈએ તથા તે દૂર કરવા માટે જે ચરી સમતા-સામાયકની કરણીરૂપ તે ન કરીએ તો. આપણા રોગો કેવી રીતે નાબુદ થાય અર્થાત્ નજ થાય. માટે આ ઉપરથી કહેવાનો સારાંશ એ છે કે તે રોગોને જલદી નાબુદ કરવા કટીબદ્ધ થવું જોઈએ. આપણે મોહમાયામાં મૂર્છિત થએલા વિષયોમાં ડૂબી ગએલા છીએ. જેથી આત્માની વેદના આપણે સમજ્યા નથી. જન્મ કે મરણમાં કોઈને વિવાદ નથી. શાસ્ત્રમાં જન્મની વેદના બતાવી છે. તે કરતાં વળી મરણની વેદના આઠ ગણી બતાવેલી છે. તો આ જીવે જન્મની વેદના અનંતી વખત ભોગવેલી છે. તેને માટે કોઇ દિવસ એ વિચાર થયો કે ફેર જન્મ ન આવે તેવો ઉદ્યમ કરૂં. મરણનો ડર કોને નથી? આખા જગતને મરણનો ડર છે. દરેક પ્રાણીઓ જીવવાને ઈચ્છે છે. વિષ્ટામાં રહેલો કીડો ને ઇંદ્રના સુખને ભોગવનાર, ઇંદ્ર મહારાજા તે

બન્નેને જીતવાની ઇચ્છા છે. કોઇને મરવાની ઇચ્છા નથી. મર એવું કહેતાં પણ જીવને દુઃખ થાય છે. વળી ચક્રવર્તી રાજા એક જીવ બચાવવાની ખાતર છ ખંડનું રાજ્ય પણ આપી દેવા તૈયાર છે. માટે જીવનની કિંમત કેટલી છે તે આ ઉપરથી સમજી શકાશે. ચાહે નાના કે મોટા જીવ સમજુ હોય કે અણસમજુ હોય તે બધાને મરણનો ડર છે. એ મરણ આવે છે ત્યારે કોઇ તેને અટકાવી શકતું નથી. એક ક્ષણ પણ તે વિલંબ કરતું નથી. તે વખતે જીવ ગમે તે કહે કે હજુ મારે અમુક તીર્થની જાત્રા કરવી છે, કે અમુક આશા હજુ બાકી રહી છે; પણ તે વખતે કાળ કંઈ પણ ન સાંભળતાં તેનો કોળિયો કરી જાય છે.

સમકીતિને જન્મનો ડર છે.

તે કાળની ચોટ આવે કે તરતજ શિકારી આપવી પડે છે. તેમાં કોઇનું ચાલતું નથી આટલાજ માટે દુનીયાના પ્રાણીઓને ચેતાવવા શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે કે હે જીવો જો તમારે પરભવ કે આ ભવમાં સુખ જોઈતું હોય તો મરણ આવ્યા પહેલાં ધર્મ કરી લ્યો પછી કોઈ થશે નહિં ને સંસારમાં રઝળવું પડશે. એક નીતિકારે કહ્યું છે કે–

હાથ ઘસે ભુંઇ આહણે જીભે તાલુ દીધ,
મરણ વેલા એ સાંભરે હા મેં ધર્મ ન કીધ.

શા માટે તે આવે ત્યારે પશ્ચાતાપ કરવો કે હા ઇતિ ખેદે હું જીંદગી હારી ગયો. મેં મારી ઉમરમાં કોઈ સુકૃત ન કર્યું તે વખતે પશ્ચાતાપ કરવું શું કામ આવે ? તો મરણનો ડર સર્વ કોઇને છે. એ ઉપર શાસ્ત્રકાર કહે છે કે સર્વે પ્રાણીઓ પોતાના આયુષ્યને જીવનને પ્રિય ગણનારા છે. તમામ પ્રાણીઓ જીવવાની ઇચ્છાવાલા છે. પણ તેમાં સમ્યગ્દષ્ટિ જીવો જુદી લાઈનના છે. જીવત્વ તો મિથ્યાદષ્ટિમાં ને સમ્યગ્દષ્ટિમાં બન્નેમાં રહેલું છે પરંતુ તેઓની લાઇન જુદા જુદા પ્રકારની હોય છે. સમ્યગ્દષ્ટિ જીવ મરણથી ન ડરે પણ જન્મથી ડરે, કારણ કે ફેર જન્મ ધારણ કરવો પડે તો તેની પાછળ મરણ તો રહેલું છે. જન્મની પાછળ મરણ થાય છે. જન્મ્યો તે મરવાનોજ એ ચોક્કસ જાણવું. તો જન્મ ન થાય તેવું કરે તો મરણ તો આપોઆપ રોકાએલું જ છે ને તેથી આ આત્માને તેનું દુઃખ જોવું ન પડે. માટે સમકિત દૃષ્ટિની આ વિચારણા હોય છે. સમકિતી સમજે છે કે જે જીવ આ દુનીયામાં જન્મ ધારણ કરવાનો તેને મોત તો નક્કીજ છે. માટે જે જન્મથી ડર્યો નહિં ને મરણથી ડર્યો તે કામનો શું ? મરણથી તે બચવાનો નથી, જેનાથી કોઇ પણ પ્રકારે બચી શકાતું નથી. આપણે પણ તેનાથી બચવાનાજ નથી. બચાવનારો ત્રણ જગતમાં કોઇ નથી તેથી ડર રાખવો તે કઈ અક્કલનું કામ ? જે વસ્તુથી બચી શકવાના નથી. બચી શકવાનો ઉપાય નથી. તેનાથી બચાવનાર પણ કોઈ નથી એટલુંજ નહિં પણ દુનીયામાં કોઈ તેનાથી બચ્યો નથી. તો તેનો ડર નકામો છે આમ સમકિતી સમજે છે. તીર્થંકર ગણધર કેવળીયો કોઇપણ મરણથી બચ્યા નથી. જન્મથી ન બચે અને મરણથી બચે તેવું આ દુનીયમાં કોઇ પણ નથી.

વીતરાગનું વચન શરણ રૂપ છે.

તેથી કરીનેજ અશરણ ભાવનાની જગો પર વાદીએ શંકા કરી હતી કે મેળવેલું મેલીને જઇએ તે વખતે કોઈ શરણ નથી. ચક્રવર્તીના છ ખંડ, કરોડો પાયદળ લશ્કર, લાખો હાથી ઘોડા, કરોડો ગામ છતાં પણ ચક્રવર્તીને પણ મરણ વખતે કોઈ આધાર થતો નથી. તો જગતમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઋદ્ધિ સમૃદ્ધિ તથા રાજ્ય જોને છે, અને પચીસ હજાર દેવતાઓ તો સેવામાં હાજર હોય એવા ચક્રવર્તીને પણ મરણ વખતે બચાવનાર કોઈ હોતો નથી. ચાહે જેવા બળવાળા, ઋદ્ધિવાલા, અક્કલવાળા; જ્ઞાનવાળા હોય તો પણ તેના શરીર કુટુંબાદિક બળ તે એક પણ મરણ વખતે બચાવનાર થતા નથી, માટે આખું જગત શરણ રહિત છે. મરણ વખતે કોઈ શરણ થતું નથી. મરણ જેવી ખરી આપત્તિ વખતે કોઈ શરણ ન થાય તો અશરણ કેમ ન કહેવું ? માટે આ જગત અશરણજ છે, તો પછી તેનો વિચાર કરવો પણ નકામો છે. વાદીની આ

શંકાના સમાધાનમાં ત્યાં (અશરણ ભાવનાના પ્રતિપાદનમાં) ઉત્તર આપતા જણાવ્યું છે કે તેમ નહિં. સંસારની સર્વ વસ્તુઓમાંથી કોઈ પણ તેને બચાવનાર નથી, પણ મરણ વખતે એક શરણ છે. જન્મ જરા મરણ તથા એના ભયો એ કરી, તથા વ્યાધિ વેદનાઓએ કરી વ્યાપ્ત એવા આ જગતમાં જીનેશ્વરના વચન સિવાય કોઇ પણ શરણ નથી આખું જગત અશરણ છતાં જીનેશ્વરનું વચન શરણનું સ્થાન ગણ્યું. જીનેશ્વરો પોતે પણ મરણથી બચી શકયા નથી. તથા ગણધરો કે જેઓ ઉપજેલ્યા વિગમેલ્યા ધ્રુવેલ્યા એ ૩૫ ત્રીપદી એટલે ત્રણ પદ તીર્થંકર પાસેથી પામી એક અંતર મુહુર્ત જેટલા ટાઇમમાંજ એટલે એ ઘડી જેટલા સાવ નજીવા ટાઈમમાં દ્વાદશાંગી બાર અંગ તથા ચૌદ પૂર્વની રચના કરે છે. તેવી શક્તિવાળા ગણધરો પણ મરણથી બચી શકયા નથી. જો તેઓ ન બચ્યા તો તેમના વચનથી અમો બચીશું તે માનવું શી રીતે ? આને માટે વાદીને જણાવે છે કે તું જરા અમારા કથનમાં ઊંડો ઉતરીને વિચાર કરીશ તો તને જરૂર માલમ પડશે કે મરણથી બચાવવાર જો કોઇ હોય તો જીનેશ્વરના વચનોજ છે કેમ ? તો કે તે પરમાત્માની વાણી હૃદયમાં બરોબર પરિણમાવી દે ને તેને પોતાના જીવનમાં ઉતારે અર્થાત્ તે પ્રમાણે પોતાનુ વર્તન સુધારે તો આત્મા નિર્મળ જરૂર થાય છે. કર્મરૂપી મેલ દૂર થતો જાય છે ને ક્રમે ક્રમે પુરેપુરૂં પાલન જો તેમના વચનનું આવી જાય તો ભય સ્થિતિ પરિપકવ થયે સકલ કર્મ ખપાવીને દેવલોક તથા મોક્ષના સુખોને વિષે બીરાજમાન થાય.

અશરણ ભાવનાનો પરમાર્થ.

જે મોક્ષ સ્થાન એવા પ્રકારનું છે કે જ્યાંથી ફેર જન્મ લેવો પડતો નથી. જ્યારે જન્મ ન લેવો પડે તો પણ મરણ તો હોયજ શાનું. માટે મરણથી બચાવનાર એક જીનેશ્વરની વાણી છે. મરણ વખતે પણ જો જીનેશ્વર કથિત નવકાર મંત્ર યા અન્ય શબ્દો ધર્મવાણીના આ જીવને આવી જાય તો પણ ગતિ સુધરી જાય છે. આખી જીંદગી સુધી પાપા રંભ કરેલા હોય તેવા જીવોને પણ અંત સમયે ભગવાનની વાણી ગતિ સુધારી આપે છે. મનુષ્યની વાત બાજુ પર મુકીએ પણ તિર્યંચ જેવા પ્રાણીઓને પણ જીનેશ્વરની વાણી ગતિ સુધારવામાં કારણભૂત થાય છે. શ્રીપાર્શ્વનાથજીએ સાપને સાપણને નવકાર મંત્ર મરણ વખતે સંભળાવ્યો હવે આ નાગ નાગણી જોકે નવકાર શું ચીજ છે ? તેમાં કયો ભાવાર્થ ? કે કેવું સ્વરૂપ આવે છે ?; તે જાણતા નથી તો પણ ફકત નવકાર મંત્રના અક્ષરોજ કાને પડવાથી તેને ઇંદ્ર ઇંદ્રિણીની પદવી પ્રાપ્ત થઇ. આમ મરણ વખતે પણ જીવને દુર્ગતિથી બચાવનાર તથા ઉત્તરોત્તર સંસારમાં ફેર જન્મ ન લેવો પડે ને મરણ આવે નહિં તેવું મોક્ષ મેળવી આપનાર પણ જીનેશ્વરની વાણી છે. આ જગતમાં જોકે કોઇ વસ્તુ મરણથી બચાવનાર નથી યાને મરણ વખતે જીવને કોઈનું શરણ નથી પણ એક જીનેશ્વર ભાષિત વાણી તેનું શરણ છે. તે જો આ જીવને પ્રાપ્ત થાય તો જરૂર દુર્ગતિથી બચાવે છે ને ફેર મરણ ન આવે તેવું પણ કરી આપે છે. અશરણ ભાવના નકામી કહેનાર વાદીની શંકાના સમાધાનમાં આટલું બસ છે. આ ઉપરથી અશરણ ભાવના ભાવવી એ જીવને જરૂરી છે તે સ્પષ્ટ સમજાઈ જશે. અહીં પ્રસંગોપતા જૈનશાસ્ત્રમાં બાર પ્રકારની ભાવના ભાવવાનું બતાવેલું છે તે વર્ણવવામાં આવે છે. પ્રથમ અનિત્યભાવના તે આવી રીતે જાણવી. આ જગતમાં ધન માલ કુટુંબ વિગેરે સર્વ અનિત્ય છે એટલે કાયમ નથી, અંતે જવાવાળા છે. આપણી નજરે જેટલા જોઇએ છીએ તેમાંનો એક પણ ધન માલકુટુંબ સાથે લઈ ગયો નથી. તેમ કોઇ લઈ જતા નથી. ને લઈ જશે પણ નહિં. આ મદુનીયાની વસ્તુનો વિચાર કરી શરીર ઉપર આવવું. આ શરીર પણ અંતે પડવાનુંજ છે રૂપીઆની રૂપીઆ ભાર ચીજ ખવરાવીને ગમે તેટલું તેને પોષ્યું હોય તો પણ તે કાયમ રહેવાનું નથી આમ વિચાર કરી આત્માને સમજાવવો અને અનાદિકાળથી જીવ જે મારૂં ધન મારૂં કુટુંબ માલ મારૂં શરીર તેમ કરી રહ્યો છે. તેને વારી આત્માના ખરા સ્વરૂપમાં લાવવું તેવીજ ભાવના તે અનિત્ય અનિત્ય ભાવના બાર ભાવનામાં આ પ્રથમ ભાવના છે.

હિંસા—અહિંસા—મીમાંસા.

લેખકઃ—પ્રભુદાસ બેચરદાસ પારેખ.

છાપાંઓ વાંચતા આપણા જાણવામાં આવે છે, કે હાલની કેટલીક સરકારોએ—શિકારી ટોળીઓનો પ્રચાર કરી, તેને વ્યવસ્થિત રીતિએ રોકી શિકારનો પ્રચાર શરૂ કર્યો છે.

(આથી કેટલાક પ્રશ્નો સહજ ઉદ્‌ભવે છે, પ્રશ્નો તથા સરકાર તરફે તેના પ્રત્યુત્તરો નીચે જણાવવામાં આવે છે.)

પ્રશ્ન (૧) હાલની સરકારો અહિંસામાં માનનારી હોવાનું જણાવતાં છતાં, ઘોર હિંસા કરવાનું કામ ઉપાડી રહી છે. શા માટે સરકારો એમ કરે છે?

જવાબ—આ સરકારો તેમાં (જ) અહિંસા માને છે.

પ્રશ્ન (૨) આવી ભયંકર હિંસામાં સરકાર અહિંસા કેવી રીતે માને છે? ન્યાયપૂર્વક વિચાર કરી જોતાં તેમાં અહિંસા સંભવિજ કેમ શકે? સરકાર જો પ્રત્યક્ષ હિંસાને પણ અહિંસા કહેવા અને કહેવરાવવા માંગતી હોય તો, તે રાતને દિવસ તથા દિવસને રાત કહેવરાવા માંગે છે, અને જો એમ હોય તો તે અંધારાને પ્રકાશ અને પ્રકાશને અંધારૂં કહેવરાવવા માંગે છે. એ શોચનીય છે. આવી અને આવડી મોટી ભૂલ કેમ ચાલી શકે? કેમ ચલાવી લઈ શકાય? કેમ ચાલવા દઇ શકાય? સરકારના બુદ્ધિમાન્ સંચાલકો ચ લવા દે એમ કેમ?

જવાબ—તેમ કરવામાં સરકારનો એક આશય છે. આશય સમજ્યા વિના આક્ષેપ કરવા વ્યાજબી ન ગણાય, સરકારનો આશય એ છે, કે—આજે અનાજની તંગી હોવાથી માણસ જાત ભૂખે ન મરી જાય, માટે અંકુશો રાખી વ્હેંચણીથી અનાજ આપવાનો માર્ગ સરકારને લેવો પડયો છે.

'જ્યારે એક તો અનાજની તંગી છે, તેમાં વળી ઘણા ખરા ખેતરોની અને ખેડની જમીન રેલ્વે, કારખાનાં, બંગલા તથા મોજશોખ, રમત ગમતના મેદાનો, એરોડ્રામ, રાજમહેલો, મોટી મોટી ઓફિસો, રેઇસકોર્સ વગેરેમાં રોકાઇ ગઈ છે, ઘણા ખરા ખેડુતો મીલો અને કારખાનાઓમાં મજુરો તરીકે રોકાઇ ગયા છે, વેપાર ધંધે ચડી ગયા છે, શહેરોમાં નોકરીમાં દાખલ થઇ ગયા છે, પાણી ભરનાર-વાસણ માંજનાર તથા રિકસા ખેંચનાર તરીકે તથા તેવાં તેવાં અન્ય કામ કરનાર તરીકે ગોઠવાઈ ગયા છે.'

'વળી નિશાળોમાં ભણવા ગયેલા, ખેડુતોના ઘણા છોકરાઓને ખેતીની વારસાગત તાલીમ મળતી નથી. નાનપણથી વારસામાં ખેતીની તાલીમ મળતી હતી તે અટકી ગઇ છે, તેમના બાપદાદા જેવું એંજિનની માફક કામ કરવાનું બળ પણ તેઓમાં નથી રહ્યું. ખરી વખતે જેઓ સોલ સોલ કલાક લાગલાગટ કામ કરતા હતા, તેને બદલે તેના સંતાનો આજે આઠ કલાક માંડમાંડ કામ કરવા તૈયાર હોય છે. વળી તેમને પૂરાં સાધનો તથા આર્થિક સગવડ મળતાં નથી. આવી સ્થિતિમાં હિંદમાં પૂરૂં અનાજ પાકી ન શકે, તો પછી અનાજની કેટલી બધી તંગી પડે? તે સહેજે સમજાય તેમ છે.'

'તેમાં વળી પૂરતી મહેનતથી ખેતરોમાં માંડમાંડ પાકેલું અનાજ-હરણાં, વાંદરાં, ઉંદરો, રોઝ, સુવર, કીડા વગેરે ખાઇ જાય, તો પછી

માણસ જાત ખાય શું ? અને જો માણસ જાતને પૂરું અનાજ ન મળે, તો તે મરવા લાગે. માટે તેના બચાવ ખાતર, અનાજનો બચાવ કરવા ઉપરના પ્રાણીઓને મારી નાંખવા સરકારે શિકારી ટોળીઓને શેકનારા તથા ઉત્તેજન આપનારા હુકમો કાઢયા છે. કહો ! આમાં માનવ જાતને બચાવવાની અહિંસા ખરી ? કે નહિ ? કેમકે માનવ જાત બીજા પ્રાણીઓની અપેક્ષાએ વધુ સમજદાર, વધુ લાયક અને વધુ પ્રગતિશીલ હોવાથી, ઇતર પ્રાણીઓના અને માનવજાતના જીવન મરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય, અને ત્યારે જો બન્નેયને બચાવી શકાય તેમ ન હોય, તો ત્યારે પ્રથમ કોને બચાવવાની પસંદગી કરવી ? તમારે કહેવું જ પડશે કે,-"માનવ જાતને બચાવવાની પસંદગી પ્રથમ કરવીજ પડે" એ સ્વાભાવિક છે, અને તેની ખાતર બીજા પ્રાણીઓને મારી નાંખવા પડે, તેમાં પ્રત્યક્ષ હિંસા છે. પરંતુ પરિણામે માનવ જાતને બચાવવા રૂપ અહિંસા છે. આ અહિંસાને લક્ષ્યમાં લઇને સરકારને, શિકારી ટોળીઓને ઉત્તેજન આપવાની ફરજ પડી છે; નહિ કે તેમાં સરકારનાં આપખુદી-અવિવેક કે અન્યાય છે.

પ્રશ્ન ૩—આ જવાબથી અમારા મનમાં બીજા ત્રણ ચાર પ્રશ્નો ઉભા થાય છે. એ પ્રશ્નોનો સમૂહ એકમાં ગણી લીધો છે. એના જવાબો ક્રમશઃ ભલે અપાયા હોય.

પેટા પ્રશ્નો—(૧) અનાજને હરકત કરનારાં પ્રાણીઓ સિવાયનાં માંકડ, ચાંચડ, મચ્છર, સાપ-અજગર, બિલાડાં, કુતરાં, રખડતાં ગધેડાં, મગર, હડકાયાં કુતરાં, સિંહ, વાઘ, ચિત્તા વગેરે પશુઓ-તથા ખેતરમાં પાકને નુકશાન કરતા નાના કીડા જંતુઓને શા માટે મારી નાંખવા ? તેમાંના કેટલાક બિચારા કયાં અનાજ ખાઇ જાય છે ? અને કેટલું ક ખાય ?

(૨) ભારતમાં જે વખતે પૂરતું અનાજ પાકયું હોય, વરસાદ સારો થયો હોય, અને લોકો પણ અનાજ વેચવા તૈયાર હોય, તે વખતે અનાજની તંગીનો પ્રશ્ન ન હોવાથી, ત્યારે અનાજને હરકત કરનારાં મનાતાં (કહેવાતાં) પ્રાણીઓને શા માટે મારવાં (સંહારવાં) જોઇએ ?

(૩) 'ઉચ્ચ પ્રકારની અહિંસાના પ્રચારમાં બિનહરીફ ગણાતા જૈન શાસ્ત્રોમાં પણ શ્રાવકને સવા વસાની દયા કહી છે, (શ્રાવકોથી પળાતી દયાને સવા વસાની માત્ર ગણાવી છે) તેમાં અપરાધી જીવોને ન છૂટકે મારવામાં શ્રાવકને તેનું વ્રત પ્રતિબંધક નથી, બેશક તેનો આદર્શ તો વીશ વસાની દયાના પાલન રોજ છે. એજ રીતે અનાજ ખાઇ જનાર પ્રાણીઓને અપરાધી ગણીને રાજ્યસત્તા મારી નાંખવા પ્રયાસ કરતી હોય, તો પછી તે સરકારને અહિંસક સરકાર કેમ ન કહેવાય ?' શું આ રીતિએ, જૈન શાસ્ત્રનો આધાર સ્વેચ્છાનુજબ ગોઠવી વર્તમાન સરકારને અહિંસક ઠરાવવાનો તમારો આશય છે ?

(૪) ભારત જેવા દેશમાં આવી ઘોર હિંસા, પ્રજા કેમ ચલાવી લે છે ? એક બકરું, હરણ, મોર કે સાપ કોઇ મારી નાંખે, તો હો-હા કરી મૂકનાર મહાજન અને અહિંસા પ્રેમીઓ આજે લગભગ મૌન-સદંતર ચૂપ કેમ છે ? પ્રજાને તે સારી રીતે સ્મરણમાં હશેજ, કે-પંજાબમાં ઉભું થનાર કતલખાનાનો પ્રજાએ જબ્બર વિરોધ કરીને તેને થતું અટકાવ્યું હતું: એજ પંજાબમાં તાજેતરમાં શિકારીઓ મારફત ૬૦૦૦૦ સાઠ હજાર વાંદરાઓને ખૂદ સરકારે મરાવી નાંખ્યાનું છાપાનાં અહેવાલો જણાવે છે. છતાં તેના વિરોધ કે પ્રતિકાર માટે માટે કશેયે ઉકરાટો

પ્રજામાં કેમ જણાતો નથી ? જરાયે અરેરાટી, અને લેશ પણ મનકલેશ કેમ દેખાતાં નથી ?

(૫) કે જીવદયાના ઉદ્દેશવાલી સંસ્થાઓ સરકારનો વિરોધ સામાન્ય રીતે કરે છે, તે સરકારે અખત્યાર કરેલી નીતિ,–અનુસાર અહિંસક પ્રવૃત્તિનો વિરોધ કરનારી હોવાથી, તેને સહકાર ન આપવામાં પ્રજા વ્યાજબીપણું સમજે છે ? કે–એ રીતે સરકારની હિંસાનો વિરોધ કરવા છતાં ઘણીખરી સંસ્થાઓ પરિણામે સરકારી હિંસામાં મદદગાર હોવાથી તે સંસ્થાઓ તરફ ઉદાસીનતા બતાવવા ઉત્તેજન ન આપવા પ્રજા મૌન સેવે છે ?

જવાબ—તમારા ત્રીજા પ્રશ્નમાંના આ પાંચે પેટા પ્રશ્નોના જવાબ દેવા ઘણાજ કઠણ છે. કેમકે—તે માટે ઘણું વિવેચન કરવું પડે તેમ છે, છતાં ટુંકામાં જવાબ આપીશું, અને તેટલા માત્રથી તમારે સંતોષ પકડવો પડશે.

જ. (૧) માંકડ વગેરેને મારી નાંખવા નં'ખાવવામાં પણ સરકાર અહિંસા જુએ છે. તેની સાથે માંસાહારી લોકોને માંસાહાર પૂરો પાડવામાં તથા માંસાહારના ઉત્પાદક ધંધાઓને ઉત્તેજન આપવામાં પણ સરકાર અહિંસાજ માને છે.

તમે પૂછશો, કે 'શી રીતે ?' તો સાંભળો—

અનાજની તંગીમાં માંસાહારી માનવોને માંસની પૂરતી સગવડ આપીને જીવતા રાખવામાં, પ્રાણી માત્રમાં મુખ્ય માનવ જાતની દયા છે. એટલે અહિંસા છે, એટલાજ માટે તેના ધંધાદારીઓને ઉત્તેજન આપવામાં પણ અહિંસાજ મનાય. (સરકાર એને અહિંસાજ માને) એ સ્વાભાવિક છે.

માકડ, ચાંચડ, મચ્છર વગેરેને મારવામાં અહિંસા છે, તે વાત તમે ન સમજ્યા ? તો સમજો–

જેમ–અનાજની તંગી દુર કરી માનવ જાતને મરતી બચાવવામાં બીજા પ્રાણીઓને મારી નાંખવામાં અહિંસા છે, તેજ પ્રમાણે માનવોને કરડનારા, હરકત કરનારા, ઉંધમાં નડનારા, બીજી રીતે અડચણ કરનારા પ્રાણીઓને મારી નાંખવામાં પરિણામે માનવ જાતની સગવડ–અનુકૂલતા રૂપ અહિંસાને પોષણ મળે છે. આ સમજથી પોતાની માન્યતા મુજબની હાલની અહિંસક સરકાર તેવા જીવોની હિંસાને ઉત્તેજન આપે છે. અનાજની તંગીમાંથી માનવોને બચાવવામાં પણ મુખ્ય આશય એ છે કે માનવ જાતનાં બધાં દુઃખો દૂર કરી, તેને સુખી કરવાની મહા અહિંસાના આદર્શને સામે રાખીને માંકડ, ચાંચડ, મચ્છર વગેરેને મારી નાંખવા. એમને મારી નાંખવામાં સરકાર આ રીતે અહિંસાજ માને છે. મોજશોખ રમત ગમ્મત ખાતર આંતર રાષ્ટ્રીય વર્તમાન નૈતિક-વાદી અહિંસાનો અંતિમ આદર્શ તો એ જણાય છે કે પાળવામાં કે ઉત્પાદનમાં જરૂરી ન હોય તેવા કોઈપણ પ્રાણી માનવ જાતની નજરેજ ન ચડે કે જેથી તેને હરકત પહોંચવાની સંભાવના પણ ઉભી થાય અને ભારતની આજની સરકાર પણ આંતરરાષ્ટ્રીય આદર્શોને અનુસરીને પોતાનું તંત્ર ચલાવી પ્રગતિશીલ જગતની હરોલમાં એ રીતે ઉભી રહી પોતાની પ્રજાને ઉભી રાખવા માંગતી હોય તેમ જણાય છે.

જ. (૨) ભારતમાં ગમે તેટલું અનાજ પાકે તો પણ, ભારતની સરકાર અને જગતનું કન્ટ્રોલર ખાતું પરસ્પર બંધાયેલા છે, કે–"કોઇપણ દેશનું વધારાનું અનાજ, અનાજની તંગીવાળા કોઈપણ બીજા દેશને આપવું."

એ શરતને અનુસરીને, ભારતમાં અનાજ ગમે તેટલું વધું પાકયું હોય, છતાં તંગી-

વાળા બીજા દેશને પૂરું પાડવા માટે ભારતે અનાજની બચત પાડવી જોઇએ-એ બચત તંગીવાળા દેશને આપવી જોઇએ, કેમકે—બીજા દેશો તે પ્રમાણે આપણને આપવા માટે બંધાયેલા છે; આપણે પણ તે પ્રમાણે બંધાયેલા રહેવું જોઇએ. ન્યાય બધાયને સરખો લાગુ પડવો જોઇએ. અને એ રીતે આપણે અનાજ મેળવેલું છે.

'અનાજનો વધારો શી રીતે તારવી શકાય ?' તેનો જવાબ એકજ—કે જે જે દેશમાં માણસને રોજ ખાવા માટે જેટલું જરૂરનું હોય તેટલું વ્હેંચણી મારફત પુરૂં પાડવું, અને તેમ કરીને બગાડ અથવા નકામી વધુ વપરાશ અટકાવવાથી બચત રહે, તે વધારો ગણવો તે વધારો (વધારાનું તે અનાજ) બીજા દેશને આપવા બંધાયલા હોવાથી તેમને આપવો પડેજ

અટલે (આ) ભારતમાં ગમે તેટલું (અનાજ) પાકે છતાં, જગતના કોઇ પણ દેશમાં તંગી ઉભી થાય અથવા વધતી જતી વસતીને લીધે તંગી ઉભી થાય, તે ખાતર વધારો તારવવા આખા જગતમાં અંકુશો મારફત સરકાર હસ્તક અનાજની વ્હેંચણીની પદ્ધતિ ટકાવી રાખવીજ જોઇએ, વધારો પાડવા માટે પણ અનાજ ખાઇ જનારા પ્રાણીઓને, છેવટ બીજા દેશના માનવોની દયા ખાતર મારી નાંખવાની ફરજ હિંદની સરકારને બજાવવી પડે છે.

આ જવાબોથી દેખાય છે કે, સરકાર પક્ષે જ્યાં સુધી આખા જગતમાંથી અંકુશો ન નીકળે અને પાછી વિશ્વશાંતિ ન ફેલાય, ત્યાં સુધી હિંદમાં ગમે તેટલા દુકાળ થાય તો પણ પૂરેપૂરા અંકુશ ઉઠી શકે નહિ અને અનાજનો બગાડ કરતા પ્રાણીઓને મારી નાંખવાનું બંધ થઇ નહિ.

ટુંકામાં આનંદ શોખ ખાતર પાળવામાં કે બીજી રીતે માનવોના જીવનમાં જરૂરી હોય તેવા પ્રાણીઓ સિવાય, માનવોના જીવનમાં આડે આવતા તમામ પ્રાણીઓને મારી નાખવાના આદર્શને વળગીને હાલની અને હવે પછીની સરકાર વધારાના તમામ પ્રાણીઓને મારી નાખીને તથા કદાચ ઉત્પન્ન થતા રહે, તો નાનાં નાનાં જંતુઓને પણ મારી નાંખીને આખા દેશને એક વખત માનવેતર પ્રાણીઓ વિરહિત બનાવી દેવાના સ્વપ્નાં સેવતી હોય, તો તે તેના આદર્શ પ્રમાણે બનવા જોગ જણાય છે.

અહીં અમને એક નવો પ્રશ્ન એ પણ થાય કે આખા જગતમાં બે કરોડ માણસો વધે, તેને હિસાબે હિંદમાં ૪૦ લાખ વધે, એ હિસાબે અનાજની તંગી કેટલીક પડી જાય ? જ્યારે ઘઉં ૫-૬ રૂપિયે બંગાળી મણ મળતા હતા તેને બદલે આજે ૧૫-૨૦ રૂપિયા લગભગ સરકારી ભાવના હોય છે. આટલી બધી તંગી થવાનું કારણ શું ? વળી અમેરિકા વિગેરે યાંત્રિક ખેતીથી પુષ્કળ અનાજ ઉગાડે છે. તો પછી તંગી કેમ પડે ? અમેરિકા ઘણું વધારાનું અનાજ લાવી દેતો હતો. આમ છતાં આપણી સરકારને આટલી બધી તંગી કેમ જણાઇ છે ?

જવાબ એ છે, કે—આપણી વર્તમાન સરકારનો વાંક કાઢવો નકામો છે. કેમકે-તેને તો ઘણી બાબતોમાં પાછળની પરિસ્થિતિને આધીન રહેવું પડે, એ સ્વાભાવિક છે.

ભારતમાં જો અનાજની તંગી ઉભી કરવામાં ન આવે, તો જગતના યાંત્રિક ખેતી નિષ્ણાતોના હાથમાં ભવિષ્યમાં હિંદની ખેતી અને જમીન મૂકવાનો આંતરરાષ્ટ્રીય પ્રોગ્રામ શી રીતે

અમલમાં મૂકી શકાય ? અને એજ હેતુ માટે દેશમાં તંગીને લગતા કાર્યક્રમ પાછળની સરકાર અમલમાં ખુબીથી મૂકતી ગઈ છે, કે જેને લીધે ઉત્પન્ન થયેલું વાતાવરણ ધારાસભાઓ અને વડી ધારાસભાઓમાં યાંત્રિક ખેતીને ઉત્તેજન મળે, તેવા બીલો અને યોજનાઓ તરફ વલણ થતું રહ્યું છે. અને ભારત જેવા દેશને યાંત્રિક ખેતીના પ્રોગામમાં વેગવંતો બનાવવા માટે આંતરરાષ્ટ્રીય નેતાઓની સહાનુભૂતિ પણ મળતી રહી છે. અને તેથીજ અમેરિકા વિગેરે-માંથી પણ સરળતાથી અન્ન મળી શકતું નથી. કાંઇને કાંઇ અગવડ નડે છે. યુ. એન. ઓ. પણ દર વર્ષે બે કરોડ માણસો વધવાની વાત આગળ કરીને સંચિતપણે અંકુશોને ઉઠાવવા શકય ન હોવાની હિમાયત કરે છે.

(૩) ત્રીજા પ્રશ્નનો જવાબ સરકાર પક્ષનો ગમે તે હોય, અમે અમારો ઉત્તર આપીએ છીએ. શ્રાવકો અપરાધી જીવોને પણ મારી શકતા નથી. શ્રાવકના પહેલા પ્રાણાતિપાતવિરમણ (અહિંસા) વ્રતમાં બને ત્યાંસુધી તે જીવોને પણ બચાવવાનો ભાવના અને પ્રયત્નોને અવકાશ આપવાની જવાબદારી અદા કરવા છતાં કોઇ ખાસ તેવા વિષમ પ્રસંગે, ન છૂટકે અપરાધી જીવ મરાઇ જાય, તેથી ભલે સ્વીકારાયેલ વ્રતનો ભંગ નથી (વ્રતનો સ્વીકાર શરતી છે) પરંતુ એ હિંસા હિંસાજ ગણાતી હોય, શ્રાવકની અહિંસા સવા વસા પૂરતીજ રહે છે. બાકીનું ૧૮।। વસામય જીવન હિંસામય ગણ્યું છે. તેમાંથી જેટલો બચાવ થાય તેટલો ખરો. એટલા ઉપરથી ૧૮।। વસાની હિંસા કરવાની તેને છૂટ મળતી નથી.

શ્રાવકની સવા વસાની દયાનો વાત અત્રે લાગુ કરવા ઇચ્છા ન હોય, અને લાગુ કરી શકાય પણ નહીં, પરંતુ પ્રશ્ન થયો એટલે આટલું સમાધાન કર્યું છે. શ્રાવકની સવા વસાની દયાની વાતને અને હાલની આ વાતને આકાશ પાતાલનું અંતર છે, એ વાત અમે હાલના જન સમાજને હાલની સરકારને સમજાવી શકતા નથી. કદાચ અમે પણ પૂરૂં ન સમજી શકયા હોઈએ એમ કોઇ માને પણ પ્રચારના પૂરતા સાધનોનો ઉપયોગ મોટા પાયા ઉપર હાલમા આગળ પડતા માણસો કરી રહ્યા છે, તેથી પ્રજાનું માનસ ડહોળાઇ ગયું છે, પ્રજાનો બુદ્ધિ ભેદ થઇ ગયો છે, તેનું મન ગુંચવાઈ ગયું છે, સારાસારનો વિવેક ભૂલાતો જતો હોવાથી સરળતાથી સમ-જાવવાની મુશ્કેલી પણ વધી ગઇ છે અને હજારો વર્ષોથી પ્રજા જે એક વાત સરળતાથી સમજી શકતી હતી, તે પ્રજાનાં આજનાં સંતાનો, નિશાળોમાં જે (આધુનિક) શિક્ષણ લે છે તેથી (તેની અસરથી) તે સમજવાની ઘણી ખરી શક્તિ ગુમાવી બેઠેલ છે.

એટલે સાચી વાત સમજાવવાની અને પ્રજાને સીધે રસ્તે દોરવવાની અમારી શક્તિ નબળી પડતી જાય છે.

શ્રાવકના વ્રતમાં સાપરાધ પ્રાણીને મારવાની વાત કે જેને અતિચાર ગણ્યો છે, જેનું પ્રતિ-ક્રમણમાં પ્રાયશ્ચિત્ત છે તે વાતને અને હાલની સરકારની વાતને મેળ ખાતો નથી.

ભારતની સંસ્કૃતિનો માનવ જાતને માટે એજ આદર્શ છે કે—

જગતમાં કર્મવશ જન્મ પામેલા સર્વ પ્રાણીઓને જીવવાનો હક્ક છે. માનવ જાતને કોઇનેય મારવાનો કે કોઇનાયે હિતને નુકશાન કરવાનો હક્ક નથી; સિવાય કે પોતાનું જીવન ચલાવવા માટે કંઇ અનિવાર્ય જરૂરિઆત ઉભી થાય ત્યારે બળતે હૈયે, ન છુટકે જે કાંઇ યત્કિંચિત્ કરવું પડે.

માનવ જાતે, માનવ તરીકે જીવવા ઉપરાંત નૈતિક જીવન અને આધ્યાત્મિક ઉચ્ચ જીવન જીવવાની જવાબદારી ઉપાડી છે, તેથી તે જીવન અને તેના મહામાર્ગની રક્ષા માટે જે કાંઈ અગવડ રૂપ થાય, અને તેની ખાતર બીજા પ્રાણીઓ ઉપર અનિવાર્ય સંજોગોમાં કાંઈપણ નિયમન, અંકુશ કે હિંસાદિ લાદવાં પડે, તે સિવાય કશોયે હક્ક નથી.

કેમકે—આથી કરીને નાના મોટા કોઈપણ જીવને લેશ માત્ર દુઃખ મન વચન કાયાથી, કરવા કરાવવા તથા અનુમોદવાથી પણ દૂર રહેનારા મહાત્માઓ પણ હિંદમાં પાકયા છે. અને જેઓ તેટલી હદ સુધીની ભૂમિકા ઉપર પહોંચેલા નથી હોતા, તેઓ પણ ખાસ અપરાધ ન કરે કે સીધું વિઘ્ન ન કરે તેવા જીવને કશુંયે દુઃખ ન દેવાની, તેને દુઃખ ન થાય-તેને કોઈ દુઃખ ન દે તેવી સાવચેતી રાખે છે.

દા. ત. વાઘ ગામમાંથી માણસોને ઉપાડી જાય છતાં, જો તેને બીજી રીતે રોકી ન શકાય તેમ હોય તોજ તેને મારી નાંખવામાં શ્રાવક સમ્મત થાય. પોતાની ઉપરનો કે પોતાનાઓની ઉપરનો હુમલો સહન કરવાની શકિત ન હોય તોજ શ્રાવક, ત્યાં બચાવ કરવા, તેનો ઘાત કરે-કરાવે (તે પણ બળતે હૈયે): અન્યથા નહિ. યદિ સહનશકિત હોય અથવા તેને બચાવીને પોતાનો બચાવ કરી શકાય તેમ હોય તો પ્રથમ તો તે ઉપાય લે. છતાં જેમ બને તેમ હિંસા કરવા, કરાવવા અને અનુમોદનાથી દૂર રહે. સાપરાધ પ્રત્યેના વર્તન પ્રસંગનું સ્પષ્ટીકરણ આ છે. ત્યારે હાલ તો (સરકારી નીતિ-પ્રવૃત્તિમાં તો) "પ્રાણીઓ નુકશાન કરશેજ" એવી શંકા માત્રથી, સાક્ષાત્ નુકસાન કરે કે ન કરે, કર્યું હોય કે ન કર્યું હોય, કરશે કે નહીં કરશે, છતાં સંભાવના-શંકાદિને નિશ્ચિત માનીને બધાને મારી નાંખવાની વાત હોવાથી, શ્રાવકની સાપરાધ પ્રત્યેની હિંસાની સાથે, એ વાત બંધબેસતી નથી.

શ્રાવકની હિંસા લગભગ પાંચમા ક્રમની છે. ત્યારે હાલની હિંસા લગભગ પ્રથમ (પહેલા) ક્રમની છે.

ક્રમની સમજ માટેનું દૃષ્ટાંત—

છ લુંટારાઓ ગામ લુંટવા ગયા-

પહેલાએ કહ્યું—ગામના બધાયે લોકોને કાપી નાંખો.

બીજાએ કહ્યું—પુરૂષોનેજ કાપી નાંખો.

ત્રીજાએ કહ્યું—હથિયારવાળાઓનેજ કાપી નાંખો.

ચોથાએ કહ્યું—સામે લડવા આવે તેનેજ કાપી નાંખો.

પાંચમાએ કહ્યું—સામે લડવા આવે તેની સાથેજ હથિયારથી લડો.

છઠ્ઠાએ કહ્યું—આપણને હરકત કરે, તેનેજ દૂર હઠાવવા પૂરતો આપણે હથિયારનો ઉપયોગ કરવો.

આથી સમજાશે કે, ભારતમાં વ્યાવહારિક જીવનને માટે આ છઠ્ઠા ક્રમને સામે રાખીને તે દૃષ્ટિથી ભારતમાં હિંસા થતી હતી-થાય, પરંતુ તે બહુજ અંકુશમાં હતી અને જેમ બને તેમ છઠ્ઠા ક્રમનો આદર્શ સામે રાખીને, ન છૂટકે નીચેના ક્રમની હિંસા થતી હતી. આથી પહેલા ક્રમની હિંસા ઉપર અંકુશ અને નિયમન રહેતું હોવાથી, તેમાં ઘણા ટકા ઘટાડો રહેતો હતો. આથી કરીને દરેક જાતના પ્રાણીઓ પોતપોતાની રીતે જીવતા હતા. ખેડુતોના માનસ પણ સંકુચિત નહોતા. આટલી અનાજની મુશ્કેલી નહોતી. બહુજ જુજ હરકત કરીને માનવો પણ સુખે જીવતા હતા. અને સર્વ પ્રાણીઓ કલ્લોલ કરતા હતા.

ત્યારે તેજ હિંદમાં હાલની કહેવાતી અહિંસામાં, પહેલા ક્રમની હિંસાને આદર્શ તરીકે આડકતરી રીતે મુખ્ય સ્થાન અપાતું હોવાથી ઉત્તરોત્તર હિંસા વધી રહી છે: માનવે માનવની હિંસા પણ ઘટી નથી. કાતીલ શસ્ત્રસામગ્રી ફેલાતી જાય છે, ભયંકર જંતુઓની શોધો થતી જાય છે અને તેના વપરાશના માર્ગો પણ વધતા જાય છે. ત્યાં પાંચમા છઠ્ઠા ક્રમની અહિંસાની આશા શી રીતે રખાય?

યુદ્ધ ઘટયાં નથી, પ્રજાપ્રજામાં પીડન ઘટયું નથી. 'ભારત અહિંસક યુદ્ધ લડયું', તેનો તાત્ત્વિક શો અર્થ છે? તેનો પત્તો નથી. ખરી રીતે, આંતરરાષ્ટ્રીય પોલીસીનું તે એક અંગ હતું કે શું છે તેનો પત્તો નથી. શસ્ત્રસામગ્રી ઘટી નથી. ભારત

પાસે શસ્ત્રસામગ્રી ન હોવાથી, નબળાના ઉપાય તરીકે માત્ર અહિંસાનો આશ્રય લેવાયો હતો કે શું હતું તે પણ સ્પષ્ટ થતું નથી.

બહુ સૂક્ષ્મ રીતે તપાસ કરતાં માલૂમ પડે છે, કે—

આધ્યાત્મિક અહિંસાથી ટેવાયેલા, ઘડાયેલા અને સંકળાયેલા જીવનવ્યવહારવાળા ભારતની આર્ય પ્રજાને, તે માર્ગથી ચ્યૂત કરવા માટે, 'અહિંસા' શબ્દનો પ્રચાર થવા દઈને, ભૌતિકવાદી અહિંસાની વ્યાખ્યા મુજબની અહિંસા કે જે આધ્યાત્મિક દૃષ્ટિથી મહા-હિંસા છે, તેનો પ્રચાર કરવા માટે, એક યુક્તિરૂપ એ પ્રયાસ હોય તેમ જણાય છે, કેમકે-કોઇ અંશમાં હિંસા ઘટી નથી, પણ ખૂબ વધી છે.

ભારતીય આધ્યાત્મિક અહિંસક સંસ્કૃતિના રક્ષણ-માંથી પ્રજા જેટલી છુટી થઇને ભૌતિક સંસ્કૃતિની છાયામાં જાય છે, તેટલી વધુ હિંસામાં ફસાય છે, એટલે કે-આજે તો હિંસાનેજ અહિંસાનું લેબલ લગાડવામાં આવેલું જોવામાં આવે છે. આજના પ્રચારકો એક ચીલે ચડી ગયા પછી પાછું વાળીને જોતા નથી, કોઇનું સાંભળતા નથી, જાતે વિચાર કરતા નથી. ધૂનમાં ને ધૂનમાં દોટ મૂકયેજ જાય છે. તેમને સમજાવવું મુશ્કેલ છે. આ દૃષ્ટિથી વિચાર કરી જોતાં, શ્રાવકની સાપરાધની હિંસામાં અને અત્યારે કાયદા કરીને શિકારીઓ મારફત કરાતી-કરાવાતી હિંસામાં આકાશ પાતાલનું અંતર છે. પરિણામે ભારત ભવિ-ષ્યમાં લગભગ અન્ય પ્રાણીઓ રહિત થઇ જાય, અને કદાચ એ ન્યાય પાળીના થરના માનવો માટે પણ વિનાશક જંતુઓના ઇંજેકશન કે બીજી વિનાશક સામગ્રીના ભોગ ભાવિમાં કેમ ન બને ? તેની શંકા થાય છે. અહિંસક સંસ્કૃતિ મારફત વાસ્તવિક અહિંસાને ટેકો આપનારા રાજાઓ, ધર્મગુરૂઓ, આગેવાનો અને સંપત્તિ-શાલીઓને બસેડીને, ભૌતિકવાદની હિંસાને અહિંસારૂપ સ્વીકાર કરે તેવા ભારતીય લોકોને શિક્ષણ આપીને બસો વર્ષોમાં જે વર્ગ તૈયાર કરવામાં આવ્યો છે, તેના હાથમાં સત્તા સોંપી જવામાં પોતાના હેતુની સિદ્ધિ થતી હોવાથી, વિદેશી સત્તાધીશો ખસી ગયેલા હોય તેમ દેખાય છે.

આ સ્થિતિમાં સાચા અહિંસાવાદીઓ પોતાના પ્રયાસોમાં જરા પણ ફાવી શકતા નથી, કેમકે-આડે અહિંસા ને નામે હિંસાને ઉત્તેજન આપતા પોતાનાજ દેશબાંધવોની હરોલ ખડી થઇ ગઇ છે. અને કેટલેક અંશે આધ્યાત્મિકવાદી (અધ્યાત્મવાદી) ગણાતા લોકો, ભૌતિકવાદી અહિંસા કે જે વાસ્તવિક હિંસા છે, તેના ભોગ બનીને, તેનો પ્રચાર કરવામાં વિદેશીઓને મદદગાર થયા છે, અને વિદેશીઓએ તેમને પોતાના સ્વાર્થ ખાતર પૂરી પ્રતિષ્ઠા આપી છે, તેથી પ્રજામાં હિંસા તથા અહિંસાની વાસ્તવિકતા વિષે જે ગેરસમજુતિ ફેલાઈ છે તે દૂર કરવી ઘણી કઠીણ થઈ પડી છે.

આથી અનિજરૂરી છતાંયે થતી હિંસાને અટકા-વવાના માર્ગમાં એવાં વિઘ્નો તથા પોતાને ફાવે તેમ કરવાની સાનુકૂલ સગવડો ઉભાં કરી લેવાયાં છે કે, પ્રયાસો કારગત થતા નથી.

આખી ભારતીય આર્યપ્રજા અને તેના ધર્મગુરૂઓ વગેરે મુખ્ય આગેવાનો એકત્ર પ્રકારે કાંઇ પ્રયત્ન હાથ ધરે, પ્રજાની ગેરસમજુતી દૂર કરે, તોજ કાંઇક આશા રાખી શકાય, નહિંતર તો હજુ તો હિંસાની પ્રાથમિક શરૂઆત થઈ છે. ભાવિમાં તે કયાં જઇને અટકશે, તે કહેવાય નહીં. વચલા વખતમાં શિકારના પ્રોગ્રામો રખાતા હતા. અને જૈનોની અહિંસાને અવ્યવહારૂ ઠરાવવાના પ્રયત્નો થતા હતા. તે સઘળું હાલની સ્થિતિની પૂર્વ ભૂમિકાઓ હતી. કેટલાકની તો એવી કલ્પના છે કે-વૈજ્ઞાનિક માંસ અને દૂધ ઉત્પન્ન કરી લોકોને (પૂરાં) પાડી શકાય, તો ગાયો, ભેંસો વગેરે દૂધાળાં ઢોરોને પણ બચાવવાની જરૂર નથી, તથા યાંત્રિક ખેતી તથા વાહનવ્યવહાર વિશાળ પાયા ઉપર ફેલાવાથી બળદ, ઘોડા, ઉંટ વગેરેની પણ જરૂર રહેશે નહિ; એટલે પાળવા માટે શોખ ખાતર રાખવા પડે તે સિવાય કોઇપણ પશુ, કીડા, પક્ષીઓ વગેરેનો દુનિયામાં તમામ પ્રાણીગણનો સંહાર કરી માત્ર એકલા માનવોજ જગતમાં રહે, અને સ્વર્ગનું સુખ ભોગવે તેટલી હદ સુધી પહોંચવું જોઇએ અને તે દિશામાં યુરોપ અમેરિકા જઇ રહ્યા છે. (એ સ્વર્ગ કેવું હશે એની કલ્પના પણ

કંપાવનારી છે પણ એ સ્વર્ગ અપાવનાર તથાવિધ ધર્મ, એવી પ્રવૃત્તિમાં વસનારને નચાવશે, રાચ્યા માચ્યા રાખશે) છતાં કેટલાક પશુ પક્ષીઓને પાળવા માટે તેની ઓલાદ સુધારવાના પણ પ્રયત્નો ચાલે છે. અમેરિકાએ હાથીની ભેટ સ્વીકારી વગેરેમાં આ તત્ત્વ છે. આથી કરીને શ્રાવકની સાપરાધી જીવનની હિંસાના પ્રશ્નને કશો સંબંધ નથી. એ તુલના સંગતજ નથીઃ અસંગત છે.

જ. ૪. આ જવાબ પણ અમેજ આપીએ છીએ. પેટા પ્રશ્ન ત્રીજા તથા ચોથાના અમારા જવાબથી, પ્રથમના પ્રશ્નોના સરકારપક્ષીય ઉત્તરો પણ સમાલોચના તથા સમાધાન થઈ જાય છે. અને વાસ્તવિક વસ્તુનું નિદર્શન, જિજ્ઞાસુને થઇ જશે. ભારતના લોકોને અહિંસાના વિચારોનો જે વારસો મળ્યો હતો, અને તેના જે સંસ્કાર બુદ્ધિમાં બેઠા હતા, તેને બદલે તેની સામે પ્રથમ અહિંસાને વેગ આપનારી હીલચાલો આવી, પછી અહિંસાના પલટાતા અર્થો સામે આવી ખડા થયા, પછી હિંસાને અહિંસા તથા અહિંસાને હિંસા સૂચવનારાં વિધાનો હાજર થઈ ગયાં. એટલે કે ભારતની અહિંસક સંસ્કૃતિને બદલે, ત્યાં હિંસક સંસ્કૃતિજ અહિંસાના સ્વાંગમાં રજુ થઈ ગઇ ('અહિંસા' શબ્દના પડદા પાછળ ગોઠવાઈ ગઈ), અને તેના સચોટ અમલ માટે તેને લગતા કાનૂનો (કાયદાઓ) પણ થઈ ગયા. જો કે—શાળા કોલેજોમાં, ખેતીવાડી ખાતામાં, આરોગ્ય ખાતામાં ખાનગી રીતે વિચાર વાતાવરણ ચાલુ થઈ ગયું હતું. પારેવાડાના ખેતીના પ્રયોગ કર્તા પાસેથી જુવાનીમાં વિચારો સાંભળ્યા હતાજ તેવા કાયદા ભારતમાં પ્રથમથીજ કરવાના હતા. પરંતુ તથાપ્રકારની અનુકૂલતા (તેવું વાતાવરણ, તેવો અવસર) ન હોવાથી મુલ્તવી રખાયા હતા. તે કરવા ખાતર પ્રથમ ઉપરનું વાતાવરણ સર્જવાના પ્રયત્નો થયા અને તેવું વાતાવરણ વિસ્તરતાં તેના અવલંબન ઉપર કાયદા કાનૂનો કરાઈને અહિંસાને નામે હિંસા પ્રચારમાં શરૂ થઇ ગઈ છે. તેનો એક વ્યવસ્થિત ઇતિહાસ છે. તેના ઘડતરમાં ઘણા બનાવોને સ્થાને મળેલું છે. લંબાણ ભયથી તે અહીં આપવામાં આવતો નથી. અહિં જરા સમજવા જેવું છે કે—અહિંસક સંસ્કૃતિમાં અનિવાર્ય હિંસા પણ પરિણામે અહિંસાજ હોય છેઃ તેજ પ્રમાણે હિંસક સંસ્કૃતિમાં અખત્યાર કરાતી અહિંસા પણ પરિણામે હિંસાજ હોય છે, અને જો અખત્યાર કરતી અહિંસા પણ પરિણામે હિંસાજ હોય તો સાક્ષાત્ હિંસા તો તીવ્ર અહિંસાજ હોય, એમાં પૂછવું જ શું ? કેમકે-આજની અન્ય પ્રાણીઓની બેફામ હિંસા પરિણામે માનવ હિંસામાં પરિણમે, તો પછી તે તીવ્ર હિંસા કેમ ન કહેવાય ? ઓસ્ટ્રેલિયા વગેરે પ્રદેશોમાં ભૂતકાલમાં સંસ્થાનો સ્થાપવાની ભૂખથી એવા ભૂખાવલા માનવોએ ત્યાંના સ્થાનિક માનવોની હિંસા કરી છે. એજ પ્રમાણે ભારતને પણ સંસ્થાન બનાવવામાં આવ્યું છે અને પરિણામે અહિંસક સંસ્કૃતિ માનતી પ્રજામાં નબળાઇ વધતી જાય, તો તેવું વિષમ પરિણામ કદાચ આવે, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? આ જાતના વિચારપલટાથી પ્રજાના આદર્શો અને સરકારના તથા તેના પક્ષકારોના આદર્શો સામસામી દિશાની હોવાથી પ્રજાની વિચારશક્તિ મુંઝવાઈ ગઈ છે.

આ મુંઝવાડો-બુદ્ધિપૂર્વક વિચાર કરીને ભારતના ધર્મગુરુઓ જ્યાં સુધી પ્રજાજનોની સામે ન મૂકે, ત્યાં સુધી પ્રજાના માનસમાંથી ઉકલે (નીકળે) તેમ નથી. અને જ્યાં સુધી આ કોયડો ન ઉકલે, ત્યાં સુધી પ્રજા કાંઈ પણ બોલવાની હિંમત કરી શકે તેમ નથી. ધર્મગુરુઓ પ્રજામાં 'અહિંસા' શબ્દના નામે પ્રચલિત થઈ ગયેલા અને પ્રજાના મોટા ભાગમાં વર્તમાનપત્રો મારફત પ્રચલિત થઇ ગયેલા વિચારોને ફેરવવા માટેના પ્રયાસો હાથ ધરતાં પરિણામની સફળતા માટે શંકિત થઇને સંકોચાય છે.

(૫) જીવદયાનો અને અહિંસાનો પ્રચાર કરતી વર્તમાન સંસ્થાઓ તો સામાન્ય રીતે પ્રજામાં અહિંસક સંસ્કૃતિના આદર્શોને અનુસરીને પોતાનો પ્રચાર કરીને

પોતાની પ્રતિષ્ઠા જમાવે છે, અને પરિણામે હિંસક સંસ્કૃતિની મર્યાદામાં રહીને કામ કરવા બંધાયેલી હોવાથી, દેખીતી રીતે અહિંસાનો પ્રચાર કરવા છતાં, આડકતરી રીતે તેઓનાથી હિંસાનો પ્રચાર થાય છે, તેનો તેઓને ખ્યાલ રહેતો નથી, કેમકે-તે સંસ્થાઓ અહિંસાના પ્રચારના સચોટ અને મૌલિક ઉપાયો અને તેવા ઉપાયો લેવારા વર્ગને બાજુએ રાખીને, ભળતાજ-ખોટા જેવા-લુલા ઉપાયો લે છે. તેના પડદા પાછળ હિંસાના પ્રચારના સચોટ અને મૌલિક ઉપાયો, વિચારો અને કાયદા કાનુનો જે વેગમાં આવ્યે જાય છે, તેને રોકનાર કોઈ સચોટ બળ સામે આવવા પામતું નથી. એ સ્થિતિમાં એ સંસ્થાઓ ગેર (ગયર) સમજુતી ઉભી કરી પ્રજાને આડે માર્ગે દોરવવામાં નિમિત્તભૂત થાય છે. એટલે બહુજ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતાં આજની જીવદયા અને અહિંસાનો પ્રચાર કરનારી આજની સંસ્થાઓ પણ પરિણામે જીવ હિંસામાં પરિણમતી હોય, તેમ સમજી શકાય છે.

શુદ્ધ જીવદયાની સંસ્થાઓ-પાંજરાપોળો છે, તે પણ દુગ્ધાલયો તથા સારી ઓલાદના પશુ ઉછેર તેમજ ખેતી વગેરે મારફત સ્વાશ્રયી આર્થિક સહરતા પ્રાપ્ત કરવાની લાલચમાં પડી છે. અને તેવી જાતના શાંત સરકારી પ્રચારથી તે આડે રસ્તે જાય અને હવે કાયદાથી તેને તે પાછી સ્થિતિમાં મૂકવાની શરૂઆત થવા લાગી છે; એટલે તે એક વ્યાપારી છે, સંસ્થાના રૂપમાં ફરી જવાથી શુદ્ધ જીવદયાના હેતુના ચીલાથી ઉતરી પડતી જાય છે, અને વધુ ઉતરી પડવાની તૈયારીમાં છે. સૂક્ષ્મ અભ્યાસ કરીને બુદ્ધિ ભેદના આ ચક્રોમાંથી પ્રજાને ઉગારી સાચી વસ્તુ-સ્થિતિનો પ્રકાશ, ધર્મગુરુઓ કટિબદ્ધ થઈને ન પાડે, ત્યાં સુધી આ બાબતના સંગીન પ્રયાસો થવાની આશા બહુજ દુર્લભ છે, અને આ સ્થિતિમાં પ્રજા પણ દિગ્મૂઢ બની ગઈ છે, કે-"શું કરવું ?" ભારતની પ્રજાને હિંસા પ્રિય નથી. ગમે તેવી સ્વાર્થી વૃત્તિમાં પણ ભારતની પ્રજા હિંસાને પસંદ કરતી નથી.

છતાં ખૂબી તો એ છે, કે-બસો વર્ષોમાં એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે-હિંસાને ઉત્તેજન મળે, તેવી અરજીઓ પણ સરકારને મળે, તેવી ગોઠવણો જોવામાં આવે છે. ગાયને પવિત્ર માનનારા હિંદુ ખેડુતો પણ પોતાની ખેતીના બચાવ માટે, તેની વિરૂદ્ધ કે તેના પાલક રબારી કે ભરવાડો વિરૂદ્ધ હિલચાલો કરે, કે રક્ષણો માંગે (છે). આથી 'તેઓની વૃત્તિ હિંસક થઇ છે,' એમ માનવાને કારણ નથી. પરંતુ તેમની સામે બસો વર્ષની યોજના પૂર્વકની ગોઠવણોથી પરિસ્થિતિ તેની ગોઠવાયેલી છે કડા દંડની પદ્ધતિ આ પરિણામ જમાવવામાં એક કારણભૂત બનશે, એવી કલ્પના એ વખતે કોણ કરી શકે ? આ દરેક તત્ત્વોનો વાસ્તવિક રફેટ ધર્મગુરૂઓ તરફથી ન થાય, તેનો પ્રચાર મોટા પાયા ઉપર ન થાય તથા રાજ્યદ્વારી પુરૂષો સુધી અસર ન પહોંચે, અને તેઓને સત્ય ન સમજાય, ત્યાંસુધી કશું અસરકારક પરિણામ ન આવે એ સ્વાભાવિક છે, કેમકે-સામાન્ય પ્રજાજનોનો અવાજ ન પહોંચે એ સ્વાભાવિક છે, માટે, જગતમાં સાચી અહિંસાની રક્ષા માટે પણ ધર્મગુરૂઓએ તાબડતોબ એકત્ર મળીને ઉચિત વિચારણા ચલાવવી જોઇએ. અને એક મતે પ્રજાને માર્ગદર્શન કરાવવું જોઈએ. આવા મહત્વના પ્રશ્નની અપેક્ષાએ બીજા નાના મોટા પ્રશ્નોને ગમે તેટલું મહત્વનું સ્થાન હોય, પરંતું ગૌણસ્થાન છે, તેથી હવે મુખ્ય બાબતો માટે શક્તિ કેન્દ્રિત કરવાની તક આવી પહોંચી છે. વચલા કાળમાં ગુંચવાઈ ગયેલી અહિંસા-હિંસાની સમજના સ્પષ્ટીકરણની પૂરી જરૂર ઉભી થઈ છે. કેટલાક તો-કેટલાક નજીવા ઉપલક્ષણોથી અહિંસા વધ્યાની વાતો કરે છે. પરંતુ તેઓ પૂર્વાપરની તુલના કરી શકતા નથી...હિંસાનુ લેવલ વધ્યું છે. અહિંસાનું લેવલ નીચુ આવ્યું છે. અહિંસા વધ્યાનું કોઇ પણ લક્ષણ દેખાતું નથી. અહિંસાથી સ્વરાજ્ય મળ્યું, એ એક જાહેર થયેલી બીના તરીકે બરાબર છે. પરંતુ તેને કસોટીએ ચડાવી જોતાં એક પણ ટચ હાથ લાગતો નથી. ઉલટમાં વધુ હિંસા અને વધુ ગુલામી પરિણામે સરવાળે તરી આવે છે. માટે હજુ સ્પષ્ટ કરવાની તક છે. તે તક હાથમાંથી ગયા પછી હાથ ઘસવાના છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ,—લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ,

શ્રાવક-શ્રાવિકાની ભરચક મેદનીમાં બે કલાક ઉપરાંત યશોગાન ગવાયાં હતાં. આ પ્રસંગેશ્રી દર્શનવિજય ત્રિપુટી, શ્રી ન્યાયવિજયજી ત્રિપુટી, પં. શ્રી ચંદ્રવિજયજી, પંડિત મફતલાલ અને મૂળચંદ આશારામ વૈરાટીએ ખૂબ ખૂબ સારા શબ્દોમાં અસરકાર યશોગાન ગાઇને ચતુર્વિધ સંઘના દીલને આકર્ષી લીધા હતા.

અમદાવાદ મુકામે—પ. નગરશેઠના વડે શેઠ માણેકલાલ મનસુખભાઈ ભગુભાઈના પ્રમુખપણા નીચે જૈનોની જાહેર શોક સભા મળી હતી. તે અવસરે રતિલાલ દીપચંદ દેશાઇએ સ્વર્ગસ્થ આગમોદ્ધારક જીવનનો યથાયોગ્ય સાક્ષાત્કાર કરાવ્યો હતો, અને શ્રવણ કરતાં દરેકની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસ્યો હતો.

ઉપર મુજબ અમદાવાદ મુકામે થયેલ મહોત્સવાદિના સમાચાર વિગતવાર સંદેશ અને જૈન પેપરોમાં આવેલા છે. જિજ્ઞાસુઓને વાંચવા ભલામણ છે

વિશેષમાં પૂ. શ્રી આગમોદ્ધારકના સ્વર્ગવાસ નિમિત્તે ઉજ્જૈન, ઇન્દોર, છાણી, મેસાણા, કપડવંજ, રતલામ મુકામે હજારો રૂપીઆના ખર્ચે અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાયા છે, અને વેજલપુર-ગોધરા વિગેરે ગામોમાં હજુ ઉજવાશે.

પૂ. શ્રી આચાર્યશ્રીજી અને પૂ. શ્રી પંન્યાસપ્રવરશ્રીજીના સુરતથી વિહાર.

સુરત મુકામે ચાલુ વર્ષના જેઠ સુદ પૂર્ણિમાએ અષ્ટાન્હિકા મહોત્સવ પૂર્વક અષ્ટોત્તરી સ્નાત્ર, અને શ્રી સિદ્ધગિરિની રચના કરવામાં આવી હતી, અને જેઠ સુદ ૧૫ ના દિવસે અષ્ટોતરીની સમાપ્તિ સાથે બે વર્ષ ઉપરાંત પૂ. ગુરૂદેવની ભક્તિ કરીને **પૂ. શ્રી માણિક્યસાગરજી સૂરિવર્યજી તથા પૂ. શ્રી પં. શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર** પોત પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર સાથે વિહાર કરીને કતારગામ પધાર્યા હતા. જંબુસર મુકામે એક ભાઈની દીક્ષા નજીકમાં હોવાથી **પૂ. શ્રી માણિક્યસાગરજી** આદિ શિષ્ય પરિવારે વિહાર કર્યો હતો, અને હરીપુરાવાલા ચંદુલાલ તથા ઠાકોરભાઇ જરીવાલાના અતિ આગ્રહથી કતારગામ મુકામે **પૂ. પં. શ્રીચન્દ્રસાગજી મહારાજ** આદિ શિષ્ય પરિવારે સ્થિરતા કરી હતી. અને બીજા દિવસે આંગીપૂજા-ભાવના સાધર્મિક ભક્તિ બન્ને ભાઈએ સારા પ્રમાણમાં કરી હતી. રસ્તાના વિહારમાં અનુક્રમે પાનોલી અને કીમ મુકામે વન્દનાર્થે શ્રાદ્ધગુણ સંપન્ન શ્રાવક ચીમનલાલ સવાઈચંદ તથા સુશ્રાવક હીરાભાઈ નગીનદાસ જરીવાળા પોત પોતાના કુટુંબ પરિવાર સાથે આવ્યા હતા. તે અવસરે પાનોલી મુકામે ડભોઇ સંઘના આગેવાનો અને કીમ મુકામે પાલીતાણા નિવાસી કુંવરજી જીવણજી વોરા કુટુંબ સાથે વન્દનાર્થે અને પોતાના ગામ પધારવાની વિનંતિ કરવા માટે આવ્યા હતા. ભરૂચ-વેજલપુર પૂ પંન્યાસજી શિષ્ય પ્રશિષ્યાદિ સાથે પધારતાં શાસન પ્રભાવના વધે તેવી રીતે બંન્ને રથળના સંઘે પ્રવેશ કરાવ્યો હતો, અને વ્યાખ્યાનાદિ શ્રવણનો લાભ બંન્ને રથળે સારા પ્રમાણમાં લેવાયો હતો. વેજલપુર (ભરૂચ) મુકામે અઢાર દિવસની સ્થિરતા થવાથી અને વ્યાખ્યાન વાણી શ્રવણ કરવાથી સકળ સંઘે મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કર્યું છે. ૮૫ પંચાશી હજાર રૂપીઆનો ખર્ચ તે મંદિરની પાછળ થશે માટે સકળ સંઘે આ જીર્ણોદ્ધાર પ્રત્યે પોતાનો ઉદાર હાથ લંબાવવો જોઈએ. વેજલપુર-ભરૂચ મુકામે **પૂ. પંન્યાસજીના** વન્દનાર્થે આવેલ સાધ્વીશ્રી ચતુરશ્રીજી, સુજ્ઞાનશ્રીજી આદિ ઠાણાં ચારને સકળ સંઘે ચાતુર્માસની વિનંતિ કરીને વેજલપુર-ભરૂચ મુકામે સ્થિરતા કરાવી છે. વેજલપુરથી વિહાર કરીને અનુક્રમે પાલેજ, મીયાંગામ, કરજણ, ડભોઇ વિગેરે ગામના સંઘોએ શાસનપ્રભાવના વધે તે રીતિએ પ્રવેશ કરાવીને વ્યાખ્યાનાદિ લાભ સારા પ્રમાણમાં લાભ લીધો છે. ડભોઇ મુકામેથી વિહાર કરીને શાસનપ્રભાવના વધે તે રીતિએ વડોદરાના શ્રીસંઘે પૂ. પન્યાસપ્રવરજી ચન્દ્રસાગરજી આદિ ઠાણાં આઠનો પ્રવેશ કરાવ્યો છે. અધિક અશાડ વદ ૯ ને શનિવારે પ્રવેશ થયો ત્યારથી વ્યાખ્યાન ચાલુ છે. વ્યાખ્યાનમાં શ્રાવક-શ્રાવિકા સારા પ્રમાણમાં લાભ લે છે. અત્ર પૂ. પં. શ્રી હેમસાગરજી આદિ ઠાણાં ગણ ડભોઇ ચાતુર્માસ જવા માટે રોકાયા છે તેઓ એક બે દિવસમાં વિહાર કરીને ડભોઇ ચાતુર્માસ કરશે.

પત્રવ્યવહાર કરનારે નીચેના સરનામે કરવો—

પૂ. પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર

ઠે. જાની શેરીમાં શ્રાવકનો ઉપાશ્રય, ઘડીયાળી પોળ.

મુ. વડોદરા B. B. C. I. Rly.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૬-અંક-૧૧ મો. શ્રાવણ-માસ. તા. ૧૭-૮-૫૦.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

પુરવઠો પુરનારાને.

આલેખનકાર:—**પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજજી.**

રણ-સંગ્રામના મોખરા ઉપર લઢતાં લશ્કરોને ખાવાની, પીવાની, પહેરવાની, ઓઢવાની; અને સંગ્રામ-ઉપયોગિ ચીજોને રાજ્ય સત્તાધીશો પોતાના દેશદ્વારાએ સત્તાના જોરે, અગર નવા નવા વટહુકમો કાઢીને પુરી પાડે છે. એટલુંજ નહિં પણ સંગ્રામ પર મરતાં લશ્કરની જગાએ નવ-નવીન માણસોને તાલીમ આપીને લશ્કરમાં ભરતી કરવાની જવાબદારી અને જોખમદારી પણ સમગ્ર દેશની છે; એ બીનાઓને ઈ સ. ૧૯૦૫, ઇ. સ ૧૯૧૪; અને ઇ. સ. ૧૯૩૯ ના વર્તમાન યુદ્ધે સાબીત કરી આપી છે; તેવીજ રીતે આસન્નોપકારિ શ્રી મહાવીર મહારાજાએ શાસન સ્થાપનાના અવસરે બે વિભાગમાં ચતુર્વિધ સંઘને સ્થાપિત કર્યો છે, તે ભુલવા જેવું નથી. શ્રમણ ભગવંતોનો પ્રથમ વિભાગ કર્મ-સંગ્રામ ખેલનારા સૈનિકોનો છે. તેમાં બે પ્રકારનો શ્રીસંઘ અને શ્રમણ-શ્રમણીઓનો સમુદાય છે તથા બીજા વિભાગમાં સંગ્રામમાં લઢતાં સઘળા સૈનિકોને પુરવઠો પુરનારા શ્રમણોપાસકોનો અને શ્રમણોપાસિકાનો સમુદાય છે. કર્મ રાજા સાથે એકવીસ હજાર વર્ષની એટલે લગભગ સાડી અઢાર વર્ષની લડાઇ લડવા માટે સંગ્રામમાં ઉતરેલા સૈનિકો માટે **પુરવઠો પુરવાની સઘળી એ જવાબદારી, અને જોખમદારી શ્રમણોપાસક-વર્ગનીજ છે; એ સ્મૃતિ પટ પર સર્વદા યાદ રાખવું જરૂરીનું છે.**

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

સ્વર્ગસ્થ-આગમોદ્ધારક સંબંધિ—

પ્રાતઃ સ્મરણીય-પૂજ્યપાદ-સ્વર્ગસ્થ-આગમોદ્ધારક-અંકને પ્રગટ થયા પછી ઠરક દેશમાંથી, અને સંસ્થાઓમાંથી તેની માંગણી અને સબળી હકીકત એક જગાએ સંકલિત કરવાથી ખૂબ ખૂબ લાગણી દર્શક પત્રો આવ્યા છે; તેની હાર્દિક નોંધ પૂર્વે લીધેલી છે. પરંતુ જે કાંઈ લેવું રહી ગયેલ છે, તેની સૂચનાઓના જે જે પત્રો આવ્યા છે, તેની નોંધ અહીં લેવાય છે.

લી. તંત્રો.

કપડવંજ જેઠ શુદી ૧૧.

વિજયકમુદસૂરિ આદિ,

શ્રી સુરત વિનયાદિગુણગણાલંકૃત પંન્યાસ શ્રી ચંદ્રસાગરજી આદિ યોગ્ય અનુવંદણા-વંદણા, અત્રેના મહેતલાલભાઈ સાથે આનંદ-ચન્દ્ર સુધા સિન્ધુ બુક મોકલી તે પહોંચી. તથા સિદ્ધચક્ર-અંક પણ પહોંચ્યો. તપાસતાં તેમાં સંકલિત પ્રસિદ્ધ કાર્યમાં તથા બીજે ઠેકાણે હકીકત રહી ગઈ હોય, અથવા ફેરફારવાળી હોય તે આ નીચે જણાવું છું.

અંક ૮-૯

૧૫૯ શિષ્ય પ્રશિષ્ય નામાવલીમાં

૧ સાલ ૧૯૫૮ જોઇએ જે ૧૯૫૭ લખાણી છે.

૧૬૦—૭૫) વિબુધસાગરજી 卐 આ ચિહ્ન નથી.

૮૦ હિમાંશુસાગરજી 卐 આ ચિહ્ન નથી.

કેટલાક નામો રહી જતા હોય તેની ફેર તપાસણી કરવી.

પૃ. ૧૬૧ ધર્મહિતવર્ધક-સંસ્થાઓ

ત્યાં પ્રથમજ દાખલ કરવું-સં. ૧૯૬૧ થી મીઠાભાઈ કલ્યાણની પેઢી કપડવંજ ધાર્મિક ખાતાની વ્યવસ્થા માટે છાપી.

પૃષ્ટ ૧૬૨—ટુંક રૂપરેખા. વિક્રમ સં. ૧૯૭૧ મહા શુદી ૧૦ મે આગમોદય સમિતિની સ્થાપના.

૧ ૧૯૭૧માં પાટણમાં પ્રથમ વાચના ચોમાસા કાલમાં.

૨ ૧૯૭૨માં શેષકાલમાં કપડવંજ વાચના.

૩ અમદાવાદમાં. ૪ સુરત શેષકાલ.

૫ સુરત ચોમાસાકાલ. ૬ પાલીતાણા ચોમાસાકાલ.

૭ રતલામ ચોમાસાકાલ.

આ પ્રમાણે વાચના ૭) ૧૯૭૭નું ચોમાસુ પાટણમાં સાથે હતું તે વખતે વાચના કરવાનો વિચાર નક્કી થયો; અને ચોમાસા બાદ ભિલડીઆનો સંઘ પૂ. પં. શ્રીના ઉપદેશથી નીકળ્યો. માગશર વદી ૧૦ ભિલડીયા ઉજવી ડીસા થઈ ભોંયણી જવાનું થયું. ત્યાં મહા શુદી ૧૦ મે સમિતિની સ્થાપના કરી, અને શેઠ વેણીચંદ સુરચંદની સહાનુભૂતિથી પ્રથમ વાચના પાટણ રખાઈ, અને આગમો છાપવાને માટે વેણીચંદભાઈએ સદ્ગ્રહસ્થો પાસેથી રકમો નક્કી કરી. પાટણમાં બે વાચના થઈ નથી, પણ એકજ થઈ છે. આ હીસાબે નવને બદલે સાત વાચનાઓ થઇ એમ સ્મરણ છે.

પૃષ્ટ ૧૬૩-ચૌમાસાની નોંધ, પૃષ્ટ ૧૬૪-મહત્વના કાર્યોની નોંધ.

૧૭-૧૯૬૩ સુરત ચૌમાસુ હોવું જોઇએ. અમદાવાદ નહિ. દે. લા. ફંડની સ્થાપના ૧૯૬૩ ની હોવી જોઇએ તે તપાસ કરવી.

પૃ. ૧૬૪ કલોલ ગામે સ્થાનકવાસી સાથે થયેલ શાસ્ત્રાર્થ સં. ૧૯૬૪ માં થયેલ છે, જે તમોએ ૧૯૫૪માં લખી દીધો છે.

૧૯૫૬-૫૭-૫૮ અમદાવાદના આ ત્રણ ચૌમાસામાં ૧૯૫૮માં પૃથ્વી સ્થિર છે, સૂર્ય ફરતો છે તે ભુગોળ બાબતના લેખો તત્ત્વ વિવેચક માસિકમાં તેના મેમ્બર પાસે પ્રગટ કરાવ્યા. પૃથ્વીનો ગોળો મંગાવી એક મેમ્બર એલ. એલ. બી. સાથે અંગ્રેજોની માન્યતા ખોટી છે તે બાબતના તેમના પોઈન્ટ સમજી તે પોઇન્ટો ખોટા છે. તે બાબતના લેખો તૈયાર કર્યા અને તેમાંના કેટલાક લેખો તત્ત્વ વિવેચકમાં પ્રસિદ્ધ કરાવ્યા આ કાર્ય પ્રસિદ્ધ કર્યું નથી, તે પ્રસિદ્ધ કરવું.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો.]

પૂ. શ્રી આગમોદ્ધારકની અમોઘ-દેશના.

૨૪. બારે ભાવનાના પરમાર્થથી ભાવિત થાઓ.

૨૫. બિલાડો એવો કે બાર યોજનમાં ઉંદર ન આવે, તો પછી બિલાડાનો કાન ઉંદરે કાપ્યો શી રીતે ?

૨૬. જે મરણથી તીર્થંકરો અને ગણધરો બચી શકયા નથી, તો પછી આપણે તેઓશ્રીના વચનથી કેવી રીતે મોતના પંજામાંથી બચી શકશું.

૨૭. જિનેશ્વરોના વચનો મરણથી સીધો બચાવ કરતા નથી, પરંતુ જન્મને બંધ કરવા દ્વારાએ મરણને રોકે છે.

૨૮. જન્મ થાય એવા કર્મ બંધાય નહીં, એટલે જન્મ થાય તેવાં કર્મ બંધનના કારણો તોડવામાં જિનેશ્વરોનાં વચનો મદદગાર બને છે.

૨૯. શાસ્ત્રકારોએ ઘડપણનું અને મરણનું દુઃખ જણાવતાં પહેલાં જન્મનું દુઃખ જણાવ્યું છે તે સમજતાં શીખો.

૩૦. "पुक्खरवरदीवड्ढे" એ સૂત્રમાં 'जाइजरा मरण सोग' ઇત્યાદિ દુઃખોનો નાશ કરવામાં પણ પ્રથમ જન્મનું દુઃખ જણાવ્યું છે.

૩૧. ચાર અઘાતી કર્મોને ખપાવ્યા પછી સિદ્ધ થનારા તીર્થંકરો માટે પણ 'छिन्नजाइजरामरण' એ વિશેષણનું જોડાણ કારણ પુરસ્સરનું છે.

૩૨. "કારણના અભાવમાં કાર્યનો અભાવ થાય છે." એ હિસાબે જન્મનું કારણ ગયે છતે, મરણ રૂપ કાર્ય થતું જ નથી.

૩૩. જૈન શાસનમાં મરણનો ભય ટાળનારે પ્રથમ જન્મના કારણોને રોકવાં જ પડશે.

૩૪. જન્મના કારણોને રોકતાં પહેલાં "જન્મ થાય છે." એને અકાળ માનતાં શીખો.

૩૫. મરણને અંગે ચોરીસ કલાકની ગભરામણ છે, અને જન્મની ગભરામણ તો નહીં પણ જન્મના વધામણાં, મહોત્સવ અને વર્ષગાંઠ ઉજવો છો.

૩૬. મરણના દુઃખનો અનુભવ આપણને સાક્ષાત્ થતો નથી, બીજો મરનાર જે મરણની વેદના ભોગવે છે, તે આપણા લક્ષ્યમાં આવતી નથી; છતાં મરણની ગભરામણ ચાલુ છે, તેનું કારણ શું ?

૩૭. મિથ્યાદૃષ્ટિની અને સમ્યગ્દૃષ્ટિની માન્યતામાં ફરક છે.

૩૮. સમ્યગ્દૃષ્ટિ જીવોની આરાધના મોક્ષને અનુસરીને હોય છે.

૩૯. "तमेव सच्चं निःशंकं" ઇત્યાદિ-પદોનો પરમાર્થ.

૪૦. સમ્યકત્વના દ્રઢીભૂત સંસ્કારો વગર-મહેનતે વિરતિને લાવે છે.

૪૧. પહેલાં ભવની આદતોને લીધે વિરતિ નહિં લેનારાઓ સમ્યકત્વ પામે છે, પરંતુ અનંતર મનુષ્યના ભવમાં તે સમ્યકત્વીઓને કાંતો વિરતિ લો અગર સમ્યકત્વમાંથી રાજીનામું આપો એ નિયમ સ્વીકારવો પડે છે.

૪૨. હળુકર્મિ જીવોજ સાચી શ્રદ્ધા પામી શકે છે.

૪૩. નદીઘોળ પાષાણ ન્યાયે જીવની દશાને વિચારો.

૪૪. ભવ્યત્વની પરિપાકસ્થિતિ થયા વગર સમ્યકત્વ પામવું સેંકડો કોષ દૂર છે.

૪૫. આ દુઃષમ-કાળમાં સમ્યકત્વ પામવું એજ મહાન કાર્ય છે.

૪૬. જિનેશ્વરો, ગણધરો, અને પૂર્વધરોના વિરહ કાળમાં સમ્યકત્વ પામવું, અને પામેલ સમ્યકત્વને ટકાવવું એ એક અપેક્ષાએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેટલો હર્ષ મનાવવા જેવું છે.

૪૭. કલિકાલ-સર્વજ્ઞની હિત-શિક્ષાઓને ધ્યાનમાં લેતાં શીખો "આ જડવાદના જમાનામાં વીતરાગના વચનો પર શ્રદ્ધા આવી જાય, તેઓશ્રીના કથનાનુસાર કરણી આવી જાય, અને સમ્યકત્વ પામી જવાય; અગર પામેલ સમ્યકત્વ ટકી જાય, તો કેવળજ્ઞાન પામ્યા બરોબર છે; એટલે હવે કેવળજ્ઞાન પામવાના નજીકમાં વધામણા છે."

૪૮. બાલમરણનો, અને પંડિત-મરણનો વાસ્તવિક ભેદ સમજો.

૪૯. પંડિત મરણે મરનારો કર્મનેજ શત્રુ માનનારો હોય એ ધ્યાનમાં રાખો.

૫૦. "આ મનુષ્યે મહારૂં બગાડયું છે." આવાં આવાં વાકયોને બોલનારાઓ નરી અજ્ઞાનદશાનું પ્રદર્શન કરાવે છે.

૫૧. નુકશાન કરનારને કે નફો કરનારને નિમિત્ત માનો, પણ વાસ્તવિક કરનાર કર્મ એ જુદી ચીજ છે તે સમજતાં શીખો.

૫૨. જન્મ એ બાંધેલા કર્મનું ફળ છે.

૫૩. 'ગર્ભથી ડરવું અને મરણથી ડરવું" એ બંનેને ગુણ તરીકે કહ્યાજ નથી.

૫૪. "જન્મથી જે બચ્યા તો મરણના ભયથી બચેલા છીએ," એ માટે જન્મના ભયથી ભયભીત થવાની જાહેરાત કરો.

છ ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ.

બાર ભાવનામાં આ અનિત્ય ભાવનાને પ્રથમ ભાવના તરીકે જણાવેલ છે, અને તે પછી બીજી અશરણ ભાવના તે આવી રીતે જાણવી કે-"આ જગતમાં કોઈ કોઇનું શરણ નથી, સર્વ સ્વાર્થીયા છે, અને મરણ આવ્યે તેમાંથી રક્ષણ કરવા કોઈ સમર્થ નથી. પોતાની સામે બેસી મા બાપ સ્ત્રી કુટુંબ ટગર ટગર ભલે જોઇ રહે છે, પણ તે મરણની વેદનાથી બચાવવાને કોઈ પણ સમર્થ નથી. તેવે ટાઇમે આ જીવને એક જીનેશ્વર ભગવાનની વાણીનુંજ શરણ છે એવું જે ભાવવું તે બીજી આ અશરણ ભાવના જાણવી. ત્રીજી સંસાર ભાવના તે આવી રીતે જાણવી કે આ સંસાર બહુ વિચિત્ર છે, આ જીવે દરેકની સાથે અનંતી વખત સંબંધ કર્યા. ચૌદરાજ લોકમાં એક પણ એવું સ્થાન નથી કે જ્યાં આ જીવ ન જઈ આવ્યો હોય. માતા તે સ્ત્રી થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય, સ્ત્રી તે માતા થાય. આવાં આવાં અનેકવિધ સંબંધોએ કરીને આ સંસાર વિચિત્ર અને છે, અસાર છે, તેવું જે ભાવવું તે ત્રીજી સંસાર ભાવના જાણવી. ચોથી એકત્વ ભાવના તે આ પ્રમાણે કહી છે. આ જીવ એકલોજ છે, એકલોજ આવ્યો છે, એકલોજ જવાનો છે; અને તેની સાથે કોઈ પણ જવાનું નથી. માત્ર તેણે કરેલાં પુન્ય પાપનોજ તે ભાગી છે. અને સાથે તેજ પુણ્ય પાપ લઈ જનાર છે; સંસારના સંબધો એક પણ તેની સાથે આવવાના નથી અંતે પુદ્ગળ એટલે શરીર પણ આત્માથી ભિન્ન છે એવી વિચારણામાં આવી આત્મ સ્વરૂપનું ચિંતવન કરવું તે એકત્વ ભાવના ચોથી જાણવી. પાંચમી અન્યત્વ—ભાવનાનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. જીવ અને શરીર બન્ને જુદા જુદા છે. જીવ ચેતન સ્વરૂપી છે, અને પુદ્ગલ જડ સ્વભાવવાળું છે; એમ બન્નેનું અન્યપણું એટલે જુદાપણું પુરે પુરૂ વિચારી અનાદિથી જડ વાસનામાં જે આત્મા ઘેરાયેલો છે, તેમાંથી આત્માને ખસેડી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે આત્માને

જે વાળવો તે અન્યત્વ ભાવના પાંચમી જાણવી. છઠ્ઠી અશુચિ ભાવના તે આ પ્રમાણે જાણવી. આ શરીર તદ્દન અશુચિમય છે, તે શરીરને નાહી ધોઇ ગમે તેટલું પવિત્ર બનાવવામાં આવે, અગર માનવામાં આવે તો પણ તે અશુચિમયજ અંતે રહે છે. પુરૂષોના નવ દ્વાર જેવાં કે બે ચક્ષુ, બે નસકોરાં, એક મુખ, બે કાન, પુરૂષ ચિન્હ; અને પુંઠ (ગુદાનો ભાગ) એ નવ તેમાંથી હંમેશાં અશુચિ વહ્યાજ કરે છે. તેમજ સ્ત્રીઓના બાર દ્વાર જેવાં કે બે આંખ, બે નસકોરાં, એક મુખ, બે સ્તન, બે કાન, સ્ત્રી ચિન્હ બે, તથા પુંઠ એ બારે-દ્વારોથી હંમેશાં અશુચિ વહ્યાજ કરે છે. ગમે તેવી પવિત્ર ચીજ કે સારામાં સારી ચીજ આ પુદ્ગલને (શરીરને) ખવડાવી હોય, કે ગમે તેવું સુગંધમય ગંગાજળ જેવું નિર્મળ પાણીનું આ પુદ્ગલને પાન કરાવ્યું હોય; તેની પણ અશુચિજ થાય છે. ખાધેલ ખોરાકનો અને પીધેલ પાણીનો અનુક્રમે ઝાડો પેસાબ બને છે, માટે તેમાં કાંઇ પવિત્ર નથી એવું જે ભાવવું તે અશુચિભાવના છઠ્ઠી જાણવી.

આશ્રવાદિ ભાવનાનો પરમાર્થ.

સાતમી આશ્રવભાવના તેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું-કે-ઇંદ્રિયો, કષાયો, અવ્રતો; અને યોગો એ પાપ ક્રિયા રૂપ આશ્રવોને આવવાનાં સાધનો છે, તે વડે આત્મામાં કર્મનું આવવું એટલે આશ્રવ થાય છે. જેમ ગરનાલે કરી તળાવમાં પાણીનું આવવું થાય છે, તેમ આત્મામાં કર્મ આવવાનાં આ આશ્રવો છે; તે વિચારીને તેને એટલે આવતાં કર્મ રૂપ આશ્રવોને દૂર કરવા આત્માને સમજાવવો તે સાતમી આશ્રવ ભાવના જાણવી. આઠમી સંવર ભાવના તે આનું નામ છે. સમિતિ-ગુપ્તિ વડે કરીને આત્મામાં આવતાં કર્મ રોકાય છે. કર્મ રોકવાનું આત્માને સમજાવીને સમિતિ-ગુપ્તિમાં આત્મામાં જે સ્થિર કરવો તેનું નામ સંવર ભાવના જાણવી. નવમી નિર્જરા ભાવના તે આવી રીતે ભાવવી કે બાર પ્રકારના તપ વડે કરીને બાંધેલા કર્મનું અંશે અંશે ક્ષય થવું જે થાય છે તેજ નિર્જરા છે. જીનેશ્વર ભગવાનો તેજ ભવમાં પોતાને મોક્ષ મળવાનો છે, તેવું જાણતા હતા, છતાં કર્મ ખપાવવાને માટે શાસન માન્ય બાહ્ય તપ કરતા હતા. દુનિયાને પણ તેથી જણાવ્યું કે તપ જે છે તે ક્ષમા પૂર્વક હોય તો નિકાચિતમાં નિકાચિત એવાં પણ કર્મને તોડી નાંખે છે. ઉપર જણાવેલ નિર્જરા સંબંધના વિચારો આત્મામાં વિચારીને ઇચ્છાના નિરોધ રૂપ તપ કરવામાં આત્માને જોડવો તે નિર્જરા ભાવના નવમી જાણવી. દશમી લોક સ્વભાવ ભાવના તે આ પ્રમાણે કહેલી છે કે કેડ ઉપર બે હાથ લગાવીને પગ પહોળા કરીને રહેલ મનુષ્યને આકારે ચૌદ રાજ લોકનું સ્વરૂપ રહેલું છે તેમાં ગળાના સ્થાને નવ ગ્રૈવેયક છે, મોઢાના સ્થાને પાંચ અનુત્તર વિમાનો રહ્યા છે. મસ્તકની શિખાએ સિદ્ધ શિલા રહેલી છે, નાભિના સ્થાને મેરૂ પર્વત છે, મૃત્યુ લોક છે; તથા પગને સ્થાને નારકીનું સ્વરૂપ રહેલું છે, એમાં એક પણ સ્થળ એવું નથી કે જ્યાં આ જીવ ન જન્મ આવ્યો હોય તેમ વિચારવું; તે લોક-સ્વભાવ ભાવના દશમી છે. અગીઆરમી બોધિદુર્લભ ભાવના તે આ પ્રમાણે ભાવવી કે આ જીવને આ સંસારમાં બોધિ એટલે સમ્યકત્વ પામવું બહુજ દુર્લભ છે મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તી આ જીવે કર્યા પણ સંસારથી તર્યો નહિ, તેનું કારણ સમ્યકત્વ પૂર્વકની તે તે ક્રિયાઓ શુદ્ધ થઇ નહિ. દેવ ગુરૂ ને ધર્મના ઉપર શુદ્ધ શ્રદ્ધાન રૂપ સમ્યકત્વ તે મહા મુશ્કેલીએ આ જીવને પ્રાપ્ત થાય છે, તે મળ્યા પછીજ સર્વ ધર્મ કરણીઓ લેખે લાગે છે; અને ભવની ગણતરી પણ થાય તે ત્યાંથીજ થાય છે. તીર્થંકર ભગવાનના જે જે ભવો વર્ણવવામાં આવ્યા છે, તે બધા સમ્યકત્વ પામ્યા પછીના જાણવા. આ વિચારણાને વિચારીને સમ્યકત્વ પ્રાપ્ત કરવામાં આત્માને જોડવો, તે બોધિ દુર્લભ ભાવના અગીઆરમી જાણવી. તે પછી બારમી ધર્મ ભાવના છે, તેનું સ્વરૂપ આ

પ્રમાણે કહેલું છે. શ્રીજીનેશ્વર ભાષિત જે ધર્મ રત્ન તેની પ્રાપ્તિ મહા પુન્યનો ઉદય હોય તોજ મળે છે, તે સિવાય વીતરાગ ધર્મની પ્રાપ્તિ થતી નથી; માટે તે ધર્મજ હું પામું. ભવોભવને વિષે મને તે જૈન ધર્મનીજ પ્રાપ્તિ થાઓ. તે ધર્મ વિના હું ચક્રવર્તીપણું પણ સારૂં ન ગણું, અને તે ધર્મ સહિત દરિદ્રપણું–રંકપણું પણ સારૂં ગણું, એવું જે ભાવવું તે બારમી ધર્મ ભાવના.

જન્મ થયા વગર મરણ નથી.

આ બાર ભાવનામાંથી જો મરણને વખતે કોઈનું શરણ નથી, તો બીજી અશરણ ભાવના નકામી જાય છે તેમ વાદીનું કહેવું છે. કારણકે પૂ. તીર્થંકર અને પૂ. ગણધર જેવાઓ પણ મરણથી બચ્યાં નથી તો તેમના વચનથી અમે બચીશું તે માનવું શી રીતે ?, જો તે માનીએ તો પુરાણની વાત માનવી પડે. પુરાણોમાં એવી એવી વાતો છે કે એક બિલાડાને વેચવા આવ્યો, અને તેની કિંમત તેણે ઘણી માંગી. જે બિલાડાની ગંધમાં બાર યોજન સુધી ઉંદર ન આવે, પરંતુ તે બિલાડાનો કાન ઉંદર કરડી ગયો છે, એ વાતની ખબર પડતાં પુછવામાં આવ્યું કે જેનો કાન ઉંદર કરડી જાય તો બાર યોજનની વાત શી રીતે માનવી ?, તેવી રીતે જીનેશ્વરો મનુષ્યો પોતે મરણથી બચ્યા નહિં, તો અમને તેઓ અગર તેમના વચનો મરણથી બચાવનાર થશે તે શી રીતે માનવું ? શાસ્ત્રકાર વાદીને કહે છે કે—આ વાત તારી ખરી છે, પણ જીનેજનમાં જે સાંભળ્યો હોય છે. તે પાટા નીચે આવે તો ભુકા થઇ જાય છે, પણ તેજ ઘણીમાથી આખી ગાડી ચાલે છે. પહેલી વસ્તુ ધ્યાનમાં લ્યો કે મૂળ વસ્તુથી આગળની ક્રિયામાં વધારો થયો તો જોશ આવ્યું. તેમ જીનેશ્વરનું વચન સીધું મરણ હઠાવતું નથી, ત્યારે શરણ કઇ રીતે ? એજ રીતે કે જન્મ બંધ કરવા દ્વારાએ જીનેશ્વર–મહારાજના વચનનું શરણ કરનારો જન્મના કારણભૂત કર્મોને તોડી નાંખે છે. જીનેશ્વરના વચનો કર્મોને એટલે કર્મ બંધનના કારણોને તોડી જન્મ બંધ કરે છે. જો જન્મ બંધ થયો, તો પછી જન્મ્યા વગર કોઇને મરવાનું હોતું નથી.

જન્મની ગભરામણ નથી.

જીનેશ્વરનો ધર્મ તેનું વચન તે શરણ કયા રૂપે છે ?, કોઇપણ પ્રકારે તમે ધર્મ કરો તો આવેલા મરણને ધક્કેલાવાનો નથી. ધર્મ એ મરણને ધક્કેલે છે તે વાત ખોટી ?, નહિં. તે વાત ખરી છે, અને ધર્મજ મરણને ધક્કેલનાર છે. મરણને આંગે શરણ પણ ધર્મજ. તેથી કરીનેજ જીવને ચાર શરણો બતાવ્યા છે, કે **अरिहंता मे शरणं सिद्धा मे शरण, साहवा मे शरणं; केवलि-पण्णत्तं धम्मं मे शरणं**। અરિહંતનું શરણ સિદ્ધ પરમાત્માનું શરણ આચાર્યાદિ સાધુઓનું શરણ; અને કેવલિ ભાષિત જૈન ધર્મનું શરણ. તેથી મરણને આંગે ધર્મ તેજ શરણ છે, એ વાત શાસ્ત્ર સિદ્ધ છે. અને તે શી રીતે ? તો કે જન્મ બંધ કરવા દ્વારાએ. ધર્મ જો ખરેખરો આરાધ્યો હોય, તો તેના આરાધનથી આ જીવને મોક્ષ મળે છે, અને તેનાથી સંસારમાં જન્મ ધારણ કરવો પડતો નથી. આથી મરણ આપો આપ રોકાય છે, એમ પરંપરાએ મરણને આંગે ધર્મ એજ શરણ છે, તે હવે સિદ્ધ થઇ ચૂક્યું. અહીં જન્મજ પ્રથમ લીધું છે. મરણની વાત તો તેની પાછળ છે. જન્મ રોકાય એટલે મરણ તો રોકાએલું જ છે. **'जाइजरामरण'** જન્મ ઘડપણ અને મરણ એ ત્રણ દુઃખો મોટામાં મોટાં છે. તેથી કરીનેજ સિદ્ધ થવાની અંતિમ અવસ્થામાં તીર્થંકર ભગવાનને પણ એવુંજ વિશેષણ મૂકવામાં આવ્યું કે **"छिन्न जाइजरामरण"** છેદાયા છે જન્મ જરા મરણ રૂપ દુઃખો જેનાં. કારણકે તેઓએ સિદ્ધપણું પ્રાપ્ત કરેલું હોવાથી જે જન્મ જરા મરણ રૂપ દુઃખો તે તેમને હોતાંજ નથી. બીજા લાંબા સૂત્રો પછી લઇએ, પણ આ સૂત્રનો પ્રથમ વિચાર કરવામા આવે તો જન્મનું દુઃખ દરેક જીવને પહેલું છે, તે રોકાય તો

બધા દુઃખો રોકાઈ જાય છે, અને તે ધર્મથીજ રોકાય છે એમ જાણવું. જન્મના કારણો નાશ કરાય, તોજ મરણને હડસેલી શકાય. મરણને હડસેલવામાં રસ્તો એકજ કે જન્મના કારણોને હડસેલવા. **कारणाभावे कार्यस्याप्यभावो ज्ञायते** કારણના અભાવે કાર્યનો પણ અભાવ થાય છે. તો જન્મના કારણોનો અભાવ થયે છતે જન્મ રોકાય, અને તે રોકાયે છતે જરા ને મરણ પણ રોકાય છે; તે સહેજે સમજી શકાય તેવી વાત છે. પ્રથમ તો આ જીવ જન્મને ખરાબજ નથી ગણતો. મરણને અંગે ચોવીસ કલાક ભડકમો રહે છે. પણ મરણ પછી અનંતર ક્ષણે થવાવાળો જન્મ તેના ક્ષણની ભડક થઇ છે ?, કહો કે નહિંજ. કારણકે આ જીવ મરીને કર્મ ખપાવ્યા નથી, ત્યાં સુધી અવશ્ય જન્મ ધારણ કરવાનોજ છે. મર્યા પછી બે ચાર સમયમાં આ જીવની ઉત્પત્તિ થઈ જાય છે, છતાં મરણની ગભરામણ નથી.

બંનેની દ્રષ્ટિમાં ફરક

આ જીવનો સ્વભાવ ઉર્ધ્વ ગમનનો છે, તો પણ આનુપૂર્વી નામ કર્મ આ જીવે બાંધેલું છે. તેથી મર્યા પછી ઉંચો જાય કે તરતજ તે કર્મ ત્યાં તેને ઉદય આવે છે, અને જે ગતિમાં આ જીવને જવાનું હોય અર્થાત જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય ત્યાં આ જીવને આનુપૂર્વી ખેંચી જાય છે. જેમ આડી ગતિએ જનાર બળદને નાથ ઘાલી સીધે રસ્તે લઈ જવાય છે, તેમ આ જીવને પણ ગતિને અનુસરતી આનુપૂર્વી નામ કર્મ તેના ઉત્પત્તિના સ્થળે દોરી જાય છે. તેથી મરણ પછી તરતજ જન્મ રહેલો છે, માત્ર જે જીવો આઠે પ્રકારના કર્મો ખપાવી મોક્ષે જવાના હોય છે તેઓનેજ જન્મ લેવો પડતો નથી; તે સિવાયના દરેકને, પછી તે ચાહે ઈંદ્ર હોય કે દેવતા હોય, ચક્રવર્તી હોય કે વાસુદેવ હોય, પ્રતિવાસુદેવ હોય અગર રાજા હોય, મહર્દિક હોય કે દરિદ્ર હોય; તે બધાને મરણ પછી જન્મ ધારણ કરવો પડે છે. તેથીજ લૌકિકમાં પણ કહેવત છે કે–'પાછો જન્મ થયો' જીવ મરી જાય છે ત્યારે આમ પણ કહેવાય છે. તે આપણે જાણીએ છિયે કે વસ્તુતઃ સત્ય છે, કારણ કે આ જીવ વસ્તુતઃ મરતોજ નથી. આ ભવનાં દેહને તજી પરભવના દેહને ધારણ કરે છે. તો ઉપરથી એ નક્કી થયું કે મરણનું કારણ જન્મ; તો મર્યા પછી જન્મવાનું તરત. જન્મેલાને મરવાનું છે, અને વર્તમાનમાં મરેલાને જન્મવાનું છે. આ વાત એક નિયમીત થઈ ગઇ. તોપણ આપણે ૨૪ કલાક મરણના ભયમાં દાખલ થયેલા રહીએ છીએ. રખેને કોઇ મરણની આપત્તિ ન આવી પડે, તેથી આ જીવને બહુ સાવચેત રાખીએ છીએ. તેના (મરણના) ભણકારા આ જીવને વાગ્યા કરે છે, પણ જન્મનો ભય એક રૂંવાડે પણ ઉભો થયો ?, કહેવું પડશે કે ના મરણનો ભય પરોક્ષ છે. તેમાં અનુમાન પણ હાજરમાં નથી. મરણના દુઃખ આપણે અનુભવ્યા તે માલમ પડતા નથી. તેમ બીજાને મરણનું દુઃખ થાય, તે બહુ દુઃખ આપણે દેખતા નથી. છતાં પણ તે મરણથી ડરીએ છીએ. જ્યારે જન્મને અંગે નવ મહિના માના પેટમાં રહ્યા તે રહેલા દેખીએ છીએ, બીજી ગર્ભવતીઓ દુઃખ વેઠે છે તે નજરે દેખાય છે, અને જન્મ વખતની દશા દેખીએ છીએ. છતાં તેનો ભય નથી. એટલાજ માટે જણાવ્યું કે સમકિત દૃષ્ટિ જીવ પોતે પોતાના મરણને ઓચ્છવરૂપ માને, અને જન્મને ભય રૂપ માને, તેના ઉપર દૃષ્ટાંત બતાવે છે કે જે રાજ્યાભિષેકને માટે ઘરમાંથી નીકળતાં હોય તો તેમે ઘરમાંથી નિકળવું તે ઉત્સાહનું કારણ કે અફસોસનું કારણ ?, જરૂર બહાર જવામાં આપત્તિ હોય તો ઉત્સાહથી આપત્તિને હઠાવી દે. તેમ સમકિત દૃષ્ટિ જીવ આત્માને કલ્યાણ થવાનો અભિષેક તેથી ચિંતાને હઠાવે, દુનીયામાં મિથ્યાદૃષ્ટિ અને સમકિત દૃષ્ટિવાળા જીવો હોય છે. સ્વાભાવિક આ ભેદ સામાન્યથી છે. તે બન્ને જીવોની દૃષ્ટિ તથા માન્યતા જુદી જુદી હોય છે. જીવેશ્વર ભાષિત

કથનજ સમ્યક્ છે, સત્ય છે; રૂડું છે. એકાંતે આત્માને હિતાવહ છે. સદ્ગતિ સાધી આપનાર છે, દુર્ગતિને હઠાવનાર છે. આવી એકાંતે દ્રષ્ટિ સમકીતિ જીવોની હોય છે. તે સિવાય બધું જુઠું છે એમજ તેઓ માને છે. **કાંતો વિરતિ સ્વીકારો, અગર સમ્યક્ત્વને છોડો.**

"तमेव सच्चं निःशंकं, जं जिणेहिं पवेइयं" તેજ સત્ય નિઃશંકપણે છે કે જે જીનેશ્વરોએ પ્રરૂપેલું છે. આવા પ્રકારની ઉપર જણાવેલી માન્યતા યાને દ્રષ્ટિ તે તો સમકિતી જીવોની હોય છે, જ્યારે મિથ્યાત્વી જીવોની દ્રષ્ટિ તેથી વિપરીતજ હોય છે. તે જીનેશ્વર ભાષિત પદાર્થને તે તે રૂપે જોતાજ નથી, અને માનતા નથી. તેથી તે મિથ્યા=જુઠ્ઠી-દ્રષ્ટિવાળા કહેવાય છે. વસ્તુમાં જે સ્વરૂપે દ્રષ્ટિ રાખવી જોઇએ, તે સ્વરૂપે દ્રષ્ટિ ન રાખતાં વિપરીત દ્રષ્ટિ રાખે છે. આથી મિથ્યા-દ્રષ્ટિ કહેવાય છે. આ બે પ્રકારના ઉપર જણાવ્યા પ્રમાણે જીવો હોય છે, તેમાં મિથ્યાદ્રષ્ટિઓ સંસારનેજ સારો ગણે છે, અને સમકિતી જીવો જીન વચનને અનુસારે એટલે તેમના કથનને અનુસારે સંસાર અસાર છે, સંસારના સર્વ સુખો તે પણ પરિણામે દુઃખદાયી છે, તથા ક્ષણભંગુર છે, અને સાચું સુખ મોક્ષ છે. તેજ મોક્ષ સાધ્ય છે તેને સિદ્ધ કરવાજ મથે છે; આવી દ્રષ્ટિવાળા સમ્યક્ દ્રષ્ટિ જીવ હોય છે. તે સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના મરણને અભિષેક રૂપ માને છે, અને મરણ આવે તેઓ તેનાથી ડરતા નથી. તેઓ તો એમજ સમજે છે કે મોહરાજાએ મારા પગમાં વજ્રની સાંકળ નાંખેલી છે. તે એવી નક્કર છે કે કોઇનાથી , કોઇપણ રીતે નિકળે તેવી નથી; માટે તે વજ્ર શ્રૃંખલાને તોડવાને માટેજ તેનું ધ્યેય હોય છે. મોક્ષે ગયો તો પછી મોહ રાજાની તાકાત નથી કે મારા પગમાં વજ્રની બેડી નાંખી શકે ?, આવતા ભવમાં મને જકડી રાખે તેવી મોહ રાજાની તાકાત નથી. કર્મરાજાની લડાઈ આ દુનીયામાં ચાલી રહી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મ-શત્રુ સાથે આત્માના સ્વ-પરાક્રમથી લડે છે, અને તેને હઠાવીને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. સમ્યગ્-દ્રષ્ટિ જીવ સમ્યક્ત્વ પામે તે ભવમાં કદી વ્રત પચ્ચ-ખાણ વગરનો હોય, પણ બીજા ભવમાં એટલે દેવ લોકમાંથી છુટયા પછી તે વ્રત-પચ્ચખાણ વગરનો હોય નહિં. પહેલાનાં એટલે પૂર્વ ભવના સંસ્કારો આદતો પડી રહ્યા હોય તો તે ખસી ન શકે, પણ બીજો મનુષ્યનો ભવ આવે તેમાં તે જીવ મોહરાજાની જંજીરમાં જકડાએલો હોય નહિં. તે ઉપર જણાવેલી વાતમાં શાસ્ત્રકારે નિયમ રાખ્યો છે. કે પહેલાં ભવની આદતોને સંસ્કારને લીધે કદી આ ભવમાં વિરતિ ન લે-વ્રત નિયમ અંગીકાર ન કરી શકે; પણ તે જીવોને બીજો જે મનુષ્યનો ભવ તે તો કોઈ દિવસ વિરતિ વગરનો હોયજ નહિં. કાંતો વિરતિ અંગીકાર કરે, અને કાં તો સમકીતનું રાજીનામું આપે. એટલે શ્રદ્ધા બદલાઈ જાય, બે સિવાય ત્રીજો રસ્તોજ નથી.

જન્મ ધારણ કરવો એજ પાપ છે.

આ વાત તેને અંગે જણાવો કે જો સમકિત ટકયું હોય તો બીજે ભવે વિરતિ લેવીજ પડે. કારણકે સમકિત પામ્યા પછી જીવને સંસાર અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલોજ બાકી રહે છે. તે માટે ચાલુ પ્રકરણ ગ્રંથમાં પણ કહ્યું છે કે:—

अंतो मुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल-परियट्टो चेव संसारो ॥१॥

એક અંતર્મુહૂર્ત પણ જેઓને સમકિત સ્પરસ્યું હોય તેઓને અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલોજ સંસાર

બાકી રહ્યો સમજવો, સમકિત આવી ઉત્તમ વસ્તુ છે; તે જીવોને ભાગ્યના ઉદયેજ થાય છે. કર્મ હળવા થાય ત્યારેજ સાચી શ્રદ્ધામાં જીવ આવે છે. અનાદિ કાળથી આ સંસારમાં રઝળતા જીવને નદીઘોળ પાષાણ ન્યાયે કરીને એટલે નદીમાં તણાતો પત્થરો ઘણા લાંબે કાળે ઘોળાતાં ઘોળાતાં ઘસડાતાં પછડાતાં અથડાતા તેની મેળાએ ગોળ થઇ જાય છે, તેમ આ જીવ પણ સંસારની અંદર તેના દુઃખોને ભોગવતો ભોગવતો તથાભવ્યત્વપણાની પરિપકવ દશા થએ, શુદ્ધ શ્રદ્ધામાં શુદ્ધ માન્યતામાં આવે છે. આ સમકિત આવ્યું કયારે તે જણાય તો કે તેના શમ-સંવેગ, નિર્વેદ, અનુકંપા; ને આસ્તિકતા એવા પાંચ લક્ષણો બતાવ્યા છે, તે જ્યારે આત્મામાં આવે ત્યારે સમ્યકત્વ આવ્યું ગણાય; નહિંતર તો જીવ મિથ્યાત્વીજ છે. આથી સમ્યકત્વ પામવું તેજ એક કાર્ય મોટામાં મોટું છે. તેમાં પણ પ્રથમના કાળે તો તેવા સંજોગો જીવને મળતાં કે ઝટ સમ્યકત્વ પ્રાપ્ત થઇ જતું, પણ હાલ તો સાક્ષાત્ પરમાત્માનો વિરહ, ગણધર મહારાજનો વિરહ, ચૌદ પૂર્વી ઓનો વિરહ તેવા ટાઇમમાં જો સમકીત પ્રાપ્ત થઈ જાય તો કેવળજ્ઞાન પામ્યા જેટલો હર્ષ થાય. તેટલાજ માટે કલિકાલ-સર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજે પણ કહ્યું છે કે જો આ જડવાદના જમાનામાં જીવને વીતરાગના વચન ઉપર શ્રદ્ધા આવી જાય, તેના કથન અનુસાર કરણી આવી જાય, અને તેથી જો સમકિતની પ્રાપ્તિ થઈ જાય તો ખરેખર કેવળ પામ્યા બરોબરજ છે તેમ સમજવું. આ ઉપરથી સમકિત કેવી અમૂલ્ય ચીજ છે તેનો ખ્યાલ આવી શકશે. મોક્ષનો પાયોજ તે છે. આથી જેને સમ્યકત્વ થયું, તે ટકવાવાળું સમ્યકત્વ જેને છે તેને બીજા ભવમાં જરૂર વિરતિ લેવી પડે અર્થાત્ તેને આગલા ભવે વિરતિનો ઉદય થાય, અને જો વિરતિ ન લ્યે તો સમ્યકત્વ ટકે નહિં. હવે આપણે મૂળ વાતમાં આવીએ. અવિરતિ-સમ્યકત્વદૃષ્ટિને મરણ વખતે શું થાય ? તેના ઉત્તરમાં જણાવે છે કે, વિરતિની નજીકમાં જાઉં છું, પણ હજુ તો મોત વચમાં આડે હતું, એટલે કર્મો ચાર હતા તો તેમાંથી કર્મ એક ઓછું થયું, પણ મરણથી આવતાં ભવનું પાછું શરૂ થયું છે. પુન્યશાળીને મરણ એ મહા ઓચ્છવ રૂપ છે. વિરતિ-દેશવિરતિવાળાને સમ્યકત્વવાળાને મરણ ઓચ્છવ ગણાવી શકે છે, પણ જન્મને ઓચ્છવ ગણાવતા નથી; કારણ કે તેઓ જન્મ ધારણ કરવો તેજ પાપ ગણે છે.

પંડિત-મરણની પારમાર્થિકતા.

જન્મ થયો એટલે મરણ તેની પાછળ છે, પણ મરણના ભેદો કહ્યા છે. બાલ-મરણ, પંડિત-મરણ એવા એવા ભેદો બતાવેલા છે. અજ્ઞાનતામાં જે મરણ થાય, જીંદગી એમને એમ ગુમાવી દે અને આયુષ્ય પુરૂં થઇ જાય, આત્મચિંતવન કે આત્માનું સાર્થક કાંઈ ન કરે તે બાલ મરણ છે. અને પંડિત મરણ તેને કહીએ કે વસ્તુનું સ્વરૂપ આત્મામાં બરોબર સમજે, તે પ્રમાણે જીવનમાં ઉતારે, અને તેજ પ્રમાણે યતિ-ધર્મની સેવનાને ગમે તેવા કષ્ટના વખતમાં પણ સમજાતાનું કે આત્માનું ધ્યેય ન ચૂકે તેને પંડિત મરણ કહેવાય છે. જગતમાં કર્મ સિવાય બીજો કોઇ મારો દુશ્મન નથી. માણસો એમ ધારે કે આ મનુષ્યે મારૂં બગાડયું કે આ મારો દ્વેષી છે, શત્રુ છે તે એક જાતની અજ્ઞાન દશા છે. જ્ઞાનીઓ તો કહે છે કે તારો શત્રુ હોય તો માત્ર કર્મજ છે, તેને શોધી દૂર કરવા કટી બદ્ધ થા. બીજાઓ તો માત્ર નિમિત્ત ભૂત છે. આત્મા નિમિત્તવાસી કહ્યો છે, અને શાસ્ત્રોમાં કહ્યું છે કે—

"सव्वो पुव्वकयाणकम्मं अणुहवंति संसारे।
अवराहेसु गुणेसु अ निमित्तमित्तं परो होइ ॥१॥"

એટલે આ સંસારમાં અપરાધમાં કે ગુણમાં એટલે ઉપકારમાં બીજો તો માત્ર નિમિત્ત ભૂત છે. આવું સમજનારો પંડિત મરણવાળો ગમે તેવું કષ્ટ આવે તો પણ આત્માને સમજાવી દે છે, અને તે સમતાથી ભોગવી લે છે. જેનાથી કેવળજ્ઞાન રૂપ ફળની પ્રાપ્તી થાય છે, એવા પુણ્યશાળી મોટા પુરૂષો તો પંડિત મરણે મરે છે. ખંધકમુનિ કે રાજાએ જેમની જીવતા ચામડી પોતાના માણસો પાસે ઉતરાવી, છતાં પણ સમતાના દરિયા એવા તેમણે ન તો રાજા ઉપર ક્રોધ કર્યો કે ન તો તેના હુકમને લઈને આવેલા અમલ કરનારા ઉપર ક્રોધ કર્યો. આત્માને તે વખતે એવો સમજાવી દીધો કે હે ચેતન તારા કરેલાં કર્મ તું ભોગવ. દરેકને કરેલાં કર્મ તો અવશ્ય ભોગવવા પડેજ છે. તીર્થંકર જેવાઓને પણ કર્મે છોડયા નથી, તોપછી બીજા સામાન્ય પ્રાણીઓનું તો કરેવું જ શું? આવી રીતે પંડિત મરણ જે થાય તે તો પોતાના મરણને પોતે ઓચ્છવ રૂપ માને છે, કારણકે તેથી ભવો ભવનું જન્મનું દુઃખ ભાંગી નાખ્યું; માટે સમકીતિ મરણને ઓચ્છવ રૂપ ગણે છે.

પુણ્યાત્માઓ મરણનો ડર રાખતા નથી, પણ જન્મ ન લેવો પડે તેને માટે પુરેપુરા ડરે છે. સમકિતી જન્મને કરણની પરિણતીનું ફળ માને છે. તીર્થંકર ભગવાનનો જન્મ તે બીજાને ઓચ્છવનું કારણ થાય છે, તે શા માટે? તેના પછી તેમને બીજો જન્મ ધારણ કરવાનો નથી. બીજા પ્રાણીઓને તેઓનો જન્મ ભલે કલ્યાણક રૂપે થાવ, અગર મરણ કલ્યાણ રૂપ થાવ, પણ પોતાની અપેક્ષાએ જન્મ ને મહોત્સવ તરીકે ન ગણાય. સમકિતીઓ મરણને મહોત્સવ તરીકે ગણે છે, અને મરણથી નિર્ભય રહે છે; કારણ એક વખતે તે આવવાનું તો છેજ તો પછી તેનો ડર રાખીને કાંઇ આત્મ સાધન ન કરે તે શું કામનું?, મહાપુરૂષોએ તો જીંદગીમાં સુકૃતજ કર્યું હોય છે, તેથી તેમને મરણનો ડર હોતો નથી. મહાપુરૂષો જન્મથી નિર્ભય નહીં રહે, કારણકે શાસ્ત્રમાં "જીવિતની આશા વગરના તથા મરણના ભયથી રહિત એવા મુનિઓને ગણ્યા છે" ગર્ભમાં રહેવું તેથીજ ડરેલા એટલે તો જન્મથી ડરેલા. જીવિતની આશા વગરના અને મરણના ભયથી રહિત મુનિઓ છે. આ વાતનો સારાંશ એટલોજ છે કે 'ગર્ભથી ડરવું કે મરણથી ડરવું' તેને ગુણ તરીકે ગણ્યોજ નથી, તેનું કારણ એજ છે કે સામાન્ય અપેક્ષાએ જન્મથી ડર્યા વગર મરણથી ડરવું નકામું છે, તેનાથી બચવાના ઉપાયો શોધવા જોઇએ. જો જન્મથી બચ્યા તો મરણથી તો બચેલાજ છીએ. આ જીવનો જન્મ થયો તે તો અનુભવ સિદ્ધ છે. જગતમાં પ્રત્યક્ષ દેખે પણ છે, અનુમાનથી પણ તે વાત સિદ્ધ છે; છતાં તેનો ભય આ જીવને લાગતો નથી. મરણના ભયથી આ જીવને ચોંકવું કેટલું બધું છે? રખેને એ મરણની એ ચિંતા આવી જાય. કોઇ પણ જીવને મરણનું નુકશાન ન થાય તે માટે પુરેપુરી સાવચેતી દરેક અંગ રક્ષકો પણ રાખે છે, આ બધું આપણે જોઈ પણ શકીએ છીએ કે મરણના ભયથી આ જીવ ચોંકે છે તેથી બચવા માટે સર્વસ્વ અર્પણ કરી દે છે, તેવી આપત્તિના ટાઇમે ધણાએ મરણથી બચવા સર્વસ્વ આપ્યું છે, તે આપણે જોઈ રહ્યા છીએ; પણ આ જીવને જન્મનો ભય લગીર પણ નથી, એજ મહા ખેદની વાત છે. હવે જન્મના ભય સાથે ક્ષાયોપશમિક ભાવોની શી સુસંગતતા છે?, તે અગ્રે વર્તમાન.

卐

શ્રીવિહરમાનવિભુ-શ્રી સીમંધરસ્વામીના જીવન ચરિત્રની સાથે અંતિમ-શાસનોપકારી વિભુ-શ્રીમહાવીર-પરમાત્માની હયાતી દરમ્યાન બનેલી, વિષયવાસનાની વિષમતાને દર્શાવનારી, એક અત્યદ્ભુત-ઘટનાનું વર્ણન કરતી; અનેશ્રીવીર પ્રભુએ ગૌતમસ્વામીને સ્વમુખે કહેલી કામગજેંદ્રની કથાનું જેમાં સુરમ્યવર્ણન કરવામાં આવેલ છે.

શ્રીસીમંધર-શોભા-તરંગ.

(ચાણસ્મા-ભંડારની હસ્તલિખિત પ્રાચીન પ્રતિ ઉપરથી)

સંપાદકઃ—મુનિ અભયસાગર " પૂર્ણાનંદી "

ચાલુ વર્ષનો-૬ ઠ્ઠો અંક પૃ.-૧૩૩ થી.

શ્રી-રાસકાર વિહરમાનવિભુ-શ્રીસીમંધર-સ્વામીના પવિત્ર-જીવન-પ્રસંગોના વર્ણન સાથે પરમોપકારી શાસનપતિ-શ્રીમહાવીર-પ્રભુએ મુખ્ય ગણધર શ્રીગૌતમસ્વામીજીને તેમના પ્રશ્નના જવાબમાં કહેલી વિષયવિકારની વિરૂપતાને દર્શાવનારી કામગજેન્દ્ર-વિદ્યાધરની કથાનો ઉપક્રમ કરતાં પહેલાં શિષ્ટજનાચરિત સમયનું પરિપાલન કરવા પરમ પવિત્ર પંચ-પરમેષ્ઠીને નમસ્કાર પૂર્વક સ્મરણ કરે છે, અને શ્રુતાધિષ્ઠાત્રી સરસ્વતીદેવીના સાન્નિધ્યને વર્ણવે છે,

મંગલવુંઅભિધેય-નિરૂપણ.

ત્રૈલોક્ય ભુવનને ચંદ્રની જેમ આલ્હાદ પમાડનારા, સૂર્યસમ તેજસ્વી, અષ્ટમહાપ્રતિહાર્યની શોભાવાલા, અનુપમ સુખના કંદસ્વરૂપ, શુદ્ધ સ્વર્ણસમ દેદીપ્યમાન, અને જગતના ઉદ્ધાર માટેજ જાણે જેમનો મનુષ્યાવતાર છે એવા અતુલોપકારી શ્રીઅરિહંત પરમાત્મા, વિષમતર-વિપાકદાયી-અષ્ટકર્મના બંધનથી મુક્ત શ્રી સિદ્ધભગવંત, જ્ઞાની પ્રભુની અનુપસ્થિતિમાં અખિલ શાસનના નાયક સમાન, આચાર-શ્રુત-શરીર-વચન-વાચન-મતિ-પ્રયોગ-સંગ્રહપરિજ્ઞારૂપ [1]આઠસંપદાઓથી વિભૂષિત શ્રી આચાર્ય મહારાજા, શ્રુતસિદ્ધાંતના પઠન-પાઠનાદિદ્વારા અનેક ભવ્ય જીવોના હિતકારી શ્રી ઉપાધ્યાય મહારાજા, અષ્ટપ્રવચન-માતા પરિપાલનનોદ્યુક્ત, અષ્ટમદરહિત, મોક્ષ-માર્ગના અનુપમ સાધક શ્રી સાધુ મહારાજા; આ પાંચ પરમેષ્ઠીઓ અશુભ કર્મથી થનારા વિઘ્નોને હરનારા છે, તેઓને ભાવપૂર્વક હું નમું છું. તથા ભગવતી સરસ્વતીદેવી મારા મુખમાં વાસ કરો, કે જેથી અપ્રમેય-ગુણગણધારી વિહરમાનપ્રભુ શ્રીસીમંધર સ્વામીના ગુણોનું

---

૧. આઠ પ્રકારની સંપદાઓની માહીતી માટે જુઓ સ્થાનાંગ સૂત્ર અધ્ય૦ ૮, ઉ. ૩, સૂ. ૬૦૧, તથા પ્રવચન સારોદ્ધાર દ્વાર ૬૪-ગા. ૫ ૫૪૯

દેવેન્દ્રોથી પણ અશક્યગાન તેમના શોભાતરંગોને વર્ણવા સાથે સફલતા પૂર્વક કરી શકું.

કથાપ્રારંભ-પુષ્કલાવતી વિજય-વર્ણન.

આ જંબુદ્વીપના મધ્યભાગે બન્ને બાજુ ત્રણ ત્રણ ક્ષેત્ર તથા વર્ષધર પર્વતથી સુશોભિત મહાવિદેહ ક્ષેત્રમાં, મધ્યભાગે રહેલ મેરૂ-પર્વતથી પૂર્વ બાજુ આવેલ પૂર્વમહાવિદેહમાં પુષ્કલાવતી નામક દેવાધિષ્ઠિત, ૨૨૧૨$\frac{૧૨}{૧૯}$ યોજન પ્રમાણ પહોલી, તથા ૧૬૦૯૫ યોજન$\frac{૨}{૧૯}$ કલા પ્રમાણ લાંબી, પુષ્કલાવતી નામની આઠમી વિજય શોભે છે. જેમાં કે મુકુટ સ્વરૂપ શ્રી સીમંધરપ્રભુ હાલ વિચરી રહ્યા છે, તથા જે વિજયની પૂર્વ બાજુ નીલવંત વર્ષધર પર્વત દક્ષિણ બાજુ લવણ સમુદ્ર, પશ્ચિમ બાજુ સીતાનદી, અને ઉત્તર બાજુ એકશૈલ નામનો ચોથો વક્ષસ્કાર પર્વત (કે જે ૭ મી-૮મી વિજયના મધ્યમાં છે) શોભે છે, જેના ઉપર શાશ્વત એકસો વીશ જિન બિંબોથી સુશોભિત; મનોહર શાશ્વત જિનચૈત્ય શોભી રહેલ છે.

પુંડરિકિણીનગરી-વર્ણન

તે વિજયમાં ૧૭૨૮ ગાઉ પ્રમાણે[1] વિસ્તાર-વાલી, ધનધાન્યાદિની સમૃદ્ધિથી પૂર્ણ, સુંદર, શોભાવાલી, પુંડરિકિણી નગરી છે, 'જાણે કે વિધાતાએ સ્વર્ગપુરી અમરાવતીની સાથે ત્રાજવામાં તોલતાં શોભા અને સંપત્તિમાં વધુ હોવાથી આ પુરી જમીનપર આવી હોય અને અમરાવતીનું પલ્લું' આ નગરીની શોભા-સમૃદ્ધિ કરતાં ન્યૂન હોઇ તે પુરી ઉપર સ્વર્ગમાં ગઇ' એવી કલ્પના કરીજે જે નગરીની સુંદરતા-સમૃદ્ધિ જોઇને પ્રેક્ષકોને થાય, તથા જેના પ્રાસાદો ઉપર રહેલ ઉંચા છત્રદંડો પ્રાસાદોને નગરી રૂપ દ્વારા- સ્ત્રીની પાસે જાણે હાથ પકડીને લાવતા કેમ ન હોય?, 'તેવી અનેક પ્રાસાદોની હારમાલા-ઓથી દિવસે શોભાયમાન, તથા રાત્રે પણ અનેક હીરા મણિ મોતીઓના પ્રકાશથી તે નગરી દીપતી હતી, તે નગરીના ઉત્તુંગ-જિનાલયોની ફરકતી ધજાઓ જાણે નગરીનાં લૂંછણાં કેમ ન લેતી હોય તેમ શોભે છે, જે નગરીના બગીચા-ઓમાં પાણીના સિંચન વગર પણ સુંદર શોભતી વૃક્ષરાજિમાં સ્ત્રી-પુરૂષોના યુગલો વિચરે છે, ટુંકમાં સર્વ પ્રાણીઓના નેત્રોને તૃપ્ત કરનારી એવી છટા તે નગરીની હતી.

શ્રીશ્રેયાંસ-રાજાનું વર્ણન

તે નગરીમાં પ્રજાજનોના હૃદયમાં ન્યાય નિતિ આદિ ગુણોથી આધિપત્ય ભોગવનાર શ્રી શ્રેયાંસ નામે રાજા શોભે છે, જે ઘણોજ દાનેશ્વરી છે, અને આંગણે આવેલ ગમે તેવા અર્થીને પરાઙ્મુખ થઇ ને પાછા ફરવું પડતું નથી, માતૃકાક્ષરમાલા (વર્ણમાલા-બારાખડી) માં આવતા નકારનો તો તે રાજાએ સંગજ કર્યો નથી, જાણે કે માતૃકા[1]ક્ષરોના અભ્યાસ કાલે ભણેલા તે નકારને

---

૧ પુંડરિકિણી નગરીના વિસ્તારનું પ્રમાણ સંદિગ્ધ જણાય છે-શાસ્ત્રોમાં ક્યાંય આવો ઉલ્લેખ ઘણી તપાસ કરવા છતાં મળેલ નથી. આવી વાત નિર્મૂલક સંભવે નહિં, કદાચ કોઇના સંપ્રદાયની માન્યતા સ્વરૂપ હોય છે. सिद्धस्य गतिश्चिन्तनीया ન્યાય મુજબ વિચારતાં જણાય છે કે બૃહત્સંગ્રહણી ગા. ૨૮૬ પ્રમાણે શાશ્વત-પદાર્થોનું માપ પ્રમાણાંગુલથી માપવાની વ્યવસ્થા હોવાથી લઘુક્ષેત્રસમાસ ગા. ૧૪૭માં જણાવેલ વિજયનું માપ પ્રમાણાંગુલથી ગણી નગરીનું રાસકારે જણાવેલ માપ ઉત્સેધાંગુલથી ગણી એ તો પ્રમાણાંગુલથી નગરીનો વિસ્તાર એકસો અઠ્ઠાવીશ ગાઉ અધિક એક યોજન પ્રમાણજ

ભૂલીજ ગયો લાગે છે, અને તે રાજા તેજ દિવસને કૃતાર્થ લેખે છે, કે જે દિને અર્થીઓની પ્રાર્થના પૂર્ણ કરી હાથને દાનના સુરમ્ય ભૂષણથી ભૂષિત કર્યો છે. રાજાએ કોઈ દિવસ પણ કોઇની પ્રાર્થનાનો ભંગ કર્યો નથી, કારણકે ખરેખર આ પૃથ્વી તેવા લોકોથીજ ભારે થાય છે કે જે લોકોએ સાધન સામગ્રી સંપન્નદશામાં શક્તિ ગોપવીને આસક્તિ-મોહને આધીન થઇ અર્થીની પ્રાર્થનાનો ભંગ કર્યો છે-બાકી સ્થૂલ બુદ્ધિએ ભારરૂપ જણાતા પર્વત-જંગલો કે-સમુદ્ર આદિથી પૃથ્વી ભારે નથી, તેઓ તો જગતના હિતાર્થે પોતાની સામગ્રી ભમે તેવા સંયોગોમાં પણ અર્પીજ રહ્યા છે.

વળી તે રાજા દાનેશ્વરી છતાં દાન ગુણ પ્રાપ્તિ કરતાં પણ દુર્લભ નિરભિમાનતા ગુણથી શોભતો હતો-તેથીજ ચંદ્ર કરતાં પણ તે રાજાની કીર્તિ ઉજ્જવલ હતી-ચંદ્રને તો હરણનું નાનું પણ કલંક છે, જ્યારે આ રાજા તો દાનેશ્વરી છતાં નિરભિમાની હતો; તેથીજ સોનામાં સુગંધની જેમ તેમાં ગુણોનો સુમેલ શોભતો હતો.

તથા દાનગુણની સાથે તે રાજામાં પાત્ર પરીક્ષાનો ગુણ પણ ઘણો વિકસ્વર હતો, ખરેખર પાત્રાપાત્રના વિવેક વિના સુંદર પણ દાન છીપલી ગાય-સર્વ-ઉખરભૂમી આદિમાં પરિણતિ પામતા સ્વાતિ-નક્ષત્રના પાણીની જેમ ફલની વિવિધતા પેદા કરનારૂં થાય છે, આટલું છતાંય રાજા પાસે સમૃદ્ધિમાં કંઈ પણ ન્યુનતા થવા પામી ન હતી, કારણ કે બગીચા-કૂવા આદિમાં વપરાશની વૃદ્ધિની સાથે પેદાશ પણ વધતીજ હોય છે. આ પ્રમાણે શ્રી રાસકાર વિહરમાનવિભુ શ્રી સીમંધર પરમાત્માના પિતા શ્રેયાંસ રાજાના ગુણગણનું વર્ણન કરીને, હવે પ્રસંગે દાનનાં પાંચ દૂષણો-ભૂષણો પણ ભવ્ય જીવોના હિતાર્થે જણાવે છે. દાનના પ્રસંગે અનાદર, વિલંબ પરાંગમુખપણું, અપ્રિયભાષા, અને માનસિક અનુતાપ કરવો એ ખરેખર સુંદર પણ દાનને કલંકિત કરનારા દૂષણો છે, તથા દાન દેતાં પોતાને મલેલી સામગ્રીના થતા સદુપયોગથી આનંદના આંસુ, રોમાંચોનુ વિકસ્વરપણું, બહુમાન, સુંદર વચનો, અને કરેલા દાનની અનુમોદના કરવી, આ પાંચ વસ્તુઓ માત્રામાં અલ્પ છતાંય દાનને સુશોભિત કરનાર ભૂષણ સ્વરૂપ છે.

સત્યકી રાણી વર્ણન.

તે શ્રેયાંસરાજાને રૂપલાવણ્યગુણથી ભરપૂર શીયલસલૂણી સત્યકીરાણી હતી, જેણી એ પાતિવ્રત્ય-ધર્મના અનુપમ-પાલનથી જગતમાં અપૂર્વ કીર્તિ પ્રાપ્ત કરી છે, જેણીનું શરીર સર્વ ઉત્તમ લક્ષણોથી અલંકૃત છે, તથા પગ તળીયા તો રક્ત કમલની જેમ એવા સુંદર લાલાશ વાલા છે, કે જાણે-જગતની સર્વશ્રેષ્ઠ સુંદરીઓના મસ્તક પર અનુપમ શીલ-રૂપાદિ ગુણોએ કરી

આવે, તે ત્યાંના ક્ષેત્ર-મનુષ્ય આદિની વિશાલકાયતા વિચારતાં અસંગત ન જણાય. ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણાંગુલ ચારસો ગણું મોટું હોય છે, એ માટે જુઓ બૃહત્સંગ્રહણી ગા. ૨૯૩, પણ આ સમાધાન ત્યારેજ સંભવે, કે જ્યારે નગરી અશાશ્વત હોય, સાંભળવા પ્રમાણે શાસ્ત્રોમાં અશાશ્વત પદાર્થોનું વર્ણન હોતું નથી; માટે વાસ્તવિક સમાધાન આ વિષયના અભ્યાસીઓને જણાવવા વિનંતી છે.

હીનતા દર્શાવવા કરેલા પાદાંકમણુને લીધેજ લાલ કેમ ન થયા હોય! વળી અહીં શ્રી રાસકાર સત્યકી-રાણી વિષે સ્ત્રીત્વોચિત્ત ઉત્તમ ચોસઠ કલાના વાસ વિષે ઉપેક્ષા કરતાં જણાવે છે કે તેણી વિષે ચોસઠ કલાનો વાસ કેમ ન હોય! તેણીના પગ–હાથના ચાર અંગુઠાઓમાંજ સુંદર ગોળાકાર નખરૂપે ચાર પૂર્ણ ચંદ્રોએ વાસ કર્યો હતો. એકેક ચંદ્રની સોલ કળાના હિસાબે ચોસઠ કલાનો વાસ સ્વતઃસિદ્ધ સંભવે છે, તથા જેણીનાં લોચન યુગલ મૃગનયનની જેમ અતિ ચંચલ છતાં મર્યાદાથી બહાર નથી જતાં તે જાણે પાસે આવેલ કાનરૂપ ઉંડા કુવામાં કદાચ પડી જાય તો બહાર કોણ તાણે–કાઢે–એ ભયથીજ તેઓ મર્યાદિત ચંચલતાવાલા હતા. જે કોકીલ કંઠીના સ્નિગ્ધમધુર અવાજથી સારંગી–વીણા પણ કુરંગી બનેલ છે. તથા તેણીનું મુખ કમલ તો સદા વિકસ્વર જ રહેતું–બીજા કમલો દિવસે કે રાત્રે કરમાતાં હોઇ તેણીના મુખ સાથે ઉપમા માટે પણ સંગત થતા નહિં.

સીમંધરસ્વામીનું જન્મ-હાલરડું.

પુણ્યકર્મના સંચયવાલી તે રાણીએ ચાલુ ચોવીશીના શ્રીકુંથુનાથ પ્રભુ તથા શ્રી અરનાથપ્રભુના અંતરાલકાલે ચોદ સ્વપ્નથી સૂચિત ત્રિલોકનાયક, જ્ઞાનત્રય–ધારક, તીર્થંકર પ્રભુને જન્મ આપ્યો, તે પ્રભુના જન્મથી દુઃખ રાશિમાં નિમગ્ન નારકીના જીવોને પણ ક્ષણભર આનંદ થયો, તો બીજાની તો વાતજ શી કરવી!; અર્થાત્ અનેક દુઃખીઓના દુઃખનો નાશ થયો. જન્મ સમયે દિક્કુમારિકાઓ તથા ચોસઠ ઇંદ્રાદિક અસંખ્ય દેવોએ સ્વ-સ્વ-મર્યાદાનુસારે ભક્તિભાવ પૂર્વક કર્તવ્યનું પાલન કર્યું; માટે માતા પિતાએ આનંદ પૂર્વક પ્રભુનું શ્રીસીમંધર એવું નામ સ્થાપ્યું. તે પછી પાંચ ધાત્રી માતાઓથી લાલિત–પાલિત થતા તે બાલ-પ્રભુ બીજના ચંદ્રની જેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા.

એક દિવસ માતાજી બાલ–પ્રભુ શ્રીસીમંધરસ્વામીને હાથમાં લઇ હુલરાવવા માંડી. તે હાલરડામાં માતાજી પ્રભુના સ્વપન વખતે પોતે જોયેલા ચૌદ સ્વપ્નોને રહસ્યસ્ફોટ પૂર્વક વર્ણવી તે જન્મ સમયે ચોસઠ ઇંદ્રોએ કરેલ જન્મોત્સવના અધિકારને વર્ણવે છે.

ચૌદ સ્વપ્નોનો રહસ્યસ્ફોટ

"હે પુત્ર! જ્યારેતું ગર્ભમાં આવ્યો, ત્યારે હું બહુ આનંદ પામેલી, અને એકસો છનુના વર્ગ [1]મૂલ રૂપ ઉતમોત્તમ ચૌદ સ્વપ્નો મેં જોયેલા, તેમાં પ્રથમ ઐરાવણહાથી આવીને મને બહુ આદર પૂર્વક નમીને બોલ્યો કે–'હે સૌભાગ્યશાલિનિ! ધન્ય છે તારી કુક્ષિને–જેણે કે દેવેંદ્રોને પણ પૂજ્ય પ્રભુને ધારણ કરેલ છે. તારા પુત્રની પાસે મારો સ્વામી ઇંદ્ર આવી રોમાંચ વિકાસ પૂર્વક સેવા માટે લાલાયિત બનશે, તો પછી હું સ્વામિનિ! હું તેમની પહેલા કેમ ન આવું! તમારો પુત્ર તો મુક્તિગામી છે, માટે ધન્ય છે. ત્યાર પછી ધોરીવૃષભ આવીને મને કહે છે કે 'તમારો પુત્ર ખરેખર ઇંદ્રોનો પણ ધોરી–અગ્રેસર થશે, 'પછી વનરાજ કેશરીસિંહ કે જે મૃગોનાયૂથને ત્રાસ પમાડનાર પરાક્રમવાલો નિર્ભય હતો–જોયો. ચોથા સ્વપ્ને લક્ષ્મીદેવી આવીને બોલી કે–'હવેજ મારૂં ચાપલ્યનું કલંક આ તારા પુત્ર–પ્રભુના પ્રતાપે દૂર થશે.' પાંચમ

---

૧ ગણિતશાસ્ત્રના નિયમ પ્રમાણે સર્વ સંખ્યાને પોતાના આંકથી ગુણતાં જે આવે તે વર્ગ કહેવાય છે અહીં ૧૪×૧૪=૧૯૬ નું વર્ગ મૂલ ૧૪ થયું.

સ્વપ્નને કુલની માલે સૂચવ્યું કે-'તારા 'પુત્રના ગુણ ગણ સૌરભથી આખું જગત સુવાસિત થશે, છઠે ચંદ્રે સૂચવ્યું કે-'તમારો પુત્ર ચંદ્રની જેમ સર્વને આલ્હાદદાયી' થશે, સૂર્યના સ્વપ્નથી સૂર્ય વિકાશી કમલની જેમ તારા મુખથી મારા નેત્ર કમલો વિકસ્વર થવાનું જાણ્યું 'હે સીમંધર! તું ખરેખર અમારા કુલની ઉંન્નતિ કરનાર ધ્વજ સમાન છે', એમ ધ્વજના સ્વપ્ને મને સૂચવ્યું અને પૂર્ણ કલશે તો જ્ઞાન જલની ભરેલા તારામાં નિકૃષ્ટ પાપીઓના પણ પાપ ધોવાની અનુપમ શકિતનું ભાન કરાવ્યું. હે વત્સ દશમા પદ્મસરોવરના સ્વપ્નથી સૂચિત ભવ-તૃષ્ણાના તાપને શાંત કરવાના અનુપમ ગુણવાલા તારી બહુ પુણ્યલભ્ય સ્તુતિ કરનારાજ ધન્ય છે, અગિયારમે સ્વપ્ને રત્નાકર સમુદ્ર આવીને મને વિનવવા લાગ્યો કે-'હે પ્રભુજનની! ઇંદ્ર નરેન્દ્રોથી વખણાયેલ અપ્રમેય ગુણધારક તારા પુત્રના ગાંભીર્ય ગુણની પ્રતિષ્ઠાથી મારી ગંભીરતા વિષેની વર્ષો જુની કીર્તિ ભૂંસાવા સંભવ છે, માટે કૃપા કરો અને મારા હિતનો વિચાર કરો.' બારમે સ્વપ્ને સુંદર દેવવિમાને તારી ભાવી સમવસરણના ત્રણ ગઢ આદિની રચના જણાવી તેમાં પોતાને સ્થાન આપવાની વિનવણી કરી. તેરમે સ્વપ્ને રત્નરાશિએ તારા અણમોલ ગુણગણ રત્નોની ઢીસિથી પોતાની પાર્થિવતા વ્યક્ત થઇ જવાથી જતી લાજ બચાવવા પ્રાર્થના કરી, અને હે વત્સ! સર્વ જીવોના કલ્યાણકારક ગુણોના પ્રકાશ સ્વરૂપ તારા આત્મ તત્ત્વરૂપ અમૂલ્ય રત્નની મહત્તા વર્ણવી. ચૌદમે સ્વપ્ને નિધૂમ-અગ્નિએ કર્મઇંધનોને ભસ્મીભૂત કરી નિર્મલ થનારા તારા આત્મ સ્વરૂપના પ્રકાશને સકલ તેજસ્વી પદાર્થોમાં શ્રેષ્ઠ જણાવી, તેવી શ્રેષ્ઠતા મેલવવા તારૂં શરણ સ્વીકાર્યું.

છપ્પન-દિક્કુમારીકાઓએ કરેલ જન્મોત્સવ.

આ પ્રમાણે ત્રણે ભુવનમાં શ્રેષ્ઠ ચૌદ સ્વપ્નો આશીર્વાદાદિ સૂચિત કરતા થકી મારા મુખમાં પ્રવેશ્યા. હવે જ્યારે યોગ્ય સમયે તારો જન્મ થયો, ત્યારે અધોલોકવાસિની આઠ દિક્કુમારિકાઓ મને પ્રભુમી વિનીતભાવે બોલી કે-'હે જગદ્વન્દ્યમાતાજી! તમે જરાય ભય પામશો નહિં, અમે તારા પુત્રના લોકોત્તર પુણ્યથી આકર્ષાઈને આવેલ છીએ, અને સેવા કરી મુક્તિ રાજ્ય મેળવવા માંગીએ છીએ; માટે અમે યથોચિત મર્યાદા પ્રમાણે સૂતિકા કર્મ કરશું. પછી તેણીઓએ યોજન પ્રમાણ સંવર્ત્તક પવનથી ભૂમિ શુદ્ધ કરી સૂતિકાગૃહ બનાવ્યું. અન્ય આઠ કુમારીકાઓ સુંગધ જલના છંટકાવથી રજશમન કરી પગે પડી, બીજી આઠ દેવીઓ આવી દર્પણ બતાવતી કહેવા લાગી કે-'હે માતાજી! દર્પણમાં આપના પુત્રના દર્શન કરવાથી અમારા પાપોનો ક્ષય થાઓ,' પછી આઠ કુમારીકાઓ ભૃંગારધારિણી બની, આઠે વીંજણા-પંખા લીધા, અને આઠે ઝિંગંગનાઓ સુંદર શ્વેત ચામરોથી મનુષ્ણી છતાં મને વીંજવા માંડી-'ખરેખર હે વત્સ! આ તારોજ પ્રતાપ હતો,' ચાર દેવીઓ મંગલમય દીપમાલ પ્રગટાવીને મંગલગીતો ગાવા લાગી. રૂચકદ્વીપથી આવેલી ચાર દિક્કુમારીકાઓ નાલચ્છેદ-પીઠ બંધ કરી, બનાવેલા ત્રણ કદલી ગૃહોમાં ક્રમશઃ અભ્યંગ-સ્નાનાદિ-રક્ષાપોટલિકા આદિની વિધિ પતાવી તારા ગુણગાન કરવા લાગી.

શૌધર્મ-ઇન્દ્રોએ ઉજવેલો જન્મોત્સવ.

દિક્કુમારિકાઓની અશુચિનિવારણ વિધિ પત્યા પછી સૌધર્મેંદ્ર આવી પોતે પાંચરૂપ કરી તને લઇ મેરૂપર્વત ઉપર પહોંચ્યા, અને ત્યાં ચોસઠ ઇંદ્ર-અસંખ્ય દેવો ભેગા મળી અનેક વાદ્યતૂર્યોના નાદપૂર્વક અદ્ધીસો અભિષેકની વિધિ સાથવી સ્નાત્ર મહોત્સવ કર્યો. પછી પુણ્યમયી ભરપૂર—યક્ષકર્દમ—કેશર—ચંદનાદિ સુવાસિત વિલેપનાદિ કરી વિશુદ્ધ અક્ષયવસ્ત્રોથી તારા શુભ પુણ્ય ઉપાર્જન કર્યું. વલી મારા લાડીલા હે વત્સ! તારા જન્મ સમયે સાતે ગ્રહો ઉચ્ચ ગણાતા પણ સ્વ-રાશિના પરમોચ્ચ દશા દાયક અંશોમાં રહીને તારૂં અનન્ય સાધારણ લોકોત્તર સૌભાગ્યને વર્ણવતા હતા. ઉચ્ચસ્થલે ચઢીને નિરીક્ષણ કરવાના લૌકિક-વ્યવહારને અનુસરતા જાણે બધાય ગ્રહો તત્કાલ જન્મેલા તારા મુખનું પ્રથમ દર્શન કરવા માટેજ ઉચ્ચ-પરમોચ્ચ અવસ્થામાં આવ્યા કેમ ન હોય! કારણકે તારા દર્શનથી પ્રાણી માત્રના સર્વ દુઃખો ફાગણ મહિના (વસંત ઋતુ)ના ઝાડના પાનની જેમ ગલી-ખરી જાય છે. પછી પરમાનંદ રસમાં ઝીલતા ઇંદ્રરાજા અનેક પ્રકારે પુષ્કલાવતી-વિજય-પુંડરિકિણી નગરીના યશસ્વીપણાના ધન્યવાદ પૂર્વક વખાણ કરી વારંવાર નમી નંદીશ્વરદ્વીપે અઠ્ઠાઇ મહોત્સવ કરી નિજઠામે ગયા.-૧૩.

(ઋષિદત્તાદિમ કંતકિયે—દેશી)

ઢાળ ૯—

મુજ નયનાંબુજ તુજકું દેખિ વિકસિરે,
મનડું ગોત્ર-સંબંધકિ આપુ ચિતિવસિરે. ૧
જિહ્વા જન્મ અસાર કિજુગુણ નવિ ગુણિરે,
મુખચંદ્રિ કરી માનૂંકિ નયન મૃગથુણિરે. ૨
સકલ પુરાણકી વાત કિ મિથ્યા જાણીઇરે,
પ્રત્યક્ષ હલધર બંધુ કિ સુત કિમ આણીઇરે. ૩
સીમંધર તુમ્હરૂપકી સૃષ્ટિ વીવિકરીરે,
નેત્ર થયા સાફલ્ય કિ નિજ કીર્તિ ધરીરે. ૪
સુધા ન વંછિ કર્યું કિ જુગિર આઇપીરે,
તુમ્હચી વિરહકી વાત કિહમકૂં તાપીઇરે. ૫
ભૂમંડલકી કાંતિ અમૂલિક ભૂષણુંરે,
શસ્ત્ર અમોઘ અજેયમદનકૂં દૂષણુંરે. ૬
તુજ દેખીનિ કૌશિક નિજ કૌશિકપણુંરે,
પામિલાજ અપાર કિ તુજ પ્રભુમિ ઘણુંરે. ૭
ઇલાદેવી નિસાર કિ વૃતનું ફલહવુંરે,
તુજ પદ પંકજ પૂજન પામિઉં [1]અભિનવુંરે. ૮
ઇંદ્રાદિકની કોડિકિ બિહિ એક મિલીરે,
પૂતા તુજ રૂપ આગલિ સબ જાઇ ગલીરે. ૯
તુમ્હ શીતલતા તેજકે વિધિઇ મનિ ધરીરે;
ચંદસૂરકું કુંડલી પરિવેષિ કરીરે. ૧૦
રૈવતણો બલિ જાઉંકે અનિમિષ લોચનારે,
જાસ નહીં અંતરાય કિ ખિનગત શોચનારે. ૧૧
અલ્યાસિ વાંધતિકિ પૂન્યની રોચનારે,
નયનકમલદલ તુમ્હકા સબ દુઃખ મોચનારે. ૧૨
તિલકં-તીન-ભુવન મિસુર લોકો સહીરે,
સ્વર્ગ—ખંડ—લલામ સુરરેખા રહીરે. ૧૩
સબ સુરકુ મણિ નાયક ઇંકો જલહલિરે,
તે તુમ્હ દેખું લાલન તુજ ચરણાતલિરે. ૧૪
જબ ન વિદેખું મોહન તુજકુ લાડિલારે,
તવ જે ભિન્ન ન થાઇ ચિતકજ કોડિલારે. ૧૫

---

૧ P અભવુંરે. ૨ P ૧૫,

થાઇ આવિપાળી કિતેહિ મુખચંદલિરે,
પ્રત્યક્ષસિ એહ કિપક્ષસરિ જલિરે. ૧૬
રમિઝમિ કરતુ પૂતકિ આવી લાગિ ગાલિરે,
ધન્ય પૂતા જગિમાત કે તુઝ સરિખુ મલિરે. ૧૭
ચંદ્રકલા જિમદેખિ કિ જલનિધિ ઉછલિયે,
તિમ આવંતુ દેખિકિ સુતકું મન વાલિરે. ૧૮
સુખ જાણિ સવી દેહકી કેાય સામલીરે,
પણ શબદ સામલીઉ કેમકિ બેાલું મતિકસી. ૧૯
તિહર બહુ તમકુ વ્યાપ કિમાસિ માસિ ચંદલુરે,
તે મુઝ પૂત કે વદનિ જાણું ફંદલુરે. ૨૦
તુમ્હારે રિહકે [1]તાવિકે હમ નયનાવલીરે,
કૈરવણી દલ કાંતિકે[2] કમલાણી મલીરે. ૨૧
તુમ્હ દર્શનકું ચંદ સુધા નવિ મીંચીઇરે,
લીલાલહરી તરંગ તુષારે સીંચીઇરે. ૨૨
લાલન મુખચંદ દેખીની સત્યકી સરસતીરે,
આણું આંસૂ સુતકું માતા વરસતીરે. ૨૩
ચંદ્રકાંતિમણીઇ કરી માતા મુખ ઘડિઉરે,
માનૂં અન્યથા મુખથી આંસુ [3]કિમ પડિયુંરે. ૨૪
મહી કૃતાર્થ માનૂંકિ જિહાં તૂં અવતરિઉરે,
દેવથી આવીઉ [4]જુતૂં સુરલેાકેા તરિઉરે. ૨૫
નાગ ભુવનિ જુ હેડુ ઉંચૂં કિમ ન હવુંરે,
અલંકરિઉ [5]તે થાનક પાવન તેહવુંરે. ૨૬
મુંદરતાકું સાગર શ્રી સીમંધરેારે,
જેણુહી બનાઉ તેજકે સબ જગ સિંધુરેારે. ૨૭
પરમાનંદકી માલકે ગાતાં પામીઇરે,
લલી[1]લલી રંગ તરંગકિ–મસ્તક નામીઇરે. ૨૮

૧ P ૫, ૨ P કિ, ૩ P કિ, ૪ P જીત્તં, ૫ P જે,

(રાગ–મારણી, રયણદેવી મંદિર–એ દેશી)

ઢાલ ૧૯—

જિનકુ રૂપ દેખી જંપી,
સુણિ માતા સસનેહેારે,
સબ સુરનરકું નાયક રત્ન,
ત્રિલેાચનીવાલી રે હેારે. ૧
તે નયણાંરે જગિ ધિન ધિન,
શેાભા બરણી ન જાયરે.
રેાગ-શેાગ-સંતાપ-આપદા,
જિનનામિ અલગા થાયરે–તે. ૨
લેાક કહિ છિ જેહ વિધાતા,
તેણિ તુમ્હ અંખિઆં વંચીરે.
તુમ્હ મુખશેાભા જુ નવિદીઠી,
ત્રિલેાચનકાંતિ પ્રપંચીરે–તે. ૩
હવિ નિજ સુત મુખ જેાઇ જેાઇનિ,
સફલ કરૂં નિજ નયણાંરે.
ઇમ કરતાં જુ ચિત્તમાંહી આવા,
તુ આપિ નિજ વયણાંરે–તે. ૪
એક ચંદલુ તુમ્હ હેા નયણાં,
કબહી સંચિ ન આવીરે.
નયનાનંદ કરેા એ દૂજુ,
ચંદ તેણિ તુઝ ભાવિરે–તે. ૫
માતાજી! મન્મથ સરિખું જિનકિમ,
એ [1]શીતલ જલ લહરીરે.
મન્મથ તુ જિહાં રહિ તેહ ટાલી,
નિજઘરિ ન જાયકિ હરીરે. ૬
નામિ રૂડું મનમિ કૂડું,
રતિપતિ નામ કહાવિરે.
અથવા શંકર હાહ કરિઉ,
જબ તબથી જનકું તાવિરે–તે. ૭

૧. P સી,

તસુ પુન્યકું જે જન સમરિ,
રોગ ક્ષયાદિક જાવિરે.
એ દુષ્ટાકુ અક્ષય ન દેખુ,
રોગક્ષયાદિક થાવિરે-તે. ૮
જુ ધરત હથીઅ૨ લોકકે,
તુ સબ પ્રલય પાડિરે.
અંગ સહિત શ્રવણિ જુ,
આયુત ક્ષણુમિમામ ગમાડિ તે. ૯
તુઝ સુતકું આવત દેખીનિ,
કોણ જીવ હરષ ન પાવિરે.
કોણ નિર્દુન લષિમી દેવીને,
નિજ કમાડ દેવરાવિરે-તે ૧૦
એ અંગ શોભા સહસ લોચન,
વિણ બીજુ કોણ અગાહિરે.
વચન કાંતિએ નાગપતિ વિણ
કોણ બોલવાનિ ચાહિરે-તે. ૧૧
મંદસમો એ જિન કિમ કહીઇ,
તુમ્હ પુતુ નિકલંકીરે.
દ્વિજરાજે પણિવારૂણી સેવી,
વિરહી વધૂ પાતક અકિરે-તે ૧૨
ઇંદ્ર મુગટ મણિ મયૂષ મંજરી
શોભા અતિ ઝલકંતીરે.
ગંગા કે દો પ્રવાહ હતઉ મોતિન,
માલ કહંતીરે-તે ૧૩
સ્નાનિ ચિત્ર કેશકલાવી,
તુઝ સુત વદનિ છજિરે-તે ૧૪

(રાગ-સારંગ૧-હડિઆંમા-એદેશી)

ઢાલ—૧૧

જિન શોભા કોણ વર્ણ વિરે,
અનોપમ રૂપ નિધાન.
બાલપણિ જુ સુંદરરે,
યૌવનિ કોણ ઉપમાન ૧
સીમંધર સકલ ત્રીલોકી સાર,
એતુ દુઃખિયા ઠારણહાર.
જે જિન વચનામૃત સાર,
તે તુ શ્રીસંઘનિ સુખકાર સીમ૦ ૨
જિનમુખિ જીત્યા પંકજારે,
સરોવરિ માઝિ પઇઠા.
કોપિ તપ્યા માનૂં તપકરિરે,
જલગઢ માઝિ દીઠ-સીમં૦ ૩
પૂત પ્રતાપિ જીત્યું રવિરે,
જિન મિત્રં ચંદ.
માનૂં કાંતિઓરછી કરીરે,
કજવિરો સુખકંદ મોમં૦ ૪
મધુપાનિ જે સુખકરિરે,
ગજદાનિ કરી જેહ.
તે જાણું શ્રીજિનજીઇરે,
ગતિજીત્યુ કરી તેહ સોમં૦ ૫
જિનમુખદ્વેષી પંકજોરે,
સેવક ગં જાણિ.
ધમજે પરદ્વેષિ ફમિરે,
નેહનિ બહુલિ હાણિ-સીમં ૬
પવનિ કલમજે નાચીઇરે,
તે માનૂં સખિરેહ.
જલતપિ જિન મુખ ઉપમારે,
પામી નાચિ એહ, સીમં૦ ૭
જેહ કલાપો નાચીઇરે,
તે જાણું સુણિ માત.
તુઝ સુત કેશ ઉપમ લહીરે,
પરમાનંદ ન માત સીમં૦ ૮

૧ P સારંગ-મલ્હાર,

૧ P ઝ, ૨ P ઉ,

[ટાઇટલ ૨ જા પેજથી ચાલુ]

૧૯૬૩ કે. બા. ફંડની સ્થાપના જે ૧૯૬૪ માં લખી છે. તે તપાસ કરી સુધારવું.

સં. ૧૯૭૦—પાટણમાં—આ ફકરામાં સં. ૧૯૭૧ મહા શુદી ૧૦ બોમણી આગમોદય-સમિતિની સ્થાપના તથા ચતુર્માસમાં પ્રથમ વાચના પાટણમાં.

સં. ૧૯૭૫ શ્રી જૈનાનંદ પુસ્તકાલયની સ્થાપના અને ૧૯૭૬માં જીવણચંદ નવલચંદ શેઠનો પાલીતાણાનો સંઘ તથા દેવદ્રવ્ય ચર્ચા.

(જૈન સાહિત્ય પ્રદર્શન)

સં. ૧૯૮૭ અમદાવાદ સાહિત્ય સંમેલન કરાવ્યું, આ કાર્ય નોંધવું સાવ રહી ગયું છે; તે ખ્યાન ઉપર લક્ષ નોંધશો.

પૃષ્ટ ૧૬૫—વિ. સં. ૧૯૮૭-વડોદરા સંન્યાસ બીલ સંબંધી વિ. સં. ૧૮૭૯ જોઇએ તે સુધારવું.

પૃષ્ટ ૧૬૯—ગ્રંથોની નોંધ ૧ ઉપદેશરત્નાકર (પાલીતાણા પં. અમૃતલાલનો શોધેલ છે) ૪૪-૪૫ કર્મગ્રંથ સટીક ભા. ૧-૨ જૈનધર્મ પ્રસારક સભાએ પ્રકટ કર્યા છે. શોધ્યા છે પૂજ્યપાદ શ્રીએ.

સં. ૧૯૬૨ માં ભાવનગરના ચૌમાસા વખતે કર્મગ્રંથ, પંચાસક, પ્રશમરતિ-પરિશિષ્ટ પર્વ ત્રિષષ્ટિ આદિ ગ્રંથો મુદ્રિત કરવાનો પ્રબંધ કર્યો, સદ્ગૃહસ્થોને તે મુદ્રિત કરાવવામાં નાણાની મદદ માટે તૈયાર કર્યા; અને તે પોતે સંપાદન કરી શોધી છપાવ્યા. પ્રસ્તાવના પૂજ્યપાદની લખેલી તે પ્રથમા વૃત્તિમાં છે. અને જૈનધર્મ પ્રસારક સભા તરફથી બહાર પડયા. આ કાર્યની નોંધ પણ લીધેલ નથી તે પણ લેવી.

સિદ્ધચક્ર તપાસતાં ઉપર્યુક્ત લખેલી બાબતો સ્મરણમાં આવી તે લખી દીધી છે. તેમાં તપાસ કરી સુધારો કરવો જીવન ચરિત્ર લખાતાં સાલો પણ વિસંવાદી ન જોઇએ માટે આ પત્ર લખી મોકલ્યો છે.

અત્રે જેઠ શુદી ૬ થી અઠ્ઠાઇ ઓચ્છવ શરૂ થયો છે. અને અત્રેના ગૃહસ્થોનો અભિપ્રાય કાયમી સ્મારક તરીકે ગુરૂમંદિર બનાવવાનો છે. જમ્યા વિગેરે બાબતોમાં વિચારની આપલે થઇ રહી છે ગુરૂમંદિરમાં તેઓના રચેલાં ગ્રંથોનો સ્ટોક રાખવો, તથા સુંદર ગુરૂમૂર્તિ શોભનિક પધરાવવી તથા આરસની તક્તિ ઉપર તેઓના પ્રસિદ્ધ કાર્યોના લેખો કોતરાવવા વિચાર કરી રહ્યા છે. આ હકીકત પણ સિદ્ધચક્રમાં પ્રસિદ્ધ થશે તો ઠીક ગણાશે એજ.

મુનિમંડલને સુખસાતા પ્રછશો, અત્ર સર્વે સુખસાતામાં છે. મ્હારૂં શરીર સ્વાસ્થ્ય બરાબર નથી.

———

તા. ૨૬-૫-૫૦

ઉજમબાઇનો મેડી પાલીતાણા

શ્રી સિદ્ધચક્રના તંત્રી સાહેબ-મુ. સુરત.

પાલીતાણાથી લી. મહાજનશ્રીના ફરમાનની માણેકચંદ બેચરના પ્રણામ વિનંતી સાથે જણાવવાનું કે, આપના અંકમાં પાલીતાણાના સંઘનું નામ છાપેલ નથી, તો અમારા સંઘના નામનો તાર તથા વનમાળી બેચરના નામનો તાર મળેલ છે કે કેમ ? તેની તપાસ કરજો. અને આ પત્રથી બન્ને તારની નોંધ લેશો.

———

પાલણપુરથી—પૂ. શ્રી વલ્લભસૂરિવર્યનો તાર હમોને મળ્યો નથી, અને તેથી નોંધ લીધી નથી; પરંતુ ઝવેરી ભોગીલાલ રીખવચંદના પત્રથી તાર મુકેલો છે, તેની નોંધ લીધી છે.

ઇ. પોતે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર, મુંબઇ.

તંત્રી સ્થાનેથી.

અનુમોદનીય-આરાધના, અને શ્રવણાદિ.

વડોદરા મુકામે પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર ઠાણા ૯ સાથે શાસન પ્રભાવના વધે તે રીતિએ શ્રીસંઘે પ્રવેશ કરાવ્યો, ત્યારથી વ્યાખ્યાન વાણીનો લાભ સારા પ્રમાણમાં સકળ સંઘ લઇ રહ્યો છે. વિશેષમાં શ્રમણ-ધર્મ પાળવામાં અશકત શ્રમણોપાસક-વર્ગ શ્રમણોપાસક-ધર્મની આરાધના કરીને શ્રમણોપાસકપણાને દિપાવી શકે તે હેતુથી, અને સકળ સંઘે આગળ નહિં શ્રવણ કરેલ હોવાથી પૂ. પંન્યાસશ્રીજીને વિનંતિ થતાં દ્વિતીય અશાડ સુદ ૧૧ ને દિવસે પ્રથમ વ્યાખ્યાનમાં સાતમું અંગ શ્રીઉપાસક-દશાંગ અને ભાવનાધિકારમાં શ્રીસમરાઇચ્ચ-કહા વાંચવાનું અગાઉથી નક્કી થયેલ હતું. આ વાતની જાહેર થવાની સાથે તેજ દિવસે સાથે સાથે અઠ્ઠાવીશ લબ્ધિ નામના તપો ધર્મની આરાધના કરાવવાનું પણ નક્કી થયેલ છે. ઉપર જણાવેલ વ્યાખ્યાન વાંચવાના દિવસે લગભગ ૫૧) એકાવન મણ ઉપરાંત ઘીની ઉપજ સૂત્ર વહોરાવવા સંબંધમાં અને જ્ઞાન પૂજા વિગેરેમાં થઇ હતી.

પ્રથમ દિવસે સાતમા અંગના પ્રારંભમાં **પૂ. પંન્યાસપ્રવરશ્રીજીએ** ઉપાસનાશીલ-વિશ્વને કઇ ઉપાસના આત્મહિતકર અને સ્વ. પર હિતદાયક નીવડી શકે ?, તે માટે ઉપાસનાના વિવિધ પ્રકારોમાંથી બેજ ઉપાસના સ્વ. પરહિતકર છે, ૧ શ્રમણ ધર્મની અને ૨ શ્રમણોપાસક ધર્મની. આ સાતમા અંગમાં શ્રમણોપાસક ધર્મની ઉપાસનાનું સ્વરૂપ, ઉપાસકનું સ્વરૂપ, અને ઉપાસ્ય વર્ગનું સ્વરૂપ કઇ રિતિએ છે; તેનું સ્પષ્ટતઃ પતિપાદન કરાય છે. સાતમાં અંગનો પૂર્વના અંગ સાથે કેવો સંબંધ છે ?, સાતમું અંગ એ કયા પુરૂષનું વિશિષ્ટ અંગ છે ?; તે સંબંધમાં વિસ્તૃત વ્યાખ્યાન સાથે આ પ્રથમ વ્યાખ્યાનનો પ્રારંભ થયેલ છે. ભાવનાધિકારમાં પણ બીજા વ્યાખ્યાનની શરૂઆતમાં ભાવનાધિકાર એટલે શું ?, તે ઉપર વિસ્તૃત શંકા. સમાધાન જણાવીને ધર્મકથાનુયોગમાં કલ્પિત અને ચરિત વિભાગમાં વહેંચાયેલી કથાઓ શ્રોતાઓના જીવનનું સુંદર ઘડતર કઇ રીતે ઘડી શકે છે ?, તે શ્રવણ કરીને સકળ શ્રીસંઘ શ્રવણમાં વધુ ને વધુ ઉત્સાહિત રહ્યો છે. વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં શ્રોતાઓ લાભ લે છે. અઠ્ઠાવીશ-લબ્ધિની આરાધના-કરનાર ૯૨) ભાઇ-બહેનોને ને શ્રેષ્ઠિ રંગીલદાસભાઈ—તરફથી રૂપીયો ને શ્રીફળ આપવાનું નક્કી થયેલું છે, અને રોજ રોજ નવ-નવીન પ્રભાવનાઓ પણ ચાલુ છે.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૨૬-અંક-૧૨ મો. ભાદ્રપદ-માસ. તા. ૧૭-૯-૫૦.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

સાધર્મિક પ્રતિ સદ્‌ભાવ.

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજજી.

"જૈન કુટુંબે માં મુખ્યત્વે ઉમ્મર લાયક પુરૂષો રહો અને આખું કુટુંબ ખાય" આવી આપણી કુટુંબ વ્યવસ્થા છે. તેમાં પણ ઘણાં કુટુંબો તો એવાં છે કે રળનાર એક અને ખાનારાઓ ડઝન બંધ. આવક થોડી અને ખાધા ખર્ચ મોટા પ્રમાણમાં સાથે મોંઘવારીની વિષમ પરિસ્થિત છે. એવા પણ જૈન કુટુંબો છે કે બધાએ રીતરિવાજો અને રૂઢિઓને તિલાંજલિ આપીને પેટ પુરતું સવાર સાંજ ખાઇ શકે તેટલું પણ મેળવાને અશક્ત છે. બીજા વિશ્વયુદ્ધની શરૂઆતમાં ધીમે ધીમે અને તે યુદ્ધની સમાપ્તિ પછી ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારાથી ભયભીત સમયે તો મોટી સંખ્યાના જૈન કુટુંબોને ચાલુ જીવનકલહ કઈ રીતિએ ચલાવવો એ એક મુશ્કેલ પ્રશ્ન થઈ પડયો છે. આવા અવસરમાં લક્ષ્મી પ્રત્યેનો મોહ-મમત્વ ઘટાડીને સાધર્મિક-ભાઈ બહેનો પ્રતિ છુટે હાથે આપીને કૃતાર્થ થશો જે લક્ષ્મી જન્મતાં સાથે લાવ્યા નથી, મરતાં સાથે લઈ જવાના નથી, અને જન્મ મરણના વચલા ગાળામાં એ લક્ષ્મી રહેજ એવો નિયમ ઘડી શકાતો નથ: અરે! તે સંબંધી વીમો ઉતારનારી કંપની પણ નથી, તો તે ચંચળ લક્ષ્મીને અવિચળ બનાવવા માટે છેલ્લા બે આદરણીય-સન્માનીય ક્ષેત્ર શ્રાવક શ્રાવિકા રૂપ **સાધર્મિક સદ્‌ભાવની વૃદ્ધિ કરીને** કૃતાર્થ થાઓ.

વી. સં. ૨૪૭૬.
વિ સં. ૨૦૦૬.
ઈ સ ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ અકના-
રૂ. ૦—૪—૬

અનુમોદનીય-આરાધના.

ધન્દોર—ચાતુર્માસ રહેલા અત્રે સુવિનયવતી સાધ્વી શ્રી તિલકશ્રીજીના સુશિષ્યા સાધ્વી શ્રી મનહરશ્રીજીની નિશ્રામાં માસક્ષમણ-૬, ચત્તારિ અટ્ઠદોય કરનારા-૧૭, સિદ્ધિતપ-૨, સોળભક્ત-૮, અને તે સિવાય ૧૨-૧૧ ૧૦-૯-૮ વિગેરે તપશ્ચર્યા કરવાવાળા પચાસની સંખ્યામાં હતા; શ્રદ્ધાગુણસંપન્ન લાલચંદ નાગોરી તરફથી પૂજા-પ્રભાવના આંગી વિગેરે સારા પ્રમાણમાં થયો હતો. સંઘના બીજા ભાઈઓએ પણ શાસન પ્રભાવના સારા પ્રમાણમાં કરી હતી. તથા તેઓની શિષ્યા સાધ્વી શ્રી સંયમશ્રીજીએ શ્રીવર્ધમાન તપની ૫૪ મી ઓળી નિર્વિઘ્ને પૂર્ણ કરી છે. વિશેષમાં ઈંદોર શ્રી જૈની શ્વે. મૂર્તિપૂજક સંઘ તરફથી નવીન તૈયાર થયેલ ઉપાશ્રયની ઉદ્ઘાટન ક્રિયા શ્રદ્ધગુણસંપન્ન લાલચંદ નાગોરીજીના શુભ હસ્તે શ્રા. સુ. ૧૩ ના રોજ હતી, અને તે પ્રસંગે રૂા. ૨૧૦૦) એકવીસ હજાર રૂપીઆ બાંધકામમાં ભેટ કર્યા છે. ઉદ્ઘાટન નિમિત્તે શાંતિસ્નાત્ર અષ્ટાન્હિકા મહોત્સવ પણ થયો હતો.

સુરત—અત્ર સ્વ૦ પૂજ્ય આગમોદ્ધારક શ્રી આનંદસાગર સૂરિશ્વરજીના સમાધિ મંદિરનું શિલારોપણ માણસા નિવાસી મૂળચંદ વાડીલાલના શુભ હસ્તે થયું છે, અને આવનારાઓએ આ નિમિત્તે સારી રકમો ભેટ આપીને શાસન પ્રભાવનામાં વૃદ્ધિ કરી છે.

વેજલપુર-ભરૂચ—અત્રે શ્રી ઋષભદેવજી ભગવાનનું પ્રાચીન મંદિર નવેસરથી બાંધવાનું હોવાથી તે નિમિત્તે શ્રેષ્ઠીવર્ય ચંદુલાલ નાથાલાલના શુભ હસ્તે ખાસ મુહૂર્ત શ્રા. સુ. ૧૩ના રોજ થયું છે, અને દેરાસરજીના બાંધકામમાં રૂા ૨૦૨૫) તથા જીર્ણોદ્ધાર કમીટીના સાધારણ ખાતામાં રૂા. ૩૫૧)ની રકમ સમર્પણ કરી છે. આ મંદિરના બાંધકામ પાછળ લગભગ ૮૦ થી ૯૦ નેવું હજાર સુધીનો ખર્ચ થવા સંભવ છે. મંદિરના વહીવટદારો પાસે રૂપીઆ ૪૫) પીસ્તાલીસ હજારની જોગવાઈ છે માટે બાકીના રૂપીઆ જે મંદિરના વહીવટદારો પાસે દેવદ્રવ્યમાં વધારો હોય તો આ મંદિરના જીર્ણોદ્ધાર ખાતે આપી કૃતાર્થ થશો એવી તે સંઘની વિનંતિ છે.

વડોદરા—અત્ર પૂ. પન્યાસ પ્રવર શ્રીચંદ્રસાગરજી ગણીન્દ્ર આદિ આઠ ઠાણો બિરાજે છે. ચાતુર્માસની શરૂઆતથી શ્રી અઠ્ઠાવીશલબ્ધિની અને શ્રી નવકાર મંત્રના આલેખન પૂર્વક બન્નેને તપની આરાધના શરૂ થઈ. અનુક્રમે તે બંન્ને આરાધનામાં ૮૦-૧૨૦ ભાઈ બ્હેનોએ લાભ લીધો. તે નિમિત્તે પ્રભાવનાઓ સારા પ્રમાણમાં થઈ. તે ઉભય તપની ઉજવણી નિમિત્તે રથયાત્રાનો વરઘોડો શાસન પ્રભાવના વધે તે રીતિએ ચઢાવવામાં આવ્યો હતો, અને દેવ દ્રવ્યમાં તથા જ્ઞાન દ્રવ્યમાં સારી ઉપજ થઇ હતી, અને શાસન પ્રભાવના સારા પ્રમાણમાં થઈ હતી.

નોંધ લીધી છે—સ્વર્ગસ્થ પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્યદેવના સ્વર્ગવાસ નિમિત્તે ખોટાદ મુકામે સાધ્વીશ્રી રંજનશ્રીજી આદિઠાણાએ; દેવવંદન કરીને, શાસન અને સમુદાયને ખોટ ન પુરી શકાય તેની બીનાનો તાર કર્યો હતો; તથા તે નિમિત્તે પૂજા ભણાવી હતી. આ સંબંધની નોંધ "આગમોદ્ધારક-અંક"માં લેવી રહી હતી.

મુંબાઇ—અત્ર સ્વ૦ પૂ શ્રી આગમોદ્ધારક આચાર્યદેવના સ્વર્ગવાસ નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ તથા અષ્ટોત્તરી સ્નાત્રની ઉજવણી શાસન પ્રભાવના વધે તેવી રીતે થઈ છે પૂ. શ્રી આગમોદ્ધારકની ચાતુર્માસોની સાલવાર નોંધ સાથે આગમ-વાંચનાનો દેખાવ અતીવ દર્શનીય હતો.

જામનગર—અત્ર મંત્રી પોપટલાલ ધારશીભાઈ નગરશેઠના શુભ પ્રયાસથી અષ્ટાન્હિકા મહોત્સવ તથા શાંતિસ્નાત્ર આગમોદ્ધારક પૂ. શ્રી આનન્દસાગરસૂરીશ્વરના સ્વર્ગવાસ નિમિત્તે શાસન પ્રભાવના વધે તે રીતિએ ઉજવવામાં આવ્યો હતો.

અમદાવાદ—અત્ર પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્યદેવના સ્વર્ગવાસ નિમિત્તે શેઠ છોટાલાલ પીતાંબરદાસ,

(વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જું.)

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૧૮.

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. શાસનના માલિક-વૈદ્ય ઉપર ભરોસો નહિં રાખનારા કર્મરોગીઓનું શું થાય? તે વિચારો.

૨. આત્માના ત્રણ ભેદ એટલે બહિરાત્મા, અંતરઆત્મા અને પરમાત્મા છે, આ ત્રણેના સ્વરૂપને વિવેક પૂર્વક સમજો.

૩. નિશ્ચયનયની અપેક્ષાએ સિદ્ધ ભગવંતનો જીવ, અને નિગોદનો જીવ બંને સરખા છે.

૪. પરોપકારિ—ઉપદેશક મળ્યા છતાં આત્માના વાસ્તવિક સ્વરૂપને ઓળખતા નથી, તો પછી ઉપદેશકનો સંયોગજ ન મળ્યો હોત તો આ આત્માનું શું થાત?

૫. સાધુઓના સંસર્ગથી ગુણોનું આવાગન, અને દોષોનું વિસર્જન થાય છે.

૬. નિયમિત ધર્મકરણી કરનારો નંદમણીઆર સમ્યકત્વનું વમન કરીને મિથ્યાત્વમાં જાય છે, એ જ્ઞાતાસૂત્રના પ્રસંગને વિચારો.

૭. શુભ—સંસર્ગ એ જીવોને સારા સંસ્કારોથી વાસિત કરે છે, અને અશુભ સંસર્ગએ ખરાબ સંસ્કારોથી વાસિત કરે છે.

૮ ચોરો પાસે રહેલો પોપટ, અને તાપસો પાસે રહેલો પોપટ; એ જન્મ આપનારી માતા એક છતાં સંસર્ગનું પ્રબળ સામ્રાજ્ય છે.

૯. અનાદિકાળથી સંસારની વાસનાથી વાસિત થયેલ આત્મા પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી ગયો છે.

૧૦. નહિં સાંભળવાની ઈચ્છા છતાં, અને ભૂલી જવાનો પ્રયત્ન કર્યો છતાં; સાંભળેલા પ્રભુ શ્રી મહાવીરનાં વચનો રોહિણીયા ચોરને માર્ગદર્શક થયાં, તો પછી નિયમિત વીતરાગની વાણી સાંભળનારને કેટલો લાભ થાય?, તે વિચારીને અમલ કરો.

૧૧. જીનેશ્વરની વાણી જીવોને એકાંત-હિતકારિણી છે.

૧૨. પચ્ચકખાણ નહિં કરનારને પાપ કર્મોનું આવાગન કરાવનાર અવિરતિ છે.

૧૩. કષાયોને ઉત્પન્ન કરવામાં મદદગાર નોકષાયો છે. જીવો મિથ્યાત્વાદિ વાસનાથી કાર્મણવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે, તેને કર્મ કહેવાય છે; આ પદાર્થને સમજતાં શીખો.

૧૫. આત્મિક-આઠ ગુણોને રોકનાર કર્મ છે.

૧૬. સમ્યકત્વના સેવનથી, વિરતિને આદરવાથી, અને ક્ષમાદિક ધર્મનું પાલન કરવાથી બાંધેલા કર્મોને તોડી શકીએ છીએ.

૧૭. ઘોરાંથી ભરેલી મુઠીને ઢીલી ન કરનાર માંકડો મુંઝાય છે, તેના કરતાં સંસારના અનેકવિધ બંધનોથી બંધાયેલો સમજુ જીવ વધુ મુંઝાય છે.

૧૮. સમ્યગ્દર્શન—જ્ઞાનની પ્રાપ્તિ-ટકાવ વૃદ્ધિ આદિ મળે જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોની હરદમ સેવા કરવી, અને તેઓની વિરાધના ટાળવી અવશ્યમેવ જરૂરીની છે.

૧૯. રત્નત્રયોની પ્રાપ્તિ—ટકાવાદિ માટે શાસન-માન્ય-ક્રિયાનો જરૂર છે.

૨૦. શ્રદ્ધા પામવાના આસ્તિકયાદિ અનુક્રમને સમજશો, ત્યારે સમ્યકત્વનો સાચો કીંમત સમજશો.

૨૧. છોકરો ભણતો જાય છે, અને ભૂલતો જાય છે; તેમજ આ જીવ પણ સમ્યકત્વની વાસનાને વિસરી જાય છે, છતાં વારંવાર ક્ષાયોપશમિક ભાવનું સમ્યકત્વ સંસ્કારને સુદૃઢ બનાવે છે

૨૨. ભૂલકણા-શ્રોતાઓને દેખીને ઉપદેશકોએ કંટાળવું નહિં.

૨૩. રત્નત્રયી-સંબંધની ક્ષાયોપશમિક-ભાવની ક્રિયા ચાલી જાય તો પણ નિરૂત્સાહિ થવાનું નથી.

૨૪. ક્ષાયોપશમિક—ભાવોનું મહત્વકાર્ય સંસ્કાર પાડવાનું અને પડેલા સંસ્કારને વધારવાનું છે.

૨૫. ક્ષાયોપશમિક ભાવની ક્રિયા ચાલી જાય, છતાં સંસ્કાર તો રહી જાય છે.

૨૬. ક્ષાયોપશમિક-ભાવનાઓ રહી ગયેલા સંસ્કારથી પુનઃ પ્રાપ્ત થયેલ ક્ષાયોપશમિક ભાવ તે સંસ્કારની વૃદ્ધિ કરે છે.

૨૭. સમ્યગ્જ્ઞાન ક્રિયાનો સુમેળ ઇષ્ટસિદ્ધિને આપી શકે છે.

આત્માનું સંક્ષિપ્ત સ્વરૂપ.

"ક્ષાયોપશમિકે ભાવે૦" શાસ્ત્રકાર-મહારાજા-શ્રીમાન્-ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી—મહોપાધ્યાયજી મહારાજ શ્રી જ્ઞાનસાર નામના અષ્ટક પ્રકરણની રચના કરતાં જણાવી ગયા કે સંસારમાં જીવન ટકાવવા માટે અને તે સંસાર સંબંધીના નિર્વાહના સાધનો માટે જગતે જ્ઞાનની જરૂરીઆત સ્વીકારી છે, છતાં તે જ્ઞાન સાથે લાભ લેનારાઓએ પ્રવૃત્તિ-વર્તન કે ક્રિયાનો અપલાપ કર્યો નથી; તેવીજ રીતે આ જૈન શાસનમાં પણ જ્ઞાન અને ક્રિયાના સંયોગથીજ કાર્યસિદ્ધિ સ્વીકારી છે, રોગથી ગભરાયેલો રોગી વૈદ્ય પ્રત્યે જે બહુમાન ધરાવે છે, અને તેના કહ્યા પ્રમાણે વર્તે છે, તેજ પ્રમાણે સંસાર-રોગના ધન્વંતરી સમાન શ્રી જિનેશ્વરદેવ પ્રત્યેની લાગણી અને તેના કથન પ્રત્યે પણ તેટલો આદર નથી. તમને પૂછીએ કે સર્વજ્ઞ વૈદ્ય ઉપર ભરોસો છે ?, કહો કે નહિંજ. કેમ ?, તો કે હજુ સુધી પેલા શાસનના માલિક-વૈદ્ય ઉપર ભરોસો નથી આવ્યો, પરંતુ જડ જીવનરૂપ શરીરને બચાવનાર વૈદ્ય તરફ જેટલો ભરોસો આ જીવને છે તેટલો ભરોસો જીનેશ્વર ભગવાન સરખા વૈદ્ય ઉપર આવ્યો નથી. જો જીનેશ્વર સરખા વૈદ્ય ઉપર ભરોસો આવ્યો હતે તો આ જીવ મરણના ડરને બદલે જન્મથી આ જીવ જરૂર ડરત. મરણનો જેટલો ડર છે, તેના એક કરોડમા ભાગ જેટલો પણ જન્મનો ડર આ જીવને નથી: કારણ કે તેની વિચારણામાં આ જીવ ઊંડો ઉતર્યો નથી. જન્મ શું ચીજ છે ?, તેનો એટલે જન્મ કેમ થાય છે તે સંબંધિનો વિચાર આવ્યો હતે, તો જરૂર જીનેશ્વર સરખા વૈદ્ય ઉપર ભરોસો રાખવા ભૂલત નહિં. યાદ રાખો કે જન્મથીજ નથી ડર્યો. માટે વૈદ્ય ઉપર ભરોસો કયાંથી આવે ? કારણ કે આ આત્માએ આત્મા ચીજને હજુ જાણી નથી. આ જગતમાં જીવોને આત્માને જાણવો તે બહુ કઠિન કાર્ય છે, તે આત્માને કોઈ વિરલાજ દેખી શકે છે; અને તેને ઓળખી શકે છે. દરેક આત્માની વિચારણા કરતાં બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મા એમ તેના ત્રણ ભેદો શાસ્ત્રોમાં બતાવ્યા છે. બાહ્ય ક્રિયા-કરવા દ્વારાએ જણાય તે બહિરાત્મા છે, અંતરાત્મા પુદ્ગલની અંદર ઘર કરીને રહેલો ચૈતન્ય સ્વરૂપ તે અંતરાત્મા છે, અને કર્મરૂપ આવરણને દૂર કરેલા હોય તેનો શુદ્ધ-ચિદાનંદ-સ્વરૂપ જે આત્મા તે પરમાત્મા કહેવાય છે; અને તે સિદ્ધ—પરમાત્માનો જે આત્મા તે પરમાત્મા ગણાય છે. નિશ્ચય નયની અપેક્ષાએ સિદ્ધના જીવોનો આત્માને નિગોદનો આત્મા સરખોજ છે, પણ તેમાં ફરક માત્ર એટલોજ છે કે નિગોદના આત્માને કર્મના આવરણો લાગેલા છે. જ્યારે પરમાત્મા રૂપ સિદ્ધ-ભગવાને તે આવરણોને સર્વથા દૂર કરેલા હોવાથી આત્માના અનંત-જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ચાર ગુણો પ્રગટ કરેલાં છે. પ્રસંગોપાત અત્ર આત્માના ટુંક સ્વરૂપનું વિવેચન કર્યું છે.

સંસર્ગથી લાભાલાભ.

આત્માનું બીજું ઘણું સ્વરૂપ છે પરંતુ તે કહેવા જતાં બહુ ટાઈમ જોઈએ, છતાં યાદ રાખો કે જે જીવોએ પોતે પોતાના આત્માને જ્યાંસુધી જાણ્યો નથી, ત્યાંસુધી વૈદ્યને પણ ઓળખ્યો નથી. આત્મા જણાય ત્યારે પૂર્વ

ત્રણ વિભાગમાંથી આપણે કયા વિભાગમાં છીએ તે સમજાય. આત્માના રોગના નિદાન બતાવનાર જીનેશ્વર ભગવાનરૂપી વૈદ્યને હજુ આ જીવે ઓળખ્યાજ નથી. આત્મા ચીજ જાણી હતે તો મરણ એક ઓચ્છવ સમાન લાગત, અને જન્મનો ભય થાત. આત્મા ચીજ જાણવી કેટલી મુશ્કેલ છે. જો ઉપદેશક મલ્યા, છતાં પણ આત્માને જાણવો મુશ્કેલ છે, તો પછી ઉપદેશક ન મલ્યા હોત તો આ આત્માનું શું થાત ? આ આત્મા અનાદિ કાળથી રખડે છે, તેમાં નવાઈ નથી. આવી ઊંચી સામગ્રી-સાધન-સંયોગ—સ્થીતિમાં પણ ઉપદેશક મલ્યા છતાં, આ જીવ પોતાનું સ્વરૂપ વિચારતો નથી; તો પછી કયારે વિચારશે ? કારણ કે જેઓએ આત્માને ઓળખ્યો છે, આત્માને સાક્ષાત્ કેવળ જ્ઞાનથી દેખ્યો છે, તેવા ઉપદેશક સર્વજ્ઞ ભગવંત-મુખે આપણને આત્મતત્વ જણાવ્યું છે; અને ઓળખાવ્યું છે. શાસ્ત્રની અંદર તેને માટે ઘણા પ્રમાણો આપેલા છે, તો આવા સમર્થ-ઉપદેશક મલ્યા છતાં, પણ આપણે આત્માને ન ઓળખ્યો, અને સંસારમાં રઝળીએ છીએ; તેમાં ખરેખર આપણા કર્મનોજ દોષ છે. આ આત્મા ઉપદેશક મલ્યા છતાં પોતાનું સ્વરૂપ વિચારતો નથી, તો બીજા ભવમાં ઉપદેશકનો સંયોગ અને ઉપદેશની અસરજ કયાં ?, અને જાણવું તો કયાંથી થાય ?; જુઓ શ્રી જ્ઞાતા-સૂત્રમાં જણાવે છે કે સાધુના સંસર્ગ વગર ધર્મ કરણી કરનારો છતાં નંદ મણીઆર મિથ્યાત્વમાં જાય છે. ઉનાળામાં ચોવિહારો અઠમ કરીને ત્રણે દિવસ પોસહ કરનાર હતો, તેવો પણ નંદ મણીઆર સાધુના સંસર્ગ વગર સમ્યકત્વ પામીને મિથ્યાત્વે ગયો. સાધુઓના સંસર્ગથીજ ગુણની પ્રાપ્તિ, અને દોષોનું વિસર્જન જીવને પ્રાપ્ત થાય છે.

સંસર્ગ-સંબંધમાં કથાનક.

જેવા સંસર્ગમાં આ જીવ આવે છે, તેવા સંસ્કાર આ જીવને પડે છે, તેના ઉપર એકલે સંસર્ગ સંબંધ-એક દૃષ્ટાંત છે કે-એક રાજા હતો તે અશ્વની પરીક્ષા કરવા અશ્વ ઉપર બેસી બહાર ફરવા નિકલ્યો છે. તે અશ્વ વકશિક્ષિત હતો, તેથી તે રાજા જેમ જેમ તેને ધીરે ધીરે ચલાવવા કોશિષ કરે છે, તેમ તેમ તે અશ્વ બહુજ તીવ્ર ગતિથી જાય છે; છેવટે તે અશ્વ રાજાને માણસ રહિત ભયંકર વનમાં લઇ ગયો. ત્યાં રાજાએ ચોરોની પલ્લી જોઇ તે પલ્લીની બહાર એક પાંજરામાં પોપટ રાખેલ હતો આ પોપટ તિર્યંચ ભાષામાં બોલ્યો કે-"હે ચોરો ! આ રાજા એકલો જાય છે. તેની પાસે ઘરેણાં વિગેરે ઘણું ધન છે, અને આ લાગ સારો છે માટે તમારે લુંટવો હોય તો, હે ચોરો ! તમો પલ્લીથી બહાર આવો." રાજા તિર્યંચની ભાષા સમજતો હતો તેથી સમજી ગયો કે આ પોપટ મને લુંટવા માટે ચોરોને કહે છે. તેથી તેણે ત્યાંથી પલાયન થવાનું વિચાર્યું, અને ઘોડાએ તેને દુર લાવી મૂકયો. આગળ કેટલેક દૂર ગયો એટલે તાપસનું આશ્રમ આવ્યું તે આશ્રમની બહાર પણ પાંજરામાં એક પોપટ રાખેલ હતો તે પોપટ પોતાની ભાષમાં તાપસોને નીચે મુજબ જણાવે છે કે; "હે તાપસો ! તમારે ઘરને આંગણે રાજા જેવો મોટો મહેમાન આવેલો છે, તો તમો તેનું બહુમાન કરો આદર સત્કાર કરો, મેમાન ગતિ કરો કારણ જે આવા મોટા માણસોની અવસરે થોડી પણ ખરદાસ કરી હોય તો તે જીવને બહુજ લાભદાયી નિવડે છે." આ પ્રમાણેની પોપટની ભાષા સાંભળીને આશ્રમમાંથી તાપસો નિકલી આવ્યા રાજાને પોતાના આશ્રમમાં તેડી ગયા ત્યાં તેમને બેસવા આસન આપ્યું પાણી વિગેરે હાજી આપ્યું, ફળ ફુલ વિગેરે સુંદર તેની આગળ મૂકયાં; અને પૂછવા લાગ્યા છે તમે કોણ છો ? અહીં કયાંથી આવી ચઢયા ? વિગેરે. વાસ્તવિક ખબર પણ પુછી; અને રાજાએ પોતાની હકીકત જણાવી. તે સાંભળી તેઓ ખુશી થયા કે આહા આજ અમારે આંગણે કલ્પવૃક્ષ સમાન રાજા કયાંથી ? નીતિમાં એક કહેવત છે, અને તેમાં કહ્યું છે કે "આવ નહિં, આદર નહિં, નહિં નયનોમેં નેહ; તાસ ઘર કબુ ન જાઇએ, કંચન વરસે મેહ ॥૧॥"

જ્યાં કોઈને ત્યાં આપણે જઈએ ત્યાં આવકાર ન મળે, આદર સત્કાર ન થાય, તેની આંખની કીકીયો હસતી ન હોય; તે ઘેર મોનાના વરસાદ વરસે તો પણ જવું નહિં. વળી બીજે ઠેકાણે એમ પણ કહ્યું છે કે-'આવ ધણો, આદર ધણો, એહ નમણોમેં નેહ; તાસ ઘર નિત નિત જાઇએ, પત્થર વરસે મેહ' ॥૨॥ જ્યાં આવકાર ધણો હોય, આદર સત્કાર ધણો હોય; અને જે ઘરના માલિકની ઠિકિઓ હસતી દેખીયે તો તે ઘેર હંમેશા જઇએ. ભલે ત્યાં આપણને બીજી કાંઇ પણ પ્રાપ્તિ ન હોય, તો પણ ત્યાં જઇએ.

કથાનકનો ઉપનય.

આ ઉપર કહેવાની મતલબ એ છે કે જ્યાં આદર સત્કાર થાય ત્યાં જઇએ તો તેથી રાજા તાપસોની મહેમાનગતિથી ખુશ થઇ ગયો, અને તેમને એટલે તે તાપસોને પોતાનું સ્થાન જણાવ્યું. વળી પોતાને ત્યાં આવવા પણ કહ્યું. હવે તે રાજાના મનમાં એક શંકા રહ્યા કરતી હતી, તે તેણે તાપસના ગુરૂ કુલપતિને પૂછ્યું કે, હું અહીં આવતો હતો, તે પહેલાં રસ્તામાં મેં એક પોપટ જોયો, અને અહીં તમારા આશ્રમમાં પણ પોપટને જોયો; પણ તે બેઉમાં આટલો બધો તફાવત કેમ છે? રાજાની આ વાત સાંભળી કુલપતિએ જવાબ આપ્યો કે હે રાજન! સંસર્ગથી તે બેઉમાં આ પ્રમાણેનો તફાવત છે, નહિંતર તે બંનેના માતા પિતા એક છે. પરંતુ તેને પકડી ચોરો લાવ્યા તે તેના સહવાસમાં રહ્યો, તેથી ચોરને અનુકૂળ ચોરી કરવા સંબંધનું કામ તે શીખ્યો. કારણ કે ચોરો રોજ ધાડ પાડી આવે, અને જે વાતો કરે તે સાંભળવાથી તેને તેવાજ સંસ્કારો પડ્યા છે. અહીં રહેનો જે પોપટ છે, તેને આ અમારા તાપસો રોજ પુસ્તક આદિ વાંચે, તેમાં બતાવેલ વિનયના પાઠો સાંભળે, તેથી તેવા સંસ્કારો પડ્યા છે; માટે સંસ્કારો સંસર્ગથી પ્રાપ્ત થાય છે. જેવો સંસર્ગ તેવો રંગ, આ આત્માને પેસી જાય છે, તેટલા માટેજ ઉત્તમ સંસર્ગમાં રહેવાનું કહ્યું છે.

રોહિણીયાની કથાનું રહસ્ય.

વળી હંમેશાં સાધુના સંસર્ગથી તથા તેના ઉપદેશામૃતનું પાન કરવાથી આ આત્મામાં ઉચ્ચ સંસ્કારો જરૂર પડે છે. તો સાધુના સંસર્ગ વિના નંદ મણીયાર ચોવિહારો અઠ્ઠમ કરી પોસહ કરનારો પણ મિથ્યાત્વે ગયો. ઉપદેશક મલ્યા હોય ત્યારે આ આત્માએ પોતાનું સ્વરૂપ જરૂર ઓળખવું જોઇએ. જો તે વખતે પણ પોતાના સ્વરૂપને ન ઓળખી શકયો, તો પછી આ જીવ કયારે પોતાનું સ્વરૂપ ઓળખી શકશે? કારણ કે અનાદિ કાળથી સંસારની વાસનામાં રહ્યો હોવાથી આ ચેતન પોતાનું વાસ્તવિક-સ્વરૂપ ભૂલી ગયો છે. તેથી જીનેશ્વર ભગવાનનો ઉપદેશ પામ્યા છતાં, પણ આત્માને આત્માની સ્થિતિનો ખ્યાલ આવવો મુશ્કેલ પડે છે. જ્યાં જીનેશ્વરના વચનો ન સાંભળ્યા હોય ત્યાં જન્મને ખરાબ ગણવામાં આવેજ કયાંથી?, જીનેશ્વરના વચનોજ એવા પ્રકારના છે કે માણસને ઉંચી સ્થિતિએ લઇ જાય છે. રોહિણિયા ચોરને તેના પિતાએ પ્રભુ શ્રી મહાવીરના વચન સાંભળવાની ના કહેલી છે. તેનો પિતા મરી ગયા બાદ એક દિવસે અનાયાસે રોહિણીયા ચોરને શ્રી મહાવીર દેવના સમોસરણ પાસેથી જવાનું બન્યું. તે વખતે તે રોહિણીયાના કાનમાં આ શબ્દો પડી ગયા કે—'દેવતાઓ જમીનથી ચાર આંગળ ઉંચા ચાલે છે, અને તેઓ અનિમેષ-નયનવાળા એટલે હંમેશાં આંખનું મટકું પણ નહિ મારનારા હોય છે, અને અત્યંત સુંદર દેદીપ્યમાન કાયાવાળા; તથા હંમેશા પ્રમુદિત-ચિત્તવાળા હોય છે." આ શબ્દો સમવસરણ પાસે જતાં પગમાં કાંટો વાગ્યો, અને કાંટો કાઢતા જતાં કાન ઉઘાડા રહ્યા, અને તેથી તેણે સાંભળ્યા. તે ભૂલી જવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તે ભૂલાતાંજ નથી. શ્રેણિક રાજા આજ્ઞાથી રાજગૃહીમાં તેજ ચોરની

પકડવાનું કામ અભયકુમાર મંત્રીએ માથે લીધું છે. તે વખતે અભયકુમારે કપટથી તે ચોરને પકડવા. દેવલોક સરખી રચના કરીને રોહિણીયાને દારૂ પાઈને તેમાં સુવાડેલ છે. દારૂનું ઘેન ઉતર્યું, ત્યારે રોહિણીયો ચોર વિચારે છે કે શું હું સ્વર્ગલોકમાં આવ્યો છું? પણ પછી શ્રી મહાવીર ભગવાનના પેલા વચનો સાંભરી આવ્યા ને જાણ્યું કે ના હું તો સ્વર્ગલોકમાં નથી. આતો માત્ર અભયકુમારે મને ઠગવા માટે તથા પકડવા માટે આ કર્યું છે. તે વખતે રોહિણીયાને ભગવાનની વાણી ઉપર પ્રીતિ થઈ છે, અને તે વિચારવા લાગ્યો કે ધિક્કાર પડો મારા પિતાને કે મને આવી વાણી સાંભળવાનો નિષેધ કર્યો. પછી તે રોહિણીયો ચોર ચોરીનું કામ મૂકીને સારે રસ્તે વળગ્યો છે. આ કથા ઉપરથી સમજવાનું એ છે કે જીનેશ્વરની વાણી જીવોને એકાંત ગુણકારી છે.

કર્મ બંધના ચાર કારણો.

આ જીવે અનંતી વખત જીનેશ્વરને દેખ્યા, સાંભલ્યા છતાં જન્મનો ભય લાગ્યો કયારે?, મરણથી ભય લાગવો તે તો બધાને સિદ્ધ છે, એ કાંઈ વૈદ્યના વિશ્વાસે નથી, જન્મથી ભય કેમ પ્રાપ્ત ન થયો તો કે સંજોગ મલ્યા, છતાં પણ કર્મ રાજાએ વિવર આપ્યું નહિં. તેથી આપણે કર્મ તોડી શકયા નહિં કર્મ કોનું નામ? તો કે 'ક્રિયતે ઇતિ કર્મ' જે કરાય તેનું નામ કર્મ. તે કર્મ ચાર પ્રકારે બંધાય છે. ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ કષાય, અને ૪ યોગ રૂપ; એટલે સામાન્ય ચાર હેતુએ કરીને કર્મ બંધાય છે. પ્રથમ કર્મ બંધનું કારણ મિથ્યાત્વ છે. એટલે શ્રી જીન વચનથી વિપરીત પ્રરૂપણા કરવી તે. બીજું કર્મ બંધનું કારણ અવિરતિ છે, એટલે કોઈપણ જાતનું પચ્ચખાણ નહિં કરવા વડે જે પાપ લાગે છે, અને કર્મ બંધાય છે તે અવિરતિ. આ જગતના તમામ પદાર્થોને આ જીવ ભોગવતો નથી, ખાતો નથી, પીતો નથી, પહેરતો નથી; અને છેવટે સયંભૂ રમણ સમુદ્રનું પાણી આ જીવ પીવા જતો નથી, છતાં પણ તે બધા પદાર્થોનો ભોગવટો નહિં કરવા છતાં જ્યાંસુધી આ જીવે પચ્ચખાણ કર્યા નથી; ત્યાંસુધી તેનું જે પાપ તે તો આ જીવને લાગીજ રહ્યું છે. જૈન-શાસ્ત્રની આ માન્યતા છે. તો અવિરતિથી પણ કર્મ બંધાય છે. કર્મ બંધનું ત્રીજું કારણ કષાય છે. જે ક્રોધ માન માયા લોભથી ચાર ભેદે છે. તેના વિશેષ ભેદો પણ શાસ્ત્રમાં બતાવેલા છે. તેનું વિવેચન પ્રસંગોપાત અત્ર કરવામાં આવે છે. પ્રથમ અનંતાનુબંધી કષાય તે અનંત સંસાર બંધાવનાર છે, અને જાવજીવ સુધી આત્માની સાથે રહે છે, સમ્યકત્વનો ઘાત કરનાર છે તે કષાય છે. તેના ક્રોધ-માન-માયા-લોભ-એવા ચાર ભેદો છે. તે અનંતાનુબન્ધિનો ક્રોધ પર્વતની રેખા સમાન છે, માન પાષાણના થાંભલા સમાન છે, માયા ઘણુવંશના મૂલ જેવી વાંકી છે; અને તે લોભ કીરમજીના રંગ જેવો કહ્યો છે. બીજો અપ્રત્યાખ્યાની કષાય છે, એટલે તે કષાય કોઈપણ જાતનું પચ્ચખાણ જીવને કરવા દે નહિં; તેનું નામ અપ્રત્યાખ્યાની કષાય છે. તે કષાય વરસ સુધી જીવને રહે છે, અને દેશ-વિરતિપણું આવવા દેતો નથી. તે કષાયના પણ ક્રોધ-માન, માયા, અને લોભ એવા ચાર ભેદો છે. તેનો ક્રોધ પૃથ્વીની રેખા સમાન, માન હાડકાના થાંભલા જેવો, માયા મેંઢાના શીંગડા જેવી છે; તથા લોભ ગાડીના મળીના રંગ જેવો કહ્યો છે. ત્રીજો પ્રત્યા-ખ્યાની કષાય એટલે દેશથકીજ માત્ર પચ્ચખાણ કરાવે, પણ સર્વથી પચ્ચખાણ ન કરવા દે. તે ચાર માસ સુધી રહે છે, અને સર્વવિરતિનો ઘાત કરે છે. તેના પણ ક્રોધ, માન, માયા ને લોભ એવા ચાર ભેદો છે. તેનો ક્રોધ રેતીની રેખા સમાન છે, માન કાષ્ઠના થાંભલા જેવો છે, માયા બળદના મૂત્ર જેવી છે; તથા લોહ મેષના સરાવલા જેવો છે. ચોથો સંજવલન કષાય એટલે જેનાથી ચારિત્ર થોડું દીપે તે. સંજવલન કષાય તે જીવને પંદર દિવસ સુધી રહે છે, અને યથાખ્યાત

ચારિત્ર કે જે કેવળીને હોય છે તેને રોકે છે. તેના પણ ક્રોધ, માન, માયા ને લોભ એવા ચાર ભેદો છે. તેમાં ક્રોધ જળની રેખા સમાન છે. માન નેતરની છોતી સમાન છે, માયા વંશની છોતી બરાબર છે, અને લોભ કાદવના રંગ જેવો છે.

આત્મિક-ગુણોને રોકનાર-કર્મ.

આ પ્રમાણે ચાર કષાયના ક્રોધાદિક ચાર ચાર ભેદે ગણતાં સોલ ભેદ કષાયના થાય છે. બીજા નવ નોકષાય છે, તે કષાયને ઉત્પન્ન કરવામાં અંત્યંત મદદગાર હોવાથી તેને નોકષાય કહ્યા છે, તે હાસ્ય–રતિ–અરતિ–ભય–શોક–દુર્ગંછા. પૂર્વે જણાવેલ આ છ નિમિત્ત પામીને, અગર નિમિત્ત વિના જેના ઉદયથી જીવને હોય તે હાસ્યાદિક ષટ્ મોહનીય કહેવાય છે. એટલે જેના ઉદયથી હાસ્ય હોય તે હાસ્ય નોકષાય, એમજ રતિ એટલે પ્રીતિ, અરતિ એટલે દુઃખ, અને ભય–શોક ને દુર્ગંછા એમ રતિ વિગેરે જેનાથી થાય તે રતિ મોહનીય, અરતિ મોહનીય, ભય મોહનીય, શોક મોહનીય; અને દુર્ગંછા મોહનીય અનુક્રમે જાણવા. તદુપરાંત ત્રણ વેદને પણ નોકષાયમાં ગણ્યા છે. સ્ત્રી વેદ–પુરૂષ વેદને નપુંસક વેદ આ ત્રણ વેદ છે. પુરૂષ પ્રત્યે વિષય ભોગવવાની ઇચ્છા તે સ્ત્રી વેદ. સ્ત્રી પ્રત્યે વિષય સુખ ભોગવવાની ઇચ્છા તે પુરૂષ વેદ, અને પુરૂષ તથા સ્ત્રી તે બન્ને પ્રત્યે વિષય ભોગવવાની ઇચ્છા તે નપુંસકવેદ જાણવો. તેમાં સ્ત્રીવેદનો કામાગ્નિ બકરીની લીંડીની અગ્નિ જેવો છે, અને નપુંસકવેદનો કામાગ્નિ તે નગરદાહ એટલે નગરની ઉકરડાની ભૂમિમાં બળતા અગ્નિ જેવો છે. અને તે જીવોને નવમા ગુણ ઠાણા સુધી ઉદયમાં રહે છે. આવી રીતે સોળ કષાય અને નવ નોકષાય તેનાથી પણ કર્મ બંધાય છે. અને જેથી કર્મ બાંધવાનું સામાન્ય કારણ યોગ છે. મન–વચન–કાયાનો જે શુભાશુભ વ્યાપાર તે યોગ કહેવાય છે, તેનાથી પણ જીવો કર્મ બાંધે છે, તો આ ચાર હેતુથી કર્મ બંધાય છે. કર્મ એ શું ચીજ છે? એ આ સ્થળે પ્રશ્ન થશે, તેના પ્રત્યુત્તરમાં જણાવે છે કે કાર્મણ-વર્ગણાના પુદ્ગલો ચૌદરાજ લોકમાં ભરેલા છે તે પુદ્ગલોને જીવ પોતાના અધ્યવસાય વિશેષ કરીને ગ્રહણ કરે છે; ત્યારે તેને કર્મ કહેવામાં આવે છે. તે કર્મના મુખ્ય આઠ ભેદ છે તે આ પ્રમાણે પ્રથમ-જ્ઞાનાવરણીય કર્મ તે આત્માના જ્ઞાન ગુણને રોકે છે. બીજું દર્શનાવરણીય કર્મ તે આત્માના દેખવાના ગુણને રોકે છે. ત્રીજું વેદનીય કર્મ તે આત્માના અવ્યાબાધ સુખને રોકે છે. ચોથું મોહનીય કર્મ તે આત્માના અને ચારિત્ર રૂપી ગુણને રોકે છે. પાંચમું આયુષ્ય કર્મ તે આત્માની અક્ષય સ્થિતિને રોકી રાખે છે. છઠ્ઠું નામ કર્મ તે આત્માના અરૂપી ગુણને રોકી રાખે છે, તથા સાતમું ગોત્ર કર્મ તે આત્માના અગુરૂ-લઘુ ગુણને રોકી રાખે છે; અને આઠમું અંતરાય કર્મ તે આત્માનો દાનાદિક લબ્ધિઓ તેને રોકી રાખે છે.

સમ્યકત્વનું સ્વરૂપ.

તો ઉપર જણાવેલા આઠ કર્મ તે પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિ, ૨૫ કષાય; અને ૧૫ યોગથી બંધાય છે. પૂર્વે જણાવેલા તેવા કર્મ આપણે બાંધ્યા છે, અને તે કર્મને આપણેજ વિરતિ કરવાથી છોડી શકીએ છીએ. સમ્યકત્વ પ્રાપ્ત કરી તેને છોડી શકીએ છીએ તથા ક્ષમા આદિક ધારણ કરવા વડે તે કર્મ આપણે છોડી શકીએ છીએ. માંકડો પોતે બોરાં ભરેલી મુઠીને ઢીલી ન કરે તો માંકડો છુટે કયારે?, આપણે પણ હજારના તેવા બંધનથી બંધાયેલા છીએ. કર્મો ઢીલા

ન કરીએ તો શી રીતે છુટીએ? માટે આત્માને કર્મના ક્ષયનો, અને ઉપશમ કરવાની પ્રથમ જરૂર છે. આત્માનું યથાસ્થિત જ્ઞાન થવું, તેનું ટકવું, અને વધવું; છેવટે પરાકાષ્ટાએ પહોંચવું. તે બધું જ્ઞાન અને જ્ઞાનીની આરાધના કરવાથી અને વિરાધના ટાળવાથી થાય છે. તેમ સમ્યકત્વનું પ્રાપ્ત થવું ટકવું-વધવું તે પણ પૂર્વની જેમ રીતિએ વર્તવાથી આત્માને થાય છે. આત્માના જ્ઞાનને અંગે ક્રિયાની જરૂર છે, દર્શનને અંગે પણ ક્રિયાની જરૂર છે, તેમ ચારિત્ર તો ક્રિયા રૂપજ છે; આથી સમ્યગ્દર્શન તથા જ્ઞાન વધારવાનું બધું કાર્ય ક્રિયા ઉપર આધાર રાખે છે. બચ્ચાંઓ ભણે છે. એકજ વખત, એક વખત સાંભળ્યું અને જીંદગી માટે રહી ગયું તેમ બનતું નથી, પરંતુ સેંકડો વખત ભૂલે, પાછા સમજાવો ત્યારેજ ટકવાનો વખત આવે; અને સ્થિર થાય પણ આ બચ્ચું અસંખ્યાત વખત ભૂલે ને સમજાવો તો ઠેકાણે આવે. આ જીવ સમકિત પામી ભૂલ્યો. સમકિત શું ચીજ છે તે અત્રે પ્રસંગોપાત કહેવામાં આવે છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ તેને માટે આ પ્રમાણે કહે છે કે:—

या देवे देवता बुद्धिर्गुरौ च गुरुतामतिः।
धर्मे च धर्मधीः सम्यग्-सम्यक्त्वमिदमुच्यते ॥१॥

એટલે જે સાચા દેવમાં દેવપણાની બુદ્ધિ, સાચા ગુરૂમાં એટલે કંચન કામીનિના ત્યાગીમાં ગુરૂપણાની બુદ્ધિ, સાચા ગુરૂમાં એટલે કંચન કામીનિના ત્યાગીમાં ગુરૂપણાની બુદ્ધિ; અને સાચા-દયારૂપ ધર્મમાં ધર્મની બુદ્ધિ તેનું નામ સમ્યકત્વ કહેવામાં આવે છે.

આ જીવ યથાપ્રવૃત્તિ કરણે કરીને કર્મોની એક કોડા કોડી સિવાયની બધી સ્થીતિ ખપાવી નાંખે છે, પછી અધ્યવસાય વિશેષે કરી અપૂર્વ કરણમાં પેસે છે, તેમ પૂર્વે કોઈ વખતે ન આવ્યો હોય તેવો શુભ અધ્યવસાય જીવને આવે છે. ત્યારબાદ આગળ ચાલતાં અંતરકરણે કરીને મિથ્યાત્વ રૂપ જે રાગદ્વેષની ગ્રંથી તેનો ભેદ કરે છે, અને પછી અનિવૃત્તિકરણમાં તે જીવ દાખલ થાય છે. આમ દેવગુરૂ-ધર્મની માન્યતા શુદ્ધ તથા દ્રઢ કરવાથી જીવને સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. વળી તે સમકિતને અંગે એમ પણ કહ્યું છે કે:—

अरिहंतो मह देवो जावज्जीवं सुसाहुणो गुरुणो।
जिणपण्णत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं ॥१॥

જાવ જીવ સુધી અરિહંતો તેજ મારા દેવ છે, ગુરૂઓ સુસાધુઓ તેજ મારા ગુરૂ છે; અને જીનેશ્વરે બતાવેલું તત્ત્વ-ધર્મ તેજ મારો ધર્મ છે. આવા પ્રકારની શ્રદ્ધાવાળું સમકિત મેં ગ્રહણ કર્યું છે. તો આ જીવ સમકીત પ્રાપ્ત કરીને ભૂલ્યો. આત્માનું ભાન કરીને ભૂલ્યો અસંખ્યાતીવાર સમ્યકત્વની વાસ્તાને ભૂલ્યો, કારણ કે સમકિત ત્રણ પ્રકારના છે. ઉપશમ ક્ષાયિકને ક્ષાયોપશમિક. અનંતાનુબંધી ચોકડી તથા મિથ્યાત્વ મોહનીય, મિશ્ર-મોહનીય તથા સમ્યકત્વ-મોહનીય એ સાત પ્રકૃતિને ઉપશમાવવાથી ઉપશમ સમકિત થાય છે, અને એજ સાત પ્રકૃતિને ક્ષય કરવાથી ક્ષાયિક સમકિત કહેવાય છે; તથા તેમાંથી કેટલીક પ્રકૃતિનો ક્ષય કરે, અને કેટલીએક પ્રકૃતિને ઉપશમાવે તે ક્ષાયોપશમિક સમ્યકત્વ કહેવાય છે. આ સમ્યકત્વ જીવને અસંખ્યાતીવાર આવે છે, અને જાય છે. સમ્યકત્વના ભવોની અંદર અસંખ્યાતા ક્ષેત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જેટલો વખત સમ્યકત્વ પામે છે,

અને ભૂલે છે. પામેલા ન ભૂલે તેજ બલિહારી છે, પણ પામેલા ભૂલે તો અસંખ્યાતીવાર ભૂલે, તો પણ ઉપદેશકોને કંટાળવાનું ન હોય. એકજ ભવમાં પરિણામ નવ હજાર વખત આવે ને જાય છે. આથી એકજ વાત સમજવી કે આ જીવને સમ્યક્ત્વ ટકવું ઘણું મુશ્કેલ છે, પણ આમાં વળ્યું શું ?, છોકરાને બીજી વખત અને ત્રીજી વખત કહીએ છીએ, તે પછી પણ ભણેલાના સંસ્કાર તે બાળક રાખે છે, બીજી વખત તેટલી મહેનત પડતી નથી. તેમ જ્ઞાનાચાર દર્શનચારને અંગે ક્રિયા કરનાર થઇએ કદી ખસી જઇએ તો પણ આટલા માત્રથી છોકરાને ભણાવતા બંધ થતા નથી. તેમ સમ્યગ્દર્શનાદિ ત્રણની જે આરાધનાની ક્રિયા ક્ષાયોપશમિક ભાવની ચાલી જાય તો પણ નાશીપાસ થવાનું નથી. તે ચાલી જાય તો આત્મામાં તેના સંસ્કાર જરૂર રહે છે, છોકરો ભૂલી શકે છે તેમ ક્ષાયોપશમિક ભાવનાથી ક્ષાયિકમાં આવે છે, તો પરાવર્તન કરવાથી ભણાય છે. તેમ ક્ષાયોપશમિક ભાવની ક્રિયા ચાલી જાય તો સંસ્કાર રહે છે. ને ભવિષ્યમાં વધારે મલે છે. હવે તે ભાવમાં ક્રિયા કેમ બને છે તે વિગેરે અધિકાર જે બતાવશે તે અગ્રે વર્તમાન.

યાદ રાખો કે—

આ માસિકના ગ્રાહક થઇને, મિત્ર મંડળમાં આ માસિકનું વાચન વધે તે રીતિએ ઉદ્યમ કરીને સ્વ. આગમોદ્ધારકની વાણીથી કૃતાર્થ કરવા કરાવવાનું પુણ્ય હાંસલ કરો.

ઉપસંહાર.

આલેખનકાર:-**પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર.**

આસન્નોપકારિ ચરમતીર્થંકર શ્રીવીર વિભુના શાસનની પ્રભાવના કરનાર, ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહોપાધ્યાયજી મહારાજ શ્રી અષ્ટક પ્રકરણની રચના કરતાં ક્રિયા નામનું અષ્ટક રચે છે. તે અષ્ટકમાં "**क्षयोपशमिके भावे०**" એ પદથી શરૂ થતા શ્લોકનું વર્ણન આ શ્રીસિદ્ધચક્ર માસિક દ્વારા શરૂ કરેલ હતું, અને તે સંબંધમાં અઢાર વ્યાખ્યાનો રૂપ અમોઘ દેશના-૧૮ આવેલી હતી; તે વાંચકોએ વાંચીને, વિચારીને અને મનન કરીને જીવનની સફળતા સાધી છે. હવે આ પદ્ય-દ્વારાએ દેશનાકાર-સ્વ. પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન, એકલું જ્ઞાન અને એકલી ક્રિયા, ભાડે મળતું જ્ઞાન અને ભાડે નહિં મળતી ક્રિયા, ક્રિયા વિષયક ક્ષાયોપશમિક ભાવની વિશિષ્ટતા, અકામનિર્જરા-સકામનિર્જરા, ગ્રંથી ભેદાને ભેદનાર ક્રિયા-જ્ઞાન, ચોથા ગુણસ્થાનક અને ચૌદમા ગુણસ્થાનકનો ફરક, સંગ્રામ ભૂમિને યોગ્ય ગુણસ્થાનકો; અને "જ્ઞાન નિષ્ફળ છે તથા ક્રિયા નિષ્ફળ છે" એમ બોલી શકાય નહિં વિગેરે વિગેરે અનેક વિધ પ્રકરણોનું ઉત્થાન કરીને, તત્સંબંધિ શંકા-સમાધાન આપીને, ક્ષાયોપશમિક ભાવના જ્ઞાનની અને ક્ષાયોપશમિક ભાવની ક્રિયાની અતિ આવશ્યકતા આદેશનાઓમાં પ્રતિપાદન કરી છે.

હવે આ ઉપર જણાવેલ પદ્ય સંબંધિની દેશનાઓ સમાપ્ત થાય છે, દેશનાના અંતમાં એટલે ૧૮ અઢારમી દેશનાના અંતમાં "અગ્રેવર્તમાન" જણાવેલ છે, છતાં આ સંબંધમાં દેશનાઓ આપવાનો પ્રસંગ સ્વ. પૂજ્યશ્રી આગમોદ્ધારક આચાર્યદેવને સાંપડયો નથી, અગર તો દેશનાઓ દીધી હોય તેની નોંધ મળી શકી નથી; તેથી હવે ઉપર જણાવેલ પદ્ય સંબંધની અઢાર દેશનાઓ વાંચીને, વિચારીને અને પરિશીલન કરીને વિવેકિ વાંચકો શાસનમાન્ય માર્ગે અવિરત કૂચ કરીને ઇષ્ટકાર્યની સિદ્ધિ કરે એજ એક શુભેચ્છા, સાથે આ પ્રસંગની નિર્વિઘ્ને પરિસમાપ્તિ થઈ છે તેની નોંધ લેવી.

પરમપૂજ્ય-આગમોદ્ધારક શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસના
ગુણાનુવાદ-નિમિત્તે મળેલી

ચતુર્વિધ-સંઘની સભા.

સ્થળ:--નાગજીભુદરની પોળનો ઉપાશ્રય-અમદાવાદ, તા. ૧૭-૫-૫૦

અમદાવાદ શહેરના લગભગ તમામ ઉપાશ્રયેથી પધારેલા પૂ. આચાર્ય મહારાજ પૂ. પન્યાસજી મહારાજ, તથા મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ તેમજ આગેવાન શ્રાવક વર્ગ તથા શ્રાવિકા બહેનોથી વ્યાખ્યાન હોલ ચીકાર ભરાઇ ગયો હતો. મંગલાચરણ કર્યા બાદ સભા બોલાવવાનો ઉદ્દેશ સમજાવ્યો હતો. ત્યાર પછી ત્રિપુટી મહારાજના સમર્થ વક્તા પૂ. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજે પોતાના બુલંદ અને સુમધુર સ્વરથી સ્વ. આગમોદ્ધારક આચાર્ય દેવેશના ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે—આજે જે નિમિત્તે ભેગા થયા છીયે તે વર્તમાનયુગના યુગ પ્રધાનો કાળ કરી ગયા તેમના ગુણાનુવાદ કરવા માટેજ.

સંત પુરૂષો કે મહાત્માઓના ગુણાનુવાદ કરનાર આત્માઓ ગુણની પ્રાપ્તિ કરે છે. ગુણાનુરાગ મહાન વસ્તુ છે. પહેલા પણ પૂ. શ્રી બુટેરાયજી મહારાજ પૂ. મુળચંદજી મહારાજ, તથા પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. એ ત્રણની ત્રિપુટી હતી. વર્તમાન સમયમાં સાધુ સંસ્થા ફાલી ફુલી અને વિકસી હોય તો એ ત્રિપુટીનો પ્રતાપ છે. તેમની પછી વર્તમાન વીસમી સદીના ઉત્તરાર્ધમાં એક નૂતન-ત્રિપુટીનો ઉદય થાય છે. અને તેઓ છે. પૂ. આ. મ. વિજય નેમીસૂરિજી મ. પૂ. આ. મ. સાગરાનંદસૂરિજી મ. તથા પૂ. પં. શ્રીમણિવિજયજી મ. એક સમય હતો કે તેમનો મધ્યાન્હ તપતો હતો. હવે આપણે આજના ચરિત્ર નાયક તરફ વળીએ. પૂ. આ. મ, શ્રી સાગરાનંદ સૂરિશ્વરજી મહારાજ બાલ્યવયથીજ એક વીરલ યોદ્ધા હતા. કદી કોઇ પણ કાર્યમાં તેમણે પાછી પાની કરી નથી. આજે જૈન સમાજ આગમ શાસ્ત્ર વાંચતા શીખ્યું હોય તો પૂ. સાગરજી મહારાજનોજ પ્રતાપ છે. પૂજ્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજે વલ્લભીપુરમાં આગમ શાસ્ત્રો પુસ્તકોરૂઢ કર્યા. તેવીજ રીતે શ્રી પૂ. સાગરજી મહારાજે જુની હસ્તલિખિત પ્રતોના આધારે અથાગ પરિશ્રમ લઇ સંશોધન કરી આગમ વાંચવાની સુલભતા કરી આપી. પહેલાં એક આગમની જુની પ્રત વાંચવા માટે જોઈતી હોય તો બગડી જશે, ફાટી જશે. પાછી કયારે આવશે એ વિગેરે કારણોથી વાંચવા આપતા જ્ઞાનભંડારના વહીવટદારો ખંચકાતા હતા. પરંતુ હજારો નકલો છપાયા પછી આગમ વાંચવાની ઘણીજ સુલભતા અને સરળતા થઇ ગઇ. એટલુંજ નહિં પણ પાટણ-કપડવંજ, રતલામ, સુરત, પાલીતાણા, વિગેરે સ્થળોએ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની પર્ષદા સમક્ષ, આગમોની વાંચના પણ તેઓશ્રીએ આપી છે. પાલીતાણામાં વાંચના સાંભળતા જે રસ-આનંદ

હમોએ અનુભવ્યો છે. એ અવર્ણનીય છે. વાંચના આપતા અને સાથે સાથે આગમનું સંશોધન-મુદ્રણ અને પ્રુફ વાંચન એ સર્વે કાર્યો સાથેજ ચાલતા દરરોજ ૧૦-૧૨ ફરમા સુધારીને પાછા ફરી વળતા. વાંચના ચાલતી તે વખતે જાણે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણનો યુગ ન હોય તેમ ભાસતું હતું. દરેક સાધુ-સાધ્વીજી હાથમાં પ્રત લઇનેજ બેસતાં. ખરેખર કુંવરજી આણંદજી કહેતાં કે "ચોથો આરો ચાલે છે. પૂ શ્રી સાગરજી મહારાજે તો આગમનો રસ લગાડયો." ત્યારપછી દેખ્યું કે જમાનો એવો આવતો જાય છે કે ન ફાવતો આગમ-પાછો કાઢી નંખાય છે. તેથી ભવિષ્યમાં ઉભુંવણ ઉભી ન થાય માટે શિલામાં કોતરાવવા તે પ્રમાણે બધા આગમો અને બીજા કેટલાક શાસ્ત્રો શીલામાં કોતરાવી શ્રી સિદ્ધગિરિજીની તલેટીમાં આગમમંદિર બંધાવીને વળી તામ્રપત્રમાં પણ આગમોને આરૂઢ કરીને સુરતના ભવ્ય જિનાલયમાં સ્થાપિત કર્યું પરંતુ તીર્થક્ષેત્રના રક્ષણમાં પણ તેમનો અપૂર્વ ફાળો હતો. સમ્મેતશિખરજી, કેશરીયાજી, અને અંતરીક્ષજી આદિ તીર્થની પણ સેવા કરેલી છે. અંતરીક્ષજીના કેસમાં જે નિડરતાથી-નિર્ભયતથી-સચોટ અને સત્ય જુબાની આપી છે. જેથી ન્યાયાધીશ અંગ્રેજ હતા તેઓએ પણ તેમની સત્ય જુબાની-નિડરતા અને ધર્મમાં અડગતાની પ્રશંસા પોતે ફેંસલો આપ્યો તેમાં કરેલી છે. કેશરીયાજીના ધ્વજાદંડનો પ્રસંગ-પૂ શ્રી સાગરજી મહારાજ હોય નહિં ને ધ્વજાદંડ ચઢે નહિં. દિગમ્બરોએ ધમાલ મચાવી પૂ શ્રી સાગરજી મહારાજે કુનેહથી કામ પાર પાડયું.

શાસનના ચર્ચાસ્પદ વિષયોમાં તેમણે ઉપેક્ષા કરી નથી. લાલન શીવજીવાલી બાબત, દેવદ્રવ્ય, તિથિચર્ચા, આદિ અનેક વિષયોમાં અગ્રેસર ભાગ લીધો છે. તેમજ સચોટ શાસ્ત્રીય પુરાવાઓ આપ્યા છે. વડોદરા દીક્ષાપ્રતિબંધક કાયદા સામે તેઓએ મોટું આંદોલન જગાડયું હતું, અને દીક્ષાપ્રતિબંધક કાયદાઓના-વાંધાઓ લેખીત રજુ કર્યા હતાં. લાલન શીવજીના પ્રસંગે તે ત્રિપુટીએ અડગ રહી હિંમતથી કામ કર્યું હતું વિરોધીની વચ્ચે દ્રઢતાથી ઉભા રહેવું તે ગુણ પૂ. સાગરજી મહારાજમાં હતો.

કોઇ પણ વિષયના પ્રમાણો, શાસ્ત્રપાઠો માંગો તો જવાબ માટે તૈયાર રહેતાં-આગમના કોઇપણ વિષયના પ્રશ્ન પૂછો. એક વખત 'ગુરૂકુળ' એ વિષયનો અમોએ પ્રશ્ન કર્યો બીજે દિવસે-વિશેષાવશ્યક અમુકજ જગોએ-અમુક આગમો જયાં-જયાં તેને લગતું પ્રતિપાદન હતું તે તુરત કાઢી આપ્યું. તેમાં લાંબા વિચાર કરવા ન પડે. આગમના બળના-મૃત્યુના સમય સુધી બેઠા બેઠા બાર હજાર ઉપરાંત-નવાં-શ્લોકો બનાવ્યા છે. પોતાનું સ્મારક પોતાના હાથે યાવત્ચંદ્ર દિવાકરૌ બનાવ્યા. પાલીતાણા આગમ મંદિર અને આગમશાસ્ત્રના છપાયેલી પ્રતિઓ એ સ્મારકો હંમેશ માટે આપણને વારસામાં આપી ગયા છે. વિગેરે.

ત્યારબાદ ડેલાના ઉપાશ્રયવાળા પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે સ્વ. પૂ. શ્રી સાગરાનંદસૂરિજીના ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે તે આત્માએ પોતાના જીવનનું સાર્થક કર્યું

છે આરાધના કરી ગયા છે. તેમની શાસન સેવા અજોડ હતી. શોક પ્રસંગે વિદ્વાન પુરૂષ બનવા કાળ બની ગયું. ગણી સંતોષ પામે છે. મધ્યમ કોટીના રોકકળ કરે છે. અધમ કોટીના છાતી-માથા કુટે છે. ત્યારે વિવેકી આત્માઓ સવિશેષ ધર્મમાં રક્ત અને વૈરાગી બને છે. સારા સારા ખાતાના કાર્યવાહક ચાલી જાય ત્યારે બીજા નીમવા પડે છે. પૂ. ન્યાયવિજયજી મ. કહ્યું કે સદ્‌ગુણીના ગુણોમાંથી આપણા આત્મામાં ગુણો ઉતારો. ચતુર્વિધ સંઘે પોત પોતાની શકિત મુજબ પોતાનામાં ગુણ ઉતારે. ઉપેક્ષાભાવ સેવવાવાળા ન થવું. શાસન હિતના પ્રસંગે મન-વચન ને કાયા વડે તન મનથી સંપૂર્ણ ફાળો આપવો જોઇએ. શાસનના કટોકટીના કાળે ઉપેક્ષા-વૃત્તિ ન રાખવી જોઇએ. આપણે પરસ્પર હાથો હાથ મીલાવી સંગઠનની પ્રથમ જરૂર છે. સાગરજી મહારાજ નિર્મળ વહેતી ગંગા હતી. જ્ઞાનનો પ્રવાહ વહેવડાવ્યો. ૧૦૦ સાધુઓ ઉપરાંત જૈન શાસનને અર્પણ કર્યા. એક સાધુ બનાવવો તે સહેલી વાત નથી. શાસન ટકાવનાર હોય તો સાધુઓ છે. તે શાસનને સમર્પણ કર્યા છે. તેમનામાં વૈયાવચ્ચનો ગુણ અજબ હતો. નાનામાં નાના સાધુની વૈયાવચ્ચ કરવી હોય તો તૈયાર કાંટો કાઢવો હોય તો વિહારમાં સોઇ પાસેજ રાખતા. રસ્તામાં ગમે ત્યાં બેસી કાંટો કાઢી નાંખતા. હવે તેમના પછી નિર્મળ વહેતી ગંગા-માંથી જ્ઞાનની પરબો બંધાવો, એજ પાછળના ચતુર્વિધ સંઘ માટે કર્તવ્ય. આપણો ગુણાનુરાગ ત્યારેજ સફળ કે શાસનમાં થતાં નુકશાનને અટકાવાય, શાસન સેવા વખતે અડગતાથીજ ઝઝુમીયે શક્તિશાળીએ શક્તિ અને સામર્થ્યથી શાસનવિરોધી કાર્યોનો સામનો કરવો જોઇએ. શાસનમાં જ્યારે મહારથીઓની જરૂર હતી ત્યારે શાસનના કમભાગ્યે આવા પુરૂષોનો કૂર કાળ ભક્ષણ કરી ગયો. તેઓના જવાથી દાર્શનિક આક્રમણ આવશે ત્યારે તેઓનો વિરહ સાલશે. તેમનામાં અજબ કુનેહ હતી. સૈદ્ધાન્તિક લડત હતી. નૈતિક અને સૈદ્ધાંતિક લડતમાં પૂ. સાગરજી મહારાજ સિવાય બીજા નજરે પડતાં નથી.

ત્યારપછી પૂ. શ્રી ચંદ્રોદયસાગરજી મ. તથા આચાર્ય મહારાજ વિજયનેમીસૂરિશ્વરજીના પ્રશિષ્ય મુનિ નિરંજન વિજયજી મ. તથા લુવારની પોળવાળા આ. મ. વિજય નિતિસૂરિજી મ. ના પ્ર. શિષ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે સ્વ. આચાર્ય મહારાજશ્રીના અનેક ગુણાનુવાદો કર્યા હતાં. આગમસેવા, શાસનસેવા અને તીર્થ રક્ષા વિગેરે માટે તેમની સેવાઓ વર્ણવી હતી.

બાદ પૂ. પન્યાસ શ્રી ચંદ્રવિજયજી મહા-રાજશ્રીએ ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે મને પૂ. સાગરાનંદ સૂરિશ્વરજી મ. નો વિશેષ પરિચય નથી. છતાં એક વખત અમો ઉદેપુરથી ઇડર આવતાં તેઓશ્રીના દર્શનનો લાભ મલ્યો હતો. તેમનામાં લઘુતા કેટલી છે તે એક વાત પરથી જણાશે. સામૈયું લઇ શ્રી સંઘ સામે ગયો. પૂ. શ્રી સાગરજી મ. ના શરીર ઉપર ઉપધી બાંધેલી પોથી વિગેરે સામાન્ય સાધુની માફક બાંધેલા તથા ઉંચકેલા. લોકો ઓળખી ન શકયા. લોકોએ પૂછયું કે આચાર્ય મહારાજ કયાં છે ? આંગળીથી આગળ જાવ કહી પોતે ગામમાં પહોંચી ગયા.

અમો ઉપાશ્રયમાં હતાં. પૂછયું કે કયાં ઉતરીયે? શ્રી માણેકસૂરિજી મ. તે વખતે પાછળ હતા. લોકોને પાછા આવવું પડયું. આવા તો બીજાએ કેટલા તેમના ગુણો છે. તેઓશ્રીને શાસનની ધગશ ઘણી હતી. માણસ જન્મી જાણે, જીવી જાણે, તેઓની જીવન ઝરમર અનોખી હતી નલકંઠા જેવા પ્રદેશમાં ગુપ્તપણે છ મહિના રહેવું પડેલ. હજાર પાનાનું પુસ્તક ત્રણ દિવસમાં વાંચી પૂર્ણ કરતા. તેમનામાં જ્ઞાન અગાધ હતું. અપ્રમત્ત દશા તેમનામાં અજબ હતી. વીરમગામમાં કષ્ટમ (જગાત) ચોકી હતી. સાધુના કપડા પણ તપાસતાં. સાધુ પાસે બે રૂપીનો ટુકડો હતો, પોલીસ કહે ઠાણા ઉપર ચાલો. બોરકોના ટુકડા કરી નાંખ્યા. હવે ઠાણા ઉપર લઇ જઇ શું કરવું. તેમના જીવનમાં જાણ્યું તેટલું જ કહેવું. શાસનને મહા ઉપકારી હતા. તેમને અંજલિ આપીયે, ગુણગાન કરીએ. તેમનું જીવન આગમમય હતું. તેમને આહાર-પાણી કે શરીરનો દરકાર નહતી. પાટણમાં વીરચંદભાઇ પંડિતજી મને કહેતા હતા કે આગમ વાંચના ચાલતી અને આગમ સંપાદન કાર્ય પણ સાથેજ ચાલતું. સૂર્ય દેખાય ત્યાં સુધી મુહ વાંચન ચાલતું. આવું અપ્રમત જીવન ગાળી ગયા છે. અમદાવાદીઓ પોલીટીકલ-અંતરીક્ષજીના કેશમાં સુરતવાળા ગભરાઇ ગયા. અંતરીક્ષજીનો કેશ બાસીમ થાવ્યો. યુરોપીયન ન્યાયાધીશ છે બધા આવીને કહે કે સાહેબ આમ જુબાની આપશો. યથાર્થવાદ તે તેમનો મુદ્રાલેખ હતો. પરંતુ પૂ. શ્રી સાગરજી મહારાજ કહે કે સત્ય હશે તેજ કહીશ. સત્ય કહેવામાં જેલ જવું પડશે, ભલે જવું પડે છ મહિના સુધી યથાર્થવાદ મુજબ જુબાની આપી. અત્યારે ઐકયની જરૂર છે. હું આવ્યો ત્યારે શ્રી ન્યાય વિ. મ. ઐકયની વાત સંભળાવતા હતા. તે સાંભળી મને ખૂબજ આનંદ થયો, છાતી ઉછળવા લાગી. સંગઠ્ઠન માત્ર બોલી બેસી રહેવાથી નહિં વળે, ધર્મ વિરૂદ્ધ કાયદાઓ આવે તે વખતે સંગઠ્ઠન નહિ હોય અને માંહો માંહે નજીવા ઝઘડા ઝગડયા કરીશું તો લડાઇખોર કુટુમ્બી જેવી આપણી દશા થશે. ૩૩ માણસોનું એક કુટુમ્બ ૧ માણસ બહાર ગયો હતો. ૩૨ માણસોએ દૂધપાક પુરીનું જમણ નક્કી કર્યું. રસવતિ તૈયાર કરી બહાર ગયેલો માણસ પાછો આવ્યો તેને આ વાત ન ગમી. પણ દૂધપાક બધાને પ્રિય હતો. હવે ઝઘડો થયો. તું-તા-શોરબોર કરી મૂકો બધા લડવામાં પડયા એટલે કુતરાઓને ઉજાણી થઇ. દૂધ-પાક પુરી કુતરાઓએ મલી સાફ કર્યો. ઘરના બધા ભૂખા-રહી ગયા. પરિણામે બધાને ભૂખ લાગી. તકરારનું કારણ પતી ગયું. હવે સાંજે બધાએ સાંજે ખીચડી રાંધી બાંધી. માટે ઝઘડાને ફેંકી દો. સંગઠ્ઠન કરો નહિંતર આપણા બધાની દશા કુતરા ખાય જશે તેવી થશે લાગવગ લગાવીને પણ સંગઠન કરવું વિગેરે..... .....બાદ પંડિત મફતલાલ ઝવેરચંદે સ્વ. સૂરિજીના ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે પૂ. આ. મ. સુરત મુકામે કાળ ધર્મ પામ્યા સાંભળી સૌ કોઇને આઘાત પહોંચ્યો હતો **પં. સુખલાલજીને સમાચાર મળતા બોલ્યા કે સેંકડો વર્ષમાં સામેપુર તરનાર આવો ભડવીર પુરૂષ પાકયો નથી.** બાલ્યવયમાં કલેકટરનું ફરમાન કે ઘેર જાવ. પણ સાધુવેષમાં ઓઘો-મુહપત્તિ સ્થાપનાનું

લઇને ઘેર ગયા. સાધુવેષમાં ઘેર રાખવા તે કુટુમ્બીઓને બહુજ અકારૂં લાગ્યું. ઘેર ટોળે ટોળા મળે, સં. ૧૯૫૨ પછીનો સાગરજીએ જગજાહેર થયા. માત્ર તે વખતે ૨૧ વર્ષની ઉમ્મર અને છ વર્ષનો દીક્ષા પર્યાય થયો હતો. છતાં સંવત્સરી બીજાઓએ પંચાગ ફેરવી ચાલુ પ્રણાલિકા તોડી. તેઓશ્રીએ તો જુની પરંપરા અપનાવી. ગમે તે સમુદાયના દીક્ષાના કાર્યો હોય તે હિંમત પૂર્વક કરી આપે, પોતાના સમુદાયના સાધ્વીઓ ચેલી કરે પણ દીક્ષા વખતે તે કરારના ભયથી દૂર ખસી જાય, પરંતુ આ પૂ. સાગરજી તો પરાયા સમુદાયની થતી ચેલી ચેલા માટે તકરાર વહોરતા હતા. તેમજ પાલી-તાણા બારૈાટના તોફાનમાં પણ એકલે હાથે કુનેહ પૂર્વક કામ કર્યું. તેમને કોઇએ કહ્યું કે ૬૦ વરસની ઉમ્મરે બુદ્ધિ નાશે. ના તેમ નહિ ૬૦ વરસની ઉમ્મરે વિષય વાસના નાશી જાય. વિરૂદ્ધ વાતમાં પણ મગજ ખોવાની વાત નહિં. બધુંજ જાતે કરતા. સંખ્યાબંધ ગ્રંથો તેમણે જીવન દરમ્યાન છપાવ્યા. જીંદગીમાં એક બે ગ્રંથો છપાવ્યા હોય તો જાણે મોટું કામ કર્યું. જ્યારે સૂરિજી મહારાજે તો ૨૦૦ ઉપરાંત ઉંડા વિષયના જ્ઞાનવાળા ગ્રંથો જાતે છપાવ્યા. તેઓ બહુ અસ્ખલ પૂર્વક દલીલો આપતા.

હું સુરત વંદન કરવા ગયો હતો કહ્યું કે, કરમ કઠણને કાયા સુંવાળી આટલું બોલી ગ્રંથો લખ્યા હતા. શ્રી ઉપદેશ રત્નાકરની એક આગાહી આ પ્રમાણે છે. ૩૩ વર્ષો પહેલાં છપાવી હતી તે વર્ષો પછી સાચી પડી. વિગેરે.....

ત્યારબાદ ભુમિ પ્રતાપવિજયજીના ગુણાનુ-વાદને સ્વ. સૂરિજી મ. નો આગમ-આગળ મંદિરનો પરિચય વર્ણવ્યો હતો. બાદ સર્વ મંગલના શ્લોક પછી સમાપ્તિ થઇ હતી.

અમદાવાદમાં દેવવંદન વિધિ.

પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ આનંદસાગરસૂરિશ્વરજી મહારાજ શ્રી સુરત મુકામે વૈશાખ વદી ૫ ને શનીવારે કાળધર્મ પામ્યાના સમાચાર આવતા આખા શહેરમાં વિજળી વેગે સમાચાર પહોંચી ગયા.

અત્રે નાગજી ભૂદરની પોળના ઉપાશ્રયે પન્યાસ શ્રી હેમસાગરજી મહારાજને સમાચાર મળતાં શહેરના ઉપાશ્રયોમાં રવિવારે સવારે ૮-૩૦ વાગે દેવવંદન કરવાનું કહેવડાવ્યું હતું. તો ડહેલાના ઉપાશ્રયેથી પં. રવિવીજયજી મહારાજ, પં. રામવિજયજી મહારાજ તથા પં. શાન્તીવિજયજી મહારાજ તથા પં. ભાનુવિજયજી મહારાજ વિગેરે ઉજમબાઇની ધર્મશાળાએથી પં. ચંદ્રવિજયજી મહારાજ, આદિ. લુવારની પોળેથી પં. મુક્તિવિજયજી, પં. મંગળવિજયજી મહારાજ તથા જ્ઞાન મંદિરથી પં. તિલક-વિજયજી મહારાજ તથા શામળાની પોળેથી મુનિશ્રી ચંદ્રોદયસાગરજી, મુનિશ્રી સુરેન્દ્રસાગરજી મહારાજ આદિ તેમજ વિદ્યાશાળા પગથીઆના ઉપાશ્રય, આમલીપોળ, ચરસપુર, વિગેરેથી મોટા પ્રમાણમાં સાધુ મહાત્માઓ તેમજ વિશાળ સાધ્વી સમુદાય ચતુર્વિધ સંઘ સમસ્ત દેવ-વંદન વિધિ કર્યો હતો.

卐

ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ નો.

(કાયદાની સમજુતી તથા કાયદાના આવશ્યક તત્ત્વો)

લેખકઃ–વકીલ કેશરીચંદ નેમચંદ શાહ, બી. એ. એલ. એલ. બી. પીપળાશેરી–વડોદરા.

કાયદાનો ઉદ્દેશ.

(૧) ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ, ૧૯૫૦ નો નવીન કાયદો તા. ૧૪–૮–૧૯૫૦ના સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયો છે. તેનો અમલ સરકાર ખાસ જાહેરાતથી ઠરાવે તે તારીખથી અમલમાં આવશે. આ કાયદાનો ઉદ્દેશ, મુંબઈ સ્ટેટમાં આવેલા દેવસ્થાનો, પીરસ્થાનો, મસીદો સદાવ્રતો વિગેરે જાહેર ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટો તથા ધર્મ સંબંધી સંસ્થાઓ છે, તેની વ્યવસ્થા તથા વહીવટ સરકારની દેખરેખ નીચે સારી રીતે ચાલે એ હેતુથી કાયદો ઘડવામાં આવ્યો છે, અને તેની ઓફીસનું નામ "પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ઓફીસ" રહેશે તેનો મુખ્ય અધિકારી "ચેરીટી કમીશનર"–(જે ડીસ્ટ્રીક્ટ જજના દરજ્જાનો અધિકારી),–તથા તેના હાથ નીચે "ડેપ્યુટી અને મદદનીશ ચેરીટી કમીશનર"–(જેઓ, સીવીલ જજ, સીનીયર ડીવીઝનના દરજ્જાના અધિકારી) રહેવાશે. એ બધાની નિમણુંકો સ્ટેટ ગવર્મેન્ટ કરશે.

ટ્રસ્ટો રજીસ્ટર કરવા બાબત.

(૨) આ કાયદો અમલમાં આવે તે તારીખથી ત્રણ માસની અંદર દરેક ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટોને ઠરાવેલા નમુના મુજબ અરજી કરી, ફી ભરી, રજીસ્ટર્ડ કરાવવા પડશે. અરજીમાં ખાસ નીચેની બાબતો જણાવવી પડે છે:—

(૧) વહીવટ કરનારાઓ, ટ્રસ્ટીઓ, તથા મેનેજરોના નામો સરનામાઓ સાથે.

(૨) ટ્રસ્ટીઓની નિમણુંકો કેવી રીતે કરવામાં આવે છે.

(૩) ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મીલકતોની વિગતવાર યાદી

(૪) સ્થાવર તથા જંગમ મીલકતોની અંદાજી કિંમત.

(૫) વાર્ષિક આવક–છેલ્લા ત્રણ વર્ષની આવકની સરેરાશ આવક

(૬) વાર્ષિક ખર્ચ–છેલ્લા ત્રણ વર્ષના ખર્ચ ઉપરથી સરેરાશ ખર્ચ.

(૭) ટ્રસ્ટનું ચોકસ સરનામું

(૮) ટ્રસ્ટનો ઉદ્દેશ, પ્રકાર તથા હેતુ.

એ પ્રમાણેની મુખ્ય વિગતો જણાવી, ટ્રસ્ટીએ, ડેપ્યુટી અગર મદદનીશ ચેરીટી કમીશનરની ઓફીસમાં અરજી કરવી, અને તે ઉપરથી ડેપ્યુટી ચેરીટી કમીશનર તપાસ કરી, ટ્રસ્ટ રજીસ્ટર કરશે, ટ્રસ્ટમાં કંઈપણ ફેરફાર કરવામાં આવે તો તેની ખબર નેવું દિવસમાં આપવી પડશે.

જુના કાયદાઓ રદ.

૩:–જે ટ્રસ્ટો, જે તે વખતે અમલમાં હોય તે કાયદાથી, રજીસ્ટર્ડ થયેલા હશે તો તેને ફરીથી આ કાયદા પ્રમાણે રજીસ્ટર્ડ કરવાની જરૂર રહે નહી. હિન્દુઓ માટે–બોમ્બે–પબ્લીક–ટ્રસ્ટરજીસ્ટ્રેશન–એકટ, ૧૯૩૫ નો, પારસીઓ માટે–પારસી પબ્લીક–ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ ૧૯૩૬ નો, મુસલમાનો માટે મુસલમાન વકફ–એકટ ૧૯૨૩–આ કાયદાનો અમલ હાલમાં ચાલુ છે તે રૂએ જે ટ્રસ્ટો નોંધાયા હશે તેમને ફરીથી આ નવા કાયદા મુજબ નોંધાવવા પડશે નહિ. આ નવો ટ્રસ્ટ–એકટ જે તારીખથી અમલમાં આવશે તે તારીખથી ઉપરના જુના કાયદાઓ રદ થયેલા ગણાશે.

હિસાબ તથા ઓડીટ બાબત.

૪:-ટ્રસ્ટીઓએ હિસાબ નિયમિત રીતે, પદ્ધતિસરના અને ઠરાવેલા ધોરણો મુજબ રાખવા પડશે, અને ૩૧ મી માર્ચે પુરા થતા વર્ષની આખરે અગર ચેરીટી કમીશનર જે પ્રમાણે નક્કી કરે તે વર્ષની આખરે હિસાબનું સરવૈયું કાઢી, સર્ટીફાઇડ ઓડીટ કરાવવું પડશે. ઓડીટરે આવક જાવકનો હિસાબ તથા સરવૈયું તૈયાર કરી કોઇપણ ખર્ચ અયોગ્ય અગર ગેરકાયદેસર રીતે કરેલો હોય અથવા ટ્રસ્ટના પૈસાનું નુકશાન થયું હોય અગર બીગાડ થયો હોય અથવા ટ્રસ્ટીઓની ગેરવર્તણુંક અગર ટ્રસ્ટનો કોઈપણ ભંગ થયો હોય વિગેરે બાબતોની તપાસ કરી, ઓડીટરે રીપોર્ટ તૈયાર કરી, ડેપ્યુટી ચેરીટી કમીશનરની ઓફીસે મોકલવો પડશે.

ટ્રસ્ટના પૈસાનું રોકાણ.

૫:-ટ્રસ્ટના પૈસાનું રોકાણ (ટ્રસ્ટના દસ્તાવેજમાં અગર વહીવટના નીયમમાં જે પ્રમાણે ઠરાવેલું હોય તેને પાત્ર રહીને) પબ્લીક જામિનગીરીઓમાં, તથા સ્થાવર મીલકતો કે જેની બજાર લાવે કીંમતના પચાસ ટકા જેટલી રકમ પ્રથમ ગીરોના વ્યવહારમાં, નાણા ધીરી શકાશે.

વિશાળ સત્તાઓ.

(૬) જાહેર ટ્રસ્ટના હિસાબ, વહિવટ વિગેરે તપાસવાની, તથા ટ્રસ્ટીઓની જવાબદારી અંગે નિર્ણય કરવાની; તથા અગાઉથી સુચના આપી, કોઈપણ વખતે પોલીસ અમલદારની મારફત, ટ્રસ્ટ મીલકતમાં પ્રવેશ કરી તેની તપાસ તથા સર્ચ કરવાની વિશાળ સત્તાઓ, ચેરીટી કમીશનર અગર ડેપ્યુટી ચેરીટી કમીશનર, અગર સરકારે નીમેલા ઇન્સ્પેકટરોને-વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આવી જાતની સત્તાઓથી ટ્રસ્ટનો વહીવટ કરવા કોઇ સ્વમાનપ્રિય સારા માણસો ટ્રસ્ટી તરીકે કામ કરવા આવશે નહિ, ખર્ચાળ મુનીમો અને મેનેજરો રાખવા પડશે, અને તે ખર્ચનો બોજો તે સંસ્થાઓએ ઉપાડવો પડશે.

સાઈપ્રસનો સિદ્ધાન્ત.

(૭) કલમ ૫૫ માં ચેરીટી કમીશનરને વિશાળ સત્તાઓ આપી ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટોના ઉદ્દેશો (Cypres)ના સિદ્ધાંતના નામે બદલવા તથા ફેરફાર કરતા તથા ટ્રસ્ટની વધારાની આવક અગર ધર્મના નામે મુસ્તપણે પડી રહેલી રકમ બીજા કામમાં વાપરવા, વિગેરે વિશાલ સત્તાઓ આપી છે. જે ઉદ્દેશથી ટ્રસ્ટ રચાયું હોય તે નિષ્ફળ જાય તથા પબ્લીક ટ્રસ્ટના હિત માટે જરૂરી, વ્યાજબી અને આવશ્યક જણાય એવ ટ્રસ્ટની મીલકત અગર આવક બીજા ધાર્મિક સખાવતી ટ્રસ્ટમાં વાપરવા ચેરીટી કમીશનર હુકમ કરી શકશે. આ વિશાળ સત્તાઓ સામે પ્રચંડ વિરોધ હોવા છતાં, આ સત્તાઓ અનામત રાખવામાં આવી છે. આના પરિણામે સખાવતના મુળમાં ઘા થશે, અને જાહેર સખાવતો ઉપર મોટો ફટકો પડશે, કારણકે દાતાઓના પોતાના ઉદ્દેશ બર આવશે કે નહિ એવી જાતનો ભય ઉત્પન્ન થશે, અને સખાવતો કરતા અચકાશે, અને જનતા હિતને બહુજ નુકશાન થશે, ખાસ કરીને જૈન ધર્મના ફરમાન મુજબ દેવ દ્રવ્ય આદિ ધાર્મિક ટ્રસ્ટોની મીલકત બીજા કોઈપણ ઉદ્દેશ માટે વાપરી શકાય નહિ, એ પ્રમાણે શાસ્ત્રીય પુરાવા તપાસ સમિતિ સમક્ષ રજુ કરવાં છતાં જૈન ધાર્મિક ટ્રસ્ટોને પણ કાયદામાંથી બાકાત રાખ્યા નથી.

પબ્લીક ટ્રસ્ટ એડમીનીસ્ટ્રેશન ફંડ.

૮:-ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ૧૯૫ ૧૯૩૭ મુજબ પબ્લીક ટ્રસ્ટ ઓફીસના સરકારના નિભાવ ખર્ચ માટે દરેક ટ્રસ્ટ પાસેથી આવકના પ્રમાણમાં વાર્ષિક પૈસા નીચેના દર મુજબ લેવામાં આવે છે:—

(૧) જે ટ્રસ્ટની વાર્ષિક રૂા. ૨૦૦૦થી વધારે ન હોય તો———આવક ઉપર ત્રણ ટકા

(૨) જે ટ્રસ્ટની વાર્ષિક આવક રૂા. ૨૦૦૦ ઉપર અને રૂા. ૧૦,૦૦૦ ની અંદર હોય તો—પહેલા બે હજારે ત્રણ ટકા ને બાકીની રકમ ઉપર બે ટકા

(૩) જે ટ્રસ્ટની વાર્ષિક આવક રૂા. ૧૦,૦૦૦ ઉપર ને રૂા ૧૦૦,૦૦૦ સુધીની હોય તો—પહેલા બે હજારે ત્રણ ટકા, બાકીના આઠ હજારે બે ટકા અને બાકીની રકમ ઉપર એક ટકો.

(૪) ટ્રસ્ટની વાર્ષિક આવક રૂા. ૧,૦૦,૦૦૦ ઉપરાંતની હોય તો—પહેલા બે હજારે ત્રણ ટકા, બાકીના આઠ હજારે બે ટકા બાકીના નેવું હજાર ઉપર એક ટકા અને તે ઉપરાંતની રકમ ઉપર અડધો ટકા.

એ પ્રમાણે વાર્ષિક રકમ લેવામાં આવે છે. નવો પબ્લીક ટ્રસ્ટ ૧૯૫૦ ના અમલમાં આવશે ને તેના નવીન નીયમો ઘડાય ત્યાં સુધી ઉપર મુજબની રકમો ટ્રસ્ટ ફંડમાં સરકારને આપવી. પડશે.

એસેસરો.

૯:-ડેપ્યુટી ચેરીટી કમીશનર એસેસરોનું લીસ્ટ તૈયાર કરશે, અને નીચે જણાવેલા કેસો ચલાવતી વખતે, એસેસરોને બોલાવી તેની મદદ અને સલાહ લેશે:—

(૧) ક. ૧૬ મુજબ પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટર કરવા બાબતની તપાસ

(૨) ક. ૨૮ મુજબ જુના ટ્રસ્ટના કબજા મુજબ રજીસ્ટર્ડ થયા હશે તેની તપાસ

(૩) ક. ૪૦ મુજબ પબ્લીક ટ્રસ્ટને નુકશાન થયું હશે તેની તપાસ

(૪) નિયમ તથા હુકમ મુજબ કરવાની કોઇપણ તપાસ.

ઉપર મુજબની તપાસ કરતી વખતે, ચેરીટી કમીશનર અથવા ડેપ્યુટી ચેરીટી કમીશનર, એસેસરોને બોલાવી તેમની સલાહને મદદ લઈ કામ ચલાવશે.

(અપૂર્ણ.)

તૈયાર છે ! તૈયાર છે !

પૂજ્ય ગણધર ભગવન્ત શ્રીસુધર્માસ્વામિગુમ્ફિતં
શ્રીભદ્રબાહુસ્વામિસૂત્રિત નિર્યુક્તિયુક્ત તથા
વાદીવેતાલ શ્રીશાંતિસૂરિકૃત ટીકાયુક્તમ્

॥ શ્રીઉત્તરાધ્યનસૂત્રમ્ ॥

છપાવી પ્રસિદ્ધ કરનાર

સ્વ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનન્દસાગર સૂરીશ્વરજી મહારાજના પરમ વિનેય શિષ્ય પન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીંદ્રના સદુપદેશથી ઋષભદેવજી છગનીરામજી પેઢી.

ઉજ્જૈન (માલવા,)

ઉપરોક્ત ઉત્તરાધ્યયનસૂત્રની વૃહદ્ ટીકા અન્ય મહર્ષી ઓની ટીકા કરતાં આ ટીકા વિશેષ પ્રાચીન છે. આ ટીકા પાઇય ટીકાના નામથી પણ પ્રસિદ્ધ છે આ ટીકામાં નિર્યુક્તની ગાથાઓનો છાયા સંસ્કૃતમાં આપી છે. જ્યારે અન્ય કોઇ ટીકા નિર્યુક્ત સહિત અદ્યાપિ પર્યંત પ્રસિદ્ધ થયેલ નથી. જેથી આ ટીકા દરેક જ્ઞાનભંડારના સંચાલકો તેમજ પૂજ્ય સાધુમુનિરાજો તથા સાધ્વીજી મહારાજોને ખાસ લેવા લાયક છે.

પક્કાકારે લેજરના કાગલ પર ૩૦૦ પૃષ્ટનો પ્રથમભાગ. આ ટીકા ત્રણ વિભાગમાં સંપૂર્ણ કરવામાં આવશે. પ્રથમ ભાગ કિંમત રૂપીયા ૬-૦-૦ પોસ્ટેજ અલગ.

મળવાનું ઠે૦—**સરસ્વતી મુદ્રણાલય.**

ગોપીપુરા સુરત

(ટાઇટલ પેજ ૨ જા થી ચાલુ)

મંગળદાસ ગુલાબચંદ તરફથી અષ્ટોત્તરી સ્નાત્ર, અને શેઠ માણેકલાલ મનસુખભાઇ, ભોગીલાલ ત્રીકમલાલ સુતરીયા તથા ચુનીલાલ મગનલાલ વિગેરે તરફથી પૂજા તથા આંગી ભાવના થઈ હતી. શહેરના સર્વ ઉપાશ્રયેથી સાધુ સાધ્વીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓની ભારે મેદની પૂજા-આંગીના દર્શનાર્થે આવતી હતી.

આ મહોત્સવ રીચીરોડ સડક ઉપરના શ્રી મહાવીર સ્વામીજીના દેરાસરમાં શાસન પ્રભાવના વધે તેવી રીતે ઉજવાયો છે અને બીજો એક મહોત્સવ સ્વ. પૂ શ્રી નેમિસૂરિજી તથા સ્વ પૂ શ્રી સાગરાનંદસૂરિજી નિમિત્તે શ્રી નાગજી ભુદરની પોળના મંદિરે ઉજવાયો હતો શાસન પ્રભાવના વધે તે રીતિએ અષ્ટાન્હિકા મહોત્સવ અને અષ્ટોત્તરી થયાં હતાં.

ઉપરના બન્ને મહોત્સવમાં દેવ દ્રવ્ય ખાતે સારી ઉપજ થઇ હતી.

થોડીક નકલો બાકી છે.

જરૂર હોય તેઓએ જલદી મંગાવી લેવી.

સ્વ. શ્રી સાગરાનન્દસૂરીશ્વરજીએ આપેલી શ્રી **ભગવતી ૮ મા શતક** ઉપર પુદ્ગલ પરિણામ વિષયક ૪૯ સુંદર દેશનાઓ નારકી અને તેના દુઃખો તેમજ શ્રી ધર્મરત્ન પ્રકરણની દેશના-સારાંશ સહિત ૩૨ કર્મોનું દળદાર પુસ્તક, પાકું સુંદર બાઈન્ડીંગ છતાં

કિંમત રૂ. ૪-૮-૦

પ્રાપ્તિસ્થાન—**બાબુભાઇ નાથુભાઈ મહેતા.**
ઠે નેમુભાઈની વાડી ગોપીપુરા-સુરત.

પ્રાણીઓ પ્રત્યે દયાળુ અમેરિકનો.

અમેરિકામાં મિત્રવિહોણા જનવરોના દિલોજાન દોસ્ત મી. હેન્રીબર્ધ કહેવાય છે. ઇ. સ. ૧૮૬૬માં મુંગા જનવરોને માર મારવાનું અને તેઓ પ્રત્યે બેદરકારી બતાવવાનું સર્વ સામાન્ય હતું, તે અવસરે જનવરોને રક્ષણ આપવા સંબંધનો કાયદો પસાર કરાવવામાં ઘણા વર્ષોની મહેનતે મી. હેન્રીબર્ધ સફળ થયા. કાયદો પસાર કરાવનારની લોકોએ હાંસી કરી અને વિરોધના વંટોળીઆઓ ઉઠયા; છતાં મુંગા જનવરો પ્રત્યેની અર્થહીન ક્રૂરતા સામેનો સગ્રામ તેણે શરૂ રાખ્યો ધીમે ધીમે અમેરિકન નાગરિકોએ અને સમાજનું રક્ષણ કરનાર સેવાભાવિ કાર્યકરોએ એમના કાર્યને ટેકો આપ્યો. એટલુંજ નહિં પણ અમેરિકા શહેરના છસો શહેર ગામડાંની જીવદયા મંડળીઓએ 'પ્રાણી દયા સપ્તાહ" ઘણી વખત ઉજવ્યો છે, અને તે દિન ઉજવીને પોતાના કાર્યને વેગવંતુ બનાવી રહ્યા છે શ્રી બર્ધે પોતાની જીંદગી અને તમામ ધન દોલત મુગા પ્રાણીઓની હાલત સુધારવા માટે સમર્પણ કરી છે. માંદલા કુતરાને રસ્તે ચાલનારાઓ લાત મારતા જાય, અને બરફથી લપસણા બનેલા ટેકરાઓ ઉપર ગાડી ચલાવનારાઓ ઘોડાને ચાબુકથી માર મારતા હોય આવાં આવાં ક્રૂર-ઘાતકી પ્રસંગોને નજરે નિહાળવા છતાં તે દેશના નાગરિકોના હાથમાંથી દયાના દેશવટાએ પુનઃ દયાળુપણું પ્રાપ્ત થાય તેવા સાધન સામગ્રી-સંયોગોથી ભરપુર કાર્યક્રમ ચાલુ છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર, મુંબઇ.

સુધા-વર્ષા.

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૮૫૯. વિશ્વશાંતિની વાતો કરનારા અનેક સત્તાધીશોની મુરાદ એકજ એ છે પોતાને પચી ગયું છે તે કોઇ સંભાળે નહિં, અને તે સહિસલામત કેવી રીતે ટકે તેવીજ સ્વાર્થની સાધનાઓ સાથે પ્રબંધ સાથે નવ-નવીન મેળવવાના લાગ સાધી રહ્યા છે; સ્વાર્થ સાધવામાં તલ્લીન બનેલા આવાઓ પાસે શાંતિની યાચના કરવી તે અસ્થાને છે.

૮૬૦. સત્તાના મદોમન્ત સ્વાર્થી આત્માઓએ આજે સ્વાર્થાંધતાની મર્યાદા મુકી છે, એટલુંજ નહિં પણ સ્વાર્થાન્ધ-માનવ જેવું ભયંકર પ્રાણી વિશ્વભરમાં શોધ્યું પણ જડે એમ નથી; માટે સ્વપરહિતકારક સ્વાર્થાંધતાને દેશવટો દેતાં શીખો. સ્વાર્થાંધ સત્તાધીશોની શયતાનીયતનું અને ક્રૂરતાનું વર્ણન કરવું અને તેની ઉંડાણને સમજવું એ બુદ્ધિમાનો માટે, પણ કઠીણ કાર્ય છે.

૮૬૧. ટ્રસ્ટ એકટ સંબંધિ—ધાર્મિક વહીવટમાં પ્રવેશેલી અવ્યવસ્થાને અને મંદતાને દૂર કરવા સરકારી પગારદાર માણસ (ચેરીટી કમીશનર) પર વિશ્વાસ રાખવો એ સમાજની ભારે છેતરપીંડી છે.

૮૬૨. જે ધર્મના મૌલિક સિદ્ધાન્તોથી અને રહસ્યોથી પગારદાર અજાણ માણસો વ્યવસ્થાને બદલે ભારે અવ્યવસ્થા અને અંધાધુંધી વધારશે. એટલું પણ સમજાતું નથી.

૮૬૩. માનવીના જીવનનું ઘડતર ધર્મથી થાય છે, ધર્મજ તેને વતનના દ્વારથી રોકે છે, પડેલાને ચઢાવે છે મંદને ઉત્તેજીત કરે છે, તે ધર્મથી બેદરકાર ન બનો.

૮૬૪. કોઇને પૂછો કે જીવન ધર્મ-નીતિમય ભલું?, કે કાયદામય ભલું?, તો જવાબ મળશે કે ધર્મ નીતિમય જીવન સારૂં છે.—કાયદા ઘડવાના એને બીલ પસાર કરવાના સંયોગોની જાહેરાત પરથી જણાય છે, કે સ્વાર્થમાં ખૂંચી ગયેલાઓને કાયદાની કલમથી નહિં પણ જે પ્રકારના સંયોગોથી નીચે ઉતર્યા હોય તેને ઉંચે લાવવાના શિક્ષણાદિના પ્રચારથીજ પ્રજાનું હિત સાધી શકાય છે.

૮૬૫. આજના કાયદાનું એ લક્ષણ છે કે નીતિ-ન્યાયના નામે કે બચાવના નામે એ મોટે ભાગે ભૌતિકતાની તરફદારી કરે છે, અને અધ્યાત્મિકતા પ્રત્યે કુઠારાઘાત કરે છે.

૮૬૬. જે કાયદાઓ ભૌતિકવાદની તરફદારી કરશે તેથી આપો આપ ધાર્મિક ટ્રસ્ટોના મૂળભૂત ઉશેા માર્યાજ જશે.

૮૬૭ કાયદો પસાર થયે। એટલે આજના સરકારી ખાતાની જેમ તુમારશાહી પદ્ધતિ (લખાણપટ્ટી), અનન્યાય માટે નિયમન કરનાર ચેરીટીના બારણે જવું.

૮૬૮. લોકશાહી સિદ્ધાન્તને ઠોકરે મારીને પ્રમાણિકપણે સંભાળાતાં વહિવટ સંઘો પાસેથી લેવાં એ અન્યાય છે.